ખૂટતો અંક

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૧ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ એપ્રિલ, ૧૯૯૯

વચનસુધા

" મર્યાદા (માર્ગ)માં આચારનું પાલન સ્વાર્થ માટે કરવાની વાત છે અને પુષ્ટિ (માર્ગ)માં તેનું પાલન સ્નેહપ્રધાન ભક્તિ માટે જ છે, સ્નેહ માટે મહાન સદાચારના સેવનની ભાવનાથી આપણને શ્રમ થતો નથી કેમકે સ્નેહનું સ્વરૂપ સ્વયં શ્રમનિવારક છે, ત્યારેજ ભક્તિથી આહ્‌લાદ મળી શકે છે.

(વેદમાં કહ્યું છે કે) "હે શિષ્ય અથવા અંતેવાસી, જો તને કર્મ અને વ્રતમાં કે ક્યાંય પણ વિચિકિત્સા (શંકા કે પુછવાપણું, સંદેહ) દેખાતી હોય તો, ત્યાં જે બ્રાહ્મણો આલુક્ષ, શમ્મર્શિ અને ધર્મ કામ હોય તેને પૂછી અને તેના થકી પ્રમાણ લઈને કાર્ય કરજે." આમાં મનમાની કરવાની વાત આવતી નથી. આ સ્મરણીય છે. આમ આપણે ત્યાં ભગવદિય અને આચાર્યો પાસેથી આ બાબતમાં ખુલાસો લેવાની વાત આવી જાય છે. આવી વ્યવસ્થા એક અવસ્થા વિશેષ માટે છે, પણ તે ધર્મની અને આચારની મશ્કરી કે પ્રમાદ માટે નથી..... ધાર્મિક પ્રણાલીમાં આત્માનું શાસન છે. તેમાં શક્તિ કે હથિયારની જરૂર નથી. લોકમાં તો તેવી વ્યવસ્થા શક્તિ અને દંડ સિવાય જળવાય નહીં.

સ્વેચ્છાએ નિયંત્રણ સ્વિકારવું તે મહાનતા છે, ભયથી સ્વિકારવું તે દૈવીય છે અને બંનેથી ન સ્વિકારવું તે દાનવતા છે. અને ભક્તિથી સ્વિકારવું તે આધિદૈવિક ભગવદીયતા છે.

(નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૧ પૃષ્ઠ ૨૨૫)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દૃઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

ચૈત્ર વદ ૭ તા. ૮–૪–૯૯ ગુરૂવાર : શ્રી વિઠ્ઠલનાથ પ્રભુ (નાથદ્વારા) પાટોત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૧૨–૪–૯૯ સોમવાર : વરુથિની એકાદશી વ્રત. શ્રીમદ્ વલ્લભાચાર્યજી–શ્રીમહાપ્રભુજીનો પ્રાકટ્ય મહોત્સવ. શ્રીવલ્લભાબ્દ–૫૨૨ આરંભ. ગો. શ્રીવ્રજપ્રિયજી મહારાજ (બોરીવલી)નો જન્મદિન.

ચૈત્ર વદ ૧૨ તા. ૧૩–૪–૯૯ મંગળવાર : ગો. શ્રીવલ્લભલાલજી (કડી–અમદાવાદ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૩ તા. ૧૮–૪–૯૯ રવિવાર : અક્ષય તૃતીયા. ચંદનયાત્રા. ત્રેતાયુગાદિ. જલકુંભદાન. શ્રીપ્રભુને આજથી શીતોપચાર કરવા. ગો. શ્રીઅક્ષયકુમારજી (પોરબંદર)નો જન્મદિન. શ્રીપરશુરામ જયંતિ. અષ્ટસખા પૈકી ભક્ત કવિ કૃષ્ણદાસજીનો જન્મદિન (સં.૧૫૫૩). ગ્રીષ્મ ઋતુની શરૂઆત થઈ તે અષાડ સુદ ૫ સુધી.

વૈશાખ સુદ ૪ તા. ૧૯–૪–૯૯ સોમવાર : ગો. શ્રીપીતાંબરજી મહારાજ (કાંકરોલી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૫ તા. ૨૦–૪–૯૯ મંગળવાર : અષ્ટસખા પૈકી ભક્ત કવિ સુરદાસજીનો જન્મદિન (સંવત ૧૫૩૫). શ્રીનટવરલાલજી (અમદાવાદ)નો પાટોત્સવ (સં.૧૮૫૧)

વૈશાખ સુદ ૬ તા. ૨૧–૪–૯૯ બુધવાર : ગો. શ્રીકિશોરચંદ્રજી મહારાજશ્રી (માંડવી–જુનાગઢ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૭ તા. ૨૨–૪–૯૯ ગુરૂવાર : ગંગોત્પત્તિ. ગંગા સપ્તમી. ગંગાપૂજન. ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી (પોરબંદર)નો તથા ગો. શ્રીરવિરાયજી બાવા (મુંબઈ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૦ તા. ૨૫–૪–૯૯ રવિવાર : ગો. શ્રીકૃષ્ણજીવનજી બાવાશ્રી (મુંબઈ–મદ્રાસ) તથા ગો. શ્રીમુરલીમનોહરજી (માંડવી–કચ્છ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૧ તા. ૨૬–૪–૯૯ સોમવાર : મોહિની એકાદશી વ્રત. શ્રીહરિવંશજીનો જન્મદિન. (સં.૧૫૫૯)

વૈશાખસુદ૧૩તા.૨૮–૪–૯૯બુધવાર:ગો.શ્રીરાજીવલોચનજીબાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૪ તા. ૨૯–૪–૯૯ ગુરૂવાર : શ્રીનૃસિંહજયંતિ વ્રત. ગો. શ્રીરણછોડલાલજી બાવાશ્રી (માંડવી–રાજકોટ)નો તથા ગો. ચિ. શ્રીરસિકરાયજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૫ તા. ૩૦–૪–૯૯ શુક્રવાર : પૂર્ણિમા. વૈશાખ સ્નાન સમાપ્તિ. કૂર્મ જયંતિ. બુદ્ધજયંતિ. શ્રીરાધારમણનું પ્રાકટ્ય. ભક્ત શ્રીનરસિંહ મહેતાનો જન્મદિન.

વૈશાખ વદ ૨ તા. ૨–૫–૯૯ રવિવાર : શ્રીદાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ. આજથી તા. ૧૬–૫–૯૯ સુધી ૧૫ દિવસ શ્રીની શીતોપચાર સેવા કરવી. શ્રીકલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ (સં.૧૯૬૭)

વૈશાખ વદ ૪ તા. ૪–૫–૯૯ મંગળવાર : ગો. શ્રીદિવ્યેશ બાવાશ્રી (નાથદ્વારા–દ્વિતીયગૃહ)નો જન્મદિન.

વૈશાખ વદ ૭ તા. ૮–૫–૯૯ શનિવાર : ગો. શ્રીશરદકુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૮ અંક : ૧ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ☐ એપ્રિલ,૧૯૯૯

||શ્રી હરિઃ ||

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

અપરાધ વીસમો : " ન્હવાય કે અંગોછા કરે સો નિત્ય ધોવે "

શ્રીઠાકોરજીને સ્નાન કરાવી અંગવસ્ત્ર કરીએ–એટલે કે, શ્રીઠાકોરજીના શ્રીઅંગને લુંછીએ અથવા શ્રીચિત્રજી બિરાજતાં હોય તો સ્નાનની ભાવના કરી પછે અંગવસ્ત્રથી પોંછવા તે અંગવસ્ત્ર (અંગોછા) નિત્ય ધોઈ સુકવી, સ્વચ્છ કરીને જ વાપરવા જોઈએ. છોટા લાલન સ્વરૂપ માટે ઝીણા કોમલ મલમલના વેંત દોઢ વેંતના ચોરસ ઓટેલ વસ્ત્રનો અંગવસ્ત્ર કરવા ઉપયોગ કરવો. શ્રીઠાકોરજીને શ્રૃંગાર કર્યા બાદ તે વસ્ત્રને ધોઈ સ્વચ્છ કરી સુકવવું અને બીજે દિવસે શ્રીઠાકોરજીને સ્નાન કરાવતા પહેલા સુકવેલ અંગવસ્ત્ર– જે સુકાઈને થોડું કડક થયું હોય તેને હાથેથી ઘસી મુલાયમ કરીને જ વાપરવું. વિશેષ ચિવટવાળા ભગવદીયો તો આરસના લીસા દટ્ટા વડે (જેને વ્રજભાષામાં ઘોટાં કહે છે) ઈસ્તરી કરવાની જેમ વસ્ત્ર પર ફેરવી નરમ કોમલ કરીને પછે જ શ્રીઅંગ પોંછવામાં ઉપયોગમાં લ્યે છે. આથી વિપરીત અસ્વચ્છ–જાડા બરડ વસ્ત્રનો ઉપયોગ કરવાથી અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિંનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

|| શ્રી કૃષ્ણાય નમઃ ||
|| શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ||

પંચપદ્યાનિ

શ્રીહરિરાયજી કૃત વિવરણ

ભાષાંતર– પ.ભ. શ્રીબાબુભાઈ પી. નાયક – કડી.

—ગતાંકથી ચાલુ

નિઃસંદિગ્ધં કૃષ્ણતત્ત્વં, સર્વભાવેન યે વિદુઃ ||
તે ત્વાવેશાત્તુ વિકલા, નિરોધાદ્વા ન ચાન્યથા || ૩ ||

શબ્દાર્થ : નિઃસંદિગ્ધ = સંદેહ વિના; કૃષ્ણતત્ત્વં = શ્રીકૃષ્ણના તત્ત્વને; સર્વભાવેન = સર્વભાવથી; યે = જેઓ; વિદુઃ = જાણે છે; તે = તેઓ; તુ = તો પણ; આવેશાત્ = આવેશથી; વા = અથવા; વિકલા = વ્યાકુળ; નિરોધાત્ = મનનો નિરોધ થવાથી; અન્યથા = બીજી રીતે.

ભાવાર્થ : તેઓ કોઈ પણ જાતના સંદેહ વિના શ્રીકૃષ્ણ તત્ત્વને સર્વાત્મભાવ વડે જાણે છે. વળી તેઓ કોઈક વખત મનનો પ્રભુમાં નિરોધ કરી કથા–શ્રવણ કરતાં આવેશવાળા થઈને વિહ્વળ બની જાય છે. પરંતુ બીજી કોઈ રીતે વિહ્વળ બનતા નથી.

વિવરણ : સદાનંદ શ્રીકૃષ્ણનું રસાત્મક વાસ્તવિક સ્વરૂપ તેમના હાથ, પગ, વગેરે હોવાને કારણે સાકાર છે, વ્યાપક છે, અને પોતાની ઈચ્છાથી માયાને દૂર કરીને પ્રગટ થાય છે. ભગવાનના આ સાકાર સ્વરૂપને ભક્ત શાસ્ત્રોના આધારે અને અનુભવથી સંદેહરહિત થઈને આ ખરા તત્ત્વને જાણે છે. (ગીતાજીમાં ભગવાન સ્વમુખે કહે છે કે) **" મારું જેવું સ્વરૂપ છે અને જેવો હું છું તેને ભક્તિ વડે બરાબર જાણે છે "** આ વાક્ય પ્રમાણે સર્વભાવથી રસાત્મક, સાકાર ભગવાન જ સર્વરૂપ છે એ તાત્પર્ય વડે જે તેમને જાણે છે, તેને જ ભગવાનનું દઢ જ્ઞાન થાય છે. પછી તેને કથા–શ્રવણની કોઈ જરૂર નથી. અહીં શ્રોતાપણું સિદ્ધ થતું નથી, તેવી શંકા થાય તો શંકાના સમાધાનમાં કહે છે કે તે ભક્તને ભગવાનના સ્વરૂપનું દઢ જ્ઞાન હોય છે. તેથી તે જ્ઞાનથી તેના હૃદયમાં ભગવાનનો આવેશ થાય છે. તેથી તે વિહ્વળ પણ થાય છે. તે ભગવાનના સ્વરૂપને જાણતો હોવાથી પોતાની (દેહની) સ્ફુર્તિ પણ તેને રહેતી નથી. તેવાઓને શ્રવણ કરવાનો સંભવ છે. તેથી એમ કહેવાયું છે કે "બાદરાયણના પુત્રની (શ્રીશુકદેવજીની) મતિનું ભગવાનના ગુણોએ આકર્ષણ કરેલું હોવાથી તેઓ શ્રીમદ્ ભાગવત જેવું મોટું આખ્યાન ભણેલા છે. તેથી તેઓ જ્ઞાની છે; છતાં પણ તેમને ભગવદ્ગુણો જાણવાની અપેક્ષા રહે છે.

મૂળમાં 'તુ' શબ્દ લખેલો છે. તેથી રસાવેશવાળા ભક્તોને અહીં જુદા પાડેલા છે. જે ભક્તને હંમેશા રસાવેશ રહે છે તેને કદી સ્વરૂપજ્ઞાનનો ઉદય થતો નથી; કારણ કે જ્ઞાન રસના ઉદયમાં પ્રતિબંધક છે. તેથીજ સર્વવ્યાપક એવા પ્રભુ તેમના (ગોપીજનોનાં) હૃદયમાં બિરાજતાં હોવા છતાં, ગોપીજનોને તેમને શોધવા માટે પ્રવૃત્તિ કરવી પડી. તેથી સિદ્ધ થાય છે કે હંમેશા જેના હૃદયમાં રસનો– પ્રભુનો– આવેશ રહેતો હોય છતાં તેમને પ્રભુને શોધવાની પ્રવૃત્તિતો કરવી જ પડે છે. રસાત્મકર સ્વરૂપ અને વ્યાપક સ્વરૂપ તેમના હૃદયમાં હતું અને જ્ઞાનનો ઉદય તેમના હૃદયમાં થયેલો હોવાથી ગોપીજનોને પ્રભુને શોધવાની પ્રવૃત્તિ ન થવી જોઈએ; કારણ કે હંમેશા તેઓ પ્રભુના રસાવેશમાં જ રહેતા હતા છતાં તેઓને પ્રભુને શોધવાની પ્રવૃત્તિ કરવી પડી. તેથીજ સિદ્ધ જ્ઞાનવાળા શ્રીશુકદેવજી કહે છે કે " આકાશની માફક સર્વની અંદર અને બહાર રહેલા ભગવાનને માટે ગોપીજનો વનસ્પતિઓને પૂછે છે કે 'ભગવાન ક્યાં છે ?' એમ શ્રીશુકદેવજીએ કહ્યું છે. તેથી ભગવાન ઉદ્ધવજીને કહે છે કે " મારી ભક્તિ કરનારો અને મારામાંજ આત્માવાળો જે યોગી છે, તેને જ્ઞાન કે વૈરાગ્ય ઘણું કરીને કલ્યાણ કરતા નથી." ભગવાનનો આવેશ ભક્તમાં હોય ત્યારે તે ભક્ત ભગવાનની જેમ સર્વજ્ઞ બનેલો હોય છે. તો પછી તેમને પ્રભુના ગુણશ્રવણમાં પ્રવૃત્તિ કરવાની વિકળતા કેમ થાય? એવી શંકા થાય ત્યાં બીજી વાત કહી છે કે ગુણશ્રવણને લીધે ભક્તને વિકલતા નથી થતી; પણ તેમના મનનો નિરોધ થવાને કારણે તેઓ વિકળતા અનુભવે છે. ભગવાનના ગુણોજ તેમના મનનો ભગવાનમાં નિરોધ કરાવે છે. ભગવાનના ગુણો સાંભળવાથી ભક્તોના પ્રપંચની વિસ્મૃતિ થાય છે અને ભગવાનમાં આસક્તિ થાય છે. એટલે તેમના મનનો નિરોધ થાય છે. ભગવાનના ગુણો પણ સ્વતંત્રપણાથી ભક્તના મનનો નિરોધ કરે છે. (શ્રીભાગવતના ત્રીજા સ્કંધમાં ભગવાન કપિલદેવજી માતા દેવહૂતીજીને કહે છે) "મારા ગુણોના શ્રવણમાત્રથી સર્વના હૃદયમાં રહેનાર મારામાં ભક્તના મનની અવિછિન્ન ગતિ થાય છે તેવી રીતે મારામાંથી તે ભક્તનું મન જુદું પડતું નથી અથવા મારા ગુણોને કારણે ભક્તના મનનો નિરોધ થવાથી ભક્તને વિકલતા થાય છે, પણ સ્વરૂપજ્ઞાનને લીધે ભક્તના મનનો જો **નિરોધ થાય તો તેને વિકલતા થતી નથી, વિકલતા ગુણશ્રવણથી થાય છે. – ૩**

આવી રીતે શ્રોતાપણાનું નિરૂપણ કરીને ક્યારેક આવા ભક્તને પણ મોક્ષ વિગેરે માટે નિષ્ઠા થાય તેવી શંકા કરીને સ્પષ્ટીકરણ કરે છે કે તોપણ તેઓ હીનશ્રોતા જ છે, તેમને મધ્યમપણું નથી.

પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ, કદાચિન્ન તુ સર્વદા ॥
અન્યાસક્તાસ્તુ યે કેચિદધમાઃ પરિકીર્તિતાઃ ॥ ૪ ॥

શબ્દાર્થ : કદાચિત્ = કોઈ વખત; પૂર્ણભાવેન = પૂર્ણભાવથી; પૂર્ણાર્થા = પૂર્ણ અર્થવાળા; ન તુ =

પણ નહિ; સર્વદા = હંમેશા; કેચિત્ = કોઈક; અન્યાસક્તાઃ = બીજામાં આસક્તિવાળા; તે અધમાઃ = તેઓ અધમ છે; પરિકીર્તિતાઃ = કહેવાય છે.

ભાવાર્થ : તેઓ પૂર્ણ ભાવ વડે કોઈ વખત પૂર્ણ અર્થવાળા હોય છે. હંમેશા કંઈ એવા હોતા નથી. કેટલાક તો વળી બીજામાં આસક્તિવાળા હોય છે. તેવા શ્રોતાઓ અધમ અધિકારી કહેવાય છે. —૪

વિવરણઃ જ્ઞાનને લીધે જ ભક્તમાં ભગવાન માટેનો પૂર્ણભાવ જાગે છે. પરિણામે ભક્તમાં ભગવાનનો આવેશ આવે છે. અથવા તો ભક્તના મનનો નિરોધ થવાથી તેનામાં સર્વત્ર ભગવદ્ સ્ફુરણા થાય છે. કારણ કે તેનો પુરૂષાર્થ પૂર્ણ હોય છે અને બીજો કોઈ પ્રકારનો સ્વાર્થ તેનામાં હોતો નથી.

— ક્રમશઃ

શરણ

ઉપદેષ્ટા – પૂ.પા.ગો. શ્રીદીક્ષિત ભગવાન, મુંબઈ

વૈષ્ણવવૃંદ ! શરણ શબ્દના બે અર્થ છે. એક અર્થ તો એ થાય છે કે, શરણ એટલે નિવાસ કરવાનું સ્થાન. બીજો અર્થ રક્ષણ કરવાનું સ્થળ એવો થાય છે.

જીવમાત્રનું નિવાસસ્થાન પણ શ્રીકૃષ્ણ અને જીવમાત્રના રક્ષણહાર પણ શ્રીકૃષ્ણ જ છે. શ્રીકૃષ્ણનાં જ સ્વરૂપમાં– શ્રીમુખારવિંદમાં– શ્રીમહાપ્રભુજી બિરાજે છે, એ નિશ્ચયપૂર્વક જાણવું.

શરણમાં મુખ્ય જરૂર વિશ્વાસની છે. વિશ્વાસ વિના જીવ પ્રભુને શરણે જવાની લાયકાત ધરાવતો નથી, તેથીજ વિશ્વાસની અતિ આવશ્યકતા છે. તેમાં એ પ્રભુનું શરણ દઢ કરાવનાર શ્રીમદ્ આચાર્યજી મહાપ્રભુજીમાં તો દઢ વિશ્વાસ હોવો જ જોઈએ. આચાર્યશ્રી પણ આજ્ઞા કરે છે કે "અવિશ્વાસ કદાપિ ન કરવો. બ્રહ્માસ્ત્ર અને ચાતકની ભાવના રાખવી." વૈષ્ણવે ચાતક પક્ષીનો દાખલો નજર પાસે રાખવો. ચાતક પક્ષી મરી જશે તો પણ નદી કે સરોવરનું જલ તે નહિં જ પીએ. એ તો સ્વાતિ નક્ષત્રમાં વરસાદનું જલ જ પીશે. તેવી રીતે વૈષ્ણવે શ્રીકૃષ્ણ વિના બીજા કોઈનો આશ્રય ન જ કરવો.

બ્રહ્માસ્ત્રનો દાખલો જુઓ. રાવણના પુત્ર મેઘનાદે હનુમાનજીને બ્રહ્માસ્ત્રથી બાંધી દીધા. પણ રાવણના મનમાં સંદેહ પેઠો કે આવો બળવાન વાનર આ મંત્રેલા સૂતરના તાંતણાથી બંધાશે ખરો? આ સંદેહ કરીને બ્રહ્માસ્ત્રની ઉપર બીજા મજબૂત દોરડાઓ લપેટવા માંડયા કે તુરત બ્રહ્માસ્ત્રએ પોતાનું બળ છોડીને હનુમાનજીને મુક્ત કરી દીધા. પછી હનુમાનજી કાબૂમાં

ન આવી શક્યા. અવિશ્વાસનું આ ફળ છે.

આપણે થોડો પણ અવિશ્વાસ પ્રભુમાં આવે તો તે આપણને છોડી દે. તેથી આપણા પ્રભુ શ્રીકૃષ્ણમાં દઢ વિશ્વાસ રાખવો. એ આપણું પહેલું કર્તવ્ય છે. આપણા મનમાં એટલું નક્કી કરી રાખવું જોઈએ કે પ્રભુ શ્રીકૃષ્ણ મારી રક્ષા કરશે જ.

પ્રહલાદજીએ શ્રીનૃસિંહજીની સ્તુતિ કરતાં શું કહ્યું? સાંભળો, ''હે પ્રભુ! નાનાં બચ્ચાનું રક્ષણ માબાપ કરે છે, પરંતુ જ્યાં સુધી આપ તેના રક્ષણહાર છો ત્યાં સુધી જ તેઓ બાળકની રક્ષા કરે છે. પણ જ્યારે આપ તેની રક્ષા કરવી છોડી દો છો, ત્યારે માબાપ પણ બાળકનું રક્ષણ કરવા સમર્થ નથી. સમુદ્રમાં ડૂબતા માણસને બચાવવા અસમર્થ નિવડે છે.'' તેથી એટલો તો નિશ્ચય થશે કે સર્વના રક્ષણહાર પ્રભુ શ્રીકૃષ્ણ છે. જ્યારે આવો દઢ વિશ્વાસ જીવનો થાય છે, ત્યારે એ પ્રભુ જીવને કદી છોડતા નથી.

ઉદ્ધવજી અને વિદુરજીનાં સંવાદમાં પ્રભુની દયાળતાનું સ્પષ્ટીકરણ કરનાર એક શ્લોક છે, જેનો ભાવાર્થ આ છે– '' કેટલા આશ્ચર્યની વાત છે? શ્રીકૃષ્ણને બાળક સમજીને તેને મારી નાખવાની મરજીથી પૂતના પોતાનાં સ્તનો ઉપર ઝેર ચોપડીને આવી હતી. અને આખરે તેણે બાળપ્રભુને ખોળામાં લઈને સ્તનપાન કરાવ્યું. પ્રભુએ તેને દુશ્મન નહિ માનતાં સ્તનપાન કર્યું. તેથી માતાની ગતિ આપી દીધી. આવા દયાળુ પ્રભુને છોડીને આપણે કોને શરણે જઈશું? આથી પણ ખાતરી થશે કે શરણે જવા યોગ્ય માત્ર શ્રીકૃષ્ણ જ છે.

ભગવાન શ્રીરામચંદ્રજીની દયાળુતા જુઓ. વિભીષણ રાવણનો આશ્રય છોડીને શ્રીરામચંદ્રજીને શરણે આવ્યા. એણે દૂરથી પોકાર કર્યો કે હે પ્રભુ! મને શરણે લો. આ સ્થિતિમાં વિભીષણને શરણે લેવાની બધા વાનરોએ ના પાડી દીધી. તેમની સલાહ વિભીષણને આમ એકદમ શરણે લેવાની ન હતી. ભગવાને હનુમાનજી સામે જોયું. હનુમાનજી હાથ જોડી કહેવા લાગ્યા કે, વિભીષણ તો નિર્દોષ છે. ત્યારે ભગવાને આજ્ઞા કરી કે, શરણે આવનાર દોષવાળો હોય તો એ શું? તેવો પણ શરણે આવે તો શરણે લેવો જ જોઈએ, જીવને શરણે લેવો એ ઈશ્વરધર્મ છે. દોષવાળાને પણ તેજ ઈશ્વર શરણે લે છે. આ ઉપર ભગવાને એક દષ્ટાંત આપ્યું.

એક વૃક્ષ ઉપર એક કબુતરનું જોડું રહેતું હતુ. તેને ફસાવવા માટે એક પારધિએ જાળ બીછાવી દીધી. આખરે કબુતરનું આખું કુટુંબ બાલબચ્ચાં સાથે તે જાળમાં ફસાઈ ગયુ. માત્ર એક કબુતર બચ્યું. પોતાના કુટુંબને ફસાયેલું જોઈને તે કબુતરને ઘણું જ દુઃખ થયું. વળી એક દિવસ તે જ પારધિ તે જ ઠેકાણે જાળ પાથરીને બેઠો. પણ તે દિવસે તો વરસાદ એકદમ તૂટી

પડયો. આથી પારધિ ભીંજાઈ ગયો અને ટાઢથી થરથરવા લાગ્યો. આ જોઈને પેલા કબુતરને ઘણીજ દયા આવી અને પોતે વરસાદમાં ઉડીને એક સળગતું લાકડું લઈ આવીને પારધિ પાસે તે મૂક્યું. તે પછી એ પરગજુ પ્રાણીએ જે કાંઈ કર્યુ તે વૃત્તાંત્ત તો હૃદયભેદક છે. એ બળતા લાકડાંની ઉપર તેણે પોતાનો દેહ નાંખી દીધો. પોતે બફાઈ જઈને પેલા પારધીની ભૂખ શાંત કરી. એ રીતે તેણે પરોપકારાર્થ પોતાની જાત અર્પીને આત્મભોગનું જવલંત દષ્ટાંત આપ્યું. જો એક પ્રાણી એક મહાન પાપી અપરાધીને– આ પ્રમાણે બચાવવા આત્માર્પણ કરે તો મારે વિભીષણને કેમ શરણે ન લેવો ? વિભીષણ તો મને મિત્રભાવે શરણે આવેલો છે. મારામાં તેનો પૂર્ણ વિશ્વાસ છે. આવા એક મિત્રનો પરિત્યાગ મારાથી કદી ન થઈ શકે. રાવણનો ભયંકર ગુન્હો સીતાનું હરણ કરવાનો છે અને તે માટે હું તેની સાથે યુદ્ધમાં ઉતર્યો છું. આજ ગુન્હો કદાચ વિભીષણે કર્યો હોત અને મારે શરણે આવત તો ખુશીથી તેને શરણે લેત, તો અત્યારે તો વિભીષણ નિર્દોષ છે, તેને કેમ શરણે લઉં ? એવો ક્યો જીવ છે કે જેનામાં દોષ નથી? પણ શરણે આવેલાના દોષ ઉપર દષ્ટિ રાખવી એ સત્પુરૂષોનું કર્તવ્ય નથી. સત્પુરૂષો તો ગુણ જ જુએ છે. હલકા માણસોની નજર જ દોષ ઉપર ઠરે છે. તેથી હું તો વિભીષણ કે જે મારા પર વિશ્વાસ રાખીને મારે શરણે આવેલો છે, તેને કદાપિ પરિત્યાગ નહિં જ કરું. આ પ્રમાણે આજ્ઞા કરીને ભગવાન શ્રીરામચંદ્રજીએ વિભીષણને શરણે લઈ લીધો અને તેનો સ્વીકાર કીધો.

વૈષ્ણવો ! મર્યાદા પુરૂષોત્તમ ભગવાન્ રામચંદ્રજીએ આ પ્રમાણે જ્યારે વિભીષણને શરણે લીધા ત્યારે આપણા પ્રભુ શ્રીકૃષ્ણ તો પરમ દયાળુ છે. એ પ્રભુમાં વિશ્વાસ રાખીને તેને શરણે જઈશું તો તે જરૂર આપણી રક્ષા કરશે જ, એમાં સંશય નથી. શ્રીમહાપ્રભુજીએ પણ આજ્ઞા કરી છે કે, શ્રીકૃષ્ણ જ મારા રક્ષક છે. એવી ભાવના રાખીને હંમેશા રહો.

[શુદ્ધાદ્વૈત અને ભક્તિ માર્તંડ વર્ષ ૩ વૈશાખ સં. ૧૯૮૪ ના અંક ર માંથી સાભાર]

રાજકોટમાં શ્રીવલ્લભસુધાના સેવાભાવી કાર્યકર
શ્રીગોવિંદભાઈ મનજીભાઈ કરશાળા
નાલંદા સોસાયટી શેરી નં–ર
કાલાવાડ રોડ, રાજકોટ.

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

બ્રહ્માદિક વૃજભક્તની, પદરજ વંદે ગુણ ધામ;
દુર્વાસા ઋષિએ દીન થઈ, કર્યો અંબરીષને પ્રણામ.
કર્યો પ્રણામ જ્યારે અથડાયા, વળી શબરી પદ જળે દ્વિજ નાહ્યા;
હરિજનથી મોટું નથી કોઈ, દુભવે તે દુઃખ પામે પત ખોય.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૫૯)

વિવેચન : આ કડીમાં કવિશ્રીએ તત્વરૂપ ટુંકમાં બતાવ્યું છે કે પ્રભુ પાસે ભક્ત સમાન બીજા કોઈની ગણતરી નથી. બ્રહ્માજી પણ વ્રજ ભક્તોની ચરણરજની વંદના કરે છે. દુર્વાસા મુનિએ અપરાધ કર્યો હતો તેથી તેને પ્રણામ કરવા પડયા. ત્યારે જ સંકટમાંથી મુક્તિ મળી. શબરી ઋષિઓનાં આશ્રમ આસપાસ રહી આશ્રમની સેવા કરતી તેને ઋષિઓએ તિરસ્કારી હતી તેમજ દુઃખ પણ ઘણું દીધું હતું. પરંતુ તે બ્રાહ્મણો શબરીનાં પદજળથી સ્નાન કરી પવિત્ર થયા.

ભગવાન પાસે ભક્તથી મોટું કોઈ નથી. જે કોઈ ભક્તને દુભાવે તે અપાર દુઃખ પામે. તે દુઃખમાંથી પ્રભુ પણ તેની રક્ષા કરતા નથી. ભક્તનો અપરાધ કરે તે ભક્તની પાસે દીન થઈને ક્ષમા માગે ત્યારે જ તેમાંથી મુક્ત થાય. ભગવાનનો ભક્ત નિષ્કપટ અને દયાળુ હોય છે. અપરાધીને પણ તે દુઃખી જોઈ શકતો નથી. ઉલટો તે તો પ્રભુને વિનવે છે કે પ્રભુ આનો અપરાધ ક્ષમા કરો. પોતાને પડેલું દુઃખ ભૂલી જઈ ક્ષમા દેવામાંજ સાર સમજે છે.

વળી ઉદ્ધવજી કહે છે કે— આ પ્રેમલક્ષણા ભક્તિમાન વ્રજની ગોપિયો તેમના ચરણની રજ હું મારા મસ્તકે ચઢાવી કૃતાર્થ થાઉં. ગોકુલની ગોવાલણી કોઈ વેદશાસ્ત્ર ભણવા ગયા ન હતા. તેમ વિદ્વાન કહેવરાવ્યા નોતા પરંતુ તેણે વિશુદ્ધ ભાવ રાખી પ્રભુને વશ કર્યા હતા.

વામન પુરાણ

ષષ્ઠિ વર્ષ સહસ્ત્રાણી મયા તપં પરંતપ । નંદ ગોપ વૃજ સ્ત્રીણાં પાદરેણું પ્રલબ્ધયે ॥
તથાપિ ન મયા પ્રપ્તાતાસાં વૈ પાદરેણવઃ । શ્રુત્વૈતદ્ બ્રહ્મણો વાક્યં ભૃગુઃ પ્રાહાતિ સાદરં ॥

ભૃગુ ઋષિ કહે છે. નંદરાયજીનાં વૃજની સ્ત્રીયો (ગોપિયો)ની પદરજ પ્રાપ્ત કરવા માટે મેં સાઠ હજાર વર્ષ તપ કર્યું છતાં તે સૌભાગ્ય મને પ્રાપ્ત થયું નથી. જે ગોપિજનો પ્રભુને નાના પ્રકારથી નાચ નચાવે છે. બાળલીલામાં તનક માખણની લાલચ આપી નચાવ્યા કિશોરલીલામાં રાસાદિ લીલામાં પણ નચાવ્યા. જે પ્રભુની બ્રહ્માજીએ હજારો વર્ષ તપસ્યા કરી ત્યારે આકાશવાણી રૂપે તપ તપ તપશ્ચર્યા કરો. આમ જણાવ્યું હતુ. બ્રહ્માજીએ ઘણી ઘણી સ્તુતિ કરી હૃદયમાં ધ્યાન ધર્યું. પરંતુ પ્રકટ સ્વરૂપની ઝાંખી ન થઈ. તે પ્રભુને વૃજની ગોપિયો હાથ પકડીને નચાવે છે. ગોપિયોએ પોતાની ઈચ્છા મુજબ નચાવ્યા છે.

જુઓ રાસનું પદ – રાગ સારંગ

રાસમેં નાચત લાલ બિહારી નચવતહે સબ વૃજકી નારી
તાથેઈ તાથેઈ તત તાથેઈ થેઈ થુંગની થુંગની તીટકીત તારી ॥ ૧ ॥
શ્રી રાધા એક તરજત મિલવત લેત અલાપ સપ્ત સ્વર ભારી
કૃષ્ણ દાસ નટ નૃત્ય રસિકવર કુશળ કેલી ગોવર્ધન ધારી. ॥ ૨ ॥

આ પદમાં સુરદાસજીએ ગાયું છે કે ભગવાનને વશ કરવાનું મહાન સાધન જો કોઈ હોય તો તે કેવળ પ્રેમભાવજ છે અને તેનાં પાત્રો તો વ્રજનાં ગોપિજનો જ છે. જેની માયા સર્વ જગતને નચાવે છે. તેનેજ વૃજ ગોપિયો નાચ નચાવી રહી છે. જેમની ચરણરજ બ્રહ્માદિકને દુર્લભ છે તે ચરણરજ ઘરમાંથી સંજવારી કાઢી બહાર ફેંકી દે છે. પ્રભુ જેનાં પ્રાણ રૂપ છે. આવા ભક્તોની લીલાનું વર્ણન તેનાં ભાગ્યનું વર્ણન કરવા બુદ્ધિ ઓછી પડે છે.

પ્રભુને પ્યારા ભક્તો છે તે ભક્તોને કોઈ દુભવે તે પ્રભુ કદાપિ સહન કરતા નથી. દુભવે તે દુઃખ પામે પત ખોય.

આ વાક્ય મુજબ જો કોઈ ભગવત ભક્તને દુભાવે તો દુઃખીજ થાય. પ્રભુ કહે છે કે મારા ભક્તને કોઈ પિડે, તેને ચક્ર સુદર્શનથી મારૂં. આવી જાતનાં શાસ્ત્રોમાં ઘણાં દષ્ટાંતો છે. પાંડવો શ્રીકૃષ્ણનાં ભક્તો હતા તેથી પ્રભુએ તેમની સહાય કરી. અર્જુનનાં સારથી બનીને રથ હાંક્યો. કૌરવો દુષ્ટ કર્મી હતા તે બધાનો મહાભારતનાં યુદ્ધમાં સંહાર કરાવ્યો.

દ્રૌપદી ભક્ત હતી. તેની લજ્જા રાખી ચીર પુર્યા હતા. જ્યારે દુઃશાસન તેને ઢસડીને લાવ્યો. સભા વચ્ચે ચીર ખેંચ્યા ત્યારે દ્રૌપદીએ ભગવાનને પોકાર્યા બચાવો ! બચાવો ! તુરત આવી સહાય કરી. ચીર તો પૂર્યા પણ દ્રૌપદીની ઈચ્છા હતી કે દુઃશાસનનાં લોહીથી માંગ ભરીશ તે પણ પૂર્ણ કરી. ત્યાં સુધી દ્રૌપદીનાં વાળ ખુલા જ રહ્યાં હતા.

કૌરવોનો સાથ દેવાવાળા ભીષ્મપિતામહને છ મહિનાં બાણશૈયામાં સુવું પડયું. તેઓ ભક્ત હતા છતાં કૌરવો અન્યાય કરતા પોતે જાણવા છતાં કૌરવોનો સાથ દીધો તેનું પરિણામ ભોગવવું પડયું. પ્રભુ ભક્ત કાતર વરણી છે. ભક્તનો પક્ષપાત કરે છે. આ આધારે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગની રીત સરળ બનાવી છે. આ માર્ગમાં વિદ્વતા અગર પંડિતની જરૂર નથી. પંડીતાઈથી ભગવત સ્ફુર્તિ થતી નથી. તેમજ સેવામાં પણ આસક્તિ બનતી નથી. ભક્તિ માટે તો ષોડશ ગ્રંથોનો સાર સમજવાની જરૂર છે. જેનાથી ભક્તિનું જ્ઞાન મળી રહેશે. તત્વ સમજાય પછી જ મન સુદઢ બને છે. ભક્તિ વગરનું પોથીનું જ્ઞાન. ગર્દભ ઉપર ખાંડની ગુણો ભરીને ચાલવા જેવું છે. જેમ પીઠ પર લાદેલી ખાંડ તેનો સ્વાદ ગર્દભને નથી. તેના ખાવાવાળા જુદા જ છે. તેને તો કેવળ બોજો વહન કરવો છે. પંડીત બની સાંસારિક ઉદર પોષણ કરવું તે આની બરોબર છે.

સાકરનું દષ્ટાંત એટલા માટે કે જે સાકરને ખાય ને તેનો સ્વાદ માણે તે ભક્તિ. વસ્તુનો સાર સમજ્યા વગર બધું નકામું છે. જેથી ભક્ત કોઈની નીંદા કરતો નથી. કોઈથી વાદ કરતો

નથી. કેમકે સંસારમાં રહેલા મનુષ્યો જુદી જુદી વિચારધારાની ઈચ્છાવાળા હોય છે. ભગવદ ભક્તે તો પુષ્ટિની રીતે રહી આત્મનિવેદન નો સાર સમજીને પુષ્ટિ રીતે સેવા સ્મરણ કરી કૃતાર્થ થાય છે તેમાં આવતા વિઘ્નો પ્રભુ દુર કરે છે.

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૨૨૭ મી. રાણી રત્નાવતી

આ રાણી ભગવદ ભક્ત હતી. તેમનાં દેવરે તેમને મારી નાંખવા પાંજરામાંથી સિંહને છોડી મુક્યો જેથી ભોજાઈ મરી જાય પણ પોતાને દાગ ન લાગે. રાણી શ્રીઠાકુરજીને શૃંગાર ધરાવતા ત્યાં જ સિંહ તાડુકતો આવ્યો. રાણીએ ઉઠીને તેને તીલક કર્યુ અને કહ્યું કે વાહ આજ તો મારે ઘેર નૃસિંહજી પધાર્યા છે. પ્રભુએ તે સિંહના રૂપમાં રહી રાણીનો સ્નેહ સ્વિકાર કર્યો અને તુરતજ રાજાનાં માણસો ત્યાં હતા તે બધાને મારી નાંખ્યા. આથી આખા ગામમાં હાહાકાર મચી ગયો. ત્યારે રાજા માનસિંહ ભયભીત બનીને ભોજાઈને પગે પડયો અને અપરાધની ક્ષમા માગી. આ દષ્ટાંત પુરૂં પાડે છે કે ભક્તની રક્ષા કરવા પ્રભુ સર્વ કાળે સર્વ સ્થળે સર્વરૂપમાં બિરાજમાન થઈ સર્વ કાર્ય કરે છે.

માટે જ કવિશ્રી કહે છે. સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૬૧

શ્રીયમુને કોં મેરી આશીષ;
બઢૈ સુહાગ લતા નિત નૂતન નિત્ય કુશલ બ્રજ—ઈશ. ૧
કરૈં ગુપાલ છોંહ સંતત વર બઢૌ પ્રેમ વારીશ;
ન્હાતહૂ શ્રીબ્રજરાજ લલાકૌ રોમ હોઉ જિન ખીસ. ૨
યહ એક દીન ભિખારિન દાસી યાચતિ નાવતિ શીશ;
રસિક સંગ લગિ રાખિ 'બલ્લભી' મેઘ કૃત્યવલિ વીસ. ૩
મેરૌક ભલૌ વિરદ તુવ ભારી કહિ હૈં દેવ અહીશ;
મંગલ મૂલ બધાઈ બાજેં બઢૈ વંશ નિશિ ઈશ. ૪

ભાવાર્થ : આ પદમાં કવિશ્રીએ વ્રજભક્તોની ભાવના આધારે આશિષ આપી છે. શ્રીયમુનાજીના ઉત્સવને દિવસે કવિશ્રી ગાય છે. શ્રીયમુના હું આશિષ આપું છું કે આપનો સુહાગ સદા આનંદમય બન્યો રહે. દિન પ્રતિદિન વૃદ્ધિ પામે. આપના અદ્‌ભુત ગુણો, અદ્‌ભુત પરાક્રમોથી વ્રજની ભૂમિને, વ્રજના લોકોને દિન પ્રતિદિન આનંદની વૃદ્ધિ કરાવો.

આપના પતિદેવ વ્રજના ઈશ તે સદા કુશળ રહે, આપના પ્રત્યે તેમની પ્રિત વધતી રહે

અને સદાને માટે આપના ઉપર કૃપારૂપી વૃષ્ટિ કરતા રહે. જેમ વરસાદનાં જલથી નદીનો પ્રવાહ વધે છે, તેમ અહીં પ્રેમરૂપી વર્ષાની આશિષ આપી છે.

આપના દ્વારે સદા વધાઈ વાગતી રહે. આપનો વંશ (ભક્તોનો સમુદાય) તે સદા વૃદ્ધિ પામો. મારું ભલું તો જ થાય કે આપ આપનું બિરદ પાળો. સાધનબળની અપેક્ષા રાખશો જ નહીં. મારી યોગ્યતા સામું ન જુઓ.

શ્રી યુગલગીત

— લેખક : શ્રીજેઠાલાલ છોટાલાલ શાહ— ''ઉર્મિલ''
સાવલી, જીલ્લો—વડોદરા.

[સંપ્રદાયના ખૂબ અનુભવી વયોવૃદ્ધ લેખક શ્રીજેઠાલાલભાઈ શાહે નાની વયથી જ સ્વમાર્ગીય ગ્રંથો તેમજ શ્રીમદ્ ભાગવત—ગીતાજી—ઉપનીષદો આદિનું ખૂબ ઉંડુ અધ્યયન કર્યુ છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી કૃત શ્રી તત્વાર્થ દીપ નિબંધ તથા શ્રીસુબોધિનીજી આદિના આશય સાથે લેખકે લખેલ અપ્રકટ ''શ્રીમદ્ ભાગવત્ સાર'' ગ્રંથમાંથી પ્રસ્તુત છે. શ્રી યુગલગીત —સંપાદક]

ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં પૂર્ણાનંદ છે. અને પોતાના પ્રિયજનોને પણ આનંદથી પૂર્ણ કરી દે છે. આનંદની અનુભૂતિ યદ્યપિ આંતરિક હોય છે. તો પણ બાહ્યરમણમાં શરીર અને ચેષ્ટાઓની પ્રધાનતા છે અને સ્વરૂપમૂર્તિ હોવાથી તેનો આનંદ પણ મૂર્ત છે, તેથી શરીર તથા ઈન્દ્રિયાદિમાં સ્વરૂપથી સ્થાપિત કરેલાં આનંદનો મનથી અનુભવ થાય છે. અહીં આ પ્રસંગમાં તો ભગવાનના આંતર સંયોગ દ્વારા પ્રકટ થયેલા આનંદથી શરીર ઈન્દ્રિયાદિમાં બાલલીલા સદશ ધર્મો પ્રકટ થાય છે. આથી જ શ્રીમહાપ્રભુજીએ પ્રથમ કારિકામાં કહ્યું કે ભગવાને ગોપિકાઓના અંતઃકરણમાં પોતાનો આનંદ સ્થાપિત કર્યો. આ પ્રસંગમાં ગોપિકાઓને જે વિરહ છે તે તો ધર્મિસ્વરૂપનો છે; ધર્મનો નથી, તો પછી ગુણગાનથી એ વિરહ કઈ રીતે દૂર થશે? સમાધાન છે કે જે રીતે સ્વરૂપ પૂર્ણાનંદાત્મક છે તે રીતે નામલીલા પણ એવી છે. એથી વિરહની નિવૃત્તિ થઈ શકે છે. નામ લીલારૂપ સ્વયં પૂર્ણાનંદરૂપ હોવાથી એના ગુણગાનથી શ્રીગોપીજનને લીલા સહિત કૃષ્ણ સ્વરૂપનો અનુભવ હૃદયમાં થાય છે. ભક્તોની જેટલી તીવ્રતરથી તીવ્રતમ આસક્તિ ભગવાન પોતામાં પ્રાપ્ત કરે છે એટલા જ તે સ્વયં પ્રસન્ન બની રહે છે. ભગવાને આંતરરમણ કર્યુ અને ગોપિકાઓના હૃદયમાં આનંદ પૂર્યો. ભગવાન તો ષડ્ગુણ સંપન્ન છે. અહીં એમને શ્રીહરિ કહ્યા છે. હરિ એટલે દુઃખના હર્તા. વિરહ દુઃખનું નિવારણ કરવા ગોપિકાઓ ગુણગાન કરે છે અને પ્રભુ શ્રીહરિ તેમના એ દુઃખનું નિવારણ કરી આનંદનું દાન કરે છે. ભાવાત્મક સ્વરૂપથી આનંદનું દાન કર્યુ છે માટે રૂપલીલા છે. અને શ્રીગોપીજન પ્રભુનું ગુણગાન કરે છે તે નામલીલા છે. અહીં પૂર્ણાનંદ પ્રભુ ધર્મીરૂપ હોવાથી ગુણગાન ધર્મરૂપ છે. છતાં ભાવની સ્થિરતા

માટે ગુણગાન છે. અંતર્સ્થિત રસાનંદ સ્વરૂપ પ્રભુ ભાવોદ્રેકથી ગાનરૂપે મુખ દ્વારા બહાર પ્રકટે છે અને એમ બહાર પધારેલા ભગવાન કર્ણ દ્વારા પુનઃ અંતરમાં પધારે છે ત્યારેજ [illegible] સુસ્થિર બને છે. દિનભરના વિરહથી આર્ત ગોપીજનોને સાયંકાલે ભગવાન મળે છે અન એમાં જે રસાનંદની પ્રાપ્તિ થાય છે તે દિવસે જો સંયોગ હોય તો ન અનુભવાય. અતઃ ગોપીજનોને જે પ્રકારે પૂર્ણાનંદનો અનુભવ થાય તે પ્રકારે પ્રભુપ્રદાન કરે છે.

પ્રભુ વનમાં પધારતાં ગોપીજનો લીલાગાન કરે છે. તે સ્વભાવ વશ જ થાય છે. પ્રયોજનાન્તર વશ નહીં. છતાં પણ ગુણગાનથી પ્રથમાનુભૂત ભાવની સ્થિરતા તો થાય છે જ. અને એટલે જ બીજી કારિકામાં ગુણગાનનું પ્રયોજન એજ આશયથી ભાવ સ્થિરતા દર્શાવાઈ છે.

ભગવાન ભાવાત્મક છે. પ્રથમ જે સુધાનાદ દ્વારા ગોપિકાઓમાં પ્રવિષ્ઠ થઈ, તે ભગવદાત્મિકા હતી. **રન્ધ્રાન્વેણોરધર સુધયા પુરયન** માં એનું નિરૂપણ થયું હતું. ફલનો અનુભવ બાહ્ય ન થઈ જાય ત્યાં સુધી તે સુધા પૂર્વોક્ત પ્રકાર અનુસાર પુષ્ટ થતી રહી, પરંતુ પોષક અને વિષય બાહ્યસંબંધ ન મળતાં સંબંધ માટે સ્વયં ગુણગાનના રૂપમાં પ્રગટ થઈ. પરંતુ એ પહેલા તો પ્રિયનું સાક્ષાત્ પ્રાકટય અંતઃકરણમાં થઈ ગયું. કાન દ્વારા ગાનરૂપ સુધા પુનઃ ત્યાંજ પ્રવેશી અને ત્યાં વિષય અને પોષક બંને પ્રાપ્ત થવાથી તે સુસ્થિર થઈ ગઈ. નામલીલામાં શબ્દ અને અર્થની મુખ્યતા છે. તેથી સૂચક રીતે શ્લોકો યુગલમાં છે. વેણુગીતમાં પ્રથમનાદનો અનુભવ થયો હતો. અતએવ નાદની પ્રધાનતાને લઈને **અક્ષણવતાં ફલમિદં** ગાન કર્યુ હતું. પરંતુ હવે તો સ્વરૂપનો અનુભવ પણ સાક્ષાત્ થઈ ગયો છે એટલે બંનેય મહારસ છે એ દર્શાવવાને માટે બે શ્લોકના એક એક યુગલરૂપે ગાન છે. યુગલ એટલે બે. આમાં બીજા અધ્યાયોની જેમ એકએક શ્લોક આપેલ નથી પણ યુગલરૂપે શબ્દ અને અર્થ એમ ઉભયની મુખ્યતા જણાવી છે. શબ્દ એટલે નામલીલા અને અર્થ એટલે રૂપલીલા. બંનેનો સમન્વય આમાં કરેલો છે. બંને એકરૂપ છે. એતદર્થ એકવાક્યતાથી ગાન કર્યુ છે. એક વર્ષમાં ભગવાન જેટલી લીલા કરે છે એ સર્વ લીલાઓને સ્વામિનિઓએ ગાઈ છે. એવું દર્શાવવા માટે વર્ષના બાર માસના હિસાબે ચોવીસ શ્લોકોનાં બાર યુગ્મ કહ્યાં છે. ઉપક્રમ એવં ઉપસંહારના બે શ્લોકોનું યુગલ અધિક માસમાં પણ ભગવાનની જે લીલાઓ છે તે પણ અહીં ગોપીજનો દ્વારા ગવાઈ છે. દરેકમાં શુકલ અને કૃષ્ણપક્ષ—લીલામાં ગૌર અને શ્યામ તેજ. બંનેનું યુગલ તેથી "યુગલગીત" હૃદયમાં અને બહાર પણ લીલા સહિત ભગવાન તેથી પણ "યુગલગીત", બાહ્ય વિયોગ અને આંતર સંયોગરૂપ યુગલના અનુભવે "યુગલગીત", મિશ્રઅમિશ્ર ભાવપ્રદ યુગલ તેથી પણ "યુગલગીત" નામ અને રૂપ—શબ્દ અને અર્થ તેના યુગલથી પણ "યુગલગીત".

શ્રીગોપીજનો તો રાત્રિ દિવસ કૃષ્ણપરાયણ જ છે. રાત્રે તેમની સંયોગ સેવા છે, પણ દિવસે તો તેમની સંસારની પ્રવૃત્તિ હશે એવી શંકા થાય પણ વાત એવી નથી. દિવસે પણ શ્રીગોપીજનો ભગવાનના ગુણોનાં વર્ણનમાં યા ગાનમાંજ નિમગ્ન બની રહ્યાં. સંસારમાં નહીં. ગુણોની સ્મૃતિને માટે આરંભમાં વિરહ દુઃખ આવશ્યક છે. ગાનના આરંભમાં પણ દુઃખ થયું—ગાનના આરંભમાં પણ મહાન દુઃખ છે તો જો ગાન ન કરત તો કેટલું દુઃખ વધી જતું ! શ્રીશુકદેવજી મહારાજ યુગલગીતના પ્રથમ શ્લોકમાંજ શ્રીગોપીજનનું એ દુઃખ દર્શાવતા કહે છે કે

ગોપ્યઃકૃષ્ણે વનંયાતે તમનુ દ્રુતચેતસઃ। કૃષ્ણલીલાપ્રગાયન્તો નિન્યુ દુઃખેનવાસરાન્॥

અર્થાત્ ભગવાન શ્રીકૃષ્ણ વનમાં પધારતા, તન ઘરમાં છે પણ મન યા ચિત્ત તો ભગવાનમાં જ લીન થઈ જતાં એ ગોપીજન કૃષ્ણલીલાઓનું ગાન કરતાં કરતાં દુઃખમાં દિવસ વિતાવે છે.

મૂળ શ્લોકમાં કેવલ **ગોપ્યઃ** કહ્યું છે. એનું તાત્પર્ય એ છે કે એ ગોપીજન રાસમંડલવાળા છે. એટલે કે ૩૧માં અધ્યાયવાળા ગોપીજનથી સદાનંદ ભગવાન કૃષ્ણ વનમાં ગયા એટલે તેમના ચિત્ત દ્રવિત થયા. અન્ય વસ્તુનું ગ્રહણ કરવામાં અસમર્થ બની રહ્યાં અને એથી કૃષ્ણની લીલાનું જ પ્રકર્ષથી ગાન કરવા લાગ્યા. જેવું ભગવાનનું સ્વરૂપ સદાનંદ છે તેવી તેમની લીલા પણ સદાનંદ છે. લીલાની તદાત્મકતા દર્શાવવા પુનઃ નામનું ગ્રહણ કર્યુ. શ્લોકમાં **તલ્લીલા** – તેમની લીલા એમ ન કહેતાં **કૃષ્ણલીલા** કહ્યું છે. એથીજ લીલાનું સદાનંદપણું સ્પષ્ટ બની રહે છે. મહા માનસિક દુઃખો સહન કરીને ગોપીજન દિવસ વિતાવે છે. પુનઃ ગોપિયોનાં ચિત્ત ભગવાનના ચરિત્રોમાં લીન બની રહીને એકીભાવને પ્રાપ્ત કરશે, ત્યારે તેમના મનોરથો પૂર્ણ થશે. હમણાં તો સામગ્રી ઈત સ્તતઃ થઈ ગઈ છે એટલે દુઃખપૂર્વક દિવસ વિતાવે છે. શ્લોકમાં **વાસર** પદનો ભાવ એ છે કે ગોપીજનોનાં મનમાં એવી આશા છે કે રાત્રિમાં ભગવાનનું મિલન થશે.

વેણુનાદ લીલા ભગવાનની સર્વોત્તમ લીલા છે. યુગલગીતમાંથી સર્વલીલામાં વેણુગીત લીલાજ કારણભૂત છે. વેણુનાદનો પ્રભાવ પ્રથમ ત્રિવિધ રાજસ સ્ત્રીઓમાં પ્રકટ દેખાયો. દેવ સ્ત્રીઓ, ગાયો અને નદીઓ રાજસ સ્ત્રીઓ છે. પછી ત્રણ સાત્વિક પુરૂષોમાં પ્રકટ દેખાયો– વૃક્ષો, પક્ષીઓ અને મેઘ. પછી તામસ એવા બ્રહ્માદિ દેવો, ગોપીજન અને હરિણીયોમાં પ્રકટ દેખાયો. અને એ પછી ગાંધર્વોમાં, સામાન્ય લીલાકર્તા ભગવાન અને વિશેષ લીલા કરતાં ગુણાતીતમાં દેખાયો. ભગવાન સર્વજ્ઞ છે. માટે બે વખત અનન્ય શ્રીવાળા કહેવામાં આવ્યા છે. આમ બાર પ્રકારે વેણુ ફલિત થાય છે. લેખકાર કહે છે કે ભગવાનમાં બે પ્રકારના નિયમ છે. એક તે ષડગુણ સંપન્ન છે, અને તેથી ભગવાન કહેવાય છે અને બીજા પ્રકારે તાપનું હરણ કરે છે. તેથી શ્રીહરિ છે. રસદાન ભગવાન જ કરી શકે છે. તથા તાપને પણ ચંદ્ર આદિ નહીં પણ ભગવાનજ એનું હરણ કરી શકે છે.

ભગવાન તો બાલક છે. તે આવી લીલા કઈ રીતે કરી શકે? શંકા નિવારણમાં કહ્યું છે કે એ તો યદુપતિ છે. **જાનાત્યેય** – સર્વજ્ઞ છે. **એવ** શબ્દથીએ સૂચિત થાય છે કે ભગવાન બાળક હોઈને પણ એમનામાં બાલસુલભ અજ્ઞાન નથી. બંને પ્રકારના નિયમો ભગવાનમાં છે. અતઃ બે વખત ભગવાનનું ૨૩ માં અને ૨૫ માં શ્લોકમાં પૃથક્ પૃથક્ વર્ણન કર્યુ છે.

પ્રથમ સ્ત્રીઓની પ્રધાનતા છે. એમાં દેવ સ્ત્રીઓ મુખ્ય છે. અતઃ એમનામાં વેણુનાદનો પ્રભાવ દર્શાવતાં કહ્યું છે કે, "હે ગોપીઓ! વામ બાહુ પર વામ કપોલ રાખીને ચંચલ ભ્રૂકુટિવાળા મુકુન્દ ભગવાન વેણુને પોતાના અધર પર રાખી એના સ્વરોના છિદ્રો પર કોમળ અંગુલિઓને ફેરવીને વગાડે છે ત્યારે આકાશમાં વિમાનમાં સ્થિત સિદ્ધોની સ્ત્રીઓ પોતાના પતિઓ નિકટ હોવા છતાં પણ વેણુગીત સાંભળીને વિસ્મય પામે છે અને કામદેવના બાણથી પરવશ બની રહી વેણુનાદના ભાવને સમજીને લજ્જાથી મોહને પ્રાપ્ત થાય છે. વિવશતાને કારણે એમનું નીવી

બંધન તૂટી જાય છે. એનું ભાન પણ ન રહે એવી મૂર્છામાં પડી જાય છે.

ભગવાન વેણુનો નાદ પાંચ પ્રકારે કરે છે. વામ પરાવૃત મુખે થતા વેણુનાદે સ્ત્રીજનોને સુખ મળે, દક્ષિણ પરાવૃત મુખે થતાં વેણુનાદે સ્ત્રી તેમ પુરૂષોને પણ સુખ મળે. અને સીધામુખે જે વેણુનાદ થાય તેથી સર્વ કોઈને– જડને પણ સુખ મળે. દેવો માટે ઉંચેથી તેમ સામાન્યો માટે નીચેથી થતો વેણુનાદ સુખપ્રદ બની રહે. પ્રભુ અત્યારે દેવ સ્ત્રીઓ માટે સુખપ્રદ એવો વેણુનાદ કરે છે. એટલે વામ બાહુ પર વામ કપોલ ધારણ કર્યો છે. સાથે મનુષ્યોથી અધિક સિદ્ધો છે એથી દક્ષિણ ભ્રૂકુટિ ઉંચે ચંચલ થઈ રહી છે. અધરે ધરેલો વેણુ કામપ્રદ હોય, પરમાનંદ ન આપે, અપેક્ષા વધારે. કાર્યને જ પ્રબુદ્ધ કરે. નાદ માટેની ક્રિયાશક્તિ બલવતી નથી. કોમલ અંગુલિઓએ નાદ પ્રકટ થવાના માર્ગમાં જે છિદ્રો છે તેને રોક્યા છે. પ્રારંભમાં વેણુનાદ મંદ પ્રકારે થાય એજ ઉચિત ગણાય. અંગુલિઓ ગાઢપણે પધરાવે તો તારનાદ નીકળે. મધ્યથી મધ્ય અને કોમલપણાથી મંદ નીકળે. ગોપીજનતો એ પ્રકારોના સાક્ષી છે. એમને તો એનો પૂર્ણ અનુભવ છે. વેણુનાદનું પ્રયોજન દર્શાવતાં એના પ્રયોજકનું નામ આપ્યું : **"મુકુન્દઃ" "મુકું મોક્ષં દદાતીતિ મુકુન્દઃ"** મોક્ષ અર્થાત્ ભજનાનંદના પ્રદાતા એ મુકુન્દ ભગવાનની ઈચ્છા છે કે વેણુનાદથી જગત શુદ્ધ બને તો મોક્ષનું પ્રદાન કરું. પણ જે મોક્ષના અધિકારી નથી, જે અધિકાર પ્રમત્ત છે, અન્યાશ્રયી છે, કેવલ ઉપભોગી છે તેમને તો શાંતિ પણ ન મળે, તો મોક્ષની તો વાત જ શી? સિદ્ધો સિદ્ધિવાળા છે પણ ભગત્પ્રાપ્તિ માટેની નિઃસાધનતા તેમનામાં નથી. વિમાનસ્થ એ સિદ્ધોની સ્ત્રીઓ મુક્તિની અધિકારિણી નથી પણ કામની જ અધિકારિણી છે. સ્વયં ગાનમાં નિપુણ છે એટલે મનુષ્ય લોકમાં થતાએ વેણુનાદથી એમના આશ્ચર્યની સીમા ન રહી. નાદને યથાર્થપણે ધ્યાનપૂર્વક સાંભળ્યા પછી તો તેમનો ભાવોદ્રેક વધી ગયો. સમીપના સિદ્ધોની સન્નિધિથી થતાં સંકોચને પણ છોડવો પડયો. **કામમાર્ગ સમર્પિત ચિત્તાઃ** કામદેવને સમર્પિત ચિત્તવાળી બની ગઈ. અને નીવી બંધન છૂટી ગયું એના પણ ભાન વગરની થઈ ગઈ. મુકુન્દ ભગવાનના આ વેણુનાદથી ગાયોની પણ દેવ સ્ત્રીઓના જેવી દશા થઈ. અરે હે અબલાઓ! **ઈદમાશ્ચર્યશ્રૃણુત** – આ આશ્ચર્ય તો સાંભળો. હાર સમાન સમુજ્જ્વલ હાસ્યવાળા આર્તજનો માટેના આનંદપ્રદાતા. વક્ષઃસ્થલે વિદ્યુત યા લક્ષ્મી સ્થિર છે એવા નંદકુમાર વેણુનાદ કરે છે ત્યારે એના ધ્વનિથી વ્રજની ગાયો અને બળદોનાં ટોળાએ સર્વના ચિત્તનું હરણ થઈ જવાથી એમના મુખમાંનું દાંતથી ચર્વિત કવલ જે પ્રકારનું હતું તેજ પ્રકારે રહી જાય છે. ચિત્તનું હરણ થઈ જવાથી કવલને નથી છોડી શકતાં યા નથી ખાઈ શકતા. ચવાયેલો કોળિયો જે સ્થિતિમાં હતો તે સ્થિતિમાંજ મુખમાં રહી ગયો! અને પછી કાન ઉંચા કરી ગાનના શ્રવણથી જાણે નિંદ્રા આવી ગઈ હોય એમ ચિત્રમાં આલેખાયાં હોય એવાં થઈ જાય છે, પશુઓને તો પોતાની જાતિમાંજ કામ પ્રકટે છે. પોતાથી ઉત્તમ યા નીચ જાતિ પ્રત્યે નહીં. ઉચ્ચ જાતિવાળા કદાચ નિમ્ન જાતિય સાથે રમણથી સંબંધ સ્થાપિત કરે તો તેમાં રસાભાસ મનાય છે. એટલે પશુઓમાં એવો સંબંધ–કામ પ્રકટ તો નથી પણ એમના માટેના આવશ્યક એવા તૃણભક્ષણથી જ ભગવાન એમનો નિરોધ કરે છે. શ્લોકમાં **હન્ત** શબ્દનો પ્રયોગ ખેદાભિવ્યક્તિ માટે થયો છે. ગોપીજન કહે છે– વેણુનાદે ગાયો આદિની પણ એવી ક્રિયાઓ સ્થિર બની રહી પણ એવી સ્થિતિ આપણી

થતી નથી. **હન્ત** શબ્દ કહીને એથી આશ્ચર્ય હોવાનું કહ્યું છે. આ તો પ્રથમ શ્લોકોમાં વર્ણિત આશ્ચર્યથી પણ ઉત્તમ આશ્ચર્ય છે. દેવસ્ત્રીઓ તો ભગવાનની કામનાવાળી બની રહીને તે કામના અશક્ય બની રહેતાં ભાન ભૂલી મૂર્છા પામે છે. પરંતુ પશુઓની આવી રમણીય સંબંધ–સંભોગ રૂપ કામ વિનાની તલ્લીનતા તો અતિ આશ્ચર્યની વાત છે એવો ભાવાર્થ અહીં સમજવાનો છે. ગામના પશુઓને માટે **વ્રજ** પદ પ્રયોજાયું છે. મૃગો અને ગાયો અરણ્યમાં ભેગા થાય છે. વેણુવાદનથી સર્વ પશુઓ **હૃતચેતસ** બની જાય છે. જે સ્થળે હતાં તે સ્થળે જ સ્થિત થઈ જાય છે. ભગવાનની સમીપ જઈ શકતાં નથી. દૂર ઉભાં ઉભાં પોતાના ચિત્તને ખોઈ બેસે છે. દેવસ્ત્રીઓની મૂર્છા કરતાં પણ આ તો વધારે સ્થિર થઈ ગયાં હોવાથી આમાં વેણુનાદનો અધિક મહિમા છે. વિચીત્ર પ્રતીત થાય છે એથી જ આશ્ચર્યરૂપ છે.

વેણુનાદથી જડ નદીઓની સ્પૃહા પણ વધી ગઈ. તેની વાત કરતાં એક ગોપી કહે છે કે હે સખી ! **આલિ** પદ સખીવાચક છે. ગુપ્તવાત કહેવાની છે એટલે પ્રતીત થાય છે કે એ ગોપી સ્નાનાર્થે યા કોઈ બહાનાથી દર્શનને માટે ત્યાં જઈ આવી હશે. પ્રથમ આવેશ અને પછી દેવવેશનું વર્ણન કર્યું. હવે લીલાવેશનું વર્ણન કરવાનું છે. પ્રથમ કહેલા ગાયો આદિ પશુઓમાં લીલાનું વિશેષ જ્ઞાન ન હોય પરંતુ નદીઓ તો જડ છે. એમનામાં તો કશું પણ જ્ઞાન હોઈ શકે નહીં. નદીઓ તો સદા સર્વદા ક્રિયાશીલ છે. ચેતન પ્રાણીઓની ક્રિયા નિંદ્રા યા મૂર્છાની સ્થિતિમાં જણાય નહીં, પણ નદીઓને અંગે તો ક્રિયાની નિવૃત્તિ સંભવતી જ નથી. તેમાં પણ મોટી નદીઓની ગતિક્રિયા તો બંધ થાય જ નહીં. પરંતુ વેણુનાદથી તો એવી નદીઓની ગતિ પણ બંધ પડી ગઈ. ભગવાને વેણુનાદ કર્યો ત્યારે તેમણે તો **બદ્ધમલ્લપરિબર્હવિડમ્બઃ** – મલ્લના જેવો વેશ ધર્યો હતો. મયુરપિચ્છ ગુચ્છ મસ્તકે વિરાજે છે, ગેરુ વગેરે ધાતુઓનાં સુંદર ચિત્ર કર્યાં છે અને કમલ વગેરેનાં પત્ર ધર્યાં છે. દિવ્ય નૃત્ય લીલાનો વેશ ધર્યો છે. મલ્લોનો **પરિબર્હ** એટલે કે અલંકાર વેશ બનાવ્યો છે. આવી નૃત્યલીલા વખતે તેઓ **સ બલ** હોય છે. ભગવાન બલભદ્રજી તે વખતે સાથે હોય છે. ગોપો પણ સાથે હોય છે. વેણુનાદ પણ એ લીલાને અનુસરતો હોવાથી જેમની ક્રિયા કદી પણ સ્થગિત થતી નથી એવી નદીઓ પણ એ ગાઢ તારનાદથી " પ્રભુ આપણને બોલાવે છે " એમ માની વહેતી બંધ થઈ ગઈ. તેમનો સ્વામી તો જો કે સમુદ્ર છે પણ ભગવાન સ્વામી બને એવી સ્પૃહાથી ભગવાનના ચરણની રજની સ્પૃહાવાળી બની રહી. પવનને જલથી શીતલતા ઉપલબ્ધ થાય. બને તેટલા ઉપયોગી થવુંજ પડે. એમ વિચારી પવને પ્રભુની ચરણરજ લાવીને નદીઓને અર્પણ કરી. પ્રેમથી નદીઓની તરંગરૂપ ભુજાઓ સ કંપ બની રહી. **પ્રેમવેપિત ભુજાસ્તિમિ તાપ** – જલ પણ સ્તબ્ધ થઈ ગયા છે. પ્રભુ બોલાવે, આજ્ઞા કરે, પછી આગળ વધાય જ કેમ? ચરણ રજની ભાવના ધરી ભગવાનનો સંબંધ તો ભગવદીયો દ્વારા થાય. પવન ભગવદીય છે. ચરણરજ ધારણ કરી શકે છે. નદીઓને એ ચરણરજ અર્પણ કરી. નદીઓ પણ દેવતા છે. એમનો ઉદેશ પણ કામ જ છે. આગળ કાલિન્દીજી એવા થશે. કાલિન્દીજીને કૃષ્ણની કામના થવાની છે. રાજલીલાનું તે સ્વરૂપ. પુષ્ટિમાર્ગમાં તો શ્રીયમુનાજી વિરાજે છે.

એ પછી એક ગોપી **અનુચરૈ૦** પ્રતિકથી શરૂ થતા ત્રણ શ્લોકોથી લતા, પક્ષી અને મેઘ એ ત્રણ સાત્ત્વિકોનું વર્ણન કરે છે. ભગવાનના પૃથક્ પૃથક્ લીલા યોગ્ય રૂપનું તથા નાદનું પણ

એ જ પ્રકારે વર્ણન કરે છે. એ ત્રણે ત્રણ વેણુનાદ સાંભળીને ભક્તિથી પૂર્ણ બની રહ્યાં. એમાંયે પ્રથમ બે લતા અને વૃક્ષો તો વૃંદાવનમાં વૈષ્ણવ છે. વેદ વચનાનુસાર **વૈષ્ણવા ચૈવનસ્પતયઃ** – વેણુનાદ સાંભળતા જ એ બે ઉનામાં પ્રેમ રસ ઉદભવ્યો. અતઃ એમને માટે તો એ વેણુનાદ અનોખો હતો. એથી ભગવાનનું પણ પ્રકારાન્તરથી વર્ણન કરવું જોઈએ. એ વર્ણન ભક્તિમાર્ગાનુસાર તથા વેદાનુસાર થવું જોઈએ. પ્રથમ ભક્તિ અનુસાર વર્ણન કરે છે. ભગવાન તો **દર્શનીયતિલકો** – દર્શનિય તિલક અર્થાત્ દર્શનિયોમાં પણ શ્રેષ્ઠ છે. **અનુચરૈઃ સમનુવર્ણિત વીર્યઃ** – આદિ પુરૂષ–પુરુષોત્તમના રૂપમાં ભગવાન જગતને સર્જવાના મહાન અલૌકિક વીર્યનું વર્ણન કર્યું છે– એ વેદાનુસારી વર્ણન છે. અને એ ભક્તિ અનુસાર વર્ણન છે. લોકાનુસાર માહાત્મ્ય દર્શાવે છે. તે લોકને અનુસરતું વર્ણન છે. અતઃ પૂર્ણ પુરુષોત્તમ એવા એ નંદરાયજીના કુમારની ચર્ચામાં એમનું પુરુષોત્તમપણું સંગતજ પ્રતીત બની રહે છે. ભગવાન વનચર વૃંદાવન વિહારી થયા છે. એમાં વૃંદાવન રસોદ્દીપક છે અતઃ રસશાસ્ત્રીય સાત્ત્વિક ભાવો સંભવિત છે. આદિ પુરૂષના રૂપમાં એ સંભવ નથી. અતઃ ભેદ માનીને પણ વર્ણન થઈ શકે છે. વનમાં વિચરતા ભગવાન પર્વત પાસે ચરતી ગાયોને બોલાવવા વેણુનાદથી તો વૈષ્ણવ વનસ્પતિએ પણ મધુર આનંદરૂપી મધુધારા વહાવી. વનસ્પતિએ લીલાનુકુળ પોતામાંના આનંદને પ્રકટ કર્યો. ભગવદીય સ્ત્રીપુરૂષો ભગવાન યા ભગવદીયોને નિકટ નિહાળી પ્રસન્ન થાય છે. તેમજ લતા વૃક્ષોએ પણ અનુભવ્યું. વનસ્પતિ સ્થાવર નથી પણ એ તો **આત્મનિવિષ્ણું વ્યંજયન્ત્ય** – એતો પોતામાં વિષ્ણુને અભિવ્યક્ત કરી રહ્યાં હતા. વૃક્ષાદિમાં પાંચ ધર્મો પ્રકટ દેખાય છે. એમાં પ્રથમ ક્રિયા શક્તિનો આવિર્ભાવ **પુષ્પફલાઢયા** થી કહ્યો છે. જ્યાં જ્યાં ભગવાન નિવિષ્ટ થાય છે ત્યાં ત્યાં અવાન્તર ફલ અને પરમ ફલ ઉપલબ્ધ થાય છે જ. ભગવદર્થ એનામાં **સદાધિક્ય** છે એ **પ્રણતભારવિટપા** થી દર્શાવ્યું છે. વૃક્ષો ભારથી નહીં પણ સત્પુરૂષોની જેમ તે પ્રભુને નમે છે. તેથી જ **પ્રણત** શબ્દ પહેલા પ્રયોજાયો છે. પ્રેમથી તન પુલકિત થયા. સૂકાં વૃક્ષાદિ પણ હરીયાળાં થઈ ગયા અને જે મધુધારા સ્રવી રહ્યાં તે તો જ્ઞાન શક્તિના પ્રાકટયરૂપ છે. પક્ષીઓ પર પણ દર્શનીય તિલક એવા ભગવાનના વેણુનાદનો પ્રભાવ પડયો. વ્રજના પક્ષીઓ તો મુનિવરો છે. એમનામાં તો સ્વભાવથી જ ભગવદ્ભાવ છે. લોકદષ્ટિથી કદાચ અન્યથા બુદ્ધિનો સંભવ હોય તેથી રૂપ એવં નાદ દ્વારા એમની ભજન સિદ્ધિનું નિરૂપણ કર્યુ છે. પોતાના સમાધિ સૌભાગ્ય શા ભુવન સુંદર સન્નિવેશરૂપ એવા શ્યામસુંદરના દર્શન તેઓ માણી રહ્યાં છે. વનમાલી એવા ભગવાનની વનમાલામાં દિવ્ય ગંધવાળા તુલસીજી વિરાજે છે. તુલસીમાં માદક ગંધ ન હોય, દિવ્ય ગંધ હોય અને મકરંદ મળે તેથી ભ્રમરો મત્ત બને પણ એ ભ્રમરો સામાન્ય ન હોય. **અલિકુલ** ઉત્તમ કુળવાળા હોય સામાન્ય ભ્રમર નથી પણ **અલિઃ** રૂપે કહ્યા છે. એ ભ્રમરોએ ઉંચા સ્વરે જે ગુંજારવ કર્યો, જે ગીત ગાયું તેનો પણ ભગવાને આદર કરીને એને અનુરૂપ વેણુનાદ કર્યો. પક્ષીઓમાં ભ્રમર વસ્તુતઃ હીન તેમ નિન્દિત છે. છતાં ભગવાન એનો આદર કરે છે. તો પછી જે સરોવર આદિમાં રહેતા રસીક તથા નીરક્ષીરને પૃથક કરી શકતા ગુણદોષને જાણી શકતાં પક્ષીઓનો તો આદર કરે જ. વેણુગીતથી હંસ, સારસ આદિ પક્ષીઓ મોહિત ચિત્તવાળા બની રહીને ત્યાં નિકટ આવી આંખો બંધ કરી દઈ મૌન ધારણ કરી ચિત્તને નિયમિત

કરી ભગવાનની સેવા કરી રહ્યા. એ તો મુનિવરો છે ને? એમની એ વિશેષતા છે કે સંયમ ચિત્તવાળા થઈને તેઓ ભજનનો આનંદ પ્રાપ્ત કરે છે. એમની એવી ભક્તિ જ્ઞાનરૂપ નથી ભક્તિમાર્ગને અનુસરતી છે. કશોજ બાહ્ય વ્યાપાર ન થાય. એથી એમનાં નેત્રો અને વાણી બંધ કરેલ છે. **યતચિત્તા** વેણુગાન વશ જ એમનું ચિત્ત છે. મુનિઓ છે એટલે મત્ત થયા નથી મગ્ન થયા છે. એવી સ્થિતિ તો એમનામાં સ્વતઃ સિદ્ધ જ છે.

સર્વના હિતકારી એવા મેઘને પણ વેણુનાદના શ્રવણથી જે ભાવ ઉદ્‌ભૂત થયો તે **સહબલ ૦** યુગ્મમાં વર્ણવતાં કહ્યું છે કે હે વ્રજદેવીઓ ! પુષ્પગુચ્છોથી બનાવેલ કર્ણાભરણથી વિલસિત ભગવાન બલદાઉજીની સાથે પર્વત શિખર પર વિચરતાં સ્વયં આનંદમગ્ન બની રહીને જગતને હર્ષિત કરતાં જે સમયે જગતને પૂર્ણ કરતા હતા તે સમયે મહાન પુરૂષોના અતિક્રમણ ભયથી શંકાશીલ ચિત્ત એવો મેઘ સ્થિર બની રહીને ઉંચી ગર્જના કરતો નથી પણ મંદમંદ અનુગર્જન કરે છે અને પ્રભુના આભાસરૂપ એવો એ મેઘ જલકુસુમથી સુહૃદ ઘનશ્યામની સેવા કરે છે. મેઘનું કાર્ય જગતને કૃતાર્થ કરવાનું હોય છે પણ વેણુનાદથી પ્રભુએજ જગતને કૃતાર્થ કરી દીધું. પોતાનું પ્રયોજન હવે રહ્યું ન નહીં એ જોઈને મેઘ ગૌણ બની રહ્યો. પોતાને સફલ કરવાને માટે જે ભગવાનની મેઘ જલપુષ્પો દ્વારા સેવા કરી રહ્યો હતો તે વેણુનાદવાળા ભગવાન કેવા હતા ? એમનામાં વિશેષ ગુણ નથી એમ કહેવું કેવલ અર્થવાદ છે, એટલે ચાર વિશેષણોથી ભગવાનનું માહાત્મ્ય સિદ્ધ કરતાં ગોપીજન કહે છે કે **સહબલ ૦** – ભગવાને એ સમયે પોતાની પૂર્ણ ક્રિયાશક્તિરૂપ બલદાઉજીને સાથે રાખ્યા છે. સૃષ્ટિકરણ ક્રિયાશક્તિથી પણ વિશેષ ક્રિયારૂપ બલદાઉજી છે. **સ્રગવતં સ વિલાસ** – આ વિશેષણથી કહ્યું છે કે ભગવાને પુષ્પગુચ્છોની માલારૂપ આભરણથી કર્ણને સુશોભિત કર્યા છે. આશય એ છે કે ભગવાને કીર્તિરૂપ માલાને દશે દિશાઓમાં આ લીલાથી વ્યાપ્ત કરેલ છે. ભગવાનની કીર્તિનું વર્ણન કરતાં ભાગવત આદિ શાસ્ત્રો સર્વ વેદોના આભરણરૂપ છે. એ શાસ્ત્રો તો ભગવાનની લીલાઓથી પરિપૂર્ણ છે અને તેનું પ્રતિપાદન કરે છે. આ પ્રકારે ક્રિયાશક્તિનું સ્વરૂપ તથા ગુણથી માહાત્મ્યનું નિરૂપણ કર્યુ છે. **જાતહર્ષ** – ઈચ્છા સિવાય કોઈપણ કાર્ય સિદ્ધ થતું નથી એથી સહકારિણી ઈચ્છાનું માહાત્મ્ય કહ્યું છે. પ્રસન્નતાનો ધર્મ ઈચ્છા છે. એટલે ભગવાન સ્વયં પ્રસન્ન થાય અર્થાત્ હર્ષયુક્ત થઈને સર્વને હર્ષયુક્ત કરી દે, આ પ્રકારે આ વિશેષણથી વેણુનાદની કારણભૂત ક્રિયાનો ઉત્કર્ષ કહ્યો છે. **ક્ષિતિભૃતઃ સાનુષુ** – આ વિશેષણથી જે સ્થાને આ લીલા થઈ એ દેશનો પણ ઉત્કર્ષ દર્શાવ્યો છે. પુથ્વી સર્વનો આધાર છે. આ પૃથ્વીને જે ધારણ કરે છે તેનાથી પણ ઉચ્ચ સ્થાનોમાં આ નાદ જો પહોંચે છે તો સમસ્ત વિશ્વને તે પૂર્ણ કરે જ ને?

મેઘે ભગવાનની આ ક્રિયા જોઈ ત્યારે તે ભગવાનની ઉપર જ્યાં હતો ત્યાં જ તે ઠરી ગયો. પોતાનું કાર્ય તો ભગવાને જાતે કરી દીધું છે. પરિણામે તેણે ભગવાનની સેવા કરી ભગવાનની ઉપર છત્રધરી જાણે સૃષ્ટિનું સામ્રાજ્ય આપ્યું. પોતે પણ આત્મનિવેદન કર્યુ. સૂર્યને લીધે મેઘ છત્ર ધરી શકતો નથી. તેથી શ્લોકમાં **છાયયા** પદ પૃથક્ આપ્યું છે.

— ક્રમશઃ

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હે, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

—શ્રીવ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક — શ્રીહનુમાનપ્રસાદ પોદાર

ભાષાંતર— ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

પ્રચારની જરૂરત એટલા માટે તો છે કે આ વાતોનો લોકોમાં અભાવ છે, લોકો તેનાથી વિરુદ્ધ વિચાર ધરાવે છે. વિરુદ્ધ વિચારવાળા અચાનક આજે જ કોઈ વાત માની લેશે એ સંભવ નથી, પરંતુ એ અવશ્ય સંભવ છે કે તેઓ નારાજ થઈને ક્રોધના આવેશમાં આવી જાય. યાદ રાખવું જોઈએ કે આવી સ્થિતિમાં તેમનો ક્રોધ પોતાની ઈચ્છાનુસાર કાર્યમાં બાધા પડવાને કારણે સ્વાભાવિક હોય છે, તેઓ કોઈ ખરાબ દાનતથી ક્રોધ નથી કરતા. આવી સ્થિતિમાં યોગ્ય એ છે કે પોતાની શુદ્ધ દાનતના સાચા વિચારોનો પ્રચાર કરનાર, તેમના ક્રોધનો બદલો ક્ષમા અને સુખ સાથે સહન કરીને તેમને પ્રેમ કરે, તેમના ક્રોધનો બદલો ક્ષમા અને સેવાથી આપે. તેમની ગાળો અને મારનો બદલો પરમેશ્વરને તેમના કલ્યાણ માટેની પ્રાર્થનાના રૂપમાં આપે. તે પણ ઢોંગથી કે તેમને ચિડવવા માટે નહીં, પરંતુ સાચા હૃદયથી.

જો આવું થશે તો આપણા વિચારોનો પ્રચાર થવો કોઈ મોટી વાત નથી, આજે નહીં તો કેટલાક દિવસો બાદ થશે. પરંતુ જો પ્રચારક પોતાનાથી વિરુદ્ધ રહેનાર કે બોલનારને શત્રુ સમજવા લાગશે, વિશેષ શું? તેના પર જરા સરખો પણ ક્રોધ કરશે તેના શુદ્ધ વિચારોમાં વિકૃતિ થઈ જશે, તેનું હૃદય દોષને સ્થાન આપી બેસશે. શુદ્ધ વિચારોના પ્રચારની ઈચ્છા ધીમે ધીમે પરદોષ દર્શન, પરદોષ પ્રકાશ, મિથ્યાદોષારોપણ, નિંદા, અને વિરોધી સમજીને બીજાઓને દરેક રીતે નીચું દેખાડવાની અને પાડવાની ઘૃણિત ઈચ્છાના રૂપમાં ફેરવાઈને તેના મન—વચન—કર્મને દૂષિત અને કલંકિત કરી દેશે અને પથ ભ્રષ્ટ લોકોને સુપથ પર લાવવા માટે મનમાં જ દયા ઉત્પન્ન થઈ હતી તે પથભ્રષ્ટોને વિરોધી કે વેરી સમજવાને કારણે હિંસા બનીને બંને

પક્ષને કષ્ટ અને સંતાપનું કારણ બની જશે. પછી બંને તરફની શક્તિ પર– છિદ્રાન્વેષણ ગાળા ગાળી અને પર–અપકારમાં જ વપરાવા લાગશે. ઘણી જગ્યાએ લગભગ આવું જ થયા કરે છે અને આજકાલ થઈ પણ રહ્યું છે. પોતાની છાતી પર હાથ રાખીને આપણે જાતે વિચાર કરી શકીએ છીએ.

આ પરીણામ તો અસહિષ્ણુ હોવાને કારણે ઘણી વખત શુદ્ધ દાનતવાળા કાર્યકર્તાઓની કાર્યપ્રણાલીથી થઈ જાય છે, પરંતુ જે લોકો કોઈ પોતાના સ્વાર્થ વશ સારા વિચારોના પ્રચાર કરવાનો વેશ રચે છે, તેઓ તો ઘણા જ ભયંકર જીવ છે, તેમના મારફતે સમાજ તથા દેશનું અહિત જ થાય છે. સ્વાર્થી મનુષ્ય કોઈનું હિતાહિત વિચારે છે ? તેને તો પોતાનો સ્વાર્થ પાર પાડવાથી મતલબ. તેથી શુદ્ધ દાનતવાળા પુરૂષોએ પણ સહિષ્ણુ અવશ્ય બનવું જોઈએ. તેમને ક્રોધનો તો અધિકાર જ નથી. પછી આ વાત પણ તો છે કે તેઓ જે એક વિચારને આજ પોતાના સાચા મનથી લોકોપકારી સમજે છે, સંભવ છે તેમાં તેઓ ભૂલ ખાતા હોય. વિરોધી વિચારવાળાઓની સમજણ જ યોગ્ય હોય, એ તો કોઈ કહી ન શકે કે મારાથી કોઈ ભૂલ નથી થતી. આવી અવસ્થામાં વાત વાતમાં ક્રોધ કરીને કોઈ વાત પોતાની ગાંઠે બાંધવી, આગળ પર પોતાની ભૂલ સમજમાં આવે તો પણ ભૂલનો ત્યાગ કરવામાં ઘણી અડચણ પડે છે.

— ક્રમશઃ

વેદ–વિદ્યા ભણીને ઘેર જતા યુવકને આચાર્યનો ઉપદેશ : જીવનોપયોગી સદાચાર :
પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં છે– આદર અને આત્મિયતા !
આજે કદાચ પાશ્ચાત્ય અસરોથી દેખાય છે– અનાદર અને ઔપચારિકતા !

આવા ઉદાત્ત–મંગલ–જીવન ઘડતરને લક્ષ્યમાં રાખીને, વિદ્યા ભણ્યા પછી ઘેર જતા યુવકને વેદનો ઉપદેશ અનુપમ છે. આજના પદવીદાન– સમારંભમાં જેમ તેમ ભાષણ થતાં હશે, જીવન–સંદેશ કે મંગલ–માર્ગદર્શન તો માં પ્રાયઃ નહિવત્ હશે. વેદમાં તો હૃદયંગમ– પૌષ્ટિક– જીવન પાથેય (ભાથુ) દે છે.

વિદ્યા ભણવા વેઠીઆ ન થવાય, વિદ્યાર્થી થવાય. વિદ્યા ભણીને વેદીઆ ન થવાય, વિદ્વાન થવાય. વિદ્વાનનાં વિચાર–વાણી–વર્તન વિશુદ્ધ–વિકસિત–વ્યથારહિત બને, જીવન–વ્યવહાર પ્રભુને સંતુષ્ટ કરે તેવો બને; –તેવું મંગલ– માર્ગદર્શન, વેદ–વિદ્યા ભણીને વિદાય થતા, પોતાની નિકટ રહેતા, –અંતેવાસીને આચાર્ય આપે છે.

શાસ્ત્ર–વિચાર, આચાર, પ્રચારની ત્રિવેણી, એટલે આચાર્ય ! જેનું સ્નેહથી શાસન

થઈ શકે તે,– શિષ્ય ! અજ્ઞાનનો અંધકાર દૂર કરીને, જ્ઞાનનો પ્રકાશ કરે તે,– ગુરૂ ! તન–મન–ધનથી ગુરૂ સેવા માટે નિકટ રહે તે શિષ્ય, – અંતેવાસી ! આચાર્ય– અંતેવાસીની વચમાં આત્મીયતા અને આદર હોય. ગુરૂ–શિષ્યની વચમાં સ્નેહ અને સ્વકીયતા હોય.

આજે તો અંગ્રેજી કેળવણીની પદ્ધતિના પરિપાક–રૂપે સ્કૂલ–કોલેજમાં, ભણનાર–ભણાવનાર વચ્ચે, પ્રાયઃ ઔપચારિકતા અને અનાદર અનુભવાય છે. ભારતમાં કારકુનો બનાવવા શરૂ કરવામાં આવેલી આ પદ્ધતિએ ગુરૂકુલની ગરિમાને ખોઈ નાખી છે. કલ્યાણ માટે કેળવણીને બદલે, હવે પ્રાયઃ કમાણી માટે કેળવણી દેખાય છે.

"સાચું બોલજે" – આ પ્રથમ ઉપદેશ છે. જીવનની ઈમારત સત્યના મજબૂત પાયા પર રચવાની છે. આજે તો જીવન–વ્યવહાર–ઈમારત અસત્યના અસ્થિર–પોકળ પાયા ઉપર પ્રાયઃ વિકસાવાય છે. વારંવાર તેથી તેની મરામત કર્યા કરવી પડે છે. સ્વાર્થ માટે– અસત્ય ચલાવી લેવાય છે, અસત્ય પણ અપનાવી લેવાય છે. સત્ય માટે સહન કરવાની તૈયારી નથી. આદર્શ વગરનું પામર જીવતર થઈ ગયું છે. પહેલા નેતાઓ યુવકોના આદર્શ–રૂપ હતા, આજે કદાચ અભિનેતાઓ છે ! સત્યને સહન કરવાનું સામર્થ્ય પ્રાયઃ દેખાતું નથી. સત્ય ભગવદ્ધર્મ છે. અસત્ય આસુરધર્મ છે. અસત્ય જેવો કોઈ જ અધર્મ નથી; છતાં આજે પ્રાયઃ ક્ષુદ્રસ્વાર્થ સામે સત્ય–અસત્ય ગૌણ થઈ ગયા છે.

"ધર્મ આચરજે"– શાસ્ત્રોક્ત ધર્મની સાચી સમજ પહેલાં દેવાતી, તેથી યથાર્થ સ્વધર્માચાર સંભવતો હતો. આજે દેખાદેખીથી, સાચી સમજ વગર, પ્રાયઃ ધર્માભાસ વિકસતો લાગે છે. જરૂર છે, પુનઃ સ્વધર્મને યથાર્થ– અભ્યાસથી સમજીને આચરવાની!

" સ્વાધ્યાયમાંથી પ્રમાદ ન કરીશ"– ભણી ચૂકેલાને ભણેલામાંથી પ્રમાદ ન કરવાનું કહીને ભણેલું ભૂલી ન જવા ઉપદેશ દે છે. આજનો પરીક્ષાર્થી પરીક્ષા પછી પ્રાયઃ કાંઈ યાદ રાખતો નથી. વિદ્યા જીવન–વિકાસ–પ્રકાશ માટે છે, ભૂલીને ભવમાં ભટકવા માટે નથી, વિનાશ માટે નથી.

"આચાર્યને પ્રિય ધન લાવીને (દેજે)"– વિદ્યાદાનનો બદલો ન ચુકવાય, આદરથી સેવા–રૂપે ગુરૂદક્ષિણા દેવાય. અણગમતું– અણછાજતું– અન્યાયનું કાંઈ ન દેવાય, ગુરૂ પ્રસન્ન થાય, ગુરૂને પ્રિય લાગે, તેવું યથાશક્તિ દેવાય. આ યોગ્ય ધન જાત–મહેનતથી, પિતા વગેરે પાસેથી કે રાજા (ધનવાન) વગેરે પાસેથી લાવીને દેવાય. આજે તો 'ફી' રૂપે મહેનતાણું નિશ્ચિત કરીને, માગી લેવાય છે ! પરિણામે નીતિહીન વ્યાપાર જેવી વિદ્યામાં વિકાસ નથી, પ્રકાશ નથી, કલ્યાણનો અવકાશ નથી, વિનાશ છે, તેમાં પ્રેમ વિકસતો નથી, હેમ (નાણું) સૌ શોધે છે ! તેમાં આત્મીયતા–આદર ઉદ્‌ભવતા નથી, ઔપચારિકતા–અનાદર સંભવે છે.

("પુષ્ટિ – પુલિન" માંથી સાભાર)

– ક્રમશઃ

કાવ્ય – કુંજ

(૧) શ્રીવલ્લભ દેવ હરિઃ

(હરિ હરિ તે વનનો મોરલો ગિરિધારી રે... એ લોકગીતનો ઢાળ)

પ્રભુ પ્રકટયા શ્રીવલ્લભદેવ, ચંપારણયેજી;
વ્હાલો દૈવી જીવોને કાજ, શ્રીવલ્લભ દેવ હરિ. [૧]
મા ઈલમ્માગારુજી કુખ, શ્રી વલ્લભ પ્રગટ થયા;
તાત લક્ષ્મણભટ્ટજી પુત્ર, શ્રી વલ્લભ દેવ હરિ. [૨]
સહુ વેદ પુરાણોને શાસ્ત્ર, આપ ભણ્યાં પ્રીતે;
કહે સાર શુદ્ધાદ્વૈત આપ, શ્રી વલ્લભ દેવ હરિ. (૩)
દઈ ગદ્યમંત્ર સુખ સાર, બ્રહ્મસંબંધ દીધા;
આપે અષ્ટાક્ષરનો મહામંત્ર, શ્રી વલ્લભ દેવ હરિ. (૪)
શ્રીજી યમુનાજી, વ્રજ, ગિરિરાજ; વલ્લભકુળ સમા,
રહ્યો પંચતત્ત્વોનો પંથ, શ્રી વલ્લભ દેવ હરિ. (૫)
કર્યા ચોરાશી વૈષ્ણવોને ધન્ય, નિજ સેવક સાચા;
હતા દૈવી જીવો જે દિવ્ય, શ્રી વલ્લભ દેવ હરિ. (૬)
કહી ચોરાશી બેઠકોમાં દિવ્ય, શ્રીકૃષ્ણ કથા આપે,
પ્રભુ ત્યાં તો બિરાજે નિત્ય, શ્રી વલ્લભ દેવ હરિ. (૭)
ત્રણ પૃથ્વિ પરિક્રમા ભવ્ય, ભારત વર્ષ તણી;
કરે ખૂલ્લા શ્રી ચરણે આપ, શ્રી વલ્લભ દેવ હરિ. (૮)
કોટિ–કુસુમાયુધ રૂપ લાવણ્ય, સોહે શ્રી વપુનું,
મોહે પુષ્ટિજનોનાં ચિત્ત, શ્રી વલ્લભ દેવ હરિ. (૯)
થઈ મ્લેચ્છ તણા સામ્રાજ્ય, ધર્મ તણી ગ્લાનિ;
સ્થાપે હિન્દુત્વનું ગૌરવ આપ, શ્રી વલ્લભ દેવ હરિ. (૧૦)
રૂડા સર્વોત્તમ દિવ્ય સ્વરૂપ, વૈશ્વાનર સ્વામી,
પ્રગટયા ભૂતલ ભગવાન, શ્રી વલ્લભ દેવ હરિ. (૧૧)
વ્હાલો કૃષ્ણ કમલ મુખ રૂપ; વાણીના સ્વામી,
લીધો અગ્નિકુંડે અવતાર; શ્રી વલ્લભ દેવ હરિ. (૧૨)

રચયિતા દા. દા. – જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'– જુનાગઢના જય શ્રીકૃષ્ણ.

કાવ્ય – કુંજ

(૨) કોઈ બતાવો રે વાટ વૃંદાવનની

(હરિ હરિ તે વનનો મોરલો ગિરિધારી રે... એ લોકગીતનો ઢાળ)

કોઈ બતાવો રે વાટ વૃંદાવનની,
વૃંદાવનની બાઁકે બિહારીની. કોઈ બતાવો રે.
નયન નિરખી એકલી નીકળી,
ભુલી દિશા પ્રભુ પથ જાવાની, કોઈ બતાવો રે.
કાન કુંવર મોહનિ મુરત લાગી લગન,
સુ દર્શન કરવાની. કોઈ બતાવો રે.
ભાન ભુલી આવી તો ખરી,
દહેશત રહી ગુમરાહ થવાની. કોઈ બતાવો રે.
કૃપાનાથ તારા વિશ્વાસે,
ચાલી વાટ વન ઉપવનની. કોઈ બતાવો રે.
સાંભળ બાવરી નેંહ ભાવ હૃદય ધરે,
જરૂર રહે ના ઘુમવાની. કોઈ બતાવો રે.
મમ વાસ રહે તવ હૃદય મહી,
ન પૂછ વાટ વૃંદાવનની. કોઈ બતાવો રે.
શ્રીવલ્લભ પદ પંકજ પુષ્ટિ પથ,
કીધી કૃપા પ્રભુ પદ સેવાની; કોઈ બતાવો રે.
પૂર્ણ ભાવે શરણ ગ્રહી,
કર સેવા બાઁકે બિહારીની. કોઈ બતાવો રે.
શ્રીજીચરણઅનુરાગી–શ્રીવલ્લભચરણ હૃદય ધરી,
કરવી સેવા મનમોહનની. કોઈ બતાવો રે.

– શ્રીજીચરણ અનુરાગી, અમદાવાદ.

અનુકરણીય

આ.ગ્રા.નં. ૬૩૦ શ્રીભગવાનદાસ વલ્લભદાસ પોપટ, રાજકોટ દ્વારા આજીવન લવાજમમાં સ્વૈચ્છિક સહાય રૂ. ૧૦૧/– મોકલાવી અનુકરણીય સેવા કરેલ છે.

સમાચાર

પોરબંદર ઉત્સવ ઉજવાયો

દયારામભાઈ કૃત ભક્તિપોષણ ગ્રંથનું વિમોચન.

મહાવદી ૩ ને મંગળવાર તા. ૧૬–૨–૯૯ નાં શ્રી પૂ.ગો. નિત્ય લીલાસ્થ કાકાજી શ્રીગોવિંદરાયજીનો જન્મ ઉત્સવ મનાવ્યો. ત્યાર પહેલા તો જન્મદિવસ ઉજવાતો હતો તે વખતે આપ સ્વયં બિરાજી વૈષ્ણવોને આનંદ દેતા. પરંતુ હવે પ્રત્યક્ષ રૂપે સેવકોને દર્શનનો લાભ ન મળતાં વૈષ્ણવોનાં માનસ ઉપર ઉદાસી છાઈ રહી હતી. શ્રીમદ્ પૂ.પા. શ્રીહરિરાયજી મહારાજ તેમજ કડીવાલા લાલ બાવાશ્રી દ્વારકેશ લાલજીનાં વચનામૃતોમાં આ વસ્તુ છાઈ રહી હતી. બહારગામના આપશ્રીનાં સેવકો સારા પ્રમાણમાં આવી પહોંચ્યા હતા તેવી રીતે રાજકોટથી પણ ભાવિક વૈષ્ણવો આવ્યા હતા. મંગલાથી રાજભોગ સુધી દર્શનમાં ખુબજ ભીડ રહી હતી. સાંજના વખતે ૪ થી ૬ વાગ્યા સુધી સભા, ચોકમાં ભરાણી હતી. અકડા ઠઠ વૈષ્ણવોથી જગ્યા ભરાઈ ગઈ હતી. સર્વપ્રથમ શ્રીમદનમોહનજીનાં ખાસ કીર્તનીયાજી લાલજીભાઈ ગણોદવાળાએ વધાઈ ગાઈ. ત્યારબાદ મુખિયાજી મથુરાદાસ જીવરાજ (ભક્તિપોષણનાં વિવેચક) તેમણે ગુરૂદેવને નમન કરી ભક્તિપોષણ વિશે જે રીતે આપશ્રી હરિરાયજી તરફથી આ ગ્રંથ છપાવવાની પ્રેરણા કરી જેનું આજે વિમોચન છે. તે વિશે બે શબ્દો કહ્યા. કડીવાળા લાલબાવાશ્રી દ્વારકેશલાલજીનું પ્રવચન ઘણું જ માર્મિક હતું. તેમણે પણ દયારામભાઈ વિશે પ્રવચન કર્યુ. આપનાં હાથથી જ પુસ્તકનું વિમોચન થયું. પૂ.પા.શ્રીહરિરાયજી મહારાજશ્રીએ પણ દયારામભાઈ વિશે મંતવ્ય રજુ કર્યુ. તે વખતે વિવેચક મથુરાદાસ જીવરાજ મુખિયાજીને પ્રોત્સાહન રૂપે ધોતી, ઉપરણાં, શાલ, મહાપ્રસાદ વિગેરેથી સન્માન કર્યુ. આશિર્વાદ આપ્યો તમારા હાથથી નામ સેવા બનતી રહે. આ પુસ્તકમાં દયારામભાઈએ ચાર વેદ પુરાણો, છ શાસ્ત્ર, ગીતા, ષોડશગ્રંથો, ૮૪– ૨૫૨ વૈષ્ણવો પૈકીનાં દષ્ટાંતરૂપે આપેલ છે. દરેક ઘરમાં વસાવવા લાયક છે. આમ આજ્ઞા કરી હતી. પુસ્તકો રાજકોટ પણ આપણાં પુસ્તકાલયમાંથી મળી શકશે. આ પુસ્તકમાં કુલ બાર ચિત્રો છે. તેમાનાં તો અમુક ચિત્રો તો અતિ દુર્લભ હવે તે લઈ ન શકાય તેવા છે. દયારામભાઈનું ચિત્ર મુખપૃષ્ઠ ઉપરજ છે.

તૃતિય ગૃહાધિશ પૂ.પા.ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી)ના ષષ્ઠીપૂર્તી મહોત્સવ પ્રસંગે ચંપારણ્યની યાત્રા

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના તૃતીય ગૃહ તિલકાયત પૂ.પા.ગો. ૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી નરેશ) ના ષષ્ઠીપૂર્તી મહોત્સવના મંગલ ભાગરૂપે પુષ્ટિ સંપ્રદાયના ઈતિહાસમાં પ્રથમ વખત સ્પેશ્યલ ટ્રેન દ્વારા ચંપારણ યાત્રાનો કાર્યક્રમ નિર્ધારિત કરેલ હતો. જેમાં પૂ.પા. શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી તથા પૂ.પા. શ્રીવાગીશકુમારજી, પૂ.પા. શ્રીદ્વારકેશલાલજી, પૂ.પા. શ્રીશરદકુમારજી, પૂ.પા. શ્રીરવીરાજા, પૂ.પા. શ્રીગોપાલલાલજી, પૂ.પા. શ્રીપરેશકુમારજી તથા શ્રીવહુજી બેટીજી સાથે શ્રીમહાપ્રભુજીના વિવિધ મનોરથો, કિર્તન સમાજ– પ્રવચન– વચનામૃતો આદી અનેક આનંદ મહોત્સવપૂર્વક ભગવંત્ કૃપાથી સંપન્ન થયેલ.

આ પ્રસંગે શ્રીચંપારણ્ય બેઠકજી જેમના પર બિરાજે છે તે (કાંદીવલી–અમરેલીવાળા) પૂ.પા. શ્રીદ્વારકેશબાવા તથા શ્રીરાજુબાવાશ્રી પણ ચંપારણ્ય પધારી આ મહોત્સવના આનંદમાં વૃદ્ધિ કરેલ.

તૃતિય ગૃહ કાંકરોલી યુવરાજશ્રી ગો. શ્રીવાગીશબાવાશ્રીનું "સેવાશ્રી" એવોર્ડથી બહુમાન

શુદ્ધાદ્વૈત તૃતીય ગૃહ કાંકરોલી યુવરાજ પૂ.પા.ગો. ૧૦૮ શ્રીવાગીશકુમારજી (કાંકરોલી–વડોદરા)નું મથુરા મુકામે તા. ૨૦–૨–૯૯ ના રોજ એમની પોતાની સાંપ્રદાયિક, સામાજીક તથા વિવિધ ક્ષેત્રોની સેવાઓને ધ્યાનમાં લઈને ચીફ જસ્ટીસ શ્રી એમ.એન. વેંકટચેલૈયા (નેશનલ હ્યુમન રાઈટસ ન્યુ દિલ્હી) દ્વારા "સેવાશ્રી" ના અમૂલ્ય એવોર્ડથી બહુમાન કરવામાં આવ્યું. ઉત્તરપ્રદેશના કેબીનેટ મંત્રીશ્રી શ્યામસુંદર શર્મા તથા અને ઉચ્ચ અધિકારીઓ, યુની. ચાન્સેલર વગેરે હાજર રહેલ.

શ્રી વલ્લભ–વિદ્યાપીઠ– વડોદરા

શ્રીબેઠક મંદિર – કેવડાબાગ, વડોદરા. ૩૯૦૦૦૧.

સુજ્ઞ શ્રીવલ્લભના લાડીલા ભાઈશ્રી/ બહેનશ્રી,

આપણે જે વિદ્યાપીઠમાં પુષ્ટિમાર્ગીય વિષયનો અભ્યાસ કરી રહ્યા છે. તે સૌ યુવાન ઉત્સાહી–જીજ્ઞાસુ વૈષ્ણવોને અમારું એક નમ્ર સુચન છે કે આ વર્ષ સન ૧૯૯૯ નું પુરૂ થવા આવ્યું છે. વિદ્યાપીઠનું નવું વર્ષ સને એપ્રીલ, ૧૯૯૯ થી શરૂ થશે તો નવા વર્ષમાં સર્વે યુવાન વૈષ્ણવ ભાઈ / બહેન પરીક્ષા આપવા માટે નવા વર્ષના પહેલા / બીજા / ત્રીજા વર્ષના અભ્યાસક્રમ માટેના ફોર્મ પણ ભરે અને તેને લગતી ફી પણ તે સાથે મોકલી આપે.

પોતાની સાથે અભ્યાસ કરતાં, મિત્રબંધુ કે સ્વજન જે કોઈને ઉત્કંઠા હોય – ચાહે પરદેશમાં પણ હોય તો તેમને પણ પ્રોત્સાહન આપી સમજાવી પુષ્ટિમાર્ગીય અભ્યાસક્રમની પરીક્ષા આપવા કટિબદ્ધ કરો.

હવેથી પરીક્ષાની ફીના દરો નીચે મુજબનાં જણાવ્યા છે. સને એપ્રીલ–૯૯

પ્રથમ વર્ષ શુદ્ધાદ્વૈત વિનીત (પાયાગતસ્તર)		રૂ. ૧૫૦/–
દ્વિતીય વર્ષ શુદ્ધાદ્વૈત કોવિદ (મધ્યમસ્તર)		રૂ. ૨૦૦/–
તૃતીય વર્ષ શુદ્ધાદ્વૈત પ્રવીણ (મધ્યમસ્તર)		રૂ. ૨૦૦/–
ચતુર્થ વર્ષ શુદ્ધાદ્વૈત નિપૂણ (મધ્યમસ્તર)		રૂ. ૨૦૦/–
અમેરીકા વસતા પરદેશમાં રહેતા જીજ્ઞાસુ પરીક્ષાર્થી ભાઈઓને માટે	ડોલર ૬૦	રૂ. ૨૫૦૦/–
લંડન (યુ.કે.) વસતા પરદેશમાં રહેતા જીજ્ઞાસુ પરીક્ષાર્થી ભાઈઓને માટે	પાઉન્ડ ૩૦	રૂ. ૨૫૦૦/–

આ બાબતમાં જરૂર લાગે તો પત્રવ્યવહાર ઉપરોક્ત સરનામે કરવો.

ગુજરાત સરકારને શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્ય દિનની રજા જાહેર કરવા આવેદન

લગભગ બે વર્ષથી સતત વૈષ્ણવ સૃષ્ટિ વતી વૈષ્ણવ પરિષદે હજારો પોષ્ટકાર્ડ હજારો સહીવાળા પત્રો વિગેરે દ્વારા વૈષ્ણવ સમાજની સાચી લાગણી અને ન્યાયી માગણીને ન્યાય આપવાની રજુઆત કરી છે ત્યારે શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રાકટ્ય દિન ચૈત્ર વદી–૧૧ એકાદશી, ૧૨મી એપ્રિલની જાહેર રજા આપવા વૈષ્ણવ પરિષદ આપશ્રીની સરકારને અનુરોધ કરે છે.

વૈષ્ણવ પરિષદનું ડેલીગેશન આપશ્રીને મળવા ઉત્સુક છે. તો આપ ત્વરિત મુલાકાત આપી અમોને પ્રોત્સાહિત કરશોજ. તાત્કાલિક જવાબની અપેક્ષા સહ–આભાર.

ભવદીય,
ચીમનભાઈ શેઠ (સંગઠન મંત્રી) આં.પુ.વૈ.પરિષદ

વૈષ્ણવ પરિષદના પંચસુત્રિ કાર્યક્રમો માટે પ્રચાર–પ્રવાસ

આં.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશ તરફથી પંચસુત્રી કાર્યક્રમના પ્રથમ ચરણમાં ''નવરત્નમ્'' પાઠના અભિયાન પછી તેની વિગતે માહિતિ મેળવવા અને તો ,પછી પ્રભુના નામસ્મરણ માટેના નવિન અભિગમમાં શહેર–નગર–ગામમાં પ્રવેશ કરતા યાત્રિકોનાં સ્વાગત માટે બોર્ડ મુકવાના આયોજનને સફળ બનાવવા માટે તથા વૈષ્ણવ પરિષદની સમિતિઓની રચના કરવાના શુભ આશયથી ભક્તિવર્ધિની સાથે પ્રચાર પ્રવાસનું આયોજન માર્ચના બીજા સપ્તાહમાં ગોઠવવામાં આવ્યું છે. તેમાં વૈષ્ણવ પરિષદના અગ્રણિઓ– પ્રો.ચીમનલાલ એમ. શેઠ, પ્રિ. વી.પી. પરીખ, પ્રિ. સી.પી.તલાટી, પ્રો.ગોપાલભાઈ જોડાનાર છે. એ પ્રકારે વૈષ્ણવ પરિષદની એક અખબારી યાદી જણાવે છે.

ગુજરાત વ્યાપી શ્રીવલ્લભ વકતૃત્વ– નિબંધ સ્પર્ધા

આં.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશ તરફથી અને વિભિન્ન પુષ્ટિમાર્ગીય સંસ્થાઓ–ટ્રસ્ટોના સૌજન્યથી ગુજરાત વ્યાપી શ્રીવલ્લભ વકતૃત્વ–નિબંધ સ્પર્ધાનું આયોજનના આઠમા વર્ષ માટે પ્રસ્તુત વિષયો સમગ્ર સૃષ્ટિ માટે જાહેર કરવામાં આવ્યા છે. પરિષદની શાખાઓ–પુષ્ટિમાર્ગીય સંસ્થાઓ તા. ૨૦–૫–૯૯ સુધીમાં તેના આયોજનો ગોઠવીને પ્રથમ વિજેતાઓના નામોની યાદી **સંયોજક શ્રી સી.પી. તલાટી, ૮ બી. ગાયત્રી સોસાયટી, કંજરી રોડ, હાલોલ – પંચમહાલ** ખાતે મોકલી આપવા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

વકતૃત્વ સ્પર્ધા :– જુથ–૧ ઉ. ૭ થી ૧૦ વિષય– 'મને ગમે તે પુષ્ટિ ઉત્સવ' **જુથ–૨** ઉ. ૧૧ થી ૧૭ – 'પ.ભ. નંદદાસની આસક્તિ' **જુથ–૩** ઉ. ૧૮ થી ૨૭ – 'પુષ્ટિ પ્રભુ પ્રસન્ન થાય એવું વૈષ્ણવી જીવન' **જુથ–૪** ઉ. ૨૮ થી ઉપર– 'મને ગમતો પુષ્ટિગ્રંથ'

નિબંધ સ્પર્ધા :– જુથ–૧ ઉ. ૭ થી ૧૦ વિષય– 'વ્રજભૂમિમાં કૃષ્ણના લીલાસ્થાનો' **જુથ–૨** ઉ. ૧૧ થી ૧૭– 'મને ગમંતી સેવા' **જુથ–૩** ઉ. ૧૮ થી ૨૭ – 'વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું !' **જુથ–૪** ૨૮ થી ઉપર– 'આં.પુ.વૈ.પરિષદ પૂ.પા. આચાર્યવર્યો– 'માર્ગીય વિદ્વાનો અને વૈષ્ણવ સૃષ્ટિની દષ્ટીએ'

જંત્રાલ મંડાણ નિર્માણ કાર્ય

અત્રેના મરજાદી મંદિર પાસે 'સત્સંગ હોલ'નું કાર્ય પૂર્ણ થયેલ છે. હવે હોલ પાસેની એક દુકાન બક્ષીસમાં અન બીજી વેચાણમાં મળી જતાં તે સ્થળે બહારથી પધારતા વૈષ્ણવો માટે 'મંડાણ' નું નિર્માણ કાર્ય શરૂ થયું છે. રહેવાની પ્રસાદ લેવાની અને જાતે સામગ્રી બનાવવાની હોય તો ગેસ સાથેની સુવિધા પૂરી કરવાની યોજના છે. આ માટે બે લાખનું આયોજન છે. આ કાર્ય માટે શ્રીઠાકોરજીની કૃપાથી સુખી અને સંપન્ન વૈષ્ણવોએ આર્થિક સહાય મોકલવા અધિકારીશ્રીએ અપીલ કરેલ છે. ચેક/ ડ્રાફટ જંત્રાલ મરજાદી મંદિર નામજોગ મોકલવા. પત્રવ્યવહાર તથા રકમ મોકલવાનું સરનામુંઃ રમેશચંદ્ર એમ. શાહ (અધિકારી) મુ.પો. જંત્રાલ. તા. કલોલ જી. પંચમહાલ પીન–૩૮૯૩૨૫ ફોન. (૦૨૬૭૬) ૩૨૨૦૩.

મડગાંવ–ગોવામાં પુષ્ટિમાર્ગ પ્રવૃત્તિ

અહીં ગોવા ખાતે પૂ.પૂ.ગો. શ્રીકમલેશબાવાશ્રી– મોટા મંદિર મુંબઈવાળા અહીં પધારી સર્વે વૈષ્ણવો પર કૃપા કરી તેઓશ્રીએ સેવા–સ્મરણ–કીર્તન બાબત ઉપર સુંદર રીતે વચનામૃત દ્વારા સમજાવેલ તેમજ તેઓશ્રીએ વૈષ્ણવોને શ્રીઠાકોરજી પુષ્ટાવી આપેલ તેમજ ઘણા બાળકોને બ્રહ્મસંબંધ આપેલ. ગોવામાં સૌ વૈષ્ણવોએ પાંચ દિવસ સુધી ઘણોજ લાભ લીધો અને સૌને ખુબ આનંદ થયો.

રાજનગરમાં અદ્દ્ભુત બગીચાનો મનોરથ

અમદાવાદમાં ફાગણ સુદ ૬ ને રવિવારના રોજ વૈષ્ણવોના શ્રીજીનો બગીચાનો મનોરથ ગો. શ્રી૧૦૮ શ્રીવૃજનાથજી મહોદય, શ્રીમધુસુદનલાલજી (શ્રીતિલકબાવા) શ્રીવૃજાભરણબાવા, શ્રીગોપીરાજા, અ.સૌ. શ્રીઅનંતવહુજી, અ.સૌ. શ્રીવૃજલતાબેટીજી (શ્રીરાજા બેટીજી) અ.સૌ. શ્રીસુચુરાજા, અ.સૌ. શ્રીભાવનારાજા, તથા સહકુટુંબના સાનિધ્યમાં શ્રીગોસાંઈજીના સેવ્યસ્વરૂપ શ્રીચંદ્રમાજી તેમજ શ્રીમદનમોહનલાલ અને વૈષ્ણવોના ઠાકોરજીને પધરાવીને, વિનય કમલેશ ગુરૂકુલ, ચાંચરડા વાયા થલતેજ શ્રીજયંતિભાઈ ગ્રેવીટી ક્લોકવાળાના અતિ આગ્રહથી પધાર્યા હતા. જ્યાં સૌ ગોસ્વામી બાળકોએ તથા વહુબેટીજીઓએ બહુજ આગ્રહપૂર્વક શ્રીને ખેલાવ્યા હતા અને વૈષ્ણવને આનંદીત કર્યા હતા. શ્રીજયંતિભાઈ ગ્રેવીટીવાળાનો આભાર માની વિખરાયા હતા.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્ગારો

[illegible] રૂપની સમાન કાર્યો

વળી એક દિવસે કહ્યું કે, જળભેદમાં જે ભગવદીય અમૃત સરખા છે, તે શ્રીકૃષ્ણ વિના કોઈને જોતા નથી. કાર્યને કારણ એક છે. ધર્મને ધર્મી બે નથી, એક જ રૂપ છે. કથા તે બીજી ને પ્રભુ તે બીજા એવું કંઈ છે નહિ, શ્રવણ તે પ્રભુ છે, સેવા વા કથામાં પ્રભુ વા સેવા પ્રભુના શૃંગાર ભોગ સર્વે એક સામગ્રી છે. પ્રભુ વિના કોઈ છે નહિ, પ્રભુ કહે છે, કે પ્રભુ વિના બીજું જોશે, તે મારો નહિ. વળી જાણશો કે, આ કથામાંથી પ્રભુ પ્રકટ થશે. આ સેવા કરતાં પ્રભુ પ્રકટ થશે, એ વાત ખોટી છે.

શ્રીમહાપ્રભુજીનો તો એકજ સિદ્ધાંત છે, કે કથા તે હું, સેવા તે હું,જેણે સેવા કથા કરી તે મને પામ્યો. હવે કંઈએ છે નહિં. સેવા સત્સંગ કરીને મારી પ્રાપ્તિની આશા રાખશે, તે અસુર છે, ને સેવા કરી સ્મરણ કરી કથામાં ભળી સત્સંગ કરશે, તે મને પામશે.

આ માર્ગમાં ધર્મને ધર્મી એક છે. પ્રભુ વિના કોઈ છે નહિં. પ્રભુ વિના કોઈ જોશે તે અસુર, અને મને જોશે તે મારો ભગવદીય છે. શ્રીમહાપ્રભુજી તો એમ કહે કે, કોઈ નાનું નથી, ન કોઈ મોટું નથી, સર્વ મારું રૂપ છે. તેવું મારો હશે તે જોશે. ૬૮

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ૫૦૧/– ગો.વા. દેવકોરબેન મુળજીભાઈ દાવડા મુંબઈના જય શ્રીકૃષ્ણ.
૨. ૫૦૧/– ગો.વા.અ.સૌ વજીબેન શંભુભાઈ લાખાણી અમદાવાદના ભગવત્સ્મરણ.
હસ્તે વી. એસ.લાખાણી, ડોમ્બીવલી

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ. ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

પીન.

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

કૃપા ન જ્યા મેં સો,
પ્રભુ ! દેખેં સાધન રાહ;
તુમ તો કરુનાકે નિધી,
ક્યોં ન નિવાજ્યોં નાહ. (૯)

ટીકા :

" હે શ્રીમહાપ્રભો ! જેમના હૃદયમાં કૃપા ન હોય તે સ્વામી સાધનથી વાટ જુએ, ને તમેં તો કરુણાના ભંડાર (સાગર) છો, તે કેમ મને નથી ફલીભૂત થતા ? હે સ્વામી ! સાધનની વાટ જોશો તો તમારી કૃપાલતાનેં બટ્ટો લાગશે.

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–પ.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૩૭૦૭૧.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૨ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ મે , ૧૯૯૯

વચનસુધા

શ્રીમહાપ્રભુ **"કર્મોપ્યેકસ્તસ્ય દેવસ્ય સેવા"** આમ કહી એકજ શબ્દમાં સમસ્તને સેવોપયોગી બનાવવાની વિધિ અને વિવેક સમજાવે છે. આપણા સમાજમાં આજે આ બાબતમાં વિચાર કરવાની આવશ્યકતા છે. આપણા સદાચારની વૈદિક અને આર્ષ પરંપરા (સમજવા) માટે ભક્તજનોએ દ્રવ્ય શુદ્ધિનો અનુવાદ વાંચવો જોઈએ અને સર્વનિર્ણય પ્રકરણની વિવેચના સાથે, નિત્યસેવા વિધિ અને લીલાના ચિંતન થકી શાસ્ત્રની વ્યવસ્થા સમજવાની જરૂર છે.

(નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૧ પૃષ્ઠ ૨૨૭)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દૃઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

વૈશાખ વદ ૧૦ તા. ૧૧—૫—૯૯ મંગળવાર : ગો. શ્રીચંદ્રગોપાલજી બાવાશ્રી (પોરબંદર)નો જન્મદિન.
વૈશાખ વદ ૧૧ તા. ૧૨—૫—૯૯ બુધવાર : અપરા એકાદશી વ્રત. ગો. શ્રીવ્રજરમણલાલજી (મથુરા)નો જન્મદિન. (બારસનો ક્ષય હોવાથી આજે)
વૈશાખ વદ ૧૩ તા. ૧૩—૫—૯૯ ગુરૂવાર : ગો. ચિ. શ્રીવ્રજાભરણજી બાવાશ્રી (કાંકરોલી—વડોદરા)નો જન્મદિન.
વૈશાખ વદ ૧૪ તા. ૧૪—૫—૯૯ શુક્રવાર : ગો. શ્રીગોવિંદરાયજી બાવાશ્રી (મુંબઈ—મદ્રાસ)નો જન્મદિન.
સંવત ૨૦૫૫ અધિક જેઠ માસ તા. ૧૬—૫—૯૯ રવિવારથી પ્રારંભ. (પુરૂષોત્તમ માસ)
અધિક જેઠ સુદ ૧૧ તા. ૨૫—૫—૯૯ પદ્મિની એકાદશી વ્રત.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૬૯. ઘરમાં પણ પ્રભુ પ્રેમથી મળે.

વળી એક દિવસ કહ્યું કે, આ ઘરમાં કોઈને પ્રભુ પ્રસન્ન થયા નથી, ને થાય પણ નહિ, પણ ઘરમાં રહે, ને પોતાના પ્રભુ વહાલામાં વહાલા થાય તો બારણે ગયો હોય (સંન્યાસી કે વિરક્ત) તેનાથી આ ઘરમાં રહે તે મોટો છે. વહાલા થયાનું લક્ષણ શું ?

જે આપણી વહાલામાં વહાલી ચીજ હોય તે પ્રભુ ઉપર વારી નાંખીએ. પોતાના મનને પોતાનો આત્મા સર્વે પ્રભુને સમર્પીએ. તેમ આ જે દ્રવ્ય, ઘર, સ્ત્રી, છોકરાં સર્વ સમર્પીને પ્રભુની સેવા કરીએ અને કપટ મૂકીને કરીએ, તો ઘરમાં પણ પ્રભુને પામીએ. પ્રભુ વહાલા થવાનો મેળ છે. ૬૯.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ હ. ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી—મુંબઈ)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૮ અંક : ૧ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ☐ એપ્રિલ, ૧૯૯૯

॥શ્રી હરિઃ ॥

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

અપરાધ એકવીસમો : " જબ જેસી ઋતુ હોય તબ તેસો ભોગ ધરેં "

શ્રીઠાકોરજીને ભોગ ધરવામાં સામગ્રી, સર્વે ઋતુ અનુસાર કરવી જોઈએ, જેમકે શિતકાળ (શિયાળા)માં, બલવર્ધક, કેશર, કસ્તુરી, તેજાનાયુક્ત અનસખડી સામગ્રી, સખડીમાં વડાં, બાટી, બેંગણના શાક, ઓળો વગેરે. તેમ ઉષ્ણકાળમાં પણા, શીખંડ, દહીંભાત જેવી સામગ્રીઓ ધરવી. આથી વિપરીત શિયાળામાં ઠંડી પ્રકૃતીની તેમ ઉનાળામાં ગરમ પ્રકૃતીની વસ્તુ ધરવાથી અપરાધ લાગે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

પંચપદ્યાનિ

શ્રીહરિરાયજી કૃત વિવરણ

ભાષાંતર– પ.ભ. શ્રીબાબુભાઈ પી. નાયક – કડી.

—ગતાંકથી ચાલુ

તેમે તો પુરુષાર્થમાં જ નિષ્ઠા હોય છે. તેથી તે કથા—શ્રવણનો મધ્યમ અધિકારી નથી; પણ તેને ભગવાનમાં જ પૂર્ણ નિષ્ઠા હોવાથી તે ઉત્તમ શ્રોતા છે. આવી જ નિષ્ઠા પુષ્ટિમાર્ગીય ભક્તોમાં પણ હોય છે. તેથી તેઓમાં કોઈ ભિન્નતા ઉભી થતી નથી. અહીં શંકા થાય કે આવા પુષ્ટિમાર્ગીય ભક્તો કોઈ સમયે જ પૂર્ણ અર્થવાળા હોય છે. કંઈ હંમેશા તેવા પૂર્ણ નિષ્ઠાવાળા હોતા નથી. (**પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ કદાચિત્ ન તુ સર્વદા**) એટલે જ્યારે તેમનામાં (હીન શ્રોતાઓમાં) એવી ભાવના જાગે તે સમયે અથવા તો જ્યારે તેઓ ભગવાનના ગુણો સાંભળતા હોય તે વખતે અથવા તેમના મનનો નિરોધ થયો હોય ત્યારેજ તેમનામાં ભગવદાવેશ આવે છે. કંઈ હંમેશા તેમનામાં ભગવદ આવેશ રહેતો નથી, પણ પુષ્ટિમાર્ગીય ભક્તમાં તો નિત્ય ભગવદાવેશ રહે છે.

તેથી શ્રીશુકદેવજી વગેરેને પણ હંમેશા કંઈ ભગવદ્લીલાનો આવેશ રહેતો નથી. ઘણી વખતે તેમનું મન બીજે ઠેકાણે પણ જાય છે. જો તેમને હંમેશા ભગવદ્લીલાનું જ અનુસંધાન રહે તોજ તેમનામાં સર્વદા ભગવદ આવેશ રહે. (દશમ સ્કંધમાં કહ્યું છે કે) નંદરાયજી વગેરે મથુરાથી વ્રજ ગયા. એટલે કે તેઓ વ્રજમાં ગયા ખરા, પણ વ્રજના ભાવથી ભરેલા નહિ રહેલા હોવાથી 'ગયા' એમ કહ્યું છે. 'આવ્યા' એમ નથી કહ્યું. એટલે શ્રીશુકદેવજી પોતે 'લીલાસ્થાન વ્રજથી જુદા રહ્યા' કહે છે. તેથી તેમને ભગવદ્લીલાનું હંમેશા અનુસંધાન નથી. એમ સિદ્ધ થાય છે. જ્યારે પુષ્ટિમાર્ગીય ભક્તનો ભાવ તો હંમેશા એકસરખો જ રહે છે. (ભગવાન શ્રીકૃષ્ણ આવા ભાવની વાત અગિયારમાં સ્કંધમાં ઉદ્ધવજી પ્રતિ કહે છે.)

તા નાવિદન્મય્યનુષંગ બદ્ધધિયઃ સ્વમાત્માનમદસ્તથેદમ્।
યથા સમાધૌ મુનયોડબ્ધિતોયે નદ્યઃ પ્રવિષ્ટાઃ ઈવ નામરૂપે ॥

જેમ નદીઓ સમુદ્રમાં જ્યારે મળી જાય છે ત્યારે તેમનાં નામ અને રૂપ જુદા રહેતાં નથી તેમ સમાધિમાં મુનિઓનું ચિત્ત ભગવાનમાં તલ્લીન થવાથી તેઓ બીજું કંઈ જ જાણતા નથી. આ રીતે મારામાં સ્નેહ વડે જેની બુદ્ધિ બંધાયેલી છે એવાં ગોપીજનોએ પોતાનાં સ્વરૂપને, આ લોકને તથા પરલોકને જાણ્યો નથી.

આમ શ્રીમહાપ્રભુજી નદીઓનાં જળનું દૃષ્ટાંત આપીને પુષ્ટિમાર્ગીય ભક્તના ભાવનું સ્વરૂપ સમજાવે છે. સમુદ્રમાં મળેલી નદીઓ સમુદ્રથી જુદી પડીને કોઈ દિવસ પોતાના મૂળ સ્વરૂપને પ્રાપ્ત થતી નથી. પોતાના સ્વરૂપથી રહેવા છતાં (નદીઓ સમુદ્રને મળે છે તે કારણે

ઘણે દૂર સુધી તેમનું જળ મીઠું જ રહે છે, છતાં તે સમુદ્રથી જુદી રહેતી નથી.) તેઓ જુદી દેખાતી નથી.

તેવી રીતે પુષ્ટિમાર્ગીય ભક્તોમાં ભગવાન સિવાય બીજું કોઈ સ્ફુરણ હોતું જ નથી. અથવા તેમનામાં ભગવદપણું જ રહેલું હોય છે. શ્રીહરિરાયજી પુષ્ટિમાર્ગીય ભક્ત માટે **ભગવદીયત્વં** અને **ભગવન્ત્વં** બે શબ્દો વાપરે છે; કારણ કે નદી જેમ સમુદ્ર સાથે એકાકાર બની જાય છે, તેમ પુષ્ટિમાર્ગીય ભક્ત પણ ભગવાનમાં ઓતપ્રોત બની જાય છે. તે ભગવાન સાથે એકાકાર થઈ જાય છે.

જ્યારે પુષ્ટિમર્યાદામાર્ગીય ભક્ત તો જ્યારે કથા–શ્રવણ કરતો હોય ત્યારે જ તેનામાં ભગવદીયપણું આવે છે. આમ, પુષ્ટિમાર્ગીય અને પુષ્ટિમર્યાદામાર્ગીય ભક્તમાં ઘણી ભિન્નતા છે. કથા–શ્રવણ વખતે પુષ્ટિમર્યાદામાર્ગીય ભક્તને બહારનું જ્ઞાન રહેતું નથી. તેવે સમયે પુષ્ટિમર્યાદામાર્ગીય ભક્તમાં ઉત્તમપણું જણાય છે. આવા પુષ્ટિમર્યાદામાર્ગીય ભક્તને કથા–શ્રવણ કરતી વખતે બહારનું જ્ઞાન જો રહેતું હોય તો તેવો શ્રોતા કેવો ગણાય તેનું વર્ણન કરતાં પહેલાં શ્રીહરિરાયજી પુષ્ટિમાર્ગીય શ્રોતા કેવો હોય તેનું વચ્ચે નિરૂપણ કરે છે. **(અન્યાસક્તાઃ તુ યે કેચિત્ અધમાઃ પરિકીર્તિતાઃ)** કેટલાક શ્રોતાઓ જે બીજામાં આસક્તિવાળા હોય છે તેઓ અધમ શ્રોતા છે.

કેટલાક પુષ્ટિમાર્ગીય શ્રોતાઓ બ્રાહ્મણપણાથી કે શુદ્રપણાથી ઉત્તમપણાને કે હીનપણાને પ્રાપ્ત થયેલા છે; કારણ કે તેઓની આસક્તિ ઘર, દેહસંબંધીઓ, મિત્રો વગેરેમાં ચોંટેલી હોય છે. તેઓ તો ફક્ત આજીવિકા પ્રાપ્ત કરવા માટે, લોકોને ભગવદ્ગુણો કહેવા ભગવાનના ગુણો શ્રવણ કરે છે. આવા શ્રોતાઓ 'જલભેદમાં' કહેલ ખેતરમાં ગયેલ નહેરમાંના જળ જેવા શ્રોતા છે. આવા શ્રોતાઓને અધમ શ્રોતા ગણ્યાં છે. મૂળ શ્લોકમાં 'તુ' શબ્દ વાપર્યો છે. એટલે શ્રોતાઓ ભગવાનના હેતુ માટે ઘર, દેહસંબંધીઓમાં આસક્ત હોય છે તેમને તો પુષ્ટિમાર્ગીય મોક્ષનો અનુભવ થાય છે. આ કારણે તેઓને ઉત્તમ શ્રોતાપણું પ્રાપ્ત થાય છે. ૪

આ પ્રમાણે વચ્ચે અધમ શ્રોતાનું નિરૂપણ કરી ફરીથી જે શ્રોતાને બહારનું અનુસંધાન રહેવાને કારણે ઉત્તમતા પ્રાપ્ત થઈ છે તેવા મર્યાદામાર્ગીય ઉત્તમ શ્રોતાનું વર્ણન કરે છે.

અનન્યમનસો મર્ત્યા, ઉત્તમાઃ શ્રવણાદિષુ ।
દેશકાલદ્રવ્યકર્તૃ, મંત્ર કર્મ પ્રકારતઃ ॥ ૫ ॥

શબ્દાર્થ : અનન્યમનસઃ – અનન્ય મનવાળા; મર્ત્યાઃ – માણસો; ઉત્તમાઃ – ઉત્તમ; શ્રવણાદિષુ– શ્રવણાદિ ભક્તિમાં; દેશ – કાલ–દ્રવ્ય–કર્તૃ–મંત્ર–કર્મ = દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર, અને કર્મ; પ્રકારતઃ – પ્રકારથી.

ભાવાર્થ : દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર, અને કર્મ વગેરે પ્રકારથી શ્રવણાદિ ભક્તિમાં જે માણસો અનન્ય મનવાળા હોય છે, તે ઉત્તમ પ્રકારના (મર્યાદામાર્ગના) શ્રોતા ગણાય છે.

વિવરણ : શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે ઉપરના શ્લોક ચોથામાં મધ્યમ અધિકારવાળા શ્રોતાનું નિરૂપણ કરીને હવે બહારની જ્ઞાનદશાવાળા કે જેમને ભગવાન સિવાય બીજો ભાવ નથી એવા મનવાળા શ્રોતા શ્રવણાદિક ભક્તિમાં ઉત્તમ છે. બહારના જ્ઞાનની દશામાં પણ ભગવાન સિવાય જેના મનમાં બીજો ભાવ નથી તેવા શ્રોતાઓ પણ હોય છે. તો ભીતરી જ્ઞાનવાળામાં અને

બાહ્યજ્ઞાનવાળા શ્રોતાઓમાં ભેદ શો ? એવી શંકાના સમાધાનમાં કહે છે કે જે શ્રોતાનું ચિત્ત ભગવાનમાં અનન્ય છે તેમને ભીતરી સંવેદન હોવાથી દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મમાં પણ ભગવાનનાં ભાવનું સ્ફુરણ થાય છે; પણ દેશ, કાળ, વગેરેને કારણે તેમને કંઈ ભગવાનનું સ્ફુરણ થતું નથી. તેમનું અંતઃકરણ તો ભગવદ્ભાવથી ભરેલું જ હોય છે. તેથી સર્વ સ્થળેથી તેમના આવરણનો તો નાશ થતો હોય છે.

બહારની વસ્તુઓ તરફ જ્ઞાનદષ્ટિ હોય ત્યારે તો દેશ, કાળ વગેરે અંતઃકરણમાં સ્ફુરે છે, તે વખતે તેમને ભગવદ્ધર્મ સ્ફુરે છે. તેમાં તે શ્રોતાઓને ફક્ત ભાવનાથી જ ભગવદ્બુદ્ધિ થાય છે. આમ ભીતરી જ્ઞાનદષ્ટિ અને બાહ્યજ્ઞાનદષ્ટિનો આટલો ભેદ છે. ત્યાં શંકા થાય કે ભીતરી જ્ઞાનદષ્ટિ હોય ત્યારે ભગવદ્પણાથી દેશ, કાળ વગેરેમાં પણ ભગવદ્દષ્ટિ સ્ફુરે. જ્યારે બાહ્ય જ્ઞાનદષ્ટિ હોય ત્યારે દેશ, કાળ વગેરેમાં ભગવદ્ભાવ ન સ્ફુરે. વિચાર થાય કે આમ થવાનું કારણ શું હોયે? તે સમજાવે છે.

બાહ્ય જ્ઞાનદષ્ટિવાળાને ભગવાન સિવાય બીજા અન્ય સ્ફુરણો પણ સ્ફુરે છે. તેથી તેમને 'મર્ત્ય' માણસ કહ્યા છે. જ્યારે ભીતરી જ્ઞાન દષ્ટિવાળાને તો ભગવદ્ ભક્તિ જ હોય છે. **(ભગવદ્રૂપાઃ)** ને શ્રોતાઓ ભગવાનના જેવા રૂપવાળા હોય છે. ભગવદભાવને કારણે તેમનું અંતઃકરણ ભગવદ્રૂપ બની ગયું હોય છે. તેથી તેમને બધામાં ભગવદપણું જ સ્ફુરે છે. તે સિવાય બીજું કોઈ સ્ફુરણ થતું જ નથી. બાહ્ય જ્ઞાનદષ્ટિવાળા શ્રોતાને 'મર્ત્ય' મનુષ્ય—માણસ કહ્યા છે, કારણ કે તેમને બીજું સ્ફુરણ પણ હોય છે. તેમનામાં દેશ,કાળ વગેરેની શાસ્ત્રોથી આવેલી ભગવદ્બુદ્ધિ હોય છે. જેઓ દેશ, કાળ, વગેરેને કારણે પણ કથા—શ્રવણમાં, કીર્તનમાં અનન્ય મનવાળા હોય છે તેઓ મર્યાદામાર્ગમાં ઉત્તમ શ્રોતા છે.

અંતમાં શ્રીહરિરાયજી બે શ્લોક લખી પૂર્ણાહુતિ કરે છે.

ભાવવતસ્તદ્ભાવાન્ નિરૂપ્ય પૂર્વં તતો ભક્તાઃ ।
માર્ગદ્વયેન ચોક્તાઃ શ્રોતારઃ શ્રીમદાચાર્યૈઃ ।।૧।।
આચાર્યા નિજકરુણામાત્રાઃ કુર્વન્તુ સંતુષ્ટાઃ ।
નામ્ના માં હરિદાસં રૂપેણાપિ સ્વતઃ પ્રભવઃ ।।૨।।

ઈતિ શ્રીહરિદાસીયં શ્રોતૃચાતુર્વિધ્યકથને નિજાચાર્યશ્લોક પંચક વિવરણં સંપૂર્ણમ્ ।।

શ્રીમહાપ્રભુજીએ પ્રથમ ભાવવાળાના ભાવનું વર્ણન કરી, પછી પુષ્ટિ અને મર્યાદા એમ બે માર્ગથી શ્રોતાઓનું નિરૂપણ કર્યું છે.—૧.

કેવળ પોતાની દયા વડે જ પ્રસન્ન થયેલા શ્રીઆચાર્ય મહાપ્રભુજી નામથી હરિદાસ એવા મને તેના રૂપથી પણ પ્રભુનો દાસ કરો. તેથી મારા હરિદાસ નામની સાર્થકતા થાય.—૨.

આમ શ્રીમહાપ્રભુજી રચિત પાંચ શ્લોકનુંવિવરણ (શ્રીહરિદાસ) શ્રીહરિરાયજી સંપૂર્ણ કરે છે.

* * *

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

સંત સેવે નારદ થયા, જુઓ દાસી સુત હરિજન
તે સુર ઋષિનાં સંગથી, ટળી વ્યાસના ઉરની અગન
અગન મટી, સમજાવ્યો મર્મ, શ્રીભાગવત રચ્યું છીડીને કર્મ;
ક્લેશ ટળે કરે પ્રભુજન પ્રિત, દુભવેથી શાન્તે સુક્તિ
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૬૦)

વિવેચન : આ ચંદ્રાવલામાં ભગવત ભક્તનાં સંગનું મહત્વ બતાવ્યું છે. તેમાં મુખ્ય નારદમુનિ જેઓ દાસ સુત હતા પરંતુ ભક્તિનો મર્મ જાણવાવાળા હોવાથી વ્યાસમુનિ જેવાને બીજું કર્મ છોડીને ભાગવતની રચના કરવા પ્રેરણા મળી ભક્તને દુભવવાથી પોતાનું સુક્ત ધૂળમાં મળે છે. અને ભક્તથી પ્રિત કરવાથી તાપ સંતાપ દુર થઈને શાન્તિ મળે છે.

શ્રી. ભા. ૭ સ્કંધ ૧૫ મો અધ્યાય ૭૩ મો શ્લોક

તાવ દાષ્યામહંજજ્ઞે સતતં બ્રહ્મ વાદિનામ્
શુશ્રુષયાનુષંગેણ પ્રાપ્તાહિં બ્રહ્મ પુત્રતામ્

પૂર્વે મહાત્માઓનું અપમાન કરવાથી હું તુરત જ દાસીને પેટે અવતર્યો પરંતુ તે અવતારમાં પણ વેદવાદી પરમહંસોની સેવા કરવાથી તેમજ તેમનાં સંગનો લાભ મળવાથી ત્રીજા અવતારમાં બ્રાહ્મણનો પુત્ર થઈ અવતર્યો છું.

નારદ મુનિનાં માતુશ્રીયે સંતોની સેવા કરી હતી. સંતો ભક્તિ કરતા તે સેવાનાં પ્રતાપ બળથી નારદ જેવા પુત્રની પ્રાપ્તિ થઈ. સંત સેવાનો પ્રતાપ બળ મોટો છે. નારદજી એવા મહાન થયા કે વેદવ્યાસજી જેવા પરમ જ્ઞાનીનાં મનને તેમણે શાંતિ અપાવી. દુઃખનું નિવારણ થયું. ભક્તોથી પ્રીત રાખવાથી દુઃખ દુર થાય છે અને ભક્તને ત્રાસ આપવાથી પૂન્યનો ક્ષય થાય છે. પૂન્ય પરવારે પાપ જ વધ્યું અને તે પાપથી અધોગતી થાય તેમાં કેવાનું શું ?

વ્યાસમુનિએ સત્તર પુરાણોની રચના કરી હતી પરંતુ તેમનાં મનને ક્યાંય શાંતિ મળી નહીં ત્યારે મુંઝાયા કે હવે મને શાંતિ કેમ મળે. હું કોની પાસે જાઉં. તેવામાં નારદ મુનિનો સંગ થયો. નારદ મુનિએ બ્રહ્માજી પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરેલું હતું તે તેમણે વ્યાસમુનિને સંભળાવ્યું. આ જ્ઞાન તેજ શ્રીમદ્ ભાગવત. તે જ્ઞાન પ્રાપ્ત કરીને વ્યાસજીએ શ્રીમદ્ ભાગવતની રચના કરી ત્યારપછી જ તેમને શાંતિ મળી. આમ નારદ જેવા ભક્તનો સંગ મહાન ઉપયોગી થયો.

ભાગવતમાં પ્રભુની લીલાનું ગુણાનુવાદ છે. બીજા અનેક વિષયો છે. સૃષ્ટિની ઉત્ત્પત્તિ, સ્થિતિ, પ્રલય, ભંવાટવીનું વર્ણન. સાથોસાથ ભગવદ ૨૪ અવતારોની કથા તેમજ ભક્તોનું

ગુણગાન છે. જેમકે ધ્રુવ, પ્રહલાદ, અંબરીષ વિગેરેનાં આખ્યાનો ભક્તિ તરફ દોરે છે. દશમ સ્કંધ પુરો. શ્રીકૃષ્ણ ચરિત્રમય છે. તેમાં પણ તત્ત્વમાં તત્ત્વરૂપ ગોકુળ નિવાસની લીલા સર્વોપરી છે. વૃજલીલામાં ભક્તાધિન થઈ પ્રભુની લીલાઓનું સ્મરણ છે. શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીજી ગ્રંથની રચના કરી ગુઢ અર્થ પ્રકાશ કર્યો છે. વળી, સુબોધિનીજી ઉપર શ્રીગુસાંઈજીએ ટીપણીજીની રચના કરી છે. આવા મહાન પુરાણની રચનામાં મુખ્ય પાત્ર નારદમુનિ કારણભૂત છે.

નારદમુનિ કહે છે. શ્રી.ભા. સપ્તમસ્કંધ અ.૧૫ મો શ્લોક

હું પોતે પૂર્વે ગયા મહાકલ્પમાં ઉપબર્હણ નામનો ગંધર્વ હતો. મારું રૂપ સુંદર હતું. કોમળતા, મધુરતા અને સુગંધીપણાને લીધે મારો દેખાવ સર્વને પ્રિય હતો. તેમાં પણ સ્ત્રીઓનો તો હું અતિપ્રિય હતો. હું મદોન્મત હાથી સમાન વૃત્તિવાળો કામલંપટ હતો. એકવાર દેવોનાં યજ્ઞમાં શ્રીહરિનું યશોગાન કરવા પ્રજાપતિયે ગંધર્વો અને અપ્સરાઓને બોલાવેલા હતા પરંતુ મારા મદથી હું ત્યાં ગયો ત્યારે સ્ત્રીઓની સાથે મદમાતા ગીત ગાતો હતો. મને શ્રીહરિનું ગુણગાન કરવા તેડાવ્યો તેની મેં અવગણના કરી. આવું મારું વર્તન જોઈને પ્રજાપતિઓએ મને શ્રાપ આપ્યો કે તું તારી સંપત્તિથી રહિત થઈ શુદ્ર થા. તારા રૂપ ગુણનું તને અભિમાન આવ્યું છે. તે શ્રાપથી હું શુદ્ર થયો.

પરંતુ મારી માતા સંતોની સેવા કરતી હતી. તેમજ મેં પણ ત્યાં બ્રહ્મવાદી પરમહંસોની સેવા કરી તેમનાં સંગથી હું બ્રહ્માના પુત્રપણાને પામ્યો. મારા બધા અપરાધોનું નિવારણ સંતોની સેવા કરવાથી થયું.

અહીં તત્ત્વ સમજાય છે કે દુઃખ નિવારણ માટે અને અપરાધોનાં નિવારણ માટે સંતો, ભક્તોની સેવા કરવી અને તેમનાં સંગનો લાભ લેવો ભક્તોને દુભાવવા નહીં. આ સાર નીકળે છે.
ભક્તનાં સંગથી પાપકર્મવાળા પણ ભક્ત બને છે. જુઓ ૨૫૨ વાર્તા ૪૪મી.

એક વૈશ્યા નૃત્ય ગાન કરતી હતી તે વખતે સાઠોદરા વૈષ્ણવ ત્યાંથી નિકળ્યા. આ વૈશ્યાનું નૃત્ય, તાલ, સ્વર, બંધાન બધી રીતથી સુંદર હતું. ત્યારે તેમને વિચાર આવ્યો કે આવું સુંદર નૃત્ય પ્રભુની સામે થાય તો કેવું સારૂં. ગુણકળા આ તો બધું પ્રભુને રીઝવવા માટે છે. અત્રે તેનો દુરઉપયોગ થાય છે. અને આ બાઈ જીંદગીભર પાપકર્મમાં જ વ્યતિત કરશે. આમ વિચાર કરી તેનાં સાથી સાથે ઠરાવ કરી એક રાત્રી માટે તેનાં ઘેર લાવ્યા. તેને નવરાવી સારા વસ્ત્રો આભુષણોથી સુસજ્જ કરી તેનાં કાનમાં શરણમંત્ર દીધો. ત્યારપછી શ્રીઠાકુરજીની સન્મુખમાં તેને નૃત્યગાન કરવા લગાડી. આ નૃત્યથી પ્રભુ પ્રસન્ન થયા અને સાઠોદરા વૈષ્ણવની ભાવનાને પૂર્ણ કરવા તેને સંસ્કૃત બોલવું તેમજ શુદ્ધ ભક્તિભાવનું દાન કર્યું. તેથી તે વૈશ્યા પરમ ભક્ત બની ગઈ. તેનાં ઘરે પાછી ગઈ નહીં. જીંદગીભર વૈષ્ણવનાં સંગમાં જ રહી આમ ભક્તનો સંગ જીવનનો પલટો કરીને ભક્તિબીજ રોપી દે છે.

માટેજ કવિશ્રી કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૬૨

જયતિ જય ભાનુજા જયતિ જગ વંદની
જયતિ ઘનશ્યામ પિય પાટ રાની;
આદિ અલ્હાદ વર શકિત સર્વેશ્વરી
સત્ય સર્વજ્ઞ આનંદ દાની. ૧
લલિત વપુ સલલિતા કરન બ્રહ્માંડ સુચિ
વેદ વિખ્યાત યોં વદતિ બાની;
દેવ ગંધર્વ મુનિ સિદ્ધિ રાજીવ સુત
પુલિન રજ કામધુક શીશ આની. ૨
તરુણ વર પ્રચુર લૈ સંગ ગોપાલ કોં
કરત જલ કેલિ યહ વાત છાની;
પરમ સૌંદર્ય અદ્ભુત અનૂપ જહાં
શ્યામ અવછિન્ન તહાં રાજધાની. ૩
પ્રેમરસ ભક્તિ કલ પુષ્ટિ જો શુદ્ધ એક
નિરત પ્રદ જનનિ નિજ શરણ જાની; ૪
દીન જન ‘બલ્લભી’ શીશ પૈ સાધ્વી
ધરૌ કરિ દયા બલિ અભય પાની. ૫

ભાવાર્થ : હે સૂર્યપુત્રી આપનો જય હો, જય હો. જગત જેને વંદન કરે છે એવા આપશ્રી ઘનશ્યામની પટરાણી આપનો જય હો. અગાધ શક્તિશાળી સદા પ્રસન્ન ચિત્તે બિરાજમાન તે શક્તિથી અનેકોનો ઉદ્ધાર કરવાવાળી જીવને સન્માર્ગે લગાડવા સાચી વસ્તુજ પ્રદાન કરવાવાળી, સર્વ વસ્તુ જાણવાવાળી, આનંદની દાતા એવા શ્રીમહારાણીમાં બ્રહ્માંડમાં સુંદરરૂપ જે શ્યામઘન છે. તે રૂપને ધારણ કરવાવાળી, આપને કિનારે વૃક્ષલતાથી શોભા પ્રાપ્ત કરવાવાળી, જેની કીર્તિ બધી જગે પ્રખ્યાત છે. આપના પરિકરની શોભારૂપ હોઈ, દેવો, ગંધર્વો, મુનિઓ, સિદ્ધો વગેરે ગુણગાન કરતા થાકતા નથી. શોભારૂપ કમલોની સુંદરતાનું યશોગાન બ્રહ્માજી કરે છે. તેમજ કામધેનુ સમાન રેતી કોમળ ચમકીલીનું વર્ણન કરીને નત મસ્તક બને છે.

આપના જળમાં ઉઠતી તરંગો ભાવ પ્રદર્શિત કરે છે કે માનો પિયાસંગ કેલી આનંદની ઉછળતી લહેરો તે પ્રિયસંગની ગુપ્ત વાત કરી રહી છે. આપનું સૌંદર્ય અતિ અનુપમ સુંદર છે. પ્રાણેશ સદા આપની પાસે જ બિરાજમાન રહે છે. પટમાં ઉઠતી તરંગો મધુર અવાજથી પુષ્ટિ ભક્તિનું યશોગાન કરે છે. તે વિશુદ્ધ ભક્તિરસ પુષ્ટિ ફળદેવાવાળું છે. જે જન આપની શરણમાં આવે તેને તે રસનું દાન કરો છો. અને અભય પદ આપો છો. વલ્લભી દાસી આપની વિનતિ કરે છે કે આપનો શ્રીહસ્ત મારા શિર પર ધારણ કરવાની દયા કરો તો જ હું અભયપદ પામું. ૬૨.

શ્રી યુગલગીત

—ગતાંકથી ચાલુ

સ્વામિનીઓના એ મંડળમાં જસોદામાં લાલાના ગુણગાન સાંભળવા આવીને બેઠાં છે એક સ્વામિનીએ પછી વેણુનાદથી જ્ઞાનીઓના સંદેહને માટે ભગવાનના વેણુનાદનું વર્ણન કરતાં કહ્યું– 'હે,યશોદામાં ! વાસ્તવામાં તો યશોદાને **સતિ** કહ્યાં છે. હે સતિ ! તારા લાલાની આ લીલા તો જો. પુત્રની લીલા જોવાની માતાની ઈચ્છા તો હોય જ. પણ આ તો બ્રહ્માને પણ ન સમજાય. બ્રહ્મા પણ વિચારમાં પડી જાય એવી લીલા—નાદલીલા છે. લોકમાં અલૌકિક પ્રકાર ઉત્પન્ન થાય તો તે સંદેહજનક પ્રતીત થાય. જે રૂપનું વર્ણન વેદમાં ન હોય તે રૂપ ઈશ્વરમાં ન હોય એવું મનાય અને બ્રહ્મા તો સર્વ વિદ્યાસ્થાનોના જ્ઞાતા છે. અતઃ એમને સંદેહ થાય એ વાત સમજમાં એકદમ તો ન જ આવે. પણ સમાધાન છે કે **વેણુવાદ્ય ઉરુધા નિજ શિક્ષા**– ભગવાન જે પ્રકારથી વેણુનાદ કરે છે એ તો **નિજ શિક્ષા.** વેણુવાદ્યમાં અનેક રીતે પોતેજ શીખવેલ અનેક નૂતન સ્વરજાતિને પ્રકટ કરે છે. બ્રહ્માને જે પ્રકારથી અજ્ઞાત છે એવો આ પ્રકાર છે. નાદ બ્રહ્મ નિત્ય છે. એ નાદ બ્રહ્મની અભિવ્યક્તિનું સમાધાન તો ક્રિયાશક્તિ છે, અને તે અલૌકિક છે. વિવિધ **ગોપ ચરણેષુ વિદગ્ધ**– ગોપોના વિવિધ સંચારોમાં ભગવાન વિદગ્ધ છે. ગોપ સંચાર લૌકિક જ હોય, વેદોક્ત ન હોય. અન્યોન્ય બ્રહ્માંડોમાં પણ તે અનેક પ્રકારે હોઈ શકે. બ્રહ્માને આવી બધી વાતની જાણ ન હોય પણ ભગવાન તો બધુંજ જાણે. ગોપી યશોદાને કહે છે **તવસુતઃ**– તમારો લાલો છે. છતાં એની લીલાનો તમને ખ્યાલ નથી. એની લીલાનો તો પાર નથી. યશોદા માતા છે. એટલે કામાદિની વાર્તા ન કરતાં અનિષિદ્ધ ઉત્કર્ષનું જ નિરૂપણ કરે છે. કહે છે કે તમે મનથી પણ કલ્પના ન કરી શકો તેવું અશક્ય તમારો સુત તો કરે છે. એમાં તો બ્રહ્માની ગતિ પણ નથી. બ્રહ્મા આદિ ન જાણી શકે તેનું કારણ **યદાધર બિમ્બઃ દત્તવેણુ** – દ્વારા સૂચિત કરાયું છે. ભગવાનના અધર પર વેણુ વિરાજે છે. બિમ્બ શો એ અધર છે. સૂર્યવત્ પ્રકાશક છે. ભગવાનનો અધર તો લોભાત્મક છે. પહેલાં એવું કહેવાયું છે જ. અધરરસ ભગવાન કોઈને પણ આપતા નથી. સૌનો પ્રકાશ કરનારને તેનાથી પ્રકાશ પામનાર કઈ રીતે સમજે ? છિદ્રવાળો વાદ્ય પ્રકાર એ વેણુ. એના અનેક પ્રકારો શાસ્ત્રમાં છે. વેણુના છિદ્રો પર અંગુલિઓ ચલાવવી એ લૌકિક વાત છે. અલૌકિક નાદ તેનાથી શી રીતે થાય ? ગોપરાજ કુમારની એ જ તો નિપુણતા છે. વિશેષતા છે. લોકમાં થતો અલૌકિક પ્રકાર તો સંદેહ ઉત્પન્ન કરે જ. ઈન્દ્ર, શિવ અને બ્રહ્મા જેમાં મુખ્ય છે એવા જે સ્વર શાસ્ત્રના કર્તાઓ છે. તેઓ ત્રણે કાલમાંથી ત્યાં આવે છે. આ કાલ પણ આધિદૈવિક છે. તેથી **સવનશઃ** શબ્દ છે. મધ્યાહ્નનો સમય છે. ઈન્દ્ર સાત્ત્વિક છે. શિવજી તામસ છે અને બ્રહ્મા રાજસ છે. બધા નાદ નિપુણ છે. ઈન્દ્ર ત્રિલોકપતિ છે. તેમ નાદ પરાયણ પણ છે. શિવજી તો નાદ શાસ્ત્રના કર્તા છે, અને બ્રહ્મા તો વળી એ બંનેના ગુરૂ છે. આવીને ભગવાનની નાદ નિપુણતા જોઈ પણ એ નાદ નિપુણો કશું જ સમજી શકતાં નથી. તત્ત્વ નિર્ણય કરી શકતાં નથી. સર્વ દેવો નમન કરીને એકાગ્ર બની રહીને વેણુનાદ સાંભળે છે, ચિંતન કરે છે, પણ કશું જ પામી ન શકતાં

અંતે મૂર્છિત બની રહે છે, મોહને વશ બની રહે છે.

ગોપીજન પછી પરસ્પર કહે છે. અન્યની વાતને શાને કરવી? આપણી જ વાત કરોને ! ભગવાનની ચેષ્ટાઓથી તથા આપણને થયેલા અનુભવોથી પ્રતીત થાય છે કે આ વેણુનાદ તો ભગવાન આપણા માટેજ કરે છે. ગોકુલનું હિત કરવા પ્રભુ પધાર્યા છે. વનમાં ગોચારન લીલા માટે પધારે. પશુની ખરીઓથી ભૂમિને પીડા થતી જુએ. ભૂમિ તો ભક્ત છે. અને એમાંયે આ તો વ્રજભૂમિ પ્રભુને અતિપ્રિય એવી ભૂમિ. તેને તો ક્લેશ દૂર કરવા ધીમે ધીમે લીલાપૂર્વક પ્રભુ વિચરે. ધ્વજ, વ્રજકમલ અને અંકુશના ચિહ્નોવાળા પોતાના પરમાનંદરૂપ ચરણકમલના સ્પર્શે ભૂમિની પીડા શમી જાય. ભગવાનના પાદપદ્મના એ ચિહ્નો તો લૌકિક અને અલૌકિક રીતે સંતાપ શમાવે એવાં છે. વ્રજમાં ત્રણની જ મહત્તા. ભૂમિ, ગાયો અને ગોપીજન. ચરણસ્પર્શથી ભૂમિનો સંતાપ શમે, મહાવૃષભ શી મંથર ગતિથી ગાયોનો સંતાપ શમે અને વેણુનાદ ગોપીજનના સંતાપને દૂર કરી પરમાનંદ પ્રદાન કરે. ભગવાન વેણુ વગાડતા વનમાંથી પાછા પધારે છે ત્યારે એમના વિલાસયુક્ત દૃષ્ટિપાતથી આપણામાં કામનો વેગ વધી જાય છે. અને આપણી સ્થિતિ પેલા વૃક્ષોની જેમ સ્તબ્ધ બનીને સ્થિર થઈ જઈએ છીએ અને મૂર્છાને લીધે આપણને વસ્ત્ર અને અંબોડાનું ભાન પણ રહેતું નથી. પ્રભુની વેણુના નાદનો રસ તો ભક્તોની અહંતા મમતારૂપ અવિદ્યાને દૂર કરી દે છે અને સંસારના પદાર્થમાત્રમાંથી ચિત્તને ખેંચી લઈ પ્રભુ પ્રત્યેજ આપણો પ્રેમભાવ સ્થિર બની રહે છે.

વેણુનાદની હરિણીઓ ઉપર પણ અસર થાય છે. તેનું વર્ણન કરતાં કહે છે કે— ભગવાન મણિઓને ધારણ કરે છે. તેથી તેમનું નામ મણિધર છે. મણિઓ ગાયનું આધિદૈવિક રૂપ છે. મણિઓ પણ વિવિધરંગી હોય છે. ભગવાનની ઈચ્છા થાય કે હું ગાયોની ગણત્રી કરું ત્યારે તેઓ મણિઓની ગણત્રી કરી લે છે અને એથી કેટલી ગાયો છે એનો ભગવાનને ખ્યાલ આવી જાય છે. આ પ્રકારની ગણત્રીનો આશય એ છે કે ભગવાન એ દ્વારા એ દર્શાવે છે કે ગાયો અને એમના ધર્મ મારામાંજ છે. આજ કારણથી ગાયોમાં સંસારનો અભાવ છે. એજ પ્રકારે ગોપિયો તથા હરિણીઓમાં પણ સંસારનો અભાવ દર્શાવાયો છે. પશુઓ ગ્રામ્ય હોય યા આરણ્યઃ પણ છે તો પશુઓ જ. ભગવાન એ સર્વ પશુઓનો નિરોધ કરનારા છે એટલે જ એ સર્વની ભગવાનમાં તત્પરતા છે. વ્રજવાસી અને વનવાસી સદાને માટે શ્રીકૃષ્ણપરાયણ જ છે.

ભગવાને અતિ પ્રિય તુલસીજીની સુગંધી માલા પણ પહેરી છે. ભગવાનને નીલરૂપ સુધાના આધારરૂપ સ્ત્રીઓનો સ્પર્શ, વેણુનો નાદ અને નવનીત અતિ પ્રિય છે. એમજ તુલસીની ગંધ પણ પ્રિય છે. તુલસીની સુગંધની ઉત્તમતા તો સાત્ત્વિક પુરૂષો દ્વારા અનુભવ સિદ્ધ છે. એટલે જ તો પ્રભુ તેને ધારણ કરે છે.

આવા ભગવાન શ્રીકૃષ્ણ પોતાના પ્રિય ગોપસેવકોના ખભે શ્રીહસ્ત પધરાવી એમની ઈચ્છાનુસાર વેણુગાન કરે છે. ત્યારે એ વેણુના નાદથી જેનાં ચિત્ત વંચિત થયા હતા એવી હરિણીઓ પણ નિકટ આવીને બેસવા લાગી. એમને પણ વિચાર થાય છે કે આપણે પણ જ્યારે ગોપીઓ જેવાં પ્રભુને પ્રિય બનીશું ત્યારે પ્રભુ આપણા ધર્મોને પણ ધારણ કરશે. જે પ્રકારે કોઈ મનુષ્ય મરણપર્યંત ઉપવાસ કરીને શાંત થઈને બેસે તેમ પ્રશાંત બની રહીને હરિણીઓ બેઠી છે. મૃગ તો સંગીતમાં આસક્ત અને એમાંયે આ તો આનંદસાર એવા કૃષ્ણની વેણુનું સંગીત— **વઞ્ચિત ચિત્તાઃ** એ વેણુનાદે એમનાં ચિત્ત છેતરાયા. સ્વરૂપનું ભાન પણ ભૂલ્યાં. **કૃષ્ણગૃહહિણ્યઃ** કૃષ્ણસાર

અર્થાત્ કાળિયાર મૃગનાં હરિણીઓ પત્નીઓ છે, પણ વેણુનાદના પ્રભાવે કૃષ્ણસારમાં કૃષ્ણમતિ થઈ અને તેથી કૃષ્ણની પાસે આવીને બેસી ગયા. પેલાં કૃષ્ણસારમાં તો એકાદ બે ગુણ હશે. પણ આ કૃષ્ણસાર તો **ગુણગુણાર્ણવમ્** ગુણોનાં સાગર છે. હરિણીઓ એમને અનુસર્યા અને શ્રીગોપીજનની જેમ **ગોપિકાઈવ** તેઓ પછી **વિમુક્ત ગૃહાશાઃ** ઘરની આશા પણ છૂટી ગઈ. ગોપિકાઓની જેમજ ભંગવત્પરાયણ થયા. હરિણીઓને ભગવાનની સન્નિધીથી ભગવત્રસનો અનુભવ થયો અને તેથી તેઓ ગોપીકાઓ સદશ બની રહ્યાં. હરિણીઓનાં નયન ભગવાનને પણ ગોપિકાઓ જેવાં જ પ્રતીત થયાં. એમના પ્રેમભાવમાં પણ ગોપિકાઓના પ્રેમભાવ જેવી પ્રતીતિ થઈ; એટલે પછી ભગવાને પણ એવું અનુરૂપ વેણું કવન કર્યું. અહીં **નાદ** શબ્દ પ્રયોજાયો નથી. **'રવ'** શબ્દ કહ્યો છે. એનો આશય એ છે કે **'ર'** અક્ષર તાપ ઉત્પન્ન કરનાર બીજરૂપ છે. અને **'વ'** શબ્દ તાપને શાંત કરનાર અમૃત બીજ સમાન છે. સારાંશ એ છે કે **'રવ'** શબ્દ પ્રથમ ભગવાનને માટે અંતઃકરણમાં આર્તિ ઉત્પન્ન કરે છે અને પછી ભગવન્મિલન રૂપ ભાવામૃતનું સિંચન કરી તાપને દૂર કરી દે છે.

આ રીતે વેણુનાદ નવ પ્રકારે નિરૂપણ કરી પછી ગુણાતીત પ્રકારે ત્રણ રીતે વર્ણન કરતાં ત્યાં વિરાજેલા યશોદામાંને ઉદ્દેશીને કહે છે કે હે અનઘે ! હે નિષ્પાપ યશોદામાં ! કુન્દપુષ્પોની માલાથી કૌતુક વેશ ધારણ કરી ગ્વાલબાલ તથા ગાયોના ગણથી વેષ્ટિત સ્નેહીજનોના આનંદ પ્રદાતા એવા નંદરાયના પુત્ર અને તમારા વત્સ જે સમયે યમુનાજીમાં વિહાર કરે છે ત્યારે દક્ષિણનો વાયુ પોતાના મંદ શૈત્ય અને સુગન્ધિ એવા ત્રણ ગુણોને પ્રકટ કરે છે અને એ પ્રકારે ગંધર્વો આદિ દેવગણ પણ બંદીજનોની જેમ સ્તુતિ કરતા વાદ્યગાન અને ભેટ અર્પણ કરતા, ભગવાનની ચારે તરફ વીંટળાઈ વળે છે.

ગ્રીષ્મમાં યમુનાજીમાં જલવિહાર એટલે સૌ ગોપસખાઓ સાથેની પ્રભુની જલક્રીડા. ગોપીજન યશોદાની સમક્ષ પ્રભુનીએ લીલા વર્ણવે છે. ગ્વાલો સાથે ભગવના ગાયોને પણ સ્નાન કરાવે છે. **કુન્દદામકૃત કૌતુક વેષઃ** ઉષ્ણકાલમાં શીતોપચારની સેવામાં શૃંગાર રસોપયોગી એવો પુષ્પોનો અદ્ભુત મંગલવેશ પ્રભુએ ધર્યો છે. પ્રાકૃત લીલા જેવું કાર્ય ગણાય. સ્વયં ભગવાન હોવા છતાં નંદપુત્ર થયા છે એ પણ પ્રાકૃત લીલા વ્રજકુમાર થયા છે. પણ ગાયોને સ્નાન કરાવે છે એવું જાણી જશોદા માંને ક્રોધ આવવો જોઈએ. પણ આવતો નથી. સ્વયં નિષ્પાપ છે, ગાય જેવાં જ છે. એટલે તો કૃષ્ણને તેમના વત્સ કહ્યા છે. એમનામાં પાપ હોય તો ક્રોધ આવે. ભગવાનના જે ગુપ્તરસો છે તેથી તો તેઓ અજ્ઞાત છે. કેવલ વાત્સલ્ય ભાવજ તેમનામાં છે. કૃષ્ણના તોફાનથી ચિડાય તો તેને ઉલુખલ સાથે બાંધે પણ પછી એમ કરવા બદલ રુદન પણ કરે. ભાવ એ છે કે યશોદા માં નિર્દોષ છે. નંદરાયજી ગ્વાલોના રાજા છે છતાં એ પણ નિર્દોષ છે. નિર્દોષને ત્યાં પ્રકટ થયેલા ભગવાન પણ નિર્દોષ છે. પણ પૂર્ણગુણ છે. એ દર્શાવવા વિશેષણ આપતાં કહ્યું કે **'પ્રણયિનાં નર્મદ'** પ્રણયીઓને આનંદ પ્રદાન કરનારા છે. એમની સર્વ લીલાઓમાં સ્નેહ એ હેતુ છે. લીલામાં જ્યારે આસક્તિથી ક્રીડા થાય ત્યારે તે વિહાર કહેવાય છે. જલક્રીડા, નૃત્યક્રીડા તથા વેણુનાદની ક્રીડાઓ વિહાર છે. એથી જ વાદ્ય વગેરેનો ઉપયોગ થાય છે. એથી વિદ્યાવાનો વશ બની રહે. વિદ્યાને પ્રકટ કરનાર વાયુ છે. દેવો એના આધારભૂત છે. એમાં પણ ઉપદેવગણ તેમ બંદીજનો તો વિદ્યાનો બાહ્ય પ્રચાર કરનારા કલાકારો છે. વાયુ પોતાના મંદ શૈત્ય અને સુગંધ એ ત્રણ ગુણો વડે ભગવાનનું સન્માન કરે છે. ભગવાનના શ્રીઅંગના સ્પર્શથી

વાયુ પણ અધિક શીતલતા પ્રદાન કરનાર બને છે. અને અન્ય સૌને પણ પછી એના દ્વારા ભગવદ્ભાવ ઉપલબ્ધ થાય છે. ગંધર્વો આદિ પણ ભગવદીય હોવાથી ભગવાનની કીર્તિનું ગાન કરીને વધુ કૃતાર્થ બની રહે છે. આ પ્રકારે ગુણાતીત પ્રકીર્ણતા દર્શાવીને પછી ગોપીજન બે યુગલથી કેવલ ભગવત્ચરિત્ર કહે છે.

વ્રજની ગાયો ઉપર વત્સલતા રાખનારા, ગોવર્ધન ધારણ કરનારા, વૃદ્ધો યા જ્ઞાનીજનો જેમના ચરણને વંદન કરે છે એવા ભગવાન સાયંકાલે ગાયોને એકત્ર કરીને વેણુ વગાડતા, સખીઓ દ્વારા જેમનું કીર્તિગાન થાય છે એવા તથા ગાયોની ખરીઓની રજથી જેમની પુષ્પમાળાઓ વ્યાપ્ત થઈ છે એવા દેવકીના પુત્ર ભગવાન શ્રીકૃષ્ણ શ્રમયુક્ત કાન્તિથી દષ્ટિને આનંદ અને સુહૃદને આશિષ આપવાની ઈચ્છાથી રજનીના પતિ એવા ચંદ્રની જેમ શોભતા વ્રજમાં ગોકુલમાં પધારે છે.

ભગવાન વનમાંથી પધારે છે ત્યારે જે વેણુનાદ કરે છે તે શ્રમને દૂર કરે છે. અને વ્રજવાસીઓને આગમનની વધાઈ આપે છે. ભગવાન પોતે પોતાનું કાર્ય જાણે છે અને તે પ્રમાણે કરે છે. ભગવાનની કાન્તિ શ્રમયુક્ત છે એમ જે કહ્યું તે તો પ્રભુનો રસરૂપ શ્રમ છે. શ્લોકમાં **શ્રમરુચા** શબ્દ છે એનો અક્ષરાર્થ શ્રમયુક્ત કાન્તિ છે. ભગવાનને શું શ્રમ થયો છે? એમને શ્રમ થાય? સમાધાન છે કે ભગવાન તો વિરુદ્ધધર્માશ્રયી છે. એમને શ્રમ થાય યા ન પણ થાય. એમ માની એ તો **શ્રમરુચાના** અર્થ એ થાય કે પ્રતીત થતો શ્રમ કેવલ દેખાડો જ માત્ર છે.આપ વિરુદ્ધધર્માશ્રયી છે એટલે શ્રમ નથી થયો એમ પણ ન મનાય. વાસ્તવમાં શ્રમ સુખકારી છે. એવા શ્રમની કાન્તિ ભગવાનના મુખ પર હતી. ગોપીજન કહે છે કે નાયકના શ્રમની કાન્તિ સાધારણ સ્ત્રીઓ માટે હિતકારી નથી; પણ અમારા માટે તો હિતકારી છે. ભગવાન જો શ્રમિત ન હોત તો ઝડપથી સ્વસ્થાને નંદભવનમાં પધારી જાત પણ શ્રમિત હોવાથી– અમારાં નેત્રોને પરમાનંદ પ્રદાન કરવા માટે જ પ્રભુ ઝડપથી ન વિચરતાં એ રીતે પરિશ્રમ પ્રગટ કરીને પધારે છે. એથી માર્ગમાં બંને બાજુ ઉભેલાં પ્રિયજનોને વિશેષ દર્શનનો લાભ મળે છે. ભગવાનની માળાઓ ગાયોની ખરીઓની રજથી ભરેલી છે. વાયુથી ઉડીને આવતી રજ જેવી તે અસ્થિર નથી પરંતુ સ્થિર કે નિયત છે. **ખુર** – ખરી શબ્દ પ્રસંગ અને વિશેષતાથી ગાયનો સૂચક હોવાથી ગો શબ્દ જુદો નથી, તેથી અહીં ગાયો ધર્મરૂપ છે, રજ અર્થ છે અને વ્યાપ્તિ તે કામરૂપ છે. વ્રજ અને ગાયો પર પૂર્ણાનંદ પ્રભુ પ્રસન્ન છે અને કૃપાથી ભજનાનંદ પ્રદાન કરે છે. વસ્તુતઃ પ્રેમપૂર્ણ એવાં સ્વજનોના મનોરથો પૂર્ણ કરવા જ પ્રભુ આ પ્રકારે પધારે છે. ભગવાન સાધારણ રીતે સકલ જીવોના તાપનો નાશ જે ધર્મના કારણે કરે છે એ અસાધારણ ધર્મનું વર્ણન કરતાં કહે છે કે ભગવાન **દેવકી જઠર ભુરુડુરાજઃ** દેવકીના જઠરથી ઉદય પામેલા ચંદ્ર છે. **અદિતિ દેવકી અદિતિ દ્યો રદિતિરન્તરિક્ષમ્** શ્રુતિ અનુસાર દેવકીજી અદિતિનો અવતાર છે, આકાશરૂપ છે. આકાશમાં ચંદ્રનો ઉદય થવો આવશ્યક અપેક્ષિત છે. દેવકીજીએ જ્યારે પુનઃ એક વિશિષ્ટ રૂપ ધારણ કર્યુ છે ત્યારે ચંદ્રમાં પણ વિશિષ્ટ રૂપ લઈને દેવકીથી ઉદિત થયા છે અતઃ તે કાર્ય પણ વિશેષ પ્રકારે જ કરશે. લૌકિક તાપ તો એકજ પ્રકારનો હોય છે, પરંતુ ભગવાનથી ઉદભૂત તાપ ત્રણ પ્રકારનો હોય છે. આધિભૌતિક જે દેહમાં રહે છે, આધ્યાત્મિક જે ઈન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે અને આધિદૈવિક જે આત્મામાં હોય છે એ ત્રણે પ્રકારનાં તાપ એ દેવકી પુત્ર અલૌકિક ચંદ્રજ નષ્ટ કરે છે. એથી જ કહ્યું છે કે ભગવાનનું આનંદ પ્રદાતા હોવું સિદ્ધ છે. એજ નક્ષત્રોના

સ્વામી છે. તાત્પર્ય એ છે કે ચંદ્રમાં ઉદય ગિરિ પર પ્રકટ થયેલ છે પણ નક્ષત્રનો પતિ થાય છે તેમ ભગવાન દેવકીને વિશે પ્રકટ થયા છે તો પણ સુખ તો અમને જ આપે છે. પ્રભુ સર્વ જીવોનો નિરોધ સિદ્ધ કરે છે. હે ગોપીઓ ! જેમ દિવસે પોતે આપણને વિરહનો તાપ ઉત્પન્ન કરીને ગુણગાન દ્વારા નિરોધ સિદ્ધ કરાવે છે અને રાત્રે પાછા આનંદ પ્રદાન કરે છે તેમ ગોપોને પણ રાત્રે વિરહથી તાપ ઉત્પન્ન કરીને ગુણગાન દ્વારા નિરોધ સિદ્ધ કરાવે છે. આવાં બધાંજ કાર્ય વેણુનાદ દ્વારા સિદ્ધ થાય છે અને એંજ વિશેષતા છે. સાધારણ લીલાવર્ણન કરીને હવે ગોપિકાઓમાંજ વેણુનાદ દ્વારા કરેલી લીલા કહે છે દશ પ્રકારે લીલા કરેલી છે.

મદવિઘૂર્ણિતલોચનઈષન્ માનદઃ સ્વસુહૃદાં વનમાલી ।
બદર પાણ્ડુવદનો મૃદુગણ્ડં મણ્ડયન્કનક કુમુલ લક્ષ્મ્યા ॥ ૨૪ ॥
યદુપતિદ્વિશદ રાજવિહારો । યામિનીપતિરિવૈષદિનાન્તે ।
મુદિતવક્ત્ર ઉપયાતિ દુરન્તે મોચયન્વ્રજ ગવાં દિનતાપમ્ ॥ ૨૫ ॥

(૧) "**મદવિઘૂર્ણિત લોચન**– મદથી જેના લોચન વિઘૂર્ણિત થયા છે." આ મદ પૂર્ણ જ્ઞાનરૂપ છે. એ પૂર્ણજ્ઞાન પોતામાં પૂર્વાનુભૂત આનંદની સ્થિતિન કારણે છે. એ પૂર્ણજ્ઞાન–જ્ઞાનમાર્ગ ભગવાનના નેત્રોમાંજ પ્રગટ થાય છે. એવું દર્શાવવાને માટેજ અન્ય સર્વ વિષયોને દૂર કરવાને માટે ભગવાન વિઘૂર્ણિત લોચન બની ગયા. એ ધર્મ ભગવાનમાંજ રહે છે. લીલારસની પૂર્ણતાથીજ ભગવાનમાં નેત્રો મદથી ઘેરાયેલાં છે.

(૨) "**દૂષન્માનદઃ** – ભગવાન સ્વહૃદોને અલ્પ માન આપનારા છે. વિશેષ માન આપે તો ગોપીજન જે પ્રેમપૂર્ણ છે અને સમગ્ર દિવસના વિરહથી ક્લેશયુક્ત છે તેઓ ભગવાનનાં દર્શન થતાં જ એમનામાં સંપૂર્ણપણે પોતાના આત્માને પ્રવેશ કરાવી દે છે. ભગવાનને એ અભિષ્ટ નથી. ગોપીજન પોતાના ગોપીસ્વરૂપમાંજ સ્થિત રહે એટલા માટે ભગવાન એમને અલ્પ માન આપેછે. ભગવાને ગોપીજનોને અલ્પ માન આપીને આશ્વાસન આપ્યું છે કે તમારા મનોરથ હું અવશ્ય પૂરા કરીશ. આવું આશ્વાસન આપવું એ પણ અસાધારણ કાર્ય છે.

(૩) "**વનમાલી** – આ વિશેષણથી ભગવાનનો સાધારણ ધર્મ પ્રકટ કર્યો છે. વનમાલાથી પોતાની કીર્તિ પ્રકટ કરી છે. એટલેજ પૂર્ણ ભગવાને ગોપીઓને અલ્પ માન આપ્યું છે.

(૪) " **બદરપાણ્ડુ વદન** – બોર જેવા પાંડુ મુખવાળા ! તાપથી બોર પ્રતિક્ષણે વિવિધ કાન્તિ પ્રકટ કરે. અર્ધ પકવ બોર પાંડુ વર્ણનું હોય. પાક્યા પછી લાલ બની રહે. એ પ્રમાણે ભગવાન પણ પ્રથમ અર્ધરમણ કરે છે, પછીથી પૂર્ણ રમણ કરશે. આથીજ હમણાં અલ્પ માન આપ્યું. પૂર્ણ માન પશ્ચાત આપશે. ભગવાન હમણાં અર્ધરત છે. પછી અત્યંત રત– આસક્ત થશે. કીર્તિ તેનું સાધન છે. એટલે **દૂષન્માનદઃ સ્વસુહૃ દામ** અને **બદરપાણ્ડુવદન** એ બે વિશેષણોની વચ્ચે **વનમાલી** વિશેષણ આપ્યું છે. એમ સમજવાનું છે કે વદન, વસ્ત્ર અને અધરામૃતનું પાન થાય છે. ગોપીઓ પરસ્પર કહે છે કે આ અધરામૃતના રસનું પાન તો વનમાં જઈને કરવું જોઈએ. અધરામૃત તો વનવાસીને કરવા યોગ્ય છે.

(૫) **કનકકુણ્ડલં લક્ષ્મ્યા મૃદુગણ્ડં મણ્ડયન્** – ભગવાનનું ગણ્ડસ્થલ કોમલ હોવાથી ભોગ માટે ઉપયોગી છે. એક તો ભગવાનને દાઢી મૂછ નથી અને એ રીતે ભગવાન આનંદનું નિધાન છે તેટલા માટે મૃદુતા જણાવી છે. સોનાના કુંડલની શોભાથી કોમલ ગાલને ભગવાન શોભાવે છે. ગાલને વિશે જ રસની સમાપ્તિ છે. ભગવાનનો રંગ શ્યામ છે. એમના કપોલ પણ શ્યામ

હોય પરંતુ કનક પદથી દર્શાવ્યું છે કે હવે કપોલનો રંગ જુદો છે. પીળા સુવર્ણથી એમ બને. સુવર્ણ કામરૂપ છે. પ્રિયજનો માટે કામરસ પ્રભુ પ્રકટ કરે છે, એથી નિશ્ચય થઈ જાય છે કે ભગવાન આપણા માટેજ પધારે છે. જો આપણા માટેજ પધારતા ન હોત તો મસ્તકને આમતેમ ફેરવત નહીં.

(૬) **યદુપતિ** – આ વિશેષણથી એ સૂચિત થાય છે કે નંદરાયજીના પુત્ર બાળક છે છતાં પણ યાદવોના પતિ છે. તેમને અનેક સ્ત્રી સામાન્ય છે. બાળક છતાં મહાન છે. અસાધારણ લીલા માટે સમર્થ છે.

(૭) **દ્વિરદ રાજવિહાર** – આ વિશેષણથી સૂચિત કરે છે કે ભગવાન ગજેન્દ્ર જેવા વિહાર કરે એવા છે. પ્રિય સ્વજનોનાં સર્વ અભિલાષા પૂર્ણ કરે એવા સુરતનાથ છે. ભગવાનની લીલાઓમાં કશી જ મર્યાદાને સ્થાન નથી.

(૮) **યામિનીપતિ** – આ વિશેષણથી એ સૂચિત થાય છે કે ભગવાન રાત્રિના પતિ છે. ચંદ્રની જેમ તાપને સમાવે એવા છે.– આનંદપ્રદ છે.

(૯) **પ્રસન્નવદન** – હસતા વદનવાળા છે. **મુદિતવક્ત્રઉપયાતિ** – પ્રસન્ન વદન એવા પ્રભુ નિકટ પધારે છે. પ્રસન્નતાજ ગોપીજનનું હિત કરનારી છે.

(૧૦) **મોચયન્** – વ્રજની ગાયોને અને વ્રજને દિનભરનો જે દુરન્ત તાપ હતો તે સમાવતા પ્રભુ પધારી રહ્યાં છે. એમનાં સંપૂર્ણ તાપને દૂર કરી દે છે.

આ પ્રકારે ગોપીજનના નિરોધનું નિરૂપણ કરી હવે ઉપસંહાર કરતા પ્રકરણસ્થ સર્વના નિરોધનો તેમના દ્વારા ઉપસંહાર કરતાં કહે છે કે

એવંવ્રજસ્ત્રિયો રાજન્ કૃષ્ણલીલાનુ ગાયતીઃ ।
રેમિરે હઃ સુ તચ્ચિતા સ્તનમનસ્કાં મહોદયાઃ ॥

હે રાજન્ ! જે મનું જ્ઞાનની પ્રધાનતાવાળું ચિત્ત અને કર્મની પ્રધાનતાવાળું મન કેવલ કૃષ્ણમાંજ છે એવી મોટા ભાગ્યવાળી ગોપિકાઓ ભગવાનની લીલાઓને ગાઈને દિવસભર પ્રસન્ન ચિત્ત બની રહેલી હતી.

શ્રીશુકદેવજી મહારાજે પરીક્ષિતને રાજન્ વિશેષણ દ્વારા દર્શાવ્યું છે કે ગોપીજનો પર વિશ્વાસ રાખજો. ભગવાન દિવસે ગાયો લઈને વનમાં પધારતા હતા ત્યારે ગોપીજનો વિરહશાન્ત્યર્થ તથા ઘણા સમય સુધી સ્મૃતિ સ્થિર બની રહે તદર્થ કૃષ્ણની લીલાઓ ક્રમપૂર્વક ગાયા કરતાં હતા એથી તો જાણે તેઓ દિવસે પણ કૃષ્ણાનંદમાં રમણ કરતાં હતા. ભગવાનની આનંદરૂપ કીર્તિ ભગવાનમાં પ્રકટ થઈ છે એથી, સિદ્ધ થાય છે કે ગોપીઓની ક્રિયાશક્તિ તથા જ્ઞાન શક્તિ ભગવાનમાંજ સ્થિર થઈ ગઈ છે. જ્ઞાનની પ્રધાનતાવાળું એમનું ચિત્ત એવં કર્મની પ્રધાનતાવાળું મન ભગવાનમાંજ ઓતપ્રોત છે. આ રીતે સર્વ પ્રકારની ગોપીઓની પ્રપંચની વિસ્મૃતિ અને ભગવાનમાં આસક્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. **તનમનસ્કાઃ તચ્ચિતાઃ** મન જે ક્રિયાપ્રધાન છે અને ચિત્ત જે જ્ઞાનપ્રધાન છે તે બંને કૃષ્ણરૂપ થઈ ગયા પરિણામે એ તામસભક્તોનો નિરોધ થયો અને તે સર્વ **મહોદયા** બની રહ્યાં.

❑ સંપૂર્ણ ❑

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ.૨૫૧
કલકત્તા નિવાસી એક વૈષ્ણવના જયશ્રી કૃષ્ણ. હસ્તે. દિપના મુકેશકુમાર દોશી

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હે, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

—શ્રીવ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક – શ્રીહનુમાનપ્રસાદ પોદાર

ભાષાંતર– ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

કેટલાક લોકો ક્રોધને આવશ્યક સમજે છે અને તેનું નામ તેજસ્વી રાખે છે, પરંતુ એ ભૂલ છે. હિંસા, ક્રોધ વિગેરે દુર્ગુણ ક્યારેક જરૂરી નથી હોતા. મનુષ્યનો સ્વભાવ વાસ્તવમાં ક્રોધી નથી. મનુષ્યે આ પશુધર્મોને ભ્રમથી પોતાના બનાવી લીધા છે. જેનાથી પોતાની અને બીજાની બુરાઈ થાય છે તે વસ્તુ આવશ્યક કેવી રીતે હોઈ શકે ? તેજ તો એ છે જેનાથી પાપ કરનાર મનુષ્ય પણ તે તેજના પ્રભાવથી બચી જાય.

ધર્મરાજા કહે છે કે "દક્ષતા, શુરવીરતા અને તત્પરતા આ તેજના ગુણ છે." પરંતુ આ ગુણ ક્રોધમાં ક્યાં હોય છે ? તે તો કર્તવ્યજ્ઞાન શૂન્ય થઈ જાય છે. મૂર્ખ લોકો જ ક્રોધને તેજ માની લે છે. ક્રોધ તો રજોગુણનું પરિણામ છે અને એક મહાન દુર્ગુણ છે. તેથી કેટલાક લોકો કહે છે કે "ક્રોધ ન હોય તો સંસારમાં પાપિઓને શિક્ષા મળતી બંધ થઈ જશે, જેથી અનાચાર, અત્યાચાર વધીને જગતમાં દુઃખનો દાવાનળ સળગાવી દેશે. ડાકુ, બદમાશોની સંખ્યા વધી જશે." પરંતુ આવું કહેનાર એ નથી સમજતા કે વાસ્તવમાં પાપી કે ચોર ડાકુઓને ઓળખવાનું શું ક્રોધીનું કામ છે? ક્રોધી પુરૂષ તો પોતાની જાતને ઓળખવાનું ભૂલી જાય છે. સગા માતાપિતાની ઓળખાણ ખોઈ બેસે છે. તે પાપી–પુણ્યાત્માનો નિર્ણય કેમ કરી શકશે? તેનાં હાથમાં દંડ સંહિતા આપતા તે ગાંડાની માફક દોષી–નિર્દોષ બધાને દંડ આપવા લાગશે. સત્ય પર સવાર, ખુશામત ન કરનાર સારા માણસો માર્યા જશે અને ખુશામતીયા નીચ, નિષ્ઠુર લોકો તેના તળીયા ચાટીને બચી જશે. ન્યાય અને ધર્મનો નાશ થઈ જશે. તેથી ન્યાયનું કાર્ય શાંત, શિષ્ટ અને વિચારવંત વિવેકી પુરૂષોની જવાબદારી પર રહે છે નહીં કે ક્રોધીની. ન્યાયાધીશ જો ક્રોધી હશે તો તે ન્યાય કેમ કરી શકશે? અને જે દંડ ન્યાયરહિત ફક્ત ક્રોધ કે ક્રોધપ્રેરિત દ્વેષ, હિંસા કે પ્રતિહિંસાથી પ્રેરિત બનીને આપવામાં આવશે. તે અન્યાયયુક્ત દંડ તો પાપ, તાપ, અનુતાપ અને અશાંતિને વધારવાનું કારણ હશે. આજકાલ અંગ્રેજી શાસનમાં આવા કેટલાય ઉદાહરણ અહીં મળી શકશે. તેથી દંડ આપવામાં ક્રોધની આવશ્યકતા સિદ્ધ નથી થતી.

તો પછી શું દંડથી જ અપરાધ મટે છે? શું એ સત્ય નથી કે એક વખત પણ પદભ્રષ્ટ થઈને કોઈપણ પ્રકારનું પાપાચરણ કરનાર મનુષ્યોને સમાજ કે રાજા દંડ આપી આપીને રીઢા, નિરંકુશ અને ભયાનક પાપોના બંધાણી બનાવી દીધા છે. દંડની જગ્યાએ જો પ્રેમ હોત, તો કદાચ જગતમાં આટલા અપરાધ અને પાપોની સૃષ્ટિ ન બની હોત. જેમ જેમ હોસ્પીટલો વધે છે તેમ તેમ રોગ વધે છે, જેમ જેમ કાયદા બને છે તેમ તેમ કાયદામાંથી બચવાની કપટી કળા પણ વધે છે. એ રીતે જેમ દંડ વધે તેમ તેમ અપરાધ પણ વધતાં ગયા. દંડથી ભય વધે છે પરંતુ પાપ વાસનાનો નાશ નથી થતો. પાપ વાસનાનો નાશ તો પ્રેમપૂર્વક વિવેક ઉત્પન્ન કરાવી અને ક્ષમાશીલ પુરૂષ દ્વારા પરમાત્માને તેને માટે કરવાની ક્ષમા પ્રાર્થનાથી થાય છે. દંડ સહન કરતા કરતા તો મનુષ્યની પ્રકૃતિ જ પાપમય બની જાય છે. પાપમાંથી તેની ઘૃણા નીકળી જાય છે. એવા ઉદાહરણ પણ મળે છે કે એકવાર કોઈને દંડ થયો. દંડ ભોગવ્યા બાદ સમાજે તેના પ્રતિ એવા પ્રકારની ઘૃણા કરી પોલીસની દુઃખદાયક શકી નજર તેના પર હંમેશા રહેતી. થોડી ઘૃણા અને કંઈક પોલીસના ભયથી લોકોએ તેને પાસે પણ બેસવા ન દીધો. આજીવિકા નાશ પામી, ભૂખને કારણે પ્રાણ જવા લાગ્યા. **'બુભુક્ષિત કિન્ન કરોતિ પાપમ્'** કોઈ ઉપાય ન જોતાં કોઈપણ રીતે પાપી પેટ માટે કંઈક રોટલી તો મળી જશે. આમ વિચારીને કોઈપણ બહાને તેણે જેલ જવાનું યોગ્ય સમજ્યું અને કોઈ એવો અપરાધ કર્યો જેથી તે જેલમાં ચાલ્યો ગયો. આમ જાતા જાતા તે મહાઅપરાધી અને જેલનો કિડો બની ગયો. સમાજે ઘૃણા ન કરી હોય, સરકારે વ્યર્થ સતાવ્યો ન હોત તો તેનું જીવન સુધરવું સંભવ હતું. બધા અપરાધી જન્મગત પાપી—પ્રકૃતિના નથી હોતા. કુસંગને કારણે અથવા પરિસ્થિતિવશ પાપ કરનાર જ અધિક હોય છે. તેમના જીવન શુદ્ધ જાળવી રાખવાની જવાબદારી સમાજ પર છે અને તે કામ અક્રોધી પુરૂષ જ કરી શકે છે.

— ક્રમશઃ

વેદ—વિદ્યા ભણીને ઘેર જતા યુવકને આચાર્યનો ઉપદેશ : જીવનોપયોગી સદાચાર :
પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં છે— આદર અને આત્મિયતા !
આજે કદાચ પાશ્ચાત્ય અસરોથી દેખાય છે— અનાદર અને ઔપચારિકતા !

" પ્રજા (સંતાન)—પરંપરાનું છેદન ન કરીશ ! " વિદ્યાર્જન સમાપ્ત કરીને, અનુરૂપ કન્યા સાથે લગ્ન કરીને, પિતૃઋણમાંથી છુટવા માટે, સંતાન—પરંપરા ચાલુ રાખવાનો પ્રયત્ન થાય. લગ્નભોગ માટે નહિ, વેદ કાર્ય માટે, ભગવત્સેવામાં સાનુકૂલતા માટે થાય, કૃષ્ણપ્રિય—પુત્ર માટે રતિ થાય.

" સત્યમાંથી પ્રમાદ ન કરવો જોઈએ ! " ધર્મમાંથી પ્રમાદ ન કરવો જોઈએ ! કુશલમાંથી પ્રમાદ ન કરવો જોઈએ ! ઉન્નતિ માટે પ્રમાદ ન કરવો જોઈએ ! સ્વાધ્યાય—પ્રવચન ! (અધ્યયન—અધ્યાપન)માંથી પ્રમાદ ન કરવો જોઈએ ! દેવ (યાગ—પૂજાદિ) પિતૃ (તર્પણ—શ્રાદ્ધાદિ) કાર્યોમાંથી પ્રમાદ ન કરવો જોઈએ. વિચાર—વાણી—વર્તનમાં સત્ય વણાયેલું

જોઈએ. આ જીવનના સ્વાભાવિક વ્યવહારમાંથી પ્રમાદવશ ચલિત થઈને અસત્યનું આચરણ ન થવું જોઈએ. **"સત્યના પ્રયોગો"** કરતા રહેવું. દેશ–કાલાદિ પ્રમાણે, યથાધિકાર કરવાનાં સ્વધર્મનાં કાર્યોમાંથી, શક્તિ હોવા છતાં કાંઈ છોડી દઈને, ચલાવી લઈને, સગવડીઓ ધર્મ ચલાવી લેવાનો પ્રમાદ ન કરવો. **" ધર્મના પ્રયોગો"** પણ કરતા રહેવું, આરોગ્ય–પુણ્ય–કલ્યાણ–સેવાનાં કાર્યોમાંથી પ્રમાદવશ કાંઈ જતું કરવું ન જોઈએ, યથાસંભવ યથાયોગ્ય પ્રયત્નો કર્યા કરવા જોઈએ. ઉન્નતિ–વૈભવ–ઐશ્વર્ય વગેરે માટેનાં કાર્યો માટે પ્રમાદ ન કરવો, પ્રયાસ કરવો જોઈએ, પરંતુ આવા પ્રયાસ માટે સત્ય–ધર્મ–કલ્યાણ–કૃષ્ણનાં કાર્યને ગૌણ ગણીને પ્રમાદ ન કરવો જોઈએ. સ્વાધ્યાય–પ્રવચન (અધ્યયન–અધ્યાપન)નાં જરૂરી કાર્યમાંથી કાંઈ ઓછું કરવાનો પ્રમાદ ન કરવો. વેદ (ગ્રંથો)ના અભ્યાસ વગર, આચારો છોડી દેવાથી, આળસથી, અન્નદોષથી, મૃત્યુ વિપ્રોને મારવા ઈચ્છે છે." **" અનભ્યાસેન વેદાનામાચારસ્ય ચ વર્જનાત્ । આલસ્યાન્ન દોષાચ્ચ મૃત્યુર્વિપ્રાન્ જિઘાંસતિ ॥ "**– મનુસ્મૃતિ (૫–૪)– પ્રાયઃ સર્વત્ર આમ દેખાય છે. દેવ–કાર્યો (યજ્ઞ–પૂજન) વગેરે અને પિતૃકાર્યો (તર્પણ–શ્રાદ્ધાદિ)માંથી પ્રમાદવશ કાંઈ છોડી ન દેવું, યથાયોગ્ય તે કાર્યો કરવાં.

"માતા જેની (જેને માટે) દેવ છે, તેવો તું થા ! પિતા જેનો દેવ છે, તેવો તું થા ! આચાર્ય જેનો દેવ છે, તેવો તું થા ! અતિથિ જેનો દેવ છે, તેવો તું થા ! – દેવની જેમ આ બધાં જેનાં (જેને માટે) પૂજ્ય છે, સમાદરણીય છે, યુવકે તેવા બનવું, માતા–પિતા–આચાર્ય–અતિથિ માનવ–રૂપમાં દેખાતા હોવા છતાં, કદાચ તેમની સાથે કાંઈ મતભેદ હોવા છતાં, તેમનાં અવજ્ઞા–તિરસ્કાર ન થાય; પોતે શાંત રહીને, સહન કરીને, સંયમ–પૂર્વક વર્તીને, તે સૌનો યોગ્ય સમાદાર થાય, આચાર્ય બ્રહ્મનું સ્વરૂપ છે, પિતા પ્રજાપતિ–રૂપ છે. ભાઈ વાસુદેવ–રૂપ છે, માતા સાક્ષાત્ પૃથ્વીની મૂર્તિ છે, બહેન દયા–રૂપા છે, અતિથિ સ્વયં ધર્મમય છે, અભ્યાગત અગ્નિ–રૂપ છે, સર્વ પ્રાણીઓ આત્મ–સ્વરૂપ છે."

આચાર્યો બ્રાહ્મણો મૂર્તિઃ પ્રજાપતેઃ । ભ્રાતા મરુત્પતે મૂર્તિર્માતા સાક્ષાત્ ક્ષિતેસ્તનુઃ ॥
દયાયા ભગિની મૂર્તિર્ધર્મસ્યાત્માતિથિઃ સ્વયમ્ । અગ્ને રભ્યાગતો મૂર્તિઃ સર્વભૂતાનિ આત્મનઃ ॥
– શ્રીભાગવત (૬–૭–૨૯,૩૦)

આ ઉદાત્ત–ઉદાર–આદર્શ–જીવન–દષ્ટિકોણ છે. જેમાં સૌ સ્વકીયોનો સમાદાર છે, તેમાં દેવ–બુદ્ધિ છે, દોષ–બુદ્ધિ નથી. આદર–આત્મીયતા–ભરી આ ભારતીય સંસ્કૃતિ છે. સ્વાર્થભરી ક્ષુદ્ર પોતાનામાં જ રાચતી આધુનિક મિશ્ર–વિકૃતિ આમાં નથી, આજે તેમાં જીવન મૃતપ્રાય–બોજારૂપ લાગે છે. જીવનનો આનંદ આ દેવદષ્ટિથી અનુભવાય છે, આમાં જીવંત–જીવન–ધબકાર સંભળાય છે, જીવન હળવું ફુલ લાગે છે. સામો પોતાના પ્રત્યે કેવો વ્યવહાર કરે છે ? તે આમાં જોવાનું નથી, પણ પોતે સામા સાથે કેવો વ્યવહાર કરવો? તેનું મંગલ–માર્ગદર્શન છે. જેવા સાથે તેવા થવાય નહિં, સૌની સાથે પોતાના ઉત્તમ આદર્શોથી વર્તાય. તેનાથી જીવનની પ્રથા બદલાઈ જાય, વ્યથા ન રહે. મહાભારતના યુદ્ધમાં વિજયી થયા પછી પણ, યુધિષ્ઠિરજી અધર્મી–પ્રાણ લેવા મથનાર–ઢોંગી–ધૃતરાષ્ટ્રને પણ પિતાના સ્થાને માનીને, પોતાનો ધર્મ સમજીને, રોજ પ્રણામ કરવા જતા હતા !

"જે અનિંદનીય–નિર્દોષ–કર્મો છે, તે સેવવાં જોઈએ, બીજા (નિંદનીય–દુષ્ટ–કર્મો) નહિં. જે અમારાં સુચરિત છે તે તારે ઉપાસવાં જોઈએ, બીજાં (દુશ્ચરિત) નહિં." ઉપર ગણાવેલા દેવરૂપ ગણવાના આદરણીયોમાં કે અન્ય પણ, લોક–વેદ(શાસ્ત્ર) પ્રસિદ્ધ જે નિર્દોષ કર્મો છે તે જ કરવા, નિષિધ–સદોષ–કર્મો ન કરવાં. અમારાં (આચાર્યો–પૂજ્યજનોનાં) જે શુભ કર્મો છે, લોક–વેદ (શાસ્ત્ર)ના શિષ્ટાચારયુક્ત જે આચરણ છે, તેનું અનુસરણ આદરપૂર્વક કરવું જોઈએ. ક્યારેક કોઈક કર્મો (આચાર), પ્રમાદથી કે પરિસ્થિતિ–પરવશ, અયોગ્ય દેખાય કે હોય, તો તેનું અનુસરણ કરવું નહિં. આતો નિખાલસ હૃદયે અહીં પોતાનાં પણ સ્ખલન–(ભૂલ) થઈ શકવાનો સ્વીકાર છે. વ્યર્થ બચાવનો વિકાર નથી, સુભદ્ર જીવન પ્રકાર છે.

સૌમાં ગુણદષ્ટિ રાખવી, દોષ–દષ્ટિ નહીં. સારું સૌમાંથી શોધવું, ખરાબ પોતાનામાંથી શોધવું, સૌમાંથી સારું શોધતાં શાંતિ–સુખ–સુલભ થાય, ખરાબ શોધવાથી ખરાબી થાય, જીવનનૌકા ખરાબે ચઢે. આથી નિર્દોષ–સુચરિતને જોવા–જાણવા–માણવા–સમજવા, સ્વીકારવા એ જીવનનો ઉત્તમ રાજમાર્ગ દર્શાવ્યો છે.

(પુષ્ટિ–પુલિનમાંથી સાભાર)

—ક્રમશઃ

કાવ્ય – કુંજ

શ્રી પુષ્ટિ ચાલીસા

દોહા

પંચતત્ત્વ જીસકે મહા, પુષ્ટિમાર્ગ હૈ સત્ય,
કલિયુગમેં શુભ એક હૈ, આશ્રય સબકા નિત્ય.
સ્થાપક શ્રીવલ્લભપ્રભુ, વૈશ્વાનર સાક્ષાત્,
ઉનકે ચરન સરોજ મેં, બંદન હૈ સાષ્ટાંગ.

ચાલીસા

પુષ્ટિમાર્ગ કે પુનિત પ્રણેતા, પુષ્ટિજનો કે ભાગ્ય વિધાતા. ૧.
શ્રીવલ્લભ સર્વસ્વ હમારે, સદા શરણમેં હમ હૈં ઉન્હીં કે. ૨.
સંવત પંદ્રહસો પાંત્રીસ સાલા, પ્રગટ ભયે પરમેશ કૃપાલા. ૩.
ચૈત્ર કૃષ્ણ એકાદશી દિન થા, ભાનૂકા શુભ દિવસ યહી થા. ૪.
અગ્નિકુંડમેં આપ દિખાયે, વૈશ્વાનર નિજ સ્વરૂપ સુહાયે. ૫.
ચંપારણ્ય શુભસ્થાન જન્મકા, શ્રીવલ્લભકા નિત્ય સુહાના. ૬.
લક્ષ્મણભટ્ટજી તાત હૈ જીનકે, ઈલમ્માગારૂજી માત હૈ ઉનકે. ૭.
વેદ પુરાન શાસ્ત્ર પઢાઈ, અલ્પકાલ સબ વિદ્યા પાઈ. ૮.
માયાવાદ કીયા નિર્મૂલા, ભક્તિમાર્ગ કા દિયા ઉજાલા. ૯.
શુદ્ધાદ્વૈત સિદ્ધાંત રચાયા, શ્રીકૃષ્ણ–ભક્તિકા રંગ લગાયા. ૧૦.
વિજયનગરમેં આપ પધારે, પંડિત સભી શાસ્ત્રાર્થ મેં હારે. ૧૧.

કનકાભિષેક વહાં શુભ હુઆ, જયજયકાર અતિ વહીં હુઆ. ૧૨.
શરણ લિયે ચોરાશી વૈષ્ણવ, કલિયુગ મેં થે જો દૈવી જીવ. ૧૩.
શ્રીભાગવત કથા કહી નિજ મુખસે, ચૌરાશી બેઠકમેં સુખસે. ૧૪.
ભારતયાત્રા કી તીન બારી, ખૂલ્લે ચરન પૃથ્વી પર ડારી. ૧૫.
નંદ—યશુમતિ પુત્ર કૃષ્ણ કી, ગૃહ સેવા કી રીતિ બતાઈ. ૧૬.
મ્લેચ્છ રાજ્યમેં હિન્દુ ધર્મકી, જ્યોત પ્રજ્વલિત પુનઃ બનાઈ. ૧૭.
ષોડશ ગ્રંથ, સુબોધિની જૈસે, અણુભાષ્ય સમ ગ્રંથ રચે હૈ. ૧૮.
વદન કમલકા તેંજ અનુપમ, પુષ્ટિજન જાને સર્વોત્તમ. ૧૯.
ભવ્ય લલાટ તીલક કુમકુમ હૈ, નેત્રકમલ કરુણાર્દ્ર પ્રભુ કે. ૨૦.
ઓષ્ઠ કમલ અષ્ટાક્ષર જપતે, દાહિને કર માલા ગૌમુખમેં. ૨૧.
બાયેં કરમેં પુષ્પ કમલ હૈ, શ્વેત ધોતી ઉપવસ્ત્ર ધરે હૈ. ૨૨.
ચરન કમલ નખચંદ્ર છટા હૈ, સ્વરૂપ મનોહર દિવ્ય સદા હૈ. ૨૩.
કોટિ કુસુમાયુધ રૂપ જીનકા, સોહત સુંદર તેજ હૈ તનકા. ૨૪.
શ્રીવલ્લભ કા સ્વરૂપ નિહારી, પુષ્ટિજન જાયે બલિહારી. ૨૫.
'શ્રીકૃષ્ણઃ શરણં મમ' જૈસા, અષ્ટાક્ષર દીયા મંત્ર હૈ ઐસા. ૨૬.
ઝારખંડમેં શ્રીવલ્લભ બિરાજે, શ્રીકૃષ્ણ પ્રભુ તબ સ્વપ્નમેં આયે. ૨૭.
આજ્ઞા કરી શ્રીનાથ પ્રભુને, ગિરિકંદરાસે પ્રગટ હુઆ મૈં. ૨૮.
આ કર તુમ મુઝે પાટ બિઠાઓ, સેવાધર્મ મહાન ચલાઓ. ૨૯.
વ્રજ ગિરિરાજ ગયે શ્રીવલ્લભ, 'પ્રથમ મિલન' પ્રભુસે વહાં દુર્લભ. ૩૦.
ગિરિવર પર મંદિર બનવાયા, શ્રીનાથજી કો પાટ બિઠાયા. ૩૧.
'મંગલા', 'શૃંગાર', 'ગ્વાલ', 'રાજભોગ' 'ઉત્થાપન', 'ભોગ', 'આરતી', 'શયન'. ૩૨.
અષ્ટદર્શન યે શ્રીનાથ પ્રભુકે, નિત્ય નૂતન શૃંગાર શ્રીજી કે. ૩૩.
અષ્ટ સખા શુભ કીર્તન ગાયે, સૂનકર પ્રસન્ન શ્રીજી હો જાયે. ૩૪.
શ્રીવલ્લભ શુભ લગ્ન હુઆ હૈ, 'મહાલક્ષ્મી' અર્ધાંગિની નિજ હૈ. ૩૫.
ભયે પુત્ર દો મહાપ્રભુજી કે, 'શ્રીગોપીનાથજી' પ્રથમ ઉન્હીંમે. ૩૬.
દૂસરે પુત્ર હૈ મહાપ્રતાપી, 'શ્રીવિઠ્ઠલનાથ' પ્રભુ શ્રીગુંસાઈ. ૩૭.
પુષ્ટિમાર્ગ કો પરમ પ્રસારા, દોસો બાવન સેવક નિજ કીન્હા. ૩૮.
શ્રીગુંસાઈજી કે સાત ભયે સૂત, સપ્તપીઠ જીનકી હૈ ભૂતલ. ૩૯.
કોટિ કુસુમાયુધ સે બઢ કર, તેજસ્વી હૈ સ્વરૂપ સપ્ત યહ. ૪૦.

દોહા

'શ્રીપુષ્ટિચાલીસા' પ્રેમસે, પાઠ કરે જન નિત્ય,
શ્રીહરિચરન રતિ બઢે, ભાવ રહે નિજ સત્ય.
શ્રીવલ્લભ કા માર્ગ યહ, ગૃહસેવા કા ભવ્ય,
નિશદિન ચિત્ત રખ કૃષ્ણમેં, સ્વરૂપ ભજો નિજ સેવ્ય.

'શ્રીપુષ્ટિચાલીસા'ના રચયિતા દા.દા. જયંત જી. ગાંધીના સદૈન્ય જયશ્રી કૃષ્ણ.

પુસ્તક પરિચય

૧. ભક્તિપોષણ

રચયિતા – ભક્ત કવિશ્રી દયારામભાઈ ડભોઈ.

વિવેચક – પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, (હિંગનઘાટવાળા) રાજકોટ.

પ્રકાશક – શ્રીવલ્લભાચાર્ય જનકલ્યાણ ટ્રસ્ટ, ગોવિંદ નિકેતન, ભાટીયા બજાર, પોરબંદર– ૩૬૦ ૫૭૫.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૭૪+૮ = ૨૮૨. ઓફસેટ પ્રિન્ટીંગ, સેક્સન સિલાઈ, મલ્ટીકલર ચિત્રવાળું પાકું પુંઠું પ્લાસ્ટિક કવર સહિત, તેમજ નિધિ સ્વરૂપો તથા પૂજ્ય ગોસ્વામી બાલકોના મલ્ટીકલરવાળા દર્શનીય બાર ચિત્રજી સામેલ છે. ન્યોછાવર રૂ. ૭૦/– પોસ્ટેજ રૂ. ૧૫/–

આ પુસ્તકમાં ભક્ત કવિ શ્રીદયારામભાઈ કૃત ૧૦૦૧ ચંદ્રાવળાનું સરસ અને સરળ ભાષામાં હૃદયંગમ રીતે વિવેચન નિરૂપણ કરવામાં આવેલ છે.

ભક્તિપોષણની રચના કવિશ્રીએ વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભાગવત, પુરાણ અને સ્મૃતિઓમાં, અણુભાષ્ય, નિબંધ અને ષોડશ ગ્રંથોમાં આવેલા સિદ્ધાંતોને આધારે કરી હોય એવું લાગે છે.

ગુરુનું સ્વરૂપ, બ્રહ્મનું સ્વરૂપ, નવધા ભક્તિ, પ્રેમલક્ષણા ભક્તિ, પ્રેમ–આસક્તિ– વ્યસન– તન્મયતા, અંશ–અંશી ભેદ, અન્યાશ્રય, અસમર્પિત વસ્તુનો ત્યાગ, સત્સંગ અને દુઃસંગનો ભેદ, સેવા પૂજાનો ભેદ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો તફાવત, માયાનું સ્વરૂપ, વૈષ્ણવના લક્ષણ વિગેરે સરળ તેમજ ગહન વિષયોનો આ ચંદ્રાવળામાં સમાવેશ કરેલ છે. તે પણ સુંદર દષ્ટાંત, વિવિધ ધોળ પદ તથા સંદર્ભ ગ્રંથોના શ્લોકો સાથે રજુ કરેલ છે.

લોકભોગ્ય પુસ્તક. સર્વે વૈષ્ણવ પરિવારે તેમજ વિવિધ ભગવદ્ મંડલીઓએ વાંચવા–વસાવવાલાયક તેમજ પ્રસંગોપાત ભેટ આપવામાં અત્યંત ઉપયોગી પુસ્તક.

વિવેચક તથા પ્રકાશક સંસ્થાના ટ્રસ્ટી મંડળને ધન્યવાદ.

૨. મનોરથોનો માસ – અધિક માસ

લેખક – શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ

પ્રકાશક – શ્રીપુષ્ટિ પ્રકાશન કાંદીવલી (પ.)

પ્રાપ્તિસ્થાન – શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ, મર્શી વિલા, અશોકનગર રોડ, કાંદિવલી (પ.) મુંબઈ. –૪૦૦૧૦૧.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૪૪, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, મલ્ટીકલર ચિત્રો. ન્યોછાવર રૂ.૧૫/– પોસ્ટેજ રૂ. ૩/–

પુષ્ટિ સંપ્રદાયમાં અધિક માસનું અનેરૂં સ્થાન છે. પ્રભુને આનંદ આપતાં બધાજ મનોરથ એકજ મહિનામાં લાગલાગટ ઉત્સવ એનો આનંદ અનેરો છે. અધિક માસમાં ઉજવી શકાય અને ઉજવાતા ૩૦ થી પણ વધારે મનોરથોની ભાવ–ભાવના સંક્ષિપ્તમાં સરળ રીતે આ પુસ્તિકામાં રજુ કરવામાં આવી છે. સાથે સાથે મનોરથને અનુકુળ વધાઈ, ધોળ, પદ વિ.નો પણ સમાવેશ છે. વિવિધ મનોરથોના ૮ મલ્ટીકલરના સુંદર ચિત્રજીનો પણ સમાવેશ છે.

શ્રીપુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા શ્રેણીની આ પહેલી પુસ્તિકાની ત્રીજી આવૃત્તિ છે. વૈષ્ણવોએ વાંચવા અને વસાવવા લાયક છે.

૩. મહામનોરથ

લેખક–પ્રકાશક–પ્રાપ્તિસ્થાન ઉપર ક્રમ ૨ મુજબ.

આઠ પેઈજી ડેમી સાઈઝ પાના ૩૧, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, મલ્ટીકલરવાળું ટાઈટલ જેમાં દર્શનીય ચાર ચિત્રજી છે. ન્યોછાવર રૂ.૧૦/– પોસ્ટેજ રૂ.૩/–.

શ્રીપુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા શ્રેણીની ૮ મી રંગીન સચિત્રવાળી બીજી આવૃત્તિ છે. જેમાં 'મહામનોરથો'માં અન્નકૂટ, કુનવારો અને છપ્પનભોગના મહા મનોરથની પૃષ્ઠ ભૂમિકા, ભાવના અને સજાવટ તથા સામગ્રીની વિગત

આપવામાં આવી છે. અષ્ટ સખા જેમણે પ્રભુની આ લીલાઓના સાક્ષાત્ દર્શન કરી પદોની રચના કરી છે તે કિર્તનોનો પણ સમાવેશ કરેલ છે. છપ્પનભોગની જુદી જુદી ભાવનાઓ પણ આપવામાં આવેલ છે. વિશેષમાં છપ્પનભોગની ભાવનાથી થતા વ્રજકમળના મનોરથની વિગતો પણ આ પુસ્તિકામાં સમાવેશ કરેલ છે.

સરલ, સુંદર, વાંચવા, વસાવવા લાયક પુસ્તિકા.

૪. શ્રીપુષ્ટિમાર્ગીય નિત્યસ્મરણ– સ્તોત્ર પાઠાવલી

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન – પ્લસ કોમ્યુનીકેશન્સ ૧, કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્ય પાછળ, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન. ૨૩૫ ૬૧૧.

પોકેટ સાઈઝ પાના ૧૫૮. ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ. શ્રીમહાપ્રભુજીના મલ્ટીકલરનું સુંદર ચિત્રજીવાળું લેમીનેશન ટાઈટલ. ન્યોછાવર રૂ.૧૫/– (પોસ્ટેજ અલગ)

આ પુસ્તિકામાં શ્રીસર્વોત્તમ સ્તોત્ર, શ્રીસપ્ત શ્લોકી, શ્રીવલ્લભાષ્ટક, નામરત્નાખ્ય સ્તોત્ર, ષોડશ ગ્રંથ ઉપરાંત અન્ય અષ્ટકો જેવાં કે શ્રીમધુરાષ્ટક, ગોકુલેશાષ્ટક, શ્રીગોકુલાષ્ટક, નંદકુમારાષ્ટક, ગિરિરાજ ધાર્યષ્ટક, પંચશ્લોકી, જન્મવૈફલ્ય નિરૂપણાષ્ટકમ્, ગોપીગીત, રાસલીલામૃત, ત્રિવિધ નામાવલી, શ્રીગોવર્ધનવાસી પદ, નવ શ્રીવલ્લભાખ્યાન, શ્રીયમુનાજીના ૪૧ પદ, મૂળ પુરૂષ, શ્રીસર્વોત્તમજી તથા ૮૪–૨૫૨ વૈષ્ણવના ધોળ. શ્રીવલ્લભ સાખી તેમજ બીજા નિત્ય ઉપયોગી ધોળ–પદ–આરતિ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

નિત્ય પાઠ કરવામાં તેમજ પ્રસંગોપાત ભેટરૂપે વાંટવા અત્યંત ઉપયોગી પુસ્તિકા.

સમાચાર

પૂ.પા.ગો. શ્રીચિમનલાલજી મહારાજશ્રી (શ્રીમદ્ ગોકુલ – માંડવી કચ્છ)ના મનોરથ સ્વરૂપ

અધિક માસમાં શ્રીમદ્ ગોકુલમાં અષ્ટોત્તરશત, શ્રીમદ્ભાગવત પારાયણ

" પિવત ભાગવતં રસમાલયં મુહુરહો રસિકાભુવિ ભાવુકા : "

શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણના વિશેષ અનુગ્રહથી શ્રીનન્દનન્દન શ્રીયશોદોત્સંગલાલિત શ્રીબાલકૃષ્ણની નિત્યલીલા ભૂમિ શ્રીમદ્ ગોકુલમાં શ્રીપુરુષોત્તમ માસમાં સં.૨૦૫૫ અધિક જ્યેષ્ઠ સુદ ૧ રવિવાર તા.૧૬–૫–૯૯ થી જ્યેષ્ઠ સુદ ૮ શનિવાર તા.૨૨–૫–૯૯ સુદી ભગવન્નામત્મક સ્વરૂપ શ્રીમદભાગવતના રસાસ્વાદન દ્વારા શ્રીકૃષ્ણાશ્રયની સિદ્ધિ અને દ્રઢતા દ્વારા ભક્તિ સિદ્ધિપ્રદ ૧૦૮ શ્રીમદ ભાગવત પારાયણ સાથે કથા–સપ્તાહનું આયોજન રાખેલ છે. તેમાં ભાગ લેવા સર્વે ભાવુક રસિક વૈષ્ણવોને હાર્દિક આમંત્રણ છે.

સપ્તાહ – કથા રસપાન (નડિયાદવાલા) વિદ્વાન શાસ્ત્રીજી શ્રીનવનીતપ્રિયજી કરાવશે. અન્ય વિદ્વાનોના સત્સંગ લાભની પણ સંભાવના છે. પાંચમા દિવસે સવારે શ્રીનન્દમહોત્સવ થશે.

□□ નિવેદક □□

પૂ.પા.ગો.શ્રીચિમનલાલજી મહારાજશ્રીની આજ્ઞાથી
શ્રીમદ્ ભાગવત ૧૦૮ પારાયણ કથા સપ્તાહ સમિતિ.

□□ કથા સ્થલ □□

શેઠ વલ્લભદાસ કરશનનાથા ધર્મશાળા,
શ્રીમદ ગોકુળ, (મથુરા)

□□ કથા સમય □□

સવારે ૧૦ થી ૧ – બપોરે ૪ થી ૭

નોંધ : પૂર્વ સૂચનથી નિવાસસ્થાનની વ્યવસ્થા થશે.

□□ પત્રવ્યવહાર □□

શ્રીમદ્ ભાગવત ૧૦૮ પારાયણ કથા સપ્તાહ સમિતિ,
શ્રીનટવરજીના ન્હોરા, નંદચોક,
શ્રીમદ્ ગોકુળ, જી. મથુરા પીન. ૨૮૧૩૦૩.

॥ શ્રી મદન મોહન પ્રભુ વિજયતે ॥

જામનગરમાં જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ પ્રાકટય ઉત્સવ ઉપલક્ષમાં કાર્યક્રમ

અખંડ ભૂમંડલાચાર્ય જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો ૫૨૨ મો પ્રાકટય દિન ઉત્સવના ત્રણ દિવસ દિનાંક ૧૧–૪–૯૯ થી તા.૧૩–૪–૯૯ સુધી મનાવવામાં આવેલ.

○ કાર્યક્રમો ○

(૧) ચૈત્ર વદ ૧૦ દિનાંક ૧૧–૪–૯૯ રવિવાર : શ્રીમદ્ અનિરુદ્ધ પુષ્ટિમાર્ગીય પાઠશાળાના ઉપક્રમે સાંજે ૬–૦૦ વાગ્યે વૈષ્ણવ યુવા સંમેલન. અધ્યક્ષસ્થાન : મહાકવિ અને વિદ્વાન આચાર્ય પરમ પૂજ્ય ગોસ્વામી શ્રીહરિરાયજી મહારાજશ્રીએ વિભૂષિત કરેલ.

(૨) ચૈત્ર વદ ૧૧ દિનાંક ૧૨–૪–૯૯ સોમવાર : મંગલાના દર્શન બાદ. (અ) છાસ કેન્દ્રનો પ્રારંભ– પૂ.રૂચિરાજા બેટીજીના વરદ્ હસ્તથી (બ) સવારે ૮–૩૦ વાગ્યે શ્રીમહાપ્રભુજીના બેઠકજીની પરિક્રમા (ક) વિશાળ શોભાયાત્રા સાંજે ૫–૩૦ વાગ્યે મોટી હવેલીથી નીકળેલ જે શહેરના રાજમાર્ગો પર ફરી હવેલીએ પરત આવેલ. શોભાયાત્રાની આગેવાની પરમ પૂજ્ય ગોસ્વામી શ્રીહરિરાયજી મહારાજશ્રીએ લીધેલ.

(૩) ચૈત્ર વદ ૧૨ દિનાંક ૧૩–૪–૯૯ મંગળવાર : ધર્મસભા સાંજે ૬–૦૦ વાગ્યે. અધ્યક્ષસ્થાન : પુષ્ટિ માર્ગના મર્ધન્ય આચાર્ય અને સેવા રસિક પરમ પૂજ્ય ગો.શ્રીવિઠ્ઠલનાથજી મહારાજશ્રી જેમાં પરમ પૂજ્ય ગોસ્વામી આચાર્યો, પૂ.સંતો મહંતો તેમજ વિદ્વાનોનાં પ્રવચનો થયેલ.

(૪) શ્રીજામનગર મોટી હવેલી ટ્રસ્ટ, શ્રી વ્રજ–વલ્લભ સોશ્યલ ગૃપ અને સોની દામજી પ્રભુદાસ ચેરીટેબલ ટ્રસ્ટનાં સંયુક્ત ઉપક્રમે દિનાંક ૨૫–૪–૯૯ ને રવિવારના સવારે ૮ થી ૧ નિઃશુલ્ક નેત્રરોગ નિદાન તેમજ નેત્રમણિ આરોપણ કેમ્પનું આયોજન કરેલ. જેમાં આંખના જાણીતા ડૉ. શ્રીઅમિત મહેતા સાહેબે સેવા આપેલ.

આ સમગ્ર કાર્યક્રમોમાં પરમ પૂજ્ય ગોસ્વામી શ્રીવલ્લભરાયજી બાવાશ્રી અને પરમ પૂજ્ય ગોસ્વામી શ્રીમુકુટબાવાશ્રી બિરાજેલ.

નિવેદક : જયંતીલાલ ડી. સોની
પ્રમુખ : જામનગર વૈષ્ણવ સમાજ– જામનગર.

આં.રા.પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, હાલોલ શાખા એ યોજેલ

ત્રિવેણી સમારંભ – અભિવાદન – અનાવરણ – વિમોચન

(પ.પૂ.ગો.૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રીની શુભાશિષ સહ આપશ્રીની ષષ્ઠીપૂર્તિ મહોત્સવ પૂર્વેના સેવાકીય કાયક્રમો)

કાર્યક્રમ : તા. ૩૧–૩–૯૯ ને બુધવાર

☐ અભિવાદન ☐

[૧] પૂ.ગો. ૧૦૮ શ્રી ડૉ. વાગીશબાવાશ્રીએ પ્રાપ્ત કરેલ 'સેવાશ્રી' તથા 'પીએચ.ડી.(ડૉકટર ઓફ નેચરોથી)' ઉપાધિઓ અને વિવિધ સેવાકીય ઉપલબ્ધિઓ અન્વયે.

[૨] પૂ.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રી (યુવા સંગઠન પ્રણેતા) એ યુવા પ્રવૃત્તિઓ ક્ષેત્રે અર્પેલ સેવાઓ અન્વયે.

[૩] શ્રીઈન્દ્રકાન્ત ત્રિકમલાલ પરીખ (પ્રમુખ, ગુજરાત પ્રદેશ તથા કેન્દ્ર, આં.રા.પુ.વૈ.પરિષદ)નાં સાંપ્રદાયિક ક્ષેત્રનાં યોગદાનો અન્વયે.

[૪] શ્રીજયંતિલાલ મણીલાલ પરીખ (આં.રા.પુ.વૈ.પરિષદ, હાલોલના કીર્તનકાર સભ્ય) એ હવેલી કીર્તન વર્ગના પ્રણેતા તરીકે અર્પેલ સેવાઓ અન્વયે.

[૫] શ્રીસતીષભાઈ એન. પરીખની નગરપાલિકાના પ્રમુખ તરીકે થયેલ નિયુક્તિ અન્વયે.

[૬] શ્રીનહેરુયુવા કેન્દ્રના હાલોલ તાલુકાના યુવા કાર્યકર્તાઓની સેવાઓ અન્વયે.

○ અનાવરણ ○

(૧) પૂ.ગોસ્વામી આચાર્યશ્રીઓના શુભ હસ્તે : હાલોલ ગામમાં આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ, હાલોલ શાખાનાં નિયત થયેલાં ચાર સ્વાગત બોર્ડનું અનાવરણ.

(૨) શ્રીઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠનાં શુભ હસ્તે : સ્વ.પુષ્પાબેન શાંતિલાલ પરીખ (પારેખ બ્રધર્સવાળા)ની તસ્વીરનું અનાવરણ.

(૩) શ્રીશાંતીલાલ પી.પટેલ (એમ.પી.) ના શુભ હસ્તે : શ્રીગુણવંતલાલ ચુનીલાલ પરીખ (ગોંદીયાવાળા)ની તસ્વીરનું અનાવરણ.

○ વિમોચન ○

આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ, હાલોલની 'પુષ્ટિ પ્રવાહ' સ્મરણિકાનું વિમોચન. ઉપરોક્ત કાર્યક્રમો સુંદર રીતે સંપન્ન થયા.

શ્રીવલ્લભના દિવ્ય સિદ્ધાંતો સૌને માટે પ્રેરણારૂપ છે.

આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશના ઉપક્રમે શ્રીવલ્લભ વિચાર–પ્રચાર–પ્રસાર પ્રવાસમાં પૂ.પાદ ગો.શ્રી ઈન્દીરાબેટીજી મહોદયાના સાંનિધ્યમાં વડોદરા જીલ્લાના છોટા–ઉદેપુર–તેજગઢ–જબુગામનો પ્રવાસ અનેરા ઉત્સાહથી સંપન્ન થયો. સોનાનાં ઘડામાં કાદવ–કીચડ–મલીન વસ્તુઓ ભરેલી હોય તો પણ સોનાનો ઘડો ફેંકી ન દેતાં તેમાં રહેલો કાદવ–કીચડ–ગંદી વસ્તુઓ ફેંકી દેવી જોઈએ. એવા દષ્ટાંત દ્વારા શ્રીવલ્લભના વિચારને સ્પષ્ટ કરતાં પૂ.પાદ ગો.શ્રીઈન્દીરાબેટીજી મહોદયાએ જણાવ્યું કે જગત સત્ય છે. સોનાનો ઘડો સત્ય છે. ફેંકી દેવા જેવી વસ્તુ હોય તો અહંતા–મમતા–સંસાર. એને પ્રભુ સાથે જોડી દઈએ. શ્રીવલ્લભના સિદ્ધાંતો અતિ દિવ્ય છે. અને સમગ્ર માનવસૃષ્ટિ માટે પ્રેરણારૂપ છે.

શ્રીવલ્લભ વિચાર–પ્રચાર–પ્રસારના પ્રવાસમાં આં.પુ.વૈ.પરિષદના અગ્રણિઓ પ્રા.ચીમનલાલ એમ. શેઠ, પ્રો. વી.પી.પરીખ, શ્રીરમેશભાઈ ગાંધી, શ્રીદિનેશભાઈ શાહ વિગેરે ભક્તિવર્ધિની સાથે જોડાયા હતા અને તેઓ શ્રીવલ્લભ વિચાર–પ્રસાર–પ્રવાસનાં આયોજનની વિસ્તૃત સમજ આપી હતી. વ્રજધામના વિશિષ્ટ આયોજનોની જાણકારી શ્રીહેમંતભાઈ શાહે આપી હતી.

શ્રીવલ્લભ વિચાર–પ્રચાર–પ્રસારનો પરિષદે યોજેલો પંચમહાલનો પ્રવાસ

જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં પ્રાકટય દિનના ઉપલક્ષ્યમાં આં.પુ.વૈ.પ. ગુજરાત પ્રદેશના ઉપક્રમે શ્રીવલ્લભ વિચાર–પ્રચાર–પ્રસારને પંચમહાલ જીલ્લાના કાલોલ–વેજલપુર–મલાવ–એરાલ–અડાદરા–મહેલોલ–ગોધરા–પીપલોદ–ગાંગરડી–દાહોદ વિગેરે સ્થાનોનો પ્રવાસ ખૂબ ઉત્સાહપૂર્ણ રહ્યો. શ્રીવલ્લભના દિવ્ય સિદ્ધાંતોની પરિષદના વિભિન્ન આયોજનોની શ્રીવલ્લભ વકતૃત્વ–નિબંધ સ્પર્ધા–સ્વાગત બોર્ડ વિગેરેની વિસ્તૃત જાણકારી પરિષદના મંત્રી પ્રો. વી.પી.પરીખ અને શ્રી સી.પી.તલાટીએ સ્થાન સ્થાનની સત્સંગ સભાઓમાં આપી હતી. વૈષ્ણવ પરિષદના અગ્રણિઓ શ્રી કે. એન. શાહ અને શ્રીરસિકભાઈ શાહ પણ આ પ્રવાસમાં જોડાયા હતા.

□□□ રાજકોટમાં શ્રીમહાપ્રભુજીનો પ્રાકટય મહોત્સવ □□□

સ્ત્રી–શુદ્ર ઉદ્ધારક, સર્વે જીવોનું કલ્યાણ કરનારા સમગ્ર સમાજને એક તાંતણે બાંધવા ત્રણ ત્રણ વખત પૃથ્વી પ્રદક્ષિણા કરનાર, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનાં સ્થાપક, દૈવી જીવોને બ્રહ્મસંબંધ દિક્ષા આપી પ્રભુ સમીપ લઈ જનાર, જગતગુરૂ, પરમ વંદનીય શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ૫૨૨ મો પ્રાકટય મહોત્સવ પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહોદય (કામવન–રાજકોટ), પૂ.પા.ગો.શ્રી પુરૂષોત્તમલાલજી મહોદય (મુંબઈ–રાજકોટ), પૂ.પા.ગો.શ્રી ગોવિંદરાયજી મહોદય (રાજકોટ–ગોંડલ), પૂ.પા.ગો.શ્રી રવિન્દ્રકુમાર મહોદય (માંડવી–રાજકોટ), પૂ.પા.ગો.શ્રીભાગવતબાવા (રાજકોટ), પૂ.પા.ગો.શ્રીચિંતુબાવા (ઘનશ્યામલાલજી) રાજકોટની ઉપસ્થિતિમાં અતિ આનંદ અને ઉત્સાહસભર ઉજવાયો.

ઉત્સવને અનુલક્ષી આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ પાઠશાળાના બાળકો તેમજ વૈષ્ણવો મળી ૧૦૦૦ થી વધુ વૈષ્ણવોએ ૧૦૮ સર્વોત્તમ સ્તોત્રનાં પાઠ દરેક વૈષ્ણવે કર્યા. દરેક વૈષ્ણવ પરિવારે પોતાના ઘરઆંગણે રંગોળી પૂરી તેમજ દ્વાર ઉપર મંગલ આસોપાલવના તોરણ બાંધી આનંદ વ્યક્ત કર્યો.

પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહોદયની ઉપસ્થિતિમાં શ્રીજી ખીરક ગૌશાળા રાજકોટ, રૂપાવટી ગૌશાળા તથા

ચોટીલા પાંજરાપોળમાં ત્રણ ગાડી એટલે કે ૧૧ અગીયાર ટન ઘાસનું વિતરણ કરવા સાથે પાઠશાળા તથા ચંદ્રસરોવર રાસમંડળના યુવક યુવતીઓએ પોતાની બચતમાંથી ૬૦૦ કિલો લાપસી–લાડવા બનાવી રાજકોટ પાંજરાપોળ તથા શ્રીજી ખીરક ગૌશાળામાં રૂબરૂ જઈ ગાયોને વિતરણ કર્યુ તેમજ બહેરા મુંગા શાળા, અંધ અપંગ બાલ ગૃહ, ઓબ્ઝરવેશન હોમ, રમણીક કુંવરબા તથા મહેશ્વરી વૃદ્ધાશ્રમ, બાલગૃહ ભિક્ષા નિવારણ કેન્દ્ર, અશક્ત માતૃ આશ્રમ વિગેરે સ્થળે ૫૦૦ થી વધુ વ્યક્તિઓને પ્રસાદ વિતરણ કર્યું.

રાજકોટની સીવીલ હોસ્પિટલ, ચીલ્ડ્રન હોસ્પિટલ, આંખની હોસ્પિટલ, ઝનાના હોસ્પિટલ, ગુંદાવાડી હોસ્પિટલ, એચ.જે.દોશી હોસ્પિટલમાં દર્દીઓને ફ્રુટ વિતરણ કર્યુ.

પૂ.પા.ગો.શ્રીગોવિંદરાયજી મહોદયશ્રીની ઉપસ્થિતિમાં પાઠશાળાના નાના બાલક બાલીકાઓએ આચાર્ય ચરણ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના જીવન પ્રસંગોનું વર્ણન કરી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને કર્તવ્યની જાણકારી આપી સર્વે વૈષ્ણવોને ભાવવિભોર બનાવ્યા. સાથે આપશ્રીના વચનામૃતનો પણ લાભ પ્રાપ્ત થયો.

ઉત્સવદિન સવારે ૬–૦૦ કલાકે પૂ.પા.ગો.શ્રીરવિન્દ્રકુમારજી મહોદયની ઉપસ્થિતિમાં પ્રભાત ફેરી નીકળી જેમાં પ્રભુ–ભજન–વધાઈ–ધોળપદ કિર્તન ગાન કરતાં શહેરનાં રાજમાર્ગો પર ફરી આપશ્રીનાં નિવાસસ્થાને પૂર્ણ થયેલ.

સાંજે ૬–૦૦ કલાકે ઉત્સવ નાયક શ્રીમદ્ આચાર્ય ચરણ જગદગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ચિત્રજીને સુખપાલમાં પધરાવી પૂ.પા.ગો.શ્રીભાગવત બાવા તથા પૂ.પા.ગો.શ્રીચિતુ બાવા (ઘનશ્યામલાલજી)ની ઉપસ્થિતિમાં અગ્રણી વૈષ્ણવો તેમજ વિશાળ વૈષ્ણવ વૃંદ પાંચ કિર્તન મંડલી, ચંદ્રસરોવર રાસમંડળ તથા પાઠશાળાના બાલકો–બાલીકાઓ– યુવક યુવતીઓની રાસમંડલી– પુષ્ટિ ધ્વજરક્ષક ઘોડેસવાર, શરણાઈ નગારા વાદક, બેન્ડવાજા, મહીલાઓનાં રાસમંડળ, વિવિધ પ્રકારના ફલોટો સાથે વિશાળ શોભાયાત્રા, શ્રીબાલકૃષ્ણલાલજી હવેલી, દરબાર ગઢથી શરૂ થઈ સોની બજાર– માંડવી ચોક– કોઠારીયા નાકા– ભુપેન્દ્ર રોડ– રાજશ્રી સીનેમાથી સાંગણવા ચોક– ધર્મેન્દ્રરોડ– પરાબજાર થઈ શ્રીસાત સ્વરૂપ હવેલીએ પહોંચેલ જ્યાં વધાઈ કિર્તન બાદ આપશ્રીના વચનામૃત– કેસર સ્નાનનો લાભ પ્રાપ્ત થયેલ.

સમગ્ર ઉત્સવ આયોજનમાં રાજકોટ વૈષ્ણવ સમાજ–આં.રા.પુ.વૈ.પરિષદ– શ્રીમદનમોહન યુવક મંડળ– શ્રીવલ્લભ યુવક મંડળ– શ્રીદ્વારિકેશ પુષ્ટિ સેવા સમિતિ– શ્રીસર્વોત્તમ સ્તોત્ર મંડળ– શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ– પુષ્ટિમાર્ગીય પાઠશાળાઓ– રાજકોટ વૈષ્ણવ કિર્તન મંડલી– કેશરીયા મંડલી– બજરંગવાડી મંડલી– નિલકંઠ વિસ્તાર મંડલી– શ્રીજશુબાઈ મંડાણ ટ્રસ્ટ– શ્રીસાતસ્વરૂપ હવેલી ટ્રસ્ટ– ચંદ્રસરોવર રાસમંડળ– દરેક હવેલીના સત્સંગ મંડળો– મહિલા મંડળો– શ્રીજી ખીરક ગૌશાળા...... વિગેરે પુષ્ટિમાર્ગીય સંસ્થાઓએ આનંદભેર ભાગ લઈ ઉત્સાહ દર્શાવેલ.

અમરેલી, વૈષ્ણવ જનકલ્યાણ મહોત્સવ અને પુષ્ટિપર્વ

"સાધતા એક્યને પોષતા પ્રેમને પ્રેરણાપાન કરાવે, રક્ષતા ધર્મને સ્પર્શતા ભાવને ઉત્સવો માનવીને સજાવે"

નિકુંજનાયક શ્રીદ્વારકાધીશ પ્રભુ તથા શ્રીલાલજી પ્રભુના અસીમ અનુગ્રહથી તથા નિ.લી.પ.પૂ.ગો.૧૦૮ શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી (પૂ.દાદાશ્રી) તથા નિ.લી.પ.પૂ.ગો.૧૦૮ શ્રીવિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી (પૂ.કાકાજી)નાં શુભાશીર્વાદથી અખંડ ભૂમંડલાચાર્ય જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રાગટય પીઠના ગૃહાધિપતિ પ.પૂ.ગો.૧૦૮ શ્રીવ્રજજીવનલાલજી મહારાજશ્રીનાં પ્રમુખસ્થાને એવમ્ માર્ગદર્શન હેઠંળ તથા પ.પૂ.ગો.શ્રીદ્વારકેશલાલજી મહોદય તથા પ.પૂ.ગો. શ્રીપુરૂષોત્તમલાલજી મહોદયના અધ્યક્ષસ્થાને આપણી આ સૌરાષ્ટ્રની ભૂમિનાં પરમ ભાગ્યરૂપ સૌરાષ્ટ્રના ઈતિહાસમાં સૌપ્રથમ કહી શકાય તેવા 'વૈષ્ણવ જનકલ્યાણ મહોત્સવ એવમ્ પુષ્ટિપર્વ'' નું અલૌકિક આયોજન વૈશાખ સુદ ૧૫ શુક્રવાર તા.૩૦–૪–૯૯ થી વૈશાખ વદ ૮, રવિવાર, તા. ૯–૫–૯૯ સુધી અમરેલી શહેરમાં રાખવામાં આવ્યું છે. જેના અંતર્ગત ધાર્મિક, સામાજિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમોની ત્રિવેણી સરિતા વહેશે. જેમાં સ્નાન કરીને પાવન થવાનું સૌભાગ્ય સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિને મળશે.

આવો, આ અલૌકિક અવસરમાં તન, મન અને ધનથી સાથ સહકાર અને સેવા આપી આપણા આ પુષ્ટિપર્વના

ગૌરવને જાગૃત કરીએ. સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિને આ અલૌકિક આયોજનનો લાભ લેવા ભાવભીનું નિમંત્રણ છે. જો ચૂકી જશો તો જીવનમાં ઘણું બધું ચૂકી જવાશે.

સમગ્ર આયોજનનું શુભ સ્થળ

"શ્રીવલ્લભાચાર્ય નગર" મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલનું પટાંગણ,
ગાંધીબાગ પાસે, અમરેલી. ૩૬૫ ૬૦૧. ફોન નં. ૨૭૪૩૦ / ૨૭૪૩૧ / ૨૭૪૩૨

☐☐ કાર્યક્રમ ☐☐

☐ તા. ૩૦–૪–૯૯ શુક્રવાર : શોભાયાત્રા – યુવાસંમેલન – 'શ્રી'ના પુષ્પકુંજના મનોરથનાં દર્શન.

☐ તા. ૧–૫–૯૯ શનિવાર : પુષ્ટિ ધ્વજવંદન– મંગલદીપનું પ્રાગટય– પોથીજીનું પૂજન – ચંપારણ્યથી પધારેલા શ્રીમહાપ્રભુજીનાં પુષ્ટિ વિજય ધ્વજનું આરોહણ.

☐ તા. ૨–૫–૯૯ રવિવાર : નેત્રયજ્ઞ – કથા – નંદ મહોત્સવ પલના – મંદિરમાં. શ્રીનાથજીનાં ધ્વજાજીની પધરામણી. ફૂલની સાંજીના મનોરથનાં દર્શન.

☐ તા. ૩–૫–૯૯ સોમવાર : શ્રીનાથજીનાં ધ્વજાજીનું આરોહણ થશે – કથા – આપશ્રીનાં વચનામૃત – 'શ્રી'ના કુનવારાનાં મનોરથનાં દર્શન– કીર્તન સંમેલન.

☐ તા. ૪–૫–૯૯ મંગળવાર : દંતયજ્ઞ– કથા– આપશ્રીનાં વચનામૃત– 'શ્રી'ના બગીચાનાં મનોરથનાં દર્શન– સામુહિક માળા પહેરામણી તથા સૌરાષ્ટ્રની પ્રખ્યાત મંડલી દ્વારા ઢાઢી લીલા.

☐ તા. ૫–૫–૯૯ બુધવાર : રક્તદાન શિબિર– કથા– શ્રીનાથજીનાં ધ્વજાજી વિજય થશે– 'શ્રી'ના ફુલનાં બંગલાનો મનોરથ.

☐ તા. ૬–૫–૯૯ ગુરૂવાર : માથાનાં વાળ તથા સાંધાના રોગોનો નિદાન કેમ્પ– કથા– આપશ્રીનાં વચનામૃત તથા ગોવર્ધન પૂજા અન્નકૂટ દર્શન– સંતવાણી.

☐ તા. ૭–૫–૯૯ શુક્રવાર : કથા– આપશ્રીનાં વચનામૃત– 'શ્રી' ના શયનનાં દર્શન.

☐ તા. ૮–૫–૯૯ શનિવાર : સર્વોત્તમ યજ્ઞ પ્રારંભ– શ્રીફળ હોમાશે– 'શ્રી'ના શયનનાં દર્શન– આશીર્વાદ સમારંભ તથા સંપ્રદાયમાં વિવિધ ક્ષેત્રે સેવા આપનાર પ્રતિભાઓનું પૂ.મહારાજશ્રી દ્વારા સન્માન.

☐ તા. ૯–૫–૯૯ રવિવાર : 'શ્રી' નો છપ્પનભોગ મહોત્સવ. દર્શન ખુલવાનો સમય બપોરે ૩–૦૦ પછી.

☐ તા. ૧–૫–૯૯ થી તા. ૯–૫–૯૯ સુધી શ્રીમહાપ્રભુજીનાં ૮૪ બેઠકજી તથા સેવા સાહિત્યનાં પ્રદર્શનનો દર્શનનો સમય સવારે ૯–૦૦ થી બપોરે ૧–૦૦, સાંજે ૩–૦૦ થી રાત્રે ૮–૦૦ સુધી.

કેસેટ પરિચય

શ્રી પુષ્ટિ ભક્તિ કિર્તન

વસંત– ધમાર – હોરી – રસિયાના પદોની કેસેટ–૨

રાજકોટમાં તા.૧૪–૨–૯૯ ના રોજ શ્રીપુષ્ટિમાર્ગીય પાઠશાળા રાજકોટના ઉપક્રમે શ્રીપુષ્ટિ ભક્તિ કિર્તન તથા રાસનો કાર્યક્રમ યોજાયેલ.

આ કાર્યક્રમમાં પૂ.પા.ગો.૧૦૮ શ્રીશ્યામસુંદરજી મહારાજશ્રી (બોરીવલી–મુંબઈ)વાળાએ આપના સુમધુર કંઠે વસંત–ધમાર–હોરી–રસિયાના પદોનું ગાન કરેલ. ઉપસ્થિત ભાવિક શ્રોતા વૈષ્ણવો કાર્યક્રમ સાંભળી સંગીતના સુમધુર સુર સાથે ભાવવિભોર બની ગયેલ.

આ કાર્યક્રમની ઓડીયો કેસેટ–૨ (પુસ્તિકા સાથે)નો સેટ–૧ વૈષ્ણવોની માંગણીથી બહાર પાડવામાં આવેલ છે. જે વૈષ્ણવોનાં ઘરમાં અચૂક વસાવવા લાયક છે.

સી / ૯૦ સારી ક્વોલિટીની ઓડીયો કેસેટ (૨) સાથે ગવાયેલ પદોની, મલ્ટીકલર સુંદર ચિત્રજીવાળી પુસ્તિકાનો સેટ–૧ સીલબંધ કવરમાં મેળવશો. ન્યોછાવર રૂ.૮૦/–

કેસેટ પ્રાપ્તિસ્થાન : ભુપેન્દ્રભાઈ ધાબલીયા 'પનઘટ', ૪– કડીયાનવલેન, ધર્મેન્દ્ર રોડ, રાજકોટ. ફોન. ૨૨૨૬૭૭.
– શ્રી બાલકૃષ્ણ પુસ્તકાલય, હવેલી શેરી, દરબારગઢ પાસે, રાજકોટ.

કાવ્ય – કુંજ
લીલા રસિક કૃષ્ણ કનૈયો

દેખો બિરાજે શ્યામ સુંદર કનૈયા
યમુના નિકુંજ તરુ શાખા ઓથે, પ્રેમ દોર બંધાયી;
રાધા જીવન નૈયા રે. દેખો...
મયુર મુગુટ શિર સોહે, જાઈ પુષ્પ બાજુબંધ, કમળ પાંખડી કાને કુંડળ,
મંદાર પુષ્પ ઉત્તરીયા રે. દેખો...
મોહિની ગુલબાસ ડોલર કેતકિ હાર કંઠે, તુલસી વનમાલ, કમલ લાકડી;
નિરખતાં દુઃખ ભુલૈયા રે. દેખો...
ગગન રમણી ચાંદની રાતે, શ્રીકૃષ્ણ ચંદ્ર સંગ રાધા રમણી;
હાંકે સુશોભિત પુષ્પ નૈયા રે. દેખો...
અગણિત ગોપી નૈયા બિરાજે, કર ધરી મૃદંગ વીણા વંશી;
યુગલ હસ્ત દે તાળીયા રે. દેખો...
વિધ વિધ રાગ ગવાયે, સંગ સાજ ભૈરવ મેઘમલાર માલકોશ દીપક;
ગાયે સૌ સખીયા રે. દેખો...
ચાંદની રાત માસ વૈશાખે, લતા માધવી ઝુંડ શોભિત તટ;
માલતી પુષ્પ સુગંધ વાયુ વાયા રે. દેખો...
શ્રીજીચરણ અનુરાગી રાજે, ગુરુશ્રીવલ્લભચરણ હૃદય ધરી;
શ્રીકૃષ્ણ રાસલીલા દર્શન કાજ લોભાયા રે. દેખો...

– શ્રીજીચરણઅનુરાગી, અમદાવાદ.

પૃષ્ઠ પ્રકાશન સહાયક ૧૦૦/– પ.ભ. શ્રીકમળાબેન દેસાઈ (વડોદરા)નાં જયશ્રી કૃષ્ણ.

અનુકરણીય આ. ગ્રા.નં.૬૩૭ હરેશકુમાર અરજણભાઈ વૈષ્ણવ જુનાગઢ દ્વારા રૂ.૧૦૦/– વિશેષ લવાજમ સહાયતા પ્રાપ્ત થયેલ છે જે અનુકરણીય છે.

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં. ૧૫૨૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

લેહુ છિનાય મન દંડમેં,
નાથ ! ઔર નહિ ધન્ન;
રાખો મો નિજ દૂતકી,
ચોકીમેં નિસદિન્ન. (૧૦)

ટીકા :

"હે નાથ ! મેં અનુચિત કામ કર્યાં ત્યારે હું તમારો ચોર ઠર્યો, ત્યારે મારો દંડ લેવો ઘટે, તે તો ખરો, પણ મારી પાસે દંડમાં આપવાનેં બીજું તો કાંઈ ધન છે નહીં, મારી પાસે તો એક મારું મન રહ્યું છે, તે મારાથી અપાશે નહીં. માટે જો તમે જોરાવરી ખેંચી લ્યો ને મને ગુન્હેગાર છું, માટે તમારા નિજ દૂત કહેતા અંતરંગ ભક્તની મંડલીમાં રાખો. (૧૦)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૩૭૦૭૧.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૩ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ જૂન, ૧૯૯૯

વચનસુધા

જેમ આપણે વિચાર કરીએ કે ક્રિશ્ચાનીટીમાં (ખ્રીસ્તી ધર્મમાં) અથવા બીજા લોકો એ માને છે કે, માણસ અહિંયા **"પાપથી પેદા થયો"** વલ્લભાચાર્યે, એક વિશેષ દ્રષ્ટિકોણ આપણને આપ્યો કે માણસ અહિંયા ભગવદ્ સેવા માટે આવ્યો, ને તેના જ માટે દેહ ધારણ કરે છે. આ પુષ્ટિમાર્ગની જે ગુરૂ છે, વ્રજાંગનાઓ એ કહે છે કે **"ત્વયિધૃતાસવં"** અને પ્રભુ માટે જીવવાનો માર્ગ, એ પ્રભુ માટે જીવન કે સ્વધર્મ માટે જીવન અને તેનો વિચાર– એક વ્યાવહારિક વિચાર અથવા 'લીવીંગ ફીલોસોફી' (જીવન–દર્શન) જેને કહી શકાય. દર્શન માટે મારી દ્રષ્ટિએ ફીલોસોફી શબ્દ બરોબર નથી પણ આજકાલ ચાલે છે તો ચલાવો ! એટલે એક રચનાત્મક દર્શન આપણને મળ્યું. સાથે વલ્લભાચાર્યના પ્રતાપથી અને શ્રીવિઠ્ઠલેશપ્રભુ ચરણનાં પ્રતાપથી એમ કહી શકાય કે – જેના માટે ગોપાલદાસે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો કે **'ચરણ ચાંખડી વંદે રાણો રાણ'** આટલો પ્રતાપ, આટલી વિદ્યા, આ બધું વર્ચસ્વ હોવા છતાં પણ વલ્લભાચાર્યે નિઃસાધન ભક્તિમાર્ગનો પ્રચાર કર્યો.

(નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૩)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દઢ બનાવો.

શ્રી વલ્લભસુધા વાર્ષિક લવાજમ રૂ. ૪૦
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧ આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

અધિક જેઠ વદ ૧૧ તા.૧૦–૬–૯૯ ગુરૂવાર : કમલા એકાદશી વ્રત.

અધિક જેઠ વદ ૩૦ તા.૧૩–૬–૯૯ રવિવાર : દર્શ અમાવસ્યા– અધિક માસ સમાપ્તિ.

જેઠ સુદ ૧ તા. ૧૪–૬–૯૯ સોમવાર : ગંગા દશહરા પ્રારંભ. પનઘટ– જલક્રિડા. શ્રીયમુનાજીનાં પદ બોલાય.

જેઠ સુદ ૨ તા.૧૫–૬–૯૯ મંગળવાર : ગો. શ્રીદ્વારકેશલાલજી બાવાશ્રી (કાંદીવલી–અમરેલી)નો જન્મદિન.

જેઠ સુદ ૪ તા.૧૭–૬–૯૯ ગુરૂવાર : ગો. શ્રીકુંજરાયજી (શ્રીયોગેન્દ્રકુમારજી) બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

જેઠ સુદ ૫ તા. ૧૮–૬–૯૯ શુક્રવાર : રશ્મિકાર યોગી શ્રીગોપેશ્વરજીનો પ્રાકટયદિન (સં.૧૮૩૬). ગો.શ્રીવાગીશકુમારજી બાવાશ્રી (કાંકરોલી–વડોદરા)નો તથા ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી (ચાંપાનેસી–જામનગર)નો જન્મદિન.

જેઠ સુદ ૮ તા.૨૧–૬–૯૯ સોમવાર : ગો.શ્રીમુકુન્દરાયજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૦ તા.૨૩–૬–૯૯ બુધવાર : ગંગાદશમી, ગંગા દશહરા સમાપ્તિ. શ્રીયમુનાજીનો ઉત્સવ.

જેઠ સુદ ૧૧ તા.૨૪–૬–૯૯ ગુરૂવાર : નિર્જલા એકાદશી વ્રત (ભીમ અગીયારસ). ગો.શ્રીપ્રબોધકુમારજી બાવાશ્રી (મથુરા–ધોરાજી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૪ તા.૨૭–૬–૯૯ રવિવાર : સ્નાનયાત્રા– જયેષ્ઠાભિષેક. શિક્ષાપત્રનાં ટીકાકાર ગો.શ્રીગોપેશ્વરજીનો પ્રાકટયદિન (સં.૧૬૪૯) તથા ગો.શ્રીવ્રજાલંકારજી બાવાશ્રી (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

જેઠ સુદ ૧૫ તા.૨૮–૬–૯૯ સોમવાર : મન્વાદિ તિથિ. ગો.શ્રીગોપીકાલંકાર બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા– રાજકોટ)નો જન્મદિન.

જેઠ વદ ૬ તા. ૫–૭–૯૯ સોમવાર : ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (મુંબઈ–પાર્લા–કિશનગઢ)નો જન્મદિન.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદામ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ. ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૮ અંક : ૩ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ☐ જૂન, ૧૯૯૯

॥શ્રી હરિઃ ॥

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

અપરાધ બાવીશમો : "વસ્ત્ર ઋતુ અનુસાર તથા ભૂષન ઋતુ અનુસાર કરેં"

શ્રીઠાકોરજીને શ્રીઅંગે ધરાવવાના વસ્ત્ર તથા આભૂષણો ઋતુ અનુસાર હોવા જોઈએ, જેમકે દશહરાથી પ્રબોધની સુધી જરીના વસ્ત્રો, ત્યારબાદ શિતકાલમાં સાટીન (રેશમી) ના મલમલના અસ્તરવાળા વસ્ત્ર તથા રૂ ભરેલ આત્મસુખ વાઘો, તેમજ રૂ ભરેલ ટોપા ફરગુલ, વગેરે પ્રભુના સુખનો વિચાર કરીને ધરાવાય.

ઉષ્ણકાલમાં કોમળ મલમલના સફેદ, કે આછા ફુલગુલાબી, ચંદની વસ્ત્ર તે પણ સુક્ષ્મ, પાગ, પીછોડા, તનીયા, આડ બંધ ધરાવાય. ઉષ્ણકાલમાં આભરણો પણ મોતીના, છીપના, સુક્ષ્મ ધરાવાય. વિશેષમાં ફુલના શ્રૃંગાર થાય. જ્યારે દિવાળીના દિવસોમાં ખૂબ ભારી જડાઉના મીનાકારીના આભરણો ધરાવાય. વસંતના ખેલના દિવસોમાં સોનાના આભરણો ધરાવાય.

વસ્ત્ર, આભૂષણ વગેરે પોતાની સંપત્તિની પહોંચ પ્રમાણે કરી શકાય, પણ ઋતુથી વિપરીત ઉષ્ણકાલમાં જરીના–સાટીનના વસ્ત્રો કે જડાઉના–મીનાકારીના ભારી આભરણો ધરવાથી અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

પંચપદ્યાનિ

શ્રીપુરૂષોત્તમજી કૃત વિવરણ

ભાષાંતર— પ.ભ. શ્રીબાબુભાઈ પી. નાયક – કડી.

શ્રીપુરૂષોત્તમજી આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિની નામનો ગ્રંથ લખ્યો છે. તેમાં આપશ્રી નિરૂપણ કરે છે કે ભક્તિના બીજભાવની દઢતા થયા પછી ભક્તિની વૃદ્ધિ માટેનું સાધન શ્રવણ અને કીર્તન છે. ભક્તિબીજની દઢતા માટે પૂજા, શ્રવણ, કીર્તન વગેરે નવ પ્રકારની ભક્તિના સાધનો કરવા આપશ્રી આજ્ઞા કરે છે. તેમાં 'શ્રવણ' એટલે શું તે સમજાવવા આપશ્રી કહે છે કે 'ભગવાન વિશે જે કંઈ કહેવામાં આવે તે સાંભળ્યા પછી ભગવાનની શક્તિના તાત્પર્યનો નિર્ધાર કરવો તેનું નામ 'શ્રવણ'. ભગવાન વિશે જે કંઈ કહેવામાં આવ્યું હોય તેનું સાંભળનાર પોતાના મોઢેથી ઉચ્ચારણ કરે (કહે) તેનું નામ 'કીર્તન'. આમ ભક્તિવર્ધિની ગ્રંથમાં 'શ્રવણ' અને 'કીર્તન'નું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. ત્યાગ કર્યા પછી જીવ શ્રવણ અને કીર્તન કરે તો જ તેનામાં ભક્તિની વૃદ્ધિ થાય તેનું કારણ શું ?

બીજો પ્રશ્ન ત્યાગ કર્યા પહેલા શ્રવણ–કીર્તન / ભક્તિનું બીજ દઢ કરવાનાં સાધનો જ બની રહે તેવું કેમ? જીવને આ જાણવાની સહજ ઈચ્છા થાય. આ માટે શ્રીમહાપ્રભુજી નિરોધલક્ષણ ગ્રંથમાં કહે છે કે :

મહતાં કૃપયા યાવદ્ ભગવાન્ દયિષ્યતિ।
તાવદ્ આનંદસન્દોહઃ કીર્ત્યમાનઃ સુખાય હિ ॥ (નિ.લ.–૪)

જ્યાં સુધી મોટાઓની (વ્રજભક્તોની) કૃપાથી ભગવાન આપણા પર દયા કરે ત્યાં સુધી આનંદસાગર પ્રભુની લીલાઓનું સ્મરણ કરવું. તે ચોક્કસ સુખરૂપ થાય છે.

મહતાં કૃપયા યદ્વત્ કીર્તન સુખદં સદા।
ન તથા લૌકિકાનાં તુ સ્નિગ્ધભોજનરૂક્ષવત્ ॥ (નિ.લ.–૫)

જેવી રીતે મોટાઓની કૃપાથી ભક્તોએ કરેલું ભગવાનની લીલાઓનું કીર્તન હંમેશા સુખ આપનારું થાય છે. તેવી રીતે લૌકિક જીવોનું લૌકિક વિષયોનું કીર્તન સુખ આપતું નથી. પ્રથમ બતાવેલું કીર્તન ઘીવાળા ભોજન જેવું છે. જ્યારે બીજું લૌકિક કીર્તન લુખ્ખા ભોજન જેવું છે.— ૫

આમ, મોટાઓની (વ્રજભક્તોની) કૃપાથી થતું કીર્તન ભક્તના હૃદયમાં આનંદ ઉપજાવનારું બને છે. મોટાઓની કૃપા વડે ભક્તોએ કરેલું કીર્તન જેવું સુખ આપનારું થાય છે, તેવું લૌકિક કીર્તનસુખ આપનારું થતું નથી. તે દૃષ્ટાંતથી સમજાવ્યું કે ઘીવાળા ભોજનથી આનંદ થાય છે. લુખ્ખું ભોજન અરૂચિકર લાગે છે. આમ લૌકિક કીર્તન કરતાં અલૌકિક કીર્તનની ઉત્તમતા બતાવી છે. બંને પ્રકારનાં કીર્તનોમાં જે ભિન્નતા બતાવી છે તેવી ભિન્નતા 'શ્રવણમાં' નથી બતાવી. તેથી આ પાંચ શ્લોકોમાં શ્રીમહાપ્રભુજીએ 'શ્રવણ'નું સ્વરૂપ બતાવ્યું છે. તેમાં

ઉત્તમ પ્રકારની ભક્તિ કરનાર ત્યાગીનો ભાવ બતાવ્યો છે. **'શ્રીકૃષ્ણરસવિક્ષિપ્તાઃ હરેઃ ભક્તાઃ'** શ્રીકૃષ્ણના રસ વડે જેમનું મન વિક્ષિપ્ત થાય છે તેવા શ્રીહરિના ભક્તોનું નિરૂપણ કર્યું છે.

પ્રથમ તો શ્રીકૃષ્ણની ભક્તિની વૃદ્ધિ કરનારા ઉત્તમ (ઉત્કુષ્ટ) ભાવવાળા ત્યાગી હરિ–ભક્તો વિશે કહે છે. શ્રોતાઓએ પોતાનામાં ભક્તિભાવની વૃદ્ધિ માટે અને શ્રવણફલની સિદ્ધિ માટે શ્રવણના ઉત્કર્ષ માટે વક્તાની પરીક્ષા કરીને શ્રોતાનો સંગ કરવો. તેવું 'જલભેદ ગ્રંથ' માં શ્રીમહાપ્રભુજી પ્રતિપાદન કરે છે. તે માટે વક્તાએ પણ કીર્તનના ફલની સિદ્ધિ માટે શ્રોતાના શ્રવણના ભાવની પરીક્ષા કરી. તેને શ્રવણ કરાવવું જોઈએ. શ્રીમદ્ ભાગવતના ત્રીજા સ્કંધમાં વિદુર–મૈત્રેયના સંવાદમાં એક બીજાના પરસ્પરના સંવાદ વડે એક બીજામાં જ્ઞાનનું પ્રમાણ કેટલું છે, કેવી રીતનું છે તેનું પ્રતિપાદન કરેલું છે. તેથી શ્રીમહાપ્રભુજી કીર્તનની સિદ્ધિ માટે શ્રોતાઓ વિશે કહે છે.

શ્રીકૃષ્ણરસવિક્ષિપ્તમાનસા રતિવર્જિતાઃ।
અનિર્વૃતા લોકવેદે તે મુખ્યાઃ શ્રવણોત્સુકાઃ ॥૧॥

શબ્દાર્થ : શ્રીકૃષ્ણરસ વિક્ષિપ્તમાનસાઃ– શ્રીકૃષ્ણના રસથી જેનું મન વિક્ષિપ્ત થયેલું છે તેવા મનવાળા; રતિવર્જિતાઃ– ભગવાનની સાથે જેને બહાર રમણ નથી તેવા; અનિર્વૃતાઃ– અસ્વસ્થ; લોકવેદે– લોકમાં અને વેદમાં; તે– તેઓ; મુખ્યાઃ– મુખ્ય; શ્રવણોત્સુકાઃ– સાંભળવા માટે ઉત્સાહી.

ભાવાર્થ : શ્રીકૃષ્ણના રસ વડે જેનું મન વિક્ષિપ્ત થયેલું છે તેવા મનવાળા, ભગવાનની સાથે જેમને બાહ્ય રમણ નથી તેવા, લોકવેદમાં અસ્વસ્થ અને કથા–શ્રવણમાં ઉત્સાહવાળા શ્રોતાઓજ કથા–શ્રવણના મુખ્ય અધિકારી છે. ૧

વિવરણ : 'અનિર્વૃતાઃ લોકવેદે' કહીને લોકવેદનો જેમણે ત્યાગ કર્યો છે તેવા શ્રોતા વિશે શ્રીપુરૂષોત્તમજી સમજાવે છે. કેટલાક શ્રોતાઓ લોકવેદમાં અસ્વસ્થ હોય છે. 'રતિવર્જિતાઃ' વિશેષણથી સમજાવે છે કે ભગવાન બહાર પ્રગટ થઈને તે ભક્તોને સંવાદ, ક્રીડા, વગેરેનું સુખ નથી આપતા. નિરોધલક્ષણ ગ્રંથમાં કહ્યું છે કેઃ

ક્લિશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્।
તદા સર્વં સદાનંદં હૃદિસ્થં નિર્ગતં બહિઃ ॥ (નિ.લ. ૭)

ભગવાનની પ્રાપ્તિ માટે ભક્તોને વ્યાકુળ થતા જોઈને પ્રભુ જ્યારે કૃપા કરે છે ત્યારે હૃદયમાં રહેલા પૂર્ણપુરૂષોત્તમ સદાનંદ ભગવાન બહાર પ્રગટ થાય છે. ૭

સર્વાનંદમયસ્યાપિ કૃપાનંદઃ સુદુર્લભઃ।
હૃદ્ગતઃ સ્વગુણાન્ શ્રુત્વા પૂર્ણઃ પ્લાવયતે જનાન્ ॥ (નિ.લ.૮)

પૂર્ણાનંદમય પ્રભુનો કૃપાનંદરૂપી આનંદ પ્રાપ્ત થવો અત્યંત દુર્લભ છે. ભક્તોનાં હૃદયમાં રહેલ પ્રભુ પોતાના ભક્તોના મુખેથી પોતાના ગુણોને ગવાતા સાંભળીને કૃપાથી પરિપૂર્ણ બની ભક્તોને આનંદરૂપી રસમાં તરબોળ કરી દે છે. ૮

ઉપરનાં બે શ્લોકોમાં ભક્તનો જે અધિકાર બતાવ્યો છે તેવો અધિકાર હજુ શ્રોતાને પ્રાપ્ત થયો નથી માટે શ્રોતાને 'રતિવર્જિતાઃ' કહ્યા છે. તેનાં પહેલા ગુણગાનનો અને કીર્તનનો

ઉત્તમ અધિકારી કહ્યો છે. તે બંને અધિકારનો સમાવેશ 'રતિવર્જિતાઃ' માં થયો છે. તેથી તેવા શ્રોતાને અહીં 'શ્રીકૃષ્ણરસવિક્ષિપ્તમાનસાઃ' અને 'શ્રવણોત્સુકાઃ' કહેલા છે. શ્રીકૃષ્ણના રસ વડે જેમનું મન વિક્ષિપ્ત થયેલું છે તેવા અને કથા–શ્રવણમાં ઉત્સાહવાળા કહ્યા છે. જે શ્રોતાનું મન શ્રીકૃષ્ણના રસ વડે વિક્ષિપ્ત થાય તેને સ્વાર્થનું અનુસંધાન રહેતું નથી. આવા શ્રોતાને પુષ્ટિમાર્ગીય શ્રોતા જાણવા. જેઓ શ્રવણમાં ઉત્સાહવાળા છે તે 'મુખ્યાઃ' મુખ્ય અધિકારી જાણવા.

આવું કહેવાથી જે ભક્તો કીર્તનના બીજા અધિકારી છે અને ગુણગાનમાં પ્રથમ અધિકારી છે તે બંનેને સરખાજ સમજવા. કીર્તન અને ગુણગાન ભગવાનનું જ્ઞાન થયા પછી થાય છે. ભગવદ્જ્ઞાન શ્રવણથી થાય છે. તેથી જેને ભગવાનનું જ્ઞાન હોય તેને જ શ્રવણ સિદ્ધ થાય છે. શ્રીમદ્ ભાગવતજીમાં નિમિરાજાએ યોગેશ્વરોને પ્રશ્ન કરેલો કેઃ

રાજોવાચ : અથ ભાગવતં બ્રૂત યદ્ધર્મો યાદશો નૃણામ્ ।
યથા ચરતિ યદ્ બ્રૂતે યૈ ર્લિંગૈર્ભગવત્પ્રિયઃ ॥ (ભાગ ૧૧–૨–૪૪)

હે યોગેશ્વર! હવે આપ કૃપા કરીને ભગવદ્ ભક્તનાં લક્ષણોનું વર્ણન કરો. તેના ધર્મો શું છે ? તેનો સ્વભાવ કેવો હોય છે ? મનુષ્યો સાથે વ્યવહાર કરતી વખતે તે કેવું આચરણ કરે છે ? તે શું બોલે છે ? અને કયાં લક્ષણોથી તે ભગવાનનો પ્રિય બને છે ?

આ પ્રશ્નનો જવાબ યોગેશ્વર હરિજી નિમિરાજાને નીચે પ્રમાણે આપે છે.

હરિરુવાચઃ સર્વભૂતેષુ યઃ પશ્યેદ્ ભગવદ્ભાવમાત્મનઃ ।
ભૂતાનિ ભગવત્યાત્મન્યેષ ભાગવતોત્તમઃ ॥ (ભાગ. ૧૧–૨–૪૫)

હે રાજન્ ! આત્મસ્વરૂપ ભગવાન સર્વ પ્રાણીઓમાં બિરાજે છે. સાથે સાથે સર્વ પ્રાણી અને સર્વ પદાર્થો આત્મસ્વરૂપ ભગવાનમાં જ બિરાજેલાં જુએ અથવા વાસ્તવમાં ભગવદ્સ્વરૂપ જ છે એવું અનુભવે. તેની સિદ્ધ દૃષ્ટિ છે. તેથી તેને ઉત્તમ ભક્ત જાણવો તેવો ભક્ત ભગવાનને બહુ પ્રિય છે તેમ સમજવું.

આમ યોગેશ્વર હરિજીએ અગિયાર શ્લોકથી કર્મ, જ્ઞાન અને ભક્તિમિશ્ર ભક્તોનાં ગુણોનું વર્ણન કરેલું છે. જેની સમજૂતી શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ કરેલી છે. તો શંકા થાય કે તે જ ભક્તો વિશે અહીં કેમ નિરૂપણ કર્યું નથી ? તેના સમાધાનમાં કહે છે કે નિમિરાજાએ ભગવાનનાં સાધારણ (સામાન્ય) ભક્તો વિશે પ્રશ્ન પૂછયા નથી. તેથી મુખ્ય ભક્તોનાં ગુણોનું અહીં નિરૂપણ કર્યું નથી. હવે તેના ફલનું નિરૂપણ કરે છે.

વિસૃજતિ હૃદયં ન યસ્ય સાક્ષાત્ હરિરવશાભિહિતોપ્યઘૌઘનાશઃ ।
પ્રણયરશનયા ધૃતાંઘ્રિપદ્મઃ સ ભવતિ ભાગવતપ્રધાન ઉક્ત ॥

ભગવાન કોઈને વશ નથી. તો પણ પાપોના સમૂહનો નાશ કરનાર ભગવાનનું ચરણાવિંદ સ્નેહરૂપી દોરીથી જેણે બાંધી લીધું છે. એટલે જેના હૃદયને ભગવાન છોડતા નથી તે ભક્ત મુખ્ય ભગવદીય ગણાય છે.

આથી સમજવાનું કે ભક્તના હૃદયમાં ભગવાન હંમેશા બિરાજે છે તે ઉત્તમ લક્ષણવાળો ભગવદીય છે; પરંતુ જે ભક્તના હૃદયમાં ભગવાન બિરાજે છે તેનું જ્ઞાન તે ભક્તને જ થાય છે. બીજાને તેવા ભગવદીયની ખબર પડતી નથી. તેથી તેવા ભગવદીયનો સંગ કરવા માટે તે

ભગવદીયનું લક્ષણ કોઈ વૈષ્ણવના ઉપયોગમાં આવતું નથી. પછી તે ભગવદીય ઉત્તમ છે તે કેવી રીતે જાણી શકાય? આવા ભગવદીયને ઓળખવાનું નિરૂપણ અહીં કર્યું છે. જે ભગવદીય પુષ્ટિમાર્ગનો છે તેના વિશે જ અહીં તો કહેવામાં આવે છે. નિમિરાજાએ હરિજી યોગેશ્વરે ઉત્તમ ભક્તનાં લક્ષણો કેવા હોય તે વિશે કહ્યું.

હવે મૂળ શ્લોકમાં તો કહ્યું છે કે ઉત્તમ ભક્તનાં લક્ષણોમાં પહેલું લક્ષણ તો તે ભક્ત શ્રીકૃષ્ણરસ વિક્ષિપ્તમાનસાઃ અને રતિવર્જિતાઃ એમ બે મુખ્ય લક્ષણવાળો હોવો જોઈએ. પહેલા લક્ષણથી બતાવ્યું છે કે તે ભક્ત 'શ્રીકૃષ્ણના ભજનાનંદરૂપી રસમાં જેમનું મન તલ્લીન થઈ ગયું હોય તેવા મનવાળો' અને બીજું લક્ષણ બતાવ્યું 'જે ભક્તને ભગવાનની સાથે બહાર આલાપ, વાર્તાલાપ, ક્રીડા નથી તેવો' ઉપરના બે લક્ષણ ઉત્તમ પુષ્ટિમાર્ગીય ભક્તનાં બતાવ્યાં છે.

હવે તે ભક્તનું સ્વરૂપ કેવું હોય? એવું નિમિરાજા પૂછે છે. તેનો ઉત્તર એ છે કે

— ક્રમશઃ

શ્રી હરિરાયજી વિરચિત

॥ શ્રી ગુરૂદેવાષ્ટકમ્ ॥

સમશ્લોકી અનુવાદ

અનુવાદક :— પ્રા. એમ. આર. પાલેજા

પુષ્ટિ માર્ગીય સર્વજ્ઞ, કરૂણારસપૂર્ણ જે,
શ્રેષ્ઠ ફલતણા દાતા, તે ગુરૂદેવને નમું. (૧)

પુષ્ટિ માર્ગના રહસ્યને સંપૂર્ણપણે જાણનાર, કરૂણારસસભર, સર્વોત્તમ તથા ઈષ્ટફલનું દાન કરનારા એવા શ્રી ગુરૂદેવને નમસ્કાર. ૧.

ઉધ્ધારે જીવ જે દૈવી, આનંદરૂપ અંગ જે,
ધ્યેય મારા સદા નાથ રસિકશિરતાજ છો. (૨)

દૈવી જીવોના ઉદ્ધારક, આનંદરૂપ શ્રીઅંગવાળા, જે નિત્ય મારા માટે ધ્યાન કરવા પાત્ર છે એવા હે સ્વામી ! આપશ્રી રસિક ભગવદીય જનોમાં શિરોમણિરૂપ છો. ૨.

પ્રતિબંધવિનાશી જે પુષ્ટિજ્ઞાનપ્રદીપક,
સર્વસિદ્ધાંતવક્તા જે સહે ના દુઃખ દીનના. (૩)

ભક્તિમાર્ગમાં આવતાં પ્રતિબંધોને દૂર કરનાર, પુષ્ટિમાર્ગના જ્ઞાનનું દાન કરવામાં દીપક સમાન, સર્વ સિદ્ધાંત સમજાવનાર અને દીન જનોના દુઃખને સહન નહીં કરનાર ગુરુને હું નમું છું.

સર્વ દોષો નિવારે જે, સર્વોપરિ સુખપ્રદ,
બુદ્ધિપ્રેરક ભાવાત્મા તે ગુરૂદેવને નમું. (૪)

સર્વ દોષોનું નિવારણ કરનાર, સર્વોપરિ સુખનું દાન કરનાર, સદ્બુદ્ધિના પ્રેરક, ભાવસ્વરૂપ એવા તે ગુરુદેવને હું નમન કરું છું.

સ્વરુપાંધોતણા પાપો કૃપાથી સર્વ જે હરે,
સમર્થ સર્વ કાર્યોમાં તે નિજનાથને નમું. (૫)

સ્વરૂપજ્ઞાનવિહીન એવા નિજજનોનાં સર્વ પાપો જે કૃપાથી હરે છે અને સર્વ કાર્યોમાં સમર્થ સ્વરૂપ એવા હે નાથ ! આપને હું નમન કરું છું.

રસમગ્ન હરે દુઃખો સર્વ દાને વિશિષ્ટ જે,
સર્વાંગે શોભિતા નાથ રતિપતિવિમોહક (૬)

ભગવદ્ રસમાં નિમગ્ન રહેનાર, નિજ ભક્તજનોનાં દુઃખ હરનાર, સર્વ દાન કરવામાં વિશિષ્ટ, સર્વાંગસુંદર એવા હે વિભો ! આપશ્રી કામદેવને પણ મોહ પમાડનારા છો !

ભક્તિભાવપ્રિય–પ્રાપ્ય રસજ્ઞ રસદાયક,
અતિ માધુર્ય ભંડાર દુર્લભ ભાવબોધક (૭)

ભક્તિ જેમને પ્રિય છે, જે ભગવદ્–ભાવથી મેળવી શકાય છે, જે ભગવદ્ રસના જ્ઞાતા છે, ભગવદ્ રસના દાતા છે, જે માધુર્યરસના ભંડારરૂપ છે એવા ગુરુ દુર્લભ ભાવને જતાવનારા છે.

અનન્ય ધર્મના દાતા વ્યભિચાર વિદારક
શરણાગતના ત્રાતા કાલાદિભયનાશક (૮)
કરાવે વિઠ્ઠલ પ્રાપ્તિ આધાર નિજ દાસના (૮ ૧/૨)

અનન્ય એવા પુષ્ટિધર્મનું દાન દેનારા, વ્યભિચારના અધર્મનો વિનાશ કરનાર, શરણાગત જીવોની સુરક્ષા કરનાર, કાલાદિ ભયનો નાશ કરનારા, શ્રીવિઠ્ઠલનાથજીનાં સ્વરૂપની પ્રાપ્તિ કરાવનાર આપશ્રી નિજ દાસજનોના આધારરૂપ શ્રીગુરુદેવ છો; આપને હું નમન કરું છું. ૮ ૧/૨

પુસ્તક પરિચય

નિત્ય પાઠાવલી–પદ સંગ્રહ

પુસ્તક પ્રાપ્તિસ્થાન – રવજી પ. પટેલ 'અમૃત' જલારામ–૧, માર્ગ–૩,
યુનિવર્સીટી રોડ, રાજકોટ. ૩૬૦૦૦૫.

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૨૦, પીન બાઈડીંગ, કાર્ડબોર્ડ ટાઈટલ. ન્યોછાવર રૂ.૧૨/– રજીસ્ટર્ડ પોસ્ટેજ પુસ્તક ૧ થી ૫ સુધીના રૂ.૧૫/– (પંદર) અલગ. સાદી પોસ્ટથી મોકલતા નથી.

પ્રસ્તુત પુસ્તકમાં નિત્યનિયમના સ્તોત્ર પાઠ ઉપરાંત શ્રીસુબોધિનીજી અનુસાર પ્રકરણ–અધ્યાયના વર્ણન કરતા શ્રીશોભામાજી રચિત શ્રીમદ્ ભાગવતજીના સોળ ધોળ, ચાતુરીના ૧૮ ધોળ, શ્રીયમુનાજીના ૪૧ પદ, શ્રીહરિરાયજી કૃત નિત્યલીલા, શ્રીનવરત્નનું ધોળ, શ્રીનાથજીનાં પ્રાગટયનું ધોળ, આઠ સમયના દર્શનનું ધોળ, વ્રજ પરિક્રમાનું ધોળ, શ્રીયમુનાજી તથા શ્રીમદ્ ભાગવતજીની આરતિ, આ સિવાય ભક્તિભાવ ભરેલા ધોળનો પઠનીય–મનનીય ઉમદા સંગ્રહ.

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

યોગી તરે કદા એકલો, ભક્ત તારે સહુ સંગી;
સિદ્ધ ઉદાસી રહે સદા, હોય સુંદર સંત રસ રંગી.
રંગે રસિક સેવે ગુણ ગાય, પોતે પિયે સુધા, સામાને પાય;
ભક્ત સ્નેહી સારે સહુનું કામ, ધ્યાની સાથે કોઈનું નહીં કામ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૬૧)

શબ્દાર્થ : સંત– ભક્ત, રસરંગી–રસસ્વરૂપ શ્રીકૃષ્ણનાં રંગે રંગાયેલા, સુધા– અમૃત, ઠામ–ઠેકાણું.

વિવેચન : અગાઉનાં ચંદ્રાવળામાં ઉત્તમ વર્ણ કર્મની સાથે ભક્તની તુલના કરી સમજાવ્યું હતું હવે અત્રે યોગી અને ભક્તની તુલના કરી છે. યોગી એટલે શું. યોગ કરે તે યોગી. દરેકમાંથી મનને ખેંચીને એકજ જગ્યા ઉપર બેસી સાધનાં કરે તે યોગી. યોગનાં આઠ પ્રકાર છે. જે નીચે મુજબ છે.

યમ, નિયમ, આસન, પ્રણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણાં, સમાધિ. આ અષ્ટાંગ યોગનાં પ્રકાર છે. આ આઠ પગથીયા બતાવ્યા છે. પાતંજલી યોગમાં ટુંકમાં કહ્યું છે કે ચિત્તની વૃત્તિનો નિરોધ કરવો તેનું નામ યોગ. પરંતુ યોગમાં વૈરાગ્યની ખાસ આવશ્યકતા જરૂરી છે. તે હોય તો યોગમાં સિદ્ધિ પ્રાપ્તિ થાય. તેવી રીતે વૈરાગ્યનો ભેદ પાતંજલ યોગ સુત્રમાં કહેલ છે.

(૧) યતમાન સંધ્ય– સારા સારની વિચારધારા ગુરૂનાં સદઉપદેશ વડે ધારણ કરવી.

(૨) પોતાનામાં જેટલા સદગુણો પરિપકવ થયા હોય તે જોઈને ચિત્તમાં પ્રસન્ન થવું. આ બીજું પગથીયું.

(૩) એકે ઈન્દ્રિય સંધ્ય– જોયેલા તથા સાંભળેલા વિષયો તરફ મનની પ્રવૃત્તિ દુઃખરૂપ છે. એવું સમજાય પરંતુ વાસના નિર્મુળ ન થાય તેવી સ્થિતિને એકેન્દ્રિયસંધ્ય. આ ત્રીજું પગથીયું કહ્યું.

(૪) વશીકરણ– તૃષ્ણાની શૂન્યતા (અભાવ) થવાથી જ્ઞાન પ્રસાર રૂપ ચિત્તવૃત્તિ ઉત્પન્ન થાય તેને વશીકરણ સંધ્ય, વૈરાગ્ય કહે છે.

ઉપર મુજબનાં પાતંજલી યોગનાં ચાર પગથીયા બતાવ્યા છે.

ઉપર મુજબ વૈરાગ્ય સહિત યોગ હોય તે સાધ્ય થવામાં જ વિષયો બતાવ્યા છે.

(૧)આસનાસિદ્ધિ – આસનો ૮૪ પ્રકારનાં છે. તેમાં બે મુખ્ય છે. પદ્માસન અને સિદ્ધાસન. આ બંને સાધનો સ્થિર થયા પછી ક્રમે ક્રમે બધી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

સિદ્ધિઓ આઠ પ્રકારની છે. તે નીચે મુજબ છે.

૧. અણિમા—તે સિદ્ધિ પ્રાપ્ત થયે સ્થુલ શરીરને સુક્ષ્માકાર બનાવવું (હનુમાનજી લંકા ગયા ત્યારે સુક્ષ્મરૂપે બધે ફરીને સીતાજીને શોધ્યા હતા)

૨. સુક્ષ્મ શરીરને સ્થુંળાકારે કરવું.

૩. લધિમા— ભારે શરીરને હલકું કરવું.

૪. પ્રાપ્તિ— પ્રાણી માત્રની ઈન્દ્રિયોનાં અધિષ્ઠાતાનો દેવ રૂપે સંબંધ કરવો.

૫. પ્રાકાશ્ય— આ લોક તથા પરલોકનાં સર્વ વિષયોમાં ભોગ જોવાની શક્તિ તેને પ્રાકાશ્ય શક્તિ કહે છે.

૬. ઈશ્વરમાં માયાની અને જીવમાં માયાના અંશોની પ્રેરણા કરવાની શક્તિ ઈશિતા છટ્ઠી શક્તિ છે.

૭. વહિતા— વિષયોનાં સંગથી દુર રહેવું.

૮. પ્રાક્રમ્ય— જેને સુખની ઈચ્છા થાય તે તે સુખની સીમાએ પહોંચવું. ઉપર મુજબ આઠ સિદ્ધિનાં ગુણો બતાવ્યા છે.

આવી રીતે સિદ્ધિ પ્રાપ્ત કરેલ યોગી કઠણ તપસ્યા કરીને આઠ સિદ્ધિઓ પ્રાપ્ત કરે અને બધામાં સાંગોપાંગ ઉતરે તો તે યોગી પોતાનો ઉદ્ધાર કરી શકે છે પરંતુ તે એકલોજ પાર થવા સિવાય બીજાને પાર કરવા સમર્થ નથી.

ત્યારે ભક્તને ઉપર બતાવેલા કઠણ યોગ તપની જરૂર નથી. તેને માટે કેવળ ભક્તિ જ સર્વ સિદ્ધિ દાતા છે.

યોગીઃ સદા ઉદાસીન રહે છે. તે એકલો પાર ઉતરે છે.

ભક્ત : સદા આનંદમાં મગ્ન થઈ હરિગુણ ગાતા તન્મય બની જાય છે. એટલું જ નહીં **'રસોવૈશઃ'** ભગવાનની સેવા કરી, ગુણગાન કરે છે. પોતે તે રસનું પાન કરીને બીજાઓને પણ તે રસનું પાન કરાવે છે.

ધ્યાનમાર્ગ ગ્રહણ કરવાવાળો એકલોજ સાધના કરે છે તેમાં બીજો અડચણરૂપ નિવડે છે તેમ બીજાને કોઈ લાભ મળતો નથી. સંસારને પાર કરવા અનેક સાધનો છે. જેમકે યોગ, કર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, અત્રે યોગમાર્ગ અને ભક્તિ માર્ગનું જ વિશ્લેષણ કર્યુ છે.

એકલો તરે તે સ્વાર્થી કહેવાય
અનેકોને તારે તે પરમાર્થી કહેવાય

ભગવદ જ્ઞાન પરમાર્થી છે. પરમ—અર્થ તેને પરમાર્થી કહેવાય. અત્રે લૌકિક વૃત્તિનું દૃષ્ટાંત નથી કે દુઃખીને સુખી કરવો કે ભૂખ્યાને અન્ન દેવું. અત્રે ઉચ્ચ કોટીનું વર્ણન કર્યુ છે. આ સંસારથી પાર કરાવે તે પરમાર્થી. પરમ અર્થરૂપ તો ભગવદ પ્રાપ્તિ છે. આથી બીજો મોટો કોઈ અર્થ નથી. ભગવદ પ્રાપ્તિ ભક્તિથીજ થઈ શકે અને ભક્તિ કરવાવાળો ભક્ત તેજ બીજાને ભક્તિરસનું પાન કરાવી પોતાનાં જેવો જ બનાવે. ભક્ત સ્નેહી છે તેમ પ્રભુ પણ સ્નેહી છે.

સ્નેહી તો પરસ્પર એકબીજાને સુખ પ્રાપ્ત કરવાવાની ઈચ્છા રાખે છે તેથી નિઃસ્વાર્થ છે. ભક્ત કદાચ અન્ય કોઈનું ભલું પણ કરે તો તેમાં પોતાનું સામર્થ્ય માનતા નથી. કર્તા પ્રભુને માને છે તેનું બોલેલું પ્રભુ સિદ્ધ કરે છે. જુઓ ૨૫૨, વૈષ્ણવ વાર્તા ૭૧ મી– એક બ્રાહ્મણીનીવાર્તા.

કોઈ એક ગામમાં એક બ્રાહ્મણ શિવ નીર્માલ્ય ખાતો હતો તે મૃત્યુ પામ્યો. ત્યારે તેનાં અગ્નિસંસ્કારનો ધુંવાડો આકાશમાં જતા દેવતાઓનાં વિમાનને લાગ્યો. તેથી વિમાન પૃથ્વી ઉપર આવી પડયું. દેવતાઓએ કહ્યું કે જેણે અશ્વમેઘ યજ્ઞ કર્યો હોય તેનું પુણ્ય આપે તો વિમાન આકાશમાં ચઢે. આ જોઈ ગામનાં રાજા અને વિદ્વાન પંડિત તો ત્યાં આવ્યા. પંડિતો પોતપોતાની શક્તિ અજમાવી રહ્યા હતા. ટોળું લોકોનું આ બધા જોઈ રહ્યા હતા તેવામાં આ બ્રાહ્મણી બાઈ શ્રીઠાકુરજી માટે જળની ગાગર લઈ ત્યાંથી નીકળી. તેને આશ્ચર્ય થયું કે આ બધું શું હશે ? દેવતાઓ હતાશ થઈ, વિનવતા હતા કોઈ તો પૂણ્યશાળી અમારું કામ કરો. ત્યારે આ બાઈએ બધાને કહ્યું કે તમો બધા દુર જઈ ઉભા રહો હું હમણાંજ વિમાન ચઢાવી આપું છું. તે બાઈએ નજીકમાં આવી જળની અંજલી ભરીને વિમાન ઉપર છાંટયુ. તેણે કહ્યું કે હું આ જળની ગાગર ભરીને આવું છું તેનું એક પગલાનું પૂણ્ય તમોને આપું છું.

આમ કહેતાં જ વિમાન આકાશમાર્ગે જઈ ચડયું. દેવતાઓ આ બાઈના નામનો જયજયકાર કરતા રહ્યા. આ જોઈને વિદ્વાન બ્રાહ્મણો કર્મયોગી, બધા આશ્ચર્યચક્તિ થયા અને બાઈને પૂછયું કે તમે એવું કયું પૂન્ય કીધું કે જેનાથી વિમાન ચઢી ગયું ! ત્યારે પોતે બતાવ્યું કે હું તો શ્રીગુસાંઈજીની સેવક થઈ ત્યારથી લુણ ટીકડા શ્રીઠાકોરજીને ધરીને આનંદ પામું છું, આના સિવાય કોઈ કાર્ય હું કરતી નથી. શ્રીઠાકુરજી માટે જળ ભરવા ગઈ તેનું એક ડગલાનું પૂન્ય દીધું છે. આમાં મારામાં કાંઈ પ્રતાપબળ નથી. આ સાંભળી બધા ખુશી થવા અને એનાં સંગથી આખું ગામ વૈષ્ણવ થયું.

આ દષ્ટાંત બતાવે છે કે યોગી તો કદી એકલો તરે ભક્ત તારે અનેક. એકના સંગથી આખું ગામ વૈષ્ણવ થયું તે અનેકોને તાર્યા સમજો વળી પરમાર્થ– તેમાં દેવતાનું કામ કર્યુ પણ પોતાનું પરિબળ માન્યું નહીં. તે બાઈ સેવા માર્ગમાં રચી પચી રહી ભક્તિ રસનું પાન કરતી તેનાંથી આખા ગામને પુષ્ટિ રસની પ્રાપ્તિ થઈ. આમ ભક્ત તારે અનેક. ભક્ત સ્નેહી સૌનું સારે કામ રંગે રસિક સેવે ગુણ ગાય.

શ્રીહરિરાયજી શિ.૯ શ્લોક ૧૭

રસાત્મક રસાત્મ સ્વ ભક્તવૃંદ સમ ન્વિતમ્ ।
નિજાનુભવ સંવેદ્યં પ્રકટં તં ક્ષણે ક્ષણે ।

પ્રભુ રસાત્મક છે તેવાજ ભક્તો રસાત્મક આત્મા સ્વરૂપ છે. પ્રભુ ક્ષણ ક્ષણમાં અધિક રસદાન કરે છે. તેથી ભક્તોનો ભાવ પણ ક્ષણ ક્ષણમાં વૃદ્ધિ પામે છે. આવા પ્રભુ ક્યારે દર્શન દેશે આમ બતાવ્યું છે. આવા ભગવદ ભક્તો તે ગોપિજન તેઓજ પુષ્ટિમાર્ગનાં ગુરૂરૂપ છે.

ગોપિજનોની રીતપ્રિત ભાવ ભાવનાં કરી અનેકો ને ભગવદ રસની પ્રાપ્તિ થઈ છે. શ્રીકૃષ્ણ ફલાત્મક, રસાત્મક, ભાવાત્મક, અને સ્વરૂપાત્મક છે. આવા પ્રભુનું સ્મરણ કરવું તે પ્રભુ લીલા સહિત ભક્તોની સાથે મળીને લીલા કરવાવાળા ભાવિક ભક્તોને તેનો અનુભવ કરાવે છે.

આવા પ્રભુનું લીલા સહિત ભક્તોની સાથે મળીને ગુણગાન કરવાથી સદા ભક્ત હૃદયાવાસૈ પ્રભુ ભક્તનાં હૃદયાવાસી અનેક લીલાનો અનુભવ કરાવે છે. એકલા વાંચવાથી પુરી સમજણ પડતી નથી. તેથી સત્સંગીની જરૂર પડે છે. સાથે બેસી લીલાસ્મરણ ચિંતન કરવાથી સૌને આનંદની પ્રાપ્તિ થાય છે. જેમકે ગોપિજનો સાથે મળી અનોસરમાં વેણુગીત, યુગલગીતનું ગાન કરી સમય વ્યતિત કરતાં આ બંને ગીતો માટે સુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ વિસ્તારપૂર્વક સમજાવ્યું છે. સુબોધિનીજી ગ્રંથ સમજવો કઠણ વસ્તુ છે. છતાં ભગવદ કૃપાએ જો હૃદયમાં તે જાણવાનો તાપ ભાવનાં થશે તો પ્રભુકૃપાથી વૈષ્ણવ તેવા મળી રહેશે અને સમજાવશે.

જેનાં પ્રત્યે આપણને ભાવનાં હોઈ તેજ હૃદયમાં આવે તેજ વાણીમાં આવે, તેજ સ્વપ્નામાં આવી કૃપા કરે. પ્રભુ ભક્તો સહિત ક્રીડા કરવાવાળા છે. તે ધ્યાન, યોગ, કર્મથી આવતા નથી. લીલા સહિત ગુણગાન, ભક્તોનાં સંગમાં રહી કરવાથી ફળરૂપ બને છે. જ્યાં લીલારૂપ તાપ આવ્યું ત્યાં પ્રભુ એકલા નથી. ભક્તો અનેક છે. તે લીલાનું ગાન પણ ભગવદ ભક્તોએ સાથે મળીને કરવું. આવી રીતે ભક્તોની સંગે ગાન, શ્રવણ કીર્તન કરવાથી અનેક લીલાનો અનુભવ મળે છે.

નોંધ : આજકાલ એવા પણ જોવા મળે છે જે પોતાને સર્વસ્વ માને છે. ભક્તવેષે ફરે છે. થોડુ ઘણું પુષ્ટિનું જ્ઞાન મેળવી ભોળા માનવીને ભોળવે છે. મને એક વૈષ્ણવે કહ્યું કે વેણુગીત, યુગલગીત ગાવું નહીં. મને આશ્ચર્ય થયું કે શ્રીમહાપ્રભુજીની વાણી ઉપર વિશ્વાસ રાખવાનું કહે છે. સુબોધિનીજીમાં વેણુગીત યુગલગીતનું મહત્વ ઘણું બતાવ્યું છે. શ્રીગુંસાઈજી, શ્રીહરિરાયજી વિગેરેએ પણ એજ આજ્ઞા કરી છે કે અનોસરમાં આ બંને ગીતોનાં ગાન કરી સમય ગાળવો. આ ભાઈના સંગીઓને અનેકોને પોતે આવા રસ્તે દોર્યા છે પરંતુ શું વેણુગીત, યુગલગીત સુબોધિનીજીમાં તેણે વાંચ્યું નહીં હોય ? ખુબી એ રહી કે સારા સારા તેમની મોહક વાણીમાં આવી ઘણી ઘણી ગેરસમજ તેમાંથી મેળવી તેને જ ભગવાન માની બેસે છે. એટલે તો સાવધાની રાખવાની જરૂર છે.

ભક્ત તારે અનેક પરંતુ આવા તો ઉલ્ટે રસ્તે દોરી નામ ધન કમાય ને આનંદ કરે છે. આવા સંગ કરતાં તો ઘરમાં બેસી ભગવત નામ લેવું. ઉત્તમ હું માનું છું.

દયારામભાઈએ પણ ભક્તિનું પોષણ કરવા માટે જ આ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથને વારેવારે વાંચી વિચાર કરે તેને સંદેહ રહેશે નહીં. તેમનો મૂળ ધ્યેય એક જ છે કે

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૬૧

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૬૩

બલિ બલિ રસ રાસ રૂપ રસિક વંદની;
આલબાલ યુગલ કેલિ પ્રકટ ભઈ પ્રેમ વેલિ
ભાવ કુસુમ રાસ ફલિત ગોપ વૃન્દની. ૧
સુરતિ શ્રમ પ્રવાહ નીર ઉસ વરહિ કીરતીર
કરત લ્હાસ મનહુ સજનિ મોદ કંદની;
નવલ કાંત નિકટ તરુણિ ચલતિ યાન દિવ્ય મનહુ
ત્યોં પ્રવાહ કુંજ ઓર અદ્રિ સ્યંદની. ૨
લલિત બાહુ લહરિ ઝલક તટ નિતંબ પરસ રેનુ
મનહુ કટક સીપ જાત પીયુ ફંદની;
નીલ નલિન વરન વારિ અષ્ટ સિદ્ધિ પુલિન ચારિ
પુષ્પગંધ સહ શૃંગાર બ્રજન મંદિની. ૩
નવ્ય ભવ્ય સુધા ધામ તરુણિ મણિ અનૂપકામ
વિહરત તહાં નિત સકામ ચંદ્રચંદ્રની;
શરણ શરણ જૈ સ્વકીય સરલ દક્ષિ કૃપા પૂર
'બલ્લભ' જન શરણ પાહિ હંસ નંદની. ૪

ભાવાર્થ : હે રસરૂપ રાસ રસિકની રસને ધારણ કરવાવાળી આપને હું વંદન કરું છું. યુગલકેલીના ફલીતાર્થ પ્રેમવેલી અને તેમાંથી પ્રગટ થયેલી વિવિધ પુષ્પાવલી ગોપગોપીઓનો સમૂહવૃંદ આપની યુગલ કેલીનું યશોગાન કરે છે. પ્રાણપતિનાં સંગમાં કેલી કરી શ્રમજલરૂપ આપનું પ્રવાહી જલરૂપ અને તેને કિનારે વૃક્ષો પર નાના પ્રકારના પક્ષિઓ શુક, પીક આદિ મધુરે સ્વરથી ગાન કરે છે.

આપના પતિ નવલરૂપ ધરી, વ્રજગોપિઓ નવલરૂપ આપને કિનારે અનેક લીલા કરી દિવ્ય આનંદનો અનુભવ કરે છે. તેમજ આપનાં કિનારે બિરાજમાન નવલ કુંજો એક નહીં અનેક સજાવટથી બનેલી હોઈ શ્યામસુંદર અને ભક્તોને ક્રીડા કરવા યોગ્ય સામગ્રી આપી અને અતિ આનંદીત બનો છો. બંને શ્રીહસ્ત સમાન લહરી તે બંને કિનારા તે નિતંબરૂપ કિનારાનો સ્પર્શ કરી વહન કરતા કિનારા પર રહેલી દિવ્ય રેતી અને તેમાં ચમકી રહેલ કણ— સિપ

નિરખતાં માનો પ્રાણપ્રિય સંગ આનંદમાં આવી ઓતપ્રોત થયેલ હોય તેવી ચમકતી રેતી નિરખતાં તે લીલાનું ભાન કરાવે છે. દર્શન માત્રથી અષ્ટ સિદ્ધિની પ્રાપ્તિ કરાવવા સમર્થ પ્રકટરૂપ દેખાય છે. કેમકે શ્યામસુંદરનો નીલવરણ ધારણ કરીને શ્યામ સંગ વિહાર કરીને શ્યામરૂપ બન્યા છો.

આપમાં ખિલેલા પુષ્પો જાણે શ્રીઅંગમાં પુષ્પોનો શૃંગાર ધરાવેલ છે તે વિવિધ સુગંધીથી ભરપુર એવા શૃંગાર સદા ધારણ કરીને અતિ અદ્‌ભુત સ્વરૂપની ઝાંખી કરાવો છો.

આપનાં જળમાં સ્નાન કે પાન કરવાથી ઈચ્છિતફળ આપી આપ તરૂણીરૂપ સદા તરૂણાવસ્થાને પ્રાપ્તિ કરી રહેલ તે સ્વરૂપનીઉપમા દેવા યોગ્ય કોઈ વસ્તુ જ નથી. જે આપીએ તે ઓછી જ પડે છે. આપનાં નિત્ય ભવ્ય, નિત્ય નવીન વિશાળ વૈભવ ધારણ કરી મંદમંદ ચાલ વ્રજમાં ચાલી અવિચલ વહેતી ધાર એવા આપના કિનારે નીતચંદ્ર શ્રીવ્રજચંદ ચંદની શ્રીરાધીકાજીનાં મનોરથ પૂર્ણ કરવાવાળા આપ તત્પર રહો છો. તદ્‌ઉપરાંત જે કોઈ સ્વકીય જન આપને આશરે રહે છે તેને સરળ રીતે પૂર્ણ કૃપા કરો છો એવા શ્રીયમુનાજી આપનાં ચરણ શરણ સદા વલ્લભ ચાહે છે. ૬૩

શ્રીહરિઃ

પ્રેમસેવાના અંગરૂપ વર્ણાશ્રમધર્મ—નિત્યકર્મની વ્યવસ્થા

[આં.પુ.વૈ.પરિષદના વૃદ્ધ, તપસ્વી કાર્યકર, નિ.લી.શ્રીરણછોડાચાર્યજી મહારાજ શ્રીપ્રથમેશજીના ચરણોમાં અનન્ય આસક્તિ રાખનાર, પ.ભ.શ્રીકનૈયાલાલ ખંડેલવાલ—મનોહર થાના, (રાજસ્થાન) દ્વારા સુચન આવેલ કે, 'સ્વધર્માચરણં શક્ત્યા..'એ શ્લોક પર નિ.લી.શ્રીપ્રથમેશજી મહારાજ વારંવાર ખૂબ ભાર આપતાં, એ શ્લોકની આદરણીય પ.ભ.શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી પાસે વ્યાખ્યા લખાવી શ્રીવલ્લભસુધામાં પ્રગટ કરવી.

અમોએ માનનિય શાસ્ત્રીજીને અમારા તરફથી તથા શ્રીકનૈયાલાલજી તરફથી વિનતિ કરેલ, તેનો સ્વીકાર કરી પોતાના અત્યંત વ્યસ્ત કાર્યક્રમો વચ્ચે પણ સમય કાઢી આ સુંદર વ્યાખ્યા તુરત જ લખી મોકલાવી છે. તે માટે માનનીય શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીનો ઉપકાર અવિસ્મરણીય છે. —સંપાદક]

સ્વધર્માચરણં શક્ત્યા વિધર્માચ્ચ નિવર્તનમ્ ।
ઈન્દ્રિયાશ્વવિનિગ્રાહઃ સર્વથા ન ત્યજેત્ ત્રયમ્ ॥

—તત્વાર્થદીપનિબંધ – સર્વનિર્ણય પ્રકરણ (૨૩૮)

સેવા વૈષ્ણવનું મુખ્ય કર્તવ્ય છે. સેવા છે— પ્રેમસેવા ! માત્ર બાહ્ય કાર્યક્રમજ નહીં, પ્રેમપૂર્વક સેવ્ય સુખસંપાદન તે સેવા છે. સેવા એક કાલ— દ્વિકાલ— ત્રિકાલ થાય. તેમાં સર્વદા

ભગવદકાર્યમાં પરોવાયેલા રહેવાય. આમ કરતાં તો યથાધિકાર વર્ણાશ્રમ ધર્મના શાસ્ત્રોક્ત ધર્મનાં કાર્યનો સમય ન સચવાય, દોષ લાગે આ વિચારે સેવામાં આવતી શિથીલતા—ભીતિને દૂર કરવા માટે આ ધર્મો નિત્યકર્માદિ તો સેવાના અંગરૂપ છે. તેમ સમજાવે છે.

ભગવાને જ સંધ્યાદિ કર્મો કરવાનાં કહેલા છે. તેમાં પણ પૂજા, સેવાના અંગરૂપ નિરૂપણ છે. આવા યથાર્થ ધર્મ પણ કૃષ્ણ કથા સેવામાં પ્રીતિ ન કરાવે તો તે શ્રમરૂપ જ કહેલા છે. ધર્મ તો ભગવાનમાં પ્રીતિ માટે છે. ભગવદકાર્ય કરનારને વર્ણાશ્રમ ધર્મકાર્યમાં કવચિત્—કદાચિત્ કાલલોપ—કર્મલોપ થાય તો તે કર્મો તો ત્રણ કરોડ મહર્ષિઓ કરી રહ્યા છે તેથી દોષ ન લાગે આવું ભગવાનનું વચન છે. દોષ સંભવ હોય તો પણ શરણાગતને સર્વ પાપમાંથી છોડાવવાનું ભગવાને વચન દીધું હોવાથી ભગવાન જ રક્ષક છે તેથી નિશ્ચિંતતા છે.

અગ્નિ હોત્રાદી સ્વવર્ણાશ્રમ ધર્મો સ્વધર્મો છે. તે શક્તિ પ્રમાણે કરો. નિષિદ્ધ હોય તે વિધર્મો છે. તેનો સંપૂર્ણ ત્યાગ કરવો. તેમાં શક્તિ પ્રમાણે ત્યાગ નથી કહ્યો. વિધર્મો તો સંપૂર્ણ છોડવાનું કહેલું છે. નિષિદ્ધ હોય તે ન જ કરવાનું. ઈન્દ્રિયો અશ્વો છે. તે તોફાને ચઢે. સંયમમાં ન હોય તો અનર્થ કરે— કરાવે. ઈન્દ્રિય—અશ્વોનો સંયમ ઈચ્છેલા સ્થાને પહોંચાડે છે. આ ત્રણ તો રમત માટે પણ છોડવા નહીં. જીવહિત અને જીવનવિકાસ—પ્રકાશ માટે ન છોડવા. દર્શાવેલ આ ત્રણ ક્રમશઃ વિચારતાં

(૧) ‘સ્વધર્માચરણં શક્ત્યા’ – સ્વધર્માચરણ શક્તિ પ્રમાણે કરવું.

આ સ્વધર્મો દેહ સંબંધી છે. યથાધિકાર વર્ણાશ્રમધર્મો છે. તે થયાશક્તિ કરવા જરૂરી છે. શક્તિ હોવા છતાં તેમાં સંકોચ ન કરવો. શાસ્ત્ર પણ શક્ય હોય તે કરવા કહે છે. દેહાભિમાન હોય ત્યાં સુધી તો આ વર્ણાશ્રમ ધર્મ જ સ્વધર્મ છે. ભગવદધર્મો પણ વિધર્મક કે પરધર્મ છે. દાસત્વાભિમાન થતાં ભગવદધર્મો જ સ્વધર્મો છે. વર્ણાશ્રમ ધર્મો પરધર્મ કે વિધર્મ છે.

(૨) ‘ વિધર્માચ્ચ નિવર્તનં ’– નિષિદ્ધ હોય તેમાંથી સંપૂર્ણપણે અટકવું.

સ્વધર્મમાંથી વિરુદ્ધ– બાધક હોય તે, નિષદ્ધ હોય તે વિધર્મ છે. જે કરવાથી સ્વધર્મનો બાધ થાય તે વિધર્મ. યથાધિકાર તે વિચારાય. મુખ્યતઃ દેહ સંભાળીને જીવે ત્યાં સુધી તો વર્ણાશ્રમ ધર્મો જ સ્વધર્મો છે. પોતાને—જીવને—દેહને દેહથી ભિન્ન સમજીને સેવક રૂપે પ્રભુપરાયણ થઈને જીવાય ત્યારે ભગવદાસ્ય સ્વધર્મ છે. વર્ણાશ્રમાદિ ધર્મો પણ પરધર્મો છે. અન્ય માટેનાં છે. જ્યારે ભગવદભાવ પ્રાપ્ત થઈ જાય ત્યારે ઋષભ દેવનાં ગોચર્યાદિ જેવા અલૌકિક ધર્મો સ્વધર્મો છે. બીજા પરધર્મો છે. આમ પોતાના અધિકારાનુસાર સ્વધર્મ વિધર્મ ગણાય. **‘ચ’**

કારથી વિધર્મ સાથેનાં ચાર (૧) પરધર્મ (૨) આભાસ (૩) ઉપમા અને (૪)છલ કહ્યા છે. ધર્મ બુદ્ધિથી કરવા છતાં સ્વધર્મ બાધક હોય તે વિધર્મ છે. (૧) અન્ય માટે કહેલો ધર્મ બીજા માટે પરધર્મ છે. (૨) શાસ્ત્ર વિધાન વગર સ્વેચ્છામાત્રથી થતાં ધર્મો જેવો દેખાતો આ આભાસ છે. (૩) પાખંડ કે દંભ ઉપધર્મ કે ઉપમા છે. (૪) શબ્દોનું અન્યથા અર્થઘટન—વ્યાખ્યાન—(યથાર્થ હોય તેનાથી વિરુદ્ધ કે જુદું કહેવું) તે છલ છે. ગોદાનમાં મરતી ગાય કે કોઈની ગાયની ઠરાવેલી થોડી રકમ દેવી વગેરે છલ છે. આ સઘળું સંપૂર્ણપણે છોડવું જરૂરી છે. શક્તિ પ્રમાણે તે છોડવાનું નથી.

અધર્મ કરવાથી, વેદનિંદા કરવાથી તો ભક્તિમાર્ગમાં કદાચ નર્કપાત ન થાય પણ હિનયોનીમાં જન્મ તો મળે તેથી સ્વધર્મ યથાશક્તિ કરવો. વિધર્મ સંપૂર્ણ છોડી દેવો. અપિચેત્ સુદુરાચારઃ માં ભગવાને અનન્યતાથી પોતાને ભજનાર સુદુરાચારને પણ સાધુ જ માનવા કહેલું છે. તેમાં તો આચાર સ્વાભાવિક—ઈન્દ્રિય—પ્રવૃત્તિ છે. તેમાં દુષ્ટતા હોવા છતાં પણ અનન્ય ભજન તો નિર્દોષ છે; ભક્તિવાળાને જ્ઞાન વૈરાગ્યને પ્રાયઃ શ્રેયસ્કર કહેલા નથી છતાં ઈન્દ્રિયરૂપ અશ્વોને તો વિશેષરૂપે સંયમમાં રખાય. તે સંયમથીજ ઈચ્છેલા સ્થાને પહોંચાય તેથી—

(૩) 'ઈન્દ્રિયાશ્વ વિનિગ્રાહ'— ઈન્દ્રિય—અશ્વોનો વિવેક, ધૈર્ય, આશ્રય પ્રકારે અશૂરે પણ સંયમ કરવો. સેવા પછી પ્રભુનો પ્રસાદ વૈષ્ણવો વગેરેને વહેંચ્યા પછી પોતે પ્રસાદ બુદ્ધિથી લેવો. સ્વાદ કે સ્વાસ્થ્ય બુદ્ધિથી નહીં. વસ્તુ બુદ્ધિથી નહીં— સ્વાદિષ્ટ કે પોષક હોવાની યોગ્યાયોગ્યતા બુદ્ધિથી નહીં પ્રસાદ તો પ્રભુની કૃપા છે— પ્રસન્નતા છે. તેમ સમજીને સેવામાં સન્મુખ રહેવામાં પ્રમાદ—પ્રમોદ—પાખંડ—પિડાદિ—બાધક ન થાય તેમ લેવાય, ઈન્દ્રિય પ્રીતિ માટે નહીં કેટલાક શાક, ફલ (કાકડી, બદામ વગેરે) સામગ્રી કરતાં કે ભોગ ધરતાં પહેલાં ખરાં કરવામાં આવે છે. થોડોભાગ જીભ ઉપર મુકીને ચાખીને તેનો સ્વાદ પ્રભુને સુખદ છે કે નહીં તે પરીક્ષા માટે તપાસીને તે ભાગ બહાર કાઢી નંખાય છે. ગળી કે ચાવીને પેટમાં ઉતારાતો નથી. આવા પ્રસંગોમાં પણ ભગવદ સુખસેવાનો જ વિચાર છે, સેવકધર્મ છે, પોતાની સ્વાદ લોલુપતા નહીં.

ભગવાન તો રસાત્મક છે. આનંદમય ભગવાન અન્યત્રથી આનંદની અપેક્ષા કરતા નથી. સ્ત્રીઓનાં તેઓ વિશેષતઃ ઉદ્ધારક છે. તેમની આનંદપ્રદા રસાત્મિકા લીલાઓ પણ નિર્દોષ સ્વતઃ પુરુષાર્થ ફલરૂપા છે. સેવાકથા પણ રસાત્મક નિર્દોષ—પુરુષાર્થ ફલરૂપ છે. તે લીલાના શ્રવણ—કીર્તન—ભક્તોને કૃતાર્થ કરે છે. લૌકિક ગાયકો પણ તે ભગવાનની કામલીલાઓ વિશેષતઃ ગાય છે. તેવા ગંદાપાણીનાં ખાડા જેવા ગાયકોની વાતો, સત્સંગના ઓઠાં નીચે પણ સાંભળીને ખરાબ અસરોજ થાય છે. કામની ઉત્કટ અસરમાં પણ ઈન્દ્રિય સંયમ જ કરવો.

આવા સંગ પ્રસંગ તો સત્સંગના ઓઠાં નીચે પણ ન કરવો. શાસ્ત્ર સંમત અનિશ્ચિત ભોગ પણ સેવામાં બાધક કામનાં નિવારણ માટે જ કરવો ઈન્દ્રિયપ્રીતિથી નહીં. લૌકિક ભોગનાં દોષો વિચારવા. લૌકિક ભોગ તો વિઘ્નયુક્ત, અલ્પ, ઘાતક છે. આ ભોગ શોક, મોહ, દુઃખયુક્ત છે, શુદ્ર છે, મર્ત્ય છે, ભગવદભાવનો ઘાતક છે. ભોગ તો ભગવાન માટે હોય સેવક માટે પ્રસાદ હોય. ભોગ કરે તો ભોગ લેવાય. યોગ છૂટે. લૌકિક ભોગ પ્રતિબંધરૂપ છે. પ્રસાદ અલૌકિક ભોગ તો ફલાત્મક છે. લૌકિક ભોગ તો બુદ્ધિપૂર્વક દઢતાથી છોડવો.

અહીં ઈન્દ્રિયોનો વિનિગ્રહ કરવાનો કહ્યો છે. 'વિ' શબ્દ 'વિવેકધૈર્યાશ્રય'માં કહેલ. વિશેષતાથી સંયમમાં અશૂર (અસમર્થને પણ) કરવો જરૂરી છે તેમ સૂચવે છે. પોતે ઈન્દ્રિયભોગ છોડવામાં અસમર્થ હોય તો પોતાના અસામર્થ્યની ભાવના કરીને ભોગ છોડવો. આ ભોગથી પોતાનો પુરૂષાર્થ નાશ થાય છે. દુઃખ જ અંતે મળે છે. છતાં પોતાનાથી ભોગ છૂટતો નથી. આમ વિચારવું ગીતામાં ઉપર કહેલો દુરાચાર તો ભગવદ ભજન—આશ્રય—પહેલાની અવસ્થા છે. ભજન—આશ્રય પછી નહીં. તે તો શીઘ્ર ધર્માત્મા બનાવે છે. જ્ઞાન વૈરાગ્ય કાર્ય પણ ભક્તિજ કરી લે છે. યથાર્થ ભક્તિવાળો તો ભગવાનમાં એકતાન નિરુદ્ધ ચિત્તવૃત્તિવાળો હોય, વિષય વૈરાગ્ય તેનામાં સ્વાભાવિક હોય. અહીં સેવા સંબંધી ન હોય તેવો વિષયવૈરાગ્ય ઉપયોગી નથી. તે તો ભક્તિ નજરે દોષરૂપ છે. શ્રેયસ્કર નથી. સેવાર્થ કે સેવાયોગ્ય કે સેવાસંબંધી વિષયવૈરાગ્ય ઉપયોગી છે.

ભગવદલીલાનાં દષ્ટાંતથી લૌકિકમાં પ્રવર્તક અને પ્રવર્તમાન વિમુખ સ્ત્રીપુરૂષોનો સંગ છોડીને સર્વેન્દ્રિય નિગ્રહ કરવો જરૂરી છે. લીલામાં સર્વાત્મા ભગવાનનું સ્વચ્છંદ—સ્વૈરચરિત તો ઈશ્વરીય જ્ઞાન—વૈરાગ્યપૂર્વક હોય છે. બુદ્ધિમાને તેનું અનુકરણ કે અનુસરણ ન કરવું. રુદ્ર તો હલાહલ પી શકે. સામાન્ય તો નષ્ટ થઈ જાય. પૂર્ણ કક્ષાપન્ન ભક્ત—યોગી—જ્ઞાનીને સ્વૈરાચારથી બંધન ન થાય તેથી અધકચરાઓને અનુકરણ ન કરવાનું હોઈ તે તો કચડાઈ જાય. કયાં ચરણસેવા સંતૃપ્તો અને કયાં એશઆરામી આધુનિક અતૃપ્તો.? સ્ત્રીપુરૂષનાં અયુક્તાચારમાં ઈન્દ્રિયાતર્પણમાં થતો સુખાનુભવ તો ભ્રામક છે. નિષિદ્ધ છે. રસાનુભવતો સર્વાત્મભાવ સિવાય સંભવતો નથી. ભગવાન તો આનંદમય નિરપેક્ષ છે. તેમનાથી જીવને સુખલાભ થાય છે બીજાથી નહીં. લોકમાં તો પરસ્પર સાપેક્ષતા હોય છે. આ રસમાર્ગમાં ભગવાન રસરૂપે ફલિત થાય છે, સ્ત્રીભાવ તેથી કરવો. વગેરે પણ અયુક્ત છે તેમાં ભગવદ રસસંબંધ હોતો નથી. તદર્થ પણ તપ તપઃ આવશ્યક છે ભોગ નહીં. લીલાસ્થોમાં પણ માત્ર ભગવાન જ ભાવોદ્‌બોધન કરે છે, અન્ય કોઈ નહીં. તો પછી આધુનિકોનો તો હિસાબ જ શો ? આમાં જે કાંઈ વિરોધી હોય તેનો પણ તરત ત્યાગ કરવો.

□□□

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હે, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

—શ્રીવ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક – શ્રીહનુમાનપ્રસાદ પોદાર

ભાષાંતર– ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

આ ક્રોધનો અર્થ કાયરતા નથી. આ વિષય પર ક્ષમાના પ્રકરણમાં ઘણું લખાયેલું છે, ફરીથી દોહરાવવાની જરૂર નથી. પરંતુ એ યાદ રાખવું જોઈએ કે ક્રોધનું દમન કર્યા વગર મનુષ્ય ન તો જાતે સુખી થઈ શકે છે કે ન તેના દ્વારા સમાજ કે દેશનું ભલું થવાનું સંભવ હોય. જે પોતે રાતદિવસ જલતો હોય અને બીજાને જલાવવા માટે જ જીવન ધારણ કરે છે, જેને જોઈને લોકો કંપી ઉઠે છે તે ક્રૂર મનુષ્ય જગતનું શું ભલું કરી શકે છે ? ક્રૂરતા ક્રોધનું જ પરિણામ છે.

તો શું પુત્ર, શિષ્ય કે નોકરો પર ક્રોધ ન કરવો જોઈએ ? ચોક્કસ ક્રોધ તો ક્યારેય કોઈ પર ન કરવો જોઈએ. તો શું માતાપિતા પોતાના સંતાન અને ગુરુ શિષ્યો વિગેરેને જે સજા આપે છે તે અયોગ્ય છે ? ના. એ તો યોગ્ય છે. ક્રોધ સાથે અવિચાર અને દ્રોહ રહે છે. પરંતુ પુત્ર, શિષ્ય કે નોકરને માતા, પિતા, ગુરુ કે ભલો માલિક જો ક્યારેય શિક્ષા માટે કંઈ કહે છે, તેમાં તો તેનું હિત સમાયેલું રહે છે. પોતાના બાળકો અને શિષ્યોને કોઈ બીજું કહી બેસે તો માતા, પિતા, ગુરુ તેના સાથે ઝગડવા લાગે છે, તેથી એ સિદ્ધ થાય છે કે તેનામાં તેમનું મમત્વ છે. જેમાં મમત્વ છે તેના નાશની ઈચ્છા કોઈ ન કરે, નાશની ઈચ્છા અવિચારથી થાય છે, ક્રોધમાં અવિચારનીમુખ્યતા રહે છે. જેમાં અવિચાર નહીં પરંતુ વિવેક—બુદ્ધિ છે, જેમાં જલન નથી. જેનું મન વિકાર વગરનું છે, જેનામાં એ સમયે ત્રીજી વ્યક્તિ સાથે સરલ હાસ્યમય વાતચીત કરી શકવાની પુરી ગુંજાઈશ હોય તે ક્રોધ ક્યાં છે ? તે તો ક્રોધનો સ્વાંગ માત્ર છે. તો શું તે દંભ છે ? જે વાત મનમાં નથી અને ઉપરથી બતાવવામાં આવે છે તે તો દંભ છે.

વાત બરોબર છે. પરંતુ તે દંભ નથી. તે તો સંતાન અને શિષ્યોની સદા ભવિષ્યની મંગળ કામનાઓથી, તેમને સત્ય માર્ગે લાવવા અને કાયમ રાખવા માટે ગુરુજનોના હૃદયમાં એક સ્વાભાવિક કર્તવ્યની પ્રેરણા હોય છે. જે સંતાન અને શિષ્ય વિગેરેને ક્રોધરૂપે દેખાવા છતાં પણ અસલમાં ક્રોધ નથી. પરંતુ રોગના નાશ માટે આપવામાં આવતી કડવી દવાની માફક કઠોરતાનાં આવરણવાળી એક સ્નેહપૂર્વક કોમળ વૃત્તિની ક્ષણિક ભયજનક ક્રિયા હોય છે. જો

વાસ્તવમાં ક્રોધ હોય તો તેનાથી અનર્થ જ સંભવ છે, પછી ભલે તે કોઈપણ પર હોય.

નોકરો પર તો ક્રોધ કરવાનો કોઈ અધિકાર જ નથી. તેઓ આપણાથી ગરીબ છે. તેમની પાસે ધનની કમી છે એટલે તેઓ આપણી નોકરી કરે છે. તેમને કોઈ રીતે આપણાથી નાના કે નીચ ન સમજવા જોઈએ. એનો એ મતલબ નથી કે નીતિ છોડીને નોકરો પાસે કામ ન કરાવવું કે તેમને માથા પર ચડાવવા. મતલબ એ છે કે તેમની સાથે યોગ્યતા અનુસાર મિત્ર, શિષ્ય કે સંતાન તરફ જેવો વર્તાવ કરવામાં આવે છે તેવોજ પ્રેમપૂર્ણ વર્તાવ નીતિનેં સદા સાથે રાખીને કરવો જોઈએ.

—ક્રમશઃ

વેદ—વિદ્યા ભણીને ઘેર જતા યુવકને આચાર્યનો ઉપદેશ : જીવનોપયોગી સદાચાર :
પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં છે— આદર અને આત્મિયતા !
આજે કદાચ પાશ્ચાત્ય અસરોથી દેખાય છે— અનાદર અને ઔપચારિકતા !

—ગતાંકથી ચાલુ

“ જે કોઈ પોતાનાથી ઉત્તમ કર્મ—જ્ઞાન—ભક્તિમાં ચઢીયાતા, આપણું કલ્યાણ કરે તેવા, પ્રશસ્ત—બ્રાહ્મણો હોય તેમના આસને તારે ન બેસવું. (તેવા બ્રાહ્મણોને આસન—પૂજન વગેરેથી તેમનો શ્રમ દૂર થાય તેમ સત્કારવા, વાદવિવાદ ન કરવો, આજ્ઞાપાલન કરવું), (સુપાત્રને) (શાસ્ત્રમાં) શ્રદ્ધાપૂર્વક— (આદરથી) (દેશ—કાલાનુસાર) (દાન) આપવું. અશ્રદ્ધાથી (અનાદરથી, પાત્રાપાત્ર—વિવેક—વગર પણ ઉદારતાથી) ન આપવું જોઈએ. (સંપત્તિ પ્રમાણે) શોભાપૂર્વક (દ્રવ્યશુદ્ધિ માટે) આપવું. (લોક) લજ્જાપૂર્વક (પણ) આપવું, (લોકનિંદા કે દ્રવ્યનાશના) ભયથી (પણ) આપવું. (દેશ—કાલ—પાત્રાદિની) સમજ (જ્ઞાન)પૂર્વક (દાન) દેવું ” — ઉત્તમને આદર આપવો, કલ્યાણ કરે તેવાનો સમાદર કરવો. પોતે નમ્રતાપૂર્વક વ્યવહાર કરવો, સમાનતાની સમજથી તેમના આસને ન બેસવું. તેમની આજ્ઞાનું પાલન કરવું. કલિયુગમાં તપઃ—યજ્ઞ—યાત્રાદિ કરવા કઠિન છે. દાન સરલ છે. યથાશક્તિ દાન કરવું, દાનથી દ્રવ્યશુદ્ધિ થાય છે. દાન શાસ્ત્રમાં શ્રદ્ધાપૂર્વક દેવું. અશ્રદ્ધાથી પણ ઉદારતાથી આપવું. પોતાની સંપત્તિના પ્રમાણમાં, લેનારની ઈચ્છાનુસાર, ન થઈ શકવાના ભાનથી લજ્જાપૂર્વક (દીનતાથી) આપવું. ન આપવાથી લોકો નિંદા કરશે, તે ભયથી કે દાન—ભોગ—નાશ—ધનની એ ત્રણ ગતિ હોવાથી નાશ ભયથી કે શાસ્ત્રાનુસાર ન દેવાથી યમ ભયથી પણ આપવું. જરૂરીયાતવાળા સ્વજન કે સર્વજનને પણ, પુણ્ય—પ્રતિષ્ઠા—પરલોકનાં લોભ વગર, પ્રભુ પ્રસન્નતાની સમજપૂર્વક આપવું , દેશ—કાલ—પાત્રના વિવેકપૂર્વક, બદલો ન વાળે તેવાને, પોતાના ભગવદ્ ધર્મની મુખ્યતા અને પરોપકારની ગૌણતા સમજીને યથાયોગ્ય રીતે આપવું, પ્રભુપરાયણ રહેવું, પરોપકાર—પરાયણ ન થઈ જવાય તેમ સમજી વિચારીને દેવું.

જો તને (શ્રૌત—સ્માર્ત—પૌરાણ કે દાનાદિ) કર્મમાં આશંકા થાય કે (ધર્મના યથાર્થ) આચાર—વ્યવહારમાં આશંકા થાય, (તો) તેમાં જે બ્રાહ્મણો શાસ્ત્ર—મનનશીલ (વિચાર કરવા સમર્થ)

સુયોગ્ય, શાસ્ત્ર—વ્યવહારનો નિર્ણય કરવામાં યોગ્ય અધિકારવાળા, રુક્ષતા વગરના (સ્નેહવાળા) ધર્મની ઈચ્છાવાળા હોય, તેઓ તે (આશંકાના વિષય)માં વર્તતા હોય, તેમાં તું તેમ વર્તજે.''

યોગ્ય રીતે વિદ્યાભ્યાસ કરવા છતાં, શાસ્ત્રીય કર્મોમાં, શાસ્ત્રવિધાનોમાં કે તેનાં આચારમાં કે જીવન—વ્યવહારમાં કાંઈ આશંકા થાય કે સ્પષ્ટ ન સમજાય તો અશ્રદ્ધા ન કરવી, કપોલ—કલ્પિત આચાર ન કરવો, પણ શાસ્ત્રનો યથાર્થ વિચાર કરીને સંદેહ દૂર કરવામાં નિપૂણ, સુયોગ્ય, શાસ્ત્ર—સિદ્ધાંતનો નિર્ણય કરવામાં સમર્થ, પરવા વગરનાં, અર્થ—કામમાં ન રાચનારા, ધર્મ—મોક્ષની ઈચ્છાવાળા, બ્રાહ્મણો તે આશંકાના વિષયમાં જેમ વર્તતા હોય તેમ વર્તવું. અહીં તેવા બ્રાહ્મણોને પૂછીને સમાધાન મેળવવાનું નથી કહ્યું. પરંતુ તેમનું તેવા સંયોગોમાંનું વર્તન જોઈને તેને અનુસરવાનું કહ્યું છે !

'મહાજનો યેન ગતઃ સ પન્થાઃ ।' મહાભારતમાં કહ્યું છે 'મહાપુરુષો ચાલે તે સન્માર્ગ'—પ્રસિદ્ધ છે.

પરિચરિતવ્યાઃ સન્તઃ યદ્યપિ નૈવ કથયન્ત્યુતદેશમ્ ।
યાસ્તેષાં સ્વૈર કથાસ્તાન્યેવ ભવન્તિ શાસ્ત્રાણિ ॥

સત્પુરૂષો જો ઉપદેશ ન દે તો પણ તેમની પરિચર્યા કર્યા કરવી, આસપાસ આંટાફેરા કર્યા કરવા, તેમના ધક્કા ખાધા કરવા, બાહ્ય સેવા પણ કર્યા કરવી. તેમની જે સ્વૈર વાર્તાઓ—વ્યવહારો છે, તેજ શાસ્ત્રો બને છે ! આમ સત્પુરૂષો મહાપુરૂષોનો સત્સંગ કરીને, યથાર્થ ધર્માચરણ તેમના જીવન—વ્યવહારમાંથી શિખીને, પોતે તેમ વર્તવું.'' સત્પુરૂષોનાં જીવન જીવતાં—જાગતાં શાસ્ત્ર છે.

પુસ્તક પરિચય

પ્રમેયરત્ન સંગ્રહ

લેખક – સંપાદક : ગો. શ્રીશરદકુમારજી શ્રીઅનિરુદ્ધલાલજી (માંડવી—કચ્છ)
પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ કંસારા બજાર, **માંડવી (કચ્છ)** ૩૭૦૪૬૫.

શ્રીપુરૂષોત્તમ પુષ્ટિમાર્ગીય પાઠશાળા (જુનાગઢ) દ્વારા સંચાલિત પુષ્ટિમાર્ગીય પરીક્ષાના પરીક્ષાર્થીઓ માટે નિઃશુલ્ક વિતરાણાર્થ

ડેમી ૧/૮ પૃષ્ઠ ૧૭૦ આર્ટકાર્ડ ટાઈટલ.

જગત્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુ પ્રકટીત પુષ્ટિ—ભક્તિ માર્ગનો સિદ્ધાંત પક્ષ—શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદને સમજવાના, શ્રીમહાપ્રભુજી તથા પરવર્તી આચાર્યોકૃત અનેક આકર ગ્રંથો વિદ્યમાન છે. જેમને દાર્શનિક મીમાંસા સમજી શકવાનું બુદ્ધિસામર્થ્ય, પ્રભુએ આપ્યું છે. તથા એ દાર્શનિક ભૂમિકાને સમજી જીવ—જગતનો ભેદ—જીવનું સ્વરૂપ— ભગવદસ્વરૂપ વગેરે સમજી ભગવદ્લીલામાં જેમનો અંગીકાર પ્રભુએ વિચાર્યો છે એવા પ્રત્યેક જીવોએ, એ આકર ગ્રંથો— તત્વાર્થદીપ નિબંધ, શ્રીમદ્ અણુભાષ્ય, શ્રીસુબોધિનીજી, સાધનદિપીકા, વિદ્વનમંડન્ વગેરે ગ્રંથો વાંચવા, વિચારવા પોતાની બુદ્ધિશક્તિનો વિનિયોગ કરવો એજ પ્રભુદત્ત બુદ્ધિબળનું સાર્થક્ય છે. આ ગ્રંથોમાં ચાંચ બોળતા પહેલા તેની ભૂમિકા સમજવા માટે; શ્રીપુરૂષોત્તમ પુષ્ટિમાર્ગીય પાઠશાળા જુનાગઢ તરફથી પાઠયક્રમરૂપે પુષ્ટિપ્રવેશિકા, પુષ્ટિપ્રવેશ, પુષ્ટિપથ વગેરે પુસ્તકો પ્રકટ થયા છે તેનીજ આગલી કડીના રૂપમાં આ 'પ્રમેય રત્નસંગ્રહ' ગ્રંથનું પ્રકાશન થયું છે. પુષ્ટિમાર્ગનાં વિદ્વાન મનિષી શ્રીલાલુભટ્ટજી લિખીત સંસ્કૃત ગ્રંથ 'પ્રમેય રત્નાર્ણવ' ના જ કેટલાક પ્રકરણોનું અર્વાચિન શૈલીમાં સરળ ગુજરાતી ભાષામાં પુ.ગો.શ્રીશરદબાવાશ્રીએ આલેખન કરેલ છે. પ્રમેય રત્નાર્ણવ નો અર્થ છે— પ્રમેયરૂપી રત્નો ભરેલો મહાસાગર, આ મહાસાગરના તળિયેથી રત્નો કાઢી તેનો ઢગલો પુષ્ટિમાર્ગના પથિકોને પ્રકાશ માટે ઉપલબ્ધ કરાવી પૂ.ગો.શ્રીશરદબાવાએ પુષ્ટિસૃષ્ટિ પર અતિ ઉપકાર કર્યો છે.

કાવ્ય – કુંજ
પ્રેમ ભક્તિનો રંગ

(ઢાળ : જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ)
યશોદા મૈયાના અંકે પોઢંતા પોઢંતા કાનુડે
લગાડયો પ્રેમ ભક્તિનો રંગ;
ધોળી ધેનુનાં ધણની પાછળ પાછળ
ગોપાળ ઘુંમે સખાઓ સંગ.
હો..શ્યામ મને લાગ્યો પ્રેમ ભક્તિનો રંગ.
હો..શ્યામ મને લાગ્યો પ્રેમ ભક્તિનો રંગ.
વ્રજ ગોપીની અમિ ભરી આંખોમાં,
દેખ્યો પ્રેમ ભક્તિનો રંગ;
હાલરડે પોંઢેલા કાનુડાના હાસ્ય કિલોલમાં,
સુણ્યો પ્રેમ ભક્તિનો રંગ. હો શ્યામ.
ગોકુળ ગોપીઓનાં દહીં વલોણામાં
ઘમ ઘમતો પ્રેમભક્તિનો રંગ;
યમુનાજીના ખળ ખળ વહેતા જલમાં,
વહ્યો પ્રેમ ભક્તિનો રંગ. હો શ્યામ.
સખા સંગ કાનુડાની માખણ તસ્કરીમાં,
ભાળ્યો પ્રેમભક્તિનો રંગ;
મહી મટુકી ફોડી દાણ માગતા કાનુડામાં,
દીઠયો પ્રેમભક્તિનો રંગ. હો શ્યામ.
કૃષ્ણની મધુર મોરલીના નાદમાં,
વહ્યો પ્રેમભક્તિનો રંગ.
રાધા—કૃષ્ણ ગોપી સંગ રાસમંડળમાં
ઉડયો પ્રેમ ભક્તિનો રંગ. હો શ્યામ.
ગિરિરાજનાં ખળ ખળ વહેતા ઝરણામાં,
ઝર્યો પ્રેમભક્તિનો રંગ;
વૃન્દાવન કુંજ નિકુંજ દ્રુમ વેલીઓમાં,
નિખર્યો પ્રેમભક્તિનો રંગ. હો શ્યામ.
કોયલની કૂંકમાં, મોરની ટહેંકમાં ગાયોની ભાંભરમાં,
સુણ્યો પ્રેમભક્તિનો રંગ;
નંદ—યશોદાના પ્રેમ ભાવ ભર્યા હૈયામાં,
ઉભર્યો પ્રેમભક્તિનો રંગ. હો શ્યામ.
શ્રીવલ્લભકુળ પરિવારથી વૈષ્ણવના હૈયામાં,
પાંગર્યો પ્રેમભક્તિનો રંગ.
શ્રીજી અનુરાગી શ્રીવલ્લભચરણ ધરતાં હૃદયમાં,
જાગ્યો પ્રેમ ભક્તિનો રંગ. હો શ્યામ.

—શ્રીજી અનુરાગી, અમદાવાદ.

પુસ્તક પરિચય

૧. આપણા ભગવદીય નારી રત્નો

સંપાદક– શ્રીકાન્તિ ર. ગાંધી પ્રકાશક – પ.ભ.શ્રીઅશ્વિનભાઈ બી. સુખડીયા ૫૦૧,૫૦૨ શ્રીનાથનિવાસ, પોદાર લેન, શાંન્તા ક્રુઝ, (વેસ્ટ) મુંબઈ. ૪૦૦૦૫૪.

આઠ પેઈજી ક્રાઉન સાઈઝ પાના ૬૪, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, મલ્ટીકલર ચિત્રજીવાળું ટાઈટલ. ન્યોછાવર રૂ. ૨૦/– પોસ્ટેજ રૂ. ૫/–

પુષ્ટિસંપ્રદાયમાં જીવ માત્ર સર્વેને અધિકાર છે. શુદ્ર, યવન, નર–નારી, પશુપક્ષી. પ્રભુને પોતાના શુદ્ધ પ્રેમથી વશ કરવાની કળા સ્ત્રીઓમાં સહજ છે. વ્રજવનિતાઓ સર્વોત્તમ ઉદાહરણ છે.

આવા તેર નારી રત્નોને શબ્દદેહ આ પુસ્તકમાં આપવામાં આવેલ છે. ‘સત્સંગ’ માસિકમાં ‘આપણા ભગવદીય નારી રત્નો’ લેખમાળામાં સમાયેલ તે પૈકીના ૧૪ નારી રત્નો છે.

પુસ્તકનું લેખન ખુબજ સુંદર, સરળ અને સર્વને માટે સુગમ એવી ભાવવાહી શૈલીમાં હોવાથી સર્વે વૈષ્ણવ પરીવારો માણી શકશે. સર્વેએ વાંચવા–વસાવવા લાયક પુસ્તક.

૨. રહસ્ય ભાવના

લેખક– શ્રીગોસ્વામી શ્રીગોકુલનાથજી. પ્રકાશક – આં.રા.પુ.વૈ.પરિષદ લંડન બ્રાંચ (યુ.કે.)

આઠ પેઈજી ડેમી સાઈઝના પૃષ્ઠ ૩૨, આર્ટ પેપર ઉપર ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ. ન્યોછાવર જણાવેલ નથી.

પુષ્ટિજીવનમાં વિવિધ નિત્યક્રમ કરવામાં આવે છે. જેવાકે નિત્યનિયમ, પ્રાતઃકૃત્ય વિગેરે. પાછળ રહેલી ભાવના તેમજ મંદિર, તેના કમાડ, નિજ મંદિર, ઘંટાનાદ, શંખનાદ, સિંહાસન, ઝારી વિગેરેની ભાવના સુંદર, સરલ રીતે સમજાવવામાં આવી છે.

શ્રીઠાકોરજીને જગાવવા, મંગળભોગ ધરવા, ટેરો, શૈય્યા, આચમન, મંગળ આરતિ, અભ્યંગ, શૃંગાર વિગેરેની ભાવનાનો પણ સમાવેશ કરાયો છે.

વૈષ્ણવોએ વાંચવા અને સમજવા જેવી સુંદર પુસ્તિકા.

વાક્પતિ પુષ્ટિમાર્ગીય માસિક પત્રિકાના મંગલ પ્રારંભે શુભેચ્છા.

વાક્પતિ : વર્ષ–૧, અંક ૧, એપ્રિલ ૯૯

સંપાદક : પૂ.પા.ગો. શ્રીરઘુનાથજી શ્રીમથુરેશજી

‘વલ્લભમંદિર’ , ‘જયદેવ’ ૨–બી, એવરેસ્ટ પાર્ક, કાંકરીયા, ગોરધનવાડી,અમદાવાદ. ૩૮૦૦૨૮.
વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૫૦/– , કાયમી રૂ.૫૦૦/–
લવાજમ પરદેશમાં વાર્ષિક ડૉલર રૂ. ૬૦ પાઉન્ડ ૫૦
લવાજમ પરદેશમાં કાયમી ડૉલર ૬૦૦ પાઉન્ડ ૫૦૦

પુષ્ટિસૃષ્ટિ માટે ગુજરાતીમાં એક વિશેષ માસિકનું પ્રકાશન વધારે જનસંપર્ક કરવામાં સહાય કરશે. પ્રકાશકો આ માસિકમાં જુના લેખો, શ્રીવલ્લભના સિદ્ધાંતોનું અધ્યયન ને આચરણ કેવી રીતે કરવું. સમયાનુસાર તેનું અધ્યયન અને પાલન કેમ કરવું ? જાહેર મંદિર અને ગૃહ મંદિર ,શ્રીમદ્ ભાગવત, છપ્પનભોગ, બેઠક પ્રદર્શન વિગેરે અનેક વિવિધ વિષયોને આવરી લેવા માગે છે.

પૂ.ગોસ્વામી બાલકોના શુભાશિષ સાથે નવ પ્રસ્થાન કરી રહેલ માસિકને સર્વાંગી પ્રગતિ માટે હાર્દિક શુભેચ્છાઓ.

કેસેટ પરિચય

૧. કીર્તન પ્રબોધ – પુષ્ટિ ભક્તિસંગીત પાઠયક્રમ નં.૨

કીર્તનકાર– શ્રીજમનાપ્રસાદજી શર્મા ભાવોદ્બોધન– શ્રીમતી કલ્પનાબેન શાહ પ્રકાશક– આં.રા.પુ.વૈ. પરિષદ શ્રીગુંસાઈજી ચેરીટેબલ ટ્રસ્ટ. જી/ ૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઈ. ૪૦૦૦૦૧.

સી– ૯૦ ની બ્રીલયનટ કેસેટ પુસ્તિકા સાથે. ન્યોછાવર દર્શાવેલ નથી.

પુષ્ટિસંપ્રદાયમાં કિર્તન–ભક્તિ સંગીતનું અનોખું સ્થાન છે. આ સંગીત વૈષ્ણવો શીખી અને સમજી તથા ગાઈ શકે તે માટે 'પુષ્ટિ ભક્તિ સંગીત' અભ્યાસક્રમ ચલાવે છે તે પૈકી આ બીજા ભાગ માટેનું પુસ્તક (આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૬૮ ઓફસેટ પ્રિન્ટીંગ તથા ફોર કલરના ચિત્રજીવાળું ટાઈટલ) છે. જેમાં વિવિધ આઠ રાગ દરેકમાં બે કિર્તનોનો સમાવેશ કરવામાં આવેલ છે. સુંદર રીતે ગવાયેલ કિર્તનો સરળ રીતે શીખી શકાય તે રીતે કેસેટમાં રજુ કરવામાં આવ્યા છે. સાથે સાથે તેની હિન્દીમાં પુસ્તિકામાં છે.

સંગીત રસિકો તથા સંગીત શીખવા ઈચ્છતા ભાવિકો માટે ખુબજ ઉપયોગી પુસ્તિકા.

'કીર્તન પ્રવેશિકા' થી આરંભ કરી 'કીર્તન વિશારદ' પર્યન્ત આ અભ્યાસક્રમ છે. તેમાં જોડાવા તથા વિશેષ માહિતી મેળવવા ઉપરોક્ત સરનામે પત્રવ્યવહાર કરવો.

૨. શ્રીહરિરાયજી મહાપ્રભુ દ્વારા વિરચિત પદ "શ્રીવલ્લભ મેરે મન વસેહો ઔર કછુ ન સુહાય"

આ કેસેટનું વિમોચન ગો. શ્રીરસિકરાયજી મહારાજશ્રીનાં કરકમલો દ્વારા તા.૨૬–૪–૯૯ નાં રાજકોટ શ્રીબાલકૃષ્ણલાલજીની હવેલીમાં સાંજના ૬ વાગ્યે થયેલ.

નિર્દેશક ગો.શ્રીવિજયકુમારજી કડી, કોટા, કાંદીવલીમાં બિરાજમાન આપના અ.સૌ.ગો.શ્રી રશ્મિ વહુજી (કુમુદની)નાં સુમધુર કંઠેથી ગાન થયેલ છે. આ પદનાં અગીયાર વિભાગ કરી જુદા જુદા રાગોમાં પ્રસ્તુત કરેલ છે.

રાજકોટનાં જ કીર્તનીયા સોની ઘનશ્યામભાઈ હારમોનીયમ સંગત તથા તબલા સંગત ભરતભાઈ સોની.

આ કેસેટ પ્રાપ્ત કરવાનું સ્થળ : અનુરાગ ગુંજન સંસ્થા (મુંબઈ), પદ્મકુંવર એપાર્ટમેન્ટ, હાઈ લેન્ડ કોમ્પલેક્ષ, ચાર કોપ વિલેજ, કાંદીવલી વેસ્ટ, મુંબઈ.૪૦૦૦૬૭.

પોસ્ટેજ રૂ.૪૦/– કેસેટ સાથે પુસ્તિકા સહિત મળશે.

રાજકોટમાં કેસેટ મેળવવાનું સરનામું : (૧) શ્રીબાલકૃષ્ણલાલજીની હવેલી (૨) ઘનશ્યામભાઈ સોની કીર્તનીયા (૩) અન્તુભાઈ સોની.

૩. ષોડશ ગ્રંથા :

પ્રસ્તુત કર્તા – પરીખ પરિવાર વિલે પાર્લે. નિર્માતા– શ્રી ન. કે. પરીખ, વિલે પાર્લે.

પ્રાપ્તિસ્થાન – શ્રીઅનીલ ન. પરીખ એફ/ ૭૮ ગુજરાત સોસાયટી, નહેરુ રોડ, વિલે પાર્લે (પૂર્વ) મુંબઈ. ૪૦૦૦૫૭.

૯૦ મિનીટની એક કેસેટ, પાઠ કરવાની પુસ્તિકા, પ્લાસ્ટિક કવર સાથે ન્યોછાવર રૂ.૮૦/–, પોસ્ટથી રૂ.૧૦૫/–

આ કેસેટમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય શ્રીમહાપ્રભુજીનાં વાંગમય સ્વરૂપ ષોડશ ગ્રંથનું કર્ણપ્રિય સંગીત રૂપાંતર સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારણ સાથે રજુ કરવામાં આવેલ છે. ઉપરાંત મંગલાચરણ, શ્રીસર્વોત્તમસ્તોત્ર, પંચશ્લોકી, શિક્ષા શ્લોકી તેમજ સેવાફલ વિવરણમ્નો સમાવેશ કરેલ છે.

પરીખ પરિવાર દ્વારા પુષ્ટિ સૃષ્ટિ માટે આ એક સુંદર કેસેટ રજુ થઈ છે જેનું વિમોચન તા.૧૨–૪–૯૯ સોમવારે શ્રીમહાપ્રભુજીના પ્રાકટયદિને પ્રાકટય ભૂમિ ચંપારણ્ય મધ્યે પૂ.પા.ગો.શ્રીવ્રજજીવનજી મહારાજશ્રી (કાંદીવલી–મુંબઈ) નાં વરદ હસ્તે કરાવવામાં આવેલ છે.

કેસેટ સાથે કેસેટમાં રજુ થયેલ સર્વે સ્ત્રોત અને ગ્રંથો મૂળશ્લોક પુસ્તિકારૂપે પણ આપવામાં આવેલ છે. સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારણ શિખવા –નિત્ય પાઠ કરવા, સાંભળવા માટે અને શુભપ્રસંગે ભેટ આપવા લાયક સુંદર કેસેટ જે દરેક

વૈષ્ણવ પરિવારે વસાવવી જ જોઈએ. (ટૂંક સમયમાં COMPECT DISK, AUDIO, ઉપલબ્ધ થશે. રૂ.૧૭૫/– પોસ્ટેજ સાથે)

મનોરથી આવકાર્ય. ૨૦૦ કેસેટ/ સીડી પર નામ પ્રીન્ટ કરી અપાશે. વધુ માહિતી માટે સંપર્ક : ન. કે. પરીખ એફ/ ૭૮, ગુજરાતી સોસાયટી, નહેરુ રોડ, વિલે પાર્લે, (પૂર્વ) મુંબઈ. ૪૦૦૦૫૭. ફોન. ૬૧૪૯૧૨૨ / ૬૧૮૩૬૫૩

સમાચાર

મુંબઈ:

❑❑ વૈષ્ણવ સેવા કેન્દ્ર દ્વારા 'મુંબઈની હવેલી તથા પુષ્ટિ પ્રસાદી' પુસ્તક પ્રકાશન થનાર છે. જેમાં મુંબઈમાં આવેલ ૪૦ થી વધુ હવેલીનાં સરનામા સહિત વિવિધ જાણકારી સાથે સાથે કઈ હવેલીમાં કયા ઠાકોરજી બિરાજે છે વિગેરેની વિસ્તૃત માહિતી સાથે તેમજ પુષ્ટિસંપ્રદાયના પ્રકાશિત થતા માસિકોની યાદી સહ પુસ્તક પ્રકાશન થનાર છે. જેની માહિતી અને માર્ગદર્શન આપવા તેમજ સેવા નોંધાવવા નીચેના સ્થળે સંપર્ક કરવો.

શ્રીવૈષ્ણવ સેવા કેન્દ્ર ૨૦, જશોદા, ૧૧૦/ એ, સેનાપતી બાપટ માર્ગ, માટુંગા (વે.રે.) મુંબઈ. ૪૦૦૦૧૬. ફોન: ૪૩૭૪૯૬૯.

❑❑ વૈષ્ણવ પરિષદ મુંબઈ શાખા દ્વારા શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રાકટ્ય મહોત્સવ અતિ ઉત્સાહ સાથે યોજવામાં આવેલ. આ પ્રસંગે પૂ.પા.ગો.શ્રીરાજકુમાર નૃત્યગોપાલજી દ્વારા પુષ્ટિમાર્ગીય જ્ઞાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. ચરિત્રનાયકના જીવનને આધારિત સ્લાઈડ શો બતાવવામાં આવેલ. જ્ઞાન સ્પર્ધામાં વિજેતાઓને પ્રમાણપત્ર, પુરસ્કાર મહારાજશ્રી દ્વારા આપવામાં આવેલ. ઉત્સવદિને વિશાળ શોભાયાત્રા નીકળેલ. મહિલાઓ દ્વારા સર્વોત્તમ સ્ત્રોતના પાઠનું આયોજન કરવામાં આવેલ. વધાઈ કીર્તન તેમજ આપશ્રીનાં વચનામૃતનું આયોજન કરવામાં આવેલ.

મદ્રાસ :

❑❑ મદ્રાસ (ચેન્નાઈ) મહાનગરી પ્રાંગણમાં પૂ.પા.ગો.શ્રીઅજયકુમારજી મહોદય (ચેન્નાઈ) તથા પૂ.પા.ગો.શ્રીભરતકુમારજી મહોદય (પુના)ના સાંનિધ્યમાં અધિક માસ પ્રસંગે દિનાંક ૬–૬–૯૯ રવિવાર થી દિનાંક ૧૪–૬–૯૯ સોમવાર સુધી વિશિષ્ટ મહોત્સવ પ્રસંગે શ્રીઠાકોરજીના વિવિધ મનોરથ સાથે દિનાંક ૧૧–૬–૯૯ શુક્રવારના રોજ બડા મનોરથ (છપ્પનભોગ)નું આયોજન કરવામાં આવેલ.

મહોત્સવ સ્થળ : શ્રીબરસાના ધામ– ૭૪૫ પુન્નમલી હાઈ રોડ, કિલપોક, ચેન્નઈ–૬૦૦૦૧૦.

❑❑ શ્રી મહાપ્રભુજીનો ઉત્સવ પાંચ દિવસના વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે ગો.શ્રી૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહોદય (કડી–કોટા–અમદાવાદ)ની અધ્યક્ષતામાં –બાળકો તથા યુવાનો માટે શિબિરમાં પુષ્ટિ સિદ્ધાંત સરળતાથી સમજાવેલ. શ્રીવલ્લભચરિત્રનું પારાયણ થયેલ.

તા. ૧૧ તથા ૧૨ એપ્રીલે તિરૂપતી બાલાજી ખાતે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીએ વિવિધ મનોરથો આપશ્રીએ કરેલ. તથા વચનામૃત, પ્રશ્નોત્તરી વિગેરે કાર્યક્રમ થયેલ. જેમાં દક્ષિણ ભારતનાં ઘણાં શહેરોમાંથી મોટી સંખ્યામાં વૈષ્ણવોએ ઉપસ્થિત રહી લાભ લીધેલ. બધા વૈષ્ણવોને ઉતરવા–પ્રસાદ લેવાની સુંદર વ્યવસ્થા શ્રીબેઠકજી ટ્રસ્ટ તરફથી થયેલ.

અમદાવાદ :

ગો.શ્રી વૃજનાથજી વૃજરાયજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ચાલતી સંસ્થા શ્રીવિશ્વવલ્લભ સર્વોદય સંસ્થા દ્વારા રાજનગરમાં (અમદાવાદ) રહેતા વૈષ્ણવોની ડિરેકટરી પ્રકાશન કાર્ય કરવાનો નિર્ણય લીધેલ છે. રાજનગરમાં રહેતા દરેક વૈષ્ણવ પરિવારે સર્વેક્ષણ ફોર્મ ભરી તા.૧૯–૧૦–૯૯ સુધીમાં ભરી મોકલવાનું છે.

વિશેષ માહિતી માટે સંપર્ક સ્થળ : શ્રી વિ.વ.સ.સંસ્થા– ગોસ્વામી હવેલી, દોશીવાડા પાસે, કાળુપુર, અમદાવાદ. ફોન.૫૩૫૬૨૭૦.

કોટા :

નિ.લી.પૂ.પા.ગો.શ્રીરણછોડાચાર્યજી (પ્રથમેશજી) મહારાજશ્રીનાં ૬૯ મો પ્રાકટ્ય મહોત્સવ વૈષ્ણવ પરિષદ કોટા શાખા દ્વારા ૧ મે થી ૭ મે સુધી યોજવામાં આવેલ. જેમાં પૂ.પા.ગો.શ્રીવિજયકુમારજી (દામોદરલાલજી) મહારાજશ્રી

દ્વારા શ્રીસર્વોત્તમ સ્ત્રોત રસપાન સંગીતમય, મૌલિક અને સારગર્ભિત વાણીમાં, સરલભાષામાં શ્રીમહાપ્રભુજીનાં દિવ્ય અલૌકિક નામોનું વર્ણન સ્વમાર્ગીય સિદ્ધાંતો તથા સેવા પ્રકારનું વર્ણન કરી વૈષ્ણવોને ભાવવિભોર બનાવી સાથમાં અ.સૌ. રશ્મિ કુમુદિની વહુજીએ સ્વરચિત પદ–ગીત–ધુન–આરતિનું સુમધુર ગાન કરી ભાવવિભોર બનાવ્યા. પ્રાકટય મહોત્સવદિને સવારે પ્રભાતફેરી તથા અન્ય સાંપ્રદાયિક વિદ્વાનો તથા પરિષદના પદાધિકારીઓએ વક્તવ્યો આપ્યા.

ચીખોદરા (ખેડા) :

આં.રા.પુ.વૈ.પરિષદ ખેડા જિલ્લાને ચીખોદરા મુકામે સ્નેહમિલન ગોઠવવામાં આવેલ. આ પ્રસંગે પૂ.પા.ગો.શ્રી વાગીશકુમારજી મહોદયશ્રીએ પોતાના વકતવ્યમાં જણાવેલ કે ધાર્મિક સંસ્કારો જળવાઈ રહે તે માટે વૈષ્ણવોએ ખાસ આગ્રહ રાખવો જોઈએ. ટી.વી.કલ્ચરને લઈને ઘરનાં સંસ્કારો દૂષિત બનતાં જાય છે ત્યારે ઘરનાં સંસ્કારોની જાળવણી માટે આપણા બાળકો સંસ્કારી બને તેમજ સમગ્ર વૈષ્ણવસૃષ્ટિ સંસ્કારી બને તે દિશામાં ખાસ પ્રયત્ન કરવા જરૂરી છે. તે માટે વૈષ્ણવ પરિષદે પણ ચોક્કસ દિશામાં કાર્ય કરી સંપ્રદાય પ્રત્યેનું ઋણ અદા કરવું જોઈએ. પરિષદ દ્વારા થતાં વિભિન્ન આયોજન વકૃત્વ સ્પર્ધા–સત્સંગ સ્વાધ્યાય–સંગઠનનાં કાર્યને બિરદાવતાં જણાવેલ કે સંપ્રદાયમાં વધુ જાગૃતિ આવે તે માટે હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ. પરિષદ દ્વારા સસ્તા સારા પ્રકાશિત થતાં સાંપ્રદાયિક સાહિત્યની પણ આપશ્રીએ પ્રસંશા કરેલ.

આ પ્રસંગે પૂ.પા.ગો.શ્રી વાગીશકુમારજી મહોદયશ્રીનો વિશ્વની પાંચસો પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ માં સમાવેશ તથા સરકારશ્રી તરફથી વિભિન્ન એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો તેનો આનંદ વ્યક્ત કરવામાં આવ્યો તેમજ કિર્તન ક્ષેત્રે શ્રી શરદભાઈ મહેતા સામાજીક શૈક્ષણીક ક્ષેત્રે તથા ધાર્મિક ક્ષેત્ર માં આપેલી સેવાઓ બદલ ગુજરાતસરકાર તરફથી મળેલા એવોર્ડ બદલ નયા પડકારનાં તંત્રી શ્રીદીપકભાઈ તેમજ શ્રીઈન્દ્રકાન્તભાઈ શેઠ જેઓ આં.રા.પુ.વૈ.ના પ્રમુખ તરીકે સાંપ્રદાયિક સેવામાં વ્યસ્ત છે તેમનું તથા અદના સૈનિક તરીકે સતત કાર્યરત રહેનાર જયંતિભાઈ સોની, ગોપાલભાઈ એસ. શાહ વગેરેનું મોમેન્ટો અર્પણ કરી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ.

આણંદઃ

આણંદ મુકામે બેઠક મંદિરમાં રાખેલ સભામાં યોગેશભાઈ શાસ્ત્રી, ચીમનભાઈ શેઠ રમેશભાઈ પુંજાણી દક્ષાબેન પટેલે વક્તવ્ય આપેલ તેમજ પૂ.પા.ગો.શ્રી વાગિશકુમારજીમહોદયશ્રીએ સરળ રસમય શૈલીમાં વૈષ્ણવો ને માર્ગદર્શન કરેલ તેમજ આણ્દ શાખાની સમિતિની જાહેરાત કરવામાં આવી

આ ઉપરાંત સંખેડા–બેડોલી–જેતપાલી– તીલકવાડા–ડભોઈ–વિગેરે સ્થળો એ શ્રી યોગેશભાઈ શાસ્ત્રી તથા સંગઠનમંત્રી શ્રીચીમનભાઈ શેઠ દ્વારા પરિષદ નાં ઉપક્રમે સત્સંગ સભાનાં આયોજન કરવામાં આવેલ

રાજપુરા, (પંજાબ):

અખંડ ભૂમંડલાચાર્ય જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્ય મહાપ્રભુજી નો પરર મો પ્રાદુર્ભાવ મહોત્સવ તા. ૧૨–૪–૯૯ નાં શુભદિવસે હરિયાણા ક્ષેત્રના 'કુરૂક્ષેત્ર' સ્થિત શ્રી વલ્લાભાચાર્યજીની બેઠકમાં, પંજાબ, હરિયાણા, દિલ્હી,રાજપુરા આદિ ક્ષેત્રોના વૈષ્ણવજનોની ઉપસ્થિતિમાં અતિશય પ્રેમ–ભાવ તથા ઉત્સાહથી ઉજવાયો છે.

આ શુભ મહોત્સવે કડી, મુંબઈ, અમદાવાદ નાં પરમ પૂજ્ય ગોસ્વામી શ્રી વિજયકુમારજી,(શ્રીદામોદરલાલજી) મહારાજશ્રીએ બિરાજીને કુરૂક્ષેત્ર બેઠકજીમાં, હજારો વૈષ્ણવોની હાજરીમાં ઉત્સવ ઉજવાયો હતો.

આ સંદર્ભમાં પૂર્વે તા. ૮–૪–૯૯ થી દરરોજ રાત્રે ૯–થી–૧૧ સુધી રાજપુરા સ્થિત શ્રી ગિરધારીજી નાં મંદીરમાં, શ્રીમહાપ્રભુજી વિષયે આપશ્રી નાં વચનામૃતો થયા હતા. જેનો લાભ, અનેક વૈષ્ણવોએ ઉપસ્થિત રહીને આનંદપૂર્વક લીધો હતો.આપશ્રીના વહૂજી અ.સૌ. કુમુદીની વહુજીએ સુમધુર કંઠે ગીત કીર્તન, ધૂન વગેરે ગાઈ પરમ આનંદ પ્રકટ કરેલ. આ મહોત્સવ નો સમસ્ત કાર્યક્રમ 'રાજપુરા વૈષ્ણવ સમાજ'દ્વારા કરવામાં આવ્યો હતો.

ઉત્સવ નાં શુભદિવસે આપશ્રી દ્વારા,રાજપુરામાં 'કૃપાનિધિ યુવક મંડલ'ની સ્થાપના કરવામાં આવી જે હાલમાં આપની આજ્ઞાનુસાર નિયમિત ચાલી રહુ છે. આ રીતે આ મહોત્સવની ઉજવણી પ્રેમ ઉત્સાહ સાથે પંજાબ માં ઉજવાયો હતો. કુરૂક્ષેત્રના શ્રી મહાપ્રભુજીનાં બેઠકજીનું પુનઃનિર્માણ કરવું જરૂરી છે. આ વસ્તુને ધ્યાનમાં લઈ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો સ્વકર્તવ્ય સમજી ને સેવા મોકલવા નમ્રનિવેદન છે.

સંપર્કઃ–પ્રેમકુમાર ભાટીયા, રાજપુરા, પંજાબ. ફોનઃ (૦૧૭૬૨) – ૨૬૧૮૧.

કુતિયાણા :

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટય ઉત્સવના દિવસે કતલખાનાં બંધ રાખો – ગો.શ્રીપ્રભુજી મહારાજશ્રી

કુતિયાણામાં વૈષ્ણવ સમાજ દ્વારા આયોજીત જગદ્ગુરૂ શ્રીવલ્લભાચાર્યશ્રી મહાપ્રભુજીનાં પરર મા પ્રાગટય ઉત્સવના પ્રસંગે જાહેરસભાને સંબોધતા સુરત–વડોદરાના વૈષ્ણવાચાર્ય પૂ.ગો. ૧૦૮ શ્રી પ્રભુજી મહારાજશ્રીએ ઉપર મુજબ એલાન કરી જણાવ્યું હતું કે, શ્રીમહાપ્રભુજીના ઉત્સવના દિવસે કતલખાના બંધ રહે ખાસ કરીને ગાયો તથા ગૌવંશની કતલ ન થાય તે માટે ગુજરાત સરકાર ઉપર દબાણ લાવવા ગુજરાત ભરમાંથી સમસ્ત વૈષ્ણવ જનતાને આ પત્રો લખે તેમજ ટેલીગ્રામ કરે તે માટે આપશ્રીએ સમગ્ર વૈષ્ણવ જનતાને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે પ્રાગટય ઉત્સવ દિવસે પૂજ્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં પ્રભાતફેરી ધ્વજવંદન નંદમહોત્સવ તથા સાંજે ભવ્ય વિરાટ વૈષ્ણવની રેલી નીકળેલ હતી. જેમાં મોટી સંખ્યામાં ગામના તથા આસપાસનાં ગામોમાંથી વૈષ્ણવોએ હાજરી આપી હતી.

રાજકોટમાં શ્રીમહાપ્રભુજીનો પ્રાકટયોત્સવ

જગદ્ગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યજીના પ્રાગટય મહોત્સવના અનુસંધાનમાં શ્રીવલ્લભવિઠ્ઠલ વૈષ્ણવ મંડળના તત્વાવધાનમાં અત્રે પૂ.પા.ગો.૧૦૮ શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીનાં બંગલે વિવિધ સાંપ્રદાયિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેનો શ્રીવલ્લભકૃપા પાત્ર વૈષ્ણવોએ અલૌકિક આનંદ મેળવેલ.

તા.૯–૪–૯૯ નાં દિવસે રાજકોટ ગાંધીગ્રામ વિસ્તારના વૈષ્ણવોએ પૂ.પા.ગો.શ્રીગોવિંદરાયજી મહોદયના સાનિધ્યમાં શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને પધરાવી વરણાગી કાઢેલ. વધાઈ કીર્તન બાદ આપશ્રીનો વચનામૃત થયેલ.

તા.૧૦–૪–૯૯ ના રાત્રે બજરંગવાડી વિસ્તારના વૈષ્ણવોએ પૂ.પા.ગો.શ્રીભાગવતકુમારજી પૂ.ચિ.રૂચિરબાવાશ્રી એવં પૂ.પા.ગો.શ્રીગોવિંદરાયજી બાવાશ્રીની ઉપસ્થિતિમાં બેન્ડ વાજા વાજિંત્રો સાથે ભવ્ય વરણાગી કાઢેલ. ત્યારબાદ વધાઈ કિર્તન આપશ્રીનાં વચનામૃત આપશ્રીના કેસરસ્નાનનો આનંદ લીધેલ. તા.૧૧–૪–૯૯ ના રાત્રે આપશ્રીનાં બંગલે પૂ.પા.ગો.શ્રીગોવિંદરાયજી બાવાશ્રી, પૂ.પા.ગો.શ્રીગોપીબાવાશ્રીના વચનામૃત થયેલ.

ઉત્સવના દિવસે ૧૨–૪–૯૯ ના સવારે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપ સન્મુખ 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'ના પાઠ, તિલક–ફુલમંડળીના દર્શન બાદ વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધેલ. સાંજે વધાઈ કીર્તન સત્સંગ સભાનો ક્રમ રાખેલ. બહેનોના કળશ–રાસ ઈત્યાદિ ક્રમ રહેલો. પૂ.પા.શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી પૂ.પા.શ્રીગોપીશબાવા, પૂ.પા.શ્રીભાગવતકુમારજી એવં પૂ.પા.શ્રીપુરૂષોત્તમલાલજી (પૂ.પંકજબાવા બાવાશ્રીના અલભ્ય વચનામૃતનો લાભ વૈષ્ણવોને મળેલ. ત્યારબાદ આપશ્રીનાં કેસર સ્નાન થયેલ.

ભાવાંજલી

વડોદરા ખાતે તાજેતરમાં અઘટિત આકસ્મિક એક બનાવ બન્યો જેમાં પ.પૂ.ગો.શ્રી૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીનાં આત્મજા નિ.લી.શ્રીપુષ્ટીપ્રભાબેટીજી અનાયાસે નિત્યલીલાસ્થ (હરિશરણ) થયા.

નિ.લી.શ્રીપુષ્ટિપ્રભાબેટીજી બાળપણથી જ અતિસુંદર અને પ્રતિભા સંપન્ન વ્યક્તિત્વના સામ્રાજ્ઞી લાગતા હતા. બાલ્યકાળથી જ પૂજ્ય પિતૃચરણ સાથે સેવામાં પધારવાનો આપશ્રીને વિશેષ આગ્રહ રહેતો. આપશ્રીનાં માતૃશ્રી અ.સૌ.શ્રીજયતિવહુજીના કુશળ નેતૃત્વ નીચે સંપૂર્ણ સ્વમાર્ગિય જીવનપ્રણાલી પ્રમાણે આપશ્રીનું બાલ્યકાળ વ્યતિત થઈ રહ્યું હતું. જેમાં રમતગમતમાં આરતી પુરવી, માળાજી પોરવવા, સાંજી બનાવવી વિગેરે કલાત્મક પ્રશિક્ષણ આપવામાં આવતું અને સાથે સાથે આપશ્રીને યમુનાષ્ટક, સૌંદર્યપદ, અષ્ટનિધિનામ, શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી, પ્રભૃતિ સાત બાલકો તેમજ અષ્ટસખાના સંક્ષિપ્ત નામઆદિકનો પરિચય પણ આપશ્રીને કંઠાગ્ર હતા.

તા.૨૭–૩–૯૯ ને શનિવાર ચૈત્ર સુદ અગિયારસના દિવસે શ્રીબેઠકમંદિર, કેવડાબાગ ખાતે સાંજે ૮:૩૦ કલાકના સમયે સર્વબાલકો અને મિત્રમંડળી સહિત નિ.લી.શ્રીબેટીજી રમી રહ્યા હતા. શ્રીતપેલીનાં ઠાકોરજીનાં સન્મુખ તિબારીની બારી અનાયાસે ખુલી જતાં પ્રથમ માળથી નીચે શ્રીદ્વારકાધીશપ્રભુની નીજ તિબારી આગળ આરસ ઉપર આપશ્રી પડયાં અને ત્વરીત તબિબી સારવાર માટે આશીર્વાદ હોસ્પીટલ ખાતે લઈ જવામાં આવ્યા. ત્યાં રાત્રીનાં ૯:૫૦ કલાકે આકસ્મિક આપશ્રીએ નિત્યલીલામાં પ્રવેશ કર્યો.

આ અચિન્ત્ય, ભૌતિક દષ્ટિ અતિ દુઃખ પ્રસંગે શ્રીવલ્લભસુધા સંપાદક–વ્યવસ્થાપક મંડળ અશ્રુપૂર્ણ ભાવાંજલી સમર્પી– તૃતિય પીઠાધિશ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી, શ્રી દ્વારકેશજીમહોદય તથા સમસ્ત પરિવાર સન્મુખ સમવેદના પૂર્વક દંડવત્ પ્રણામ કરે છે.

કાવ્ય – કુંજ

મીઠી શ્રીવલ્લભની વાણી

[ઢાળ– પ્રીતમજીની પ્રીતમાં બંધાણી હું તો, પ્રીતમજીની પ્રીતમાં]

મીઠી શ્રીવલ્લભની વાણી, લાગે બહુ, મીઠી શ્રીવલ્લભની વાણી;
ભક્તિરસની ખાણી, લાગે બહુ, મીઠી શ્રીવલ્લભની વાણી................ટેક
સુબોધિની ને ષોડશ આદિ,
ગ્રંથો માહેં સમાણી, લાગે બહુ, મીઠી શ્રી. ૧
સુધા–સંયુક્ત શ્રીવલ્લભની વાણી,
સ્વરૂપાત્મક મેં પ્રમાણી, લાગે બહુ, મીઠી શ્રી. ૨
વાણીસ્વરૂપ શ્રીવલ્લભરાયજી,
શ્રીમુખથી વહે સરવાણી, લાગે બહુ મીઠી શ્રી. ૩
વેણુના નાદે શ્રીકૃષ્ણે આકર્ષ્યા,
ગોપ–ગોપીને બધા પ્રાણી, લાગે બહુ, મીઠી શ્રી. ૪
વચનામૃતથી શ્રીવલ્લભ પ્રભુએ,
દૈવી જીવોને લીધા તાણી, લાગે બહુ, મીઠી શ્રી. ૫
અષ્ટ સખાએ વલ્લભ વાણીને,
પદોમાં ગાઈને વખાણી, લાગે બહુ, મીઠી શ્રી. ૬
શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠે,
વાણીનો સ્વાદ લ્યો માણી, લાગે બહુ, મીઠી શ્રી. ૭
'લાલ' પ્રભુ 'શ્રીવલ્લભ–સુધા'
સકળ વિશ્વ કલ્યાણી, લાગે બહુ, મીઠી શ્રી. ૮

– રચયિતા– કિર્તનીયા શ્રીલાલજીભાઈ ગો. પટેલ, ગણોદ.

પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧૦૦/– પ.ભ. શ્રીકમળાબેન દેસાઈ (વડોદરા)નાં જયશ્રી કૃષ્ણ.

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૨
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન ☐☐☐☐☐☐

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

ઘુનેંઘાર સાંચ્યોં ઠર્યો,
ત્યહારો હોં, ઘનશ્યામ;
હેં ન દેંન કોં દંડ કછુ,
ઘરકોં કરોં ગુલામ. (૧૧)

ટીકા :

"હે ઘનશ્યામ ! હું તમારો ગુનેગાર તો સાચો ઠર્યો, પણ દંડ આપવાને તો કાંઈ છે નહિં, ત્યારે દંડમાં મને તમારા ઘરનો ગુલામ કરીને રાખો. ગુલામ તે શું કે વિના મૂલનો દાસ. (૧૧)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૩૭૦૭૧.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૪ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ જુલાઈ, ૧૯૯૯

વચનસુધા

તેમજ દુરાગ્રહના પરિત્યાગની જે વાત કરી, પણ હૃદયથી આપણે દુરાગ્રહનો પરિત્યાગ કરી શકતાં નથી. અને જ્યારે દુરાગ્રહનો પરિત્યાગ ન કરીએ, તો એમાં કોઈપણ જાતની વસ્તુને આપણે જોઈએ તો એ ભ્રમનું સ્વરૂપ આપણને એમાં લાગે. જેવી રીતે આંખમાં કમળો થયો હોય ને બધું પીળું દેખાય, તેમ કોઈપણ વ્યક્તિ પ્રત્યે આપણો ભ્રમ કે સંદેહ થઈ શકે. પણ વલ્લભાચાર્ય સંદિગ્ધ માર્ગને આપણા માટે દેખાડતા નથી. નિષ્કંટક અને અસંદિગ્ધ માર્ગ— આત્મવિશ્વાસ વાળો માર્ગ કે જેમાં આપણી શાશ્વત પ્રતિષ્ઠા છે. ક્યાંક તો કર્મ અંતઃકરણનું શોધન કરતું હશે. અને અહીંઆનું કર્મ જે તે સેવોપયોગી બનીને શાશ્વત થઈ જશે. એટલે આ કર્મમાર્ગ પણ સાધારણ કર્મમાર્ગથી કાંઈ વિલક્ષણ છે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૨ પૃષ્ઠ—૫)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દૃઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

જેઠ વદ ૧૦ તા. ૮–૭–૯૯ ગુરૂવાર : ગો.શ્રીદર્શનકુમારજી (કોટા–કડી–કાંદીવલી)નો જન્મદિન.

જેઠ વદ ૧૧ તા. ૯–૭–૯૯ શુક્રવાર : યોગિની એકાદશી વ્રત.

જેઠ વદ ૧૪ તા. ૧૨–૭–૯૯ સોમવાર : ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ (કામવન)નો જન્મદિન.

અષાડ સુદ ૨ તા. ૧૪–૭–૯૯ બુધવાર : રથયાત્રા.

અષાડ સુદ ૩ તા. ૧૫–૭–૯૯ ગુરૂવાર : ગો. ચિ. શ્રીકૃષ્ણકાંતજી બાવાશ્રી (મુંબઈ–બેંગ્લોર) તથા ગો. ચિ. અભિષેક કુમારજી બાવાશ્રી (મથુરા–ધોરાજી)નો જન્મદિન.

અષાડ સુદ ૫ તા. ૧૭–૭–૯૯ શનિવાર : શ્રીદ્વારકાધીશ (કાંકરોલી)નો પાટોત્સવ. ગો.ચિ. શ્રીદામોદરરાય બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

અષાડ સુદ ૬ તા. ૧૮–૭–૯૯ રવિવાર : કસુંબા છઠ્ઠ. શ્રીમહાપ્રભુજીના પિતૃચરણ શ્રીલક્ષ્મણભટ્ટજીનો ઉત્સવ. દક્ષિણના શ્રીપાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીનો ઉત્સવ. વર્ષાઋતુનો પ્રારંભ થયો તે ભાદરવા સુદ ૧૦ સુધી.

અષાડ સુદ ૭ તા. ૧૯–૭–૯૯ સોમવાર : ગો. ચિ. મિલનકુમાર બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

અષાડ સુદ ૮ તા. ૨૦–૭–૯૯ મંગળવાર : ગો. શ્રીબાલકૃષ્ણ મહારાજ (ચાંપાનેસી–જામનગર)નો તથા ગો. શ્રી ચિ.પ્રમેયકુમાર બાવાશ્રી (કડી–અમદાવાદ)નો તથા ગો. શ્રીચીમનલાલજી મહારાજશ્રી (માંડવી–ગોકુલ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૧ તા. ૨૪–૭–૯૯ શનિવાર : દેવશયની એકાદશી વ્રત. ચાતુર્માસના વ્રતના નિયમનો આરંભ. ધારણા પારણા વ્રત. ગો.ચિ. શ્રીવ્રજેશકુમારજી બાવાશ્રી (કામવન–રાજકોટ)નો તથા ગો. ચિ. શ્રીલલિતત્રિભંગીજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૪ તા. ૨૭–૭–૯૯ મંગળવાર : ગો.શ્રીદેવકીનંદનજી મહારાજશ્રી (શ્રીનાથદ્વારા–દ્વિતીયગૃહ)નો તથા ગો. ચિ. શ્રીશરદકુમારજી બાવાશ્રી (કાંકરોલી–મથુરા)નો જન્મદિન.

અષાડ સુદ ૧૫ તા. ૨૮–૭–૯૯ બુધવાર : કચોરી પૂનમ. ચાતુર્માસના નિયમનો આરંભ. જો એકાદશીએ વ્રત ન થયો હોય તો આજે કરવો. વ્યાસ (ગુરૂ) પૂર્ણિમા. ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહીં, પાળવાનું નથી.

અષાડ વદ ૧ તા.૨૯–૭–૯૯ ગુરૂવાર : હિંડોળા પ્રારંભ.

અષાડ વદ ૪ તા. ૧–૮–૯૯ રવિવાર : શ્રીગોકુલનાથજી (ગોકુલ) અને શ્રીગોકુલચંદ્રમાજી (કામવન)નો પાટોત્સવ. અહીંયા આજથી હિંડોળા. ગો. ચિ. શ્રીશરદકુમારજી (કોટા–કડી–અમદાવાદ), ગો. ચિ. શ્રીગોપેશ્વરજી (સુરત) અને ગો.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૮ અંક : ૪ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ☐ જુલાઈ,૧૯૯૯

॥શ્રી હરિઃ ॥

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

અપરાધ ત્રેવીસમો : " કેસર વિના શ્રીજી કોં તિલક ન કરે"

શ્રીઠાકોરજીને જે જે ઉત્સવોમાં તિલક અક્ષત ધરાવવાના હોય, જેમકે જન્માષ્ટમી, શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ, શ્રીગુસાંઈજીનો ઉત્સવ, પોતાના શ્રીગુરૂદેવનો ઉત્સવ, તેમજ રાખી–(રક્ષાબંધન) વગેરેમાં શ્રીઠાકોરજીને માત્ર કંકું નહીં પણ સાથે કેસર ઘોળીને કેસરકંકુનું તિલક કરવું જોઈએ.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

પંચપદ્યાનિ
શ્રીપુરૂષોત્તમજી કૃત વિવરણ

ભાષાંતર– પ.ભ. શ્રીબાબુભાઈ પી. નાયક – કડી.

–ગતાંકથી ચાલુ

અનિવૃતાઃ લોકવેદે તેવો ભક્ત લૌકિકમાં અને વૈદિકમાં અસ્વસ્થ રહેછે. અર્થાત્ આવા ભક્તને લૌકિક, વૈદિક કાર્યો તથા તેમાંથી મળતાં ફળોમાં જરાય રૂચિ હોતી નથી.

હવે તેવા ભગવદીયનું આચરણ કેવું હોય તે બનાવતાં કહે છે કે **'મુખ્યાઃ શ્રવણોત્સુકાઃ'** શ્રીમહાપ્રભુજી સમજાવે છેકે ઉપરનાં ત્રણ લક્ષણો જેનામાં હોય તેમનીજ કથા સાંભળવામાં ઉત્કટ ઈચ્છા રહેછે. એવી ઉત્સુકતા અન્ય(સામાન્ય) ભક્તમાં હોતી નથી આવા ભક્તના અચરણ વિષે શ્રીમદ્દભાગવતજીમાં નિમિરાજાને યોગેશ્વરજી કહે છે કે,

ન કામકર્મબીજાનાં યસ્ય ચેતસિ સંભવઃ ।
વાસુદેવૈકનિલયઃ સ વૈ ભાગવતોત્તમઃ ॥ (ભાગ. ૧૧–૨–૫૦)

જે ભક્તના ચિત્તમાં કામના જ ઉત્પન્ન થતી નથી, કામના ઉત્પન્ન થાય તો કર્મ થતાં નથી અને કર્મો થાયતો વાસના હોતી નથી, પણ જેને એકમાત્ર વાસુદેવ ભગવાનનો જ આશ્રય છે તે ખરેખર ઉત્તમ ભક્ત છે.

ઉપરનાં લક્ષણો ને ભક્તમાં હોય તે ઉત્તમ પુષ્ટિભક્ત કથા–શ્રવણનો મુખ્ય અધિકારી સમજવો. શુધ્ધ પુષ્ટિમાર્ગીય કથા–શ્રવણના મુખ્ય અધિકારીનું નિરૂપણ કર્યું છે. હવે પુષ્ટિમર્યાદામાર્ગીય મધ્યમ અધિકારીનું નિરૂપણ કર્યું છે. તેમાં ઉત્તમ અધિકારી દુર્લભ છે. તેથી પ્રથમ મધ્યમ અધિકારીનું નિરૂપણ કરે છે.

વિક્લિન્નમનસો યે તુ ભગવત્સ્મૃતિવિહ્વલાઃ ।
અર્થૈકનિષ્ઠાસ્તે ચાપિ મધ્યમાઃ શ્રવણોત્સુકાઃ ॥૨॥

શબ્દાર્થ: વિક્લિન્નમનસઃ=ભગવાનમાં સ્નેહયુક્ત મનવાળા; યે=જેઓ; તુ=છતાં; ભગવત્સ્મૃતિ વિહ્વલાઃ= ભગવાનતી સ્મૃતિ આવતાં જે વિહ્વળ બની જાય છે તેવા; અર્થૈકનિષ્ઠા= કોઇ હેતુ ધરાવનારા; તે=તેઓ; ચ અપિ=અને પણ; મધ્યમાઃ=મધ્યમ અધિકારીઓ; શ્રવણોત્સુકાઃ=સાંભળવામાં ઉત્સાહવાળા

ભાવાર્થ: જેઓનું મન ભગવાનમાં સ્નેહવાળું છે, ભગવાન નું સ્મરણ થતાં જે આકુળ–વ્યાકુળ થઈ જાય તેવા, અને કથા સાંભળવામાં ઉત્સાહવાળા છે, છતાં પણ તેઓ કોઇ હેતુ સિદ્ધ કરવા માટે કથા સાંભળવા જાય છે તેઓ કથાશ્રવણના મધ્યમ અધિકારી છે.–૨

વિવરણ: પુષ્ટિમર્યાદા ભક્તો ભગવત્પરાયણ હોવાથી તેમનું મન ભગવત્રસથી ભીંજાયેલું હોવાથી કોમળ હોય છે. તેથી તેમને (સતત) ભગવાનનું જ સ્મરણ રહે છે. તેને કારણે તેઓ

પરવશ હોય તેવા અને કથાશ્રવણમાં ઉત્સાહવાળા હોય તેવા જણાય છે. જો કે આવા ભક્તો આર્દ્ર, કોમળ અને કથાશ્રવણમાં ઉત્સાહવાળા હોવા છતાં તેઓ કથાશ્રવણમાં પોતાને કૃતાર્થ થવું છે તેવી ઇચ્છાવાળા અને શું કરીએ તો ભક્તિનું બીજ દ્રઢ થાયતેવી કામના મનમાં રાખતા હોય છે. આથી કથાશ્રવણમાં સકામ છે. એટલે કે અર્થૈકનિષ્ઠાઃ આવા હેતુવાળા હોવાને કારણે પુષ્ટિમર્યાદામાર્ગની દ્રષ્ટિએ તેઓ કથાશ્રવણના મધ્યમ અધિકારવાળા છે.

આવા પુષ્ટિમર્યાદા જીવો ગૃહસ્થાશ્રમમાં રહીને પ્રભુમાં આસક્તિ અથવા વ્યસનનો સાધન તરીકે પ્રભુ—પ્રાપ્તિ માટે ઉપયોગ કરે છે.એમ તેમનું મન સાધન પરાયણ રહે છે. તેથી તેમનું મન કોમળ હોવાથી ભગવાનના રસથી ભીંજાતા તરતજ તેમને પ્રભુનું સ્મરણ થઇ આવે છે. પરિણામે તેમનું મન વિહ્વળ થઇ જાય છે. છતાં પણ તેઓ સાધનપરાયણ હોવાથી કથાશ્રવણમાં ઉત્સુક હોય છે. તેઓની ભગવાન પ્રાપ્તિની જે નિષ્ઠા છે તેનો ઉપયોગ સાધન તરીકે જ કરે છે. તે કારણે તેઓને મધ્યમ અધિકારી ગણ્યો છે.

જે ભક્તનું મન ભગવદ રસથી આર્દ્ર(ભીનું) છે તેવા ભક્તને નિમિરાજાએ યોગેશ્વરોને પૂછેલા પ્રશ્નનું ધર્મનું સ્વરૂપ બતાવ્યું છે. ભક્તનું મન ભગવાનના સ્મરણથી આકુળ—વ્યાકુળ થઇ જાય તે ભક્તનું સ્વરૂપ ગણાય. તેમાં નિમિરાજાએ પૂછેલા ભક્તના આચરણનો અને તે કેવી રીતે બોલે છે તેનો પણ સમાવેશ થઈ જાય છે. આમ ભક્તના સ્વરૂપ, આચરણ અને તેના બોલવાના લક્ષણોનું નિરૂપણ થઇ ગયું.

ઉપર પુષ્ટિ—મર્યાદામાર્ગના મધ્યમ અધિકારવાળા શ્રોતાનું સ્વરૂપ બતાવી હવે મર્યાદાપુષ્ટિમાર્ગીય જઘન્ય(હીન) અધિકારીનું સ્વરૂપ બતાવે છે.

નિઃસંદિગ્ધં કૃષ્ણતત્વં સર્વભાવેન યે વિદુઃ ।
તે ત્વાવેશાત્તુ વિકલા નિરોધાદ્વા ન ચાન્યથા ॥૩॥
પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ કદાચિન્ન તુ સર્વદા ।
અન્યાસક્તાસ્તુ યે કેચિદધમાઃ પરિકીર્તિતાઃ ॥૪॥

શબ્દાર્થઃ નિઃસંદિગ્ધ= સંદેહ રહિત; કૃષ્ણતત્વં=શ્રીકૃષ્ણના તત્વને; સર્વે ભાવેન=સર્વભાવથી; યે=જેઓ; વિદુ=જાણે છે; તે=તેઓ; આવેશાત્=આવેશને કારણે; વા=અથવા; વિકલાઃ=વ્યકુળ; નિરોધાત્=નિરોધને લીધે; તુ=તો; ન=નથી; ચ=અને; અન્યથા=બીજી રીતે; પૂર્ણભાવેન= પૂર્ણભાવથી; પૂર્ણાર્થાઃ=પૂર્ણ અર્થવાળા; કદાચિત્=કોઇ વખત; સર્વદા=હંમેશાં અન્યસક્તાઃ=બીજામાં આસક્તિવાળા; કેચિત્=કેટલાક; અધમાઃ=અધમ; પરિકીર્તિતાઃ=કહેલા છે.—૩—૪.

ભાવાર્થઃ સંદેહરહિત થઈને શ્રીકૃષ્ણતત્વને સર્વભાવથી જે જાણે છે, તેઓ ભગવાનના આવેશને કારણે અથવા ભગવદ ગુણગાનમાં મનનો નિરોધ થવાને કારણે વિહ્વળ થઇ જાય છે. તે સિવાય વ્યાકુળ થતા નથી. તેવા ભક્તો પૂર્ણભાવથી કોઇ વખત પૂર્ણ અર્થવાળા હોય છે, કંઇ હંમેશાં એવા હોતા નથી. વળી કેટલાક બીજાજે બીજામાં આસક્તિવાળા હોયછે. તેમને હીન અધિકારી કહ્યા છે.—૩—૪.

વિવરણઃ હીન અધિકરીનું સ્વરૂપ વર્ણવતા કહેછે કે આવો ભક્ત ભગવાનજ બધું કરનાર છે તેમ માને છે. વળી તે ભગવાને ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી અને જ્ઞાનવાળા ષડ્ગુણ સંપન્ન,

પરમકૃપાળું અને દીનબંધુ માને છે. વળી ભક્તિ અને જ્ઞાન વડે પ્રભુનું સ્વરૂપ જાણી શકાય તેવું સમજે છે. તે માને છે કે ભગવાન તો પતિતોને પણ પાવન કરનાર છે. તે સંદેહ વિના શ્રીકૃષ્ણતત્વને સર્વરૂપ ભગવાન માને છે. આવું માનનારા ભક્તોમાં જ્યારે ભગવાનનો આવેશ થાય અથવા ભગવાનમાં તેમના મનનો નિરોધ થાય ત્યારે આકુળ—વ્યાકુળ થઈ જાયછે. તે સિવાય તેઓ વિકલ થતા નથી. તેઓ કોઈ વખત ભગવાનમાં પૂર્ણભાવથી પૂર્ણ અર્થવાળા બની જાય છે. તેઓમાં જ્ઞાનની પ્રધાનતા હોવાને કારણે તેઓના અંતઃકરણમાં જ્ઞાનનો આવેશ આવી જાય છે.

આ કારણે ભક્તિની મહત્તા તેમનામાં હોતી નથી. આથી તેમને કથાશ્રવણના હીન અધિકારી કહેલા છે. આવા શ્રોતાના સંગમાં વક્તાને પણ તેવા ભાવની સિધ્ધિ થાયછે. તેથી વક્તાએ ગમેતેમ કરીને ઉત્તમ અધિકારીના સંગમાં રહેવા શ્રમ કરવો યોગ્ય છે.

ઉપર વક્તા—શ્રોતાનું સ્વરૂપ નિરૂપણ કર્યું. તે પ્રમાણે શ્રોતાઓના અધિકાર ભલે હોય, પરંતુ આજના સમયમાં હીન અધિકારવાળા શ્રોતા મળવા પણ દુર્લભ છે. તેથી કીર્તન ઉચ્છિન્ન જેવું ન થઈ જાય માટે સામાન્ય રીતે શ્રવણાદિક ભક્તિના અધિકારનું વર્ણન કરે છે.

અનન્ય મનસો મર્ત્યા ઉત્તમાઃ શ્રવણાદિષુ ।
દેશ—કાલ—દ્રવ્ય, કર્તૃ— મંત્ર—કર્મ—પ્રકારતઃ ॥ ૫ ॥

શબ્દાર્થ: અનન્યમનસઃ— અનન્ય મનવાળા હોય છે; મર્ત્યાઃ— માણસો; ઉત્તમાઃ— ઉત્તમ; શ્રવણાદિષુ— કથા સાંભળવામાં; દેશ—કાલ—દ્રવ્ય—કર્તૃ—મંત્ર—કર્મપ્રકારતઃ— દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, કર્મ અને મંત્ર વગેરે પ્રકારથી— ૫

ભાવાર્થ: દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ વગેરે પ્રકારથી શ્રવણાદિક ભક્તિમાં જે માણસો અનન્ય મનવાળા છે તે ઉત્તમ ગણાય છે.—૫

વિવરણ: દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ આ છ બાબતોમાં એમના અંતઃકરણમાં શાસ્ત્ર દ્વારા આવેલી ભગવદ્ બુધ્ધિને કારણે તેઓ એ છ સાધનોથી શ્રવણાદિકમાં અનન્ય મનવાળા મનુષ્યો છે. આવા ભક્તો ઉત્તમ છે. તેથી જો પહેલાં બતાવેલા ઉત્તમ અધિકારી ન મળે તો, દેશાદિક પ્રકારોને અનુસરી ભગવાનમાં અનન્ય મનવાળા હોય તેવાનો શ્રવણાદિક ભક્તિમાં સંગ કરવો.શોધવા તે યોગ્ય છે. જો કથાના વક્તાને ઉત્તમ અધિકારી મુખ્ય શ્રોતા મળે તો આવા શ્રોતામાં આસક્ત ન થવું ઉત્તમ શ્રોતા ન મળે તો જ આવા શ્રોતા સાથે કથા—કીર્તન કરવાં.

ઇતિ શ્રીવલ્લભનંદનચરણૈકતાન શ્રીપીતાંબરતનુજ શ્રીપુરૂષોત્તમ વિરચિતં શ્રીકૃષ્ણરસવિક્ષિપ્તેત્યાદિશ્લોકપંચકસ્ય વિવરણં સંપૂર્ણમ્॥

આ પ્રમાણે શ્રીવલ્લભનંદનના ચરણોમાં એક ચિત્ત એવા શ્રીપીતાંબરજીના પુત્ર શ્રીપુરૂષોત્તમજી વિરચિત શ્રીકૃષ્ણરસવિક્ષિપ્ત વગેરે પાંચ શ્લોકનું વિવરણ સંપૂર્ણ થયું...(સંપૂર્ણ)

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ૫૦૧/— ગો.વા. દેવકોરબેન મુળજીભાઈ દાવડા મુંબઈના જય શ્રીકૃષ્ણ.
૨. ૫૦૧/— ગો.વા.અ.સૌ વજીબેન શંભુભાઈ લાખાણી અમદાવાદના ભગવત્સ્મરણ.
હસ્તે વી. એસ.લાખાણી, ડોમ્બીવલી

ભક્તિપોષણ

[illegible]

સર્વ પ્રાણી ઉપર દયા, આણવો નહિ કોઈનો દોષ
વશ કરવી ઈન્દ્રિયો સહુ, યથા લાભ સંતોષ
સંતોષ ધરી વદવી સત્ય વાણી, દ્રઢ આશ્રય—પ્રભુ દીનતા આણી;
દુષ્ટ સંગથી રહેવું દૂર, વસવું સદા હરિજન હજૂર
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૬૨)

વિવેચન— અહીંથી ૬૨—૬૭ સુધીમાં વૈષ્ણવોનું કર્તવ્ય બતાવ્યું છે કોઈપણ કાર્ય કરવું હોય તો તેને સમજીને જ કરવું. જેથી તે સારી રીતે પાર પાડી શકાય.

આમાં મુખ્ય વિષયો (૧) સર્વ પ્રાણી માત્ર ઉપર દયા રાખવી (૨) ઈન્દ્રિયોની આધિનતા સ્વિકારવી નહીં (૩) યથા લાભ સંતોષ એટલે સંતોષ રાખવો. (૪) કોઈનાં દોષ જોવા નહીં (૫) સંતોષ રાખીને સત્યને રસ્તે ચાલવું સત્ય બોલવું (૬) એક આશ્રય પ્રભુનો દ્રઢતાપૂર્વક રાખવો (૭) ભાવનું રક્ષણ કરવા દુઃસંગથી દૂર રહેવું (૮) ભક્તનાં સંગમાંજ રહેવું. શ્રી મહાપ્રભુજીને આશ્રયે રહીને પુષ્ટિ રીતે ચાલે તેવાઓને કોઈની અપેક્ષા હોતી નથી. આવા નિરપેક્ષ ન મળે તો જેવા તેવાનો સંગ કરીને પદભ્રષ્ટ ન થવું. દુઃસંગ વિષરૂપ છે તે તુરંત જ રગેરગે ચડી જાય છે. સુબોધને સમજતાં, તેને આચરણમાં લાવતા લાંબો સમય લાગે છે. ત્યારે દુઃસંગતો કર્યું કારવ્યું બધું એક પળમાં નાશ કરી નાખે છે, કેમ કે દુષ્ટ સંગ જ એવો મીઠી લોભામણી ભાષા વાપરી, સામેના માણસની બુધ્ધિમાં ભ્રમ પેદા કરી, તેને પોતાનાં જેવો બનાવે છે, કદાચ યોગ્ય સંગ ન મળે તો શ્રીગુસાંઈજીનું વચન યાદ કરવું.

યદુક્તં તાત ચરણે શ્રીકૃષ્ણઃ શરણં મમ
તતઃ એવસ્તિ નૈશ્ચિંત્ય યહલોકે પારલોકે

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી છે કે તાત ચરણશ્રી મહાપ્રભુજીનાં મુખારવિંદથી નીકળેલ મહામંત્ર શ્રી કૃષ્ણઃ શરણં મમ, આના આશ્રયથી જ આ લોક અને પરલોક સંબંધી સર્વ કાર્યોથી હું નિશ્ચિંત છું. ટુંકામાં સત્સંગનાં અભાવમાં શરણ મંત્ર જ સાધક છે. ઉપરનાં આઠ વિષયો બતાવ્યા તે પુષ્ટિમાર્ગમાં અષ્ટસિદ્ધિ સમાન છે. આવા ગુણો આવ્યા એટલે અનેક અવગુણો આપોઆપ દૂર થઈ જશે.

(૧) પ્રાણી માત્ર ઉપર દયા રાખવાથી ભક્તિ કરવા માટે હૃદય કોમળ રહેશે. અને ભક્તિ કરવા માટે દયાનો ગુણ કેળવવો જરૂરી છે.

(૨) દોષ દ્રષ્ટિ છોડવી–જે કોઈ, માણસે માણસે અવગુણો જ જોયા કરે છે, પરંતુ પોતાનામાં ગુણો છેતે જોઈ શકતો નથી, તે તો પારકાનાં અવગુણો જોઈ જોઈ પોતે પણ તેવો જ બની જશે.તેને માટે તો શ્રીમહાપ્રભુનું વાક્ય **તથૈવ તસ્ય લીલેતી મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્**– જગતમાં જે કાંઈ બને છે તેમાં મોહ ન રાખતા જાણવું કે તેમાં પણ કાંઈ પ્રભુની ઈચ્છા હશે, ભગવાનની લીલા છે તેમ સમજવું. નટ જેમ તેને જેવો પાઠ દીધો હોય તેવો તે ભજવે છે, તેનો સુત્રધાર જુદો જ હોય છે. આવું માનવાથી દોષ દ્રષ્ટિ દૂર થશે.

(૩) ઈન્દ્રિયોને વશમાં રાખવી–જો ઈન્દ્રિયોને ફાવે તેમ વર્તવાની છુટ આપી દેવાય તો તેતો કેવળ દેહધર્મ દેહનું સુખજ ચાહશે. લૌકિક અલ્પ સુખ છે,વિઘ્નકર્તા પણ છે. તથા ક્યારેક ઘાતક પણ બની જાય છે. તેમાં સુખ લેવા જતાં દુઃખ પલ્લે પડે છે. તેથી ભાવનાં નષ્ટ થાય છે.

(૪) સંતોષ–પોતાની રીતે ઉદ્યમ કરતાં જેકાંઈ મળ્યું તેમાં સંતોષ માનવો. ભાગ્યમાં ન હોય અને અતિ લોભે કોઈ કાર્ય કરે તે દુઃખરૂપી પણ બની શકે છે. લોભરૂપી દોષ મહાન આવે છે, તૃષ્ણા વધે છે. તે તૃષ્ણા અસંતોષ વધારે છે. જેથી જીવન દુઃખમય બની જાય છે. આવું ન બને માટે સંતોષ જરૂરી છે.

(૫) સત્ય બોલવું–સત્ય સાંભળવું, સત્ય બોલવું, સત્ય કાર્યજ કરવું, સત્ય રસ્તે જ ચાલવું, જેનાથી જીવનમાં નિર્મલતા આવશે. નિર્મલતાથી લોભરૂપી દોષથી બચી શકાશે.

(૬) પ્રભુનો આશ્રય દ્રઢતાપુર્વક રાખવો–પ્રભુ સર્વ જગાએ રક્ષક છે, તેથી હું નિશ્ચિંત છું. આમ માનવાથી નિર્ભયતા પ્રાપ્ત થશે. જો પોતાનું પરિબળ માને તો સુખમાં અભિમાનથી છલકાય જાય અને દુઃખમાં ભાન ભૂલી જીવનમાં અશાંતિ ફેલાઈ જાય. આવે ટાણે માનવું કે હું તો પ્રભુનો દાસ છું, રાખે તેમ રહેવું. મારી ચિન્તા કરવાથી કાંઈ વળવાનું નથી. પ્રભુ જે કરશે તે મારા ભલા માટે જ હશે. દુઃખ આવશે તો તે દોષોનું નિવારણ થશે. સુખ આપે તો પણ તેની મરજી. **હોંતો રાખો તેસો રહું**, તે મુજબ પ્રભુ રાખે તેમ રહેવું. ભગવત્ગીતા **અ.૪,શ્લોક ૧૦–૧૧**

રાગ, ભય તથા ક્રોધ વિનાનાં મારામય થયેલા, મારે જ આશ્રયે રહેલા, જ્ઞાન અને તપ વડે પવિત્ર થયેલા ઘણાં લોકો મારા સ્વરૂપને પામ્યા છે. જે જીવ જે પ્રકારે મારે શરણે આવે છે તેમને હું પણ તે ભાવથી ભજું છું અને તેવા ભાવ મુજબ ફળ આપું છું, કેમ કે મારો ભક્ત સર્વ જગે મને જ કર્તા માને છે, તેથી તેને કર્તાપણાનું અભિમાન જ હોતું નથી. અભિમાનરૂપી દોષને છોડવા દીનતા રાખવી.જેથી કરીને અનેક દોષોથી બચી જવાય છે. દયા રાખવાથી હૃદય કોમળ રહે છે જેથી કોઈનું બુરૂં કરી શકે નહીં.

૨૫૨, વૈષ્ણવની વાર્તામાં – કોઈ એકને શુળીયે ચઢાવતા જોઈને એક સ્ત્રી મૂર્છા પામી. આ જોઈ શ્રીગુસાંઈજીએ વચન ઉચાર્યા કે આ સુંદર પાત્ર છે. આનાં હૃદયમાં પરાયું દુઃખ સહન કરવાની શક્તિ નથી, તેબીજાનેતો દુઃખ દઈજ ન શકે. આના ઉપર જેટલો રંગ ચઢાવશો તેટલો (ભક્તિરસ) ચઢશે. દયાથી જેનું હૃદય કોમળ છે, ને ભક્તિભાવની ભુમિકા છે. **ગીતા અ.૧ શ્લોક ૧૦મો**

તેષાં સતત યુક્તાંનાં ભજતાં પ્રિતિ પૂર્વકમ્
દદામિ બુધ્ધિયોગં તં યેન મામુપયાન્તિ તે

ભગવાન કહે છે–મને પ્રેમ પૂર્વક ભજતાં મારામાંજ જેમનું મન છે. મારો જ જેણે આશ્રય કરેલ છે, સર્વ રીતે મારા પરાયણ થઈને રહે છે, તેને હું બુધ્ધિ આપું છું, તેથી તે મને જ પામે છે. આગળ શ્લોક ૧૧માં–તેમજ તેમનાં ઉપર કૃપા કરવા માટેજ અંતઃકરણમાં રહેલો હું જ્ઞાનરૂપી પ્રકાશવડે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરૂં છું.– આ જાણીને દુઃસંગથી દૂર રહેવું ને ભગવદ્ ભક્તની સાથે રહેવું, વસવું હરિજન સંગે. ભગવદ્ ભક્તનાં સંગથીજ ભક્તિ સુલભ થશે.

શિક્ષાપત્ર ૧ શ્લોક ૧૯ માં શ્રીહરિરાયજી–

યે ભાવં વર્દ્ધયંત્યેન્ દ્રઢં વચન વર્ષણૈઃ
સંગોડપિ તેષાં કર્તવ્યો નાન્યેષામિતિ નિશ્ચયઃ

જે ભગવદીય, ભાવની વૃદ્ધિ કરવા વચનરૂપી વર્ષા કરે તેમજ દ્રઢતા પ્રાપ્ત કરવા પુષ્ટિમાર્ગ પ્રેમપૂર્વક સમજાવે, શ્રી સુબોધિનીજી આદી નાના મોટા ગ્રંથોને મન લગાડીને સમજાવે, જો સ્વયં ભગવદ્ રસમાં મગ્ન રહેતો હોય, (બીજાને દેવા પૂરતું ન હોય) કોઈપણ અપેક્ષા રાખતો ન હોય, લૌકિક વૈદિકમાં મન દોરવતો ન હોય, પરસ્પર વાર્તાલાપ કરીને જીવન કૃતાર્થ કરવા સિવાય અપેક્ષા ન હોય, તેવાનો સંગ કરવો.

(૧) ભાવનામાં વૃધ્ધિ કરે, આશ્રય સિધ્ધ હોય, અનન્ય ચિંતન કરતો હોય તેનો સંગ જ લાભદાયક નિવડે.

(૨) બહિર્મુખનો સંગ છોડવો. ભલે વિદ્વાન શાસ્ત્રનો જાણકાર હોય, પરંતુ કોઈપણ લાભાર્થે કરેલો સંગ તે સતસંગ નથી.

(૩) બહિર્મુખનો સંગ બાધકરૂપ છે. તે જ્યાં જાય ત્યાં ગંદકી છોડતો જાય. ધર્મ બતાવી પોતાની શ્રેષ્ઠતા બતાવે. આવાને આશ્રયે રહેવાથી એવું જ બની શકાય. ત્યાં શુદ્ધતા આવતી નથી. જાણવા છતા પણ તેઓ સંગ ન છોડે તે મહાન દુર્ભાગી જાણવો.

(૪) ભગવદ્ ભક્ત નિરપેક્ષ હોય છે. કેવળ ભગવાનની ભક્તિ, સેવા, ગુણગાન કરવામાં જ રૂચી હોય. આવાં ઉચ્ચ કોટીનાં ગુણો ભરેલા હોય તેનો જ સંગ લાભદાયક રહે છે, કેમકે તે સંસારી સુખની લાલસાથી ભજતો નથી, ત્યાં દેહનું સુખ તો જોવે જ ક્યાંથી? દેહનું રક્ષણ પણ સેવા માટેજ કરે છે. ચાર પ્રકારની મુક્તિની પણ જેને ઈચ્છા હોતી નથી, આવા ભગવત્ ભક્તોનો સંગ કરવો. સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૬૨)

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લ[illegible]ના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

૧. જગદ્‌ગુરૂ આચાર્ય ચૂડામણિ શ્રીમદ્ વલ્લભાચાર્ય

શ્રીમદ્ વલ્લ્ભાચાર્ય પુષ્ટિમાર્ગને પ્રકાશમાન કરનાર સાક્ષાત્, વૈશ્વાનર, ભક્તિમાર્ગનો ભારતમાં પ્રચાર કરવાવાળા, ધર્મસૂત્રો તથા બ્રહ્મસૂત્રો પર ભાષ્ય કરવાવાળા, અદ્‌ભુત પ્રતિભાશાળી આચાર્ય મહાપુરૂષ હતા. સંપ્રદાયમાં આપ શ્રીમહાપ્રભુ નામથી પ્રસિદ્ધ છે. જગતમાં આપ સર્વમાન્ય પ્રથમ પંક્તિના ભાષ્યકાર છે. વ્યાસસૂત્ર ઉપર આગળ થઈ ગયેલા બધા આચાર્યોએ ભાષ્ય લખ્યું છે પરંતુ તે બધા સૂત્રોનો સુમેળ પોતાના સંપ્રદાયમાં કર્યો છે. પરંતુ શ્રીમદ્ વલ્લભાચાર્યે શ્રીવ્યાસસૂત્રોનો યોગ્ય અર્થ પ્રગટ કર્યો છે. આપે આ સૂત્રોનો અર્થ કરવામાં ક્યારેય પોતાની કલ્પના અથવા તો દુરાગ્રહ રાખ્યો નથી. તે તેમની સર્વમાન્ય વિશેષતા અને મહા પુરૂષત્વ દર્શાવે છે. આપે વેદ, સૂત્ર, પુરાણ, ઈતિહાસ તથા મીમાંસા આદિ ધર્મ શાસ્ત્રોનો નિચોડ જગતની સન્મુખ પ્રકાશિત કર્યો છે. જ્યાં આ નિચોડ છે તેને પુષ્ટિમાર્ગ કહે છે.

લોકદષ્ટિએ વિચારીએ તો પણ શ્રીમદ્ વલ્લભાચાર્ય એક વિશ્વ વિભુતિ હતા. ધર્મના આવા પ્રસિદ્ધ કર્તા વ્યાખ્યાતા અને અપૂર્વ ક્ષમતાવાળા પ્રતિભાવાન્ વિદ્વાનો લોકોમાં બહુ ઓછાં અવતારો ધારણ કરે છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય એક અત્યંત ઉચ્ચકોટિના તત્ત્વવેતા, ધર્મશાસ્ત્રના માર્મિક વ્યાખ્યાતા તથા ભારતવર્ષના પ્રથમ પંક્તિના દાર્શનિક ધુરંધર આચાર્ય હતા.

વૈષ્ણવ દષ્ટિમાં આપ પૂર્ણ પુરૂષોત્તમ, ભગવાન શ્રીકૃષ્ણના મુખાવતાર માનવામાં આવે છે. આપના પ્રાગટયનું રહસ્ય ભક્તોની ભક્તિમયી ભાવનાઓથી સુસંકલીત છે. તે આ પ્રમાણે છે.

‘‘આપ ભૂતલ ઉપર પધાર્યા ત્યારે પહેલા આપ શ્રીગોપીજન વલ્લભ શ્રીકૃષ્ણચંન્દ્રની પાસે નિત્યલીલામાં બિરાજતા હતા. ભારતની દુર્દશા જોઈને દયામયનું દયાળુ હૃદય દુઃખથી દ્રવી ઉઠયું. કલીયુગમાં ભગવાનની ઈચ્છા થઈ કે જે પુષ્ટિમાર્ગ–અનુસરણ શ્રીગોપીજનોએ કર્યુ છે તે મને ખુબજ પ્રિય છે. કાળના પ્રવાહને કારણે ભારતમાં નષ્ટ થઈ ગયું છે. તેથી તેને ફરીથી પ્રગટ કરવું જોઈએ. આ વિચાર કરીને આપના મુખારવિંદમાંથી પ્રગટ થયેલા શ્રીમદ્ વલ્લભાચાર્યને આજ્ઞા કરી કે ‘‘આપ ભૂતલ પર પધારીને પુષ્ટિમાર્ગનો બ્રહ્મવાદનો પ્રચાર પ્રવર્તમાન કરો.’’ મેં શ્રીયજ્ઞનારાયણને તેના વંશમાં અવતાર લેવાનું વચન પણ આપ્યું છે. તેના વંશજોએ ૧૦૦ સોમયજ્ઞો પૂરા કર્યા છે. તેથી તે વંશ અત્યંત શુદ્ધ અને આપનું પ્રાગટય થવા માટે યોગ્ય છે. શ્રીમદ્ ભાગવત જે મારું જ સ્વરૂપ છે તેના ગૂઢ અર્થોને પ્રગટ કરો.

શ્રીમહાપ્રભુજીએ આ આજ્ઞા શિર ઉપર ધરી. તે સમયે દક્ષિણમાં કાંકરવાડ ગામમાં એક વિશુદ્ધ વેલ્લનાડુ ક્ષોત્રિય બ્રાહ્મણોનું કુળ નિવાસ કરતું હતું. આ વંશના પ્રસિદ્ધ મહાપુરૂષ શ્રીયજ્ઞનારાયણ ભટ્ટજી હતા. તેમણે ૩૨ સોમયજ્ઞ કર્યા હતા. તેમની નિષ્ઠા ઉપર ભગવાન પ્રસન્ન થયા અન વરદાન માંગવા કહ્યું ત્યારે શ્રીયજ્ઞનારાયણ ભટ્ટજીએ કહ્યું કે 'દયામય' જો તમે આ દીન પર પ્રસન્ન હો તો એકવાર મારે ત્યાં પ્રગટ થઈ જેમ નંદયશોદાને આનંદનો અનુભવ કરાવ્યો તેવો અનુભવ કરાવો.'

ભગવાને પ્રસન્ન થઈને 'તથાસ્તુ' કહ્યું તથા આજ્ઞા આપી કે 'તમારે ત્યાં ૧૦૦ સોમયજ્ઞ પૂર્ણ થવાથી હું તમારે ત્યાં અવતાર લઈશ.' તેના ફળરૂપે ભગવાન ૧૦૦ સોમયજ્ઞ પૂર્ણ થતાં શ્રીમદ્ વલ્લભાચાર્યના સ્વરૂપમાં પ્રગટ થયા.

આપનો પ્રાદુર્ભાવ સંવત્ ૧૫૩૫ સન્ ૧૪૭૯ વૈશાખ કૃષ્ણ એકાદશીના મંગલમય દિવસે રાયપુર પાસે ચંપારણ્યમાં થયો. આપના પિતૃચરણ શ્રીલક્ષ્મણભટ્ટ સોમયાજી હતા. તે કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાના અધિપતિ તૈલંગ બ્રાહ્મણ હતા. આપની માતાનું નામ યલ્લમાગારૂ હતું.

આપશ્રીનાં વંશના મૂળપુરૂષ શ્રીગોવિંદ આચાર્યજી હતા. શ્રીમહાપ્રભુજીએ જે જ્ઞાતિમાં અવતાર ધારણ કર્યો તે જ્ઞાતિ તેની શુદ્ધતા તથા આચાર નિષ્ઠા માટે પ્રસિદ્ધ રહેતી આવી છે. આપનું ગોત્ર ભારદ્વાજ તથા આયાસ્ય આંગીરસ હતું. આપની અટક 'ખમ્ભંપાટ્ટિવારુ' હતી. અને કુળદેવી રેણુકા હતા. આ કુળની પરંપરા વૈષ્ણવ દીક્ષા ધારણ કરતા હોવાથી આ કુળ 'વૈષ્ણવ' કહેવાતું હતું.

શ્રીવલ્લભાચાર્યએ જે કુળમાં અવતાર ધારણ કર્યો હતો તે કુળમાં સોમયાગ નામના યજ્ઞનો અધિક પ્રચાર રહ્યો હતો. શ્રીયજ્ઞનારાયણ સોમયાજીએ ૩૨ સોમયજ્ઞ પૂર્ણ કર્યા હતા. તેજ પ્રમાણે શ્રીગંગાધરજીએ ૨૮, ગણપતિભટ્ટજીએ ૩૦, બાલંભટ્ટજીએ ૫ તથા લક્ષ્મણભટ્ટજીએ ૫ સોમયજ્ઞ કરીને કુલ ૧૦૦ સોમયજ્ઞ પૂરાં કર્યા હતા.

શાસ્ત્રીય માન્યતા એ છે કે સો સોમયજ્ઞ પૂર્ણ કરવાથી ભગવાન સ્વયં ત્યાં અવતાર ધારણ કરે છે. તે મુજબ ભગવાને આ કુળમાં જન્મ લીધો તેનું પ્રમાણ સિદ્ધ થાય છે. આપશ્રીનું યથાર્થ સ્વરૂપ સમજવામાં આવે એટલા માટે અમે અહીં એક વ્યાખ્યાન સંક્ષિપ્ત સ્વરૂપમાં પ્રકાશિત કરીએ છીએ.

વ્યાખ્યાતા સંપ્રદાયના મર્મજ્ઞ વિદ્વાન શ્રીરમાનાથ શાસ્ત્રીજી છે. સંપ્રદાયના વિદ્યાર્થીગણ માટે આ વ્યાખ્યાન અહીં પ્રકાશિત કરવા માટે આવશ્યક હોવાથી પ્રકાશિત કરવું યોગ્ય માન્યું છે.

(૧) આચાર્ય શબ્દની ઉત્પત્તિ અને રહસ્ય :

૧. શ્રીવલ્લભાચાર્યજીના નામ સાથે આચાર્ય શબ્દ છે. આ આચાર્ય પદનો અર્થ શું છે? તથા ભારતનાં વિદ્વાનો તેનું કેટલું મહત્વ માને છે. જો તમે પ્રથમ આ સમજી લો તો શ્રીવલ્લભાચાર્યના ચરિત્ર તથા ગુણોનું શ્રવણ કરવામાં ખુબજ આનંદ આવશે.

૨. 'આચાર્ય' આંગપૂર્વક 'ચર' ધાતુથી 'ણ્યત્' પ્રત્યય લાગવાથી સિદ્ધ થાય છે. કોઈ શબ્દનો અર્થ સમજવામાં વ્યાકરણ કોષ અને આપ્તવાક્ય, આદિ પ્રમાણોની જરૂર પડે છે. અહીં આચાર્ય શબ્દ પણ વ્યાકરણ, કોષ અને આપ્તવાક્યથી એકાર્થ રહીને સિદ્ધ થયો છે. **'આચાર્ય તે વા આચાર્યતે યેન સ આચાર્યઃ '** આ વ્યાકરણમાં કહે છે કે જે વેદ, વેદાંગ અનુસાર આચરણ કરતા હોય અને લોકોને એવા આચરણ કરવાની શિક્ષા દેતા હોય તે આચાર્ય છે. આ શબ્દની મુખ્ય પ્રવૃત્તિ, નિમિત્તરૂપ આચરણ છે. એ

બે રીતે સિદ્ધ થઈ શકે છે. પોતે સિદ્ધ કરવાથી અને બીજાઓ પાસે એવા આચરણ કરાવવાથી. વેદ આદિ શાસ્ત્રોના આચારોનું જ્ઞાન તે તો આપો આપજ આપમેળે પ્રાપ્ત થાય છે. જેને વેદશાસ્ત્રમાં બતાવેલ આચારનું જ્ઞાન ન હોય તેઓ પોતે શું આચરણ કરશે? અને બીજાને શું ઉપદેશ આપશે? એટલે આચાર્યને વેદશાસ્ત્ર આદિનું જ્ઞાન હોવું જોઈએ. એટલે વ્યાકરણથી એ સિદ્ધ થાય છે કે જે વેદશાસ્ત્રનું જ્ઞાન પોતે ધરાવતા હોય, તથા આચારોનું પાલન કરતા હોય અને ઉપદેશ દ્વારા લોકો પાસે તેવું આચરણ કરાવતા હોય તે 'આચાર્ય'.

૩. કોષમાં લખ્યું છે કે **'મંત્ર વ્યાખ્યાકૃદાચાર્યઃ'** વિચારપૂર્વક એક સૂત્રમય રૂપે જે મંત્રનું વિવરણ કરે અથવા વેદવાક્ય અને વૈદિકશાસ્ત્ર વાક્યો કે જે વેદ સંમત છે તેને કોઈ એક સિદ્ધાંતમાં સમન્વય કરીને મંત્ર અને શાસ્ત્રને અનુકૂલ વિવરણ કરે તેને 'આચાર્ય' કહે છે. અભિધાન કોષમાં કહ્યું છે કે **'વિવૃણોતિચ મન્ત્રાર્થનાચાર્યાઃ સોભિધીયતે'** વેદમંત્ર અર્થોનો જે વિચાર કરે તે આચાર્ય છે.

૪. આપ્ત વાક્ય પણ કહે છે કે

આચિનોતિ હિ શાસ્ત્રાણિ સ્વચારે સ્થાપયત્યપિ ।
આચારયતિ લો કે તમાચાર્યં પ્રચક્ષતે ॥

અથવા તો વેદશાસ્ત્રોનું આચયન કરે, એને વૈદિક સિદ્ધાંતોમાં સમાવેશ કરે. વેદશાસ્ત્રના આચારોનું પોતાના આચરણમાં મૂકે, અને ઉપદેશ આપીનેલોકો પાસે તેનું આચરણ કરાવે તે 'આચાર્ય' કહેવાય છે. **'જ્ઞાનોપદેષ્ટુરાચાર્યસ્ય'** આ વાક્યથી શ્રીશંકરાચાર્ય અને શ્રીરામાનુજાચાર્યનું પણ એજ તાત્પર્ય છે.

૫. એ સિદ્ધ થાય છે કે જેનામાં વેદશાસ્ત્રો અનુસાર ત્રણેય પ્રકારનું વેદ શાસ્ત્રોક્ત આચરણ હોય તે આચાર્ય. પરંતુ હવે તે વિચારવાનું આવે છે કે તે કોણ હોવું જોઈએ ? બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ કે સંન્યાસી. આમાંથી કોણ આચાર્ય થઈ શકે છે?

૬. વેદમાં એક શ્રુતિ છે કે **'વિદ્યા હ વૈ બ્રહ્મણમાં જગામ ગોપાયમાં શેવધિષ્ઠેડહમસ્મિ'** વિગેરે. સૌપ્રથમ વિદ્યા બ્રાહ્મણ પાસે આવી અને બોલી કે 'બ્રાહ્મણ દેવ તમે મારૂં પાલન કરો. હું તમારા માટે ખાસ છું.' આ વેદવાક્યથી માલૂમ થાય છે કે આચાર્ય બ્રાહ્મણ જ હોઈ શકે. પરંતુ સ્મૃતિઓમાં યુગાન્તરોમાં ક્ષત્રિયોથી બ્રાહ્મણોને વિદ્યા દાન થયું છે. આ લખ્યું છે 'એવં પરંપરા પ્રાપ્ત મિમં રાજર્ષયો વિદુઃ' ખાસ વેદોમાં ઉલ્લેખ છે કે જીવણ વંશમાં 'પ્રવાહણ' નામનો રાજર્ષિ આચાર્ય થયા હતા. આ પ્રવાહણ રાજર્ષિએ શ્વેતકેતુના પિતાને પંચાગ્નિ વિદ્યાનો ઉપદેશ આપ્યો હતો. એટલા માટે માનવું પડે કે બ્રાહ્મણ શ્રેષ્ઠ હોવા છતાં યુગ પ્રમાણે બ્રાહ્મણ અને ક્ષત્રિય એ બંને આચાર્ય થઈ શકે છે. આ બે સિવાય બીજાને આચાર્ય થવાનો અધિકાર પ્રાપ્ત થયો નથી. કારણ કે તેમને બ્રહ્મવિદ્યાના દાનનો અધિકાર નથી. આદિમાં બ્રહ્મા દ્વારા સ્વયં વિદ્યાઓનો ઉપદેશ થયો છે. બ્રહ્મવેતાનું નામ બ્રાહ્મણ છે. બ્રાહ્મણ એક દેવત્વ છે. તે જેનામાં હોય તે બ્રાહ્મણ છે. બ્રહ્મામાં તે દેવત્વ હતું. જે લોકો એવું માને છે કે બ્રહ્મા નાભિમાંથી ઉત્પન્ન થયા અને તેનું બ્રાહ્મણપણું તેને કારણે સિદ્ધ કરવા માંગે છે તે ભૂલ છે. કારણ કે તે સમયે જન્મથી જાતિ ન હતી. મૈથુન સૃષ્ટિથી જન્મથી જાતિ કઈ તે માટે નિયમ થયો છે. એ કશ્યપથી અથવા મનુના યુગથી માની શકાય. અત્યારે બ્રાહ્મણને આચાર્ય થવાનો પ્રથમ અધિકાર છે.

૭. આશ્રમોમાં પણ બ્રહ્મચારી, ગૃહસ્થ અને વાનપ્રસ્થ એ ત્રણેય આચાર્ય થઈ શકે છે. સંન્યાસી—ચોથો આચાર્ય થઈ શકતો નથી કારણ કે સંન્યાસીમાં, આચાર્યશબ્દની પ્રવૃત્તિ નિમિત્તનો

અધિકારથી નિવૃત્ત થઈ જાય છે. સંન્યાસી ભગવાન થઈ શકે છે. આચાર્ય થઈ શકતા નથી.

સલિંગાનાશ્રમાંસ્ત્યક્તવા ચરેદ વિધિ ગોચરઃ ।
બુધો બાલકવત્ક્રીડેત્કુશલો જડવચ્ચરેત્ ।
વદેન્દુન્મત્તવદ્વિદ્વાન્ ગોચર્યાં નૈ ગમશ્ચરેત્ ।

— ભાગવત ૧૧ મો સ્કંધ

.....ગ્રન્થાનૈવાભ્યસેદ્વહૂન્ । ......નોપ દિશેત્કચિત્ ।
.....પક્ષં કંચન સંશ્રયેત્ । ઈત્યાદી ધર્મો જો ।

સંન્યાસીમાં પ્રવૃત્તિ નિમિત્ત હોય તો સંન્યાસી આચાર્ય થઈ શકે કે નહીં? એ વિદ્વાન લોકો પોતેજ વિચાર કરી લે. વિશેષ વિવેચન આગળ ઉપર સંન્યાસ શબ્દના પ્રવચનમાં કરીશું.

૮. તો એ સિદ્ધ થયું કે બ્રાહ્મણ હોય તો શું કહેવું જોઈએ? તો કહે કે તે સર્વશ્રેષ્ઠ છે. બ્રાહ્મણ અથવા ક્ષત્રિય, બ્રહ્મચારી, ગૃહસ્થ કે વાનપ્રસ્થ હોય અને વેદશાસ્ત્રોનું વૈદિક સિદ્ધાંતમાં સમન્વય કરીને વેદ શાસ્ત્રોક્ત આચારોનું સ્વયં (પોતેજ) પાલન કરતો હોય અને લોકોને પાલન કરાવતા હોય તે પુરાતન યુગમાં આચાર્ય કહેવાતા હતા.

૯. આ આચાર્ય શબ્દનો અર્થ થયો. હવે એ જોઈએ કે ભારતવર્ષમાં આચાર્યનું માન કેટલું હતું.

સર્વત્ર ભારતમાં આજસુધી એવી માન્યતા છે કે આચાર્ય ભગવાન છે. માન્યતા જ નહીં પરંતુ વેદશાસ્ત્રમાં વચન પણ છે. વેદમાં કહ્યું છે.'આચાર્ય દેવો ભવ' અથવા તો આચાર્ય જ ભગવાન છે. એવા જે આચાર્ય છે તેનો તું શિષ્ય થા.' 'આચાર્યમાં વિજાનીયાત્' 'વેદ વેદાંગ જ્ઞાતા અને અધ્યોપયિત આચાર્યને મારું (શ્રીકૃષ્ણનું) સ્વરૂપ સમજે.' આચાર્ય ચૈત્યવપુષા સ્વગતિં વ્યનક્તિ' 'પ્રભુ આચાર્ય સ્વરૂપમાં પ્રગટ થઈને પોતાના સ્વરૂપનું તથા માહાત્મ્યનું લોકોમાં જ્ઞાન કરાવે છે. યુક્તિ અને અનુભવોથી પણ એ સિદ્ધ થાય છે કે જો શિષ્ય ગુરૂને સર્વોચ્ચ માન ન આપે તો ગુરૂએ આપેલ વિદ્યા તેનામાં કઈ રીતે આવે. શાસ્ત્રમાં લખ્યું છે કે 'ગુરૂશુશ્રુષયા વિદ્યા પુષ્કલેન ધનેનવા । અથવા વિદ્યયા વિદ્યા ચતુર્થો નૈવ વિદ્યતે'. ગુરૂને ઈશ્વર માનીને સેવા કરવાથી વિદ્યા આવે છે. પુષ્કળ ધન આપવાથી વિદ્યા આવે છે. અને વિદ્યાનાં બદલામાં પણ વિદ્યા આવે છે, પરંતુ વિદ્યા મેળવવા માટે ચોથો ઉપાય નથી.જેણે આચાર્યોને સર્વોચ્ચ માન આપ્યું તેને વિદ્યા આવી છે. અને જેઓએ તેમાં થોડી પણ ખામી રાખી તેને વિદ્યા મળવામાં તેટલી ખામી રહે છે. આ દરેક મનુષ્ય અનુભવ કરી શકે છે.

૧૦. આચાર્યને આટલું બધું માન આપવું સકારણ છે. તે અકારણ નથી. વિદ્યા સિવાય આચાર્યમાં અનેક ભગવદ્ગુણ હોય છે. પ્રથમ તો આચાર્ય, આચાર્યરૂપી ભગવાનનો અવતાર છે. ભગવાનના છ ગુણોમાં આચાર્ય જ્ઞાનનો અવતાર છે. તેથી આચાર્યને ભગવાન માનવું શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે છે.

૧૧. બીજા આચાર્યોમાં અનેક ભગવદ્ગુણો હોય છે. જેટલા ભગવદ્ગુણ હોય તે અપેક્ષિત અને આવશ્યક છે અને તે આચાર્યમાં હોય છે. તે આ પ્રમાણે છે.

સત્યં શૌચં દયા ક્ષાન્તિસ્ત્યાગઃ સન્તોષ આર્જવમ્ ।
શમો દમસ્તપસ્સામ્યં તિતિક્ષો પરતિઃ શ્રુતમ્ ॥
જ્ઞાનં વિરક્તિઃ............................પ્રભૃતિ ।

—ક્રમશઃ

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હે, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

—શ્રીવ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક – શ્રીહનુમાનપ્રસાદ પોદાર

ભાષાંતર– ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

પરમાર્થના માર્ગમાં તો ક્રોધ એક મહાન પ્રબળ શત્રુ છે. જ્યાંસુધી ક્રોધ છે ત્યાં સુધી પરમાર્થમાં ઉન્નતિ લાભ મેળવવો ઘણોજ કઠિન છે. જ્યાં મનમાં જરા સરખી પ્રતિકુળતા સહન કરવાની શક્તિ નથી. ત્યાં પરમાર્થિક ઉન્નતિની આશા કેવીરીતે કરવી? ક્રોધ એવી આગ છે જે આખા શરીરમાં જ્વાળા ફૂંકી શકે છે. જેનું શરીર—મન ક્રોધાગ્નિ થી ભડકી ઉઠે છે તેનાથી પરમાત્માનું ભજન ક્યાંથી સંભવી શકે?

એક વાર્તા

એક જિજ્ઞાસુ કોઈ સંત પાસે ગયો. અનેતેમને વિનંતિ કરીકે "મહારાજ, મને ભગવાનના દર્શન થાય એવો ઉપાય બતાવો"

સંતે પૂરા એક વર્ષ એકાંતમાં બેસીને નિરંતર ભજન કરવાની આજ્ઞા આપી અને કહ્યું કે 'વર્ષ પૂરૂં થાય તે દિવસે મન મારીને નહાઈ ધોઈ મારી પાસે આવવું'. જિજ્ઞાસુ ભજન કરવા લાગ્યો. સંતની કુટીરમાં એક ભંગી ઝાડુ મારવા આવ્યા કરતો. વર્ષ પૂરૂં થવાને દિવસે સંતે તેને કહ્યું કે, અમુક સ્થળે એક મનુષ્ય બેસી ને ભજન કરે છે તે જ્યારે નહાવા લાગે ત્યારે તેની પાસે જઈને ઝાડુથી ધૂળ ઉડાડવી. ભંગીએ એવું જ કર્યું. જિજ્ઞાસુ ક્રોધ ભર્યો મારવા દોડયો અને બોલ્યો કે "દુષ્ટ! તેં મને અપવિત્ર કરી દીધો". તે પછી તે ફરીથી નાહીને સંત પાસે ગયો અને બોલ્યો, "પ્રભુ! એક વર્ષ પુરૂં થઈ ગયું છે, હવે તો ભગવાનના દર્શન થવા જોઈએ".

સંતે કહ્યું– "ભાઈ, તારું મન હજી ક્યાં મર્યું છે. હજી સુધીતો તું સાપની માફક કરડવા દોડે છે જા ફરીથી વર્ષભર ભજન કર અને મનને માર".

જિજ્ઞાસુએ ફરીથી એક વર્ષ સુધી ભજન કર્યું. બીજું વર્ષ પુરૂં થવાને દિવસે સંતે તે ભંગીને ફરીથી કહ્યું કે, 'આજે તે નાહીને ઉઠે ત્યારે તુ તેના શરીરને ઝાડુ અડાડી દે જે' ભંગીએ એમજ કર્યું. આ વખતે જિજ્ઞાસુ મારવા ન દોડયો પરંતુ બે–ચાર કડવી–મીઠી સંભળાવીને તેણે ભંગીનો તિરસ્કાર કર્યો અને ફરીથી નાહીને સંત પાસે ગયો તથા ભગવત્–દર્શન માટે વિનંતિ કરી.

સંત બોલ્યા–'જિજ્ઞાસુ, હજીસુધી તારા મનરૂપી સર્પ ફુંફાડા મારે છે. તેના મર્યા વગર ભગવાન કેવીરીતે મળે! જા ફરીથી એક વર્ષ સાધના કર. જો આ વખતે પરીક્ષામાં પાસ નહી થા તો પછી તને ભગવાન નહીં મળે. જિજ્ઞાસુ આ વખતે ખૂબ દઢતાથી આસન પર બેઠો. વર્ષ પૂરૂં થવાને દિવસે સંતે ભંગીને કહું કે–'ભાઈ, આજ તુ જઈને તે નાહીને ઉઠતાં જ કચરાની ટોપલી માથા પર નાખી દેજે.' ભંગીએ એવું જ કર્યું. જિજ્ઞાસુ ક્રોધને જીતી ચૂક્યો હતો, તેણે ભંગીને પ્રણામ કર્યા અને સાચી દીનતાથી બોલ્યો, "ભાઈ, તેં મારા પર ઘણો ઉપકાર કર્યો, તું આવું ન કરત તો હું ક્રોધની ચુંગાલથી કેમ છૂટત ! તને ધન્ય છે." તેથી શ્રીચૈતન્ય મહાપ્રભુએ ભક્તને ' 'તૃણથી પણ અધિક દીન, વૃક્ષ સમાન સહનશીલ, અમાની, અને બીજાને માન આપનાર બનીને ભજન કરવાની આજ્ઞા આપી છે." ક્ષમા અને નિરહંકાર રૂપી શસ્ત્રોથી જ ક્રોધરૂપી શત્રુ પર વિજય પ્રાપ્ત કરી શકાય છે. બૌધ–ગ્રન્થ ધમ્મપદમાં લખ્યું છે–"જે ભડકેલા ક્રોધ ના બહેકેલા રથને રોકી શકે છેતે બુધ્ધિમાન રથી છે, ફક્ત હાથથી લગામ પકડી રાખવામાં કોઈ ચતુરાઈ નથી".

–ક્રમશઃ

વેદ–વિદ્યા ભણીને ઘેર જતા યુવકને આચાર્યનો ઉપદેશ : જીવનોપયોગી સદાચાર :
પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં છે– આદર અને આત્મિયતા !
આજે કદાચ પાશ્ચાત્ય અસરોથી દેખાય છે– અનાદર અને ઔપચારિકતા !

–ગતાંકથી ચાલુ

જો લોક–વેદ શાસ્ત્ર નિન્દિત દોષવાળા લોકો સાથે કઈ રીતે વર્તવું ? તેનો નિર્ણય જોઈએ તો પણ શાસ્ત્ર વિચાર–સમર્થ, સુયોગ્ય, શાસ્ત્રનિર્ણય કરવામાં યોગ્ય અધિકારવાળા, રૂક્ષતા વગરના, કોમલ હૃદયવાળા, (અર્થ–કામની સ્પૃહા વગરના) ધર્મ કામનાવાળા જે બ્રાહ્મણો હોય તેઓ તે વિષયમાં, તે પરિસ્થિતિમાં જેમ વર્તતા હોય તેમ વર્તવું. આ (સદાચાર) (વેદપુરૂષનો) આદેશ (આજ્ઞા) છે. આ (સદાચારનું પાલન કરવાનો તેમનો ઉપદેશ (લોક કલ્યાણ માટે) હિતવચન છે. આ (સદાચાર–પાલન) વેદનું ઉપનિષત (રહસ્યસારનો) પ્રકાશ કરનારી વિદ્યા) છે. આ વેદપુરૂષનું અનુસાશન (શિક્ષણ, પ્રવર્તક,વચન)છે, આ પ્રકારે (જીવનમાં) આચરણ કરવું જોઈએ. આ જગતમાં આમ આચરતાં, સદાચાર–પૂર્વક જીવવું તે આવશ્યક છે. તેનો પ્રમાદથી પરિત્યાગ ન કરવો." શાસ્ત્ર નિર્ણયોમાં, લોક–જીવન–વ્યવહારમાં પણ, સ્વચ્છંદતા ન કરવી, સગવડીઓ ધર્મ ન ચલાવી લેવો, પોતાની મરજી કે સ્વાર્થ પ્રમાણે નહિં, શાસ્ત્ર અને સત્પુરૂષોની સંમતિ હોય તેમ, યથાધિકાર જ કરવું.

શાસ્ત્ર તેના સિદ્ધાંતો— તેના આચારરૂપ ધર્મ સનાતન છે. તેને અનુરૂપ પોતાનો જીવન—વ્યવહાર બનાવવાનો હોય, તે માટે જરૂરી ફેરફારો પોતાના જીવન—વ્યવહારમાં કરવાના હોય. શાસ્ત્રોમાં ફેરફાર કરીને, મરજી મુજબ અર્થઘટન અને આચારો કરીને, શાસ્ત્રોને જીવનમાં બંધબેસતાં કરવાના ન હોય, જીવનને શાસ્ત્ર—સિદ્ધાંત આચાર સાથે બંધબેસનું કરવા માટે જીવનપદ્ધતિમાં યથોચિત ફેરફાર કરવાના હોય. આ સદાચારરૂપ છે.

❑ સદાચારનું એક સ્વસ્થ સ્વરૂપ : વિચાર—આચારનો સુમેળ ❑

સુજ્ઞોમાં પ્રસિદ્ધ છે—

અનાચારો હિમાલિન્યં અત્યાચારોઽપિ મૂર્ખાતા ।
વિચારાચાર—સંયોગઃ સદાચાર ઈત્યભિધીયતે ॥

લૌકિક—વૈદિક—શિષ્ટાચારનો યથાયોગ્ય આચાર ન થાય તે અનાચાર—મલિનતા છે, તેવા આચારોની તન—મન—ધનની શક્તિ કરતાં અતિશયતા કે તેવા શિષ્ટાચારનો અતિક્રમં તે, આચાર—મૂર્ખતા છે, લોક—વેદના તત્ત્વનો વિચાર અને યથાયોગ્ય આચારનો સુમેળ તે 'સદાચાર' કહેવાય છે. શ્રુતિમાં પણ સ્પષ્ટ રીતે ધર્મ—કર્મ કે આચારમાં સંદેહ થતાં તેનો નિર્ણય 'સંમર્શિનઃ' વિચારશીલ 'ધર્મકામાઃ' —ધર્મ—મોક્ષને ઈચ્છતા, અર્થ—કામની ઈચ્છા વગરના, વિપ્રોના વર્તનમાંથી કરવાનો આદેશ—ઉપદેશ છે. વિચાર વગરનો બોજારૂપ બને છે. તે તો આનંદને બદલે ઉદ્વેગ કરાવે છે, અકળામણ—અથડામણ ઉભી કરી દે છે. આચાર વગરના વિચાર તો પાંગળા જેવા છે. તે પણ આનંદ દેતા નથી; કદાચ પોકળતા—પાખંડમાં પરિણમે છે. વિચારપૂર્વકના આચાર આનંદપ્રદ બને છે. આરંભમાં આચારમાંથી પણ પછી વિચાર—વિકાસ થઈ શકે છે. દ્વિજના બાલકને ઉપનયન—સંસ્કાર થયા પછી તેને વેદાધિકાર મળે, તે પિતાનું જોઈને અનુકરણ કરતાં, સંધ્યા—વંદનાદિ નિત્યકર્મ કરે, પછી ક્રમશઃ વિદ્યા પ્રાપ્ત થતાં મંત્રાર્થ—શાસ્ત્રાર્થ વગેરે સમજી શકે છે, વિચાર કરી શકે છે. આમ, વિચારીને આચારને સ્પષ્ટ—દૃઢ—વિશુદ્ધ કરી શકે છે. મા—બાપને ઘરમાં સેવા—સત્સંગ કરતાં જોઈને, સંતાન સ્વાભાવિક રીતે તેનું યથા સંભવ અનુકરણ તો કરતાં થાય; પછી યોગ્ય વયે ગ્રંથાધ્યયનથી સિદ્ધાંત સમજી શકે છે, સેવાને વધુ સુંદર રીતે કરી શકે છે. ભાવવૃદ્ધિ સંભવે છે.

માતાપિતા—આચાર્ય જેને માટે દેવ છે—તેવા થઈને વર્તવાનો આદેશ—ઉપદેશ તો વેદમાં સ્પષ્ટ છે. મર્યાદામાર્ગનાં આદર્શ—ગ્રંથ 'રામાયણ'માં શ્રીરામચંદ્રજીને કૈકેયીજીએ વનમાં મોકલેલા જાણીને મોસાળથી આવેલા ભરતજીએ 'મુંહ ન પરત રી કીરા' વગેરે કઠોર વચનો તો કહ્યાં છે! છતાં ભરતજીને મર્યાદા—ભંગનો દોષ નથી લાગ્યો! મા એ પોતાના પ્રિય પ્રભુને પરિશ્રમ થાય તેમ કર્યું હોવાથી, આ પ્રેમજન્ય સંતાપમાં બોલાએલા વાક્યો શાસ્ત્ર—મર્યાદાથી પર પ્રેમમાર્ગીય છે. દોષ નથી—પુષ્ટિ છે ! 'શ્રીભાગવત'માં પ્રહલાદજીએ તેમના પિતા હિરણ્યકશિપુની આસુરધર્મને અનુસરવાની આજ્ઞા નથી જ માની, છતાં તેમને પિતાની આજ્ઞા ન પાળ્યાનો દોષ જ નથી લાગ્યો ! પિતા પ્રભુથી વિરુદ્ધ પ્રેરતા હતા, તે ન સ્વીકારવાનું કાર્ય તો, શાસ્ત્ર—મર્યાદાથી પર, પ્રેમમાર્ગીય છે. ભગવન્માર્ગીય છે. તે દોષ નથી—પુષ્ટિ છે. ગુરૂ શુક્રાચાર્યજીએ રાજા બલિને ભગવાન વામનજીએ માગેલા પોતાનાં માપેલાં ત્રણ પગલાં પૃથ્વી

આપતાં અટકાવ્યા. સત્યશીલ બલિ ન માન્યા. આચાર્યની આજ્ઞા ન પાળી ! છતાં તેમને ગુરૂની અવજ્ઞાનો દોષ નથી લાગ્યો ! ગુરૂ સત્ય–ભગવદ્–ધર્મથી વિરુદ્ધ પ્રેરતા હતા તેનો અસ્વીકારતો ભક્તિમાર્ગીય છે, શાસ્ત્રમર્યાદાથી પર છે, દોષ નથી, પુષ્ટિ છે !

આમ, આ ભક્તોના આચાર, ઉપરથી તો વેદાજ્ઞાથી વિરુદ્ધ લાગતા હોવા છતાં પણ, સૂક્ષ્મ વિચારથી ભગવાનને સાનુકૂલ હતા, તેથી કોઈ દોષ નથી થયો, તે નિર્દોષ છે. આ વિચાર–આચારનો સુમેળ સ્પષ્ટ સમજાવે છે. ભગવાન અને ભગવદ્–ધર્મ (પ્રેમ–સત્ય)ની મુખ્યતા વિચારીને તેનાથી અવિરોધી હોય તેવા શાસ્ત્રોક્ત ધર્મોનો આચાર થાય, વિરોધી હોય તો તેવાનો આચાર ન કરવામાં દોષ લાગતો નથી. ક્રમશઃ ભગવાન (તત્સુખ–પ્રેમ), સત્ય વગેરે (ભગવદ્ધર્મો), આચાર્ય, માતા, પિતા, વગેરેની મુખ્યતા વિચારીને યથાયોગ્ય આચાર થાય. ગુરૂમાં ભગવદ્ભાવ કે ભગવાનથી પણ અધિકતા તો ગુરૂ ભગવાનથી અવિરોધી હોવાથી છે, ભગવત્પ્રદ હોવાથી છે. જો ગુરૂ પણ ભગવદ વિરોધી વાત–વ્યવહાર કરે તો આદરપૂર્વક તેનો અસ્વીકાર જ થાય. આદર ગુરૂનો થાય, અસ્વીકાર તેમના ભગવદ્ વિરોધી વાત–વ્યવહારનો થાય. વિચાર–આચારનો આવો સુમેળ શાસ્ત્રમાં સુસ્પષ્ટ દેખાય છે.

(પુષ્ટિ પુલિનમાંથી સાભાર)

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–માધુરી, રાજકોટ

પદ ૬૪

શ્રી યમુને અબ ન વિલમ્બ કરૌ;
અશરણ શરણ દાનિ ચિંતામણિ ચિંતા જાલ હરૌ. ૧
તુમ પ્રતાપ બલ ભક્ત કહાવત છિન પ્રતિ અમિત બડાઈ;
વિરદ બાંકુરો હેરિ પાલિ બલિ સંતત સદા સહાઈ. ૨
દુરિત સકલ દુરિજાત નામ સુનિ શ્રીવલ્લભ પ્રભુ ગાયો;
સોઈ સુમિરિ દાસ 'બલ્લભ' ખલ સકુચિ સામુ હૈ આયો. ૩

ભાવાર્થઃ શ્રીયમુનાજી હવે જરાપણ વિલંબ કરોમાં. આપ અશરણ શરણ છો. ચિંતામણી રૂપ જે ચિત્વે તે મળે તો મારા મનની ચિંતા દૂર કરો.

આપના પ્રતાપ બળથી અભક્ત પણ ભક્ત બની પ્રતિક્ષણ આપનાં ગુણોને ગાય છે તે છોડતા નથી, કેમકે તેની ચિંતા દૂર થઈ છે. આપનું પ્રતાપ બળ જોઈને જ તેઓ યશોગાન કરવા યોગ્ય બન્યા છે. કેમકે દુઃખી જીવોના દુઃખનું નિવારણ કરવું તેતો આપનો સહજ સ્વભાવ છે. આપના નામનો પ્રતાપ જ એવો છે કે તે ચિંતા મુક્ત બને છે.

શ્રીમદવલ્લભપ્રભુજીએ આપનું આવી રીતનું યશોગાન કરેલું છે. તે જ નામનું હું વલ્લભ જાણું છું કે આપનાં નામ સ્મરણ કરવાની મારી લાયકાત જ નથી તેથી મનમાં ઘણો સંકોચ આવે છે. છતાં આપની સન્મુખ આવ્યો છું, તેની ચિંતાનું આપ હરણ કરો. (૬૪)

અર્વાચીન સ્થિતિ

[વૈષ્ણવ પરિષદના સપ્તમ અધિવેશનના સભાપતિ ગોસ્વામી તિલક શ્રી૧૦૮
શ્રીગોવર્ધનલાલજી મહારાજશ્રીનું પ્રવચન વૈષ્ણવ ધર્મપતાકાના શ્રાવણ સં.૧૯૮૧
નાં અંક ૯ માં પ્રસિદ્ધ થયેલ છે તેમાંથી અંશતઃ સાભાર પ્રસ્તુત કરેલ છે.]

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુત કર્મણે ।
રૂપનામવિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ ॥

હવે સંપ્રદાયની આધુનિક સ્થિતિ શી છે તે આપણે જોઈએ. એ (પ્રાચીન) બાજુથી આ બાજુ (આધુનિક) તરફ જોતાં યુગાન્તર જેવો ફેરફાર જણાય છે. અમે જોઈએ છીએ કે નથી આચાર્યના વંશજોમાં એ વિદ્યા અને એ યોગ્યતા; તેમજ નથી વૈષ્ણવોમાં તે અનુપમ ભાવ. શ્રીપુરૂષોત્તમજી અને શ્રીહરિરાયજી જેવા ગોસ્વામી બાલકો જેમ નજરે નથી પડતા, તેમ દામોદરદાસજી અને પદ્મનાભજી જેવા વૈષ્ણવો પણ નજરે પડતા નથી. આવી સ્થિતિ જોઈને દુઃખ થાય એ સ્વાભાવિક છે, પરંતુ તેટલા જ ઉપરથી સ્થિતિ સુધરી શકતી નથી. આ દુઃસ્થિતિનાં કારણોની તપાસ કરી તેને દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. મારી સમજમાં તેનાં ત્રણ કારણો છે.

(૧) વિદ્યા વિમુખતા (૨) આચાર વિમુખતા અને (૩) ભાવ હાનિ.

ગોસ્વામી સમાજ અને વૈષ્ણવ સમાજ બંનેએ આજે ત્રણ રોગોએ આક્રાન્ત કર્યા છે. અમે પૂછીએ છીએ કે જ્યાં સુધી ધાર્મિક શિક્ષા યોગ્ય પ્રમાણમાં નહિં અપાય, સદ્વિદ્યા દ્વારા અંધકાર દૂર નહીં થાય ત્યાં સુધી આ સ્થિતિ શી રીતે સુધરવાની?

જ્યાં સુધી વૈષ્ણવ સમાજ ધર્મના ગૂઢ તત્ત્વો નહીં સમજે, જીવનમાં પગલે પગલે ધર્મની આવશ્યકતા છે એમ નહીં સમજે, ત્યાં સુધી સાધારણ પ્રતિકૂલ પવનથી પણ તેઓ ચલાયમાન થઈ જશે, તેમનું ચિત્ત સ્થિર રહેવું મુશ્કેલ થશે.

શું તમે એ નથી જાણતા કે આચાર્યશ્રીની ગોલોકયાત્રા પછી શ્રીગુંસાઈજીને દામોદરદાસજીએ સંપૂર્ણ સાંપ્રદાયિક ગ્રંથ પોતાના મુખથી લખાવ્યા હતા. આજે વૈષ્ણવ સમાજમાં એવા કેટલાં વૈષ્ણવો છે? આવા મોટા સમાજમાં ષોડશ ગ્રંથોના યથાર્થ જ્ઞાનનો પણ અભાવ છે એમ આપણે જોઈએ છીએ, ત્યારે હૃદય દુઃખિત થયા વગર રહેતું નથી. તેવી વિદ્યાવિમુખતા આ અવનતિનું મુખ્ય કારણ છે, એમ કહેવું સત્ય છે.

બીજું દરેક પુણ્યકર્મ માટે આચારશુદ્ધિની પૂરી આવશ્યકતા છે. જ્યાં સુધી આચાર શુદ્ધ ન હોય, ત્યાં સુધી ચિત્તશુદ્ધિ ન થાય અને તે વગર સદુપદેશની અસર થતી નથી, તેમજ કોઈ સદુપદેશ કરી શકતું નથી. જેવી રીતે મલિન વસ્ત્ર ઉપર રંગ ચઢી શકતો નથી, તેવી રીતે આચાર વિમુખ મનુષ્ય ભગવદ્ભક્તિ કરી શકતો નથી. અને જો તે એમ કરતો હોય તો તે માત્ર ઢોંગ છે.

આચાર બે તરેહનો છે— એક બાહ્ય અને બીજો આંતર. બાહ્ય આચાર સ્નાનાદિક છે અને આંતર આચાર ઈન્દ્રિજન્ય આદિ છે. તેથી બાહ્ય આચારોની સાથે આંતર આચાર ઉપર પણ દૃષ્ટિ રાખવાની સંપૂર્ણ આવશ્યકતા છે. તેથી આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે—

સ્વધર્માચરણં શક્ત્યા, વિધર્માચ્ચ નિવર્ત્તનમ્ ।
ઈન્દ્રિયાશ્વવિનિગ્રાહઃ સર્વથાનત્રયંત્યજેત્ ॥

અર્થાત્ શક્તિ અનુસાર સ્વધર્મ—અગ્નિહોત્ર, સંધ્યા ઉપાસનાદિ કર્મોનું આચરણ કરવું, નિષિદ્ધ વ્યવહારોમાંથી નિવૃત્તિ અને ઈન્દ્રિયદમન, એ બાબતોમાંથી કદિ ચલિત થવું નહીં.

આનું વિવરણ કરતાં આપ કહે છે કે ઈન્દ્રિયોરૂપી ઘોડાને રોકવાની જરૂર એટલા માટે જ છે કે આપણે આપણે ઠેકાણે પહોંચીએ (જો એની લગામ ઢીલી કરી તો તે ખાડામાં નાખ્યા વિના ન રહે, એ મહા બળવાન છે.)

આજે આપણે જોઈએ છીએ કે લોકો આ પ્રકારનું આચરણ કરી શકતા નથી. તેમ વિધર્મથી દૂર રહેતા નથી. પછી ઈન્દ્રિયનિગ્રહની વાત જ ક્યાં રહી. તો પછી નિશ્ચિત સ્થાન પર શી રીતે પહોંચી શકે ? સાચા વૈષ્ણવ બનવા માટે આચરણ સુધારવાની ખાસ આવશ્યકતા છે.

ભાવની ખામી એ ત્રીજો દોષ છે. વાસ્તવિક ભાવનો બધા લોકોમાં અભાવ જોવામાં આવે છે. લોકો કહે છે કે આમ કરવાની જરૂર છે અને તેમ કરવાની જરૂર છે. અમારા પૂર્વજો બહુ પુણ્યશાળી હતા વગેરે. પણ વાસ્તવિક વર્તનમાં એ શબ્દો મુકાતા નથી. ખરૂં જોતાં લોકોને શ્રદ્ધા નથી. શ્રદ્ધા વિના તેઓ કર્મ કદાચ કરે, તો પણ એવા કર્મનું ફળ મળતું નથી.

શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે કે—

અશ્રદ્ધયા હુતં દત્તં તપસ્તપ્તં કૃતં ચ યત્ ।
અસદિત્યુચ્યતે પાર્થ ! ન તત્ પ્રત્યે નો ઈહ ॥

અર્થાત્ હે અર્જુન ! શ્રદ્ધા વિના જે હવન, દાન, તપ, વગેરે કાંઈ કરવામાં આવે તે અસત્ કહેવાય છે. એનું ફળ પરલોકમાં કે આ લોકમાં પ્રાપ્ત થતું નથી. એટલા માટે પ્રત્યેક કાર્ય ભાવ અને ભક્તિથી કરવાની આવશ્યકતા છે. જ્યાં સુધી અંતરાત્મામાં ભાવ ન હોય ત્યાં સુધી કર્મથી પણ શું અને ભક્તિથી પણ શું ? કશાથી ફળ પ્રાપ્તિ થતી નથી.

આ તો થઈ દોષની વાત. હવે એ વિચારવાનું કે આ દોષો નિવૃત્ત કેમ થાય? આ વિષયમાં આપણું શું કર્તવ્ય છે?

આ દોષો અને આધુનિક સ્થિતિમાં સુધારો કરવા માટે નીચે લખેલા ત્રણ ઉપાયો છે.

૧. સાંપ્રદાયિક સાહિત્યનું સંરક્ષણ, સંવર્ધન અને પ્રસરણ.
૨. અધ્યયન અને અધ્યાપન.
૩. ઉપદેશ, કથા આદિનો પ્રચાર.

પહેલા ઉપાયની બાબતમાં આપણું કર્તવ્ય એ છે કે, પ્રાચીન ગ્રંથો જે આપણને મળી આવે છે, તે બધાનું સુંદર અને શુદ્ધ મુદ્રણ કરાવવા વ્યવસ્થા કરવી અને તે જ પ્રમાણે એ કાર્યમાં જે વિદ્વાનો રોકાય તેમને યથેષ્ટ દ્રવ્યની સહાય કરવી તેમજ આજ સુધી જે ગ્રંથો પ્રાપ્ત થયા નથી, જેવા કે 'પૂર્વમીમાંસા ભાષ્ય' અથવા જે કઠિનતાથી પ્રાપ્ત થઈ શકે છે, તેનું શોધન કરવા યોગ્ય વ્યવસ્થા કરવી, અને એમ પ્રાચીન સાહિત્યની સાથે સાથે નવીન સાહિત્ય પણ નિર્માણ કરાવીને સાહિત્યમાં વધારો કરવાનો પણ આપણે ઉદ્દેશ હોવો જોઈએ. નવીન સાહિત્ય બે પ્રકારનું હોવું જોઈએ. (૧) ભાષાન્તર (૨) મૌલિક. જે પ્રાચીન ગ્રંથો છે, તેનું સરળ અને સુબોધ ભાષાંતર કરવું અને એવી જ રીતે કોઈ પ્રકારના મૌલિક પુસ્તકો પણ લખાય જેવા કે વૈષ્ણવ બાળકો અને બાલિકાઓને ભણવા માટે.

આ સિવાય જે સાંપ્રદાયિક નિબંધ પણ સારા લખે, તેના પર યોગ્ય મહેનતાણું આપવાની પણ વ્યવસ્થા કરવી જોઈએ અને આ સર્વ સાહિત્યના પ્રચારની પણ વ્યવસ્થા કરવી જોઈએ કે જેથી લોકોમાં સુરુચિ ઉત્પન્ન થાય.

બીજા ઉપાય તરીકે એ કર્તવ્ય છે કે, ઠામ ઠામ સાંપ્રદાયિક પાઠશાળાઓ ખોલાય અને તેમાં હાલની પદ્ધતિ પ્રમાણે તત્ત્વ વિવેચન પૂર્વક સંપ્રદાયના ગ્રંથોનું અધ્યયન કરાવાય. આ પ્રમાણે એવી સાધારણ પાઠશાળાઓ પણ વધારે પ્રમાણમાં ખોલાવી જોઈએ કે જેમાં **વૈષ્ણવોનાં નાની ઉંમરના બાળકો અને બાલિકાઓને ધાર્મિક શિક્ષણનો યોગ્ય પ્રબંધ કરી શકાય.** આજકાલ શરૂઆતથીજ પાશ્ચાત્ય શિક્ષણ અપાય છે, આથી જો બાળપણથી તેમના ધાર્મિક સંસ્કારો દઢ કરવામાં નહીં આવે, તો તેઓ બહિર્મુખ બની જવાના. **આ પ્રસંગે એ કહેવું પણ અયોગ્ય નથી કે, આવી રીતે શ્રીગોસ્વામી બાળકોના બાળકો પણ તત્ત્વવિવેચન સાથે સાંપ્રદાયિક ગ્રંથોનું અધ્યયન કરે.**

ત્રીજો ઉપાય પણ અત્યંત ઉપયોગી છે. આજકાલ લોકો કેવળ પ્રવૃત્તિમય જીવન ગુજારે છે અને તેમને ઘરકામના ઝગડામાંથી બહુ જ ઓછી ફુરસદ મળે છે. એવા સ્ત્રી—પુરુષોને પાઠશાળાઓથી યોગ્ય લાભ થઈ શકતો નથી. આથી તેવા લોકોને માટે સમયે સમયે સાંપ્રદાયિક ઉપદેશકોનો પ્રબંધ પોતે આચાર્યવર્ગે કરવો જોઈએ અને આવી રીતે આ કાર્યને માટે યોગ્ય અને ચુનંદા વિદ્વાનોની એક સમિતિ પણ રહે, કે જે જનતાને ઉપદેશ કરીને પોતાના ધર્મથી

ભ્રષ્ટ ન થવા દે.

જેવી રીતે પહેલાં કથાઓનો પ્રચાર હતો એવી જ રીતે કથાઓ સંભળાવવા બાબતનો બંદોબસ્ત કરવો જોઈએ. અને એ રીતે તેમની રૂચિને જાગૃત કરવી જોઈએ. પણ આ પ્રસંગે એ કહેવું પણ ઉચિત છે કે, કથા કહેનારા માણસો સંસ્કારી અને બહુશ્રુત હોવા જોઈએ. જેઓ અલ્પજ્ઞ હોય તેઓ ખરાબ અશ્લીલ કહાણીઓ લોકોને કહી તેમની રૂચિ બગાડી દે છે. આથી આ કાર્યને માટે પણ સુયોગ્ય વિદ્વાનોની આવશ્યકતા છે. સાથે સાથે સામાયિક પત્ર–પત્રિકાઓના પ્રકાશનની પણ આવશ્યકતા છે, કે તે સમયે સમયે સાંપ્રદાયિક સમાચાર તેમજ અનેક વિદ્વાનોના સુંદર લેખો વગેરેથી જનતાના ધર્મને હાની થતી અટકાવે.

આ મારૂં સમગ્ર આચાર્યવર્ગ અને વૈષ્ણવવૃંદને ભારપૂર્વક કથન છે. મને વિશ્વાસ છે કે જો આપણે લોકો આ સાધનોનો સદુપયોગ કરીશું, તો પ્રભુ ગોવર્ધનધરણ જે નિઃસાધન જીવોના સાધનરૂપ છે, તે જરૂર આપણને મદદ કરશે અને આપણા મનોરથ સફળ થશે.

તથાસ્તુ. ઈતિશમ્

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

કાવ્ય – કુંજ

[કચ્છ–માંડવીના પ.ભ.લક્ષ્મીબેને, કચ્છી ભાષામાં રચેલ આ ધોળ પ્રકટ કરતાં ખૂબ આનંદ થાય છે. કચ્છી ભાષામાં માંડવી ગામને 'મડઈ' કહે છે– સંપાદક]

શ્રીનવનીતલાલ પધાર્યા એન મડઈજે દ્વારે
શ્રીરવીન્દ્રલાલ નીકે પધરાઈ આવ્યા એન
ઈનજી સ્વાગત કરતા દામોદર લાલ..મડઈ
પ્રમોદિની વહુજી ઈનજી સામગ્રી કરેતા
ભોગ ધરેતા રાજેશ્વરી વહુજી........મડઈ
મુકુંદરાયનીકે બીડી આરોગાઈનતા
ઝારી ભરેતા શ્રીગોકુલનાથ ત્યારે.....મડઈ
આરતી રાજા ઈનજી આરતી ઉતારીન
શ્યામરાજા ન્યોછાવર ઉતારીન........મડઈ
સખરી અનસખરી વાલો બહુ આરોગે
દુધઘર અપરંપાર.......................મડઈ
અઠ ઝાંખજો વાલો દર્શન દીએ તો
અને વૈશ્નવજો મેળો ભર્યો આય......મડઈ
લક્ષ્મી જોષી એટલી વિનંતી કરેતી
મકે રખજો ચરણ જે પાસ.............મડઈ

—સૌ.લક્ષ્મીબેન નરોત્તમ જોષી, માંડવી.

કાવ્ય – કુંજ

કોટિ જન્મ ફેરા ટાળી જનમ સુધારી લે.

ચાકરી શ્રીકૃષ્ણચરણ, મનવા માગી લે;
મનવા માગી લે.
કોટિ જન્મ ફેરા ટાળી, જનમ સુધારી લે; મનવા
જનમ સુધારી લે. ચાકરી.
કળિ કાળમાં સરળ સાધન, શ્રીકૃષ્ણ સેવા કરી લે, મનવા
શ્રીકૃષ્ણ સેવા કરી લે. ચાકરી.
શ્રીવલ્લભકુળથી બ્રહ્મસંબંધ, દાન કરાવી લે; મનવા
બ્રહ્મસંબંધ દાન કરાવી લે. ચાકરી.
ગુરૂદેવ શ્રીવલ્લભપ્રભુ, પરમ પુરૂષોત્તમ રૂપ માની લે; મનવા
પરમ પુરૂષોત્તમ રૂપ માની લે. ચાકરી.
શરણ ગ્રહી શ્રીવલ્લભ ચરણનું, સેવા શિખી લે; મનવા
સેવા શિખી લે. ચાકરી.
જપ તપ સાધન સૌ, અપરાધના સાંખી લે; મનવા
અપરાધ ના સાંખી લે. ચાકરી.
સેવા અસુખ શ્રીકૃષ્ણ, અપરાધ ના માની લે; મનવા
અપરાધ ના માની લે. ચાકરી.
શ્રીવલ્લભ કૃપાએ સેવાસ્મરણ; ગુણ ગાન કરી લે; મનવા
ગુણ ગાન કરી લે. ચાકરી.
ભૂતલ સૌ માર્ગમાં, પુષ્ટિ શ્રેષ્ઠ માર્ગ જાણી લે; મનવા
પુષ્ટિ શ્રેષ્ઠ માર્ગ જાણી લે. ચાકરી.
શ્રીવલ્લભકૃપા આધિદૈવિક શક્તિ, શ્રીયમુનાજી માની લે; મનવા
શ્રીયમુનાજી માની લે. ચાકરી.
ગુરૂ શ્રીવલ્લભ કૃપાએ, પુષ્ટિ પ્રભુ મેળ કરાવી લે; મનવા
પુષ્ટિ પ્રભુ મેળ કરાવી લે. ચાકરી.
શ્રીજીઅનુરાગી શ્રીવલ્લભચરણ હૃદય ધરી,
શ્રીકૃષ્ણ સેવા સુખ માણી લે; મનવા
શ્રીકૃષ્ણ સેવા સુખ માણી લે. ચાકરી.

–શ્રીજીઅનુરાગી, અમદાવાદ.

પુસ્તક પરિચય

☐☐ પુષ્ટિ ભક્તિ નિકુંજ

પ્રકાશક

મે. પ્લસ કોમ્યુનીકેશન્સ,પબ્લિકેશન ડિવિઝન, ૧,કોટક શેરી મેઈન રોડ,
હોટલ આદિત્યની પાછળ, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન (૦૨૮૧)૨૩૫૬૧૧, ૨૩૪૨૬૨

ન્યોછાવર રૂ. ૮–૦૦ (પોસ્ટેજ સાદા બુક પોસ્ટના રૂ. ૨–૦૦ અથવા રજી.બુક પોસ્ટના રૂ. ૧૫–૦૦ અલગ)

આ પુસ્તીકા નાની સાઈઝ પૃષ્ઠ ૩૨ની મીડપીન બાઈન્ડીંગ, આખી પુસ્તીકા ફોરકલર પ્રિન્ટિંગમાં છપાયેલ છે. તેમાં ૮ ચિત્રજી શ્રી યુગલ સ્વરૂપ, શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી તથા શ્રીનાથજીચરણારવિંદ ના ચિત્રજી છે.

મંગલાચરણ, શ્રીયમુનાષ્ટકમ્, શ્રીસર્વોત્તમ સ્તોત્ર, શ્રીકૃષ્ણાશ્રય, ચતુઃશ્લોકી, નવરત્નમ્, સિધ્ધાંત રહસ્ય, શ્રીમધુરાષ્ટકમ્, શ્રીગિરિરાજધાર્યષ્ટકમ્, શ્રીયમુનાજીની આરતી, શ્રી હરિરાયજીના ૮૪ વચનામૃત તેમજ સૂતી વખતે બોલવાના ધોળ પદનો સમાવેશ છે.

શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને ખૂબજ ઉપયોગી એવા નિત્યનિયમના સંગ્રહ સાથેની આ પુસ્તિકા દરેક વૈષ્ણવે વસાવવા જેવી છે. આ પુસ્તિકા પોકેટ સાઈઝની હોઈ વૈષ્ણવ ગમે ત્યાં, ગમે ત્યારે સાથે રાખી નિત્યનિયમ સરળતાથી કરી શકશે. આ પુસ્તિકા મનોરથ ઉપક્રમે તેમજ સ્વજનોની સ્મૃતિ રૂપે વિતરણ કરવા માટે શ્રેષ્ઠ છે.

☐☐ લગ્નોત્સુક વૈષ્ણવ યુવક–યુવતિઓની માહિતી પુસ્તિકા ૧૯૯૯

સંપાદક– શ્રીમતિ ઉષાબેન વસંતકુમાર શેઠ
પ્રકાશક– શ્રીજી એસ્ટ્રોકેમ્પ સર્વિસીઝ, ૪૧૦/એ, સિદ્ધાર્થ કોમ્પલેક્ષ,ચોથે માળ,
એક્સપ્રેસ હોટલ પાસે, આર.સી.દત્તરોડ, વડોદરા–૩૯૦૦૦૫.

પાના ૯૬ ઓફસેટ પ્રિન્ટિંગ, પીન બાઈન્ડિંગ આર્ટકાર્ડના લેમીનેશન વાળા ટાઈટલ ઉપર પ્રથમમિલનનું બહુરંગી ચિત્રજી ન્યોછાવર રૂ.૧૦૦/–પોસ્ટેજ રૂ.૨૫/–

પુષ્ટિ સમાજના લગ્નોત્સુક યુવક યુવતિનો પોતાનાજ સંપ્રદાયના યોગ્ય પાત્રની પસંદગી કરી શકે તે શુભઆશય થી પ્રકાશિત માહિતી પુસ્તિકા પુષ્ટિ સમાજને ખૂબજ ઉપયોગી નીવડશે જ. આ પ્રકારનો આ પ્રથમ સફળ પ્રયાસ છે. જે ખૂબજ શુભ અને અભિનંદનીય છે.

પુસ્તિકામાં ૫૮૫ યુવક અને ૪૯૨ યુવતિઓની માહિતી આપવામાં આવી છે. દરેક યુવક યુવતિઓના ફોટા સાથે જરૂરી બધીજ માહિતી સમાવિષ્ટ કરેલ છે. જે સમાજને ખૂબજ ઉપયોગી નીવડશે.

જરૂરિયાતવાળા પરિવારોએ મેળવવા લાયક ઉમદા પુસ્તિકા.

સમાચાર

રાજકોટ : રોયલ પાર્કમાં ગો.શ્રીકનૈયાલાલજી મહારાજની હવેલી– 'કૃષ્ણાશ્રય'નો ગૃહપ્રવેશ : અહીં તા. ૨૩–૩–૯૯ ચૈત્ર સુદ ૬ ના પૂ.પા.ગો.શ્રીકનૈયાલાલજી મહારાજશ્રીએ પોતાના નિજસ્થાન શ્રીકૃષ્ણાશ્રય હવેલીનો મંગલ પ્રારંભ પોતાની માથે બિરાજતા શ્રીગુંસાઈજીના નિધીવેણા ભટ્ટના શ્રીબાલકૃષ્ણપ્રભુ સ્વામીનીજી સહિત તથા શ્રીગોવર્ધનપ્રભુ ગીરીરાજી, શ્રીગોકુલનાથજીના પાદુકાજી, શ્રીહરિરાય મહાપ્રભુજીના હસ્તાક્ષરજીને પધરાવી ઘણા સમયની હવેલીની વિનંતીને માન આપી ભવ્ય ગૃહપ્રવેશ શ્રીને પધરાવી કર્યો. આ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા, પલના, નંદમહોત્સવ, તિલક આરતી તથા સાંજે ફુલમંડલીનો મનોરથ આચાર્યશ્રીના વચનામૃત, ઢાઢીલીલા, રાસ, જોગીલીલા આદિ આયોજન થયું હતું. લગભગ અઢી હજાર વૈષ્ણવોએ આ પ્રસંગે પ્રસાદ લીધા હતા.

તા. ૩૧–૫–૯૯ થી તા. ૬–૯–૯૯ સુધી શ્રીકૃષ્ણાશ્રય હવેલીમાં ૮૪–૨૫૨ વૈષ્ણવોનાં ચરિત્રો ઉપર ભગવદીય વાર્તા સપ્તાહનું ભવ્ય આયોજન પૂ.પા.ગો.શ્રીકનૈયાલાલજી મહારાજ (મથુરા–પોરબંદર–કાલોલ–રાજકોટ) દ્વારા થયું હતું. શ્રીજગદીશચંદ્ર શાસ્ત્રીજીનું (ખંભાતવાળા)એ પોતાની રસમધુર વાણી દ્વારા વાર્તા સપ્તાહનું કથારસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજ (મથુરા–પોરબંદર–જામનગર) ચિ.ગો.શ્રીઅક્ષયકુમારજી મહોદય એવમ પૂ.પા.ગો.શ્રીકનૈયાલાલજી મહારાજના વચનામૃતોનો લાભ હજારો વૈષ્ણવોએ લીધો હતો.

–પ્રેષક : રોયલપાર્ક વૈષ્ણવ સમાજ, રાજકોટ.

પૂ.પા.ગો.શ્રીકનૈયાલાલજી મહારાજ
શ્રીકૃષ્ણાશ્રય હવેલી, ૬–રોયલપાર્ક પાસે, રાધાપાર્ક, માનસરોવર એપાર્ટમેન્ટની સામે,
કાલાવાડ રોડ, રાજકોટ–૩૬૦૦૦૫. ફોન.૫૭૫૮૦૮

મદ્રાસ :

મદ્રાસમાં પુષ્ટિમાર્ગીય સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિ : અત્રે શ્રીમદ્રાસ વૈષ્ણવ સમાજ તથા શ્રીવલ્લભાચાર્ય વિદ્યાસભાના આશ્રયે ચાલતી શ્રીકોલા સરસ્વતી વૈષ્ણવ સીનીયર સેકન્ડરી સ્કૂલનો રજતજયંતિ પ્રારંભ વર્ષ સમારોહ પૂર્વક સભામાં સંરક્ષક ગોસ્વામી ૧૦૮ શ્રીમથુરેશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં ઉજવવામાં આવ્યો હતો. તા.૨૫–૪–૯૯ રવિવારે સાયંકાલે અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત ભક્તિવર્ધીની ગ્રંથ ઉપર આપશ્રીના વચનામૃતોનો કાર્યક્રમ હતો. સ્કૂલના રજતજયંતિ બ્લોકના નિર્માણની ભૂમીપૂજા કરવામાં આવી હતી. અને ત્યારબાદ તા. ૨૬–૪–૯૯ થી તા. ૨૯–૪–૯૯ સુધી આપશ્રીએ ભક્તિવર્ધીની ગ્રંથ ઉપર અત્યંત સરળ અને સુંદર ખાસ કરીને યુવાપેઢીને લક્ષમાં રાખીને વચનામૃતો કર્યા હતા. શ્રીશુદ્ધાદ્વૈત વૈષ્ણવ મહાસભા તેમજ ગોલ્ડન જ્યુબીલી ટ્રસ્ટ દ્વારા શ્રીમહારાણીબાઈ જમુનાદાસ વૈષ્ણવ હાયર સેકન્ડરી સ્કૂલનું ઉદ્‌ઘાટન પણ આપશ્રીનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વર : અંકલેશ્વર ખાતેના આં.રા.પુ.વૈ.પરિષદની શાખાની કાર્યવાહી માટે શ્રીબંકીમભાઈ શેઠ, શ્રીગીરીશભાઈ, શ્રીસુરેશભાઈ શાહ, શ્રીગોપાલભાઈ શાહને કામગીરી સોંપવામાં આવી. સ્વાગત બોર્ડનું અનાવરણ વિધિ પ્રા.ચોમનભાઈ શેઠના વરદ્ હસ્તે કરવામાં આવ્યો. સ્વાગત પ્રવચન શ્રીબંકીમભાઈ શેઠે કર્યું. આનંદ સાભાર શ્રીસુરેશભાઈ શાહે વ્યક્ત કર્યો. ગીરીશભાઈ, હર્ષદભાઈ પટેલ, ગોપાલ શાહ વિગેરેએ મહેમાનોનું સ્વાગત કર્યું.

વડોદરા : વૈષ્ણવ પરિષદના ઉપક્રમે વિભિન્ન કાર્યક્રમો : શ્રીવલ્લભના વિચારોનો પ્રચાર–પ્રસાર માટે યુવાનોમાં જાગૃતિ લાવી સેવા કાર્યોમાં સક્રિય રસ લેતા કરવા, પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રચાર માટે આં.પુ.વૈ.પરિષદના ઉપક્રમે વિભિન્ન આયોજનો નક્કી થયાનું વૈષ્ણવ પરિષદની એક અખબારી યાદી જણાવે છે.

૧. ભક્તિવર્ધીની સાથે વૈષ્ણવ પરિષદના અગ્રણિઓનો તા. ૫–૬ જૂન નાં રોજ સુરત જિલ્લામાં પ્રવાસ.

૨. યુવાનો માટે વડોદરા શહેરમાં કારેલી બાગ શાખાના ઉપક્રમે યોજાયેલી 'પુષ્ટિમાર્ગીય ક્વીઝ–પ્રશ્નાવલી' ગ્રંથનું વિમોચન ૧૫મી જૂનના રોજ વડોદરા ખાતે છે.

૩. યુવાનો વધુ સક્રિય રસ દાખવતા થાય તેવા શુભ આશયથી દર વર્ષે ગુજરાત વ્યાપી યોજાતી શ્રીવલ્લભ વક્તૃત્વ–નિબંધ સ્પર્ધાના પ્રથમ વિજેતાઓની અંતિમ સ્પર્ધા માંજલપુર– વ્રજધામમાં વડોદરા ખાતે ૨૨ મી જૂનના રોજ પૂ.પાદ ગો. આચાર્યશ્રીઓના સાંનિધ્યમાં યોજવામાં આવી છે.

૪. ગૌસેવાના કાર્યને વધુ ગતિમાન કરવા અધિક મહિનામાં અધિક સેવા કરવાના શુભ આશયથી ગોવર્ધન ગૌશાળા માટે અમદાવાદ અને અન્ય શાખાઓ કાર્યશીલ બની છે.

૫. આં.પૂ.વૈ.પરિષદની પ્રાંતિય કારોબારી–કાર્યકરોની એક સંયુક્ત મીટીંગ ૧૧મી જુલાઈના રોજ અમદાવાદ ખાતે અને જુલાઈના ત્રીજા–ચોથા સપ્તાહમાં વડોદરા ખાતે કેન્દ્રીય કારોબારી મીટીંગ યોજવામાં આવનાર છે.

૬. શ્રીવલ્લભ વિચાર પ્રચાર પ્રસાર માટે પૂ.પાદ ગો.શ્રીવાગીશકુમારજી મહોદયનો પ્રવાસ ૧૮મી જુલાઈના રોજ મોડાસા–ધનસુરા ખાતે યોજવામાં આવનાર છે.

હિંગનઘાટ (મહારાષ્ટ્ર) : હિંગનઘાટમાં સર્વપ્રથમ સમસ્ત વૈષ્ણવ સમાજ દ્વારા આયોજીત વૈષ્ણવાચાર્ય પ.પૂ.પા.ગો.૧૦૮ શ્રીજયદેવલાલજી મહોદયશ્રી (કડી–અમદાવાદ)ની અધ્યક્ષતામાં અધિક માસમાં ભવ્ય પુષ્ટિ પ્રચાર મહોત્સવ યોજાયો હતો. તેમાં શ્રીયમુનાજીનાં ૧૦૮ લોટીજી પધરાવવામાં આવ્યા હતા. તથા તેમના સાંનિધ્યમાં વિશાળ પુષ્ટિ પ્રચાર રેલી કાઢવામાં આવી હતી. વૈષ્ણવાચાર્ય શ્રીજયદેવલાલજી મહોદયશ્રીનાં રોજ સાંજે વચનામૃતો થયા હતા. તથા પ્રફુલચંદ્રભાઈ શાસ્ત્રીજી (ઉમરેઠવાળા)નાં શ્રીયમુનાજીનાં ૪૧ પદો પર વચનામૃતો થયા હતા તથા અનેક મનોરથો થયા હતા.

નાગપુર : વૈષ્ણવાચાર્ય પ.પૂ.ગો.૧૦૮ શ્રીજયદેવલાલજી મહોદયશ્રી (કડી–અમદાવાદ) દ્વારા સ્થાપિત વલ્લભ યુવામંડળ (નાગપુર) દ્વારા તા. ૬–૬–૯૯ નાં રોજ પ.પૂ. શ્રીજયદેવલાલજીની અધ્યક્ષતામાં વિરાટ વૈષ્ણવ યુવા સંમેલનનું આયોજન થયું હતું. જેમાં નાગપુરમાં વસતા સમસ્ત વૈષ્ણવ યુવા ભાઈ–બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને આજની યુવાપીઢી પોતાનાં ધર્મ પ્રત્યે જાગૃત બને તથા વ્યસનોથી મુક્ત બને એના માટે આ આયોજન થયું હતું. આ આયોજનમાં નાગપુરની સમગ્ર વૈષ્ણવ સંસ્થાનાં અગ્રગણ્ય ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ પૂ.શ્રીજયદેવલાલજી મહોદયશ્રીનાં વચનામૃતો દ્વારા આપશ્રીએ યુવાપીઢીને જાગૃત કરી હતી.

☐ શ્રીવાક્પતિ ફાઉન્ડેશન પ્રણીત શ્રીવલ્લભ વિદ્યાપીઠના પરિણામો ☐

શ્રીવાક્પતિ ફાઉન્ડેશન પ્રણીત શ્રીવલ્લભ વિદ્યાપીઠ દ્વારા સને ૧૯૯૮–૯૯ માં વિવિધ પરીક્ષાઓનાં પરિણામ કુલાધિપતિ ગો.શ્રી ૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજ (કાંકરોલી) દ્વારા સ્વીચ ઓન કરીને કોમ્પ્યુટર પર પ્રસિદ્ધ કરવામાં આવ્યુ હતું.

(અ) પત્રાચાર અભ્યાસક્રમ પાયાગત (શુદ્ધાદ્વૈત વિનીત) પરિણામ ૮૩% માંથી ૮૧% ઉમેદવારોએ વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરી છે.

(બ) પત્રાચાર અભ્યાસક્રમ મધ્યમ સ્તર (શુદ્ધાદ્વૈત કોવિદ) પરિણામ ૯૪% માંથી ૮૦% ઉમેદવારોએ વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરી છે.

(ક) પત્રાચાર અભ્યાસક્રમ મધ્યમ સ્તર (શુદ્ધાદ્વૈત પ્રવીણ) પરિણામ ૯૪% માંથી ૮૯% ઉમેદવારોએ વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરી છે.

વિદ્યાપીઠ દ્વારા દરેક પરીક્ષાનાં પ્રથમ ત્રણ ક્રમાનુસાર આવનાર ઉમેદવારોને મેડલ એનાયત કરવામાં આવશે.

(૧) પાયાગત સ્તર– શુદ્ધાદ્વૈત વિનીત, પ્રથમ સ્થાન–ભાદુવાલા દેવીકાબેન કીરીટકુમાર ડભોઈ. (૯૨.૨૫%)

(૨) મધ્યમ સ્તર– શુદ્ધાદ્વૈત કોવિદ, પ્રથમ સ્થાન–શેઠ ભૂપેન્દ્રભાઈ રમણલાલ હાલોલ. (૯૩.૨૫%)

(૩) મધ્યમ સ્તર– શુદ્ધાદ્વૈત પ્રવીણ, પ્રથમ સ્થાન–ગાંધી રેખાબેન રાજેષકુમાર રાજપીપલા. (૯૨.૨૫%)

પરિણામ પ્રાપ્ત ન થયું હોય તો કાર્યાલયનો રોલ નંબર સાથે સંપર્ક કરવો. આગામી પરીક્ષાઓનાં ફોર્મ સ્વીકારવામાં આવે છે. જૂન ૯૯ થી નવું સત્ર શરૂ થશે.

❑ ગો.૧૦૮ શ્રીવાગીશકુમારજીનો આંતરરાષ્ટ્રીય જીવનચરિત્રીય શબ્દકોષમાં નામાંકુર પ્રવેશ ❑

૨૦ મી સદીના પ્રતિભાશાળી વ્યક્તિત્વ તરીકેનું બહુમાન

ગો. ૧૦૮ શ્રીવાગીશકુમારજી બાવાશ્રી જેઓ તૃતીય ગૃહાધિપતી કાંકરોલી નરેશ ગો.૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રીના જ્યેષ્ઠ પુત્ર છે. તેમને ગયા ડીસેમ્બર ૧૯૯૮ માં ઈન્ટરનેશનલ બાયોગ્રાફી સેન્ટર કેમ્બ્રીજ– ઈંગ્લેન્ડની સંસ્થા તરફથી ઈન્ટરનેશનલ બાયોગ્રાફી ડિક્શનરીમાં આપશ્રીનું જીવનચરિત્ર, વિશેષ સિદ્ધિઓ તેમજ સન્માનપત્રો સુવર્ણપદકો જે પ્રાપ્ત થયા તે વિશેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ માટે એજ સંસ્થા તરફથી એક પ્રમાણપત્ર 'સર્ટીફીકેટ ઓફ મેરીટ' પણ આપશ્રીને એનાયત કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત આ ૨૦ મી સદીની વિશેષ પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતી તેમજ તેવી અપ્રતિમ વિદ્વતા ધરાવતી વિશ્વની ૫૦૦ વ્યક્તિઓનું બહુમાન કરવા માટે પણ ઈન્ટરનેશનલ બાયોગ્રાફીકલ સેન્ટર કેમ્બ્રીજ ઈંગ્લેન્ડની સંસ્થા તરફથી ગો.૧૦૮ શ્રીવાગીશકુમારજીને પસંદ કરવામાં આવ્યા છે.

આ બંને વિશેષ પ્રકારના સન્માનપત્રો આપણા પુષ્ટિ સંપ્રદાયના એક ગોસ્વામી યુવાન બાલકને પ્રાપ્ત થાય એ વૈષ્ણવ સમાજ માટે ઘણીજ ગૌરવશાળી બાબત છે એ માટે આપશ્રીને ઘણાં ઘણાં અભિનંદન ઘટે છે.

દાહોદ : **વિવરણ લેખન સ્પર્ધા :** ગામઠી ભાષામાં પુષ્ટિમાર્ગનું ખુબજ સરળ અને હાર્દ સમજાવતું પુસ્તક એટલે 'આતાની વાતો'. પુસ્તક પ્રાપ્તિસ્થાન : મે. આર. જયંતીલાલની કું. ધનસુરા– ૩૮૩૩૧૦. આ પુસ્તક ઉપર આપ વિવરણ લખી શ્રીમતિ કાનનબેન દેસાઈ (હરીકૃપા, કલ્યાણ સોસાયટી, દાહોદ– ૩૮૯૧૫૧) ના સરનામે તા. ૧૫–૮–૯૯ પહેલાં મોકલો. હરિફ માટે વય બાધ નથી.

હરિફો માટે પ્રથમ ઈનામ રૂ.૨૫૧/– બીજું ઈનામ રૂ.૧૫૧/– ત્રીજું ઈનામ રૂ.૧૦૧/–
અને બીજા દશ ઈનામો પ્રત્યેક રૂ.૫૧/– ના અપાશે.

❑ આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રદેશ ❑

શ્રીવલ્લભ વકતૃત્ત્વ–નિબંધ ટ્રોફી અંતિમ સ્પર્ધા

પરમ સ્નેહીશ્રી,

શાખાના સૌ કાર્યકરો,

સદૈન્ય જયશ્રી કૃષ્ણ,

સહર્ષ જણાવવાનું કે પ્રતિવર્ષ યોજાતી શ્રીવલ્લભ વકતૃત્ત્વ નિબંધસ્પર્ધાનું સફળ આયોજન સ્થાનિક કક્ષાએ આપને ત્યાં સુંદર રીતે થયું તેથી ખૂબ આનંદ. તે માટે શાખાના સૌ કાર્યકર ભાઈ–બહેનોને અભિનંદન.

હવે ગુજરાત વ્યાપી શ્રીવલ્લભ વકતૃત્ત્વ–નિબંધ સ્પર્ધાનું આયોજન વડોદરા મુકામે કરવામાં આવ્યું છે. તો આપની શાખાના પ્રત્યેક જૂથના, પ્રથમ વિજેતા ભાઈ અગર બહેન, તેમના વાલી તેમજ શાખાના મંત્રી/પ્રમુખને આ સ્પર્ધા નિમિત્તે પધારવા ઉષ્માભર્યુ આમંત્રણ છે. આપ, પ્રત્યેક વયજૂથના, પ્રથમ વિજેતાને આ પરિપત્રની જાણ કરી, તેઓ સમયસર સ્પર્ધાના સ્થળે ઉપસ્થિત રહે તેવો પ્રબંધ પણ કરશો એવી અપેક્ષા છે. શ્રીવલ્લભ પ્રેરિત આવા સુંદર કાર્યમાં આપ સૌ સહભાગી બની, ધન્યતા મેળવવાનું રખે ચૂકતા.

– કાર્યક્રમ –

☐ **સ્પર્ધા ઉદ્દ્ઘાટન સમારંભ** : તા. ૨૨ જૂન ૯૯ મંગળવાર, સવારના ૯–૩૦ કલાકે
સમારંભ અધ્યક્ષ : પૂ.પાદ ગો.શ્રી ૧૦૮ શ્રીઈન્દિરાબેટીજી મહોદયા
સ્પર્ધા ઉદ્દ્ઘાટક : પૂ.પા.ગો. શ્રી ૧૦૮ શ્રી ડૉ.વાગીશકુમારજી મહોદયશ્રી
☐ **પુરસ્કાર વિતરણ –ધર્મસભા** : તા. ૨૨ જૂન ૯૯, મંગળવાર સાંજના ૫–૩૦ કલાકે
સમારંભ અધ્યક્ષ : પૂ.પા.ગો.શ્રી ૧૦૮ શ્રીચંદ્રગોપાલજી મહોદયશ્રી
અતિથિ વિશેષ : પૂ.પા.ગો.શ્રી ૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહોદયશ્રી
સ્થળ : વ્રજધામ આધ્યાત્મિક કેન્દ્ર, માંજલપુર, મંગલેશ્વર મહાદેવ પાસે, વડોદરા.

ભવદીય

શ્રી ઈન્દ્રકાંત ત્રિ. શેઠ (પ્રમુખ) વી. પી. પરીખ (મંત્રી)
શ્રી ચીમનભાઈ શેઠ (સંગઠન મંત્રી) સી. પી તલાટી (સંયોજક)

○ આં.રા.પુ.વૈ.પરિષદ આયોજીત શ્રીવલ્લભ વકતૃત્ત્વ–નિબંધ સ્પર્ધા ○

ખાસ નોંધ: (૧) સ્પર્ધાના સ્થળે સમયસર આવી જવા વિનંતી છે.
(૨) સ્પર્ધકે આગમનની નોંધ વ્રજધામમાં તુરત જ કરાવી લેવી.
(૩) આયોજનની સુવિધા માટે આપના આગમનની જાણ અગાઉથી શ્રીચીમનભાઈ શેઠને અવશ્ય કરવા નમ્ર અનુરોધ છે.
(૪) માંજલપુર જવા માટે સ્ટેશનથી/ માંડવી–ન્યાયમંદિર થી બસ / રીક્ષાની સુવિધા છે.

ભાવાંજલી

મુંબઈ મોટા મંદિરવાળા નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ (શ્રીકૃષ્ણજીવનજી)ના તૃતિય આત્મજ ગો.શ્રીજીવનેશજી મહારાજ તા. ૧૨–૬–૯૯ ના મુંબઈ મુકામે નિત્યલીલામાં પધાર્યાના સમાચારથી વૈષ્ણવોને આપશ્રીનાં ભૂતલ પરથી તિરોધાન થવાનો ઘણો જ આઘાત લાગ્યો છે.

શ્રીજીવનેશજી મહારાજશ્રી સંસ્કૃતના ઉત્તમ વિદ્વાન શાસ્ત્ર, સ્વમાર્ગીય ગ્રંથોના પૂર્ણ જ્ઞાતા હતા. આપશ્રી ઉગ્ર સ્વભાવ છતાં સ્વકિયજનો પર અત્યંત કરુણા રાખતા.

ભૂતલ પર આપશ્રી ૭૨ વર્ષ બિરાજ્યા, છેલ્લે લગભગ ૩૦ વર્ષથી આપશ્રી સૌરાષ્ટ્રમાં વિશેષ બિરાજતા અને બીલખામાં આપનો સ્થાયિ મુકામ સ્વ–ગૃહ છે. આપશ્રીએ અનેક વ્રજ પરિક્રમા ઉઠાવેલી અને શ્રીગિરિરાજજીનાં વિવિધ મનોરથો કરવા આપશ્રી વારંવાર વ્રજમાં પધારતા. છેલ્લે છેલ્લે આપના શ્રીઅંગે માંદગી હતી ત્યારે પણ આપને ગિરિરાજજીનો મનોરથ કરવા ઈચ્છા હોઈ આપના જ્યેષ્ઠ આત્મજ શ્રીપુરૂષોત્તમલાલજી (શ્રીપંકજબાવા) ને વ્રજમાં મોકલી એ મનોરથ સંપન્ન કરાવ્યો.

આપશ્રીની રાજકોટના વૈષ્ણવો ઉપર ખૂબજ કૃપા હતી અને અવારનવાર રાજકોટ મુકામ કરી બિરાજતા અને શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ– શ્રીવલ્લભસુધાના કાર્યકરો પર ખુબજ અનુગ્રહ કરતાં.

આપશ્રીના બે લાલજી ગો.શ્રીપુરૂષોત્તમલાલજી તથા શ્રીલલીતકુમારજી તથા ત્રણ બેટીજી તેમજ બંને લાલજીને ત્યાં પૌત્ર પૌત્રી – દોહિત્ર આદિ વિશાળ પરિવાર સન્મુખ આ ભૌતિક વિયોગ દુઃખની વેળાએ શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ રાજકોટ તથા શ્રીવલ્લભસુધા સંપાદક વ્યવસ્થામંડળ ભાવાંજલીપૂર્વક દંડવત્ કરે છે.

ચિ. શ્રીમુરલીધરલાલજી (વેરાવળ)નો જન્મદિન.

અષાડ વદ ૫ તા. ૨–૮–૯૯ સોમવાર : ગો. ચિ. શ્રીદેવકીનંદનજી (ભાગવતકુમારજી) (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો તથા ગો. શ્રીદામોદરલાલજી મહારાજશ્રી (માંડવી–રાજકોટ)નો જન્મદિન.

અષાડ વદ ૬ તા. ૩–૮–૯૯ મંગળવાર : ગો. ચિ. શ્રીચંદ્રગોપાલજી (માંડવી–ગોકુળ)નો જન્મદિન.

અષાડ વદ ૮ તા. ૫–૮–૯૯ ગુરૂવાર : જન્માષ્ટમીની વધાઈનો પ્રારંભ.

અષાડ વદ ૯ તા. ૬–૮–૯૯ શુક્રવાર : ગો.શ્રીકન્હૈયાલાલજી બાવાશ્રી (ગોકુલ–કામવન–વિરમગામ)નો જન્મદિન. શ્રીનાથજીનો હાંડી ઉત્સવ. (દશમનો ક્ષય હોવાથી આજે.)

અષાડ વદ ૧૧ તા. ૭–૮–૯૯ શનિવાર : ગો. શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજ (સુરત) તથા ગો. શ્રીવ્રજેન્દ્રકુમારજી બાવાશ્રી (મુંબઈ–બોરીવલી–જામખંભાળીયા–જુનાગઢ)નો જન્મદિન.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્ગારો

૭૦. સંસારમાં વૈરાગ્ય થવાના કારણો

એક દિવસ પૂછયું કે, મહારાજ ! આ જીવને વૈરાગ કેમ થતો નથી ?

ત્યારે કહ્યું કે એને પાછલા જન્મનું દુઃખ થાય તો વૈરાગ આવે. મને આટલા જન્મોમાં મહાદુઃખ થયું છે, મારા દુઃખનો પાર નથી, ને વળી આગળ અવતાર ધારણ ધરવા છે, તેનું તો દુઃખ છે નહિં.

આ કૂતરા બળદને દુઃખ હોય તો એને દુઃખ હોય. જ્યારે ગમે તેને દુઃખ સાંભરે, ત્યારે દુઃખની ચિંતા થાય, ત્યારે તે ચિંતામાં ડૂબી જાય, આથી એને મહાદુઃખ થાય, ત્યારે ખાવું પીવું રુચે નહિં, ને એમ કહે કે, હે પ્રભુ મારી શી વલે થશે? હાય હાય ! ઓ પ્રભુ મારી શી ગતિ થશે ? જન્મ ધરવાનું દુઃખ એવું છે, અહો રાત નિસાસા મુકતો રહે, ખાવું પીવું રુચે નહિં. બોલવું ચાલવું ગમે નહિં, ત્યારે પ્રભુને દયા આવે, તો પછીએ જીવનું કામ થાય, આ જીવને આગલીએ ખબર નથી, ને પાછલીએ ખબર નથી. ખાઈ પીને મોજ મઝા કરતો ફરે છે. નથી કોઈનું ભુંડુ કરતાં બીતો ને નથી કોઈનું હૃદય દુઃખાવતા બીતો. હુંકારો કરે છે, ને પેટ ભરે છે. એક પેટ ભરવા સાથે કામ કરે છે, બીજી કશી વાત છે નહીં.

પ્રભુ તે કોણ ને આ જગત તે કોણ ? ખાધું પીધું તે આપણાં બાપનું છે. ત્યારે આવા જીવની પ્રભુને પણ ચિંતા છે નહિં. તું જાણે ને તારું કામ જાણે !! અમે કોણ ને તું કોણ? (આમ પ્રભુ ગણે છે.) ૭૦

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-07-1999.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.શ્રી.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

છૂટૂંગો દરબાર–સેં,
ફિર કરિ હોં કૃતિ નીચ;
બાંધો અપને ગુનન–તેં
રાખો દીઠી બીચ્ચ. (૧૨)

ટીકા :

“ હે શ્રીનાથજી ! હું જીવ દુષ્ટ છું તે જો તમારા દરબારથી છુટીશ તો ફરીને પાછો નીચ કરણી કરીશ. ધણી છો માટે સાચું કહું છું. તેથી જો બદફેલી ન કરવા દેવી હોય તો મને કેદ રાખો કહેતા તમારા ગુણ વડે બાંધો. ગુણ તે દોરડાં. તેમાં સિદ્ધાંત અર્થ એ કે ગુણ કહેતાં તમારા યશ તેના વડે મને બાંધો ને આપની નજર નીચે (નજરકેદ) રાખો. જેમ ચોરને નજરકેદમાં રાખે છે તેમ. એ વ્યંગોક્તિ અર્થ છે. (૧૨)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** ‘અમૃત’ જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. [illegible] : ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૩૭૦૭૧.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૫ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ઓગષ્ટ , ૧૯૯૯

વચનસુધા

આટલાં વર્ષોથી સત્સંગ કરીએ ભગવદ્ દર્શન કરીએ બધું કરીએ છતાં પણ આપણને સ્વધર્મ પ્રત્યે જરાયે લાગણી ઉત્પન્ન થતી નથી. અને ભગવાનની પાસે પણ અહૈતુક થઈને નથી જઈ શકતાં. આ જ્યારે દ્રષ્ટિ શાસ્ત્રીય વિચારધારામાં પ્રસરી તો દયારામભાઈએ ના પાડી. —ભગવાને—કે તમે વૈકુંઠ નહીં જતાં અને હું પણ નથી જતો. કેમ? કે મને આ વ્રજ સારૂં લાગે છે, અને અહીંયા તમારા સુખનો વિચાર કરાય છે. અને જો વૈકુંઠમાં જશો તો પોતાના સુખના વિચાર કરનારા તમારી પાસે આવશે. અને તમને કનડગત પેદા થશે. એટલે તમને કનડગત ન થાય માટે મારે વૈકુંઠમાં નથી આવવું અને તમને પણ આ એડવાઈઝ (સલાહ) આપું છું.

તાત્પર્ય એ કે જ્યાં સ્વર્ગની કામના ન હોય ઈન્દ્રના વૈભવની કામના ન હોય તો માની શકાય પણ ભગવત્શ્રમ નિવારણ માટે, ભગવત્ કાર્ય કરવા માટે, શ્રીહરિનું કાર્ય કરવા માટે એક માણસ વૈકુંઠની પણ ચાહ ન રાખે એવી સેલ્ફલેસ થીંકીંગની (સ્વાર્થરહિત) વિચારધારા આપણી સમક્ષ જો કોઈએ રજુ કરી હોય, કર્મ માર્ગમાં, ગૃહસ્થમાં કે ગમે ત્યાં. તો વલ્લભાચાર્યે કરી છે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૨ પૃષ્ઠ—૬)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

અષાઢ વદ ૧૨ તા. ૮–૮–૯૯ રવિવાર : કામિકા એકાદશી વ્રત.

અષાઢ વદ ૧૩ તા. ૯–૮–૯૯ સોમવાર : ગો.શ્રીકલ્યાણરાયજી મહારાજશ્રી (શ્રીનાથદ્વારા દ્વિતીય ગૃહ)નો જન્મદિન.

અષાઢ વદ ૧૪ તા. ૧૦–૮–૯૯ મંગળવાર : ગો. શ્રીશરદકુમારજી મહારાજશ્રી (મુંબઈ–વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

અષાઢ વદ ૩૦ તા. ૧૧–૮–૯૯ બુધવાર : હરિયાળી અમાસ. દીપ–પૂજા– દિવાસો રાત્રિ જાગરણ. ખગ્રાસ સૂર્યગ્રહણ. સ્પર્શ સાંજના ૫–૦૨, મધ્ય ૬–૦૬, મોક્ષ ૭–૦૩. ગ્રહણ સમયે દિવસ હોવા છતાં અંધારૂ થઈ જશે. આમ અંધારામાં આકાશ દર્શનનો લહાવો લેવા મળશે. સૂર્યગ્રહણનો વેધ મંગળવારે પાછલી રાત્રે ૩–૨૫ થી લાગશે. તે પહેલાં પ્રસાદ લઈ શકાય. બુધવારે બપોરે ૧૨–૪૦ સુધી જળપાન થઈ શકશે. બાળક, વૃદ્ધ અને રોગી ૧૨–૪૦ સુધી પ્રસાદ લઈ શકશે. મુંબઈમાં સૂર્યાસ્ત સાંજે ૭–૦૮ છે તેથી શુદ્ધ સૂર્યદર્શન થશે. જ્યાં શુદ્ધ સૂર્યદર્શન થશે ત્યાં મોક્ષ થયા પછી સ્નાન કરી શુદ્ધ થઈ પ્રસાદ લેવાશે, પણ જ્યાં સૂર્યાસ્ત વહેલો થશે અને શુદ્ધ સૂર્યદર્શન ન થાય ત્યાં ગુરૂવારે સવારે સૂર્યદર્શન કર્યા પછી પ્રસાદ લેવાશે. સેવાનો ક્રમ શ્રી....ને શ્રમ વધુ ન પડે તે પ્રમાણે રાખવો. ગો. શ્રીહિરણ્યગર્ભજી (મુંબઈ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧ તા. ૧૨–૮–૯૯ ગુરૂવાર : ગો. ચિ.શ્રીરાજીવલોચનજી (મુંબઈ–ધોરાજી)નો તથા ગો. ચિ.મનમોહનજી (મુંબઈ–મદ્રાસ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૨ તા. ૧૩–૮–૯૯ શુક્રવાર : ગો. ચિ.મધૂસુદનલાલજી (રુચિરબાવાશ્રી) (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન તથા ગો. ચિ.રસિકરાયજી (ચાંચાસેની–જામનગર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૧૪–૮–૯૯ શનિવાર : ઠકુરાણી ત્રીજ, મધુશ્રવા તૃતીયા ગો.ચિ.શ્રીલાડીલેશજી (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૫ તા. ૧૬–૮–૯૯ સોમવાર : નાગપંચમી. શ્રીજીની ઉર્ધ્વભુજાના દર્શન. (ડાબી ભુજા– સં.૧૪૬૫)

શ્રાવણ સુદ ૭ તા. ૧૮–૮–૯૯ બુધવાર : ગો. શ્રીત્રિલોકીભૂષણલાલજી મહારાજ (કોટા–કડી–અમદાવાદ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૯ તા. ૨૦–૮–૯૯ શુક્રવાર : ગો. ચિ.શ્રીપ્રભુજી બાવાશ્રી (કોટા–મુંબઈ–જતિપુરા)નો જન્મદિન. બગીચા નોમ. નિ.લી.ગો. તિલકાયત શ્રીગોવિંદલાલજી મહારાજ કૃત સાતસ્વરૂપનો ઉત્સવ.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૫ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ☐ ઓગષ્ટ,૧૯૯૯

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેંટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં
ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

એક જરૂરી ખુલાસો : ઘણાં અણસમજુ લોકો કહેવા લાગ્યા છે કે, 'સેવા કરતાં કરતાં આટલાં બધાં (ચોરાશી) અપરાધ પડતાં હોય તો સેવા જ ન કરવી. કેમકે બધાં અપરાધોમાંથી સાંગોપાંગ કેમ બચી શકાય ? પણ આ વાત અત્યંત ભૂલભરેલી છે. આ જે અપરાધોની ગણતરી બતાવી છે તે સેવામાં સાવધાની રાખવા માટે બતાવી છે, અને કદાચ ચોરાશીએ ચોરાશી અપરાધ થઈ જાય તો એ, તે દરેક અપરાધ એક એક પૈસા જેવો ગણાય. પણ જે બ્રહ્મસંબંધ લઈને, પુષ્ટિમાર્ગમાં આવીને, પુષ્ટિમાર્ગનું પરમફલ જે ભગવદ્ સેવા તે જ ન કરે તેનો તો અપરાધ સહુથી મોટો ગણાય—હજાર રૂપિયા જેવડો ગણાય. માટે શ્રીગુરૂદેવાની આજ્ઞા અનુસાર ભગવદ્સેવા અવશ્ય કરવી એજ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું—જીવન સાફલ્ય છે.

અપરાધ ચોવીસમો : "મંગલ ભોગ ધરેં, ભોગસરાય આરતી કરેં, શ્રૃંગાર કરેં, ભોગ ધરેં ".

પ્રભુને પ્રાતઃકાલ જગાવી, તાજા જલથી ઝારીજી ભરી મંગલભોગ ધરવો. તે વાત ૧૪ મા અપરાધમાં આવી ગઈ. – મંગલભોગ સરાવી આરતી અવશ્ય કરવી. (વૈષ્ણવને ઘરે સૌકર્ય ન હોય તો માનસિમાં આરતી કરી મંગલાર્તીનું પદ શ્રીઠાકોરજી સન્મુખ અવશ્ય બોલવું. ત્યારબાદ પ્રભુને સ્નાન, શ્રૃંગાર કરાવી દૂધઘર—લીલોમેવો તથા બીજું જે કાંઈ બની આવે તે નવીન વસ્તુ—સામગ્રી, બાલભાવથી, શ્રીઠાકોરજી શ્રૃંગાર ધરી—તૈયાર થઈ ખેલે છે, ખેલતાં – ખેલતાં ભૂખ્યા થાય તેથી આરોગવા માટે સુંદર સામગ્રી ભોગ ધરી—વિવિધ ખેલની ભાવના વિચારવી. શ્રૃંગારના સન્મુખના પદોનો ભાવ વિચારવો.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય ગ્રંથ–પરિચય

❑ હિન્દીમાં લેખક : ગોસ્વામી શ્રી શ્યામમનોહરજી (પાર્લા) ❑

❑ ભાષાંતર કર્તા : પ્રો. પ્રતાપરાય કાં. શાહ (કોવિદ) ❑

“સંન્યાસ નિર્ણય” ની રચના વિ.સં.૧૫૫૧ માં બદરીકાશ્રમની યાત્રાના અવસર પર નરહરિ સંન્યાસીને માટે કરવામાં આવી હતી એવી એક કિંવદન્તી (લોકવાયકા) મળી આવે છે.

શ્રીયદુનાથજી–વિરચિત શ્રીવલ્લભ–દિગ્વિજય અનુસાર શ્રીમહાપ્રભુજીએ બદરીકાશ્રમની યાત્રા ત્રણ વખત કરી હતી. બીજી યાત્રામાં કૃષ્ણદાસ મેઘન આપશ્રીની સાથે હતા એવો ઉલ્લેખ તથા વ્યાસાશ્રમ પધારવાનો ઉલ્લેખ પણ મળી આવે છે. આ પ્રસંગની સૂચના ત્યાંના તીર્થપુરોહિતને આપવામાં આવેલા વૃત્તિપત્ર પણ મળે છે. આ વૃત્તિપત્રમાં યાત્રાકાલ “દેવામ્ભપતિમ્ (૧૪૩૩) મિતે” તદનુસાર વિ.સં.૧૫૬૮નો ઉલ્લેખ છે. તેથી જો વિ.સં.૧૫૫૧ વાળી લોકવાયકા પ્રામાણિક (સાચી=બરાબર) હોય તો તેને પ્રથમ યાત્રાનો કાલ માનવો પડે. આની પુષ્ટિ ચોરાશી વૈષ્ણવોની વાર્તામાં પણ મળે છે.

“ તો એક સમયે નરહર સંન્યાસી બદરીકાશ્રમ ફરતાં ફરતાં આવ્યા. ત્યાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પધાર્યા તેથી નરહરિ સંન્યાસીને તેમનાં દર્શન થયાં. ત્યારે નરહરિ સંન્યાસીએ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને વિનંતી કરી– ‘મહારાજ, મેં પહેલા સંન્યાસ ગ્રહણ કર્યો હતો. પછી આપની કૃપાથી ભક્તિમાર્ગમાં આવ્યો. તેથી સંન્યાસના પ્રકારો છે તે તો હું જાણું છું પણ ભક્તિમાર્ગનાં કયા પ્રકાર છે તે હું જાણતો નથી. તો મને કૃપા કરી એ પ્રકારો કહો.’ ત્યારે શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી– ‘તને ભક્તિમાર્ગના સંન્યાસનો પ્રકાર કહુ છું. ત્યારે શ્રીઆચાર્યજીએ ‘સંન્યાસનિર્ણય’ ગ્રંથની રચના કરી અને નરહરિ સંન્યાસીને સંભળાવ્યો અને તેનો ભાવ કહ્યો. ત્યારે નરહરિ સંન્યાસીના હૃદયમાં પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત સ્થિર થયો, ત્યારે શ્રીઠાકોરજીની લીલાનો અનુભવ થયો તેથી તેમાં મગ્ન થઈ ગયા. પછી શ્રીઆચાર્યજી આગળ પધાર્યા. નરહરિ સંન્યાસી સ્વરૂપાનંદમાં મગ્ન બની સમાધિ કરતાં.’

શ્રીમહાપ્રભુજીના ચરિત્ર વર્ણનોમાં સૌથી વધુ પ્રાચીન (વિ.સં.૧૬૧૦ માં) ગદાધર દ્વિવેદી લિખિત સંપ્રદાય–પ્રદીપમાં પણ એક ‘સંન્યાસ નિર્ણય’નો ઉલ્લેખ મળે છે. ‘શ્રીમદ્ વલ્લભાચાર્યજી બહાર નીકળીને ગંગાતીરે પધાર્યા ત્યાં ત્રિદંડવિધિથી સંન્યાસનિર્ણય કહ્યો. જેવી રીતે વિષ્ણુસ્વામી તથા યતિ બનીને કાશી ગયા.’ (ચતુર્થ પ્રકરણ) પરંતુ અહીં ‘સંન્યાસ નિર્ણય’ ગ્રંથવાચક છે કે ગ્રંથરૂપે નિબદ્ધન કરેલા કોઈ એક મૌખિક ઉપદેશનો વાચક છે એ વાત નક્કી થઈ શકતી નથી. આ સિવાય– “ ત્રિદંડ વિધિના ” પદ ઉપર પણ ધ્યાન દેવું જોઈએ. કારણ કે ષોડશગ્રંથાન્તર્ગત પ્રસ્તુત સંન્યાસ નિર્ણય ગ્રંથમાં ક્યાંય પણ ત્રિદંડવિધિથી સંન્યાસ ગ્રહણ કરવાનો યા ન કરવાનો કોઈ વિચાર મળી આવતો નથી.

શ્રીગુસાંઈજીનાછઠ્ઠા પુત્ર શ્રીયદુનાથજી વિરચિત ''શ્રીવલ્લભદિગ્વિજય'' માં, કાશીમાં આસુરવ્યામોહ—લીલા કરી તે પહેલાં દામોદરદાસથી માંડીને વૈષ્ણવો દ્વારા સંન્યાસની અભ્યર્થના (વિનંતી) કરવામાં આવી ત્યારે તેમને માટે સંન્યાસની અનાવશ્યકતા દેખાડવા માટે એક મૌખિક ઉપદેશનું વર્ણન મળે છે. એ સંન્યાસ નિર્ણયના ઉપદેશના સારને પણ અહીં સંકલિત કરવામાં આવ્યો છે. જેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરવાથી સ્પષ્ટ થઈ જાય છે કે પ્રસ્તુત ષોડશગ્રંથાંતર્ગત સંન્યાસ નિર્ણય તથા પેલા (ઉક્ત) સંન્યાસ નિર્ણયમાં ઉપદેશ કરવામાં આવેલા વિષયો ભિન્ન ભિન્ન છે.

એકંદરે બે સંભાવનાઓ ઉભી થાય છે. (૧) બદરીકાશ્રમની પ્રથમ યાત્રા—સંભવતઃ વિ.સં. ૧૫૫૧ માં નરહરિ સંન્યાસીને માટે પ્રસ્તુત ષોડશ ગ્રંથાર્ગત ''સંન્યાસ નિર્ણય'' ગ્રંથ રચવામાં આવ્યો હતો. (૨) લોકગોચર દેહદેશત્યાગ અર્થાત્ આસુરવ્યામોહલીલા કરવાની તૃતીય ભગવદાજ્ઞા થઈ તે પછી ''અંતઃકરણપ્રબોધ'' ની રચના જેમ શ્રીમહાપ્રભુજીએ સ્વયં (પોતાને) માટે કરી. તેમજ સંન્યાસ લેવાની પૂર્વે આ ''સંન્યાસ નિર્ણય'' ગ્રંથની રચના પણ આપના પોતાના માટે જ કરી છે. અર્થાત્ વિ.સં. ૧૫૮૭ માં.

આ બેમાંથી પ્રથમની સંભાવનાનું સમર્થન તો પૂર્વોક્ત ચરિત્રગ્રંથોની એકવાક્યતાથી સ્પષ્ટ થઈ જાય છે. બીજી સંભાવનાનું પણ સમર્થન આપણને શ્રીપુરૂષોત્તમજીની પ્રસ્તુત ''સંન્યાસ નિર્ણય'' ની વ્યાખ્યામાં મળે છે. શ્રીપુરૂષોત્તમજીના મત મુજબ. કારણ કે પ્રસ્તુત ''સંન્યાસ નિર્ણય'' ગ્રંથની રચના તૃતીય ભગવદાજ્ઞાની પછી થયેલા પશ્ચાતાપને દૂર કરવા માટે જ થઈ છે. તેથી વિ.સં. ૧૫૮૭ રચનાકાળ જ શ્રીપુરૂષોત્તમજીની માન્યતા અનુસાર સિદ્ધ થાય છે.

શ્રીપુરૂષોત્તમજીના મત પ્રમાણે તેનો આધાર તેઓ પોતે આ શબ્દોમાં આપે છે— '' મયા તુ તેષાં પરસ્પર વિસમ્મતિ મવલોક્ય અન્તઃકરણપ્રબોધગ્રંથસ્ય ''પશ્ચાતાપ''— ''પરિત્યાગ'' પદયોઃ અત્ર પ્રત્યભિજ્ઞાનાત્ સ એવ પશ્ચાત્તાપો અત્ર નિવર્ત્યત્વેનાદૃતઃ '' પરંતુ કેવળ બે સમાન શબ્દો 'પશ્ચાતાપ' તથા 'પરિત્યાગ'ના પુનરાવર્તનને પરંપરા પ્રાપ્ત ઈતિવૃત્ત (એટલે આ પ્રમાણે હતું)થી વધુ બળવાન નથી માનવામાં આવી શકતું. આ સિવાય 'સર્વોત્તમ સ્તોત્ર'માં પ્રસ્તુત વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગો પદેશક' નામની દ્વારા શ્રીપ્રભુચરણ પણ પ્રસ્તુત સંન્યાસ નિર્ણય ગ્રંથના—'વિરહાનુભવૈકાર્થં તુ પરિત્યાગા પ્રશસ્યતે' એ ઉપદેશનો જ પરામર્શ કરતા હોય એની ખાતરી થાય છે. ત્યાં— 'વિરહાનુભવૈકાર્થં સર્વત્યાગ પ્રસંશકઃ' અથવા 'વિરહાનુભવૈકાર્થં સર્વત્યાગપરાયણઃ' એમ ન કહેતાં 'ઉપદેશકઃ' એમ કહેવું એ આ વાતનું સૂચક લાગે છે કે પ્રસ્તુત સંન્યાસ નિર્ણય ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ 'અંતઃકરણપ્રબોધ' ની જેમ પોતાને માટે નહીં પરંતુ પોતાના અનુયાયીઓને માટે ઉપદેશનાં રૂપમાં પ્રકટ કર્યો છે.

આના સિવાય શ્રીપુરૂષોત્તમજી ભાષ્યપ્રકાશ (૩/૪/૪૨) માં 'બહિસ્તૂભયથાપિ સ્મૃતેરાચારાચ્ચ' ના ભાષ્યાંશની તથા પ્રસ્તુત 'સંન્યાસ નિર્ણય' ગ્રંથની એકવાક્યતા સ્વીકારે છે— 'એતસ્ય પ્રપંચ સંન્યાસ નિર્ણય ગ્રંથાદવગન્તવ્યઃ' અહીં પ્રારંભમાં ભક્તિમાર્ગના મધ્યમકક્ષાના અધિકારીને માટે આવશ્યક સાધનત્યાગનો વિચાર આ અધિકરણનો પ્રમુખ ઉદેશ્ય છે એમ દર્શાવે છે— 'અથ ભક્તિમાર્ગીય મધ્યમજઘન્યયોઃ ફલવિચારોત્તરં મધ્યમસ્ય ત્યાગરૂપં સાધનં

ચિન્ત્યતે.' ભાગવતના અગિયારમાં સ્કંધના અઢારમાં અધ્યાયમાં– 'યદા કર્મવિપાકેષુ લોકેષુ નિરયાત્મસુ વિરાગો જાયતે સમ્યક ન્યસ્તાગ્નિઃ પ્રવજેત્તતઃ' કારિકાથી પ્રારંભ કરીને સોળ કારિકાઓમાં પહેલાં ભગવાને ઉદ્ધવજીને ત્રિદંડ સંન્યાસનું સ્વરૂપ સમજાવ્યું છે. અને તે પછી– 'જ્ઞાનનિષ્ઠો વિરક્તો વા મદભક્તો વાનપેક્ષકઃ સલિંગાનાશ્રમાંસ્ત્યક્ત્વા ચરેદવિધિગોચરઃ' કારિકામાં ચતુર્થ આશ્રમરૂપ સંન્યાસથી ભિન્ન એક સંન્યાસની આજ્ઞા આપવામાં આવી છે. આ સંન્યાસની આજ્ઞા પૂર્વોક્ત ભાષ્ય (૩/૪/૪૨) તથા 'સંન્યાસ નિર્ણય' ગ્રંથનું આધારભૂત વાક્ય છે. ઉદ્ધવજીએ પણ આ સંન્યાસની આજ્ઞા થઈ તે પછી સર્વ– પરિત્યાગ કર્યો હતો તથા આ પરિત્યાગ મધ્યમાધિકારરૂપ હતો, એ તો ત્રિવિધનામાવલોકમાં–' ઉદ્ધવાદિમધ્યમભાવબોધકાય નમઃ' થી સ્પષ્ટ થાય છે એમ શ્રીપુરૂષોત્તમજી સ્વીકારે છે.

એવી સ્થિતિમાં 'સંન્યાસ નિર્ણય' ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ સ્વયં (પોતાને) માટે લખ્યો હોય એમ કહેવું કંઈક અસમંજસ (ન બંધબેસતા) જેવું લાગે છે. કારણ કે સર્વપ્રથમ તો ' સંન્યાસ નિર્ણય' ગ્રંથમાં મધ્યમાધિકારીના ત્યાગના પ્રકારને પ્રતિપાદ્ય વિષય માનવામાં આવ્યો છે. અને વ્યર્થ જ—શ્રીમહાપ્રભુ સ્વયં (પોતા)ની બાબતમાં મધ્યમાધિકારિત્વનો નિર્ણય લ્યે એ સુસંગત (બંધબેસતું) નથી લાગતું. શ્રીપુરૂષોત્તમજીનાં મત મુજબ તૃતીય ભગવદાજ્ઞા પણ ' લોકપરિત્યાગવિષયિણી' હતી. આ આજ્ઞાનું તાત્પર્ય મધ્યમાધિકારવાળા સંન્યાસગ્રહણાર્થ લેવામાં કોઈ વિશેષ (ખાસ) હેતુ દષ્ટિગત (નજરમાં આવતો) નથી. 'સ્વીયબન્ધનિવૃત્યર્થં વેશઃ સ્વેપિ ન ચાન્યથા' માં સંન્યાસચિહ્નોની અનિયતતા (ચોકસાઈનો અભાવ) યા ઉપેક્ષાનો જે બોધ થાય છે એ પણ શ્રીમહાપ્રભુજીના સર્વથા આગ્રહપૂર્વક યથાક્રમ (અનુક્રમ મુજબ) કુટિચક્ર, બહૂદક, હંસ તથા પરમહંસના ક્રમનિર્વાહ સાથે એટલો સુસંગત (બંધબેસતો) નથી થતો.

આ બાબતોને નજર સામે રાખતાં એવી ખાતરી થાય છે કે લોકગોચર દેહદેશત્યાગની તૃતીય ભગવદાજ્ઞાના પરિપાલનાર્થે શ્રીમહાપ્રભુજીએ 'સંન્યાસ નિર્ણય' ગ્રંથમાં વર્ણવેલ મધ્યમાધિકારવાળો સંન્યાસ નહીં કિંતુ ચતુર્થાશ્રમરૂપ નિત્યસંન્યાસ જ આપે લીધો હતો. 'આશ્રમચતુષ્ટયપક્ષે નિત્ય સંન્યાસો ભવતિ. તત્ર બ્રાહ્મણ્યં વયઃ પૂર્વાશ્રમાનન્તર્યં ચ પ્રયોજકં ન જ્ઞાનાદિ' (સુબો. ૩/૧૨/૪૯). 'સંન્યાસ નિર્ણય'માં કર્મમાર્ગેન કર્તવ્યઃ સુતરા કલિકાલતઃ' વચન દ્વારા જે ચતુર્થાશ્રમરૂપ સંન્યાસની ભક્તિમાર્ગીય જીવોને માટે અનુપાદેયતા, તથા 'સર્વનિર્ણય'માં– 'ત્રિદંડ પરિગૃહીત સર્વશાસ્ત્રા વિરોધી તત્.....પ્રતિપત્તિરિયં સર્વા દેહસ્ય' એ વચનો દ્વારા જે ચતુર્થાશ્રમરૂપ શાસ્ત્રવિહિત સંન્યાસની બ્રાહ્મણદેહને માટે આવશયકતા શાસ્ત્રસંમત માનવામાં આવી છે, એ જ સંન્યાસનો પ્રકાર શ્રીમહાપ્રભુજીએ સ્વિકાર્યો હતો.

—ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ૫૦૧/– ગો.વા. દેવકોરબેન મુળજીભાઈ દાવડા મુંબઈના જય શ્રીકૃષ્ણ.

૨. ૫૦૧/– ગો.વા.અ.સૌ વજીબેન શંભુભાઈ લાખાણી અમદાવાદના ભગવત્સ્મરણ.

હસ્તે વી. એસ.લાખાણી, ડોમ્બીવલી

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

દુષ્ટ સંગત તેને જાણીયે, જે ભુલાવે ભગવંત;
સ્નેહ કરાવે કૃષ્ણસું, તે તો કહીયે સાચા સંત.
સંત સાચા તેની સંગત કરીયે, અસમર્પિત અન્યાશ્રયથી ડરીયે
હું હરિનો હરિ મારા નાથ, એ નિશ્ચે કરવું મન સાથ
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૬૭)

વિવેચન– આ ચંદ્રાવળામાં સત્સંગ, આશ્રય અને અસમર્પિતતાનો ત્યાગ બતાવ્યો છે, અને તેને માટે દુઃસંગનો ત્યાગ જરૂરી છે.

(૧) જેનાં સંગથી ભગવદ્ ભાવમાં વૃદ્ધિ થાય તે સત્સંગ.

(૨) જેનાં સંગથી ભગવદ્ ધર્મ હાનિ થાય તે દુઃસંગ.

દુષ્ટ સંગ કેવો હોય– જેનામાં દયા ન હોય, સ્નેહ ન હોય, સંતોષ ન હોય, સદા શોક કરી વ્યાકુળ રહે, ભયથી આક્રાંત રહેતો હોય, આઠો પ્રહર વિષયોનું જ ચિંતન કરતો હોય, બીજાને દુઃખ દેવામાં તેને આનંદ આવતો હોય, અસત્ય ભાષણ કરતો હોય, અસત્યનો આશરો લઈ કેવળ ધન પ્રાપ્ત કરવા જ પ્રયત્ન કરતો હોય, ક્રોધને આધિન હોય, કેવળ સંસારમાંજ આસક્ત હોય, આવા અનેક અવગુણોથી ભરેલો હોય તેનો સંગ તે દુઃસંગી જાણવો. જેનામાં ક્ષમા, દયા, સમદ્રષ્ટી ન હોય, આવાનો સંગ તેજ દુઃસંગ, તેથી તેનો ત્યાગ કરવો.

હવે સત્સંગીનાં ગુણો– જેનામાં દુઃખ, સુખ, લાભ, અલાભ બધામાં હરિશરણ હોય, ક્ષમા, દયા, દીનતા, સંતોષ, અનન્ય આશ્રય, આવો સંગ ભગવદ્ પ્રાપ્તિમાં સહાયક બને છે. ભગવદ્ભક્ત ધન કમાવવા ધર્મનો ઉપયોગ કરતો નથી. નામ ભગવાનનું ને કામ પોતાનું, એવું ન કરતો હોય, પરાયું દુઃખ દેખી જેનું હૃદય દુઃખી થતું હોય, દુશ્મનનું પણ બુરૂ ચાહતો ન હોય, ભગવત્ ગુણ ગાતા જેમનું હૃદય દ્રવિત થતું હોય, જેને જોતાંજ ભગવાનની યાદ આવે, આવાનો સંગ કરવો તે સત્સંગ.

હાસ્ય પ્રસંગ : શ્રીગોકુલેશજીને એકવાર એકે પ્રશ્ન કર્યો કે ભગવદીયને ઓળખવો શી રીતે? ત્યારે શ્રીજીએ હાસ્ય કરીને ખુલાસો કર્યો કે જેને જોતાં જ ભગવત્ સ્ફુર્તિ થાય, તે ભગવદી. જેને જોતાં જ લૌકિક વિસ્મૃતિ થાય, મનમાં આનંદની લહેર ઉઠે. ભગવાનનો ભક્ત તો ભગવાન તરફ ચિત્તની વૃત્તિ દોરી જાય, આવાનો સંગ કરવો.

સાચા સંતો (ભક્તો) તે ભગવાનથી પ્રિત કરાવે. પુષ્ટિમાં બે વિષયો ખાસ બતાવ્યા છે

(૧) અનન્ય આશ્રય રાખવો, અંન્યાશ્રય બાધક છે. (૨) અસમર્પિતતાનો ત્યાગ એટલે પ્રભુને સમર્પણ કરી, તે વસ્તુનો ઉપભોગ કરવો—શ્રીમહાપ્રભુજી સિદ્ધાંત રહસ્યમાં

અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જનમાચરેત્

આ શ્લોકમાં બતાવ્યું છે કે પ્રભુને સમર્પણ કરીને જ લેવું, જેથી અનેક દોષોની નિવૃત્તિ થાય છે, નવા દોષોથી બચી જવાય છે. એકજ આશ્રય હોવાથી જગો જગો ભટકવાની જરૂર રહેતી નથી. ગીતા વાક્ય— અનન્યાશ્ચિંતયેત.....

મારો ભક્ત મારામાં જ ચિત્ત જોડીને મારૂં જ શરણ ગ્રહણ કરે છે, મને જ ભજે છે, તે સર્વ રીતે નિર્ભય છે.

ગીતા અ.૧૮ શ્લોક ૬૫

મન્મનાંભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરૂ
મામૈવૈશ્યાસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોડસિ મમ ॥

તું મારામાં મનવાળો થા, તેમજ મને જ પુજનારો મારો જ ભક્ત થા, અને મને જ નમસ્કાર કર, આમ કરવાથી તું મને જ પામીશ. તારી આગળ આ હું સત્ય પ્રતિજ્ઞા કરું છું, કેમકે તું મને પ્રિય છે.

વળી ગીતા અ.૧૮ શ્લોક ૫૫

ભક્ત્યામામભિ જાનાતિ યાવાન્યશ્ચાસ્મિ તત્વતઃ
તતો માં તત્વતો જ્ઞાત્વા વિશતે તદનન્તરમ્ ॥

મારી પરમ ભક્તિ દ્વારા તે મનુષ્ય હું કેવો છું ને કોણ છું તે યથાર્થરૂપે જાણે છે, અને પછી એ ખરેખરા સ્વરૂપને જાણવાથી મારામાં પ્રવેશ કરે છે.

ભક્તોના સંગે ભક્ત જ બને.

૨૫૨ વૈષ્ણવ વાર્તા—૨૪૩

ભગવાનદાસ સારસ્વત બ્રાહ્મણ હતા. તેઓ સુબાની દિવાનગીરી કરતા હતા. તેમનાં યજમાન રામરાય તે શ્રીમહાપ્રભુજીના સેવક હતા. એકવાર ભગવાનદાસ રામરાય સાથે વૃંદાવનથી ગોપાલપુર આવ્યા. તે દિવસે જન્માષ્ટમીનો ઉત્સવ હતો. તેમણે શ્રીગુંસાઈજીનાં દર્શન કર્યા, અને સેવક બન્યા. ભગવાનદાસને સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમનાં દર્શન થયા. પછી તેઓ ગોવર્ધનનાથજીનાં દર્શન કરવા ગયા, દર્શન કરતાં જ તેમનાં હૃદયમાં ભગવદ્ લીલાની સ્ફુર્તિ થઈ, તેજ વખતે શ્રીનાથજી સાનિધ્યમાં નવું પદ બનાવીને ગાયું—

શ્રવણ સુન સજની બાજે મંદીલરા, આજ નિશ લાગત પરમ સુહાઈ।
અતિ આવેશ હોત તન મનમેં શ્રી ગોકુલ બજત બધાઈ ॥

આ કીર્તન વૃજ ભક્તોનાં ભાવથી ગાયેલું— એક સખી બીજી સખીને કહે છે સાંભળ સજની ગોકુલમાં મંદીલરા વાગે છે, નંદબાવાને ઘેર પુત્રનું પ્રાગટય થયું છે. આ જાણીને રાવલની

નારીયો તથા ગોપીવર્ગ અતિ પ્રસન્ન થઈ. રાવલવાળા બધા ઉત્સાહભેર ગોકુલ આવે છે. ઉંચેથી ટેર દઈને કહે છે કે ભૈયા હો આજ કોઈ વન મત જાઓ, ગાયો પાછી વાળો, આજ તો નંદ કે ઘર આનંદ ભયો હે, ચલો સબ ગોકુલ.

આમ સાંભળતા જ ગોપગોપીઓ સર્વ સુંદર શૃંગાર વસ્ત્ર સજીને નંદ ઘેર આવી ઉત્સવ મનાવે છે. આવા ભાવનું આ કીર્તન છે. આ કીર્તન સાંભળીને શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થયા.

આ ભગવાનદાસે અનેક પદો બનાવ્યા છે. દરેક પદમાં છાપ દીધી છે, કહે ભગવાન હિત સમરાય પ્રભુ, પોતે રામરાયજીનાં સંગથી વૈષ્ણવ બન્યા હતા, તેથી તેનું નામ અગ્રેસર રાખ્યું.

આ ઉપરથી સમજાય છે કે વૈષ્ણવોયે મહાન ભાગ્યવાન વૈષ્ણવની કૃપા મેળવવા પ્રયત્ન કરવો જોઈએ, તેમની કૃપાથી સર્વ સાધ્ય બને છે. આ ભગવાનદાસજીનાં શ્રીઠાકુરજી શ્રીનવનીતપ્રિયાજી હાલમાં ગોકુલમાં શ્રીપુરૂષોત્તમજી મહારાજને માથે બિરાજે છે.

ભક્ત સંગે ગુરૂ મિલે, ગુરૂ કૃપા ગીરધારી

આ વાક્ય ઉપર ૨૫૨ વૈષ્ણવ વાર્તા ૨૧ મી

ભક્તોની દષ્ટિ પડતાં જ બુદ્ધિ સુધરે તેવો આ પ્રસંગ છે. ભક્ત મલ્યા તેના સંગે ગુરૂ મલ્યા અને ગુરૂ કૃપાયે ગીરધારી.

ગુજરાતમાં એક મહાન પાપી ભયંકર કર્મ કરવાવાળો, સાથે ૨૦૦ માણસોની ફોજ લઈને ફરતો, યાત્રાળુઓને લુંટતો. તેનું નામ કટહરીયા હતું.

એકવાર શ્રીગુસાંઈજી તે રસ્તેથી પધાર્યા, ત્યારે સાથે ૧૫ ગાડા હતા. આ લાગ જોઈને કટહરીયા ડાકુએ ગાડા રોક્યા, પરંતુ જુએ છે ત્યાં પ્રત્યેક ગાડા ઉપર જે એક એક માણસ હતો તે તેને સિંહરૂપે દેખાયો, કેમકે બધા વૈષ્ણવો હતા. તેમને જોઈ આગળ જતાં શ્રીગુસાંઈજીની સાથે મલ્યો, સેવક બન્યો, તેણે પોતાનો ધંધો છોડી દીધો, ભગવદ્ ભક્ત બન્યો. જેમના કીર્તનો પ્રભુ સન્મુખ ગવાય છે. એકવાર જન્માષ્ટમીનો ઉત્સવ હતો ત્યારે તેણે નીચે મુજબ પદ ગાયું.

આજ મહા મંગલ મહેરાને, પંચ શબ્દ ધુની બાજે, બાજત ઘરઘર બેરખવાને

આ પદ સાંભળી શ્રીગુસાંઈજી ઘણાં પ્રસન્ન થયા. વળી બાળલીલામાં પણ પદ ગાયેલ.

લાલ કો રોટી ઓર વરી
હીંગ લગાય મિરચ પુટ દીનો કરૂવે તેલ તરી (૧)
આન કનિક દ્વે બિરિયા છાની બેલન બેલકરી પતરી ।
કટહરિયા પ્રભુ કો રૂચી ઉપજી માંખન સો ચુપરી સઘરી (૨)

તેમને અનેક લીલાની સ્ફુર્તિ થઈ. ઘણાં પદ બનાવીને ગાયા. શ્રીગુસાંઈજીએ તેની સરાહના કરી કે ક્યાં તો ડાકુગીરી કરી લોકોને લુંટી લેતો, તે હવે પરમ ભાગ્યવાન થયો. લીલામય ગાન કરે છે. પુષ્ટિમાર્ગ કૃપા માર્ગ છે, પ્રભુ જીવની કૃતિ સામું જોતા નથી. માટે જ દયારામ કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૬૩)

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

– ગતાંકથી ચાલુ

૧૨. આચાર્યમાં આચાર્યત્વ અને ઈશ્વરત્વ બંને હોય છે. તેમાં આચાર્યત્વ મુખ્ય છે અને ઈશ્વરત્વ ગૌણ હોય છે. અને અવતારમાં ભગવત્વ મુખ્ય હોય છે. ગૌરાંગ આદિ અવતારત્વથી પ્રસિદ્ધછે આચાર્યત્વથી નહીં. અને જો આચાર્યત્વ હોય તો તે ગૌણ હોય છે. કર્તું, અકર્તું, અન્યથા કર્તું, સર્વ સામર્થ્ય ઈશ્વર શબ્દમાં પ્રવૃત્તિમય નિમિત્ત છે. એ અવતાર માં હોય છે. આચાર્યમાં ગૌણ હોય છે. એ સામર્થ્ય સ્વરૂપમાં જ મુખ્ય છે. અને તેને પ્રમેયબળ કહે છે. સ્વરૂપ સંબંધમાત્રથી ઉદ્ધાર કરીદેવો તે પ્રમેયબળનું કાર્ય છે. તે અવતારમાં હોય છે. આચાર્યમાં પ્રમાણ બળ છે. પ્રમેયબળ ગુપ્ત છે. કાર્યકારી નથી હોતું અવતારની સાથે જીવનો કોઈપણ પ્રકારે સંબંધ હોય તો તેનો ઉદ્ધાર થઈ જાય છે. પરંતુ આચાર્ય સાથે સર્વ પ્રકારનો સંબંધ હોયતે પણ ઉદ્ધાર થઈ શકતો નથી. તેની સાથે પ્રમાણ સંબંધથી જ ઉદ્ધાર થઈ શકે છે.

૧૩. આચાર્યત્વ જન્મથી નહિ પરંતુ વિદ્યાથી છે. અને અવતારત્વ વિદ્યાથી નહિ જન્મથી છે. અવતારનું પ્રવૃતિ નિમિત્ત બીજું છે. જ્યારે આચાર્યનું પ્રવૃત્તિ નિમિત્ત તેનાથી જુદું છે. અવતારનું પ્રવૃત્તિ નિમિત સ્વરૂપ સામર્થ્ય છે. અને આચાર્યનું પ્રવૃત્તિ નિમિત વેદ શાસ્ત્રોક્ત આચરણ છે. અવતારમાં ઈશ્વરત્વ મુખ્ય છે. એટલા માટેજ નાસ્તિકવાદ, સ્વભાવવાદ, કર્મવાદ આદિ વેદ વિરૂદ્ધવાદ ભગવાનમાં દ્રષ્ટિગોચર થાયછે. પરંતુ આચાર્યમાં આચાર્યત્વ અને પ્રમાણબળ પ્રધાન હોવાથી વેદ વિરૂદ્ધ વાતોનો લેશમાત્ર હોતો નથી. અને એટલા માટે શ્રીવલ્લભાચાર્યે, આચાર્ય અથવા ગુરૂના લક્ષણમાં 'નરમ્'પદ આપ્યું છે. અવતારમાં કયાંય 'નરમ્'પદ આવતું નથી. અને જો કયાંય આવે તો ત્યાં માયા અથવા કપટ શબ્દ અવશ્ય હોય છે. જ્યાં તેવું ન હોય ત્યાં વિદ્વાન ટીકાકાર અવશ્ય આ શબ્દ લગાવી દે છે.

અહીં સુધી આપણે આચાર્ય શબ્દનો અર્થ અને તેની સાથે તેને લગતી જે જે બાબતો હતી તે કહી. હવે એ વાતનો વિચાર કરવાનો છે કે આ બધી વાતો અને ગુણ શ્રીવલ્લભાચાર્યજી માં હતા કે નહી.

શ્રીમદ્‌વલ્લભાચાર્યજી નાં ભગવત્વ આચાર્યત્વ અને ભગવદ્‌ગુણ હતા તે સિદ્ધ કરવા માટે ઈતિહાસ તથા તેમના ગ્રંથોને પ્રમાણની જગ્યાએ લેવા પડે છે. ઘણા લોકો કહેશેકે તેમાં પક્ષપાત ની સંભાવના છે. પરંતુ અમારી પાસે આ વિષય માટે બીજા કોઈ ઉપાય નથી. મેકસ મૂલર કેવા હતા, ભગવાન બુદ્ધ કેવા હતા, શ્રીશંકરાચાર્ય કેવા હતા એ જો વિચાર કરવામાં આવે

તો તેને માટે પણ ઈતિહાસ તથા તેમના ગ્રંથોને પ્રમાણભૂત આધાર માનવો પડયો હતો. પક્ષપાત અથવા પક્ષપાત વગર તે વિચારકની વાણીથી આપોઆપ સ્પષ્ટ થઈ જાય છે. શ્રીમદ્‌વલ્લભાચાર્યજી ના મહત્વનું વર્ણન કરતી વખતે જો મને પક્ષપાત લાગશે તો તે મારી વાણી દ્વારા વિદ્વાનોને આપો આપ ખબર પડી જાશે. પરંતુ સત્ય કહેવામાં ઈતિહાસ અને તેમના ગ્રંથોનો આશ્રય લેવો એજ કર્તવ્ય છે.

શ્રીવલ્લભાચાર્યજીના મત ઉપર જેટલા આક્ષેપો કરવામાં આવ્યા છે તે બધાય જૂઠા છે. કેવળ દ્વેષ યુક્ત છે. અનેં અજ્ઞાનતાથી કરવામાં આવ્યા છે. નવો પ્રકાશ પાડવા માટે જેટલું કાંઈ લખી ગયા છે. તે બધી આર્યસમાજ ની નકલ છે. તેઓએ પોતાની સમજ થી કાંઈ લખ્યું નથી. ''પુષ્ટિમાર્ગ અને મહારાજો નો પંથ'' નામથી લખવાવાળા 'એક વૈષ્ણવ' ના નામથી લખે છે. પરંતુ તે એક પોતાની જાતને છેતરવા જેવું છે. તિલક કરવાથી, અને કંઠીધારણ કરવાથી વૈષ્ણવ થઈ જવાતું નથી. વૈષ્ણવધર્મનું જે આચરણ કરતા હોય, વૈષ્ણવ શાસ્ત્રોને જે પૂજ્ય માનતા હોય, શ્રીમદ્‌વલ્લભાચાર્યજી માં જેની પૂર્ણ ભક્તિ હોય અને તિલક, કંઠી ધારણ કરતા હોય તે વૈષ્ણવ છે. એ પુસ્તક લખનારમાં વૈષ્ણવતાની ગંધ પણ નથી. એટલું જ નહિ પરંતુ એક સભ્ય અને આસ્તિક મનુષ્યમાં જે ધર્મભાવના હોવી જોઈએ તે પણ નથી. લોકોને ગેરમાર્ગે દોરીને મંગલાચરણમાં કંઈક માયાવાદની ઝલક દેખાડે છે. પરંતુ પાકા આર્યસમાજી છે. શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના ચરિત્રમાં જેવીરીતે દયાનંદે ગપ્પુ માર્યું છે. એવીજ રીતે એણે પણ એક 'એક અક્ષર ખોટો લખ્યો છે.' સત્યાર્થ પ્રકાશ અને એ પુસ્તક લઈને બેસે તો ખબર પડી જાય કે ક્યાં કેટલું સત્ય કહું છેં એ પુસ્તકમાં મંગલાચરણની જગ્યાએ 'ઓં' દીધું છે. એ પણ આર્યસમાજ નો સંકેત છે. વળી લોકોને ભ્રમમાં નાખવા માટેં માયાવાદની ઝલક બતાવી છે.

'નિખિલગુણ વિહીનં સર્વથા મેઘશૂન્યં નિગમ પથ સુગમ્યં કલ્પિતાધ્યસ્તલોકમ્'।

કોઈ વૈષ્ણવે આવું મંગલચરણ કર્યુ નથી. આ શ્લોકથી માલુમ પડે છે કે કોઈમુર્ખ વ્યક્તિએ આ શ્લોકની રચના કરી છે. સહુથી મોટું પ્રમાણ તો એ છે કે આર્યસમાજ નું મુખ્ય લક્ષણ 'મુર્તિપૂજા ખંડન' છે. તે તેમણે સૌ પ્રથમ પોતાના ગ્રંથમાં કર્યુ છે. અને તે પણ **'નેહં યદિદમુપાસતે'** આ શ્રુતિનો મનમાન્યો અર્થ કરીને કર્યુ છે. આ શ્રુતિનો સત્ય અર્થ શું છે તે મેં મુર્તિપૂજા ખંડનમાં લખ્યું છે. શ્રુતિનો અર્થ જોતાં નીચે મુજબ છે.

યદ્વાચાનંભ્યુદિતં યેન વાગમ્યુદ્યતે ।
તદેવ બ્રહ્મત્વં વિદ્ધિ નેદં યદિદ મુપાસતે ॥
યત્ લોકા ઉપાસતે તત્ મૂર્ત્યાદિકં ત્વં બ્રહ્મૈવ વિદ્ધિ ।
કથંભૂતં બ્રહ્મ, યત્ વાચા લૌકિક વાણ્યા વક્તું ન શક્યતે ।
પુનઃ કથં યેન પ્રેરકેણ વાક્ઉદિતા ભવતિ ।

અર્થાત્ જેની લોકો ઉપાસના કરે છે તે મૂર્તિ વગેરેને તું બ્રહ્મ જાણ. તે બ્રહ્મ લૌકિક વાણીથી કહી નથી શકાતો. એ બ્રહ્મની જ પ્રેરણાથી વાણીનો જન્મ થાય છે.

કૃષ્ણદેવ રાજા જે પ્રસિદ્ધ અને તે સમયમાં દક્ષિણના પ્રતાપી શ્રેષ્ઠ વૈષ્ણવ રાજા થયા

હતા.તેની સભામાં આચાર્યો અને વેદવેદાંગના ધુરંધર વિદ્વાનોની વચ્ચે બધાજ વાદીઓને પોતાના સિદ્ધાંત, શાસ્ત્ર અને વેદયુક્તિઓ દ્વારા માન્ય કરાવીને સર્વની સંમતિથી શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ આચાર્ય સિંહાસનની પ્રાપ્તિ કરી હતી. કેટલાય દિવસો સુધી વિવાદ કરી વેદ, વ્યાસસૂત્ર, ગીતા અને ભાગવત આ ચારનો આધાર લઈને વૈદિક બ્રહ્મવાદનું સ્થાપન કર્યુ હતું. તે દિવસ પુરતું જ નહીં પરંતુ પોતાના જીવનનો સંપૂર્ણ અંશ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ બ્રહ્મવાદ અને ભક્તિના શુદ્ધ સ્વરૂપનું સ્થાપન અને વૈષ્ણવ સંપ્રદાયની દ્રઢતા સ્થાપન કરવામાં જ પુરૂં જીવન વ્યતિત કર્યુ હતું. એક વખત નહીં પરંતુ ત્રણ વખત સમગ્ર ભારતની પરિક્રમા કરીને વૈદિક બ્રહ્મવાદનો પ્રચાર કર્યો.

આ વાતના પુરાતન બેઠકો અને ત્યાંના પુરાતન લેખપત્રો તથા તે સમયના જનસમાજના લખેલા પુસ્તકો સાક્ષી દઈ રહ્યા છે. પ્રચારકાર્યમાંથી આપને જ્યારે જ્યારે સમય મળતો અને આપ જેટલો સમય આપના ઘર પર અડેલ (પ્રયાગ)માં પધારતા ત્યારે ત્યારે નજીકમાં રહેલ કાશીમાં શાસ્ત્રની ચર્ચા થતી રહેતી. જ્યારે ત્યાં ચર્ચા પૂરી ન થતી તો વિદ્વાન લોકો તેમના સ્થાન ઉપર આવીને વિવાદ કરતા ત્યારે આચાર્યશ્રીએ બધાના પ્રત્યુત્તરરૂપે પત્ર (પત્રાવલંબન) કાશીમાં જઈને લખ્યો. 'બધા વેદ, વ્યાસસૂત્ર, ગીતા અને ભાગવત આ ચાર પ્રસ્થાનો વડે આ રીતે બ્રહ્મવાદની સ્થાપના થઈ છે.અને આ રીતે સંપૂર્ણ શાસ્ત્રની સંગતિ વૈદિક સિદ્ધાંતોમાં મળે છે. જેને કોઈને આમાં કોઈપણ સંદેહ હોય તે આવીને મને પ્રશ્ન કરે અને તેને સમજાવવા હું તૈયાર છું. અને આ બ્રહ્મવાદની સ્થાપનાથી કાશીપતિ, વિદ્યાના આધિપતિ શ્રીવિશ્વનાથ મારા ઉપર પ્રસન્ન છે.' આ પત્રાવલંબન ગ્રંથ કાશીમાં વિશ્વનાથના મંદિરમાં લટકાવવામાં આવ્યો છે. આ ગ્રંથ છપાઈ ગયો છે. જે વિદ્વાનોને જોવો હોય તે જોઈ શકે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સ્વભાવમાં આડંબર કે પોતાની વિદ્વતાની વૃથાચેષ્ટાઓ બતાવવાની ન હતી. જેટલું આવશ્યક હોય, જેટલું પ્રયોજન હોય તેટલું જ જ્ઞાનનું પ્રકાશન કર્યું અને તે પણ ભગવદ્ આજ્ઞાથી જ. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સમયમાં વેદ ઉપનિષદ ઉપર વ્યાખ્યાન, ગીતા ઉપર વ્યાખ્યાન, વેદ વગેરે આસ્તિક શાસ્ત્રોનું પ્રામાણિક સ્થાપન, અને ભક્તિમાર્ગનું પ્રાકટય થઈ ચૂકયું હતું તેથી હવે આ વિષયો ઉપર કાંઈ વિશેષ લખવાનું વ્યર્થ છે તેમ સમજીને આપે છોડી દીધું. અને કહી દીધું કે **'વેદ પ્રામાણ્યંતુ પ્રતિતંત્ર સિદ્ધત્વાન્ના વિચાર્યતે '**

પરંતુ વેદનો અર્થ તે સમયે સુલટાનો ઉલટો ઘણા લોકોએ કર્યો હતો. તેને નિરર્થક કરીને સુલટા અર્થ સમજાવવા અપેક્ષિત હતું તે માટે બ્રહ્મસૂત્ર ભાષ્ય, અનિશ્વરવાદ દૂર કરવા માટે મિમાંસા સૂત્રભાષ્ય અને ભક્તિમાર્ગનું શુદ્ધ સ્વરૂપ પ્રાકટય કરવા માટે શ્રીમદ્ ભાગવતની સુબોધિની ટીકા જેવા ભાષ્યગ્રંથોની રચના કરી.

આ ગ્રંથોમાં સંપૂર્ણ વેદ તથા વૈદિક શાસ્ત્રોની એકસૂત્રતા સાધવામાં આવી છે. સંપૂર્ણ શાસ્ત્ર સાક્ષાત્ બ્રહ્મવાદયુક્ત પ્રભુમાંજ અનન્ય પ્રેમનું જ પરંપરાઓથી વર્ણન કરતું આવ્યું છે. આ વૈદિક સિદ્ધાંત ઉપર બધાની સંગતિ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના મતમાં જ થઈ શકે છે. કોઈના મતમાં બ્રહ્મવાદ વિષયમાં વેદ અસંગત રહી જાય છે. અને કોઈના મતે એટલું શુદ્ધ ભક્તિના વિષય પરત્વે જોવા આવતાં વેદ અસંગત રહી જાય છે. જ્યારે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ બ્રહ્મવાદ અને શુદ્ધ ભક્તિમાર્ગ બંનેમાં સંપૂર્ણ વેદ અને વૈદિક શાસ્ત્રોની સંગતિનું વિદ્વાનો, આચાર્યો,

રાજા અને પ્રજા બધાયની સભાની વચ્ચે સ્થાપન કર્યું. શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું આ ચરિત્ર શાસ્ત્રસંદેહ વગરનું છે. પ્રચારચરિત્રમાં ષોડશગ્રંથનું નિર્માણ, નિબંધ નિર્માણ, અને પૃથ્વી પરિક્રમા છે. જે લોકો કહે છે કે વેદમાં ભક્તિમાર્ગ બતાવ્યો નથી તેની સમજ માટે મેં મારા છાંદોગ્ય ઉપનિષદના ભાષ્યમાં સ્પષ્ટ બતાવ્યું છે કે ઉપનિષદોમાં પ્રારંભથી અંત ભક્તિમાર્ગનું જ પ્રવચન થાય છે. આ રીતે ઈતિહાસ અને આચાર્યોથી આપ લોકોને ચરિત્ર બતાવી દીધું કે આચાર્ય શબ્દનું પ્રવૃત્તિ નિમિત્ત એક માત્ર શ્રીમદ્ વલ્લભાચાર્યમાં જ સંગતિ ધરાવે છે. અર્થાત્ આચાર્યત્વનું સંપૂર્ણ જ્ઞાન જો કોઈને ફાળે જતું હોય તો તે એક શ્રીમદ્ વલ્લભાચાર્યજીને ફાળે જાય છે. તુલનાત્મક વિવેચન કરવામાં ઘણો સમય અપેક્ષિત છે તે માટે છોડી દીધું છે. આ મેં ઈતિહાસ અને ચરિત્રની દષ્ટિએ કહ્યું છે હવે ગુણ અને ગ્રંથદષ્ટિથી થોડું કહેવા માંગુ છું તે જોઈએ.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ગ્રંથ જોવામાં થોડાક જ છે. અણુભાષ્ય, સુબોધિની, તત્વદિપ નિબંધ, ષોડશ ગ્રંથ અને સ્ફુટ ગ્રંથ. આ બધા ગ્રંથ તેમના વખતથીજ પ્રાપ્ત છે. શ્રીમદ્ ભાગવત સૂક્ષ્મટીકા, પૂર્વમીમાંસા ભાષ્ય, પ્રભૃતિ ગ્રંથ તેના થોડાક અમુક ભાગો જોવા મળ્યા છે. થોડા ગ્રંથ હોવાનું કારણ એ છે કે આચાર્યશ્રીએ કોઈ નવીન મત કાઢયો નથી. જે મત વૈદિક હતો, પ્રચલિત હતો. તેમાં રહેલી ખામીઓ દૂર કરવાનું મુખ્ય કામ આચાર્યશ્રીનું હતું. અને તેથી આચાર્યશ્રીને થોડુંક જ લખવું પડયું. પરંતુ તેનો પ્રચાર કરવામાં વિશેષ શ્રમ પડયો. જે સિદ્ધાંત પૂર્વ કાળમાં ફેલાયેલો હતો અને જેનાથી લોકો અભ્યાસ કરી ચુકયા હતા, એની ખામીઓ શોધીને તેને શુદ્ધરૂપે પ્રસિદ્ધ કરવો અવશ્ય કઠિન કામ છે. અને તેને માટે જ તેમને ભારતમાં ત્રણ વાર પરિભ્રમણ કરવું પડયું હતું.

શ્રીમદ્ વલ્લભાચાર્ય શ્રીના ગ્રંથ વિચારરૂપ છે. તર્કરૂપ નથી. વિચાર આધાર સહિત છે. તેથી તેને મીમાંસા કહેવામાં આવે છે. તર્ક નિરાધાર છે. તેને અનુમાન કહેવાય છે. મીમાંસાનો આધાર વેદ અને વૈદિક શાસ્ત્ર પ્રમાણિત છે. અને તર્કનો આધાર ફક્ત બુદ્ધિ ઉપરજ છે. મીમાંસાની પૂર્ણાહુતિ થઈ શકે છે તર્કની પૂર્ણાહુતિ નથી. તેથી વિચારને પ્રમાણિત આધાર છે. તર્કને પ્રમાણિત આધાર નથી. એટલા માટે વેદને પ્રમાણ માનનારા વિદ્વાનો એ વિચારનો આશ્રય લીધો છે. તર્ક (એટલે કે કલ્પના)નો નહીં. મીમાંસામાં વેદવાક્ય પ્રધાન અને ઉપજીવ્ય હોય છે. તથા વિચાર તેના તાત્પર્ય અને સિદ્ધાંતનું ઉપજીવન કરે છે. તર્કમાં તર્ક પ્રધાન રહે છે અને વેદવાક્ય તેની પાછળ લગાડવામાં આવે છે. ઘણાય ગ્રંથકારોએ સ્પષ્ટ કહ્યું છે કે **'એવમાગમા અપ્યુન સન્ધેયાઃ'** આ અમારા અનુમાન સાથે હવે વેદવાક્ય જોડી દેવું જોઈએ. ઘણાયે યુક્તિપૂર્વક આ વાત કહી છે. મુંબઈ વગેર શહેરમાં મકાન બાંધતા સમયે જેમ પ્રથમ એક લાકડીઓને આકાર—પ્રકાર ઉભો કરવામાં આવે છે અને પછી તેની ખાલી જગ્યામાં ઈંટ ચૂનો વગેરે ભરી દેવામાં આવે છે. એ પ્રકારે પ્રથમ અધ્યાસભાષ્ય વગેરે તર્કના આકાર—પ્રકાર બાંધી લેવામાં આવ્યા છે અને તેની ખાલી જગ્યામાં સૂત્ર અને વેદ વાક્યો જોડી દેવામાં આવ્યા છે. પરંતુ શ્રીવલ્લભાચાર્યજીનાં ભાષ્યમાં પોતાનો કોઈ સ્વતંત્ર મતનો આગ્રહ જોવા મળતો નથી. જે વેદવાક્ય વડે સિદ્ધાંત મળે, જે માર્ગ વ્યાસસૂત્ર બતાવે તે અનુસાર વિચાર કરીને ચાલવું, આ શ્રીમદ્ વલ્લભાચાર્યજીની ગ્રંથ સરણી છે. અને તેને મીમાંસા કહેવું ઉચિત છે એટલે ગ્રંથસરણીના હિસાબે પણ આચાર્ય શબ્દને ઉચિત શ્રીવલ્લભાચાર્ય જ છે.

— ક્રમશઃ

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હૈ, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

—શ્રીવ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક – શ્રીહનુમાનપ્રસાદ પોદાર

ભાષાંતર– ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

ભગવાન ગીતામાં કહે છે કે –

શક્નોતીહૈવ યઃ સોઢું, પ્રાક્ શરીર વિમોક્ષણાત્ ।
કામક્રોધોદ્ભવં વેગં, સ યુક્તઃ સ સુખી નરઃ ॥

જે શરીર નાશ પહેલા જ કામ, ક્રોધથી ઉત્પન્ન વેગને સહી શકે છે એટલે કે કામ, ક્રોધને જીતી લે છે તે મનુષ્ય યોગી અને સુખી છે.

મહાત્મા ચરણદાસજી કહે છે –

દોહો

જેહી ઘાટ આવે ધૂમસૂં, કરે બહુત હી દ્વાર ।
પતિ ખોવે બુધિકૂં હને, કહા પુરૂષ કહા નાર ॥

ચૌપાઈ

વહ બુદ્ધિ ભ્રષ્ટ કરિ ડારે, વહ મારહિ માર પુકારે ।
વહ સબ તન હિંસા છાવે, કહિં દયા રહન ના પાવે ॥
વહ ગુરૂસૂં બોલે બેંડા, સાધૂસૂં ડોલે એંડા ।
વહ હરિસૂં નેહ છુટાવે, વહ નરક માહિં લે જાવે ॥
વહ આતમઘાતી જાનો, વહ મહામૂઢ પહચાનો ।
સોટોંકી માર દિલાવે, કબહૂં વહ શીશ કટાવે ॥
વહ નીચ કમીના કહીયે, એસેસૂં ડરતા રહિયે ।
વહ નિકટ ન આવન દીજૈ, અરુ છિમા અંકભરિ લીજૈ ॥
જબ છિમા આય કિયો થાના, તબ સહ હી ક્રોધ હિરાના ।

અંતમાં ભક્ત કબીરજીના વચનો સાંભળી લો—

દોહા

કોટી કરમ લાગે રહેં, એક ક્રોધ કી લાર ।
કિયા કરાયા સબ ગયા, જબ આયા હંકાર ॥
દસોં દિસાસે ક્રોધકી, ઉઠી અપરબલ આગ ।
સીતલ સંગત સંતકી, તહાં ઉબરિયે ભાગ ॥
કુબુધિ કમાની ચઢ રહી, કુટિલ બચનકા તીર ।
ભરિ ભરિ મારૈ કાનમેં, સાલૈ સકલ શરીર ॥
જહાં દયા તહં ધરમ હૈ, જહાં લોભ તહં પાપ ।
જહાં ક્રોધ તહં કાલ હૈ, જહાં ક્ષમા તહં આપ ॥
કબીર નવૈ સો આપકો, પરકો નવૈ ન કોય ।
ઘાલિ તરાજુ તૌલિયે, નવૈ સો ભારી હોય ॥
ઉંચે પાની ના ટિકે, નીચે હી ઠહરાય ।
નીચા હોય સો ભરિ પિવૈ, ઉંચા પ્યાસ જાય ॥

ભગવાન નારદ કહે છે –

ક્રોધમૂલો મનસ્તાપઃ ક્રોધઃ સંસારસાધનમ્ ।
ધર્મક્ષય કરઃ ક્રોધસ્તસ્માત્તં પરિવર્જયેત્ ॥

ક્રોધ જ મનના સંતાપનું મૂળ છે, ક્રોધ જ સંસાર સાગરમાં નાખે છે અને ક્રોધથી જ ધર્મનો નાશ થાય છે. તેથી ક્રોધનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

—ક્રમશઃ

વેદ—વિદ્યા ભણીને ઘેર જતા યુવકને આચાર્યનો ઉપદેશ : જીવનોપયોગી સદાચાર : પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં છે— આદર અને આત્મિયતા ! આજે કદાચ પાશ્ચાત્ય અસરોથી દેખાય છે— અનાદર અને ઔપચારિકતા !

—ગતાંકથી ચાલુ

ભક્તિમાર્ગમાં આચાર કરતાં પ્રભુસુખ—પ્રભુપ્રેમ—દીનતા વગેરેની મહત્તા વધુ છે. આચારો તેના પોષક જોઈએ, અવરોધક નહીં. પ્રભુપ્રેમ જ સર્વ મુખ્ય આચાર છે.

વિચાર વગરના આચાર પળાય તો તેનાથી કદાચ અહંકાર વધે; પોતે પ્રસન્ન થવાય, પ્રભુ તો તેનાથી પ્રસન્ન ન થાય. પોતે આચાર પાળે છે, બીજાઓ નથી પાળતા, તેવો અહંકાર અવરોધ કરે છે. તેનાથી પોતાની ઉત્તમતા અને અન્યની અધમતા માની લેવાય છે. દીનતામાં તે બાધક બને છે. દીનતા વગર પ્રભુ પ્રસન્ન થતા નથી, વૈષ્ણવ—વાર્તા—પ્રસંગ પ્રસિદ્ધ છે.

રામદાસજી જલ–બીડાં પણ અસ્પર્શ (અપરસ)માં લેતા હતા, આવો ઉત્તમ આચાર પાળતા હતા. તેનું સૂક્ષ્મ અહં પણ થઈ ગયું ! પ્રભુએ કૃપા વિચારી, પરિસ્થિતિ પલટાઈ. સિપાઈ તરીકે નોકરી કરવી પડી ! અસ્પર્શનું ઠેકાણું ન રહે, શસ્ત્રો બાંધીને ફરવું પડે! છતાં પણ તેમનું ધૈર્ય ન છૂટયું ! પ્રભુ–કૃપા માનીને આ પરિસ્થિતિને પચાવી દીધી ! આચારનું અહં છૂટયું ! પ્રભુ–શ્રીમહાપ્રભુજી પ્રસન્ન દીનતાથી થઈ ગયા. આ છે–વિવેક–પૂર્વક–વિચારના સુમેળનો આચાર ! યથાર્થ આચાર પણ અહંકાર કરાવે, દીનતાને દૂર કરી દે, તો તે બાધક છે. આવકાર્ય નથી.

ગોવિંદદાસ ભલ્લાજી ખૂબ સેવાથી અહંકાર કરતા, પ્રભુ–મહાપ્રભુજી પ્રસન્ન થયેલા! પ્રભુ પાસે પહોંચવા–સેવામાં સાનુકૂલતા–માટે આચાર છે. આચારમાં જ અટવાઈ જઈને પ્રભુ–પ્રેમ–સેવા વગેરે ખોરવાય કે ખોવાય, ચિત્ત આચારના બહાને બહિર્મુખ જ રહે, તે તો અસ્વીકાર્ય જ છે. આમ, આચારો પ્રભુસુખ–પ્રભુપ્રેમ–દીનતા વગેરેના પોષક જોઈએ, અવરોધક નહીં. યથાર્થ આચારોથી તન–મન નિષ્ક્રિય નથી રહેતા, અનર્થ નથી કરતાં. આવા આચારો આવશ્યક છે.

‘વિધિ સ્નેહયોઃ સ્નેહઃ બલિષ્ઠઃ ।’ શ્રીસુબોધિની (૧૦–૮૦–૪૦) (આચાર) વિધિ અને સ્નેહમાં સ્નેહ વધુ બલવાન છે.

પ્રસિદ્ધ ભક્ત ગોવિંદસ્વામીએ સર્વપ્રથમવાર શ્રીગુંસાઈજી (શ્રીવિઠ્ઠલનાથજી)નાં દર્શન કર્યાં. સંધ્યાવદન કરતા જોયા ! મનમાં આશ્ચર્ય થયું, પ્રભુ–પ્રેમ (પુષ્ટિ)માર્ગના આચાર્ય છતાં કર્મમાર્ગનો આચાર કરે !! આશ્ચર્ય અંતરમાં ન રહ્યું, પ્રશ્નમાં વણાઈ ગયું.

‘આપ (પ્રભુપ્રેમ) પુષ્ટિમાર્ગના આચાર્ય છતાં આ કર્મમાર્ગીય સંધ્યા–વંદન કરો છો ?’ શાસ્ત્ર–વિચાર–સંગત આચાર–પરાયણ આચાર્યે સિદ્ધાન્ત–વિવેકની સ્પષ્ટતા કરી, ‘પ્રભુ–પ્રેમ–માર્ગ તો કોમલ વેલ જેવો છે, તેની રક્ષા માટે બહારની વાડ જેવો આ કર્મયોગ (આચાર) છે.’ (પુષ્ટિ) ભક્તિ–માર્ગમાં નિત્ય કર્માદિ ના આચારોનું સ્થાન બતાવી દીધું, વિલક્ષ–યથાર્થ–ઉત્તરથી આશ્ચર્ય અને આશંકા સમાવી દીધા. આચારો પ્રેમની રક્ષા માટે છે, પ્રેમ આચારોને પોષવા માટે નથી. વેલની રક્ષા માટે વાડ થાય છે, વાડ કરવા માટે વેલ ઉછેરાતી નથી. ભગવાન કે સેવા માટે આચારો છે, આચારો માટે ભગવાન કે સેવા નથી. ભગવત્સુખની મુખ્યતા છે, તેને અનુકૂલ આચારો આવશ્યક છે. આચારોથી પ્રાયઃ બાહ્ય–શુદ્ધિ થાય છે, આંતર–શુદ્ધિમાં ઉપકારક છે. પ્રેમથી તો આંતર–સર્વશુદ્ધિ થાય છે, તે જ મુખ્ય છે.

વાઘાજી રાજપૂતના ઘરમાં ભગવત્સેવા વિરાજતી હતી. રજપૂત નોકરીએ લશ્કરમાં ગયેલા. ઘેર પત્નીએ પોતાના પ્રભુને તવાપુરીની સામગ્રી કરીને ધરી. ઘરની પરિસ્થિતિ પ્રમાણે તેમાં ઘી ઓછું ! પ્રભુએ રજપૂતને મનમાં તે જણાવ્યું. ‘ઓછા ઘીની સામગ્રી મને ગળામાં ખૂંચે છે!’ પ્રભુના પરિશ્રમના ભાને ઉભરાતા અંતરે તે ઝટ દોડયા ! બજારમાંથી ઘી લઈને સીધા કપડાં–જોડા–શસ્ત્રો સાથે મંદિરમાં ! પ્રભુને ઘી પ્રેમથી પિરસી દીધું ! પ્રેમથી પ્રભુ આરોગ્યા ! ભગવત્ સુખ– સંપાદન જ મુખ્ય આચાર છે. પ્રેમની ઉત્કટતામાં આચાર છુટવાનો દોષ ન લાગે. દેહનું ભાન થતાં, પુનઃમાર્ગ મર્યાદાથી અસ્પર્શ (અપરસ) નવી કરી દીધી.

પ્રભુએ સ્વયં વિશેષ આજ્ઞા કરીને, સ્નેહ–સંતપ્ત સેવકોને, રજસ્વલા–દશામાં,

પ્રસૂતિ—દશામાં પણ પોતાની સેવા કરાવડાવી છે. શાસ્ત્ર કે લોકના આચારો તેમાં બાધક નથી રહ્યાં. પ્રભુસુખ— પ્રભુપ્રેમની આ મુખ્યતા છે. સ્વયં ભગવાને આજ્ઞા કરી છે. આ તો વિશેષ કૃપાપાત્રોની કથા છે. સૌને તેમ કરવાનું કહેલું નથી, નિષેધ છે. આ સેવકોએ પણ, તે દશા પછી, પુનઃ માર્ગ—મર્યાદાનુસાર શુદ્ધિ કરી છે. આવા તો અનેક પ્રસંગો મળે છે. જુદા જુદા અધિકારવાળાઓ માટે જુદા જુદા આચાર સંભવે છે. અડેલમાં, આચાર યોગ્ય ન પાળી શકતાં બ્રાહ્મણ—સ્ત્રી આંખે ઓછું દેખે, તેને ત્યાં પ્રેમવશ પ્રભુ તૈયાર થતી રોટલી સીધી આરોગી લેતા ! અમદાવાદમાં આચાર યોગ્ય ન પાળી શકતાં મા—દીકરીને ત્યાં બાજરીના દાણા પ્રભુ પ્રેમથી આરોગતા. શ્રીગુંસાઈજીએ કોઈ વૈષ્ણવને ઘેર મોકલેલા વૈષ્ણવે આચાર યોગ્ય ન જોતાં, ત્યાં પ્રસાદ ન લીધો, પ્રભુ તો પ્રેમથી આરોગતા હતા ! શ્રીગુંસાઈજીએ પુનઃ પ્રસાદ લેવા મોકલતા કહ્યું—'પ્રસાદ લેવા તને મોકલેલો કે આચાર જોવા ?' સર્વ—મુખ્યતા છે—પ્રભુપ્રેમની, પ્રભુસુખની! આચાર ગૌણ છે, નકામા નથી.

[પુષ્ટિ—પુલિનમાંથી સાભાર]

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૬૫

હોં તૌ સન્મુખ હોત લજાઊં,
શ્રીપદ કમલ પરાગ છાંડિકે અનત કહૂં નહિ ઠાઊં.
પાલ્યો પાલતિ હોં પાલૌગી અશરણ શરણધાર,
ત્રાહિ ઉઠાય ભુજા ક્રોશતિ હોં ટારિ દુરિત અઘભાર.
વિનતી બહુત કહોં કહા યમુને તુમેં વિહિત સબ બાત,
જન'બલ્લભ'કોં જાનિ ભયાતુર બેગિ આઉ બલિ ત્રાત. ૩

ભાવાર્થ: હે મહારાણી મા! હું આપની સન્મુખ આવતાં લજ્જાયમાન થાઉં છું. હું જાણું છું કે આપના ચરણકમળ સિવાય મારામાટે કોઈપણ આશ્રય સ્થાન જ નથી. અશરણ શરણ એવું આપનું બિરુદ છે. તે નામનું આપ પાલન કરો છો, કરતા આવ્યા છો અને કરશો જ.

પરંતુ હું તો હવે થાકી ગયો છું. પાપરૂપી ગાંસડી મારા માથા ઉપર રાખી છે, તેને બન્ને હાથે પકડી રાખતા હાથ પણ થાકી ગયા છે. તે હવે ક્યાં સુધી હું સંભાળી શકીશ. તેથીજ આપને વિનંતિ કરું છું કે—

ક્યાં સુધી મારા પાપોનું વર્ણન કરું. આપતો જાણોજ છો કે આ સંખ્યા હું ગણી શકું તેમ નથી. આપજ કૃપા કરીને મારા જેવા ત્રાસી ગયેલાને તુરતજ અભય મળે. દાસ વલ્લભ કહે છે, હવે જરાપણ ઢીલ કરશો નહીં. તુરતમાં કૃપા કરો.' **૬૫**

ચીર હરણ લીલા

લેખક : પ.ભ. જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ"

સચ્ચિદાનંદ ઘન ભગવાન શ્રીકૃષ્ણની દિવ્ય મધુર રસમયી લીલાઓનું રહસ્ય જાણવાનું અને માણવાનું સૌભાગ્યતો અધિકારી ભક્તજનો ને વૈષ્ણવોનું જ હોય છે. ભગવદ્‌લીલા તો અદ્‌ભુત હોય છે. વિલક્ષણ હોય છે. પરમ્‌કાષ્ઠાપન્ન તત્વ ભગવાન શ્રીકૃષ્ણ તો આનંદ સ્વરૂપ છે, રસાત્મક છે અને તેમની શક્તિ તે સ્વમિનીઓ શ્રીગોપીજનો છે. રાસેશ્વરી શ્રીરાધા તે સિદ્ધિ શક્તિ છે અને શ્રીગોપીજનો તે સામર્થ્યરૂપ શક્તિ છે.

શ્રીગોપીજનો તો નિર્ગુણ ભક્તો છે. એમની સાથેની ભગવાનની લીલાઓ સચ્ચિદાનંદ રસમય સામ્રાજ્યના પરમોન્નત સ્તર માં જ થયા કરે છે. ભગવાનનું લીલાધામ ભગવાનનાં લીલાપાત્ર અને ભગવાનનું લીલા શરીર પ્રાકૃત હોતાં નથી. ભગવાનની પરમોજ્જ્વલ લીલાઓનો યથાર્થ પ્રકાશ શ્રીરાધિકાજી અને પ્રેમમયી શ્રીગોપીઓના જ હૃદયમાં પડે છે અને એજ નિરાવરણ થઈને ભગવાનની પરમ અંતરંગ રસમયી લીલાઓનું રસાસ્વાદન કરી શકે છે.

શ્રીકૃષ્ણ તે ભગવાન છે એવું ભાગવતમાં અનેક સ્થાને કહેવાયું છે. જે લોકો શ્રીકૃષ્ણને ભગવાન માનતા નથી તેમને શ્રીમદ્‌ભાગવતમાં વર્ણિત ભગવલ્લીઓ પર વિચાર કરવાનો અધિકાર નથી. ભગવાન શબ્દમાં મૂળ શબ્દ ભગ છે અને તેને વત્ પ્રત્યય લગાડયો છે. ભગ એટલે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ધર્મો આ છયે ધર્મો શ્રીકૃષ્ણમાં સિધ્ધ હોવાથી ભાગવતકારે એમને ભગવાન કહ્યા છે. એવા ભગવાન વિકૃતિભરી લીલાઓ કરે એવું મનાય જ નહી. લીલા પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણે પોતાની લીલાઓમાં તો ક્યાંય પણ મર્યાદાનું ઉલ્લંઘન કર્યું નથી. ભક્તિભર્યા હૃદયપૂર્વક વિચારીશું તો સ્પષ્ટ પ્રતીત થશે કે એ ધર્મજ્ઞેતો પ્રત્યેક લીલાઓમાં મર્યાદાની સ્થાપના જ કરી છે.

ભગવાનની ચીરહરણલીલાના વિષયમાં કેટલાક અજ્ઞાની મૂર્ખ લોકોએ દ્રષ્ટિભેદથી કલંકના કાદવ ચૂંથ્યાં છે પરંતુ શ્રીમદ્‌ભાગવત્‌ના યથાર્થ મનનશીલ વિદ્વાનો અને ભક્તો તો શ્રીકૃષ્ણ ભગવાન ની અનન્ય લીલાઓની જેમ આ લીલાને પણ કૃપાપાત્ર ભક્તોના અંતર્મલને તથા અનાદિકાળથી સંચિત સંસ્કારપટને વિશુદ્ધ કરનારી લીલા જ સમજે છે. રસેશ શ્રીકૃષ્ણની આ લીલા તો આગળ ઉપર કરવામાં આવતી રાસલીલા સાથે સંકળાયેલી હોઈ શુદ્ધ અને ઉત્તમભાવની પ્રદર્શક લીલા છે. ભાગવતના દશમાં સ્કંધના ૨૧માં અધ્યાયમાં ભગવાનની રૂપમાધુરી બંસીધ્વનિ અને પ્રેમમયી લીલાઓ જોઇ સૂણી ગોપીજનો મુગ્ધ થઈ હોવાનું વર્ણન આપ્યું છે. અને પછીના ૨૨ મા અધ્યાયમાં ચીરહરણનો પ્રસંગ વાર્ણિત છે. વ્રજકુમારિકાઓ ઈચ્છિત વરની પ્રાપ્તિને માટે કાત્યાયનીવ્રત કરે છે. તેમની ઈચ્છા છે કે એકમાત્ર નંદનંદનજ અમારા પ્રાણનાથ થાય. આ કુમારિકાઓ તો દંડકારણ્યના ઋષિઓ છે. ભગવત્સ્વરૂપાનંદના

અનુભવ માટે કુમારિકારૂપ થયાં છે. અનન્યપૂર્વા ઋષિરૂપા કુમારીકાઓ છે. રસશાસ્ત્રાનુકૂળ સ્વકીયાભાવ તેમાં છે તેમને સંસ્કાર થયા નથી. ભગવાન તેમના સંસ્કાર કરવા આ લીલા કરે છે. સહેલાઈથી સફળતા મળે એનો કશો અર્થ નહી. વ્રત ની કઠિનતાના અનુભવ પછી કૃષ્ણની પ્રાપ્તિ થાય. કાત્યાયની આધિદૈવિકરૂપે ભગવાન કૃષ્ણની શક્તિ છે. ગોપબાલિકાઓના આ કાત્યાયનીવ્રત માં સ્વતંત્ર દેવતાનું આરાધન નથી એટલે અન્યાશ્રય દોષપણ નથી.

આ કુમારિકાઓ એ શરદકાલમાં ભગવાનના વેણુનાદની પરસ્પર ચર્ચા કરી હતી. શરદના ગયા પછી હેમન્તનો વ્રજમાં પ્રવેશ થયો. એ ઋતુમાં માગસર માસમાં નંદરાયના વ્રજની એ કુમારિકાઓએ કાત્યાયનું વ્રત શરૂ કર્યુ છે. નિત્ય પૂજાકરતાં કુમારિકાઓએ માસ પર્યંત હવિષ્યાન્ન જ ખાધું છે. યમુનાજીમાં સ્નાન કરી કિનારે અને ઘેર પણ રેતીથી દેવીની પ્રતિમા બનાવીને અરૂણોદય સમયે સુગંધી ચંદનફુલ ચઢાવતાં, બલિ, ધૂપ, દીપ, અનેક પ્રકારનાં નૈવેદ્ય, પ્રવાલ ફલ તથા ચોખાથી પૂજન કરતાં અને પ્રાર્થના કરતાં સ્વયં ઋષિઓ છે એટલે મંત્ર પણ સ્ફુર્યો છે.

કાત્યાયનિ મહામાયે મહાયોગિન્યધિશ્વરી ।
નન્દગોપ સુતં દેવી પતિમે કુરૂતેનમઃ ॥
ઈતિ મન્ત્રં જપન્ત્યસ્તાઃ પૂજાંચક્રુઃ કુમારિકાઃ

આમાં દેવી કાત્યાયનીના ત્રણ ગુણ દર્શવાયા છે મહાભાગી, મહાયોગિની અને અધિશ્વરી. આવા ગુણોવાળી દેવી તો ભગવાનની અંતરંગ શક્તિ છે. મંત્રોચ્ચાર કરી ને પછી નંદગોપસુત શ્રીકૃષ્ણ પતિ તરીકે આપો એમ પ્રાર્થના કરતાં. આમ માસ સુધી વ્રત કર્યુ છે. સૂરદાસજી એ કહયું છે—

વ્રજબનિતા રવિકા કર જોરે,
શીતભીત નહિ કરતી છહોં ઋતુ ત્રિવિધ કાલ યમુના જલ બોરે
ગૌરીપતિ પૂજતી તપ સાધતિ કરતી રહતિ નિત નેમ,
ભોગ રહિત નિશિ જાગિ ચતુર્દશી યશુમતી સુતકે પ્રેમ
હમકો દેહુ કૃષ્ણપતિ ઈશ્વર ઔર નહીં મનઆન
મનસા વચસા કર્મણા હમરે સૂર શ્યામકો ધ્યાન

વ્રતના અંતિમ દિવસે એ બધી કુમારિકાઓ યમુના સ્નાનાર્થે જાય છે અને ત્યાં તટ પર પોતાનાં બધા વસ્ત્રો કાઢી જળમાં પ્રવેશે છે. ધર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે વ્રત કરનારે નગ્ન બની નદીમાં પ્રવેશ કરવો એ એના વ્રત માટે બાધાજનક જ હોય છે. એથી તો જળદેવતા વરુણદેવનો પણ અપરાધ થાય. કુમારિકાઓના એવા નિષિદ્ધ આચરણનું જો પ્રાયશ્ચિત ન થાય તો એમના વ્રતમાં ખામી આવે. કૃપાસાગર ભગવાન તો સદા સર્વદા ભક્તોનાં માર્ગદર્શક બને છે અને સમયે સમયે ભક્તોના અજ્ઞાનને દૂર કરવું એ પોતાનું પ્રધાનકાર્ય માને છે. માત્ર છ જ વર્ષના ધર્મજ્ઞ એવા ભગવાન શ્રીકૃષ્ણ તત્ક્ષણ ત્યાં પધારે છે. જળમાં સ્નાન કરતી એ કુમારિકાઓ પણ નાની બાળાઓ જ છે. તેમના શરીરના અવયવોમાં કશું જ પરિવર્તન થયું નથી. બાળ વયની એ બાળાઓના હેતુ વગરના દોષને સુકોમળતાથી દૂર કરવા માટે તટ પર મૂકેલાં એમનાં

વસ્ત્રો હસ્તમાં ગ્રહી હસતા હસતા કદમ્બના વૃક્ષ પર ચઢી જાય છે અને વસ્ત્રો ડાળે મૂકે છે. વૃક્ષ તો વૈષ્ણવ છે. ભગવાને પોતાનાં ભક્તોનાં વસ્ત્રોને વૈષ્ણવ વૃક્ષનો સંગ કરાવ્યો. વૈષ્ણવ સંગથી જ ભગવાન મળે . વસ્ત્રો પણ તદ્રુપ બની રહ્યા.

વ્રજકુમારિકાઓ આ પ્રકારે નગ્ન બનીને સ્નાન કરવાનું આચરણ પ્રથમથી જ કરતી હતી. અર્થાત્ તેમનામાં એ પ્રકારની રૂઢિ પ્રચલિત હતી. એવી અનિચ્છનીય રૂઢિ નષ્ટ કરવા માટે જ શ્રીકૃષ્ણે તેમનાં વસ્ત્રો લઈ લીધાં. ભગવાન તો ધર્મના રક્ષક છે, ધર્મના જ્ઞાતા છે એટલે તેમણે આ લીલા કરી. શ્રીકૃષ્ણ માટે ધર્મના શબ્દનો પ્રયોગ વારંવાર થયો છે તેથી ધર્મની રક્ષા કરવા અપરાધ અંગે શાસન કરવા ધર્મની મર્યાદાનું રક્ષણ કરવા આ પ્રકારે વસ્ત્રો લઈ લીધાં છે. અપરાધી કુમારિકાઓ છે. નાની નાની બાળાઓ છે એટલે જ આમ કર્યું. જો તેઓ પુખ્ત ઉંમરના હોત તો તેમને કોઈ બીજી રીતે શાસન કરત. કુમારિકાઓનો દોષ હેતુપૂર્વક નહોતો તેથીજ તેમના દોષને ભગવાને આમ સુકોમળતાથી દૂર કરવાનું વિચાર્યું છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પોતાના શ્રીસુબોધિની ટીકા ગ્રંથમાં ભગવાનની આ લીલાને અલૌકિક દષ્ટિથી ભક્તિની દષ્ટિથી જોઈને કહ્યું છે કે દોષ નિવૃત્તિ માટે પધારેલા શ્રીકૃષ્ણ તો યોગી નહીં, યોગેશ્વર નહીં પણ યોગેશ્વરેશ્વર છે. યોગીઓમાં મહાન ગણાતા યોગેશ્વરોના પણ યોગેશ્વરેશ્વર છે. વળી કહ્યું છે કે કેવલ યોગેશ્વરેશ્વર જ નહીં પણ સાક્ષાત ભગવાન છે. બધાજ ધર્મો જેમને માટે સિદ્ધ છે એવા એ ભગવાનમાં આ લીલા કરતી વખતે જ્ઞાન અને વૈરાગ્ય ધર્મો પણ હતા જ તેથી કામ ઉત્પન્ન કરે, ચિત્તમાં વિકૃતિ થાય એવી લીલા તે ન જ કરે.

—ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૭૧. પ્રભુના પોતાના કરે તો જ કામ થાય

જેણે મારા શ્રીકૃષ્ણ કહયા તેને ભજવાનું શું કામ? માળા ફેરવવાનું શું કામ છે? ગમે તેટલી માળા ફેરવે, ને ગમે તેટલું નામ દે, ને ગમે તેટલી સેવા કરે, પણ જ્યાં સુધી પ્રભુને પોતાના કર્યા નથી, ત્યાં સુધી સર્વે કાચું છે. એક નિશ્ચયે પોતાના પ્રભુ કર્યા વિના કામ થાય નહિ.

આખો દિવસ માળા ફેરવે, પણ કામ થવાનું નથી. લોકમાં દશહજારની મતા મેળવી છે, તેને એક છોકરો છે, તેથી મરતાં કશીએ ચિંતા રહેતી નથી. મરતી વખતે કહેશે કે, આ મિલ્કત છોકરો વાપરશે.

હવે જેને છોકરા નથી, તેનો જીવ પેલી મતામાં રહે છે. મનમાં કહેશે કે, આ ઘરનું કોણ ધણી થશે? એમ વિચારી મનમાં બળે છે.

તેમ પ્રભુ પોતાના કરે તો કશી ચિંતા રહે? પણ પ્રભુ પોતાના કરે ત્યારેને! ૭૧.

□□ પ્રકાશન સહાય □□

રૂ. ૧૬૦/– પ.ભ. શ્રી કન્હૈયાલાલ ખંડેલવાલ, મનોહર થાના.

રૂ. ૧૧/– પ.ભ. શ્રી જમનાદાસ મુલચંદભાઈ પારેખ, વિરમગામ.

કાવ્ય – કુંજ

એક જ તું શ્રીનાથજી

યશોદાજીનો વાલો નંદલાલો ગોપીજનોનો અતિ વા'લો
શ્રીવલ્લભનો ઠાકોર નિરાલો અમારો પરમ તું પ્રિયતમ રે
એક જ તું શ્રીનાથજી.
તત્વોમાં તત્વ તું એક જ રે તત્વ વિશુદ્ધાદ્વૈત રે
પરબ્રહ્મ તત્વ તું એક જ રે અમારો પરમ તું પ્રિયતમ રે
એક જ તું શ્રીનાથજી
'બ્રહ્મ' વેદોમાં જેને ગાયો 'પરમાત્મા' સ્મૃતિયોમાં ગાયો
'ભગવાન' પુરાણોમાં ગાયો અમારો પરમ તું પ્રિયતમ રે
એક જ તું શ્રીનાથજી
ખોયો ખૂંટો તુજથી વિખૂટયા રે ભટકયા ભવાટવી માં ભૂલ્યા
વલ્લભ થકી ડૂબતાં તાર્યા રે અમારો પરમ તું પ્રિયતમ રે
એક જ તું શ્રીનાથજી
મહાપ્રભુજીએ નિજના દાસ કર્યા દઈ બ્રહ્મસંબંધ સભાન કર્યા
તેથી તો અમે તુજને વર્યા અમારો પરમ તું પ્રિયતમ રે
એક જ તું શ્રીનાથજી
તું અંશી અંશ અમે તારા તું અગ્નિ તણખા અમે તારા
તું સિન્ધુ બિન્દુ અમે તારા અમારો પરમ તું પ્રિયતમ રે
એક જ તું શ્રીનાથજી

–પ્રા. એમ. આર. પાલેજા, (રાજપીપળા)

(૨) હાલો સખી સેવા શ્યામની કરીયે

(ઢાળ– રામ રાખે તેમ રહિયે, ઓધવજી, રામ રાખે તેમ રહિયે.)

સેવા શ્યામની કરીયે, હાલો સખી સેવા શ્યામની કરીયે;
આપણે શ્યામનાં સેવક થઈયે. હાલો સખી.
મટુકી લઈ જમુનાજી જઈયે, શ્યામ કાજ ઝારીજી ભરીયે. હાલો સખી.
અપરસ નાહી નિજ મંદિર જઈયે, ગીત ગાતા બુહારી કરીયે. હાલો સખી.
શ્યામ વાડીનાં ફુલડાં વિણીયે, ફુલ છાબ ભરી ફુલ ઘર જઈયે. હાલો સખી.
મુખ બાંધી ધાગે ફુલડાં પરોવીયે, ફુલ માળા સિધ્ધ કરીયે. હાલો સખી.
સખડી અનસખડી મેવા ભોગ, ભંડારે જઈ સિધ્ધ કરીયે. હાલો સખી.
શયન કાજ ખાટ બિછોના, ગાદી તકિયા સિધ્ધ કરીયે. હાલો સખી.
અષ્ટ પ્રહરની સેવા કાજે, વિધ વિધ સેવા ઉમંગે કરીયે. હાલો સખી.
સેવા કરતાં શ્યામ સ્વરૂપ નિરખી, અષ્ટાક્ષર મંત્ર મુખથી રટીયે. હાલો સખી.
ગુરૂ શ્રીવલ્લભચરણ કૃપાથી, પુષ્ટિ ભાવે સેવા કરતાં રહીયે. હાલો સખી.
શ્રીજી અનુરાગી દીન થઈ વદે, શ્યામ સેવાનો લહાવો લઈયે. હાલો સખી.

શ્રીજીઅનુરાગી, અમદાવાદ.

પુસ્તક પરિચય

☐☐ ૧. પુષ્ટિમાર્ગીય ક્વીઝ (પ્રશ્નાવલી)

સંપાદક—શ્રી પ્રદ્યુમનભાઈ બ. શાસ્ત્રી **પ્રકાશક**— આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ– ગુજરાત પ્રદેશ. શ્રી કૃષ્ણદાસ ચીમનલાલ પરીખ પરિષદ ભવન, અશોક વોચની બાજુનો ખાંચો, મહાત્મા ગાંધી રોડ, વડોદરા.

આઠ પેઈઝ ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૯૦+૧૪= ૨૦૪ ઓફસેટ પ્રિન્ટિંગ, સેકસન બાઈન્ડીંગ, આર્ટપેપર લેમીનેશન ટાઈટલ, બહુરંગી દર્શનીય આઠ ચિત્રજી ઉપરાંત નું, પ્રકાશન સહાય રૂ. ૨૦/–

આજના ટીવી ક્વીઝના યુગમાં "પુષ્ટિમાર્ગીય ક્વીઝ" નું આયોજન લોકપ્રિય નિવડે તે સ્વાભાવિક છે. તેને પુસ્તક રૂપે વૈષ્ણવ સૃષ્ટિ સમક્ષ રજુ કરવાનો સુંદર સફળ પ્રયાસ છે.

આ પુસ્તકમાં શ્રી કૃષ્ણની લીલાઓ, પુષ્ટિમાર્ગીય સિધ્ધાંતો, શ્રીમદ્ વલ્લભાચાર્યજી, શ્રીગુસાંઈજી, શ્રી હરિરાયજી, શ્રી ગોકુલનાથજીના જીવન કવનને લગતા પ્રશ્નો તથા ષોડશગ્રંથ, અષ્ટસખા, ૮૪–૨૫૨ વૈષ્ણવો પૈકીના પહેલા ૫૦ વૈષ્ણવો, વગેરે વિવિધ વિષયોને આવરી લેવા કુલ ૮૬૦ પ્રશ્નો જવાબ સાથે સમાવવામાં આવેલ છે.

યુવાન પેઢીને પુષ્ટિ સંપ્રદાયથી પરિચિત કરવા અને તેમાં રસ જગાવવા આજના ઝડપી યુગને અનુકૂળ આ ક્વીઝ કાર્યક્રમ નું પુસ્તક સ્વરૂપ બધાને વાંચવું અને માણવું ગમશે એ નિશ્ચિત છે.

☐☐ ૨. પુષ્ટિમાર્ગીય પાઠ ચિંતામણિ અને નામચિંતામણિ તથા નિરોધ

લેખક– સંપાદક– વૈષ્ણવ દેવરાજ કુરજી વાછાણી – વૈષ્ણવ ડાયાલાલ લખમણ પાડલીયા

પ્રકાશક– વૈષ્ણવ દેવરાજ કુરજી વાછાણી, વાયા– ઉપલેટા– મુઃ નાગવદર

પ્રાપ્તિસ્થાન– શ્રી ડાયાલાલ લખમણ પાડલીયા,
શ્રીનાથજી કરિયાણા, વડલી ચોક ઉપલેટા– ૩૬૦૪૯૦ ફોન– ૨૧૬૧૧

આઠ પેઈઝ ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૭૬ + ૮ = ૨૮૪ ઓફસેટ પ્રિન્ટિંગ, સેકસન સિલાઈ–પાકુ બાઈન્ડીંગ, દર્શનીય મલ્ટીકલર ચિત્રજીઓ, ન્યોછાવર–રૂ.૫૦/– પોસ્ટેજ રૂ.૨૦/–

ભગવદ્ ભક્તો દ્વારા લખાયેલ ભગવદ્ ભક્તો માટેના પુસ્તકમાં ગાગરમાં સાગર સમાવવાનો સફળ પ્રયાસ છે. પુસ્તકના વિષયોનું પાંચ વિભાગમાં સંકલન થયેલ છે. પ્રથમ વિભાગમાં –ગીતાજીના બારમા અધ્યાય નો સારાંશ, ભક્તિનું બીજ, ભગવદ્ ચરણ ચિહ્નો નું માહાત્મ્ય, બ્રહ્મસંબંધ વગેરે વિષયોનો સમાવેશ છે. બીજા વિભાગમાં – ભગવદ્ પાઠ, સ્મરણ કેમ કરવું, દીનતા,વિપ્રયોગ વગેરે વિષયોનો સમાવેશ છે.

ત્રીજા વિભાગમાં– મંગલાચરણ, શ્રીયમુનાષ્ટક, શ્રી સર્વોત્તમસ્ત્રોત, પ્રાતઃસ્મરણ વગેરે સ્તોત્રો અર્થ

સાથે છે. અષ્ટાક્ષર નિરૂપણ અને શ્રી સુદર્શન કવચ પણ અર્થ સાથે છે.

ચોથા વિભાગમાં – વિવિધ ધોળપદ જેવા કે વૈરાગ્ય શતક, સૂર પચ્ચીસી, સૂર સાઠી, ૮૪–૨૫૨ વૈષ્ણવના ધોળ, યમુનાજીના ધોળ, શ્રીનવરત્નનું ધોળ, સિધ્ધાંત રહસ્ય, મધુરાષ્ટકના ધોળ, ગોપીગીત, રાસલીલામૃત નો સમાવેશ છે.

વિભાગ પાંચમા– ભક્ત કવિ શ્રી દયારામભાઈ કૃત 'પુષ્ટિપથ રહસ્ય' તથા શ્રીવલ્લભ માહાત્મ્ય ના પદો તેજ શ્રી હરિરાયજી કૃત અષ્ટકો અર્થ સાથે સમાવેલ છે.

છેલ્લે પાઠ ચિંતામણિ અને નામચિંતામણિ ના પ્રયોગો દર્શાવી ઉપસંહાર ઉપરાંત ચિંતામણિ સ્તોત્રમાં અર્થ સાથે તેમજ પૂ.પા.ગો.શ્રીગોવિંદરાય મહારાજશ્રી (પોરબંદર) ના (૧) શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ (૨) શ્રી સર્વોત્તમ સ્તોત્રનું પ્રાક્ટય (૩) પુષ્ટિ સંપ્રદાયના સ્થાપક શ્રીઠાકોરજી છે. તે વિષયના સંક્ષિપ્ત છતાં સચોટ વચનામૃત પ્રસ્તુત કરેલ છે. દરેક વૈષ્ણવ પરિવારે વાંચવા અને વસાવવા લાયક સુંદર પુસ્તક ના લેખક–સંપાદક–પ્રકાશક ને ધન્યવાદ.

☐☐ ૩. સૂઆની વાર્તા (પોપટની વાર્તા)

અનુવાદ– શ્રીદિલીપ બાળકૃષ્ણ સંઘવી 'શાયર' **પ્રકાશક–** શ્રીગોવર્ધનેશ પ્રકાશન મંડળ
C/O.જયેશ શાહ, ૪૨, એટલાન્ટા બિલ્ડિંગ સેંટ જોસેફ હાઈસ્કુલની સામે. દહાણુકર વાડી,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૬૭ ફોન–૮૦૬૫૧૧૦

૧/૩૨ની સાઈઝના પૃષ્ઠ ૩૨ની ઓફસેટ પ્રિન્ટિંગ, મીડપીન બાઈન્ડીંગ, કવર આર્ટ કાર્ડ ઉપર બે કલરમાં લેમીનેશન કરાવેલ. ન્યોછાવર રૂ. ૩–૫૦.

આ પુસ્તિકાની બીજી આવૃતિ છે તેમાં શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીકૃષ્ણદાસ મેઘન અને પોપટના પ્રસંગની અદ્ભુત વાર્તા પ્રસંગ છે. શ્રી કૃષ્ણદાસ મેઘનનાં મન માં ગર્વ હતોકે મારા જેવો આજ્ઞાકારી કૃપાપાત્ર કોઈ સેવક બીજો નથી આ ગર્વનું ખંડન કરવા શ્રીમહાપ્રભુજી ગિરિકંદરામાં મોકલે છે. ત્યાં પોપટ ભક્તનો સમાગમ થાય છે. કંદરામાં લીલા સામગ્રીના અલૌકીક દર્શન થાય છે. પોપટ શ્રીકૃષ્ણદાસ મેઘનના અષ્ટાક્ષર ના ઉચ્ચાર સાંભળતા લીલાને પ્રાપ્ત થાય છે. શ્રીમહાપ્રભુજી આગળ કંદરામાં જોયેલ લીલા સામગ્રી અને પોપટની ભગવદ્ લીલામાં પ્રવેશ થાય છે તેનું વર્ણન કરે છે. ત્યારબાદ શ્રીમહાપ્રભુજી પોપટના લીલાનું સ્વરૂપ નું વર્ણન કરી શ્રીકૃષ્ણદાસ મેઘન ના મનમાં આવેલ ગર્વ નું દહન કરી ભગવદીય વૈષ્ણવનું સાચું સ્વરૂપ દેખાડયું. મનન કરવા યોગ્ય તથા વસાવવા જેવી પુસ્તિકા.

સમાચાર

શ્રીવલ્લભ વકતૃત્વ સ્પર્ધા ઉત્કૃષ્ટ સ્પર્ધા : વૈષ્ણવ પરિષદની પ્રવૃત્તિને બીરદાવતાં પૂ. આચાર્યશ્રીઓએ જણાવેલ કે શ્રીવલ્લભ વકતૃત્વ સ્પર્ધા ઉત્કષ્ટ છે અને તેને લઈને હજારો યુવાનોને સંપ્રદાય માટે બોલતા અને લખતા શીખ્યા છે તે ખરેખર આં.પુ.વૈષ્ણવ પરિષદનું અત્યંત સુંદર અને પ્રસંશનીય કાર્ય છે એ પ્રકારે પૂ.પાદ ગો.શ્રીઈન્દિરાબેટીજી મહોદયાએ અને પૂ.પાદ ગો.શ્રીવાગીશકુમારજી મહોદયે આં.પૂ.વૈષ્ણવ પરિષદ અને વિભિન્ન ટ્રસ્ટોનાં સૌજન્યથી વડોદરા ખાતે વ્રજધામમાં શ્રીવલ્લભ વકતૃત્વ સ્પર્ધાના પ્રથમ વિજેતાઓની અંતિમ સ્પર્ધાનું ઉદઘાટન કરતાં જણાવ્યું હતુ અને વૈષ્ણવ પરિષદની વિભિન્ન પ્રવૃત્તિઓને તેઓએ બિરદાવી હતી અને આશિર્વાદ આપ્યા હતા. પૂ.પાદ ગો.શ્રીઈન્દિરાબેટીજી મહોદયાએ શ્રીવલ્લભ નિબંધ સ્પર્ધાના શિલ્ડ માટે પુનઃ રૂ.૨૫,૦૦૦/– (પચીસ હજાર) શ્રીહિરક મહોત્સવ સમિતિ તરફથી આપવાની જાહેરાત કરી હતી જેને વૈષ્ણવની વિશાળ સભાએ તાલીઓના અવાજથી વધાવી લીધી હતી.

પુષ્ટિમાર્ગ માટે વિદેશમાં ભૂખ જાગી છે ત્યારે આં.પૂ.વૈ. પરિષદના કાર્યને સાર્થક કરવા પૂ.પાદ ગો.શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રીએ સંસ્કાર સિંચનની પ્રવૃત્તિને વધુ વિકસાવવા માટે પૂ.પાદ ગો. શ્રીચંદ્રગોપાલજી મહોદયે, શ્રીવલ્લભ વકતૃત્વ–નિબંધ સ્પર્ધાના વૈષ્ણવ પરિષદના વ્યાપક આયોજનથી શ્રીવલ્લભવિચાર–પ્રચાસ–પ્રસારનું સુંદર કાર્ય થઈ રહ્યું છે એ પ્રકારે પૂં.પાદ ગો.શ્રીદ્વારકેશલાલજી મહોદય, શૈક્ષણિક કાર્યો કરવા સંકલ્પબદ્ધ બનવા પૂ.પાદ ગો.શ્રીઈન્દિરાબેટીજી મહોદયાએ સ્પર્ધાના અંતે પુરસ્કાર વિતરણમાં જણાવ્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર સૌને અને ખાંસ વિજેતાઓને અભિનંદન આપ્યા હતા અને વૈષ્ણવ પરિષદના કાર્યકરોની ટીમને અને કાર્યકરોને બિરદાવવામાં આવ્યા. આં.પૂ.વૈ.પ.ના અગ્રણીઓ શ્રીઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠ, શ્રીપ્રદ્યુમન શાસ્ત્રી, પ્રો. ચીમનભાઈ શેઠ, શ્રી વી. પી. પરીખ, શ્રી સી.પી. તલાટી, પ્રો. ગોપાલભાઈ શાહ વિગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા. શ્રીયોગેશભાઈ શાસ્ત્રીએ સ્વાગત પ્રવચન અને પ્રો. ભગવતપ્રસાદ પંડયાએ આનંદ વ્યક્ત કરી સૌનો આભાર માન્યો હતો.

યુદ્ધના મેદાન પર લડી રહેલા જવાનોને સહાયભૂત બનવા પૂ.પાદ ગો.શ્રીઈન્દિરાબેટીજી મહોદયાએ અપીલ કરતાં લગભગ રૂ.૩૧૦૦૦/–(એકત્રીસ હજાર)ની રકમની જાહેરાત થઈ હતી, અને ભારત માતાકી જય– શહીદો અમર રહો ના નારાથી સમગ્ર સભાખંડ ગાજી ઉઠયો હતો.

☐☐ વકતૃત્વ સ્પર્ધાના વિજેતાઓ :

જુથ– ૧ : (૧) શ્રેયાંસ મયુરભાઈ દોશી (કેવડીયા કોલોની) (૨) તીર્થકુમાર કેતનકુમાર કડકીયા (દાહોદ) (૩) નીલમ સુનીલભાઈ મહેતા (સુરત) (૪) શ્રુત અતુલભાઈ દોશી (આણંદ) (૫) સોનાલી હર્ષદભાઈ થાર (પેટલાદ)

જુથ– ૨ : (૧) મનનકુમાર નલીનભાઈ ભટ્ટ (દાહોદા (૨) હેતા નીતીનકુમાર શાહ (હાલોલ) (૩) શશીબહેન રાજેન્દ્રકુમાર મહેતા (ગોધરા) (૪) મિહિર વિજયેન્દ્ર બુટાલા (ગોત્રી–વડોદરા) (૫) કૃપાલી ચંદ્રકાંત શાહ (સુલતાનપુરા–વડોદરા)

જુથ– ૩ : (૧) જીગ્નેશ અલ્કેશભાઈ પટેલ (કેવડીયા કોલોની) (૨) દેવાંગી શશીકાન્ત ધારૈયા (સુરત) (૩) હેતલબહેન ડી. શાહ (ગોત્રી–વડોદરા) (૪) હિરક હસમુખલાલ પટેલ (રાંદેર–સુરત) (૫) (અ.) તેજલબેન ગોપાલભાઈ શાહ (નડીયાદ) (બ.) તેજલ નીરદ રાંદેરીયા (સુરત)

જુથ– ૪: (૧) તરૂણ ચંદ્રકાન્તભાઈ પરીખ (કારેલીબાગ–વડોદરા) (૨) કોકીલાબેન સી.શાહ (સુલતાનપુરા–વડોદરા) (૩) (અ) પ્રતિમાબેન વી. શાહ (હરણી–વડોદરા) (બ) અચલાબેન પંકજભાઈ શાહ (સમા–વડોદરા) (૪) (અ) જનકકુમાર નવનીતલાલ શાહ (બ) દક્ષાબેન ચતુર્ભુજ શાહ (ડભોઈ) (૫) ડૉ. છાયાબેન કે. શાહ (સુરત)

☐☐ શ્રીવલ્લભ નિબંધ સ્પર્ધાના વિજેતાઓ : આં.રા.પૂ.વૈ.પરિષદ–ગુજરાત પ્રદેશ તરફથી યોજાયેલ શ્રીવલ્લભ નિબંધ સ્પર્ધાના વિજેતાઓને પણ શીલ્ડ–ચંદ્રકો પૂ.પાદ ગો. આચાર્યશ્રીઓના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

જૂથ–૧ : (૧) શ્રુત અતુલકુમાર દોશી (આણંદ) (૨) શ્રદ્ધા સત્યેન્દ્રભાઈ પરીખ (તરસાલી–વડોદરા) (૩) પંક્તિબેન ધનંજયકુમાર શાહ (જરોદ) (૪) સોનાલી હર્ષદભાઈ શાહ (પેટલાદ) (૫) નિમ્મી પિયુષકુમાર શાહ (ગોધરા)

જૂથ–૨: (૧) માનસી રાજેન્દ્રકુમાર શેઠ (ડભોઈ) (૨) કુપા સત્યેન્દ્રભાઈ પરીખ (તરસાલી–વડોદરા) (૩) ધારા સતીશકુમાર પરીખ (ગોધરા) (૪) ચૈતાલી મહેશકુમાર પંડયા (પેટલાદ) (૫) અર્ચના સતીશકુમાર શેઠ (તરસાલી–વડોદરા)

જૂથ–૩: (૧) દર્શિની અમીતકુમાર (કેવડીયા કોલોની) (૨) પ્રશાંત દિલીપકુમાર મહેતા (હાલોલ) (૩) દેવાંશી શશીકાન્ત ધારૈયા (સુરત) (૪) પારૂલ રવિન્દ્રકુમાર શાહ (ગોધરા) (૫) રૂપલ તુષારકુમાર શાહ વડોદરા (સમા–વડોદરા)

જૂથ–૪: (૧) વર્ષાબેન મીતેશકુમાર શાહ (પેટલાદ) (૨) અજીતાબહેન રસીકલાલ શાસ્ત્રી (દાહોદ) (૩) પ્રવિણાબહેન ભૂપેન્દ્રકુમાર શાહ (કારેલીબાગ–વડોદરા) (૪) રેણુકાબેન પ્રકાશચંદ્ર શેઠ (ડભોઈ) (૫) મીનાક્ષીબહેન રાજેન્દ્રકુમાર પરીખ (હાલોલ)

☐☐☐ હાર્દિક અપીલ ☐☐☐

પરિષદનાં પ્રેરણાદાતા નિ.લી.પૂ.પા.ગો. શ્રીપ્રથમેશજી મહારાજજીની પાવનસ્મૃતિમાં અને તેઓશ્રીની આજ્ઞા અનુસાર તેઓએ અર્પણ કરેલી જમીન ઉપર પરિષદ દ્વારા ઉત્તરપ્રદેશમાં વ્રજભૂમિમાં ગોવર્ધન મુકામે શ્રીવલ્લભ ગૌશાળા શરૂ કરવામાં આવી છે. ભારતીય સંસ્કૃતિમાં ગૌમાતાનું અનેરૂં મહત્વ છે. ગૌ, આપણા ધાર્મિક, સામાજિક અને આર્થિક જીવનમાં ઘનિષ્ઠ રીતે વણાયેલ છે. શ્રીકૃષ્ણે પણ ગાયોને વ્રજમાં ચરાવી. તેમનું લાલન–પાલન કર્યું. દૂધ, દહીં માખણનો મહિમા દર્શાવી, ગૌ–માતાનું પૂજન કરવા માટેની સૌને પ્રેરણા આપી. ગાય, ગોપાલ અને ગીતા ભારતીય સંસ્કૃતિનું લાજવાબ જાજવલ્યમાન પ્રતીક છે. કૃષિ અને ઋષિ પ્રધાન ભારતીય સંસ્કૃતિમાં ગાયોની ગરિમાનું જતન આપણે નહીં કરીએ તો પછી કોણ કરશે ?

ગૌ–માતાની સેવાએ પ્રભુ સેવા છે. આ ઉદ્દેશને ચરિતાર્થ કરવા જ શ્રીવલ્લભ ગૌશાળાની સ્થાપના કરવામાં આવી છે. હાલ શ્રીવલ્લભ ગૌશાળામાં ૩૨ જેટલી ગાયો છે. અશક્ત ગાયને પણ અહીં રાખવામાં આવે છે. અને તેનું પૂરતું પોષણ કરવામાં આવે છે. પ્રતિમાસ રૂ.૧૫૦૦૦/–નો ખર્ચ આ ગૌશાળાના નિભાવ માટે પરિષદ કરી રહી છે. આ ગૌશાળાની વિશેષતા એ છે કે અહીં પ્રાપ્ત થતાં દૂધનો વિક્રય થતો નથી, પણ તેનો વિનિયોગ શ્રીજીબાવાના અભિષેક માટે કરવામાં આવે છે, યા તો મંદિરોમાં તે અર્પણ કરવામાં આવે છે. આ ઉપરાંત દૂધ ના દેતી ગાયોને રાખવામાં આવે છે.

આ સંકુલનો સમુચિત વિકાસ કરવો, ગૌ–માતાને પર્યાપ્ત અદ્યતન બધીજ સુખ સગવડો આપવી, ગૌ–માતાનું સાચા અર્થમાં પોષણ કરવું એ ઉમદા ધ્યેય સાથે, પરિષદ આજે કાર્યરત છે. ગૌશાળામાં ૧૦૦ જેટલી ગાયો રાખવાનો પરિષદનો સંકલ્પ છે, અને તે અર્થે પરિષદ સંકલ્પબદ્ધ રીતે આગળ વધી રહી છે.

દાન માટેની યોજનાઓ	**ન્યોછાવર**
(૧) ગૌવંશ આશ્રયસ્થાન– ૬ તબેલા	પ્રત્યેકના રૂ.૫૧,૦૦૦/– (સેવાર્થી વૈષ્ણવની તકતી મૂકી શકાય)
(૨) સ્થાયી તિથિ યોજના	રૂ. ૧૧,૧૧૧/– (રકમના વ્યાજમાંથી સુચિત તિથિએ ગૌભોજન પ્રબંધ)
(૩) ગૌ–દત્તક યોજના	એક વર્ષ રૂ.૬૧૧૧/– અર્ધવાર્ષિક રૂ.૩૧૦૧/– માસિક રૂ. ૬૦૧/– દૈનિક રૂ. ૫૧/–

આપનો ચેક / ડ્રાફ્ટ "આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ" ના નામનો
આપેલ સરનામા પર મોકલી આપી ઉપકૃત કરશો.

સરનામુ :
ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠ
નોબલ , એ–બિલ્ડીંગ, ત્રીજો માળે, આશ્રમ રોડ, નહેરૂબ્રીજ સામે, અમદાવાદ.
ફોન. ઘરઃ ૫૬૨૬૪૫૭ ઓફીસ : ૬૫૮૯૮૩૭.

તગડી : તગડીમાં શ્રીમહાપ્રભુજીના બેઠકજીનું નવનિર્માણ થયું તેનો વાસ્તુ શાન્તી તથા શ્રીમહાપ્રભુજીને નવનિર્મિત બેઠકજીમાં પધારાવવાનો પાટોત્સવ પૂ.પા.ગો.શ્રીશિરિશકુમારજી મહારાજશ્રી તથા પૂ.પા.ગો. શ્રીકપીલકુમારજીની આજ્ઞાનુસાર જેઠ વદ ૧૦ તા. ૮–૭–૯૯ ગુરૂવારે ખૂબ ધામધૂમથી ઉજવાયો. આ શુભ પ્રસંગે તૃતીય પીઠાધીશ પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી તથાપૂ.પા.ગો. શ્રીપરાગકુમારજી મહારાજશ્રીએ પધારી શ્રીમહાપ્રભુજીને પાટ બિરાજાવેલ.

મદ્રાસ : અત્રે ચેન્નાઈ વૈષ્ણવ સમાજ તેમજ શ્રીવિઠ્ઠલનાથજી છપ્પનભોગ મહામહોત્સવ સમિતિના ઉપક્રમે ગો.૧૦૮ શ્રીઅજયકુમારજી મહોદય તેમજ ગો. ૧૦૮ શ્રીભરતકુમારજી મહોદયની અધ્યક્ષતામાં ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. અધિક પુરૂષોત્તમ માસ નિમિત્તે શતાધીક વર્ષથી ચેન્નાઈમાં બીરાજતાં શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુને અત્રેના ખુશાલદાસ બાગ ખાતે ધામધૂમથી પધરાવી છપ્પનભોગ અંગીકાર કરાવવામાં આવ્યો હતો. ચેન્નાઈનાં ઈતિહાસમાં પુષ્ટિમાર્ગમાં ખરેખર આ મહોત્સવ અભૂતપૂર્વ કહી શકાય એવો ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રીના વિવિધ મનોરથો તથા પ.ભ. શાસ્ત્રીજી શ્રીશતિષ શર્માજીનો અષ્ટછાપ ભગવદિય ચરિત્રનો સંગીતમય કાર્યક્રમ યોજાયેલ.

શ્રદ્ધાંજલી

આં.પૂ.વૈ.પરિષદના કેન્દ્રીય સમિતિના સક્રીય સભ્ય તથા ભૂતપૂર્વ કોષાધ્યક્ષ તથા મહારાષ્ટ્ર રાજ્ય સમિતિના સભ્ય પ.ભ.શ્રીજીતેન્દ્રભાઈ હરકીશનદાસ શાહ (શ્રીજીતુભાઈ) મોટર અકસ્માતમાં તા. ૭–૫–૯૯ નાં રોજ હરિશરણ થયા આ માટે પરિષદ ભારે આંચકો તથા આઘાતની લાગણી અનુભવે છે.

આં.પૂ.વૈ.પરિષદ માથે બિરાજતાં શ્રીમહાપ્રભુજી ના સ્વરૂપની સેવા માટે જ્યાં સુધી બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી પ.ભ. સદગત્ શ્રીજીતુભાઈ શાહ તથા તેમના કુટુંબીજનોએ સ્વેચ્છાથી પોતાની જગ્યામાં શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને પધરાવ્યા તથા પરિષદની કેન્દ્રીય ઓફીસ માટે પોતાની જગ્યાનો ઉપયોગ કરવા આપ્યો છે. શ્રીમહાપ્રભુજી તેમની જગ્યામાં પ્રસન્નતાથી બિરાજે છે.

પરિષદ તરફથી નાસિક મધ્યે ગત્ કુંભમેળામાં શ્રીવલ્લભાચાર્ય નગર બનાવી વૈષ્ણવો માટે રહેવા–પ્રસાદ લેવા તથા સત્સંગ વગેરે માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વ્યવસ્થામાં પરિષદનાં કેન્દ્રના પ્રતિનિધિ તરીકે એકલા પ.ભ. શ્રીજીતુભાઈ શાહે આખું આયોજન નાસિકના કાર્યકરોનાં સાથ સહકારથીજવાબદારીપૂર્વક સફળતાથી પાર પાડયું હતું.

પરિષદનાં ગૌશાળા તથા અન્ય પ્રોજેકટને ગતિમાન કરવામાં એમનો ઘણો મોટો ફાળો છે. નિત્ય લીલાસ્થ પૂ.ગો.૧૦૮ શ્રીપ્રથમેશજીના સૂત્ર મુજબ પરિષદ સેવા એ પ્રભુ સેવા છે તેમ પ.ભ. શ્રીજીતુભાઈ શાહે તન–મન–ધનથી થાક્યા વગર કે કંટાળો લાવ્યા વગર અવિરત સેવા કરતા જ રહ્યા હતા. પરિષદ તેમની સેવાની કદર કરે તેટલી ઓછી છે. પરિષદને તેમની ખોટ ખૂબજ સાલશે.

શ્રીજીતુભાઈ શાહ પોતાની જ્ઞાતિમાં રોટરી કલબમાં અન્ય ઘણી સંસ્થામાં આગવું સ્થાન ધરાવતા હતા. તેઓનો સ્વભાવ હસમુખો હતો. તેઓ લોકપ્રિય હતા. તેમની યાદ કદી પણ વિસરાય તેવી નથી. સદગત્‌ના આત્માને પરમ કૃપાળુ પરમાત્માનું સાચું શરણ તથા આત્માને ચિર શાંતી મળે એ જ પરિષદની અભ્યર્થના છે.

શ્રાવણ સુદ ૧૦ તા. ૨૧–૮–૯૯ શનિવાર : શ્રીકલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ.

શ્રાવણ સુદ ૧૧ તા. ૨૨–૮–૯૯ રવિવાર : પવિત્રા (પુત્રદા) એકાદશી વ્રત. પવિત્રા સવારે ધરવા. (ભદ્રા બપોરે ૨–૦૭ થી રાત્રે ૩–૦૨). ગો. ચિ.શ્રીગિરિધરલાલજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા.૨૩–૮–૯૯ સોમવાર : પવિત્રા બારસ. ગુરૂને પવિત્રા ધરાવવા. ગો. શ્રીમધુરેશકુમારજી મહારાજ (મથુરા–પોરબંદર)નો તથા ગો. ચિ. શ્રીગોકુલેશ બાવાશ્રી (મુંબઈ–બોરીવલી–જામખંભાળીયા–જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૫ તા. ૨૬–૮–૯૯ ગુરૂવાર : નાળિયેરી પૂર્ણિમા. રક્ષાબંધન સાંજે ૫–૩૩ પછી કરવું. (ભદ્રા સમાપ્તિ સાંજે ૫–૩૩ છે તેથી) શુકલ–યજાુર્વેદ– અર્થવ– તૈત્તરીય શ્રાવણી.

શ્રાવણ વદ ૩ તા. ૨૯–૮–૯૯ રવિવાર : કજ્જલી ત્રીજ. હિંડોલા વિજય. ગો.શ્રીદાનીરાયજી મહારાજશ્રી (મુંબઈ–બોરીવલી–જામખંભાળીયા–જુનાગઢ)નો તથા ગો. ચિ.ગોપાલલાલજી બાવાશ્રી (કામવન)નો તથા ગો. ચિ.શ્રીગિરિધરલાલજી બાવાશ્રી (બોરીવલી– જામખંભાળીયા – રાજકોટ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૭ તા. ૨–૯–૯૯ ગુરૂવાર : શયનમાં છઠ્ઠીનો ઉત્સવ. વિષ્ણુસ્વામી પ્રાકટય ઉત્સવ.

શ્રાવણ વદ ૮ તા. ૩–૯–૯૯ શુક્રવાર : શ્રીકૃષ્ણ પ્રાદુર્ભાવ ઉત્સવ. જન્માષ્ટમી વ્રત. ગો.ચિ.શ્રીગોકુલેશજી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૯ તા. ૪–૯–૯૯ શનિવાર : શ્રીનંદ મહોત્સવ.

શ્રાવણ વદ ૧૦ તા. ૫–૯–૯૯ રવિવાર : આજથી અમાસ સુધી બાળલીલાના પદ બોલાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૬–૯–૯૯ સોમવાર : અજા એકાદશી વ્રત. ગો.શ્રીકન્હૈયાલાલજી બાવાશ્રી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ. ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-08-1999.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

ગ્રા.ક્ર.નં. ૧૫૪૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

ચ્યાહું બસાય હૃદયમેં,
ધરોં ત્રિભંગી ધ્યાન;
તાતેં રાખ્યો કુટિલ ઉર,
હોહિ અસી સો મ્યાન. (૧૩)

ટીકા : હે શ્રીકૃષ્ણચંદ્ર ! તમને હું મારા હૃદયમાં વસાવવા ચાહુ છું. તે કેવા કે લલિતત્રિભંગી સ્વરૂપ. તે કેવા સુંદર, ત્રણ ઠેકાણે વાંકા. એક તો ડોકે, બીજા કટીયેં, ત્રીજા ચરણેં એવા વાંકા તે, મારું હૃદય સીધું રાખું તો તમે વસતાં દુઃખી થાવ. તે માટે જાણી જોઈને વાકું હેયું રાખું છું. જેમ વાંકી તલવાર હોય તેને જ વાંકુ જ મ્યાન હોય. તે માટે તે વાતનો મારી ઉપર દોષ લાવશો નહીં. પ્રસન્ન થજો. – ૧૩.

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોન: ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૩૭૦૭૧.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૬ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ સપ્ટેમ્બર , ૧૯૯૯

વચનસુધા

વલ્લભાચાર્યના ભક્તો નિર્ભય છે અને ભગવદ્ આશ્રિત છે. અને પોતાના સ્વામીમાં એ સર્વ સમર્થ છે આ જાતનો વિશ્વાસ રાખે છે. વલ્લભાચાર્યે કહ્યું કે **'પ્રભુ સર્વ સમર્થો હ઼ી તતો નિશ્ચિંતતાં વ્રજેત્'** એમ નથી કહ્યું કે આપણા માર્ગમાં આટલાં મીલીટ્રીમેન (સૈનિકો)છે, કે આટલાં સાધન સંપન્ન (લોકો) છે કે આ છે એનાથી નિશ્ચિંત થજો. એ નહીં. સાધનથી નિશ્ચિંત થઈ શકાય નહીં. સાધન ચિંતાનું પણ કારણ બની શકે. સાધન જે છે એને વિવેકથી ઉપયોગમાં ન લાવો તો વિનાશનું પણ કારણ બને.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૨ પૃષ્ઠ—૭)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠ્ઠન દઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

શ્રાવણ વદ ૧૨ તા. ૭–૯–૯૯ મંગળવાર : શ્રીરણછોડજી (ડાકોર)ના પલના વિજય. દ્વાપર યુગાદિ. ગો. ચિ. શ્રીહરિરાયજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન. ગો.શ્રીરાકેશકુમારજી મહારાજશ્રીનો જન્મદિન. (તેરસનો ક્ષય હોવાથી આજે)

શ્રાવણ વદ ૧૪ તા. ૮–૯–૯૯ બુધવાર : શ્રી કાકા વલ્લભજીનો ઉત્સવ (સંવત ૧૭૦૩) તથા લાલા લહેરી શ્રીગોપાલજીનો ઉત્સવ (સંવત ૧૯૧૦)

ભાદરવા સુદ ૧ તા. ૧૦–૯–૯૯ શુક્રવાર : ગો.શ્રીનવનીતલાલજી મહારાજશ્રી (ગોકુળ–કામવન–વિરમગામ)નો જન્મદિન.

ભાદરવા સુદ ૨ તા. ૧૧–૯–૯૯ શનિવાર : ચંદ્રદર્શન. શ્રીરાધાષ્ટમીની વધાઈનો પ્રારંભ.

ભાદરવા સુદ ૩ તા. ૧૨–૯–૯૯ રવિવાર : હરિ તાલિકા – હરિયાળી – કેવડાત્રીજ.

ભાદરવા સુદ ૪ તા. ૧૩–૯–૯૯ સોમવાર : ગણેશ ચતુર્થી (વૈષ્ણવો માટે વ્રત વર્જ્ય). ગો.ચિ. શ્રીરસિકવલ્લભજી (મથુરા)નો જન્મદિન.

ભાદરવા સુદ ૫ તા. ૧૪–૯–૯૯ મંગળવાર : ઋષિપંચમી. દ્વિતીય સ્વરૂપ શ્રીચંદ્રાવલીજીનો ઉત્સવ. ગો.ચિ. શ્રીગોપીનાથ દીક્ષિતજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

ભાદરવા સુદ ૬ તા. ૧૬–૯–૯૯ ગુરૂવાર : ગો.ચિ. શ્રીયોગેશકુમારજી બાવાશ્રી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા સુદ ૮ તા. ૧૮–૯–૯૯ શુક્રવાર : શ્રીરાધાષ્ટમી. ગો.શ્રીવ્રજજીવનજી મહારાજશ્રી (મુંબઈ–કાંદીવલી–અમરેલી)નો જન્મદિન.

ભાદરવા સુદ ૯ તા. ૧૯–૯–૯૯ શનિવાર : શ્રીમદ્ ભાગવત સપ્તાહ પ્રારંભ.

ભાદરવા સુદ ૧૧ તા. ૨૧–૯–૯૯ મંગળવાર : પરિવર્ત્તિની (દાન) એકાદશી વ્રત. લેખવાળા શ્રીપુરૂષોત્તમજી (સુરત)નો ઉત્સવ (સંવત ૧૭૧૪). દાનના પદ આજથી ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે. શ્રીકૃષ્ણચંદ્રજીનો પ્રભાસક્ષેત્રમાં દેહોત્સર્ગ. શરદ ઋતુની શરૂઆત થઈ કારતક સુદ ૧૦ સુધી.

ભાદરવા સુદ ૧૨ તા. ૨૨–૯–૯૯ બુધવાર : વામન જયંતિ વ્રત. ભક્ત કવિશ્રી દયારામભાઈનો જન્મદિન. (સંવત ૧૮૩૩)

ભાદરવા સુદ ૧૪ તા. ૨૪–૯–૯૯ શુક્રવાર : અનંત ચતુર્દશી. ગો.ચિ.શ્રીશિશીરકુમારજી (કામવન) નો જન્મદિન.

ભાદરવા સુદ ૧૫ તા. ૨૫–૯–૯૯ શનિવાર : પૂર્ણિમા. શ્રીમદ્ ભાગવત સપ્તાહ સમાપ્તિ. સાંઝીનો પ્રારંભ. આજથી અમાસ સુધી સાંઝીના પદ બોલાય.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૬ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ☐ સપ્ટેમ્બર,૧૯૯૯

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

એક જરૂરી ખુલાસો : ઘણાં અણસમજુ લોકો કહેવા લાગ્યા છે કે, 'સેવા કરતાં કરતાં આટલાં બધાં (ચોરાશી) અપરાધ પડતાં હોય તો સેવા જ ન કરવી. કેમકે બધાં અપરાધોમાંથી સાંગોપાંગ કેમ બચી શકાય ? પણ આ વાત અત્યંત ભૂલભરેલી છે. આ જે અપરાધોની ગણતરી બતાવી છે તે સેવામાં સાવધાની રાખવા માટે બતાવી છે, અને કદાચ ચોરાશીએ ચોરાશી અપરાધ થઈ જાય તો એ, તે દરેક અપરાધ એક એક પૈસા જેવો ગણાય. પણ જે બ્રહ્મસંબંધ લઈને, પુષ્ટિમાર્ગમાં આવીને, પુષ્ટિમાર્ગનું પરમફલ જે ભગવદ્ સેવા તે જ ન કરે તેનો તો અપરાધ સહુથી મોટો ગણાય—હજાર રૂપિયા જેવડો ગણાય. માટે શ્રીગુરૂદેવાની આજ્ઞા અનુસાર ભગવદ્સેવા અવશ્ય કરવી એજ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું—જીવન સાફલ્ય છે.

અપરાધ પચીસમો : "શૈયા ઝાડ કે ફેર બીછાવૈ"

શ્રીઠાકોરજીને મંગલભોગ ધર્યા બાદ શ્રી શૈયામંદીરમાં શૈયાજી ઉઠાવી નીચે મંદીર વસ્ત્ર (પોતું) કરી શૈયાના ગાદી તકીયા ઉઠાવી સારી રીતે ઝાપટી કરીને ફરીથી શૈયા બીછાવી ગાદી પર ઓછાડ પણ સારી રીતે કરચલી ન રહે તેમ સંવારીને બિછાવવા. નાના—મોટા તકીયા યથાસ્થાન ધરી ચાદર ચુન્નીને (પાટલી જેમ કરચલી કરીને) પાંગત તરફ સારી રીતે મૂકવી શીતકાલમાં રજાઈ—દુલ્લાઈ—ઈત્યાદી સુંદર રીતે સંવારીને મૂકવા.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય ગ્રંથ–પરિચય

❑ **હિન્દીમાં લેખક : ગોસ્વામી શ્રી શ્યામમનોહરજી (પાર્લા)** ❑

❑ **ભાષાંતર કર્તા : પ્રો. પ્રતાપરાય કાં. શાહ (કોવિદ)** ❑

–ગતાંકથી ચાલુ

પુષ્ટિમાર્ગમાં ફલાનુભૂતિ આ ભૂતલ પર જ મળે તેને ઉત્તમ માનવામાં આવેલી છે. 'ભગવાનેવ હિ ફલંસ યથાવિર્ભવેદ્ ભુવિ' (પુ.પ્ર.મ.) આગળ જતાં 'સેવાફલ'માં પણ વર્ણવેલું 'ઉત્તમ ફલ અલૌકિક સામર્થ્ય' સર્વેન્દ્રિયોથી ભગવાનની રસાત્મિકા અનુભૂતિ આ જ ભૂતલ પર સ્વીકારવામાં આવેલી છે. પણ પ્રભુ જ્યારે આચાર્યચરણને લોકગોચર દેહ–દેશ–ત્યાગની આજ્ઞા પ્રદાન કરી રહ્યા હતા ત્યારે મર્યાદામાર્ગીય રીતિથી ત્યારે તેને અનુરૂપ પરમહંસ્ય સંન્યાસ પણ આપે ગ્રહણ કર્યો ! 'સંન્યાસેન દેહત્યાગં કરોતિ સ પરમહંસો નામ સ પરમહંસો નામ!' (જાબાલોપનિષદ)

તેથી જ અંતઃકરણ પ્રબોધના– 'પ્રૌઢાપિ દુહિતા યદ્વત્ સ્નેહાન્ન પ્રેષ્યતે વરે તથા દેહેન કર્તવ્યં' તથા 'સર્વનિર્ણય'ના– 'ન્યાસે' 'સર્વપરિત્યાગી...... તાદશસ્ય બલાદ્વાપિ દેહત્યાગો વિમુક્તિદઃ' એ બંને વચનોની તુલના કરવી જોઈએ. ફલતઃ 'સંન્યાસ નિર્ણય' એ સહજ સંભવ છે કે શ્રીમહાપ્રભુજીએ બદરિકાશ્રમની પ્રથમ યાત્રાના સમયે નરહરિ સંન્યાસીને માટે જ રચ્યો હોય. 'ભક્તિવર્ધિની' માં એ દર્શાવવામાં આવ્યું હતું કે જેમનો બીજભાવ દઢ હોય તેઓ ગૃહત્યાગ કરીને ભગવત્ કથાના શ્રવણ કીર્તન દ્વારા પણ પોતાની ભક્તિને વિકસિત કરી શકે છે. અન્યથા બીજભાવ દઢ ન થાય તો તેને દઢ કરવાને માટે વ્યક્તિએ યથાવસર ભગવત્સેવા તેમજ ભગવત્કથા બંનેને અપનાવવા જોઈએ. જો તે અવ્યાવૃત્ત હોય તો અન્યથા વ્યાવૃત્ત હોવાની અવસ્થામાં અર્થાત્ પોતાના ઘરમાં ભગવત્સેવાની શક્યતા ન હોવાથી બીજભાવની દઢતાને માટે કેવલ ભગવત્કથાના શ્રવણાદિથી પણ પ્રેમાસક્તિ વ્યસનની ઉત્તરોત્તર અવસ્થાઓમાં ભક્તિ વિકસિત થઈ શકે છે.

ભગવત્કથાના શ્રવણાદિથી જ્યારે સ્નેહ ઉત્પન્ન થાય છે ત્યારે સાંસારિક વિષયોમાંથી અનુરાગ દૂર થઈ જાય છે– ભગવદાસક્તિ સ્થિર થઈ જાય ત્યારે ભગવત્સેવામાં અનુપયોગી ઘરમાં ભક્તની અરુચિ થઈ જાય છે.– ભગવત્સેવાર્થ ઉપયોગમાં ન આવવા વાળાં ઘર તથા ઘરની બધી વસ્તુઓ ભક્તની ભક્તિમાં બાધક લાગવા માંડે છે– ધીરે ધીરે આ રીતે જ્યારે જીવ કૃતાર્થ બની જાય છે. એવી વ્યસનદશા પર પહોંચવાવાળા વ્યક્તિને માટે પણ ભગવત્સેવાર્થ અનુપયોગી ઘરમાં સતત નિવાસ કરવો એ ક્યારેક ભક્તિમાં વ્યવધાનનો (અડચણનો) હેતુ બની શકે છે. ભક્તિનો વિનાશક બની શકે છે. તેથી ભક્તિની દઢતાને માટે કેવળ કૃષ્ણદર્શનની તીવ્ર લાલસાથી જેઓ ગૃહત્યાગ કરી શકે છે, તે મને સર્વોત્કૃષ્ટ પરા સુદઢ ભક્તિનો લાભ થાય છે. (ભક્તિવર્ધિની) આમ થયા પછી 'ભક્તિવર્ધિની'માં જેઓ આ પ્રકારનો ત્યાગ કરી શકતા નથી તેમનાં કર્તવ્યો દર્શાવવામાં આવ્યા છે. પરંતુ જેઓ ત્યાગ કરવામાં સમર્થ (શક્તિવાળા)

હોય તેમને એ ત્યાગ કેવી રીતે, કઈ અવસ્થામાં, કઈ ભાવના સહિત અને કયા લક્ષ્યની પ્રાપ્તિ માટે કરવો જોઈએ ઈત્યાદિ વિષયોનું નિરૂપણ નથી થઈ શક્યું. જેનાથી પોતાના ઘરમાં ભગવત્સેવા ન નભતી હોય અને જેઓ ગૃહત્યાગને માટે પણ પોતાની જાતને સમર્થ કરી શકતા ન હોય તેમને એમ સુઝાવવામાં (સૂચવવામાં) આવ્યું હતું કે તેમણે એવા ભગવદીયોની સમીપ રહેવું જોઈએ કે જેઓ સેવા—કથા પરાયણ જીવન વ્યતીત કરતા હોય. તેઓ જો છૂટ આપે તો તેમના દ્વારા કરવામાં આવતી ભગવત્સેવામાં સહયોગી—પરિચારક પણ બનવું જોઈએ. અન્યથા (જો એમ ન થાય તો) કમસે કમ (ઓછામાં ઓછું એટલું તો કરવું જોઈએ કે તેમના દ્વારા કરવામાં આવતી ભગવત્ કથામાં શ્રોતાનાં રૂપમાં તો સમ્મીલિત થવું જ જોઈએ. આ જ સંદર્ભમાં ભગવત્કથાને માટે આવશ્યક યોગ્ય વક્તા તથા શ્રોતાનું સ્વરૂપ વચમાં 'જલભેદ' તથા 'પંચપદ્યાનિ'માં સમજાવવામાં આવ્યું હતું. તેથી બાકી રહેલો ગૃહત્યાગનો વિચાર આવશ્યક હતોજ— જેને આ 'સંન્યાસનિર્ણય' ગ્રંથ દ્વારા પૂર્ણ કરવામાં આવી રહ્યો છે.

'સર્વનિર્ણય' મહાનિબંધમાં કારિકા ૧૯૧ થી ૨૨૪ સુધી સંન્યાસ, ત્યાગ, ભક્તિ આદી અનેક વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, પણ એ મુખ્યતયા (ખાસ કરીને) પુષ્ટિમાર્ગીઓને માટે નહીં, પરંતુ બધા દૈવી જીવોને લક્ષ્યમાં રાખીને કરવામાં આવેલો ઉપદેશ છે. તેથી જ કારિકા ૧૯૬ માં— 'ભક્તિઃ સ્વતંત્રા શુદ્ધાચ દુર્લભેતિ ન સોચ્યતે' વચન ઉપલબ્ધ થાય છે. (મળી આવે છે). તેથી જ ત્યાં, સંન્યાસ ગ્રહણના શાસ્ત્રીય પ્રકાર પર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે— 'ત્રિદંડ પરિગૃહીત સર્વશાસ્ત્રાવિરોધિ તત્' જ્યારે અહીં 'સંન્યાસનિર્ણય'માં સામાન્યરૂપથી 'વેશઃ સોપિ ન ચાન્યથા' કહેવામાં એ ભાર દેખાતો નથી. કારણ કે દૈવી જીવોને માટે આવશ્યક સંન્યાસના સામાન્ય પ્રકારથી ભિન્ન એક વિશિષ્ટ પ્રકારના સંન્યાસની આજ્ઞા અહીં શ્રીમહાપ્રભુજી આપી રહ્યા છે.

સર્વ સંન્યાસાન્તર્ગત સંન્યાસ સંબંધી વિચારની શરૂઆતમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અથવા સંન્યાસમાંથી કોઈપણ એક આશ્રમમાં નિષ્ઠા (શ્રદ્ધા) રાખીને રહી શકાય છે, અથવા ક્રમશઃ ઉત્તરોત્તર આશ્રમોમાં એક પછી એક (ઉત્તરોત્તર) એમ પ્રવેશ કરી શકાય છે અથવા આયુષ્યના ચાર સમાન ભાગ કરીને એક એક ભાગને ગાળવાનું (વીતાવવાનું) એક એક આશ્રમમાં કરી શકાય છે. સર્વત્ર ફલ તો એક એવી સ્થિતિમાં સમાનાંતર ક્રમ તથા આયુ—ક્રમવાળા કલ્પમાં સંન્યાસ એક શાસ્ત્રીય આવશ્યકતા સાબીત (પ્રતીત) થાય છે.

જ્યારે ષોડશગ્રન્થાર્ગત 'સંન્યાસ નિર્ણય'માં કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, યા અદૃઢ બીજભાવની અવસ્થામાં ભક્તિમાર્ગમાં પણ શ્રીમહાપ્રભુજી સંન્યાસને અનુમોદનીય (ટેકો આપવા જેવો) નથી માનતા. આ બંને દષ્ટિકોણોની એકવાક્યતા આ રીતે ઘટીત થઈ જાય છે કે પુષ્ટિમાર્ગીયેતર જીવોને માટે આશ્રમક્રમ અથવા આયુઃક્રમ કલ્પમાં, ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ વર્ણાશ્રમધર્મના રૂપમાં શાસ્ત્રમાં કહેલો(વિહિત) હોવાના કારણે જ્ઞાનમાર્ગીય સાધક તેમજ મર્યાદામાર્ગીય સાધકને માટે અનુષ્ઠેય જ છે— જ્યાં સુધી ભગવત્સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી ભગવત્સાક્ષાત્કાર થયા પછી તેની તન્મયતામાં આશ્રમધર્મોનો ત્યાગ નિંદનીય નથી રહેતો. આ નિયમ કિન્તુ પુષ્ટિમાર્ગમાં અનિવાર્ય નથી— 'અંતઃકરણિ સંસ્કાર વિશેષાધાયકત્વં ચ પ્રતીયતે સંન્યાસસ્ય સચ સંસ્કારઃ ફલોપકાર્યંગમિત્યાવશ્યકઃ સંન્યાસો મર્યાદામાર્ગે. પુષ્ટિમાર્ગે ત્વન્યૈવ વ્યવસ્થા— 'ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં પ્રાયઃ શ્રેયો ભવેદિહ ઈતિ વાક્યાત્' (અણુ.૩/૪/૧૭)

તેથી પુષ્ટિમાર્ગીય સાધક જો અવ્યાવૃત્ત બનીને પોતાના ઘરમાં ભગવત્સેવાને નિભાવી શકતો હોય તો ગૃહત્યાગ યા સંન્યાસ અનાવશ્યક છે– 'ત્યાગે વાક્ મનસોરેવ ભગવતિ વિનિયોગો ન સર્વેન્દ્રિયાણામ્ ગૃહ્ણિયંતસ્તુ સવૈઃ પ્રકારૈ ર્ભજનં ભવતિ ઈતિ પરિજનશ્ચ કૃતાર્થો ભવન્તિ ભજને કૃતસ્નતા' (અણુ.૩/૪/૪૭). અન્યથા પોતાના ઘરમાં ભગવત્સેવા ન નિભે ત્યારે અર્થાત્ કોઈ એક પુષ્ટિભક્ત વ્યાવૃત્ત થાય ત્યારે સર્વપ્રથમ તેને સ્વ વર્ણાશ્રમોચિંત ધર્મોનું પાલન કરતાં કરતાં ભગવત્કથાનાં શ્રવણ–કીર્તન–મનન દ્વારા ભક્તિના બીજભાવને દઢ બનાવવો જોઈએ. બીજભાવ દઢ થઈ જાય ત્યારે પોતાના ઘરમાં ભગવત્ સ્વરૂપનાં સેવા–દર્શન–સ્પર્શન આદિનું સંયોગસુખ ન મળવાના કારણે તથા પરિવારને લગતી ઝંઝટોમાં ભગવદ વિપ્રયોગજન્ય દુઃખાનુભૂતિમાં પણ વિક્ષેપોને (અડચણોને) જોતાં ગૃહત્યાગ કરી દેવો ઉચિત હોય છે– 'વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે'.

બીજભાવ દઢ થઈ જાય ત્યારે ભક્તને આપમેળે આ વાત સમજાવા લાગે છે કે– ગૃહસ્થિતેરુત્કૃષ્ટત્વં ન ભગવદીયત્વ માત્રેણ કિન્તુ ભગવતા સહ સ્થિત્યા ભગવત્કાર્યાર્થં ના અન્યથા ન સ્થાતવ્યમ્' (સુબો.૩/૧/૨)

અને ફરીથી અહીં આ વાત અવધેય બની જાય છે કે શ્રીમહાપ્રભુજીની સમક્ષ ન તો ભક્તિના બીજભાવને દઢ કરવાની કોઈ સમસ્યા હતી કે અને ન તો સ્વગૃહમાં ભગવત્સેવાના અનિર્વાહની પણ. ન તો સતત ગૃહમાં રહેવાથી ભક્તિના બીજભાવના વિનાશની પણ અને ન તો વિરહાનુ ભવાર્થં (ગૃહના) પરિત્યાથની પણ. કારણ કે સંન્યાસમાં મુક્તિથી અધિક અવ્યગ્રતા તો સંભવિત નથી, જ્યારે મુક્તિની બાબતમાં આપશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય છે કે– 'સ્વતંત્રભક્તાનાં તુ ગોપિકાદિતુલ્યાનાં સર્વેન્દ્રિયૈસ્તથાન્તઃકરણૈ સ્વરૂપેણ આનંદાનુભવઃ અતો ભક્તાનાં જીવનમુક્ત્યપેક્ષયા ભગવત્કૃપાસહિત ગૃહાશ્રમ એવ વિશિષ્યતે (શાસ્ત્રાર્થ પ્રકરણ) આજ પ્રમાણે 'સર્વોત્તમ સ્તોત્ર'માં આપને 'રાસલીલૈક તાત્પર્ય' કહેવામાં આવ્યા હતા એ કારણે વિરહાનુભવાર્થં પણ સંન્યાસમાં આપનું પ્રવૃત્ત હોવું બહુ અર્થપૂર્ણ નથી રહેતું. પોતાના ઘરમાં ભગવત્સેવા–કથામય જીવન વીતાવવું એ ઉત્તમાધિકારનું સૂચક છે. તથા એ સંભવિત ન હોવાથી ભગવદ્વિરહાનુભવાર્થ સંન્યાસ ગ્રહણ કરવો એ ભક્તિમાર્ગીય મધ્યમાધિકારનું દ્યોતક છે.

જોકે 'કૃતસ્નભાવાત્તુ ગૃહિણોપસંહાર' (બ્રહ્મસૂત્ર ૩/૪/૪૭)ના ભાષ્યના ઉપસંહારમાં 'કોઈક દુર્લભ પ્રકારના–રાજા આસકરણદાસ જેવા– ભક્ત ભગવત્સેવા કરતા હોવા છતાં ગૃહત્યાગ કરી ત્યાં દર્શાવવામાં આવ્યા છે.' આવો ઉલ્લેખ મળે છે. પરંતુ એ ગૃહત્યાગનાં જે કારણો ત્યાં દર્શાવવામાં આવ્યા છે, એ તો છે– 'કેચન ભક્તા ભાષણાદિ લીલા દર્શન વિના રહેવાને અશક્ત પ્રચુરભાવવિવશાશયાઃ ગૃહાનુત્યક્ત્વા વનં ગચ્છન્તિ' સ્પષ્ટ છે. **—ક્રમશઃ**

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ૫૦૧/– ગો.વા. દેવકોરબેન મુળજીભાઈ દાવડા મુંબઈના જય શ્રીકૃષ્ણ.
૨. ૫૦૧/– ગો.વા.અ.સૌ વજીબેન શંભુભાઈ લાખાણી અમદાવાદના ભગવત્સ્મરણ.
હસ્તે વી. એસ.લાખાણી, ડોમ્બીવલી

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

અન્યાશ્રય અસમર્પિત, આ બે મોટા દુસ્તર રોગ;
સર્વ વસ્તુ શ્રીનાથને સમર્પિને ઉચ્છિષ્ટ કરવો ભોગ.
ભોગ કરવો હરિભક્તની સંગે, એકજ શ્રીકૃષ્ણ સેવવા રંગે;
દૃઢ આશ્રય ગુરૂદેવનો ધરવો, ગોવત્સ—પદવત ભવદધિ તરવો.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૬૪)

શબ્દાર્થ : દુષ્ટ સંગ– દુષ્ટનો સંગ, દુઃસ્તર– દુસાધ્ય, મુશ્કેલીથી મટે તેવો, ઉચ્છિષ્ટ– પ્રસાદી, રંગે– રસ રીતથી, આનંદપૂર્વક, ગોવત્સ– ગાયનું વાછરૂં, પદવત—પગની ખરી જેવડો, ભવ– સંસાર, ઉદધિ– સમુદ્ર.

વિવેચન : પુષ્ટિ ભક્તોના કર્તવ્યનો વિષય, આગળ ચલાવતાં કવિશ્રી કહે છે, જેમ શરીર તંદુરસ્ત હોય તોજ બધું સુખ માણી શકાય, તેમ પુષ્ટિ ભક્તિમાં બે રોગનું દષ્ટાંત દીધું છે. ભક્તિમાં આડા આવતા બે ભયંકર રોગથી બચવું (૧) અન્યાશ્રય (૨) અસમર્પિત– શ્રીમહાપ્રભુજી સિદ્ધાંત રહસ્ય નામનાં ગ્રંથમાં શ્લોક ૪ માં આજ્ઞા કરે છે કે–

અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જન માચરેત્

તાત્પર્ય– પ્રભુને સમર્પણ કરીનેજ, એટલે ભોગ ધરીને પ્રસાદમાં નિર્વાહ કરવો જેથી એક રોગથી બંચી શકાય છે. આ એક રોગથી થતાં અનેક દુષણોથી બચી શકવાનો સરળ માર્ગ છે. બ્રહ્મસંબંધ લેવાથી પાંચ પ્રકારનાં દોષોની નિવૃત્તિ થાય છે, પરંતુ આંગળ બીજા નવા ઉત્પન્ન ન થાય તે માટે ભોગ ધરીને જ પ્રસાદ ગ્રહણ કરવો. અથર્વ વેદમાં કહ્યું છે કે–

સર્વ દેવાઃ સર્વેપિતૃઃ સર્વે મનુષ્યાઃ વિષ્ણનાડશિતમ્ – શ્રુતિ

અર્થ : બ્રહ્મ સમર્પિત વસ્તુનું જ વિદ્વાનોએ ગ્રહણ કરવું. તેમાં સર્વ દેવો, પિતૃઓ તથા મનુષ્યોએ ભગવત્ પ્રસાદી જ લેવાનું ઉત્તમ બતાવ્યું છે.

અનિવેદ્યએ ભુક્તં હરયે પરમાત્માને
યતંતિ પિતરસ્તસ્ય નરકે શાશ્વતિ સમાઃ

અર્થ : મહાપ્રસાદ છોડીને જેઓ અસમર્પિત ખાય છે, તે મહાન બાધક છે. તેના પિતૃ પિતામહ વર્ષો સુધી નરકમાં નિવાસ કરે છે. આમ લખ્યું છે.

શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે, કે જે કાંઈ ભોગ્ય વસ્તુ છે તે સર્વ વસ્તુ ભગવાનને ભોગ ધરીને પ્રસાદીરૂપમાં ગ્રહણ કરવી. પ્રભુ ઉત્તમ વસ્તુનાં ભોક્તા છે. તેથી સર્વ કોઈ પોતાની સ્થિતિ મુજબ ઉત્તમ સામગ્રી બનાવી પ્રભુને અંગીકાર કરાવી વૈષ્ણવોની સાથે

મહાપ્રસાદ લેવો. અણ પ્રસાદી લેવું નહીં જેથી દોષોથી બચી શકાય અને દિનો દિન ભગવત્ સેવામાં ભાવની વૃદ્ધિ થાય. હવે જોઈએ દઢ આશ્રય—

આશરો તો એક જ શ્રીવલ્લભનો રાખજો
સેવા કરીને દાસ ધર્મને દીપાવજો

આ વાક્ય મુજબ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજીનો દ્રઢ આશ્રય રાખી સેવાધર્મનું પાલન કરવું. જો દઢ આશ્રય રહેશે તો જ સેવામાં આનંદ રહેશે. જેનું ચિત્ત અનેકોમાં ભટકતું રહે છે તે અન્યાશ્રય તરફ લલચાય માટે એક આશરો જરૂરી છે.

સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિ ર્દઢા ભવેત્

સેવા અગર સ્મરણ જેનાથી જે બને તે એક આશ્રય રાખવાથી સિદ્ધ થાય છે. આગળ જતાં પુષ્ટિનાં તત્ત્વો ભગવદ પ્રાપ્તિનાં ઉપાયો બધા સરલ બને છે. જેમકે—

સુબોધિનિ ગ્રંથ તેને સર્વ શ્રેષ્ઠ જાણજો
ભક્તિરસ પાન કરી સૌને કરાવજો

દઢ આશ્રય રાખવાથી જ ભક્તિરસનું પાન મળે છે, જેમાં સુબોધિનીજી જેવા મહાનગ્રંથોનું અધ્યયન પઠન શ્રવણ આદી મળે છે.

ગોપિયોનો ભાવ સર્વ શ્રેષ્ઠ કરી જાણજો
વેણુગીત યુગલ ગીત ગાય સુખ માણજો
સંયોગ વિપ્રયોગ રસ ભાવને વિચારજો
ભક્તિ રસ પાન કરી સહુને કરાવજો

પુષ્ટિ મહારસ ગોપિજનોનાં ભાવને આધારે રહી, અનોસરમાં વેણુગીત, યુગલગીત, સંયોગ, વિપ્રયોગ; રસના ભાવો આ બધું પ્રાપ્ત કરવા માટે સર્વપ્રથમ દઢ આશ્રયની જ જરૂર રહે છે. તેથી સેવા કરતાં આગળ માનસી સુધી પહોંચી શકાય છે. લીલા રસ ગાન કરતાં આગળ તન્મયતા પ્રાપ્ત થાય છે.

આશ્રય માટે શ્રીહરિરાયજી—

આશ્રયેણેવ સકલં સિદ્ધિ મેતી ન સંશયઃ

ભાવાર્થ : એક આશ્રયથી જ સકલ સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તેમાં સંશય નથી.

ગોવત્સ પદ — વત સાગર તરવો

આ સંસારરૂપી સાગર તરવા માટે અનેક સાધનો બતાવ્યા છે, પરંતુ ઘણું ઘણું કષ્ટ થયા પછી પણ પાર થવું સહેલું નથી. તેથી જ પુષ્ટિ રીતે સેવા અને સ્મરણ કરવું સર્વોત્તમ છે. સંસાર મહાન સાગર છે, પરંતુ પુષ્ટિ ભક્તો માટે તો ગાયનાં વાછડાંની ખરી જેવડો સાગર થઈ જાય. જ્યાં ખરીનું નિશાન છે તેને પાર કરવા જરાપણ શ્રમ પડતો નથી. ઘણા એકો કરે કાંઈ નહીં ને કહેતા રહે છે, પ્રભુ તું મને સંસારથી પાર કરી દેજે. તેને શું સિદ્ધિ મળવાની હશે તે તો પ્રભુ જાણે. પરંતુ ગુરૂનો આશરો ગુરૂ તે શ્રીવલ્લભનો આશરો રાખવાથી સર્વ કાંઈ સહેલું જ પડે છે. માટે જ કવિ કહે છે કે **સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૬૪)**

॥ શ્રીહરિ: ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

– ગતાંકથી ચાલુ

આના બે દષ્ટાંત દેવા હું ઉચિત સમજું છું. 'કર્તૃત્વા કર્તૃત્વ વિચાર ઔર સાવયવત્વ નિરવયવત્વ વિચાર' કર્તૃત્વાકર્તૃત્વ વિચારમેં પુરાતન બે મત છે. શ્રીશંકરાચાર્યજીનો મત છે કે બ્રહ્મ અકર્તા જ છે. તેનું કર્તૃત્વ ઔપચારિક છે. અને શ્રીરામાનુજાચાર્ય વગેરેનો મત છે કે પરમાત્મા કર્તા જ છે. અકર્તૃત્વતો ગૌણ છે અને ઔપચારિક છે. વિચારપૂર્વક જોઈએ તો બંને પક્ષમાં તર્કવાદની પ્રધાનતા દેખાય છે. અને વેદવાક્યની ગૌણતા દેખાય છે. જ્યારે બંને પ્રકારની શ્રુતિઓ મળે છે ત્યારે એક જાતની શ્રુતિ આપણે છોડી દેવી પડે છે. બસ આને જ તર્કની બળવત્તા કહે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યશ્રીનો મત છે કે બ્રહ્મ બંને પ્રકારના છે. કારણ કે વેદમાં બંને પ્રકારની વાતો બતાવેલી છે. જ્યારે વેદમાં બ્રહ્મને કર્તા અને અકર્તા બંને પ્રકારના કહ્યા છે. તો વેદ પ્રમાણિત વાદી અને આચાર્યને ઉચિત છે કે બંને પ્રકારના માને. શ્રીમદ્ વલ્લભાચાર્યની પ્રતિજ્ઞા છે કે 'વેદશ્ચ પરમાપ્તોઽક્ષરમાત્ર મપ્યન્યથા ન વદતિ' અહીં એકજ બ્રહ્મમાં કર્તા તથા અકર્તા હોવાનો વિરોધ આવે છે. પરંતુ આચાર્યશ્રીએ વેદોક્ત મીમાંસા દ્વારા જ તેનું સમાધાન કરી દીધું છે. વેદમાં બ્રહ્મને અચિંતનીય ઐશ્વર્ય અને અલૌકિક સામર્થ્યવાળા બ્રહ્મમાં કર્તા અને અકર્તા બંને હોઈ શકે છે. આ રીતે વેદાનુકૂલ મીમાંસા સરણિને ગ્રહણ કરવાથી આચાર્ય પદને સંપૂર્ણ યોગ્ય શ્રીમદ્વલ્લભાચાર્ય છે. નિરવયવ અને સાવયવ વિચારમાં પણ આજ વાત આવે છે. શ્રુતિજ બ્રહ્મને સાકાર કહે છે અને શ્રુતિ જ બ્રહ્મને નિરાકાર પણ કહે છે. અહીં શંકરાચાર્ય કહે છે કે મુખ્ય બ્રહ્મ નિરાકાર છે. ગૌણ બ્રહ્મ સાકાર છે. અર્થાત્ અવિદ્યા કલ્પિત બ્રહ્મતો સાકાર છે અને મુખ્ય બ્રહ્મ નિરાકારજ છે. આ મતમાં તર્કને બલવત્તા અને વેદને દુર્બલતા મળે છે. પરંતુ શ્રીમદ્ વલ્લભાચાર્યનો મત છે કે બ્રહ્મ સાકાર પણ છે અને નિરાકાર પણ છે. બંને રીતનું વેદમાં કથન છે. એટલે બંને પ્રકારે માનવું જ આચાર્યનું કામ છે. વેદવ્યાસજી પણ 'શ્રુતેસ્તુ શબ્દમૂલત્વાત્' આ સૂત્રમાં બ્રહ્મને સાકાર માને છે. અને પોતાના મતમાં વેદની આજ્ઞાનેજ કારણ બતાવે છે તર્કને નહીં. પરંતુ શ્રીશંકરાચાર્ય વગેરે પોતાના મત પ્રમાણે 'અવિદ્યા કલ્પિતરુપ ભેદ' નામના

તર્કને પ્રધાન માનીને વેદને ગૌણ માને છે. અહીં પણ શ્રીમદ્ વલ્લભાચાર્યશ્રીએ 'અચિન્ત્યૈશ્વર્ય' અને 'અલૌકિક સામર્થ્ય' રૂપ વિચાર દ્વારા સાકાર કહેવાવાળી તથા નિરાકાર કહેવાવાળી શ્રુતિયોની સંગતિ બેસાડી છે. આ રીતે ગ્રંથ દષ્ટિએ પણ આચાર્યશ્રી આચાર્યપદના મુખ્ય ભાજન (પાત્ર) છે.

ભગવદગુણ બે પ્રકારેથી આવે છે. એક પ્રભુ દાન કરે તો, અને બીજું પ્રભુનો સાક્ષાત્કાર થયે તેના ગુણ પણ આવે છે. સત્ય, શૌચ આદિ અસંખ્ય ગુણ ભગવાનમાં નિત્ય અને સંપૂર્ણપણે રહે છે. પરંતુ જેના ઉપર પ્રભુની કૃપા થાય છે પ્રભુ તેને પોતાના ગુણ આપે છે. કોઈને એક ગુણનું દાન કરે છે, કોઈને દશ, પાંચ ગુણનું દાન કરે છે. પ્રભુનો એક એક ગુણ પણ મનુષ્ય માટે બહુ મહત્વ દેવાવાળો અને ઉદ્ધાર કરી દેવાને સમર્થ છે. હરીશ્ચંદ્ર રાજામાં સત્ય એકજ ગુણ સર્વપ્રધાન હતો. ભગવાનના આવેશથી ભગવદ્ગુણ આવે છે. 'યોન્તડર્બહિસ્તનુ ભૃતામશુભં વિધુન્વન્નાચાર્યચૈત્યવપુષા સ્વગતિં વ્યનક્તિ' એ વચન મુજબ આચાર્ય પ્રભુનો અવતાર છે. આચાર્યરૂપથી પ્રભુ અવતાર લે છે. નરસિંહ અવતારમાં વપુ (શરીર) કારણ નથી. કાર્યરતતા છે. પરંતુ આચાર્યમાં વપુનો હેતુ છે એટલા માટે તે અવસ્થામાં વૈધ (વેદથી પ્રમાણિત થયેલ) આચાર્યતા પ્રગટ રહે છે. ભગવત્તા ગૂઢ છે. આચાર્યમાં ભગવતપણું હોવાથી શ્રીમદ્ વલ્લભાચાર્યશ્રીમાં પણ અનેક ભગવદ્ગુણો છે. 'સત્યં, શૌચં...ઈત્યાંદી'.

સત્ય ભગવદગુણ છે. જેમાં સત્ય છે તે નિર્ભય જોવામાં આવે છે. અભય દૈવી સંપત્તિની પહેલી સંપત્તિ છે. શ્રીવલ્લભાચાર્યજીએ જેટલું લખ્યું છે સત્ય લખ્યું છે. આચાર્યશ્રી મનથી, વચનથી અને કર્મથી સત્ય છે. તે તેમના ગ્રંથોનો વિચારપૂર્વક જેમણે અભ્યાસ કર્યો હોય તેમને સ્પષ્ટ માલૂમ પડશે. આપે કહ્યું છે કે વૈદિક સાધનો જોકે જીવનો ઉદ્ધાર કરવાવાળા છે છતાંય અધિકાર અને કાળથી પ્રતિબદ્ધ છે. જેને વૈદિક સાધનોનો અધિકારજ નથી તેનો ઉદ્ધાર કઈ રીતે થઈ શકે. અથવા તો જેનો અધિકાર હોય પરંતુ વૈદિક સાધનો કરતા નથી અથવા કરી શકતા નથી તેમનો ઉદ્ધાર કેવી રીતે થઈ શકે મતલબ કે ઉદ્ધાર થઈ શકતો નથી. વૈદિક સાધન સિદ્ધ થવા માટે છ કર્મો શુદ્ધ હોવા જરૂરી છે તેને વૈદિક સાધન સિદ્ધ થાય છે. આ છ કર્મો (૧) દેશ (૨)કાળ (૩) દ્રવ્ય (૪)કર્તા (૫) મંત્ર અને (૬) ક્રિયા નો પ્રકાર શુદ્ધ હોય તો વૈદિક સાધન સિદ્ધ થાય છે. આ છ કર્મો કળીયુગમાં શુદ્ધ મળવા અસંભવ છે. પક્ષપાતના ચશ્મા દૂર કરીને વિચારપૂર્વક જોઈએ તો માલૂમ પડશે કે ઉપર કહેલા છ માંથી એકપણ શુદ્ધ મળતું નથી.

તો અહીં એક પ્રશ્ન થાય છે કે આવી અવસ્થામાં શું ધર્મ કરવાનું છોડી દેવું? તો આચાર્યશ્રી ઉત્તર આપે છે કે નહીં, ધર્મની સાથે ઈશ્વરનો આશ્રય લો. ઈશ્વર સર્વસમર્થ છે. નિઃસાધનને પણ સાધનવાળો સામર્થ્યવાન બનાવે છે. જે કાર્ય પ્રમાણ બળથી થઈ શકતું નથી તે કાર્ય પ્રમેય બળથી થઈ શકે છે. શ્રીકૃષ્ણના દઢ આશ્રયથી બધુ સરળતાથી સહજમાં થાય છે. કૃષ્ણાશ્રય વગેરે ગ્રંથોનું એજ નિરૂપણ છે.

ગંગાદિ તીર્થ વર્યેષુ દુષ્ટૈરેવા વૃતે ષ્વિહ ।
તિરોહિતાધિ દૈવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥

અર્થ– આ લોકમાં ગંગાજી વગેરે ઉત્તમ તીર્થો પણ દુષ્ટ પુરૂષોથી જ વીંટળાઈ ગયા છે. તેથી ગંગાજી વિગેરે ઉત્તમ તીર્થોનું આધિદૈવિક (મૂર્તિમાન) સ્વરૂપ તિરોધાન થઈ ગયું છે. માત્ર આધિ ભૌતિક જલનો પ્રવાહ વહે છે. આવા તીર્થો અમારો ઉદ્ધાર કરવાને સમર્થ નથી. તેવા સમયમાં શ્રીકૃષ્ણ એજ મારું શરણ છે.

કર્મક લોકો કર્મના અંતમાં 'મંત્રહીનં' 'યસ્ય સ્મૃત્યા ચ નામોકત્યા' ઈત્યાદી શ્લોક બોલે છે. એનું પણ આજ તાત્પર્ય છે. પ્રમાણમાં પ્રમેયબળ લાવવા માટે જ આ બોલે છે. આ સત્ય કોઈએ કહ્યું નથી. આતો એક નમૂનો છે. સમયનો અભાવ હોવાથી અહીં આચાર્યશ્રીની સંપૂર્ણ વાણીના સત્યનું નિર્દેશન કરી શકાયું નથી.

શૌચ (પવિત્રતા) ગુણ પણ ભગવદગુણ છે. અને તે ગુણ આચાર્યશ્રીમાં છે. તત્ત્વદીપમાં આપશ્રીએ કહ્યું છે.

સ્વધર્માચરણ શક્યતા વિધર્માચ્ચ નિર્વતનમ્ ।
ઈન્દ્રિયાશ્વ વિનિગ્રાહઃ સર્વથા ન ત્યજેત્ત્રયમ્ ॥

પોતાની શક્તિ અનુસાર (૧) વર્ણાદિ ધર્મોનું આચરણ (૨) અધર્મ ન આચરવો (૩) ઈન્દ્રિયોનો નિરોધ. આ ત્રણેયનો ત્યાગ ક્યારેય કોઈપણ વૈષ્ણવ ન કરે. તેના ઉપર ટીકા કરતાં આજ્ઞા કરે છે કે 'શક્ત્યા' આ શબ્દ 'સ્વધર્માચરણ'ની સાથે લગાવવો, બીજાની સાથે નહિં અથવા તો સ્વધર્મ તો ભલે શક્તિ અનુસાર કરે પરંતુ ધર્મની વિરુદ્ધ આચરવું નહિં અને ઈન્દ્રિયોનો નિરોધ શક્તિ ન હોય તો પણ છોડે નહીં.

અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યા સામર્થ્ય ભાવનાત્ ।
જન્મ મૃત્યુ જરાવ્યાધિ દુઃખ દોષાનુ દર્શનમ્ ।

દયા અને ક્ષમા પણ ભગવદગુણ છે. આના વિષયમાં આપ કહે છે કે 'દયયા સર્વભુતેષુ'...... નિબંધ.

સર્વ સહેત પરુષં સર્વેષાં કૃષ્ણ ભાવનાત્ ।
ત્રિદુઃખ સહનં ધૈર્ય મા મૃતેઃ સવર્તઃ સદા ॥ વિવેકધૈર્યાશ્રય

અર્થ :– દુઃખો ત્રણ પ્રકારનાં છે. (૧) આધિ ભૌતિક દુઃખ દેહ સંબંધી હોય છે. (૨) આધ્યાત્મિક દુઃખ ઈન્દ્રિયો સંબંધી હોય છે. (૩) આધિદૈવિક દુઃખ પ્રારબ્ધ ભોગવવા કે પ્રભુએ ફળ આપવામાં કરેલા વિલંબ સંબંધી હોય છે. આવા ત્રણેય પ્રકારનાં દુઃખ ચારેય તરફથી આવી પડે છે ત્યારે મરણપર્યંત સહન કરવા તેનું નામ ધીરજ છે. આધિભૌતિક દુઃખ ભોગવવામાં છાશની ભાવના કરવી. આધ્યાત્મિક દુઃખમાં જડભરતની માફક ભાવના કરવી. આધિદૈવિક દુઃખમાં ગોપીજનોની માફક ભાવના કરવી.'

સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખવાથી પ્રભુ જલ્દી પ્રસન્ન થાય છે. જો દુષ્ટ લોકો દુષ્ટ વ્યવહાર કરે અને ક્રૂર વચનો બોલે તે તેને કૃષ્ણમય સમજીને સહન કરી લેવું. ક્ષમા કરવી કોનામાં છે. ક્રાઈષ્ટમાં દયા છે તેમ લોકો કહે છે. પરંતુ તેનું કહેવું એ છે કે 'કોઈને દુઃખ ન પહોંચાડો' જે તમને થપ્પડ મારે તેને બીજો ગાલ પણ ધરવો. પરંતુ અહીં વાત જુદી છે. આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે પતિવ્રતા સ્ત્રી પોતાના પતિની લાત પણ પ્રસન્નતાથી સહન કરે છે. ભગવદ્ ભક્ત ઉપર આવતાં દુઃખોને પ્રભુની લીલા સમજીને સહન કરે છે તેવીજ રીતે દુષ્ટને કૃષ્ણમય સમજીને તેને દીધેલાં દુઃખોને સહન કરવા જોઈએ.

આર્જવ (સરળતા) ગુણ પણ આચાર્યશ્રીમાં સમાય છે. આજ્ઞા કરે છે કે

સુજ્ઞેષુ હસ્ત યુગલં પુરતઃ પ્રસાર્ય ।
અહંકારં ન કુર્વીત માનાપેક્ષાં ચ વર્જયેત્ ।

અહંકાર ક્યારેય ન કરે અને માનની અપેક્ષા ન રાખે ત્યાગ, સંતોષ અને ઉપરતિ (લાભ પ્રત્યે ઉપેક્ષા) આ ગુણ પણ ભગવદીયનાં છે. આજકાલનો ત્યાગ અને સંન્યાસ તો ત્યાગ કહેવા માટે પણ યોગ્ય નથી. પરંતુ જે ત્યાગ સમજાવ્યો છે તે ત્યાગ આચાર્યશ્રીમાં ભગવદ ગીતામાં જન્મથી હતો. તે આપશ્રીનાં ચરિત્રોથી જાણી શકાય છે. પોતાના જીવનમાં આપે મઠની સ્થાપના કરવી એવું કોઈ કાર્ય કર્યુ નથી. જ્યારે શ્રીગોવર્ધનચરણ ભગવાનનો પ્રાદુર્ભાવ થયો ત્યારે તેનો કાર્યભાર બંગાલી બ્રાહ્મણોને સોંપી દીધો. શ્રીકૃષ્ણદેવ રાજાએ જ્યારે સુવર્ણ કનકાભિષેક કર્યો ત્યારે તેમાંથી માત્ર સાત મોહર લઈને તે પ્રભુને સમર્પણ કરી. આ ઉપરથી તમે આચાર્યશ્રીનો ત્યાગ, સંતોષ અને ઉપરતિ (લાભ પ્રત્યે ઉપેક્ષા) ગુણોનું દર્શન કરી શકો છો. નિબંધમાં આપ આજ્ઞા કરે છે કે—

ધનં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્ત્યક્તું ન શક્યતે ।
કૃષ્ણાર્થં તત્પ્રયુંજીત કૃષ્ણોઽનર્થસ્ય વારકઃ ।।
ગૃહં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્ત્યત્ત્કતું ન શક્યતે ।
કૃષ્ણાર્થં તત્ત્પ્રયુંજીત કૃષ્ણઃ સંસાર મોચકઃ ।।

ધનમાં પંદર અનર્થ રહેલા છે. એટલા માટે ધનનો હંમેશા ત્યાગ કરવો જોઈએ. અને ત્યાગ ન થઈ શકે તો ધનનો શ્રીકૃષ્ણમાં વિનિયોગ કરવો. કારણ કે શ્રીકૃષ્ણ અનર્થને નાશ કરવાવાળા છે, ઘરમાં આસક્તિ રાખવાથી સંસારી જ રહીએ છીએ તેથી ઘરનો સર્વ રીતે ત્યાગ કરવો અને ત્યાગ અશક્ય હોય તો શ્રીકૃષ્ણમાં વિનિયોગ કરવો. શ્રીકૃષ્ણ સંસાર છોડવાવાળા છે.

—ક્રમશઃ

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હે, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.
—શ્રીવ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક – શ્રીહનુમાનપ્રસાદ પોદાર

ભાષાંતર– ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

ક્રોધ ત્યાગવાના ઉપાય

૧. ક્રોધ આવે ત્યારે ચુપ થઈ જવું. બની શકે તો ક્રોધ આવે ત્યારે પાંચ મિનિટ રોકાય જવાનો નિયમ કરી લેવો.

૨. મોટાઓ પર ક્રોધ આવતા જ તેમના ચરણોમાં પડી જાવ.

૩. બધામાં પરમાત્માને જોવાનો પ્રયત્ન કરવો. ઈશ્વર પર ક્રોધ કેવો?

૪. બધાને આત્મારૂપે જોવાનો પ્રયત્ન કરવો. પોતા પર કોઈ મોટે ભાગે ક્રોધ ન કરે.

૫. કોઈના કંઈ કહેવાથી ક્રોધ આવે ત્યારે એ વાતનો વિચાર કરવો કે તેનું કહેવું બરોબર છે કે નહીં. જો ઠીક હોય તો ક્રોધ કેવો? તેણે મારો દોષ બતાવ્યો અને તે દોષ કે તેવો બીજો દોષ મારામાં છે તો તેણે સાવધાન કરીને ઉપકાર કર્યો. દોષ પ્રગટ કરીને મારું અસલી રૂપ દુનિયા સામે રાખી દીધું. નિંદા કરીને મનનો બોજો ઉતારી દીધો. જો ખોટું દોષારોપણ કરતો હોય તો તે ભૂલ્યો છે અને ભૂલેલ દયાને પાત્ર છે. કોઈપણ રીતે ક્રોધને જગા ન આપવી જોઈએ. વારંવાર આ પ્રકારના વિચારનો મહાવરો રહેવાથી ક્રોધનું કારણ ઉભું થવા છતાં પણ આ વિચાર યાદ આવી શકે છે અને તેનાથી ક્રોધના દમનમાં ઘણી મદદ મળે છે.

૬. અહંકાર કે મદના ત્યાગનો પ્રયત્ન કરવો.

૭. ક્રોધને હંમેશા દુર્ગુણ અને અધોગતિમાં લઈ જનાર સમજવો.

૮. ક્રોધીઓની દુર્ગતિનો ઈતિહાસ જોવો.

૯. એક ડાયરી બનાવવી. જેમાં ક્રોધ આવતાં જ નોંધ કરી લેવી અને રાત્રે સૂતી વખતે સંખ્યા જોઈને પશ્ચાતાપ કરવો અને આગળ એવું ન થાય તે માટે મનને દઢ કરવું તથા પરમાત્માને વિનંતી કરવી.

૧૦. હંમેશા સવારે ઈચ્છાશક્તિથી ક્રોધ ન આવવા દેવાની પ્રબળ ઈચ્છા કરવી અને પરમાત્માને વિનંતી કરવી.

૧૧. ક્રોધ આવે ત્યારે ભગવાનના નામનો જપ કરવા લાગવું. બની શકે તો નિયમ કરી લેવો કે ક્રોધનો આવેગ આવતાં જ એક પુરી માળાનો જપ કર્યા વગર જીભ ઉપાડીશ નહીં. બની શકે તો એક વખતના ક્રોધ માટે ઓછામાં ઓછો એક ટંકનો ઉપવાસ કરવો.

આ મનુ મહારાજ દ્વારા કહેવાયેલ માનવધર્મના દશ ધર્મોની સંક્ષિપ્ત વ્યાખ્યા છે. વાંચકોને સવિનય પ્રાર્થના કે તેના અનુસાર પોતાનું જીવન બનાવવાનો પ્રયત્ન કરે.

।। શ્રીકૃષ્ણાર્પણમસ્તુ ।।

પુષ્ટિમાર્ગમાં "કૃષ્ણ સેવા" – સનાતન–સિદ્ધાન્ત છે, તે ન બદલાય, દેશ–કાલ–અધિકાર–પ્રમાણે આચારો બદલાય.

સકલ–શાસ્ત્ર–નિષ્પન્ન પ્રમીયમાણ (જાણવા યોગ્ય) સિદ્ધાંત છે, કૃષ્ણ (લીલા)! સકલ શાસ્ત્ર–નિષ્પન્ન અનુષ્ઠીયમાણ (આચરવા યોગ્ય) સિદ્ધાંત છે– કૃષ્ણ સેવા! પોતાના તન–ધન અને મનથી, પોતાના ઘરમાં, પોતાના પ્રિય કૃષ્ણની સેવા હંમેશા કરવી જરૂરી છે. પ્રત્યેક પુષ્ટિમાર્ગીય માટે વ્રજાધિપ ભગવાન્ શ્રીકૃષ્ણ સર્વદા સર્વભાવે ભજનીય છે. આ જ પોતાનો સ્વધર્મ છે, બીજો કોઈ નહિ, ક્યારેય નહિ, ક્યાંય નહીં. આ કૃષ્ણસેવા શાસ્ત્ર સિદ્ધાન્ત છે, સનાતન છે, તે તો કોઈપણ દેશ–કાલ–પસિસ્થિતિમાં પણ બદલાય નહિં. સેવામાં ઉપયોગી આચારો તો દેશ–કાલ–અધિકાર–પરિસ્થિતિ પ્રમાણે બદલાતા રહે છે. વેદ–પ્રતિપાદ્ય કૃષ્ણ બદલાતા નથી, પ્રતિપાદક–વેદ–શાસ્ત્ર બદલાતાં નથી, તેના પ્રતિપાદિત સિદ્ધાંત (સેવાદિ) બદલાતા નથી; બદલાય છે, તેને આચરનાર જીવો. તેમનાં શરીર તેમની ઈન્દ્રિયો, તેમનાં મન, તેમના અધિકાર! તદુપરાંત બદલાય છે, સેવામાં ઉપયોગી ભૌતિક પદાર્થો–(અન્ન–જલ–ફલ–વસ્ત્ર–આભૂષણ વગેરે સઘળું સાહિત્ય)! પોતાના દેશ–કાલ–પરિસ્થિતિ પ્રમાણે જે કાંઈ ઉત્તમ પદાર્થો મળે તેનાથી કૃષ્ણસેવા તો કરવાની જ

હોય. પદાર્થો ઓછા મળે કે વધારે, પરંપરાગત મળે કે બદલાયેલા, જે કાંઈ નિર્દોષ ઉપલબ્ધ થાય તેનાથી કૃષ્ણસેવા તો સદા કરવાની જરૂરી છે જ.

થોડા સમય પહેલાં બનેલો પ્રસંગ. ગુજરાતમાં અનાવૃષ્ટિ થઈ, નદી–તળાવ–કૂવા સૂકાઈ ગયાં. જલ મળે નહિં. એક ગામમાં મર્યાદી વૈષ્ણવો, સ્નેહથી કૃષ્ણ સેવા કરે. જલ વગર તો મુંઝાયા, પોતાના પરંપરા–શાસ્ત્ર–નિષ્ણાત શ્રીગુરૂદેવને પૂછયું વિચાર–આચારનો સુમેળ સમજતા આચાર્ય–વંશજે ઉત્તર આપ્યો– 'સેવા કરવી તે સિદ્ધાંત છે. તે ન બદલાય, જલ–વગેરેના આચાર તો બદલાઈ શકે. નદી–કૂવાનાં જલ ન મળે તો અત્યારે નળનાં જલથી પણ સેવા કરો! પછી નદી–કૂવાનાં જલ વરસાદમાં સુલભ થાય એટલે પુનઃઅપરસ સિદ્ધ કરીને તેનાથી કરજો! સેવા ન છોડશો.'

ખૂબ સૂચક માર્મિક પ્રસંગ શ્રીગુસાંઈજીનો છે. કોઈ રંગરેજ વસ્ત્રો સુંદર રંગે. તેની કલા સુંદર, પણ રીત વિચિત્ર ! ખૂબ લોકપ્રસિદ્ધ તેનાં રંગેલા વસ્ત્રો ગણાતાં ! વસ્ત્રોને રંગવા માટે તો મોંમા રંગના પાણીનો ઘૂંટ ભરીને પછી વસ્ત્ર પર, કોગળાની જેમ, ફૂંક મારીને રંગ છાંટે! અદ્‌ભૂત કલાકૃતિ તેથી સર્જાય!

એક વૈષ્ણવને શ્રીગુસાંઈજીએ તે રંગરેજ પાસે શ્રીનાથજીના પાઘનું વસ્ત્ર રંગાવવા મોકલ્યો. કલાકારે તો તેની રીતે વસ્ત્ર પર મોંમાથી રંગ ઉડાડવા માંડયો! વૈષ્ણવ તો મુંઝાઈ ગયો. આમ તો પ્રભુનું વસ્ત્ર છુવાય જાય! હવે શું થાય ? થયું તે થયું! વસ્ત્ર લઈને તે શ્રીગુસાંઈજી પાસે આવ્યો. આંખે દીઠો અહેવાલ આપ્યો. હૃદય વેદનાપૂર્વક કહ્યું, 'આ વસ્ત્ર તો રંગરેજના કોગળાથી છુવાઈ ગયું!'

શ્રીગુસાંઈજીએ બધું સાંભળીને સ્વસ્થતાથી તેને વિચાર આચારનો સુમેળ સમજાવતાં કહી દીધું– 'મેં તને વસ્ત્ર રંગાવવા મોકલ્યો હતો કે તે શું કરે છે તે જોવા?' સુસ્પષ્ટ–જાગૃત–સૂક્ષ્મ–વિચારપૂર્વક જે છે તે કલાને કલાનિધિની સેવામાં વિનિયોગ કરાવી દીધી! આવી અનુશ્રુતિ છે.

શ્રીમહાપ્રભુજીના સમયમાં શ્રીનાથજીનો સેવા–પ્રકાર સૂક્ષ્મ હતો. શ્રીગુસાંઈજીએ દેશ–કાલાનુસાર, દ્રવ્યસેવા અધિક આવતી હોવાથી, તેનો (વૈભવાદિ) વિસ્તાર કર્યો છે. તેમાં સેવાનો સિદ્ધાંત ન બદલાવ્યો, સેવાનો પ્રકાર–આચાર–બદલાયો. શ્રીમહાપ્રભુજીએ ત્યાગ–પક્ષને મુખ્ય રાખ્યો, શ્રીગુસાંઈજીએ વિનિયોગ–પક્ષને મુખ્ય રાખ્યો. બંને પ્રકારો રૂપ–સેવાનાં છે. આમ સિદ્ધાંત નથી બદલાતો, આચાર તો બદલાય છે.

[પુષ્ટિ–પુલિનમાંથી સાભાર]

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–માધુરી, રાજકોટ

પદ ૬૬

નમો નમો શ્રી તરણિ કુમારી;
સકલ અલૌકિક સિદ્ધિ સદા પ્રદ, ભવ મુર સમન વિહારી, –૧.
જિનિકે ચરન કમલ કો પરસી, ઝલક રેનુ મુક્તારી;
પ્રભુ લીલા ઉપયોગ સૃજૈ તનુ, દોષ દલન વૃત ધારી. –૨.
વ્રજત્રિયપદ મિલિ મંજુભઈ અતિ, પ્રતિબંધ હિં હટિ ટારી;
વહસિ નીર મકરંદ પુષ્પભરિ, શોભિત શોભા ભારી. –૩.
ફુર અમોઘ સત્વર ત્રુટિ ધ્યાવત, વેદ ન સાખિ ઉચારી;
કાંત વરન લખિ નીર મોહની, 'બલ્લભ' હોત સુખારી. –૪.

ભાવાર્થઃ સદા નવિન તરૂણીરૂણ ધારણ કરવાવાળા શ્રીયમુને આપને વારંવાર પ્રણામ કરું છું. જેનાં ચરણ કમલનાં સ્પર્શથી રેણુકા (મુક્તા) સમાન બની. જેણે કેવળ પ્રભુની લીલા ઉપયોગી દેહ ધારણ કરેલી છે, એટલું જ નહિં સાથોસાથ એક વૃત પણ ધારણ કર્યુ છે. અપરાધીના દોષોનું નિવારણ કરવું. અનેક ગુણોથી વિભુષિત આપ પ્રાણી માત્રનાં અનેક દોષોને દૂર કરવાની શક્તિ ધરાવો છો. તેમજ પ્રભુ પ્રાપ્તિમાં આવતા પ્રતિબંધને દૂર કરો છો.

જળરૂપે બિરાજતા પ્રવાહમાં પુષ્પ કમલથી ભરપુર એવી આપની ધારા શોભામાં અભિવૃદ્ધિ કરનારી છે. વેદ પણ જેનો પાર પામે તેમ નથી. ધ્યાનીના ધ્યાનમાં કે ગુણીજનો યશોગાન કરવા ચાહે તો પણ તે આપના વૈભવનું પૂરૂં ગાન કરી શકતા નથી. તેને પોતાની ત્રુટી જ દેખાય છે. પ્રાણ પતિના જેવું સુંદર સ્વરૂપ જળરૂપે વહન કરતું નિરખીને વલ્લભ આનંદની લહેરીમાં ઉછળે છે.

તરહટી શ્રીગોવર્ધન કી રહીએ

☐ ટીકા : શ્રીગોપીલાલજી ઔદીચ્ય – શ્રીગોવિંદ કોવિદ ☐ અનુવાદ : ગો.વા. શ્રીમગનલાલ એલ. તન્ના, બી. એ. રાજકોટ.

તરહટી શ્રીગોવર્ધન કી રહીએ,
નિત પ્રતિ મદનગોપાલલાલકે,
ચરણકમલ ચિત લહીએ....૧
તન પુલકિત વ્રજરજમેં લોટત,
ગોવિંદ કુંડમેં નહીએ,
'રસિક' પ્રીતમ હિત ચિત કી બાતેં,
શ્રીગિરિધારીજીસોં કહીએ....૨

ટીકા : શ્રીગોલોકધામમાં શ્રીકૃષ્ણના વક્ષઃસ્થલમાંથી શ્રીગોવર્ધન (ગિરિરાજ)નું પ્રાકટ્ય થયું. તે ઉત્તરાખંડમાં દ્રોણાચલ પર્વત ઉપર ત્રણ શિખરવાળા શ્રીગિરિરાજ પ્રકટ થઈને પુલસ્ત્ય ઋષિને નિમિત્ત બનવીને મથુરા (વ્રજમંડલ)માં શ્રીયમુનાજીની નજીક આદિ વૃંદાવન ચંદ્રસરોવર પરમ રાસસ્થળીમાં સ્થિર થઈને બિરાજમાન થયા. (આ શ્રીગિરિરાજના મધ્મય ભ્રાતા કામદગિરિ) કાન્તાનાથ પર્વત ઉપર શ્રીસીતારામ લક્ષ્મણની બેઠક છે.

ત્યાં પર્વતની મધ્યમાં કદમખંડીમાં શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીની બેઠક છે. આ ગિરિરાજના કનિષ્ઠ ભ્રાતા ચરણાદ્રિ (ચરણાટ–ચુનાર) છે. જ્યાં વામન ભગવાનનાં ચરણચિહ્ન છે. અહીં શ્રીવલ્લભાગ્નિકુમાર શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણનું પ્રાકટ્ય છે.

'શૈલોઽસ્મીતિ બ્રુવન્ ભૂરિ બલિમાદદ્ બૃહદ્વપુઃ'

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધના વાક્ય પ્રમાણે 'હું ગોવર્ધન પર્વત છું' એમ કહી વિશાળ રૂપ ધારણ કરીને અન્નકૂટ ભોગ સ્વીકાર્યો. એવા ગિરિરાજ ગોવર્ધનની તળેટીમાં નિવાસ કર્યો. આ જ ઈંદ્રદમન છે, શ્રીવ્રજમંડળના મુકુટમણિ તેમજ સંરક્ષક છે.

વ્રજવાસીજનોના કુળદેવ–ઈષ્ટદેવ છે. 'હન્તાયનદ્રિરબલા હરિદાસવર્યઃ' એમ શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ વેણુગીતમાં વર્ણન છે. શ્રીનારદાદિ હરિના દાસોમાં શ્રેષ્ઠ છે, તેમજ ભગવદરૂપ છે. આ ગિરિરાજમાં નિત્ય લીલાસ્થ ચારેય યૂથાધિપતિ સ્વામિનીની નિકુંજ તેમજ છ ઋતુ, બાર નિકુંજ, સોળ કંદરા, અગિયાર મુખ્ય શિલાઓ, આઠ દ્વાર છે. પાંચ, સાત, નવ, બાર, સોળ, વીશ કોશની છ પરિક્રમાઓ છે. એવા ગિરિરાજની તળેટીમાં નિવાસનો પ્રકાર કીધો છે.

નિત પ્રતિ મદનગોપાલલાલકે ચરણકમલ ચિત્ત લહીએ

ટીકા : નિત્ય, હરેક દિવસ રાત મદનગોપાલલાલનાં ચરણકમળમાં ચિત્ત લગાવીને અથવા ચરણકમળ પોતાના ચિત્તમાં ધારણ કરીને શ્રીગિરિવરની તળેટીમાં રહીએ. કારણ કે (યોગઃ ચિત્તવૃત્તિનિરોધઃ) ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવો તે જ ભક્તિયોગનું લક્ષણ છે. અથવા (ચેતસ્તત્પ્રવણં સેવા) એ આચાર્યશ્રીના વાક્યથી ચિત્ત શ્રીકૃષ્ણમાં પરોવાયેલું હોય તે જ સેવા છે. મનનો નિરોધ કરીને ભગવાનના ચરણકમળમાં લગાવવું. (ભક્તિમાર્ગે ચરણૌ પ્રધાનભુતૌ) એ સુબોધિનીના વાક્યથી ભક્તિમાર્ગમાં યુગલ ચરણકમળની પ્રધાનતા છે, અને મદનગોપાલ નામ તેને કહેવાય કે જે ગોપીજનના ગોપાલરૂપ શ્રીનંદરાયજીના લાલ જ મદનરૂપ કોટિ કંદર્પના

લાવણ્યરૂપ છે. અથવા શ્રીગોપીજનવલ્લભ રાસ વગેરે વિવિધ લીલાવિલાસી શ્રીકૃષ્ણ છે. (યદ્રામકૃષ્ણચરણસ્પર્શપ્રમોદઃ) –વેણુગીત શ્રીગિરિરાજને બલરામ અને કૃષ્ણનાં ચરણસ્પર્શથી પરમ આનંદ પ્રાપ્ત થયો. તેમજ (તવ પાદરજઃ પ્રપન્નાઃ) એ રાસમાં શ્રીગોપીજનનાં વાક્યથી (તે યદાંબુજ કૃણુ કુચેષુ) (ચરણપંકજ શન્તમં ચ તે રમણ નઃ સ્તનેસ્વર્પયાધિહન્) ઈત્યાદિ ગોપીગીતનાં વાક્યોથી ચરણ જ પ્રધાન છે.

તન પુલકિત વ્રજ રજમેં લોટત ગોવિંદ કુંડમેં નહીએ

ટીકા : હવે આ તૂકમાં શરીરનો વ્યવહાર કહે છે. શ્રીમદનગોપાલલાલનાં ચરણકમળમાં ચિત્ત લગાવવું તે તનમાં પુલકાયમન (રોમાંચ) પ્રફુલ્લિત થઈને વ્રજની રજમાં લોટવું. એ પ્રમાણે ગોવિંદકુંડમાં હરહંમેશ સ્નાન કરવું. એ શરીરનો (કાયિક) નિરોધ છે. (વૃંદાવનરજો વૃંદે તત્ર સ્યુઃ વિષ્ણુકોટયઃ) પદ્મપુરાણના વૃંદાવન માહાત્મ્યના વાક્યથી શ્રીવૃંદાવનની રજમાં કોટિ કોટિ વિષ્ણુ ભગવાન છે, અર્થાત્ વિષ્ણુ ભગવાન પણ લક્ષ્મીજી સહિત આ રજમાં લોટયા છે. (યદ્ ગોકુલેડપિ કત્માંઘ્રિરજોડભિષેકમ્) ભાગવત દશમ સ્કંધના વાક્યથી બ્રહ્માજી પણ ગોકુલમાં ચરણરજથી નાહવાની ઈચ્છા કરે છે. (અજ અજહુ વાંછત સુંદર વૃંદાવનકી, સો હુ તનક ન પાવત, સૂલ મીટત નહિ મનકી– નંદદાસ પંચાધ્યાય) શ્રીમહાદેવજી પણ વ્રજરજની પ્રાપ્તિ માટે વ્રજમંડલના પ્રત્યેક દ્વાર પર વિવિધ નામ રૂપ ધારણ કરીને વ્રજના પ્રત્યેક દ્વાર ઉપર વંદનમાલા બાંધે છે. ભગવાન કપિલદેવજી પણ વ્રજના કુમુદવનમાં તપ કરે છે. ભગવાન આદિવરાહ પણ મથુરાની પરિક્રમામાં સ્થિત છે. શ્રીનારદ, ઉદ્ધવ, અક્રૂર જેવા ભક્તગણ પણ વ્રજની રજમાં આળોટીને કૃતાર્થ થયા છે. ઈન્દ્રાદિ દેવોએ આકાશગંગાના જલથી શ્રીકૃષ્ણનો અભિષેક કરાવ્યો. આ શ્રીગોવિંદકુંડ છે કે જે કુંડમાં ગોવિંદસ્વામીએ શ્રીનાથજીને સ્નાન કરાવ્યું છે.

શ્રીવિઠ્ઠલનાથજી– ગુસાંઈજી હરહંમેશ ગોવિંદકુંડમાં સ્નાન કરીને સેવામાં પધારે છે. શ્રીગિરિરાજના પુરુષાકારમાં શ્રીગોવિંદકુંડ અધરનું સ્વરૂપ છે.

'રસિક' પ્રીતમ હિતચિતકી બાતેં શ્રીગિરિધારીજી સોં કહીએ ॥ ૨ ॥

ટીકા : રસિક શ્રીકૃષ્ણ હે પ્રીતમ, એમ શ્રીહરિરાયજી પુકારે છે. પોતાની હિતની, હૃદયની પ્રેમની વાતો શ્રીગિરિરાજધરણ શ્રીનાથજીને જ કહીએ. એ વાણીનો નિરોધ છે. (દ્વારકેશ નિરોધ માંગે એ હી ફલકી આશ હે) 'અતો નિરોધો મહાફલમ્' એ વાક્યથી નિરોધ મહાફલરૂપ છે. શ્રીવ્રજભક્તોનો કાયિક, વાચિક અને માનસિક એમ ત્રિવિધ નિરોધ શ્રીભગવાને કર્યો. આ અંગે સુબોધિનીમાં પણ પ્રકરણ મુખ્ય છે. તેજ આ કહેવાયેલા પદમાં ત્રિવિધ નિરોધનું વર્ણન છે. અર્થાત્ ત્રિવિધ નિરોધપૂર્વક શ્રીગિરિરાજની તળેટીમાં નિવાસ કરવો. (તર્હિ ભગ્નગતયઃ સરિતો વૈ તત્પદાંબુજરજોડનિલનીતમ્ સ્પૃહયતીઃ આલિંગન સ્થગિતમ્મૂર્મિભુજૈર્મુરારેર્ગૃહ્ણન્તિ પાદયુગલં કમલોપહારાઃ ॥ યુગલગીત અને વેણુગીતનાં વાક્યથી શ્રીકૃષ્ણનાં તેમજ શ્રીગોપીજનના ચરણકમલની રજ શ્રીયમુનાજીમાં બિરાજે છે. (મુરારિપદપંકજ સ્ફુરદમન્દરેણુત્કટામ્ । સકલગોપિકાસંગમ સ્મરશ્રમજલાણુભિઃસકલગાત્રજૈઃ સંગમઃ ॥ એવા યમુનાષ્ટકનાં વાક્યોથી (જલાદપિ રજઃ પુણ્યં રજસોડપિ જલં વરમ્, યત્ર વૃંદાવન તત્ર ગોવર્ધનગિરીશ્વરઃ) ઈત્યાદિ વાક્યોથી શ્રીયમુનાજીની કૃપાથી શ્રીવ્રજ, વૃંદાવન, ગોકુલ, ગોવર્ધન વગેરેનો નિવાસ પ્રાપ્ત થાય છે. તથા (ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ તલ્લીલાપ્રેમપૂરિતઃ) ગોવર્ધનાચલસખઃ, એ પ્રમાણે શ્રીવલ્લભ–શ્રીવિઠ્ઠલેશ પ્રભુની કૃપાથી થાય છે.

–ઈતિ

કાવ્ય – કુંજ

શ્રી હરિરાય મહાપ્રભુ વિરચિત

શ્રીનવનીતપ્રિયાષ્ટકમ્ (ભાવાનુવાદ)

મોહે ભ્રમર તારી અલકાવલિ રે લાલ
કસ્તુરી તિલક ઓ રે સોહતું રે લાલ
યશોદાજીના ચંચલ બાલ રે લાલ
અતિ સોહતું ઓ રે તારું ભાલ રે લાલ
હો રે મુજમતિ તુજમાં રે નવનીતલાલ
ઓ રે માખણચોર નવનીતલાલ......૧

કરે ચરણે નૂપુર ઝંકાર રે લાલ
કટી–ઘુઘરી કરે રે ગમ્મકાર રે લાલ
હાં રે વાઘનખાતણું અલંકાર રે લાલ
ધરી રુદિયું તારું કેવું સોહતું રે લાલ
હો રે મુજ મતિ તુજમાં રે નવનીતલાલ
ઓ રે માખણચોર નવનીતલાલ.......૨

ધરે કરમાં માખણતણું પિંડ રે લાલ
મૈયા બીવરાવે દિસો ભયભિત રે લાલ
રતિ–ભાવ શૃંગારમાં ધરતા રે લાલ
હાં રે અંતર તારું ગોપીવશ છે રે લાલ
હો રે મુજ મતિ તુજમાં રે નવનીતલાલ
ઓ રે માખણચોર નવનીતલાલ.......૩

બાલભાવે સુંદર અતિ લાગતા રે લાલ
ગોપી ઘેરથી દુગ્ધાદિ ચોરી લાવતા રે લાલ
તેની ચિમકીથી તમે ચમકતા રે લાલ
લોચનિયાં વિલોલ કેવાં કરતાં રે લાલ
હો રે મુજ મતિ તુજમાં રે નવનીતલાલ
ઓ રે માખણચોર નવનીતલાલ.......૪

શ્રીઅંગ વ્રજ–કાદવથી લીંપતા રે લાલ
જીતે શોભા–સ્વરૂપ કોટિ કામને રે લાલ
નંદાંગણે ઘૂંટણિયે ખેલતા રે લાલ
વિધ વિધ રે લીલા તમે કરતા રે લાલ
હો રે મુજ મતિ તુજમાં રે નવનીતલાલ
ઓ રે માખણચોર નવનીતલાલ.......૫

ધરે લકુટિ નાનકડી શ્રીહસ્તમાં રે લાલ
મોર મુકુટ મનહર ધારતા રે લાલ
હાં રે મોતી જડેલી નાની નથડી રે લાલ

હો રે મુજ મતિ તુજમાં રે નવનીતલાલ
ઓ રે માખણચોર નવનીતલાલ.......૬
કરે મુદિત મન થકી નૃત્ય રે લાલ
ગોપીજનના મનોરથ પૂરતા રે લાલ
દે નિજના સેવકને આનંદ રે લાલ
મધુ મુદિત ઓ રે સ્મિત કરતા રે લાલ
હો રે મુજ મતિ તુજમાં રે નવનીતલાલ
ઓ રે માખણચોર નવનીતલાલ.......૭
રે કામદેવનાયે તમે કામણ રે લાલ
શિવ બ્રહ્માદિ તમને નમતા રે લાલ
નિઃસાધન જીવોનાં ભજનીય છો રે લાલ
ભાવરૂપી શ્રીઅંગ આપ ધારતા રે લાલ
હો રે મુજ મતિ તુજમાં રે નવનીતલાલ
ઓ રે માખણચોર નવનીતલાલ.......૮

[ભાવાનુવાદ : ગરબાના ઢાળમાં પ્રો. આર. એમ. પાલેજા, રાજપીપળા]

હિંડોરાનું પદ

(રાગ – મલ્હાર)

હિંડોરે ઝૂલત બ્રજકો ભૂપ.
પચરંગી સાજ બિછોના પે રાજત
સુંદર શ્યામ નટવરનૂપ....૧
ઘનદામિની ગરજત બરસત
કહા બરની શોભા અનૂપ.
ગોકુલેશપ્રભુ ઝૂલે પ્રમુદિત
રચી રસકી અદ્‌ભુત કૂપ....૨

—શ્રીગોકુલેશ બાવા (જુનાગઢ)

વર્ષાઋતુ વર્ણન (હાઈકુ)

પૂ.પા. ગો. શ્રીગોકુલેશ બાવા (જુનાગઢ)

ઘનગરજે
પૃથ્વી તરસે; આ છે
શ્યામની લીલા.

(આ જગત જાણે)
મેઘજળમાં
જલક્રિડા કરતાં
શ્યામસુંદર.

(આ લીલા જાણે)
મેઘગરજે,
દામિની દમકે ને
મધુરવર્ષા.

દમકી રહ્યું;
અનુપમ સૌંદર્ય;
ક્રીડીતરૂપ.

તૃષિત પૃથ્વી
તોષાય મેઘે જેમ
શ્યામભક્તથી.

વર્ષાઋતુનું
સૌંદર્ય અદ્‌ભુત
શ્યામના સૂર.

મેહગેહમાં,
મુરલી વગાડે છે,
શ્યામ જ જાણે.

તૃષિતભૂમિ
વૃષ્ટિ મેઘની જાણે
કૃપા શ્યામની.

લાગે સુંદર
મેઘ અને દામિની
રાધેશ્યામ જ.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૭૨. નામ ફળીભૂત થવાના સાધન

જીવ નામ દે છે પણ ફળ મળતું નથી તેનું શું? હજારો જનમ નામ દે, પણ નામ ફળ મળતું નથી, તેનું શું કારણ છે? ત્યારે કહ્યું કે, આટલાં વાના હોય ત્યારે નામ ફળે. (૧) નામ (૨) રૂપ (૩) મનન (૪)ભક્તિ (૫) ભાગ્ય. જે કાળે આ બધા વાનાં એકઠાં થાય ત્યારે નામ ફળે. હવે પૂછ્યું કે નામ તે કયું?

ત્યારે કહ્યું કે, ગુરૂ આપે તે ખરું નામ. તે નામ અહોરાત જપ્યા કરે. રૂપ તે કયું? જે ગોવાળોમાં રમે છે, ગાયો ચરાવે છે, મલપતા રમે છે, જે રૂપ વ્રજ ભક્તોનું છે, તેની ભાવના કરે.

માંકડામાં, ગોવાળોમાં, ગેડી દડા રમ્યા છે, તે રૂપ વિના બીજા રૂપની ભાવના કરવી નહીં. પ્રભુની ભક્તિ તે પ્રભુ ઉપર સ્નેહ. આટલાં વાનાં થયા છતાં ભાગ્ય ન હોય તો સિદ્ધ થાય નહીં. માટે ભાગ્ય જે વેળા ઉઘડે તે વેળા ફળ થાય. ૭૨.

પુસ્તક પરિચય

મહાકવિ વલ્લભદાસજી દ્વારા રચિત પ્રકાશિત પુસ્તકો ની સૂચી (હિન્દી ભાષામાં)

(૧) વલ્લભદિવ્યાનુભૂતિ (વિનય કે પદ) રૂ. ૫૦/– (૨) ભ્રમર ગીત રૂ. ૩૦/– (૩) રાસ પંચાધ્યાયી રૂ. ૧૦/– (૪) મર્યાદા–ભક્તિ રૂ. ૪૦/– (૫) પુષ્ટિભક્તિ કે ૮૪ ભાવ રૂ. ૫૦/– (૬) પુષ્ટિ પરાકાષ્ઠા ભક્તિ ચિન્તામણિ રૂ. ૩૦/– (૭) નિત્યક્રમ કે પદ રૂ. ૨૫/– (૮) વર્ષોત્સવ રૂ. ૨૫/– (૯) શ્રૃંગાર રહસ્ય રૂ.૨૦/– (૧૧) શ્રૃંગાર વર્ણન રૂ. ૨૦/– (૧૧) વલ્લભદિવ્યાનુભૂતિ સાર રૂ. ૫૦/– (૧૨) વાર્તા સાહિત્ય રૂ.૪૦/–

નોંધઃ– પોસ્ટેજ, રેલ્વે ભાડું તથા પેકિંગ ચાર્જીસ અલગ થશે.

પુસ્તક મેળવવાનું સ્થળઃ વલ્લભદાસ સ્મારક મંડળ, ડો.બી.આર.શર્મા, " શર્મા નિવાસ"
શેખ કી બગીયા, જીવાજી ગંજ, ગ્વાલિયર– ૪૭૪ ૦૦૧ (મ.પ્ર.)

☐ **મધુરમ્ મધુરમ્ : લેખક** – શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ **પ્રાપ્તિસ્થાન** – શ્રીપુષ્ટિમાર્ગીય સેવા સમાજ,
મર્શીવિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પૂર્વ) મુંબઈ– ૪૦૦૧૦૧.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૬૦+૪ =૬૪. બહુરંગી ટાઈટલ, પીન બાઈડીંગ, પુસ્તિકા નં. ૩૫. ન્યોછાવર રૂ.૧૫/– પોસ્ટેજ રૂ. ૫/–

મધુરાષ્ટક એ સ્તુતિ કે વિજ્ઞપ્તિ નથી, પણ ઉર્મિકાવ્ય છે. શ્રાવણ સુદ અગિયારસના રોજ પ્રભુએ પ્રગટ થઈ શ્રીઆચાર્યજીને બ્રહ્મસંબંધ દ્વારા દૈવીજીવોના ઉદ્ધારનો મંત્ર આપેલો તે પ્રસંગે આપને ભગવાનના રસાત્મક સ્વરૂપનો જે પ્રમાણે અનુભવ થયો તેનું વર્ણન અહીં કરવામાં આવ્યું છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીના શ્રીઅંગ તેમજ લીલા પરિકર સાથે સંબંધિત અડતાલીસ અલૌકિક વસ્તુઓનો પરિચય 'મધુરમ' શબ્દથી આપ્યો છે. આ દરેક પદ સાથે એને સંબંધિત રસાત્મક લીલાનો અનુભવ થઈ શકે તે રીતે દરેક પદ અલગ અલગ લઈ તેને સંબંધી મધુર લીલાઓનું વિવરણ કરવામાં આવ્યું છે.

આ લેખો અગાઉ 'સત્સંગ'માં પ્રગટ થયેલ છે. હવે આ લેખો પુસ્તકરૂપે પ્રગટ કરવામાં આવ્યા છે. વૈષ્ણવ સૃષ્ટિએ માણવા અને વસાવવાલાયક પુસ્તિકા.

☐ **સુબોધિનીજી (ભાગ–૧ જન્મપ્રકરણં) :**

સંપાદક – શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ પ્રાપ્તિસ્થાન– ઉપર મુજબ.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૨૦+૬ =૨૨૬ ઓફસેટ પ્રિન્ટીંગ. સેકસન સિલાઈ, મલ્ટીકલરવાળું પાકું પુંઠું. ન્યોછાવર રૂ.૫૦/– પોસ્ટેજ રૂ. ૧૫/–

શ્રીહરિરાયજી એમના જન્મ વૈફલ્ય નિરૂપણાષ્ટકમાં સ્પષ્ટ આજ્ઞા કરે છે કે 'ન ચદષ્ટા સુબોધિની'– 'વૃથા તજજન્મ ભૂતલે'. શ્રીસુબોધિનીજીનું વાંચન–શ્રવણ કર્યુ નથી તેમનો જન્મ આ પૃથ્વી ઉપર નકામો ગયો છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવતના શ્રીસુબોધિનીજી નામની ટીકામાં ગૂઢાર્થ પ્રકટ કર્યા છે. જે વાંચવા–સમજવા અને મનન કરવા કઠીન છે.

પરંતુ પ્રસ્તુત ગ્રંથમાં અધ્યાય ૧ થી ૪ ના મૂળ શ્લોકો તેમજ તેના ઉપરની શ્રીમહાપ્રભુજી રચિત કારિકાઓ મૂળ સાથે (જે સંસ્કૃતમાં) છે તેનો સરળ ભાવાર્થ અને વિવરણ સમજી શકાય તેવી શૈલીમાં અનુવાદ રજુ કરેલ છે જે સૌ કોઈને વસાવવા અને માણવા જેવો ગ્રંથ.

આ શ્રેણી ક્રમશઃ પ્રકાશિત થતી રહે તેવી શુભેચ્છા.

સમાચાર

❑❑ કારગીલ યુદ્ધના મોરચા પર શહીદ થયેલા સૈનિકોને વૈષ્ણવ પરિષદની શ્રદ્ધાંજલિઃ

વડોદરા શહેરની ઈન્દ્રપુરી– ગોત્રી– વાડી– હરણી– સુલતાનપુરા– રેસકોર્સ– તરસાણી– અલકાપુરી– સમા...વિગેરે શાખાઓએ ''નવરત્ન'',''શ્રીકૃષ્ણાશ્રય''ના પાઠ દિનાંક ૧ જુલાઈ થી ૭ જુલાઈ સુધી કરી સૈનિકોની વિરતા અને મર્દાનગીને બિરદાવી શ્રધ્ધાંજલી અર્પણ કરેલ છે.

–– વૈષ્ણવ પરિષદ નાં વિભિન્ન આયોજનો ––

❑ એક્યુપ્રેસર અને હોમિયોપેથીક શિબિરનું ૧૭ જુલાઈના દિને નડિયાદમાં પૂ.પા.ગો.શ્રીવૃજરત્નલાલજીના વરદ હસ્તે પ્રારંભ.

❑ ૧૮–૧૯ જુલાઈ પૂ.પા.ગો.શ્રીવાગિશકુમારજી મહોદયનાં સાનિધ્યમાં સત્સંગ સભાઓના આયોજન મોડાસા, ધનસુરા, બાગડ, ડેનાઇ, સાંડલા....વિગેરે સ્થાનોમાં.

❑ પુષ્ટિમાર્ગીય ક્વીઝ પ્રશ્નાવલી ની બીજી આવૃતિ તથા 'ગીતા દર્શન' ગ્રંથોનો વિમોચન સમારંભ.

❑ ૨૩–૨૪–૨૫ જુલાઈ વડોદરા મુકામે વૈષ્ણવ પરિષદની કેન્દ્રિય તથા દરેક પ્રદેશમા પદાધિકારીઓની મિટીંગ

❑ વડોદરા શહેરની બધી શાખાના કાર્યકર્તા અને યુવા સંગઠનનાં સ્નેહમિલન

❑ ડભોઈ મુકામે ૨૫ જુલાઈના રોજ મોડાસા, ધનસુરા, બાગડ,ડેનાઇ,સાંડલા...વિગેરના પ્રવાસ દરમ્યાન પૂ.પા.ગો.શ્રીવાગીશકુમારજી મહોદયશ્રીએ શ્રીવલ્લભનાં વિચારોની વિસ્તૃત સમજ આપતા જણાવેલ કે શ્રીવલ્લભના વિચારો સમગ્ર માનવસૃષ્ટિ માટે પ્રેરણારૂપ છે તેથી બીજું કાંઇ થઇ ન શકે તો પ્રભુના નામનું સતત સ્મરણ કરતા રહેવાનો આગ્રહપુર્વક નો અભિગમ વર્તમાન કલીકાલમાં અપનાવવાથી જીવનો ઉદ્ધાર થાય છે. પ્રભુની પ્રાપ્તી માટે સંસાર છોડવાની જરૂર નથી પણ સંસારમાં રહીને પ્રભુની સેવા કરવાનો આગ્રહ રાખવો સારો. જો તે થઇ શકે તો અષ્ટક્ષર મંત્ર નુ સ્મરણ કરતા રહેવું જોઇએ.

વૈષ્ણવ પરિષદનાં સંગઠન મંત્રી શ્રીચીમનભાઈ શેઠે વર્તમાન સમયમાં સંપ્રદાય સામે આવી રહેલ પડકારોને પડકારવા તેમજ શ્રીવલ્લભના વિચારોનો પ્રચાર પ્રસાર કરવા સંગઠીત બની પ્રયાસો કરવાનું જણાવેલ

❑ નડિયાદ મુકામે પૂ.પા.ગો.શ્રીવૃજરત્નલાલજી મહારાજશ્રી દ્વારા નડિયાદ મુકામે એક્યુપ્રેશર પદ્ધતિ તથા હોમિયોપેથી શિબીરનું ઉદઘાટન કરતા આપશ્રીએ જણાવેલ કે પ્રભુની સન્મુખ થઇ પ્રભુની સેવા કરવા તથા વિવિધ ક્ષેત્રે સેવાકિય પ્રવૃતિઓ કરવા શરીરનું સ્વસ્થ્ય ખૂબ સારૂં હોવું જરૂરી છે.

❑❑ શ્રીલાલબાવા પ્રાગટય

વડોદરા શ્રીકલ્યાણરાયજી મંદિરમાં બીરાજતા પૂ.પા.ગો.શ્રી દ્વારિકેશલાલજી મહોદયશ્રી ને ત્યાં સવંત ૨૦૫૫નાં અધિક જયેષ્ઠ શુકલ પક્ષ ૮ ને શનિવાર દિનાંક ૨૨–૫–૯૯નાં દિને શ્રીલાલનનું પ્રાગટય થયું. આ પ્રસંગે વિવિધ મનોરથોનું આયોજન કરવામાં આવેલ.

□□ ચંપારણ્ય

વૈષ્ણવાચાર્ય પ.પૂ.પા.ગો.૧૦૮શ્રી જયદેવલાલજી મહોદયશ્રી (કડી–અમદાવાદ) ની અધ્યક્ષતામાં ચંપારણ્ય ની યાત્રા અમદાવાદથી નિકળી હતી તથા તા.૨૩–૬–૯૯ થી ૨૪–૬–૯૯ સુધી પ.પૂ.શ્રીજયદેવલાલજી નાં વલ્લભચરિત પર વચનામૃત થયા હતા. અને પ્રફુલચંદ્ર શાસ્ત્રીજીનાં સર્વોત્તમ સ્ત્રોત્ર પર પ્રવચન થયા હતા. અને સર્વોત્તમ યજ્ઞનું આયોજન થયુ હતુ. તથા વિવિધ અલૌકિક મનોરથો થયા હતા. તથા કાર્યક્રમનાં અંતે રાસ–ગરબા નું ભવ્ય આયોજન થયું હતું. આ સમગ્ર કાર્યક્રમનો લાભ લેવા માટે અમદાવાદ નાગપુર, હિંગનઘાટ, રાયપુર, ડભોઈ, વડોદરા, દુર્ગ વગેરેથી વૈષ્ણવ જોડાયા હતા.

□□ રાજકોટ

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ચરિત્રની પવિત્રકથા 'શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય' જેમાં શ્રીમહાપ્રભુજીએ ત્રણ ત્રણ વખત પૃથ્વી પરિક્રમા કરીને મનુષ્યોને સન્માર્ગે દોરી માનવધર્મ, ભગવદધર્મ પરાયણ કરી ઉત્તમ ભક્તિમાં પ્રવેશ કરાવનાર અને ઘોર કલિયુગમાં અભયદાન દેનાર શ્રીવલ્લભની આ સુંદર કથા– સંગીત સાથેનું આયોજન સુવિધા ભગવદ્ મંડલીની ભાવનાથી જલારામ–૨, 'વૃજ વાડી' માં તા. ૮–૮–૯૯ થી તા. ૧૭–૮–૯૯ સુધી કરવામાં આવેલ. જેમાં શ્રીનાનાલાલભાઈ ભટ્ટ, કુ. વર્ષાબેન ભટ્ટ, ભાનુબેન પટેલ, ઈન્દિરાબેન જાવિયા, કિરણબેન પટેલ, લલિતાબેન પટેલ, નયનાબેન જાની, હરેશભાઈ જાની, ગોરધનભાઈ ગજેરા વગેરેએ સરાહનીય સેવા આપી સહયોગ આપેલ.

આ કથાના સંપ્રદાયમાં એક માત્ર વક્તા 'શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય'ના રચયિતા ધમ્બોલા (રાજસ્થાન) નિવાસી શાસ્ત્રી ગણપતરામભાઈ પંડયા હતા. આ અલૌકિક કથા–રસપાનનો સ્થાનિક તેમજ બહારગામના વૈષ્ણવોએ સારી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધેલ. આ શ્રીવલ્લભચરિત્રની કથાનો 'શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય' ગ્રંથ વસાવવા ઈચ્છતા ભાવિકજનોએ પોતાના પૂરા સરનામા સાથે રૂ.૨૦૦/– બસો નીચેના સ્થળે મોકલવા વિનંતી કરવામાં આવી છે.

રવજી પ. પટેલ 'અમૃત' જલારામ–૧, માર્ગ–૩, યુનિવર્સિટી રોડ, રાજકોટ– ૩૬૦૦૦૫.

□□ બિકાનેરમાં શ્રીયમુનાજી ગુણગાન મહોત્સવ

બિકાનેર વૈષ્ણવ સમાજ તરફથી યુવા વૈષ્ણવાચાર્ય પૂ.ગોસ્વામી શ્રી૧૦૮ શ્રીજયદેવલાલજી મહોદય (કડી–અમદાવાદ)ની અધ્યક્ષતામાં શ્રીયમુના ગુણગાન મહોત્સવ તા. ૨૮ થી ૩૧ સુધી યોજાયો હતો. ૧૦૮ શ્રીયમુના લોટીજી પધરાવી વિવિધ મનોરથો થયા હતા. આપશ્રી દરરોજ વચનામૃતનો લાભ આપતા હતા. અંતિમ દિવસે કેસરી સાડીમાં સજ્જ વૈષ્ણવ મહિમાઓની માથે લોટીજી પધરાવી શોભાયાત્રા નિકળી હતી જે બધાજ પુષ્ટિ મંદિરોએ થઈ નગરમાં ત્રણ કલાક ફરી અંતે મુંદડોકી બગેચી ખાતે ધર્મસભાના રૂપમાં ફેરવાઈ હતી. આપે વૈષ્ણવ એકતા અને ભક્તિરૂપા શ્રીયમુનાજીનું માહાત્મ્ય સમજાવ્યું હતું.

આં.રા.પુ.વૈષ્ણવ પરિષદના કેન્દ્રિય અધ્યક્ષ તરીકે શેઠ શ્રી ઈન્દ્રકાન્તભાઈ પરીખની તથા કેન્દ્રિય મહામંત્રી તરીકે પ્રા. વી. પી. પરીખની વરણી

□□ આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના પ્રમુખ તરીકે છેલ્લા પંદર વર્ષથી કાર્યરત, સોલા ભાગવત વિદ્યાપીઠ, શ્રીવલ્લભ સદન અમદાવાદ, શ્રીવલ્લભ વિશ્વસંસ્થા જેવી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલ તેમજ કોટા– અમદાવાદના મંદિરોમાં ટ્રસ્ટી તરીકે સેવા આપનાર અમદાવાદના જાણીતા ઉદ્યોગપતિ શેઠશ્રી ઈન્દ્રકાન્તભાઈ ત્રિકમલાલ પરીખની કેન્દ્રિય જનરલ કાઉન્સીલની વડોદરા ખાતે મળેલી મીટીંગમાં સર્વાનુમતે બીજા સત્ર માટે પણ એટલે કે ૧૯૯૯ થી ૨૦૦૨ ના વર્ષો માટે કેન્દ્રિય અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે.

તેજ પ્રમાણે આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ ગુજરાતનાં મંત્રી તરીકે છેલ્લા ૧૦ વર્ષથી પ્રશસ્ય કામગીરી બજાવનાર બોડેલીની શેઠ ટી. સી. કાપડિયા આર્ટસ કોમર્સ કોલેજમાં ૨૫ વર્ષ સુધી એક સફળ આચાર્ય તરીકે સેવા બજાવનાર, અનેક સામાજિક અને સેવાકીય ટ્રસ્ટો સાથે સંકળાયેલી પ્રા. વી. પી. પરીખની આં.રા.પુ. વૈષ્ણવ પરિષદના કેન્દ્રિય મહામંત્રી તરીકે વરણી કરવામાં આવી છે. તેથી પરિષદની ગુજરાત પ્રદેશની વિભિન્ન શાખાઓ, વિભિન્ન રાજ્યોના વૈષ્ણવ કાર્યકરોમાં અતિ આનંદની લાગણી જન્મી છે.

ભાવાંજલી

કચ્છ–માંડવીવાળા નિ.લી.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજના સૌથી નાના લાલજી ગો. શ્રીમુરલીમનોહરજી (શ્રીમનુબાવા) તા.૨–૮–૯૯ સોમવારે નિત્યલીલામાં પધાર્યા. આપશ્રી અત્યંત ક્રાંતિકારી વિચારનાં હતા. પોતે ઈલેકટ્રીકલ, એન્જીનીયરીંગ વિદ્યામાં પારંગત થઈ ઉદ્યોગ–સંચાલન કરતા હતા. ગૃહસેવાના સિદ્ધાંતનું આપે સાર્થક રીતે પાલન કરી બતાવેલ.

આપ સાહિત્ય, સંગીત ખાસ કરી પખાવજ વાદનમાં કુશળતાનાં દર્શન કરાવતા હતા. આપના અચાનક નિત્યલીલા પ્રવેશથી ભૌતિક વિયોગજન્ય દુઃખની વેળામાં શ્રીવલ્લભસુધા–વ્યવસ્થાપક–સંપાદક મંડલ હાર્દિક ભાવાંજલી અર્પે છે.

ઘણાં વર્ષોથી કોઇ એક વ્યક્તિ મથુરા–વૃન્દાવન વગેરે યાત્રાધામ માં પોતાને 'શ્રીજીબાવા' તરીકે ઓળખાવે છે. અને ભોળી જનતાને પુષ્ટિમાર્ગના આચાર્ય ની નકલ કરી પોતાની તરફ આકર્ષે છે. હકિકતમાં એ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પણ નથી. વર્ષો પહેલાં નિ.લી.ગો.શ્રી પ્રથમેશજી મહારાજની પ્રેરણાથી અ.ભા.પુ.વૈષ્ણવ પરિષદના કાર્યકરોએ એ વ્યક્તિને કાયદાકીય નોટીસ વગેરે પણ આપેલ છતાં તે તેની રીતે પોતાના મંદીર વગેરે બનાવી પોતાને હવે સાક્ષાત શ્રી મહાપ્રભુજીનો અવતાર લેખાવે છે. આવી પત્રિકાઓ પણ તેણે બહાર પડાવી છે અને શ્રી ગથુરાજીમાં ભૂતેશ્વર પાસે તેની પ્રતિમા મૂકવાની તજવીજ પણ કરે છે. તેના વિરોધમાં પૂ.પા.ગો. શ્રી ૧૦૮ શ્રીકિશોરચંદ્રજી મહારાજશ્રી(જૂનાગઢ) તરફથી મથુરા ની નગરપાલીકાના પ્રમુખને નીચે મુજબ પત્ર લખેલ છે. જેમાં તે શ્રીજીબાવા નામધારીને ખૂલ્લા પાડતી હકિકત વર્ણવી છે. આ રીતે બધી જ પુષ્ટિમાર્ગીય સંસ્થાઓને આવા વિરોધ પત્ર દ્વારા શ્રીમહાપ્રભુજીના નામનું અપમાન થતું રોકવું જોઈએ.

(પૂ.પા.ગો.શ્રીકિશોરચંદ્રજી મહારાજ દ્વારા લખાયેલ પત્રનો મૂળ હિન્દી પરથી ગુજરાતી અનુવાદ)

પ્રતિ. શ્રી વિરેન્દ્રકુમારજી અગ્રવાલ,
પ્રમુખ, મથુરા નગરપાલિકા, મથુરા (ઉ.પ્ર.)

મહાશય,

પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યજીનું સ્થાન અદ્વિતિય છે. પુષ્ટિમાર્ગીય દીક્ષા દેવાનો અધિકાર/આચાર્યત્વ, શ્રીવલ્લભવંશજ ગોસ્વામી આચાર્યોમાં જ નિહિત (સમાયેલો) છે. પુષ્ટિમાર્ગમાં તેમનું મહત્વપૂર્ણ સ્થાન છે તો પણ તેઓ પણ શ્રીમહાપ્રભુજીની સમકક્ષ આવી શકતાં નથી.

એક યુગમાં ફરી એજ રીતે ભગવાનનો અવતાર નથી થતો જેમકે, શ્રીરામાવતાર અથવા શ્રી કૃષ્ણવતાર થયાં બાદ ફરી એજ યુગમાં એ અવતાર નથી થતો. એજરીતે શ્રીશંકરાચાર્યજી, શ્રીરામાનુજાચાર્યજી, શ્રીમધ્વાચાર્યજી, શ્રીનિમ્બાર્કાચાર્યજી અથવા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીનું પ્રાકટય થયાં બાદ ફરી આ જ યુગમાં તેમનો અવતાર થયો છે એમ માનવું અસ્વસ્થ મનોવૃતિને દેખાડનાઢં છે.

પોતાની જાતને શ્રીમહાપ્રભુનો સાક્ષાત અવતાર બતાવનાર વ્યક્તિ લાખો પુષ્ટિમાર્ગીયોની ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડે છે. મથુરામાં દર વર્ષે હજારો પુષ્ટિમાર્ગીયો આવે છે આવા સ્થળમાં મથુરાનગરપાલિકા, ભૂતેશ્વર ચોકમાં શ્રીજીબાવા ઘંટાઘરમાં શ્રીજીબાવાનું સ્ટેચ્યું(પ્રતિમા), પુષ્ટિમાર્ગના આચાર્ય/શ્રી મહાપ્રભુજીના સાક્ષાત અવતાર સ્વરૂપમાં સ્થાપિત કરવાની અનુમતિ આપીને અવિચારિત કાર્ય કરી રહી છે. અમારી ધાર્મિક ભાવના ને ધક્કો લાગે છે. વાસ્તવમાં સાર્વજનિક સ્થાનોમાં જે તે વ્યક્તિનું નામકરણ કરવું/સ્ટેચ્યું (પ્રતિમા) સ્થાપિત કરવી (એ) સ્વસ્થ પ્રવૃતિ નથી.

આશા છે અમારી આ ન્યાયોચિત વાતને ધ્યાનમાં રાખીને આ નિર્માણને રોકશો.

ઉત્તરની પ્રતિક્ષામાં ....

મોકલનાર
ગો.શ્રીકિશોરચંદ્રજી શ્રીપુરૂષોત્તમલાલજીમહારાજ
મોટી હવેલી– હવેલી લેન,
પંચહટડી ચોક, જૂનાગઢ. ૩૬૨૦૦૧.
તા. ૧૪–૭–૯૯

ભાદરવા વદ ૧ તા. ૨૬–૯–૯૯ રવિવાર : શ્રીબાલમુકુન્દજીનો પાટોત્સવ. (લાડુબેટીજી મંદિર) મુંબઈ તથા શ્રીમુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ. આજથી મુરલીના પદ વિજયાદશમી સુધી બોલાય. શ્રાદ્ધ–મહાલયનો આરંભ.

ભાદરવા વદ ૨ તા. ૨૭–૯–૯૯ સોમવાર : ગો.ચિ. દ્રુમીલકુમારજી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા વદ ૩ તા. ૨૮–૯–૯૯ મંગળવાર : ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી (સુરત–વડોદરા)નો જન્મદિન. (ચતુર્થીનો ક્ષય હોવાથી આજે)

ભાદરવા વદ ૫ તા. ૨૯–૯–૯૯ બુધવાર : શ્રીહરિરાયજી (૪૧ શિક્ષાપત્રવાળા)નો ઉત્સવ (સંવત ૧૬૪૭)

ભાદરવા વદ ૮ તા. ૨–૧૦–૯૯ શનિવાર : શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠપુત્ર શ્રીગોપીનાથજીના લાલજી શ્રીપુરૂષોત્તમજીનો ઉત્સવ. (સંવત ૧૫૮૭)

ભાદરવા વદ ૯ તા. ૩–૧૦–૯૯ રવિવાર : અવિધવા નવમી. સૌભાગ્યવતી સ્ત્રીઓનું શ્રાદ્ધ. ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજ (કડી–અમદાવાદ)નો જન્મદિન.

ભાદરવા વદ ૧૧ તા. ૫–૧૦–૯૯ મંગળવાર : ઈન્દિરા એકાદશી વ્રત.

ભાદરવા વદ ૧૨ તા. ૬–૧૦–૯૯ બુધવાર : શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનો ઉત્સવ (સંવત ૧૫૬૭)

ભાદરવા વદ ૧૩ તા. ૭–૧૦–૯૯ ગુરૂવાર : શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણલાલજીનો ઉત્સવ. (સંવત ૧૬૦૬)

ભાદરવા વદ ૩૦ (અમાસ) તા. ૯–૧૦–૯૯ શનિવાર : સર્વપિત્રી– દર્શ– અમાવસ્યા. કોટની આરતી. સાંઝીની સમાપ્તિ. શ્રાદ્ધ–મહાલય.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ. ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-09-1999.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.શ્રી.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૧. ભગવદ્ - સ્તુતિ વિજ્ઞપ્તિ

હરિ વિઠ્ઠલ અઘમુદ્ધરન,
ઈત્યાદિક નિજ નામ;
અર્થ કહા યહ શબ્દકોં,
કહો કૃપા કરિ, સ્યામ. (૧૪)

ટીકા : હે શ્રીઘનશ્યામ! કૃષ્ણ! તમારું નામ એકતો શ્રીવિઠ્ઠલ છે, તેનો અર્થ એ છે જે 'વિ' તે જ્ઞાનવાચક છે ને 'ઠ' શૂન્યવાચક છે ને 'લ' ગ્રહણવાચક છે. એ ત્રણે અક્ષરને જોડતાં એટલે અર્થ નિકળ્યો, જે જ્ઞાનશૂન્ય જે જીવ તેને સ્વીકારે તે વિઠ્ઠલ કહેવાય. ત્યારે હું પણ જ્ઞાનશૂન્ય છું. તે મારું ગ્રહણ કરો, ને હરિનામનું બિરદ પાળો. (૧૪)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૩૭૦૭૧.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૭ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ઓક્ટોબર , ૧૯૯૯

વચનસુધા

“ શ્રીવલ્લભાચાર્યે નવીન દ્રષ્ટિકોણ આપ્યો આખા જગતને કે, જો આને જોવું હોય તો ભગવદીય દષ્ટિથી જુઓ. જે ભાગવત્ ધર્મ કહે છે તે પ્રમાણે કઈ રીતે જોઈ શકાય. ભાગવતનાં શ્લોકમાં જ આપણે વાંચી શકીએ છીએ કે “ નિર્મત્સરણાં સતાં ” જે લોકોને અંતઃકરણમાં કપટ નથી, “પ્રકર્ષેણ ઉજજઝીતઃ” કપટને સરખી રીતે જેણે કાઢી નાખ્યું– મનમાંથી કપટને કાઢી નાખ્યું ત્યારેજ ઓલાં અમાયિક બ્રહ્મના શુદ્ધ રસાત્મક બ્રહ્મના સ્વરૂપનું દર્શન થયું. અને નિર્મત્સર હતા.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૯)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

આસો સુદ ૧ તા. ૧૦–૧૦–૯૯ રવિવાર : નવવિલાસ. નવરાત્રી આરંભ. અંકુરારોપણ, રાસના પદ બધા સમયમાં, કરખાના પદ ભોગમાં તથા રાસ પંચાધ્યાય ભોગનો ટેરો આવ્યા પછી તથા સેનભોગ વખતે બોલાય. ગો.શ્રીપ્રણયકુમારજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો તથા ગો.શ્રી અનુરાગજી (સુરત)નો તથા ગો.શ્રીવાગીશબાવાશ્રી (રાજનગર–અમદાવાદ)નો તથા ગો.શ્રીમિથિલેશકુમારજી (કાંદીવલી)નો જન્મદિન.

આસો સુદ ૩ તા. ૧૨–૧૦–૯૯ મંગળવાર : ગો. શ્રીરસિકવલ્લભજી મહારાજ (વિલેપાર્લે)નો જન્મદિન.

આસો સુદ ૭ તા. ૧૬–૧૦–૯૯ શનિવાર : સરસ્વતી આવાહન. ગો.શ્રીહરિરાયજી મહારાજ (મુંબઈ–મદ્રાસ)નો તથા ગો. શ્રીગોકુલોત્સવજી બાવાશ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

આસો સુદ ૯ તા. ૧૯–૧૦–૯૯ મંગળવાર : વિજયા દશમી. દશહરા. અંકુરાર્પણ. સરસ્વતી વિસર્જન. નવરાત્રી સમાપ્ત. ગો. શ્રીવાગધીશ બાવાશ્રી (શ્રીનાથદ્વારા દ્વિતીય ગૃહ) તથા ગો.શ્રીરવિકુમારજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો જન્મદિન.

આસો સુદ ૧૦ તા. ૨૦–૧૦–૯૯ બુધવાર : ગો.શ્રીદામોદરલાલજી મહારાજશ્રી (કડી–કોટા–કાંદીવલી)નો જન્મદિન.

આસો સુદ ૧૧ તા. ૨૧–૧૦–૯૯ ગુરૂવાર : પાશાંકુશા એકાદશી વ્રત. ગો.શ્રીકૃષ્ણકુમારજી મહારાજ (કામવન) તથા ગો.શ્રીગોપીકાલંકારજી (મુંબઈ)નો જન્મદિન.

આસો સુદ ૧૩ તા. ૨૩–૧૦–૯૯ શનિવાર : શ્રીબાલકૃષ્ણલાલજી (સુરત)નો પાટોત્સવ. ગો.શ્રીશિશિરકુમારજી (મુંબઈ–પાર્લા)નો જન્મદિન.

આસો સુદ ૧૫ તા. ૨૪–૧૦–૯૯ રવિવાર : શરદપૂર્ણિમા. રાસોત્સવ. કાર્તિક સ્નાન પ્રારંભ. શ્રીરણછોડજી (ડાકોર)નો મેળો.

આસો વદ ૧ તા. ૨૫–૧૦–૯૯ સોમવાર : શ્રીગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ.

આસો વદ ૩ તા. ૨૭–૧૦–૯૯ બુધવાર : ગો.ચિ.વિજયકુમારજી (કોટા)નો જન્મદિન.

આસો વદ ૪ તા. ૨૮–૧૦–૯૯ ગુરૂવાર : ગો. ચિ. હરિરાયજીબાવાશ્રી (કામવન)નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૭ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ☐ ઓક્ટોબર,૧૯૯૯

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી પૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં
ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

એક જરૂરી ખુલાસો : ઘણાં અણસમજુ લોકો કહેવા લાગ્યા છે કે, 'સેવા કરતાં કરતાં આટલાં બધાં (ચોરાશી) અપરાધ પડતાં હોય તો સેવા જ ન કરવી. કેમકે.બધાં અપરાધોમાંથી સાંગોપાંગ કેમ બચી શકાય ? પણ આ વાત અત્યંત ભૂલભરેલી છે. આ જે અપરાધોની ગણતરી બતાવી છે તે સેવામાં સાવધાની રાખવા માટે બતાવી છે, અને કદાચ ચોરાશીએ ચોરાશી અપરાધ થઈ જાય તો એ, તે દરેક અપરાધ એક એક પૈસા જેવો ગણાય. પણ જે બ્રહ્મસંબંધ લઈને, પુષ્ટિમાર્ગમાં આવીને, પુષ્ટિમાર્ગનું પરમફલ જે ભગવદ્ સેવા તે જ ન કરે તેનો તો અપરાધ સહુથી મોટો ગણાય–હજાર રૂપિયા જેવડો ગણાય. માટે શ્રીગુરૂદેવાની આજ્ઞા અનુસાર ભગવદ્સેવા અવશ્ય કરવી એજ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું–જીવન સાફલ્ય છે.

અપરાધ છવ્વીસમો : " શૈયા કે વસ્ત્ર દીન આઠમેં બદલને "

શૈય્યાના ઓછાડ–ચાદર તકીયાની ખોળ વગેરે વસ્ત્રો દર આઠ દિવસે બદલી ધોઈ સ્વચ્છ કરવા જોઈએ.

અપરાધ સત્યાવીસમો : " સિંહાસન કે નિત્ય ઝારે, નિત્ય બીછાવનો "

શ્રીઠાકોરજીના બિરાજવાના સિંહાસન અને તે પરના સાજનું વસ્ત્ર વગેરે દરરોજ ઉઠાવી સ્વચ્છ કરી–ઝાપટીને નિત્ય બિછાવવું જોઈએ.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક.પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય
ગ્રંથ–પરિચય

☐ હિન્દીમાં લેખક : ગોસ્વામી શ્રી શ્યામમનોહરજી (પાર્લા) ☐

☐ ભાષાંતર કર્તા : પ્રો. પ્રતાપરાય કાં. શાહ (કોવિદ) ☐

—ગતાંકથી ચાલુ

આ વાત શ્રીમહાપ્રભુજીને લાગુ પડતી નથી. તેથી જ ભાષ્યકાશ આ વાત જ કહે છે —‘‘તેન ભગવદ્ ભજન એવ તત્રાપિ પુષ્ટિમાર્ગ એવ શ્રુતેર્ભર; ઈતિ જ્ઞાયતે’’. તેથી જેમને ભગવત્સેવાનું સદભાગ્ય પ્રાપ્ત થતું નથી તેમને માટે વિરહાનુભવાર્થં સંન્યાસનો કલ્પ છે. આનાથી આ વાત સુદઢ થાય છેકે શ્રીમહાપ્રભુજીના સંન્યાસનું સ્વરૂપ અને પ્રયોજન આ‘‘સંન્યાસ નિર્ણય’’માં નિરૂપિત ભક્તિમાર્ગીય મધ્યમાધિકારના સૂચક સંન્યાસના સ્વરૂપ તથા પ્રયોજનથી ભિન્ન જ હતાં.

આ જ કારણને લીધે દામોદરદાસ થી માંડીને બીજા વૈષ્ણવોની પણ આપના અનુવર્તનની પ્રાર્થનાનો શ્રીમહાપ્રભુજીએ અસ્વીકાર કરી દીધો હતો. શ્રીયદુનાથજીના શબ્દોમાં,‘‘તતો દામોદરાદીનાં સહયાનાર્થંચાર્થંના જાતા. આચાર્યઃ યુષ્માકં ભાગવત સંન્યાસોસ્ત્યેવ મત્કાર્યાર્થં ઉદ્ધવાદિહૈવ સ્થાતવ્યમિત્યુક્ત્વા’ સંન્યાસ નિર્ણયઃ શ્રાવિતઃ’’.‘‘ભાગવત સંન્યાસ’’ થી આપનું તાત્પર્ય બ્રહ્મસંબંધ ગદ્ય દ્વારા આત્મનિવેદનની બાબતમાં જ પ્રતીત થાય છે. સ્વયમ શ્રીમહાપ્રભુજીના ત્રિદંડવિધિથી સંન્યાસગ્રહણનું પ્રયોજન ભગવદાજ્ઞાનુ પાલન જ હતું. તેથી એની આજ્ઞાના અભાવમાં અન્ય અનુયાયીઓને માટે સંન્યાસમાં આપનું અનુવર્તન સર્વથા અનાવશ્યક હતું.

નરહરિ તો પહેલાંથી જ સંન્યાસ લઈ ચૂક્યા હતા. અને એક આશ્રમમાંથી બીજા આશ્રમમાં એકવાર પંહોચ્યા પછી પુનરાવર્તન સર્વથા (બધી રીતે) શાસ્ત્રનિષિધ છે, તેથીજ વૃંદાવનમાં પહેલાં નરહરિને ત્રિદંડ વિધિથી અર્થાત્ શાસ્ત્રસંમત રીતીથી સંન્યાસ લેવરાવવામાં આવ્યો અને પછીથી બદરિકાશ્રમમાં તેમને આ ‘‘સંન્યાસ ગ્રહણ’’ ગ્રંથના ઉપદેશ દ્વારા ભગવદ વિરહાનુભવમાં દીક્ષિત કરવામાં આવ્યા.

સંન્યાસનું વિધાન પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણા થી ઉપર ઉઠવાવાળાઓને માટે શાસ્ત્રમાં મળે છે. પરંતુ શિષ્યૈષણામાં આ ત્રણેય વાસનાઓ છુપારૂપથી ત્રણગણી થઈ જાય છે પુત્ર તો બે ચાર પેદા થઈ જાય તો લાલસા સંતુષ્ટ થઈ જાય છે. પરંતુ શિષ્યૈષણા તો બે ચારહજાર ચેલાઓ મળી આવવા છતાં પણ સંતોષનું નામ લેતી નથી તેથી જ પોતાના સહજ પરિવારના પોષણને માટે વિત્તની અપેક્ષા એટલી નથી હોતી કે જેટલી મઠ યા આશ્રમોમાં એકઠા થયેલા ચેલાઓના પોષણને માટે હોય છે. એક સાંસારિક વ્યક્તિ પોતાના ગુણોની કીર્તિની લાલસાથી એટલો ગ્રસ્ત નથી હોતો જેટલો કે એક આધુનિક પરમહંસ પોતાના ત્યાગની કીર્તિની લાલસાથી ગ્રસ્ત થાય છે! વસ્તુતઃ વિરક્તની ત્યાગસાધનામાં બહુ મોટું અંતર પડી જાય છે.

વાસ્તવિક વૈરાગ્ય વ્યક્તિને કોઈક સીમા સુધી ઉપર ઉઠાવી શકે છે પરંતુ વૈરાગ્યહીન ત્યાગ આપણને વધુ નીચે ધકેલી દે છે. શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત છે કે કોઈ વસ્તુનો વ્યર્થ ત્યાગ કરવા કરતાં તેને ભગવાનને સમર્પિત કરી દેવું એ ઉચિત વાત છે. તેથી જ જ્યારે આપણે સમર્પિત કરી શકતા નથી ત્યારે કેવળ વિરક્તિ(વૈરાગ્ય)ના આધાર પર પ્રાપ્ત વસ્તુના ત્યાગને બદલે ભગવદનુરક્તિની તન્મયતામાં તેનો ત્યાગ કરવામાં આવે તો એ વાત બની શકે છે.

ત્યાગ તેના પોતામાં એક સ્વતંત્ર માર્ગ હોવા વિષેની મહત્તા નથી રાખતો. માર્ગ તો ત્રણજ હોય છે (૧)કર્મમાર્ગ (૨)જ્ઞાનમાર્ગ (૩)ભક્તિમાર્ગ. કર્મ, જ્ઞાન, યા ભક્તિના અંગરૂપે ત્યાગની મહત્ત અવશ્ય માન્ય થઈ શકેછે, પરંતુ આ(ત્રણ)થી રહિત કેવળ ત્યાગ તો મનુષ્યને કેવળ પરિવ્રાજક જ બનાવી શકે છે—કોઈ સ્થાન પર પહોંચાડતો નથી.

શ્રીમહાપ્રભુજી સંન્યાસનો નિર્ણય કેવળ વૈરાગ્યના સંદર્ભમાં આપવાનું પસંદ કરતા નથી. કર્મ, જ્ઞાન,યા ભક્તિમાંથી કોઈ એકની સાથે જ્યારે વૈરાગ્ય પ્રકટ થાય ત્યારે સંન્યાસ યા ત્યાગતો વિચાર પ્રાસંગિક બનેછે. ભાગવત(૧૧/૨૦/૭–૮)માં આવે છે કે—

"યોગાસ્ત્રયોમયા પ્રોક્તા નૃણાં શ્રેયો વિધિત્સયા કૃપાનં, કર્મ ચ ભક્તિશ્ચ નોપાયોન્યોસ્તિ કૃત્ર ચિત્ત્ નિર્વિણ્ણતાં જ્ઞાનયોગ...કર્મયોગસ્તુ કામિનાં...ન નિર્વિણ્ણો નાતિસક્તો ભક્તિયોગોસ્ય સિદ્ધિદઃ"

અર્થાત્ ભક્તિપ્રધાન સાધકને માટે જ્ઞાનયોગ, સકામ સાધકોને માટે કર્મયોગ; તથા ન વિરક્ત અને ન અતિસકામ એવા સાધકને માટે ભક્તિયોગ સિદ્ધિપ્રદ થાય છે. આ કર્મજ્ઞાન યા ભક્તિના માર્ગ પર આગળ વધ્યા પછી અર્થાત્ વૈરાગ્ય દૃઢ થાય પછી સંન્યાસનો વિચાર પ્રાસંગિક બને છે.

આ વિષયમાં સુબોધિની (૩/૧૨/૪૨)માં એક વિસ્તૃત સ્પષ્ટીકરણ શ્રીમહાપ્રભુજીએ કર્યુ છે(આપ્યું છે). તેનો અનુવાદ જોઈ લઈએ:

"બ્રાહ્મણને માટે એ વાત આવશ્યક છે કે એ ચારેય આશ્રમોમાં ક્રમશઃ પ્રવેશ કરે...કોઈ એક આશ્રમમાં સ્થિર થવાનું પણ, એવી કામના હોય તો, શાસ્ત્રનુમત છે... જે ઊર્ધ્વરેતસ ભક્ત હોય છે. તેઓ ઈચ્છે તો નૈષ્ઠિક બ્રહ્મચર્ય આશ્રમમાં સ્થિર થઈ શકે છે. સર્વથા વૈરાગ્યરહિત અથવા ઉત્કટ કામનાવાળાને માટે ગૃહસ્થ (એટલે ઘરમાં રહેવું તે) જ ઠીક રહે છે. તેણે વેદોના યથાશક્તિ અધ્યયન કર્યા પછી, શાસ્ત્રીય વિધિ પ્રમાણે વિવાહ કરીને, યાવદજીવન અગ્નિહોત્ર વગેરે કર્મોના અનુષ્ઠાનમાં તત્પર (રોકાયેલા)રહેવું જોઈએ....તેથી જ આપસ્તમ્બકારે—શાસ્ત્રકારે બધા આશ્રમોને એક સરખા માન્યા છે. કોઈપણ આશ્રમના કર્તવ્યોના યથાવત્ પાલન કરવાથી સિદ્ધિ મળે છે. કોઈક કોઈક સ્થળે એક આશ્રમની પ્રસંશા કરવાને માટે બીજા આશ્રમની નિંદા કરેલી પણ દેખાઈ આવે છે. પરંતુ તેનું વાસ્તવિક તાત્પર્ય તો કોઈ એક ખાસ આશ્રમની પ્રસંશાના રૂપમાં જ લેવું જોઈએ. અન્યથા(જો એમ ન કરીએ તો) શ્રુતિવચનો માં પરસ્પર વિરોધાભાસ થવા લાગશે, જ્યારે બ્રાહ્મણોનું આ કર્તવ્ય છે કે કોઈ પણ શ્રુતિવાક્યને અપ્રામાણિક ન માને"

કર્મજ્ઞાન તથા ભક્તિના ત્રણ પ્રમુખ ભેદ તથા તદંતરગત બીજા પણ ઉપભેદોને નજરમાં રાખીએ તો આ પ્રસ્તુત "સંન્યાસનિર્ણયગ્રં માં કુલ આઠ પ્રકારના સંન્યાસોની બાબતમાં આપણને નિર્ણય (ચોકકસ ચુકાદો) મળે છે. (મેળવવાનો છે,. બોધની સરળતાને માટે તેમને વર્ગીકરણ દ્વારા સમજી શકાય છે.


સંન્યાસ
કર્મમાર્ગીય
ભક્તિમાર્ગીય
જ્ઞાનમાર્ગીય
કર્મફલ ત્યાગરૂપ (૧)
ચતુર્થ આશ્રમ રૂપ (૨)
જ્ઞાનાર્થ (૭)
જ્ઞાનોત્તર (૮)
ભક્ત્યર્થ
ભક્ત્યુત્તર
ભક્તિસાધક શ્રવણાદિ નિર્વાહાર્થ (૩)
ભક્તિબાધક ગૃહાદિ ત્યાગાર્થ (૪)
વિરહાનુ ભવાર્થ (૫)
પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ સ્વભાવસિદ્ધ (૬)

આત્મોદ્ધારના ત્રણેય માર્ગોમાં સાંસારિક અહંતા—મમતાની ઉપર ચડવાના સાચા ઉપાય, વૈરાગ્ય સહિત કર્મજ્ઞાન અથવા ભક્તિતો થઈ શકેછે, પરંતુ કેવલ ત્યાગ યા સંન્યાસ નહીં.. તો પણ ભ્રામક ઉત્સાહવશ મોટાભાગના લોકો સ્વમાર્ગમાં પૂર્ણ નિષ્ઠા તથા વૈરાગ્યના અભાવમાં જ ત્યાગ યા સંન્યાસની ઉતાવળ કરી બેસે છે અને સ્વમાર્ગ તથા સન્માર્ગથી રખડી જાય છે.

પુષ્ટિમાર્ગીય જીવ પણ ક્યારેક એવા મિથ્યાચારવાળા ત્યાગના યા સંન્યાસના ફેરામાં પડી શકે છે. ખાસ કરીને સ્વગુહમાં ભગવત્સેવા ન નિભાવી શકનાર લોકો અને દૃઢ બીજભાવવાળા લોકોને માટે શ્રીમહાપ્રભુજીએ પણ ગૃહત્યાગનો જે ઉપદેશ 'ભક્તિવર્ધિની''માં આપ્યો છે તેનું તાત્પર્ય સારી રીતે ન સમજી શકવાના કારણે, પુષ્ટિમાર્ગીય વિવેક વગર ઉતાવળમાં કોઈ ત્યાગ યા સંન્યાસની ભૂલ કરી શકે છે. એવા લોકોના ભાગ્યમાં પસ્તાવા સિવાય બીજું કંઇ નથી હોતું.

આપણા પુષ્ટિમાર્ગીય જીવ એવા મિથ્યાચારના ચક્કરમાં પડીને આપણા પુષ્ટિમાર્ગીય ફલથી પણ વંચિત (વગરના) ન રહી જાય—આખા જીવનને જ એક મહાપાખંડનું નાટક ન બનાવી નાખે એટલા માટે (એ હેતુથી) શ્રીમહાપ્રભુજી ત્યાગ—સંન્યાસ સંબંધી પોતાના વિચારોને સ્પષ્ટ કરે છે. જેથી ત્યાગ યા સંન્યાસના ચક્કરમાં ફસાઈ પડેલા લોકો સંભવિત પશ્ચાતાપથી બચી શકે અને જેઓ નરહરિ સંન્યાસીની માફક સંન્યાસ લઈ જ ચૂક્યા હોય તેમને ફરીથી ભક્તિમાર્ગ પર પાછા ચડી જવાની દિશાની ખબર પડે—પશ્ચાતાપથી ઉભરાઈ ગયા પછી.

(૧) કર્મફલ—ત્યાગરૂપ કર્મમાર્ગીય સંન્યાસ

તે તે વર્ણ યા આશ્રમ આદિની દ્રષ્ટિથી જે કર્મો નિયત (નક્કી) થતાં હોય છે તેમનો પરિત્યાગ ઉચિત નથી હોતો.(ગીતા ૩/૮). સર્વનિર્ણયના પ્રારંભમાં આ વાત કહી દેવામાં આવેલી છે, કે કેવલ નિત્યકર્મનું ફલ આત્મસુખરૂપ હોય છે તથા તેનો ત્યાગ કરવાથી પ્રત્યવાદ—અપરાધ લાગે છે. આ જ નિત્ય કર્મ બ્રહ્મવિદ્યાની સાથે હોય તો બ્રહ્માનંદનું દાન પણ કરે છે—''ભગવદાનંદરૂપં ફલં બ્રહ્મજ્ઞાનયુક્તસ્ય યથોક્તકર્મ કર્તુરેવ'' (સર્વનિ—૪). દરેક દ્રષ્ટિથી જોતાં વર્ણાશ્રમાચારાદિ શાસ્ત્રવિહિત નિત્યકર્તવ્યોનો ત્યાગ દેહાભિમાન ચાલું રહે ત્યાં સુધી શાસ્ત્રાનુમોદિત નથી હોતું. (યાવત્ દેહાભિમાનઃ તાવત

વર્ણાશ્રમધર્મ જ સ્વધર્મ ગણાય) સુબો.૩/૨૮/૨)

નિષ્કામ કર્માનુષ્ઠાન કરવાવાળો પણ બ્રહ્મસંસ્થ (બ્રહ્મમાં સારી રીતે રહેલો) હોઈ શકે છે, એમ શ્રીશંકરાચાર્ય નથી માનતા–"તસ્માત્કર્મનિમિત્ત વિદ્યા પ્રત્યયોર્વિરોધાત્" (છાં.ભા.૨/૨૩/૧). કિન્તુ ગીતા (૩/૫–૮)ની અનુસાર શ્રીમહાપ્રભુજીના મતમાં નિયત કર્મનો ત્યાગ નથી હોતો તેથી બ્રહ્મચર્ય,ગાર્હસ્થ યા વાનપ્રસ્થ માંથી કોઈ પણ એક આશ્રમમાં નૈષ્ઠિક વ્રત ધારણ કરીને સ્વાશ્રમોચિત કર્તવ્યોનું જેલોકો નિષ્કામ અનુષ્ઠાન કરે છે તો જ્ઞાનમાર્ગીય બ્રહ્માનંદની પ્રાપ્તિ પણ સંભવિત છે.(ગીતા ૯/૩૪)

બૃહદારણ્યકોપષિદ્ (૪/૪/૨૨/)માં–"તમેતં વેદાનુવચનેન બ્રાહ્મણા વિવિદિષન્તિ મજ્ઞેન દાનેન તપસ્વડનાશકેન એતમેવ વિદિત્વા મુનિઃભવતિ" એમ કહીને બ્રહ્મચર્ય, નૈષ્ઠિક, બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય તથા વાનપ્રસ્થ આશ્રમના કર્તવ્યોના નિષ્કામ અનુષ્ઠાન ને પણ ચિત્તની બ્રહ્મજ્ઞાનોપયોગી શુદ્ધિમાં–વિવિદિષામાં સાધન માનવામાં આવ્યું છે.

–ક્રમશઃ

વાંચીયે – વિચારીયે

જ્યાં સુધી મનુષ્ય પોતાના દોષને પોતે જોતો નથી ત્યાં સુધી એના હૃદયમાં દેવત્વનો પ્રવેશ થતો નથી. પોતે જાણે છે આ જગતમાં જે જન્મ્યા તે રહેતા નથી. હું પણ રહેનાર નથી છતાં પોતે રાજકીય સત્તા પ્રાપ્ત કરી મહાન બનું જેથી સર્વ સુખ સંપત્તિનો અધિકારી થઈ સર્વ લોકો મારી મહાનતા જોઈ મારા ગુણ ગાશે, પૂર્વ થયેલ રાજાઓની સત્તા સામર્થ્યના ઈતિહાસ ક્યારેય વાંચ્યા છે ખરા ?

તે હાલમાં ક્યાં છે ? જ્યારે એવા મહાન ધર્મ કર્મ પરાયણ પુરૂષોનું આજે નામનિશાન જોવામાં આવતું નથી તો વિચાર કર તારું કેમ થશે ? પહેલા તો દેહનો ભરોસો નથી. ક્ષણભંગુર અકસ્માત, ભયંકર બિમારી, ફાયદો કરવા જતા નુકસાન પ્રત્યક્ષ પોતાનું અને પારકાનું નજરોનજર જોઈ શકીએ છીએ. પોતાનું ધાર્યુ થાય કદી ? પોતાના હાથમાં સત્તા આવ્યે તું સ્થિર રહી શકે ખરો ? તેનો કોઈ નિર્ણય લઈ શક્યો છે ?

જ્યારે બીજાના ગુણોને દોષ દેખાડી અને પોતાના દુર્ગુણોને સદ્ગુણો દેખાડી સદ્ગુણી બની શકે ખરો ? પશુ, પક્ષી દેહથી માનવદેહ ઉત્તમ. ઈશ્વર પ્રાપ્તિ માટે ઈશ્વરે આ દેહ બક્ષી દીધો છે. એ પોતાના દુષ્ટ કર્મોથી આ દેહ દેવને દુર્લભ પાછો મળી શકે ખરો ? તું જેને પોતાના માને છે તે પોતાના છે કે નથી ? એનો તે વિચાર કર્યો છે? વાહનમાં મુસાફરી કરનાર સાથે રહે છે. સ્ટેશન આવ્યે ઉતરે છે. યા તો અકસ્માત ન થાય એવો કોઈ નિર્ણય છે ? જે ક્ષણ અત્યારે જઈ રહ્યો છે તે પાછો મળે ખરો ? તું ઘરડો થયો છે અન રોગ ગ્રસિત છે. તું જ્યારે નાનો હતો ત્યારે તને આ નામથી જ બોલાવતા હતા એતો તારા નામમાં તો પલટો ન થયો. પરંતુ તારા દેહથી તો પલટો દેખાય છે. તું છોકરાઓ ભેગો નાચતો કૂદતો હતો તે તું જ છે ને બીજો તો નથી ને ?

હવે ચેતીજા. હજુ ચેતીજા. જાગ્યા ત્યાંથી સવાર. આપણે જેને મહાન માનીએ છીએ એવા દેવ પુરૂષો આ ભારતની ભૂમિમાં જન્મ્યા હતા. આજે પણ જીવિત છે કે કેમ આપણે તેને યાદ કરી રહ્યા છીએ ? આપણે આપણા જીવનને સુધારવાનો માર્ગ પોતે જ લઈ લેવો જોઈએ.

ભગવાન ગીતામાં પોતાનું સતત સ્મરણ (જપ—યજ્ઞ) કરવાનું કહે છે. એ સતત સ્મરણ કરતો હોય તેની દોડતી ગાડી પાટા ઉપરથી ઉતરે ખરી ? કારણ કે સદ્‌બુદ્ધિ પ્રદાન કરનાર ડ્રાઈવર હેન્ડલ પકડીને બેઠેલો જ છે. જો તેની ગાડીને ખાડામાં જવા દેશે ખરો ? આપણે ડ્રાઈવરના હાથમાં જ છીએ. ગાડી એમની જ છે. ચલાવનાર તે છે. આપણે પેટ્રોલ (સતત સ્મરણનું) ખૂટવા દેવું નહીં. આવું તો ભગવાન પોતે જ ગીતામાં અર્જુનને કહી રહ્યા છે. પાંડવની ગાડી ઉંધી વળી કે કૌરવોની વળી ? ભીષ્મપિતા જેવા પણ ખાડામાં જઈ પડયા અને કહેવા માત્ર રહ્યા.

આ રસ્તો બહુ સારો જ છે. મને એ બધા વિચારો નિત્ય કરજો. અર્જુન, દ્રૌપદી અને યુધિષ્ઠિરની માફક પ્રભુ માર્ગે ચાલો તો તેમાં આપણું જ કલ્યાણ છે.

આ બોધ ખોટો તો નથીને? એ વિચારશો. નમ્ર વિનતીઃ શાસ્ત્રી ગણપતરામ ધંમ્બોલાવાળા, શ્રીવલ્લભાયનના રચયિતા

કથા પૂર્ણાહુતિ સમયે, રાજકોટ. તા. ૧૭—૮—૯૯

આધુનિક સમયમાં આચાર પ્રાયઃ સૌને અઘરો લાગે છે, અઘરો છે નહિ જીવન ધ્યેય કલ્યાણ કે કૃષ્ણ ન હોવાથી આચાર અઘરા લાગે છે.

આચાર તો ભારતીય— ધાર્મિક— સંસ્કૃતિની સ્વાભાવિકતા છે. પોતાનાં તન—મન—ધનને પવિત્ર, કલ્યાણ યોગ્ય, સેવા યોગ્ય રાખવામાં આ આચાર—પરંપરા આવશ્યક છે. પ્રાચીનકાલમાં કલ્યાણની મુખ્યતા સૌના જીવનમાં હતી, તેથી કલ્યાણ માટે સાનુકૂલ આચારો પાળવામાં મન માનતું હતું, તનની સ્વસ્થતા પણ તેમાં સાથ દેતી હતી. આજે તો પ્રાયઃ સૌના જીવનમાં કલ્યાણ કરતાં કમાણીનું મહત્વ વધી ગયું છે! તેથી કમાણીમાં જરૂરી હોય તેમ જીવનક્રમ— પદ્ધતિ— ગોઠવાઈ જાય છે. તેમાં કલ્યાણ કે કલ્યાણમાં આવશ્યક આચારોની ઉપેક્ષા થતીજ રહે છે. આચારોમાં મન માનતું નથી. દેશ—કાલ પ્રમાણે તન પણ સાથ દેતું નથી. આધિ—વ્યાધિ—ઉપાધિગ્રસ્ત દશામાં જેમતેમ પસાર થાય છે. કલ્યાણના આચારો છૂટતા ગયા છે, કમાણીના આચાર—વિચાર વધતા જાય છે. 'કોઈપણ રીતે કમાવ' —એજ જાણે અત્યારનો આદર્શ બની ગયો છે ! તેમાં યોગ્ય અયોગ્યતાનો વિવેક વિચારવાનો પણ અવકાશ કે રુચિ કે વિચાર સંભવતા નથી ! જે પરંપરાગત આચારો સ્વાભાવિકતાથી હિન્દુઓનાં ઘરોમાં પણ પળાતા, તે આજે લુપ્ત થઈ ગયા છે, અજાણ્યા થઈ ગયા છે, તેથી અતડા લાગે છે, અઘરા લાગે છે, અઘરા તો છે નહિં.

ગઈ પેઢીના બાલપણામાં પ્રાયઃ ઘણા વૈશ્ય (વાણીયા) પણ ઘરમાં— જ્ઞાતિમાં ભોજનાદિ પ્રસંગે રેશમી વસ્ત્ર 'અબોટીઆ' પહેરતા; તે પ્રથા હતી, તે સ્વાભાવિક સૌને તે લાગતું. આજની પેઢીને તો કદાચ તેમ પહેરતાં પણ ન આવડે ! છૂટી ગયેલા આચારો તો અજાણ્યા— અતડા— અઘરા લાગે, તે સ્વાભાવિક છે. આજે તો કહેવાતા બ્રાહ્મણોમાં પણ આ આચાર કેટલો પળાય છે ? આ પ્રશ્નનો ઉત્તર અનુભવથી સૌને સમજાય તેમ છે. આજના કહેવાતા 'હિન્દુ'ને 'હિન્દુ' પણ કઈ રીતે કહેવાય ? તે નક્કી કરવું કઠિન છે. વિશ્વના હિન્દુ તો કદાચ સહેલાઈથી થઈ શકાતુ હશે, ઘરના હિન્દુ રહેવું તો કઠિન લાગે છે! શાસ્ત્રીય પરંપરાગત આચાર—વિચાર વિના જન્મ—પરંપરા માત્રથી પ્રાયઃ 'હિન્દુ' મનાવીએ છીએ! કલ્યાણ માટેના ધર્મને બદલે, કદાચ કમાણી—કામના પૂર્તિ કરાવતી, ધર્મ જેવી લાગતી, પ્રક્રિયાઓ વધતી રહી લાગે છે! વિધી કે આચાર—વિચાર વગર દેવ—દેવતાને કાંઈ ભેટ—સોગાદ દઈને, મંત્ર—તંત્રથી, કામ કાઢી લેતો, ચમત્કારને નમસ્કાર કરતો, પાંગળો—ગરીબડો ધાર્મિક આજે બધે લાલચથી— લાચારીથી આથડતો દેખાય છે. તેમાં ન શ્રદ્ધા છે, ન ધર્મ છે, ન કોઈ કર્મ—જ્ઞાન—ભક્તિ—માર્ગ છે.

જેને પોતાના કલ્યાણનું દઢ—સ્પષ્ટ ધ્યેય છે, પોતાનાં શાસ્ત્રોનું ગૌરવ છે, તે તો અઘરા પણ

આચારો સહેલાઈથી પચાવી જાય છે. સસ્તા ધ્યેયના રસ્તા જુદા —સસ્તા હોય છે. ઉન્નત ધ્યેયનો રસ્તો કદાચ અઘરો હોવા છતાં તેની ઝંખના વાળાને તે અઘરો લાગતો નથી, આવશ્યક લાગે છે, આવકાર્ય—સ્વિકાર્ય લાગે છે. ઉન્નત—જીવન—ધ્યેય વગરના સમાજને આવા આચારો અઘરા લાગે છે, અઘરા છે નહિં. પ્રાચીનકાલમાં ગામડાનો અભણ સમાજ પણ શાસ્ત્ર શ્રદ્ધાથી પોતાના આચાર યથા સંભવ પાળવા પ્રયત્ન કરતો હતો. આજનો શહેરમાં રહેતો, કહેવાતો ભણેલો, સમાજ પ્રાયઃ શાસ્ત્રોમાં અશ્રદ્ધાંથી આચારથી યથાશક્ય અળગો રહે છે.

[પુષ્ટિ—પુલિનમાંથી સાભાર]

કૃષ્ણ સ્તવન

સુંદર શ્યામ, કિલ ઘનશ્યામ, પૂરનકામ ચિત્ત હરે !
નટવર નૃપ, અખિલ જગ ભૂપ, નંદકિશોર કૃષ્ણ અરે !
માધવ હરિ કેશવ, મુરલી મનોહર, જગમોહન પ્રભુ મુગટ ધરે !
વૃંદાવન ચંદ, આનંદ કંદ, વ્રજપતિ મધુર નૃત્ય કરે !
મોહન નંદલાલ, મદનગોપાલ, ગિરિધર સકલ સંતાપ હરે !
નંદનંદન, ગોપીજનવલ્લભ, નાથ સ્મરણે વિપદા ટરે !
કામ ક્રોધ ને કપરો કાળ, મોહ મદની માયાજાળ,
અહંતા મમતા જંજાળ, કલુષિત કર્કશ ચિત્ત ચરે !
ગોવિંદગોપાલ, વેણુધારી, મનોહર દરસે અંતર ઠરે !
લીલાના ભાવો, અલૌકિક ચાવો, સર્વ મનોરથ પૂર્ણ કરે !
પરમ દયાળુ, પરમ કૃપાળુ, કાન્હ સ્મરણથી ચૈન પરે !
કુંજ વિહારી, અતિ મનુહારી, ક્રીડા સર્વ મોહિત કરે !
વિશ્વેશ્વર, દેવાધિદેવ, પરમાત્મ સત્ય સંકલ્પ કરે !
એક જ ઈશ્વર છે બધાનો, તે રસેશ્વર છે મજાનો,
ધર્મના નામે, પછી મનુષ્ય તું કાહે લરે ?
કાહે લરે ? કાહે લરે ?

—ગો. શ્રીગોકુલેશબાવાશ્રી (જૂનાગઢ)

વિજ્ઞપ્તિ

શ્રેષ્ઠ શરણ – વિશ્વ વરણ – ગિરિરાજ ધરણ
ચૈતન્ય ચરણ – કૌતુક કરણ – તાપ હરણ
આનંદ અરણ – પરમાનંદ ઝરણ – વ્રજ આભરણ
કૃપા આવરણ – ભાદ્ર ભૂષણ – ત્રૈલોક્ય આભૂષણ
પ્રભુ શ્રીકૃષ્ણ કૃપા કરો ! કૃપા કરો !

—ગો. શ્રીગોકુલેશબાવાશ્રી (જૂનાગઢ)

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરદાસ જીવણલાલ પારેખ, રાજકોટ

ગુણની ઉપર ગુણ કરે, એ તો રીત જગતમાં પ્રકાશ
અવગુણ ઉપર ગુણ કરે, તે મોટા હરિનાં દાસ
દાસ દોષ સહુનાં સંતાડે, ગુણ હોય અલ્પ તે અધિક દેખાડે
સાગર લાંછન વિષ શિવે પીધું, શશી–યશ પ્રગટ લલાટે કીધું.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૬૫)

વિવેચન : આ ચંદ્રાવળામાં કવિશ્રી ભક્ત અને ભક્તનાં ગુણો બતાવે છે. તેને આધારે સમજાય તેવા શાસ્ત્રોક્ત દૃષ્ટાંતો આપે છે.

(૧) ગુણના ઉપર ગુણ કરે. (૨) કેટલાકો ગુણ ગ્રહણ કરે પરંતુ અવગુણ સામું જુએ જ નહીં. (૩) કોઈ તો અવગુણને સંતાડીને ગુણની વિશેષતા બતાવે છે.

ગુણ ઉપર ગુણ કરે તે સાધારણ લોક વ્યવહાર થયો. ગુણ અવગુણ બંને જુએ છતાં ગુણને જ ગ્રહણ કરે. અવગુણ સામું જુએ જ નહીં તે સંત મહાત્મા. તે જેમ હંસ દુધ ગ્રહણ કરી લે અને પાણી મૂકી દે તેથી સંતોને હંસ સમાન કહ્યા છે.

વળી અવગુણનાં ઉપર ગુણ કરે તે તો ભગવદ્ ભક્ત જ કરી શકે. જેના હૃદયમાં કેવળ દયા જ છે, બદલાની ભાવનાં જ નથી. સર્વ કોઈનું ભલું જ ઈચ્છે છે. ૨૫૨ વૈષ્ણવ વાર્તા ૧૭૬ મી.

શ્રીગુસાંઈજીના સેવક રણછોડદાસ પૈસાવાળા હતા, તેઓ ગુજરાતમાં રહેતા હતા. તેમને ઘેરે એકવાર એક ઠગ વૈષ્ણવનો વેશ પહેરીને આવ્યો. ઠગે પહેલાંથીજ બધું જાણી લીધેલું કે શેઠ પરમ ભક્ત છે અને તે વૈષ્ણવ પ્રત્યે બહુ જ ભાવના રાખે છે, ભગવાન સમાન ગણે છે.

આવું જાણીને જે ઠગ વૈષ્ણવ વેશી બનીને આવેલા, તેમનું શેઠે ખુબ જ સન્માન કર્યુ. પરંતુ આ તો ઠગ હતો, લાગ જોતો હતો. મોકો જોઈને રણછોડદાસનાં દીકરાને મારીને તેનાં દાગીના લઈ લીધા, પછી ત્યાં જ બગીચામાં દાટી દીધો. ઘરેણા લઈને બહાર નીકળતાં જ શેઠ સામે મળ્યા, વૈષ્ણવને આમ જવા દેવાય ! તે ભાવથી પાછા આગ્રહ કરીને ઘેરે લાવ્યા. પરંતુ ઠગે વિચાર કર્યો કે હવે કરવુ શું? જો પકડાઈ ગયો તો બૂરી હાલત થશે. શેઠે તો કહ્યું કે પ્રસાદ લીધા પછી જજો. આમ કહીને પોટલું લઈ પાછો પોતાને ઘેર લાવ્યા. પોટલું એકકોર મુકી દીધું.

પ્રસાદ લેવાનું ટાણું થાય ત્યારે તેમની સ્ત્રીએ કહ્યું કે દીકરો સવારનો બગીચામાં ગયો છે, હજુ સુધી આવ્યો નથી. એટલે શેઠ બગીચામાં ગોતવા ગયા. જુએ તો એક માટીનો ઢગ દેખાણો. શેઠે વિચાર કર્યો આ માટી અહીં આવી ક્યાંથી ? તેમ સમજીને તેને દૂર કરે છે ત્યાં તેમાં દટાયેલા પોતાનો પુત્ર જોયો. પુત્રને કાઢીને તેનાં કાનમાં તેણે શરણમંત્ર કહ્યો તેથી તે તુરત જ સજીવન થયો. સહુએ સાથે મળીને પ્રસાદ લીધો. શેઠ બધું જાણી ગયા છતાં તે ઠગને કાંઈ કીધું

નહીં. પોટલામાં દાગીનાં હતા તે પણ પાછા માંગ્યા નહીં અને તેને આપી દીધું. પાછળથી તે ઠગ વૈષ્ણવ થયો. અત્રે કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે અવગુણનાં ઉપર ગુણ કરે તે તો ભગવદ્ ભક્ત જ કરી શકે. દાસ ધર્મ એવો છે કે તે બધું પ્રભુને આધારે જ માને છે. ત્યારે પ્રભુ પણ તેને સર્વ જગ્યાએ સહાયક રહે છે, શરણમંત્રથી બાલક સજીવન થયો તે કાર્ય પ્રભુએ જ કર્યુ હતું.

ભગવદ ભક્તો કોઈનાં અવગુણો તો જુએ જ નહીં તેમજ સામાવાળામાં અનેક અવગુણો હોવા છતાં એક જ ગુણ હોય તેની બડાઈ કરે.

હવે શાસ્ત્રોક્ત દષ્ટાંત જોઈએ.

સમુદ્રમંથન કર્યુ ત્યારે તેમાંથી અનેક વસ્તુ નીકળી તેમાં ઝેર પણ નીકળ્યું. સાગરને લાંછનરૂપ ઝેર હતું તે ઝેર કોઈ લેવા માટે તૈયાર ન થયું. ત્યારે શિવજીએ તેને રાખ્યું, ગળા સુધી લઈને અટકાવ્યું, કંઠ નીચે ઉતરવા દીધું નહીં. ત્યારથી ગળું નીલા રંગનું થયું છે.

તેથી નીલકંઠ મહાદેવ કહેવાય છે. ડોકે ઝેર ભર્યુ છે તેને ઠંડક આપવા સદાને માટે શિવજી સાપ જે ઠંડો છે, તેને ગળે લપેટી રાખે છે. આ સમુદ્રનું લાંછન પોતે સ્વિકારી સમુદ્રને લાંછનથી મુક્ત કર્યો. શશિ—ચંદ્ર તેને લલાટે રાખ્યો. તે સાગરનો યશ બતાવ્યો કે આ ચંદ્ર સાગરમાંથી પ્રાપ્ત થયો છે.

સદ્ગુણી શ્રેષ્ઠ પુરૂષો : (૧) ધર્મને વિશે કાળજીવાળા (૨) મુખથી મીઠા વેણ બોલવાવાળા (૩) દાન દેવામાં ઉત્સાહી (૪) ભાઈબંધો પ્રત્યે નિષ્કપટ ભાવ રાખવાવાળા (૫) આચાર વિચારથી શુદ્ધ રહેવાવાળા (૬) કેવળ ગુણને જ ગ્રહણ કરવાવાળા (૭) જ્ઞાનનાં વિષયો જાણવાવાળા (૮) પ્રભુનું શરણ સ્વિકારી સેવા કરવાવાળા.

આવા આઠ ગુણો ધરાવવવાળા તેને શ્રેષ્ઠ પુરૂષ કહે છે. સત્પુરૂષો પરમાર્થ કરવાવાળા હોવાથી કોઈનામાં સ્વાર્થ બુદ્ધિ રાખતાં જ નથી. તેથી સત્પુરૂષોને સાધારણ પુરૂષ ન માનવા. જ્યાં પોતાનો સ્વાર્થ બગડતો ન હોય અને પરમાર્થ કરે તેને સાધારણ મનુષ્ય માની શકાય નહીં. પરંતુ સ્વાર્થ છોડીને પણ પરમાર્થ કરે તે સત્પુરૂષ દેવ સમાન જાણવો. જે મનુષ્ય પોતાના સ્વાર્થ ખાતર બીજાનું બગાડે તે રાક્ષસ જાણવો. હવે ભગવાનની ભક્તિ કરવાવાળા ભેદ નીચે મુજબ જોઈએ.

(૧) જેઓ પોતાનાં સ્વાર્થ ખાતર જ ભક્તિ કરે છે તે સકામ ભક્ત છે.

(૨) કોઈ તો ઉંચા કર્મો કરી દાન, તપ, યજ્ઞ વિગેરે કરીને ભગવાનનું ભજન કરે છે ને ફળમાં સ્વર્ગી સુખ ચાહે છે, તે પણ સકામ ભક્તિ થઈ.

(૩) કોઈ તો કોઈપણ જાતની ઈચ્છા વળતરરૂપે ચાહતા નથી. કેવળ પ્રેમભાવથી સહજ પ્રિતથી ભગવાનની ભક્તિ કરે છે, જેને વળતરમાં સંસારીસુખ, સ્વર્ગ અને મોક્ષની પણ ઈચ્છા નથી, કેવળ સ્વધર્મ સમજી તેનું પાલન કરે છે, તે ભગવદ્ ભક્તને નિષ્કામ ભક્ત કહેવાય છે.

(૪) વળી કોઈ તો ભક્તિ કરવાની ઈચ્છા જ રાખતા નથી. તેવા તો સંસારનું કર્મ તે મુજબ પાપ પૂન્યનાં આધારે આવાગમન કર્યા જ કરે છે. તે કોઈનું શું ભલું કરી શકવાના હતા. તે તદ્દન સ્વાર્થી જ હોય, પોતાનું જ સુખ વિચારવાવાળા હોય છે.

ઉત્તમ તે તો નિષ્કામ ભક્તિ કરવાવાળા, જેઓ મૂળમાં જ પ્રભુનું સુખ વિચારવાવાળા, પોતાનું ભલું બુરૂં કાંઈ વિચારતાં નથી. તેજ સર્વશ્રેષ્ઠ ભક્ત પ્રભુને પ્રિય બને છે.

મધ્યમ કર્મ કરીને ફળની ઈચ્છાવાળા, સકામ ભક્તિ કરીને શાસ્ત્રોક્ત ફળને ભોગવવાવાળા (તેઓ ભગવદ્ પ્રાપ્તિ કરી શકતા નથી.)

કનિષ્ઠ– તે તો કેવળ સંસારી સુખ જ ચાહવાવાળા, તેને આધારે જ કર્મ કરવાવાળા. તેઓ સત્કર્મ કે ભક્તિ કરવામાં ઉત્સાહ રાખતા નથી, તેથી કર્માનું બંધી મનુષ્ય લોકે–તે મુજબ કર્મને આધારે આવાગમન કર્યા કરે.તેને સંસારનું ફળ સંસાર જ.

દાસ ધર્મ ઉંચો છે એને ભૂલાય નહીં
જો જો હો જીવનીયું એળે વહી જાય નહીં

ઉપરોક્ત સાર જોતાં દાસ ધર્મ શ્રેષ્ઠ દેખાય છે, માટે બુદ્ધિમાનોએ તે તેનેજ ઉત્તમ માની, પુષ્ટિ રીતે પ્રભુને ભજવા, તેવો જ સાર નીકળે છે. માટે જ દયારામભાઈ કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૬૫)

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્ગારો

૭૩. નારાયણ તે તેમના ધર્મ

ગર્ગાચાર્યજી નંદરાયજી પ્રત્યે કહે છે કે આ લક્ષ્મીનારાયણ કહે છે, વળી સુરજનારાયણ કહે છે. વળી, જગન્નારાયણ કહે છે, તે સર્વ નારાયણ છે. એ છ નારાયણના ધર્મ ૩૬ને છ નારાયણ એ સર્વે એના પેટમાં છે.

તે ઉપર શ્રીઆચાર્યજીએ શ્રીસુબોધીનીજી માં કહ્યું છે કે, આ પ્રભુ છે, તેને સાઠે ઘડી અહોરાત્ર નિરખવાને જોવા, એમાં મન રાખવું, એને આરોગાવવું, પ્રપંચ મૂકીને બધું કરવું.

પ્રપંચ તે શું? કોઈ પણ મન ચોરીને વાત કરવી નહી. પ્રભુને મૂકીને ક્યાંય જવું નહી, એને લઈને ક્યાંય નિકળવું નહી. આપણી દેહ રહે ત્યાં સુધી પ્રભુ પાસે રહેવું. ૭૩.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ૫૦૧/– ગો.વા. દેવકોરબેન મુળજીભાઈ દાવડા મુંબઈના જય શ્રીકૃષ્ણ.
૨. ૫૦૧/– ગો.વા.અ.સૌ વજીબેન શંભુભાઈ લાખાણી અમદાવાદના ભગવત્સ્મરણ.
હસ્તે વી. એસ.લાખાણી, ડોમ્બીવલી

।। શ્રીહરિઃ ।।

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.
ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

– ગતાંકથી ચાલુ

શ્રી લક્ષ્મણભટ્ટજી

શ્રીમદ વલ્લભાચાર્યજીના પિતાશ્રી નું નામ લક્ષ્મણભટ્ટજી હતું. તેનો જન્મ ક્યારે થયો તે હજુસુધી નિશ્ચિત થઈ શક્યું નથી. એમના એક ભાઈ હતા,જેમનું નામ જનાર્દન ભટ હતું. પોતાની નાની ઉમરમાં જ પિતૃહીન થઈ ગયા હતા. તો પણ માતાના અવિરત પ્રયત્નથી આપ ખૂબ ભણી લખીને મોટા વિદ્વાન થઈ ગયા હતા. એવું સાંભળવામાં આવે છે કે આપનું અધ્યયન આપના નાનાજી (માતાના પિતાજી) દ્વારા થયું હતું.

શ્રીલક્ષ્મણભટ્ટજી એક સમર્થ વિદ્વાન હતા. વિદ્યાધ્યયન ઉપરાંત આપશ્રીએ વિદ્યાનગરના એક સુપ્રસિદ્ધ સુશર્મા નામના એક સ્વજાતીય બ્રાહ્મણની કન્યા ઈલ્લમાગારુ સાથે લગ્ન કર્યા હતા.

ભગવાને પૂર્વકાલમાં મૂળપુરુષ યજ્ઞનારાયણજીને વરદાન આપ્યું હતું કે તમારે ત્યાં સો સોમયજ્ઞ પૂરા થતાં હું સ્વયં તમારે ત્યાં અવતાર ધારણ કરીશ. ફળરૂપે શ્રીલક્ષ્મણભટ્ટજી એ સો સોમયજ્ઞ પૂર્ણ કર્યા અને તેથી આપે ત્યાં પ્રાગટય થવાનો નિશ્ચય કર્યો.

શ્રીલક્ષ્મણભટ્ટજીના વિદ્યાનગરના રાજપુરોહિત સુશર્મા નામના એક સ્વજાતીય બ્રાહ્મણની કન્યા ઈલ્લમાગારુ સાથે વિવાહિત થયા હતા એ અમે આગળમાં કહી ગયા છીએ. શ્રીલક્ષ્મણભટ્ટજી નો મોટાભાગનો સમય કાશીમાં વ્યતિત થયો હતો. પરંતુ તે સમયમાં કાશીમાં યવનોનો ઉપદ્રવ ખૂબજ હતો. તેથી પોતે તે સ્થળ ઉપર રહેવું ઉચિત ન માનીને પત્નિ સાથે કાશીથી ચાલીને નીકળ્યા. પરંતુ માર્ગમાંજ પ્રભુની ઈચ્છાથી ઈલ્લમાગારુના ગર્ભનો ચંપારણ્ય માં ગર્ભપાત થયો. ગર્ભને નિર્જીવ માનીને દંપતિ તેને એક શમીવૃક્ષની નીચે પાંદડાંથી ઢાંકીને આગળ ચાલ્યાં, અને આગળ નદીમાં સ્નાન કરી આરામ કર્યો. સ્વપ્નમાં શ્રીલક્ષ્મણભટ્ટજીને પ્રભુએ જણાવ્યું કે મારૂં પ્રાગટય તારે ત્યાં થયું છે. તમે મને સાથે લો. બીજે દિવસે ફરી શમીવૃક્ષ નીચે આવીને જોતાં દર્શન થયાંકે એક અત્યંત સુકુમાર તેજસ્વી બાળક અને ફરતું અગ્નિનું કુંડાળુ છે. તે અગ્નિકુંડની વચ્ચે ખેલી રહયું છે. માતાને બાળકને જોતાં બન્ને સ્તનોમાંથી દૂધની ધારા છૂટી. અને એક અદભૂત સ્નેહસ્ત્રોત દંપતિના હૃદયમાં વહેવા લાગ્યો ઈલ્લમાગારુ એ કહ્યુંકે ''સ્વામી' આ પુત્ર તો મારો છે.'' ત્યારે લક્ષ્મણજીએ કહ્યું 'ભદ્રે, જો પુત્ર તારો હશે તો તો

અગ્નિ તને મારગ આપી દેશે તેને ઉઠાવી લો' ઈલ્લમાગારુ જેમજેમ અગ્નિની નજીક જતા ગયા તેમ તેમ અગ્નિનો લોપ થવા લાગ્યો અને ઈલ્લમાગારુએ પોતાના હૃદયના રત્નને ઉઠાવીને હૈયાં સરસાં ચાંપ્યો. આ પ્રમાણે ભગવાન વલ્લભાચાર્યશ્રી નો પ્રાદુર્ભાવ શ્રીકૃષ્ણ ની જેમ થયો હતો. ચંપારણ્ય જવાને માટે ભુસાવળથી નાગપુર, નાગપુરથી રાયપુર અને રાયપુરથી રાજીમ. ત્યાંથી ત્રણથી ચાર માઈલના અંતરે ચંપારણ્ય આવે છે.

શ્રીલક્ષ્મણભટ્ટજીને ત્રણ પુત્ર તથા બે કન્યા થઈ. પહેલાં પુત્રનું નામ નારાયણ ભટ હતું. આપશ્રીને વહેલો વૈરાગ્ય પ્રાપ્ત થયો હતો. અને આપ ઘરથી નીકળી ગયા હતા. સંન્યાસ અવસ્થામાં તેમનું નામ કેશવપુરી રાખ્યું હતું. તપોબલથી તેમને એવી સિદ્ધિ મેળવી હતી કે પાદુકા પહેરીને ગંગાજી ઉપર એવી રીતે ચાલતા કે જેમ પૃથ્વી ઉપર ચાલતા હોય.

શ્રીમદવલ્લભાચાર્ય,પ્રભુનો આચાર્યરૂપે અવતાર છે. અને તે લોક કલ્યાણ માટે ભારતવર્ષમાં પધાર્યા તે વાત અમે નહીં માનતા પરંતુ આ માન્યતા શ્રીમહાપ્રભુજીની પણ હતી. આ વાત તેમના ગ્રંથોનો પાઠ કરવાથી સારી રીતે માલૂમ પડે છે.ભારતવર્ષનાં આ કોઈ નવી વાત નથી. રામાનુજ, મધ્વ, નિમ્બાર્ક, ચૈતન્ય આદી મહાન વિભુતીઓ પણ પોતાના જન્મનું ખાસ પ્રયોજન માનતી હતી. એટલા માટે શ્રીમહાપ્રભુજી એ પોતે પોતાને વૈશ્વાનર અથવા બીજું કંઈ માન્યા હોય તો તેમાં આશ્ચર્યની વાત નથી.

ગમે તેમ હોય પરંતુ એટલું તો માનવું જ પડે કે પુષ્ટિમાર્ગના પ્રવર્તક,બ્રહ્મવાદના સ્થાપક તેમજ શદ્ધાદ્વૈતને સમજાવવાવાળા શ્રીમદવલ્લભાચાર્યજી એક અત્યંત મેધાવી, એક પરમ પવિત્ર આચાર્ય, એક અત્યંત સરલ અને વિદ્વાન તેજસ્વી બ્રાહ્મણ હતા. એ સમયના મોટા મોટા વિદ્વાન બ્રાહ્મણો આપની શક્તિના સામર્થ્ય સામે પરાજીત થયાં હતા, અને કૃષ્ણદેવ રાજાની સભામાં આપે પોતાના અદભુત પરાક્રમથી સમસ્ત પંડિત મંડળીને પરાજીત કરી દીધી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે એ સમયે આપની ઉમર ફક્ત ચૌદ વર્ષની હતી.

શ્રીમદાચાર્યચરણનું સ્વરૂપ

આપના નામ, તથા ગુણ તથા સ્વરૂપ, અનુક્રમે શ્રીસર્વોતમ સ્ત્રોત, શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત અને શ્રીવલ્લભાષ્ટકમાં વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. વાસ્તવમાં જોવા જઈએતો શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને સમજવું ખૂબજ કઠિન કામ છે. પ્રભુકૃપાથીજ તેમનું સ્વરૂપ સમજાય છે. શ્રીગીતાજીમાં ભગવાને પ્રતિજ્ઞા કરી છે કે,

ગીતા– અધ્યાય–૪ શ્લોક ૭

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત।
અભ્યુત્થાનમ ધર્મસ્ય તદાત્માનુ સૃજામ્યહમ્।।

હે ભારત જ્યારે જ્યારે ધર્મની હાની અને અધર્મની વૃદ્ધિ થાય છે. ત્યારે ત્યારે હું અવતાર ધારણ કરૂં છું. અથવા તો સાકાર રૂપે લોકોની સામે પ્રગટ થાઉં છું.

ફળરૂપે, અધર્મને દૂર કરવા માટે અને ધર્મનું સ્થાપન કરવા માટે અને પોતાની લીલાઓ દ્વારા ભક્તોનો નિરોધ કરવા માટે ભગવાનનો આચાર્યરૂપે એકાન્ત આવિર્ભાવ થયો છે. ભગવાને

જ્યારે જાણ્યુંકે પૃથ્વી ઉપરથી બ્રહ્મવાદ લોપાતો ચાલ્યો છે. અને તેના ઉપર મિથ્યાવાદ નું સામ્રાજ્ય ધીરેધીરે દ્રઢ થઈ રહ્યું છે. ત્યારે આપે મિથ્યાવાદાદિને દૂર કરવા માટેના કારણથી અને શુદ્ધાદ્વૈતવાદને ફરીથી પ્રવર્તમાન કરવા માટે તથા દૈવી સૃષ્ટિને કૃતકૃત્ય કરવા માટે ભૂતલ ઉપર આચાર્યરૂપે પધારવાની કૃપા કરી.

આપના પ્રાગટયનું એક કારણ એ પણ હતું કે એમની પહેલાંના જેટલા આચાર્યો થયા હતા તેમણે બ્રહ્મસૂત્ર ઉપર ફક્ત ભાષ્ય લખ્યા હતાં. કેટલાકે ફક્ત ભાગવતની ટીકાઓ લખી હતી. પરંતુ તેનાથી લોકોપકારની જેટલી આવશ્યક્તાઓ હતી તે પૂરી થતી ન હતી. તે ઉપરાંત સૂત્રોના અર્થ અક્ષરોને તાણી મરોડીને પોતાના સિદ્ધાંતમાં બેસાડવાના પ્રયત્નો થયાં હતા. અને શ્રીભાગવતનો તો અર્થ કંઈક જુદો જ થઈ ગયો હતો. એટલા માટે આ બન્ને ગ્રંથો(બ્રહ્મસૂત્ર અને ભાગવત) નો સમન્વય કરવા માટેઆપનો પ્રાદુર્ભાવ થયો હતો. ભગવાનને પ્રિય લાગે એવા અર્થ ભગવાનના મુખ સિવાય કોણ વ્યક્ત કરી શકે. એટલા માટે ભગવાનના મુખારવિંદ શ્રીમહાપ્રભુજીનું ભૂતલ ઉપર પ્રાગટય થયું. આપનું સામર્થ્ય પણ અકુંઠિત હતું.

ભગવાનના મુખમાંથી અગ્નિ પ્રગટ થાય છે.'મુખ અગ્નિ છે.' આ વાત શાસ્ત્રોમાં મળે છે. આધિ દૈવીક અગ્નિ નું સ્થાન ભગવાનનું મુખારવિંદ છે. નિઃસાધન જીવોના સર્વદોષોને ભસ્મ કરીને તથા તેને પોતાના પ્રિય બનાવીને પોતાના શરણમાં લેવા માટે અગ્નિની આવશ્યક્તા હતી. શ્રીમહાપ્રભુજી પણ ભગવાનના મુખારવિંદની આધિ દૈવિક અગ્નિરૂપ ભૂતલ ઉપર પ્રગટ થયાં હતાં. એટલા માટે આપને શરણે આવનારના બધા દોષોને તેઓશ્રી નિવૃત કરે છે. એટલા માટે આપનું નામ 'વૈશ્વાનર' પણ છે.

અન્તઃકરણ પ્રબોધ ની ટીકામાં લખ્યું છે કે ભગવાનને સ્વરૂપ બલથી ઉદ્ધાર કરવાની ઈચ્છા તે સમયે ન હતી. પરંતુ ભગવાને પોતાના વચનામૃતથી જીવોનું ઉદ્ધાર કરવાનું મનમાં વિચાર્યુ અને સાધારણ મનુષ્ય દેહ ધારણ કરીને આપ શ્રીમદાચાર્યના રૂપમાં અહીં પધાર્યા. આપ જોવાથી સામાન્ય મનુષ્ય જણાતાં હતાં પરંતુ આપ શ્રીકૃષ્ણ જ હતા. આ વાત આપના અલૌકિક ચરિત્રોથી ભગવદીયો જાણી શક્યા હતા. ભગવાને પોતાનું ઉત્તમોત્તમ ભાવ સૌંદર્ય નિત્યલીલામાં રમણ કરતી વખતે શ્રીમહાપ્રભુજીમાં પધરાવ્યું હતું. શ્રી મદાચાર્યચરણ પ્રભુની બધીજ લીલાઓનો અનુભવ કરતા. માનો કે પ્રભુની લીલાનો અનુભવ કરવામાં આપ સાક્ષીરૂપ બિરાજતા હતા. શ્રીમદાચાર્યચરણનું સ્વરૂપ આપણને સ્પષ્ટ જોવા મળે તે આપણું પરમ કર્તવ્ય છે. કે આપણે તેની લીલાઓનું સતત સ્મરણ કરતાં રહીએ તો શ્રીમહાપ્રભુજી અવશ્ય આપણાં હૃદયમાં પધારશે. અને તેથી આપની ગૂઢ વાણી સમજવામાં સુલભતા રહેશે. તેને માટે હૃદયમાં પરમ શ્રદ્ધા હોવી અત્યંત આવશ્યક છે. ભગવાન શ્રીકૃષ્ણનો સંબંધ પણ આપની કૃપાના બળે સાધ્ય બને છે. હંમેશા શ્રીમદાચાર્યજીનું નામસ્મરણ કરવું જોઈએ. એ વાત પણ યાદ રાખવી આવશ્યક છે કે સમસ્ત વલ્લભકુલ બાલકો પણ જીવોનો ઉદ્ધાર કરવાને સમર્થ છે.

“શ્રી મહાપ્રભુજીનું પ્રાગટય ભૂતલ ઉપર ન થયું હોત તો?”

જો આપણે ભાગ્યશાળી ન હોત અને શ્રીમદાચાર્ય ચરણ ભૂતલ ઉપર પધાર્યા ન હોત તો આપણને કેટલી હાની પહોંચી હોત તેનું અનુમાન આપણે કરી શકીએ નહિ. એતો પધાર્યા

ન હોત તો આ દૈવી સૃષ્ટિ જીવોને શ્રીવ્રજાધીશ ની પ્રાપ્તિ ક્યાંથી થઈ શકી હોત? અને આ પ્રકારે સૃષ્ટિ પણ વ્યર્થ જાત. પ્રગટય ન થયું હોત તો પ્રેમની પરાકાષ્ટારૂપ નિર્ગુણ પુષ્ટિભક્તિનું દર્શન કોણ કરાવત? શુદ્ધ બ્રહ્મવાદનું સ્વરૂપ કોણ સમજાવત? શ્રીમદ ભાગવત ના ગૂઢ તત્વને કોણ પ્રગટિત કરત? અને નિઃસાધન જીવો માટે બ્રહ્મસંબંધ મંત્ર કોણ પ્રકટ કરત? આપ જ પરમ કૃપાળુ થઈને અહીં જન્મ ગ્રહણ કર્યો. સર્વ સામાન્ય શરણમાર્ગની સ્થાપના કરી, જેમાં ઉદ્ધારલાયક સર્વ જીવોનો અધિકાર છે અને તે સર્વત્ર આચરણીય થઈ શકે છે. કલિયુગમાં તો તેનાથી જ ઉદ્ધાર થઈ શકે છે.

—ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૬૬

પુષ્ટિ રસ ધામતે કલિંદ ગિરિ શીશ પૈ,
પતત વર ધાર મંજુલ અનૂપમ્;
સમાન લઘુદીર્ઘ અદ્રીનિ પે ચલનિ છવિ,
વિલાસ યુત પરમ રમનીય રૂપમ્. ૧.
જાત પિય નિકટ નવવધૂ સુખપાલ ચઢિ,
ગાનધુનિ સજનિ કુત બ્રજહિ આવે;
શ્યામશ્રમ હરનિ જલ રમણ થલ કાંતકૌ,
પદમહિત સુતા **'બલ્લભ'** મનાવે. ૨.

ભાવાર્થ: ગોલોકભૂમિ જે પુષ્ટિરસનું ધામ છે, ત્યાંથી ભૂતલ ઉપર પધારતા કલીન્દગિરિ નામના પર્વતની શિખરેથી આગમન કર્યું છે. તેથી કલિન્દનન્દની એવું આપનું નામ છે. અતિ પ્રસન્ન ચિત્તે ભૂતલ ઉપર પધારતા વેગને ધારણ કરી સુંદર શોભાયમાન એવી ગતિ કરીને ધારા ક્યાંક સરખી ક્યાંક નાની—મોટી કરી વહેતા જળરૂપે આપ અતિ આવેગથી વ્રજમાં પ્રાણપ્રિયને મળવા આતુરતા જોતાં માનો નવવધુ પાલખીમાં બેસીને પ્રાણપતિ ને મળવા નવદુલ્હની બની સસુરાલ જઈ રહ્યા છો.

ઉછળતી પાષણ સાથે અથડાતી લહેરો મધુર સ્વરથી પરમ સુંદર ગાન કરતી હોય તેમ ગાન અને ધુનથી વ્રજમાં પધારી ઉત્સુકતા પૂર્વક પ્રાણપ્રિયનાં શ્રમને દૂર કરવા આતુરતાથી જળ અને સ્થળથી સુશોભિત વ્રજમાં પધારી રહયા છો. હે સૂર્યપૂત્રી આપ મારા ઉપર કૃપા કરો આમ કવિ વલ્લભદાસ વિનંતિ કરે છે. (૬૭)

ચીર હરણ લીલા

લેખક : પ.ભ. જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ"

—ગતાંકથી ચાલુ

ભગવાન શ્રીકૃષ્ણ એટલે રસરૂપ પ્રેમ. પ્રેમસ્વરૂપ ભગવાનને પ્રેમથી જ મેળવી શકાય. તે બુદ્ધિથી ગ્રાહ્ય નથી, તેમના સુધી તો સાચા નિર્મળ હૃદયથીજ પહોંચી શકાય. પ્રેમમાં યા ભક્તિમાં કોઈપણ પ્રકારના સ્વાર્થને અવકાશ નથી. સાચા પ્રેમમાં તો બદલાની પણ આશા ન હોય. ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત થશે એવી શ્રદ્ધા જ હોય. શ્રદ્ધાનો એવો ભાવ અનન્ય હોવો જોઈએ. સતી સ્ત્રી પોતાનાં પતિને અનન્ય પ્રેમથી ચાહે છે તેમ ભક્તજને પ્રભુને ચાહવા જોઈએ. પ્રભુનું સુખ એજ પોતાનું પણ સુખ એવું જ એમાં તો ધ્યેય હોય. એવો પ્રેમ તેજ પ્રેમલક્ષણા ભક્તિ. વ્રજની બાળાઓ કુમારિકાઓ છે તેમ સ્ત્રી દેહ ધારણ કરનાર સતી સમજવાની જરૂર નથી. તેમને તો સતી સ્ત્રીભાવ યુક્ત સમજવાનાં છે. તેમણે યમુના જળમાં પ્રવેશ કર્યો છે. યમુનાએ જળપ્રવાહ નથી, રસપ્રવાહ છે. કુમારિકાઓએ રસપ્રવાહમાં પ્રવેશ કરવા આવરણરૂપ વસ્ત્રો કાઢી તો નાંખ્યા એટલે કે લોકલજ્જાનો ત્યાગ તો કર્યો પણ પછી તે વસ્ત્રો ધારણ કરવાની તો એમની ઈચ્છા છે. એટલે હજુ પૂરો ત્યાગ તો થઈ શક્યો નથી. જળમાં રહ્યાથી સર્વવ્યાપક ભગવાન શ્રીકૃષ્ણથી જાણે પોતાને તેઓ ગુપ્ત સમજી રહી હતી. શ્રીકૃષ્ણ જળમાં છે એટલું જ નહીં પણ સ્વયં જળસ્વરૂપ છે. એ તત્વને તો તે ભૂલી ગઈ હતી. એમના જૂના સંસ્કાર શ્રીકૃષ્ણ નિકટ જવામાં શ્રીકૃષ્ણમય બની રહેવામાં બાધક બની રહ્યા હતા. શ્રીકૃષ્ણને માટે તેઓ સર્વ કાંઈ ભૂલી ગઈ હતી પણ હજુ સુધી પોતાને ભૂલી ન હતી. તેઓ એકમાત્ર કૃષ્ણને જ ઈચ્છતી હતી પણ એમના સંસ્કાર વચ્ચે આવરણરૂપ બની રહ્યા હતા. આવરણ એટલે માયા. સાચા પ્રેમમાર્ગમાં પ્રેમરસ વાંછુઓ માટે વચ્ચે એક પુષ્પનો અટકાવ પણ રહી શકતો નથી. પ્રેમની પ્રકૃતિ તો છે સર્વથા વ્યવધાન રહિત, અબાધ અને અનંત મિલન. ગોપકુમારિકાઓની એ અપૂર્ણતાને દૂર કરવા માટે **શુદ્ધ ભાવ પ્રસાદિતઃ** શુદ્ધભાવથી પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણ પોતાનાં વસ્ત્રો માંગતી કુમારિકાઓ પ્રત્યે કહેવા લાગ્યાઃ 'મારામાં અનન્ય પ્રેમ ધરાવતી હે ગોપીઓ! એકવાર કેવલ એકવાર પોતાના સર્વસ્વ ને— સ્વયં પોતાને પણ ભૂલી જઈને મારી પાસે આવો. તમારા હૃદયમાંનો અનન્ય ભયક્લેશ અર્થાત્ અવ્યક્ત ત્યાગ એક ક્ષણને માટે તો વ્યક્ત કરો. મારા માટે શું તમે એટલું પણ નહીં કરી શકો ? સંસ્કારબદ્ધ ગોપકુમારિકાઓ હજી વિદગ્ધ હતી એટલે બોલી કે—'હે કૃષ્ણઃ અમે અમોને શી રીતે ભૂલીએ?' અમે તો સંસારના અગાધ જળમાં આ કંઠમગ્ન છીએ. શ્યામસુંદર ! પ્રાણાધાર ! અમે તમારી દાસીઓ છીએ. તમારી આજ્ઞા અમારા માટે શિરોધાર્ય હોય પરંતુ અમોને નિરાવરણ તમારી પાસે ન બોલાવો. જલમાં અમે ઠંડીથી ધ્રૂજીએ છીએ માટે અમારા વસ્ત્રો અહીં આવીને આપી જાવ.'

ભક્તોની આવી દશા, એક બાજુ અનન્ય પ્રેમ રાખવો અને બીજી બાજુ સંસારને ન ત્યજવો— સંસ્કારબદ્ધ રહેવું ! મહાદ્વિવિધાની દશા કહેવાય. કૃષ્ણ બોલ્યા : 'હે ગોપીઓ, હું કદી

અસત્ય બોલ્યો નથી. સાચું જ કહું છું. સંસ્કારશૂન્ય થઈને, નિરાવરણ થઈને મારી પાસે આવો. તમારા મોહના આવરણરૂપ તમારાં વસ્ત્રો તો મેં હરી લીધા છે. હજુ ક્યાં સુધી આવો મોહ રાખવો છે? નિ:શંક બનીને મારી નિકટ આવો. તમારી ચિર સંચિત આકાંક્ષાઓ સંપૂર્ણ બની રહેશે.'

પ્રાણનાથ એવા ભગવાન શ્રીકૃષ્ણના આવા મધુર નિમંત્રણને વશ બની રહીને, પ્રેમમાં નિમગ્ન બની જઈને અંતે ગોપીઓ સર્વ કાંઈનો ત્યાગ કરી દઈને શ્રીકૃષ્ણના ચરણો પ્રતિ ગઈ. હવે તો તે વસ્તુને તેના શુદ્ધ સ્વરૂપમાં જોઈ શકી હતી. સંકોચ માત્ર હવે તેમનામાં નથી. ભગવાને પોતાની એ પ્રિયાઓને કહ્યું : 'તમે વ્રત ધારણ કરીને વસ્ત્ર વગર સ્નાન કર્યુ તેમાં દેવનું અપમાન થયું છે. એ અપરાધને દૂર કરવા માટે બે હાથ જોડી એને મસ્તકે લગાડી નમસ્કાર કરો અને પછી તમારા વસ્ત્રો ગ્રહણ કરો.

કુમારિકાઓ સમગ્ર લજ્જા અને સંકોચનો ત્યાગ કરી દઈ સમગ્ર કર્મના ફલરૂપ ભગવાન શ્રીકૃષ્ણનેજ નમસ્કાર કરી રહી અને પોતાને કૃતકૃત્ય માની રહી. પ્રિયતમનાં પ્રેમમાં આત્મવિસ્મૃત બની રહેલી એ ગોપીઓનું દાયિત પછી તો ભગવાન પર જ છે. એમને તો જેની આવશ્યકતા હતી તે મળી જતાં વસ્ત્રરૂપી આવરણની પણ અપેક્ષા હવે નથી પરંતુ ભગવાન ભક્તોને મર્યાદાચ્યુત થવા દેતા નથી. તેઓ સ્વયં વસ્ત્રો પરત આપે છે. હવે વસ્ત્રો આવરણરૂપ નથી. હવે તો એ ભગવત્પ્રસાદી બની ગયા છે. સંસાર જ્યાં સુધી ભગવાનથી સંબંદ્ધ અને ભગવાનના પ્રસાદરૂપ બની રહેતો નથી ત્યાં સુધીજ તે બાધક અને વિક્ષેપજનક છે. બ્રહ્મસંબંધ થયા પછી તેનાં બંધન જ મુક્તિરૂપ થઈ જાય છે. ભગવાનની વ્યામોહિકા માયા તો પછી શુદ્ધ વિદ્યા બની રહે છે. શ્રીકૃષ્ણની દાસીઓ બની રહેલી એ વ્રજ કુમારિકાઓ ભગવત્પ્રસાદી રૂપે વસ્ત્રો લે છે અને કૃત્યતા અનુભવે છે. ભગવાન પછી અમૃતવાણી સંભળાવે છે કે હે સાધ્વીઓ, તમારો સંકલ્પ મારા જાણવામાં આવ્યો છે. મેં તમાર સંકલ્પને અનુમોદન આપ્યું છે તેથી તમારો એ સંકલ્પ સિદ્ધ થવાને યોગ્ય છે. ભૂંજેલા કે બાફેલા બી અંકુરિત થતાં નથી તેમ મારામાં જેના ચિત્તનો સમાવેશ થાય છે તેમાં પછી સંસારનું મિથ્યાત્વ પ્રવેશી શકતું નથી. એમાં પછી મારું તારું રહેતું જ નથી. હે અબળાઓ, તમે તો હવે સિદ્ધ થઈ ચૂક્યા છો. માટે હવે વ્રજમાં જાઓ. હે સતીઓ જે ઉદ્દેશથી તમે વ્રત કર્યુ છે તે તમારો ઉદ્દેશ અને તમારું સમર્પણ આગળ આવતી શારદીય રાત્રિઓમાં તેનાં ફલરૂપ બની રહી તમે મારી સાથે રમણ કરી શકશો.

ભગવાન શ્રીકૃષ્ણની આ ચીરહરણ લીલાથી એટલું સ્પષ્ટ સમજાય છે કે ભગવાન ભક્તજનોને ભૂલ કરતાં અટકાવે છે અને પછી વિના માગે જ અનુગ્રહ કરીને એમને ઉપદેશ આપી નિર્ણય કરી દે છે. આ લીલા બીજી રીતે પણ જોઈ શકાય એમ લાગે છે. વસ્ત્ર હરણ પછી ભગવાન વસ્ત્રોને પાછાં આપી દે છે. જીવોનું અજ્ઞાન હરી લીધા પછી અર્થાત્ જીવોને સાક્ષાત્કારની ભૂમિકા પર પહોંચાડી દીધા પછી પણ ભક્તોને એમના અવશિષ્ટ પ્રારબ્ધને ભોગવી લેવાને માટે વાધિતાનુવૃત્તિની આવશ્યકતા તો હોય છે જ. એટલે શરણે આવેલા જીવોને શરણે લીધા. લઈને પ્રથમ એમના આવરણને નષ્ટ કરીને પછી ભગવાન પોતાના એવા ભક્તોનાં શેષ જીવનને માટે પોતાની માયાને વિસ્તારી એમનાં જીવનનાં આવશ્યક કર્મો ભગવાન સ્વયં કરાવે છે.

—ક્રમશ:

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદ્દાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.
ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

૧. નિવેદન

ઈ.સ. ૧૯૧૬માં મેં સર્વપ્રથમ દેવર્ષિ નારદનાં સૂત્રોનું બંગાળીમાં છાપેલ એક પુસ્તક જોયું. તે સમયે હું એકાંતવાસમાં હતો. ભગવાનની કૃપાથી પરમાર્થ સાધવા તરફ મન થોડું લાગ્યું હતું, તેમાં દેવર્ષિના સૂત્રો દ્વારા ઘણી મદદ મળી. આ સૂત્રો પર વિચાર કરતા કરતા તેમનો ભાવાર્થ લખવાની ઈચ્છા થઈ અને થોડા સમય બાદ ભાવાર્થ લખાઈ પણ ગયો. એ સમયે છાપવાની ઈચ્છા ન હતી, અને સગવડ પણ ન હતી.

લગભગ ઈ.સ.૧૯૨૦માં હું મુંબઈમાં હતો. ત્યાં એક દિવસ શ્રીવેંકટેશ્વર પ્રેસના સ્વામી સ્વ.શેઠ ખેમરામજી સાથે વાતવાતમાં સૂત્રોની ચર્ચા થઈ. તેઓએ ખૂબ આગ્રહથી પાંડુ લિપિ મારી પાસેથી લઈ લીધી અને છાપવા માટે પ્રેસમાં પણ આપી દીધી. પરંતુ અસાવધાનતાને કારણે ત્યાં જ પડેલી રહી ગઈ. મારો કોઈ વિશેષ આગ્રહ ન હતો, તેથી મેં કોઈ યાદી ન આપી. શેઠજીનો સ્વર્ગવાસ થઈ ગયો.

તે પછી ઘણા વર્ષો બાદ હું તે નકલ પાછી માગી આવ્યો. છપાવવાની ઈચ્છા ન હતી. સંકોચ હતો કે ભક્તિશાસ્ત્ર પર ટીકા લખનાર હું કોણ? પરંતુ જેમ જેમ પ્રસિદ્ધિ વધવા લાગી, તે સાત્ત્વિક સંકોચ દૂર થવા લાગ્યો અને છેલ્લે છપાવવાની વાત સ્થિર થઈ ગઈ. મેં ફરીને તે વાંચી, તેમાં ઘણી જગ્યાએ ફેરફાર અને સુધારા વધારાની આવશ્યકતાની ખબર પડી. તે છપાવવાનું કામ અટકી ગયું.

આ વખતે ભગવત્ પ્રેરણાથી ફરીને તેની દેખરેખ થઈ અને કાંઈક સુધારા–વધારા કર્યા બાદ 'કલ્યાણ'માં ક્રમવાર બધા સૂત્રો છપાઈ ગયા તેનું કાંઈક પરિવર્તન અને સંબંધિત રૂપ આ પુસ્તકમાં છે.

જે સમયે ઈ.સ.૧૯૧૬માં તેનો ભાવાર્થ લખાયો હતો, તે સમયે હિંદીમાં કદાચ એક બે ટીકાઓ તેના પર થઈ હશે. હવે તો ઘણી ટીકાઓ થઈ ચૂકી છે. આટલું હોવા છતાં પણ આ ટીકા છપાવવાની છૂપી ઈચ્છા અને બીજું ભક્તિશાસ્ત્રની ટીકાથી પોતાના કલ્યાણની આશા. ખરેખર તો ભક્તિની જેટલી ચર્ચા થાય તેટલું સારું જ છે, કારણ કે ભગવત્ પ્રેમની પ્રાપ્તિ માટે ભક્તિ જ સર્વપ્રધાન સાધન છે અને સાધ્યરૂપમાં તે ભગવત્પ્રેમ છે.

આશા છે કે ભક્ત અને વિદ્વાન વાચકો આ રીતે વિચારીને મારા આ કાર્યને જરાપણ નીંદનીય નહીં સમજે, અને મારી ભૂલો માટે પણ ક્ષમા આપશે. પ્રેમમાં ભાષા કરતાં ભાવનું વિશેષ મૂલ્ય હોય છે.

—ક્રમશઃ

કાવ્ય – કુંજ

૧. શ્યામનો સાથ નથી

(ઢાળ – જેના મુખમાં રામનું નામ નથી)

જેને શ્રીવલ્લભમાં વિશ્વાસ નથી,
તેવા વૈષ્ણવને શ્યામનો સાથ નથી. શ્રીવલ્લભમાં.
જેને બ્રહ્મસંબંધનું દાન મળ્યું નથી,
તેને શ્રીકૃષ્ણની સહાય રહેતી નથી. શ્રીવલ્લભમાં.
જેને બાલકૃષ્ણની સેવા નથી,
તેને પ્રેમવાત્સલ્યનો ભાવ નથી. શ્રીવલ્લભમાં.
જેને પુષ્ટિ સેવા મળી નથી,
તેને ગોપીના કૃષ્ણ મળતા નથી. શ્રીવલ્લભમાં.
જેને હૃદયમાં દીનતા ભાવ નથી,
તેને શ્યામ સેવાનું સુખ નથી. શ્રીવલ્લભમાં.
જેને ચિત્ત સેવામાં સ્થિર નથી,
તેની શ્યામને સેવા રુચતી નથી. શ્રીવલ્લભમાં.
જેને શ્યામ દર્શનમાં સુખ નથી,
તેનું ભગવદ્ જનમાં સ્થાન નથી. શ્રીવલ્લભમાં.
જેને ભગવદ્ લીલાનું શ્રવણ નથી,
તેનો ભગવદ્ ભાવ સ્થિર નથી. શ્રીવલ્લભમાં.
જેને ભગવદ્ સત્સંગનું સુખ નથી,
તે ભક્તિ રંગે રંગાતો નથી. શ્રીવલ્લભમાં.
જેને શ્રીવલ્લભમાં વિશ્વાસ નથી,
'શ્રીજીઅનુરાગી' માને
ભાવભક્તિ તેની સિદ્ધ નથી. શ્રીવલ્લભમાં.

—શ્રીજી અનુરાગી અમદાવાદ.

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ.૫૧/–
સોની જમનાદાસ ગોરધનદાસ માંડલીયા– રાજકોટના સદૈન્ય ભગવદ્ સ્મરણ

કાવ્ય – કુંજ (૨) પ્રજ વ્રજ મુજને વહાલાં રે

[ગોકુલવારે નાથ કહો સૌથી ગમે વધુ કયો દેશજી ?
પ્રશ્ન કરે વૈષ્ણવજન રે, ઉત્તર દે શ્રીગોકુલેશજી]
જય જય જય વ્રજભૂમિ જય જય
જય જય જય પ્રજભૂમિ જય જય
પ્રજ વ્રજ રજમાં લોટું રે, પ્રજ વ્રજમાં આળોટું
શ્રીકૃષ્ણપ્રભુની લીલાભૂમિ, વંદન હો વંદન વ્રજભૂમિ
શ્રીકૃષ્ણપ્રભુની પાવનભૂમિ, વંદન હો વંદન પ્રજભૂમિ.
વ્રજ એ પ્રજ છે, પ્રજ એ વ્રજ છે, ભેદ નહિં પ્રજ વ્રજમાં રે
પ્રજજનનું મીઠું મધુરું હૈયું વ્રજજનનું મીઠું
એવું ના કોઈનું દીઠું જેવું પ્રજવ્રજજનનું દીઠું
રૂડી રૂપાળી પ્રજની ભૂમિ જેવી રૂપાળી વ્રજની રે
દૂધ દહીં, માખણ પ્રજનાં જેવાં તાજાં વ્રજનાં રે
જલ મીઠું જેનું વ્રજનું જમુનાજલ જેવું પ્રજનું
ગોકુલ કે ઠાકુર કહેઃ સરખાં મુજને પ્રજવ્રજરે
મુજને ગમે વસવું પ્રજમાં ગમે જેટલું વ્રજમાં રે
જાણી લો વૈષ્ણવજન મ્હારા, પ્રજવ્રજ મુજને વહાલાં રે
જય જય જય વ્રજભૂમિ જય જય
જય જય જય પ્રજભૂમિ જય જય

—પ્રા. એમ.આર. પાલેજા (રાજપીપળા)

મલ્હારનું પદ

રાગઃ મલ્હાર

બરસન લાગી બદરિયા, નભમેં
બરસન લાગી બદરિયા
સબ ડૌર જલ કી ચલના,
ભૂમિ પર હરિત ચદરીયા. નભમેં....
બીચ બીચ ઘન દામિની દમકત,
જૈસે કૃષ્ણ સાંવરીયા
ગિરીધરલાલ આનંદસિંધુ
'ગોકુલેશ' લેહું બલૈયા. નભમેં....

—શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

પુસ્તક પરિચય

(૧) કવિરત્ન ભક્ત શ્રીદયારામ : પ્રકાશક– આં.રા.પુ.વૈ.પરિષદ મહિલા શાખા, 'કૃષ્ણાશ્રય', ૨–શ્રીનાથ એપાર્ટમેન્ટ, જયંત પાર્ક, મણિનગર, અમદાવાદ– ૩૮૦૦૦૮. સંપાદક – શ્રીમતિ વીણાબેન શેઠ.

ડેમી સાઈઝ પુસ્તક. પાના ૫૫+ ૯ કાચું પૂંઠુ પીન બાઈન્ડીંગ. કિંમત રૂ. ૧૫/–

પુષ્ટિ સંપ્રદાયમાં અષ્ટ સખા બાદ ગુજરાતનાં માન્ય કવિવર શ્રીદયારામભાઈ જેમનો જન્મ ૧૮ મા સૈકામાં થયો હતો. જન્મજાત પુષ્ટિસંપ્રદાયના સંસ્કાર ગળથૂથીમાં મળેલ. તેમના અનેક પદો આજે પણ વૈષ્ણવ ઘરોમાં ભાવપૂર્વક નિત્યગાન થાય છે. તેનાં ચૂંટેલા પદો ઉપરાંત વૈષ્ણવોની ભાગવત ગીતા સમાન ભક્તિપોષણના ૧૦૧ ચંદ્રાવલા સાથે પુસ્તક પ્રકાશન કરેલ છે. દરેક વૈષ્ણવોએ વસાવવા જેવું પુસ્તક છે.

(૨) ચિતમેં શ્રીજમુના નિસદિન રાખો : (શ્રીયમુનાજીના ૪૧ પદોનું રસદર્શન)

લેખક–પ્રા.રમેશભાઈ વિ. પરીખ પ્રકાશક– શ્રીહરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, હરસાનીજી હાઉસ, ૪૧–૪૦ ઊર્મિ શોપીંગ સેન્ટર, બી.કે.સીનેમા સામે, મહેસાણા–૩૮૪૦૦૨.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૪૮, ઓફસેટ પ્રિન્ટિંગ સેક્શન સિલાઈ, શ્રીયમુનાજીનું બહુરંગી ચિત્ર લેમીનેશન ટાઈટલ ઉપર. પુસ્તક પ્રકાશન સહાય રૂ.૪૦/– પોસ્ટેજ રૂ.૧૦/–

પુષ્ટિ સાહિત્યમાં શ્રીયમુનાજીના ૪૧ પદોનું વિશિષ્ઠ સ્થાન છે. આ પુસ્તકમાં ૪૧પદો અર્થ તથા વિવરણ સાથે–પદો પરની વિવિધ ટીકાઓ ધ્યાનમાં રાખી સુંદર, સરળ, શૈલામાં પુષ્ટિ સાહિત્યના સિદ્ધહસ્ત લેખક દ્વારા રજુ કરવામાં આવેલ છે.

વાંચતા આનંદ વિભોર થઈ જવાય અને યમુના મહારાણીમય થઈ જવાય એવી સુંદર રજૂઆત. લેખકશ્રી અભિનંદનના અધિકારી છે. દરેક વૈષ્ણવ પરિવારે વસાવવા અને અવારનવાર વાંચવા અને માણવા લાયક અતિ સુંદર, અલભ્ય રત્ન સમાન પુસ્તક.

(૩) મનની શાંતિ પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણ

(૪) જીવન પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણ

લેખક–પ્રકાશક ઉપર ક્રમાંક ૧ મુજબ. સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ–૩૬/૩૨ પીન બાઈન્ડિંગ, પુસ્તક પ્રકાશન સહાય દરેકના રૂ.૫/–

પુષ્ટિ પરિચય પુસ્તિકા શ્રેણીના પુષ્પ ૫ અને ૬ માં પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણથી મનની શાંતિ અને જીવન વિશે માર્ગદર્શક વિચારો રજુ કરવામાં આવ્યા છે.મનની શાંતિ માટે શ્રીમહાપ્રભુજી વિરચિત "વિવેકધૈર્યાશ્રય" ગ્રંથના સંદર્ભ અને સુંદર સરળ વિચારો રજુ થયા છે. પુષ્ટિમાર્ગીય જીવન કેવું હોય અને હોવું જોઈએ તે સરળ રીતે રજૂ કરેલ છે. બંને પુસ્તિકા પુષ્ટિસાહિત્યના સિદ્ધહસ્ત લેખક દ્વારા લખાયેલ છે. સરળ, લોકભોગ્ય શૈલી નોંધનીય છે. વૈષ્ણવ સમાજે વાંચવા, વસાવવા અને ભેટ આપવા લાયક પુસ્તિકાઓ.

(૫) શિક્ષાપત્રનું આચમન (૪) લેખક–પ્રકાશક ઉપર ક્રમાંક ૧ મુજબ

આઠ પેઈજી ડેમી સાઈઝ પુષ્ઠ ૩૦૨. ઓફસેટ પ્રિન્ટિંગ, પીન બાઈન્ડીંગ, લેમીનેશન ટાઈટલ ઉપર શ્રીહરિરાયજીનું બહુરંગી ચિત્રજી. પુસ્તક પ્રકાશન સહાય રૂ.૪૦/– પોસ્ટેજ ખર્ચ રૂ.૧૦/–

પુષ્ટિમાર્ગમાં શિક્ષપત્રનું અનેરું સ્થાન છે. કુલ ૪૧ શિક્ષપત્રનો સમાવેશ કરેલ છે. દરેક શિક્ષાપત્ર તેના મૂળ શ્લોક અને ગુજરાતી ભાવાર્થ સાથે શરૂઆતમાં આપવામાં આવેલ છે. ત્યારબાદ તેનું સુંદર, સરળ, દષ્ટાંતો

સાથે વિવરણ રજુ કરવામાં આવેલ છે અને છેલ્લે ટુંકમાં તેનો સારાંશ આપેલ છે.

આ રીતે દરેક શિક્ષાપત્રને સુંદરરીતે સમજી હૃદયંગમ કરવામાં અનેરો આનંદ આવે છે. હરેક વૈષ્ણવ પરિવાર, ભગવદ્ મંડલી, પુસ્તકાલયો વસાવવા અને દરરોજ વાંચવાલાયક પુષ્ટિસાહિત્યના રત્ન સમાન પુષ્ટિસાહિત્યના સિદ્ધહસ્ત લેખક દ્વારા પુષ્ટિ સૃષ્ટિ માટેનું પુસ્તક.

(૬) શ્રીપુષ્ટિ ચાલીસા

રચયિતા અને પ્રકાશક – શ્રીજયંત જી. ગાંધી ૫૩–દુર્વેશનગર 'જલનિધિ' જુનાગઢ. ૩૬૨૦૦૧.
આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૨, પીન બાઈન્ડીંગ, ન્યોછાવર રૂ. ૯/–

પુષ્ટિ પદ્ય સાહિત્યના સિદ્ધહસ્ત કવિ દ્વારા રચિત આ પહેલા બે સંગ્રહો (૧) શ્રીપુષ્ટિ સુધાબિન્દુ (૨) શ્રીકૃષ્ણકથામૃત પ્રગટ થયા છે અને આ ત્રીજા સંગ્રહમાં વિવિધ પદ્ય રચનાઓ– શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીવલ્લભાચાર્યજી અને વંદના ઉપરાંત 'સાચા સગા છો શ્રીનાથજી' એ ધોળનું અંગ્રેજીમાં પદ્ય રૂપાંતરનો સમાવેશ થાય છે. દરેક રચનામાં સુંદર પ્રાસ અને અર્થ કોઈપણ ભાવિક વૈષ્ણવ ભાઈ બહેન સરળતાથી સમજી ગાઈ અને કંઠસ્થ કરી શકે તેવી ભાવવાળી રચનાઓ છે. આ પુસ્તિકામાં ગાગરમાં સાગર સમાવવાનો સફળ પ્રયાસ છે. દરેક વૈષ્ણવ પરિવારે વાંચવા વસાવવા તથા અવારનવાર ગાઈને આનંદ મેળવાય તેવા કાવ્યોનો સંગ્રહ.

ઉપરોક્ત પુસ્તકનું વિમોચન પૂ.પા.ગો. શ્રીકિશોરચંદ્રજી મહારાજના વરદ કરકમલો દ્વારા શ્રીમોટીહવેલી જૂનાગઢના સભાખંડમાં યોજાયેલ કાર્યક્રમમાં પવિત્રા એકાદશીના મંગલ દિને સંપન્ન થયેલ.

સમાચાર

વડોદરા : આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ કેન્દ્રીય કારોબારી તથા વૈષ્ણવોનું સ્નેહમિલન

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની કેન્દ્રીય કારોબારીની મીટીંગ તથા વૈષ્ણવ સ્નેહમિલનનો કાર્યક્રમ તાજેતરમાં વડોદરા મુકામે યોજવામાં આવેલ.

ઈન્દ્રકાન્તભાઈ શેઠનાં પ્રમુખસ્થાને યોજાયેલ કારોબારીમાં મહત્વનો મુદો એ ચર્ચવામાં આવ્યો કે દેશની મહાન અને પવિત્ર નદીઓ જે માનવજાત–પશુ–પંખી સર્વ જીવોનું કલ્યાણ કરે છે તેમાં દિનપ્રતિદિન પ્રદુષણ વધવાનાં કારણે સર્વ જીવોનો આરોગ્ય ઉપર મોટો ખતરો પેદા થયો છે. તેમજ કરોડો લોકોની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચી છે.

ડૉ. ગજાનન શર્માએ શ્રીયમુનાજી નદીનાં જલ ઉપર જે રીતે પ્રદુષણનો વ્યાપ વધેલ છે તેનો સવિસ્તર ખ્યાલ આપેલ. તેના શુદ્ધિકરણ માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારોને જાગૃત કરવા જરૂર પડયે જન આંદોલન દરેક રાજ્યમાં વિસ્તારી સરકારશ્રી શ્રીયમુના નદીને પ્રદુષણ મુક્ત કરવા વૈષ્ણવોએ કમર કસવી પડશે.

કરોડો લોકો જેની પાપહરણી–મુક્તિદાતા માની નિત્ય જેની સેવા પૂજા કરે છે. અને શ્રીયમુનાજીનાં જલનું પયપાન કરવાથી સમગ્ર દોષોની નિવૃત્તિ થાય છે અને વિશ્વભરમાંથી જેનાં દર્શન કરવા તેમજ પયપાન કરવા શ્રદ્ધાપૂર્વક શ્રીગોકુલ–મથુરા ભગવાન શ્રીકૃષ્ણ શ્રીયમુનાજીનું શુદ્ધિકરણમાં વિલંબ દાખવવામાં આવે છે જેથી કરોડો ભાવિક ભક્તોની લાગણી દુભાય છે.

જેથી આ સભા યુ.પી. સરકાર તથા કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે કે વ્રજભૂમિમાં વહેતી શ્રીયમુનાજીનું પ્રદુષણ દૂર કરવા તાત્કાલિક કાર્યવાહી નહિં કરવામાં આવે તો સમગ્ર દેશમાં જન આંદોલન ઉભું કરવાની

વૈષ્ણવોને ફરજ પડશે અને તેની શરૂઆત મથુરામાં ભાઈબીજ ઉપર સમગ્ર દેશમાંથી આવતા ભાવુક અને શ્રદ્ધાળુજનોની ઉપસ્થીમાં આંદોલન શરૂ કરી દરેક રાજ્યોમાં આંદોલન વિસ્તારવામાં આવશે.

અન્ય નિર્ણયોમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનો સિદ્ધાંતોનો પ્રચાર કરવાતથા વૈષ્ણવ પરિષદનાં સંગઠનને વધુ મજબૂત બનાવવા– ઝાબુવા શૈક્ષણિક પ્રોજેકટનો વિસ્તાર કરવા– વિદેશમાં વસતા વૈષ્ણવજનોનો સંપર્ક વધારી ત્યાં પણ સંપ્રદાયના સિદ્ધાંતો જાણી માનવ પોતાનું કલ્યાણ કરે તે માટે પ્રચાર પ્રસાર કરવા વિવિધ પ્રવૃત્તિઓ વિકસાવવા અંગે કારોબારીમાં નિર્ણયો લેવામાં આવેલ.

આ પ્રસંગે શ્રીકલ્યાણરાયજી મંદિર પટાંગણમાં પૂ.પા.ગો. શ્રીવૃજેશકુમારજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં મળેલ ખુલ્લા સંમેલનમાં આપશ્રીએ તેમજ પૂ. ઈન્દીરાબેટીજી મહોદયાએ ભાવસભર શૈલીમાં જણાવ્યું કે ધર્મકાર્યમાં સત્તાનો હસ્તક્ષેપ હોવો જોઈએ નહીં. પૂ.ગો. શ્રીદ્વારકેશલાલજી મહોદયશ્રીએ નામ સૃષ્ટિ અને બિન્દુ સૃષ્ટિનો પરસ્પર સમન્વય થતા તેના સુલભ પરિણામની વાત જણાવી, પૂ.પા.ગો. શ્રીવાગીશકુમારજી મહોદયશ્રીએ પરિષદની કાર્યશૈલીની પ્રસંશા કરીને આચાર્યો–સ્વમાર્ગીય સિદ્ધાંતો અને વૈષ્ણવોની ત્રિવેણી વચ્ચે સુમેળ અને સંકલન કરવાની આવશ્યકતા પર ભાર મુકયો. વૈષ્ણવ પરિષદનાં સેવાકીય કાર્યોની પ્રસંશા કરીને તેને દેશવ્યાપી અને વિશ્વનાં પ્રદેશોમાં તેના પ્રચાર માટે અવશ્ય વિચારવું જોઈશે અને સંપ્રદાયનાં ક્ષેત્રે વિવિધ સંસ્થાઓને તેના નેજા હેઠળ કાર્યશીલ બનવા પર ખાસ ભાર મૂકી પૂ.પા.ગો. શ્રીવૃજેશકુમારજી મહારાજશ્રી પોતાના અધ્યક્ષીય પ્રવચનમાં જણાવેલ.

પુસ્તક વિમોચન : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવાસમાજ કાંદીવલીના ઉપક્રમે પૂ.પા.ગો. શ્રીકલ્યાણરાયજી મહારાજ (સુરત–પૂના–મુંબઈ)ના વરદ હસ્તે શ્રીબાલકૃષ્ણલાલજી હવેલી, કાંદીવલી યદુનાથ ભવન ખાતે શ્રીરમેશભાઈ શાહ સંપાદીત **દશમ્ સ્કંધ સુબોધિનીજી ભાગ–૧** નું વિમોચન કરવામાં આવ્યું હતું. શ્રીમદ્ ભાગવતના દશમ્ સ્કંધ પરની શ્રીમહાપ્રભુજી વિરચિત સુબોધિનીજી ટીકા લગભગ બાર ભાગમાં પ્રકટ કરવામાં આવશે. સુબોધિનીજી ભાગ–૧ નું ન્યોછાવર માત્ર રૂ.૫૦/– + પોસ્ટેજ ખર્ચ રૂ.૨૦/– છે. સંપર્ક શ્રીરમેશભાઈ શાહ, મર્સી વિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પૂર્વ) મુંબઈ–૪૦૦૧૦૧.

નડીયાદ : **દિનાંક ૨૮–૧૧–૯૯ નડીયાદ મુકામે વિશાળ અધિવેશન**

આચાર્ય શ્રીવલ્લભના વિચારોને પ્રસારવા, સાંપ્રદાયિક કાર્યોને વધુ ગતિમાન કરવા, વૈષ્ણવ પરિષદના સંગઠનનો વ્યાપ વધારવા, ધર્મ–સંસ્કાર શિબિરોના આયોજન ગોઠવવામાં પુષ્ટિમાર્ગ સંપ્રદાયના આચાર્યોને એક વિચારમંચ પર લાવવા, વૈષ્ણવ સમાજના અગ્રણીઓની સેવાઓને બિરદાવવા માટે પાંચેક વર્ષ પહેલા વડોદરા ખાતે યોજાયેલા વિશાળ અધિવેશન પછી આ વર્ષે ૨૮ નવેમ્બરના રોજ નડીયાદ ખાતે એક વિશાળ અધિવેશન યોજવાનું વૈષ્ણવ પરિષદે નક્કી કર્યુ છે તેમ વૈષ્ણવ પરિષદની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે. સંપ્રદાયના ક્ષેત્રે નડીયાદનું પ્રદાન મહત્વપૂર્ણ છે. તેની યાદ કરાવીને વૈષ્ણવ પરિષદના અગ્રણી અને ભાગવત પ્રવકતા શ્રીપ્રદ્યુમન શાસ્ત્રીએ વિશેષમાં જણાવેલ કે મોરનાં પીછા જેમ રળીયામણા લાગે છે તેમ આપણે સૌ મોરનાં પીછા બની પ્રભુને ગમે તેવું કાર્ય કરવા કટીબદ્ધ બનીએ તેવી અપીલ કરી હતી. શ્રીચીમનભાઈ શેઠે પરિષદના રચનાત્મક અને નવીન અભિગમોના થયેલા કાર્યક્રમોની વિસ્તૃત સમજ આપી હતી અને નડીયાદ ખાતેના યોજાનાર અધિવેશન અંગેની રૂપરેખા આપેલ. અધિવેશન સફળ બનાવવા શ્રીઅરવીંદભાઈ પટેલ, નગીનભાઈ શાહ, પ્રફુલભાઈ શાહ, શ્રીદિલીપભાઈ શાહ, શ્રીમતી ભારતીબેન પટેલ વિગેરેની નિશ્રામાં કમીટી કાર્યરત બની છે. આ પ્રસંગે એક સોવીનીયરનું પ્રકાશન કરવા યોજેલ છે. જેમાં સંપન્ન વૈષ્ણવો દ્વારા જાહેરખબર રૂપમાં આર્થિક સેવા મોકલવા શ્રીચીમનભાઈ શેઠે અપીલ કરી છે.

અમદાવાદ : અમદાવાદમાં વૈષ્ણવ પરિષદ દ્વારા પ્રચારસભાઓ સંપન્ન.

☐ ઈન્દ્રકાન્તભાઈ પરીખ દ્વારા અમદાવાદ મુકામે શ્રીબાલકૃષ્ણલાલજી હવેલી, મણિનગર હવેલી, શ્રીવલ્લભ સદન, ગાંધીનગર વિગેરે સ્થળે પ્રચારસભાઓ ગો. શ્રીદ્વારકેશલાલજી મહોદયશ્રીએ પુષ્ટિમાર્ગ સંપ્રદાયના સંરક્ષણ–સંવર્ધન કરવા અને શ્રીવલ્લભના વિચારોને પ્રચાર–પ્રસાર કરવા હવે સમગ્ર વૈષ્ણવસૃષ્ટિએ જાગૃત બની સંગઠિત બનવું અત્યંત જરૂરી છે તેમ જણાવેલ.

☐ અત્રે પૂજ્યપાદ શ્રીદ્વારકેશલાલજી મહોદય (કડી–અમદાવાદ) દ્વારા પ્રસ્થાપિત અમદાવાદ વૈષ્ણવ યુવક સંઘના ઉપક્રમે શ્રીકૃષ્ણ પ્રાકટ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. બેન્ડ બગી સાથે શોભાયાત્રા સોલારોડ ખાતે ફરી સભાના રૂપમાં ફેરવાઈ હતી. ત્રણેય દિવસ આપશ્રીએ સુબોધિની સહિત જન્મપ્રકરણ પર વચનામૃત કર્યા હતા. વિવિધ મનોરથો યોજાયા હતા. ૭ મી તારીખે રક્તદાન શિબિરમાં અને પુષ્ટિ કવીઝમાં સેંકડો યુવાનોએ ભાગ લીધો હતો. આપશ્રી દ્વારા સુંદર રીતે યુવાજાગૃતિ અને વૈષ્ણવ એકતાનું કાર્ય થઈ રહ્યું છે.

ગ્વાલિયર :

અત્રે ગ્વાલિયર (લશ્કર) ખાતે અમદાવાદથી પધારેલા પૂજ્યપાદ શ્રીજયદેવલાલજી કડી–કોટાવાળા પધારતાં વૈષ્ણવોએ ખૂબ ઉત્સાહથી વિવિધ મનોરથો તથા વચનામૃતોનો લાભ લીધો હતો. વૈષ્ણવ એકતા રેલી તથા વિવિધ મનોરથોમાં સેંકડો વૈષ્ણવો જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય પુ. વૈષ્ણવ પરિષદના સંયોજનમાં થયો હતો.

બેઠકજી યાત્રાનું આયોજન :

પૂ.પા.ગો. શ્રીવ્રજનાથજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં અમદાવાદ–રાધનપુર–રાજકોટ–ટંકારા–મોરબી– તલોદ– પ્રાંતિજના ૪૦૦ વૈષ્ણવોએ મોરબી મુકામે આવેલ શ્રીમહાપ્રભુજીની બેઠકજીએ ઝારી–ચરણસ્પર્શનો લાભ લીધો અને સાથે પ્રસાદ ગ્રહણ કર્યો. મોરબીના વૈષ્ણવોએ આપશ્રીની ભવ્ય શોભાયાત્રા કાઢેલ જે દરબારગઢથી શ્રીમદનમોહનજી હવેલી સુધી નીકળેલ જ્યાં શ્રીના સુકામેવાનાં હિંડોળાના દર્શનનો લાભ પ્રાપ્ત થવાની સાથે આપશ્રીના વચનામૃતો થયેલ. રાત્રે કીર્તન–ઢાઢીલીલા થયેલ.

પૂ.પા.ગો. શ્રીવાગીશકુમારજી મહોદય (કાંકરોલી) સન્માન સમારોહ :

પૂ.પા.ગો. શ્રીવાગીશકુમારજી મહોદયશ્રીને ઈન્ટરનેશનલ બાયોગ્રાફીકલ સેન્ટર કેમ્બ્રીજ યુનિવર્સિટી ઈંગ્લેન્ડ તરફથી “ ઈન્ટરનેશનલ મેન ઓફ મિલેનીયમ ”નો માનવંતો એવોર્ડ આપવામાં આવ્યો જેને અનુલક્ષીને આપશ્રીનુંસન્માન કરવા વડોદરા મુકામે ગાંધીનગર ગૃહ ખાતે લાયન્સ ક્લબ દ્વારા સન્માન સમારોહ યોજવામાંઆવેલ.

આ પ્રસંગે શ્રીવલ્લભકુળ પરિવારના પૂજ્ય આચાર્યચરણ ગોં. શ્રીવૃજેશકુમારજી મહારાજ– પૂ.પા.ગો.શ્રીપરાગકુમારજી મહારાજશ્રી, પૂ.પા.ગો. શ્રીશિશિરકુમારજી મહારાજશ્રી, ગો. શ્રીદ્વારીકેશલાલજી મહોદય, ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજ, ગો. શ્રીઈન્દિરાબેટીજી મહોદયા, ગો. શ્રીગોપાલલાલજી મહોદય (કામવન) ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત શ્રીવહુજી–બેટીજી– નાના બાળકો શ્રીવેદાંતકુમારજી અને ગો. શ્રીસિદ્ધાંતકુમારજી સજાતીય માતુલ વર્ગ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય મહેમાન ભૂતપૂર્વ લાયન્સ ડિસ્ટ્રીકટ ગવર્નર શ્રીરમેશભાઈ પ્રજાપતિ– લાયન્સ પિયુષભાઈ અગ્રવાલ– ક્રિષ્નદાસ રોહડીયા– સંજીવભાઈ પંચોલી વિગેરે અન્ય મહાનુભાવો સાથે ગામે ગામનાં હજારો વૈષ્ણવોની ઉપસ્થિતી હતી. આપશ્રીઓનાં તેમજ વિવિધ વક્તાઓ દ્વારા ગુણાનુવાદ બાદ પૂ.પા.ગો. શ્રીવાગીશકુમારજી મહોદયશ્રીને તાંબાના (શીલ્ડ) પત્ર પર સુંદર સુશોભીત રીતે કંડારેલ ‘સન્માનપત્ર’ અર્પણ કરવામાં આવેલ.

॥શ્રીહરિઃ॥

જયંતિલાલ એમ. નગદિયા
૨૨/૩, ન્યુ જાગનાથ પ્લોટ,
રાજકોટ.

પ્રતિશ્રી,
શ્રીનાથદ્વારા ટેમ્પલ બોર્ડ કે સર્વે પદાધિકારીઓ
એવમ વહિવટી અધિકારી, શ્રીનાથદ્વારા મંદિર,
શ્રીનાથદ્વારા (રાજસ્થાન)

સાદર ભગવદ સ્મરણ.

વિષય : શ્રીનાથદ્વારા મંદિર કી ગૌશાલામેં માનવીય અવ્યવસ્થા દૂર કરકે ગૌમાતા કા સુચારૂ રૂપમેં પાલનપોષણ કે બારેમે ।

સાદર જ્ઞાત કરનેકા કી હમ વૈષ્ણવો શ્રીજીબાવાકા દર્શન કરનેં 'શ્રીનાથદ્વારા' આયેથે । વહાંસે સલોર મુકામે શ્રીજીબાવાકી ગૌશાલા આયી । જહાં ચારસોહ કરીબ ગાયેં બિરાજમાન હે ઉનકા દર્શન કરને કે લીયે દિનાંક ૧–૭–૯૯ કે દિન ગયે થે ।

ગૌ માતાઓ કા દર્શન કરકે હૃદય દ્રવિત હો ઉઠા ઔર આંખમે અશ્રુ આ ગયે । દેખા કી ગાયોં કો પુરતા પોષણ નહીં મીલને સે ઔર યોગ્ય સંભાલ નહીં રખી જા રહી હે ઉસ વજહસે કછુ ગાયોં નિર્બલ ઔર દયનીય સ્થિતીમેં જીવન વ્યતિત કર રહી હે ।

ઘાસચારા કો ગોડાઉન દેખા તો નિમ્ન કક્ષાવાલા ઔર મિટ્ટી લગા હુઆ ઘાસ થા, પુરવઠા હી દો તીન દિન ચલે ઉતના હી દેખા (જબકી તીન ચાર માસ ચલે ઉતના સ્ટોક આવશ્યક રખના ચાહિયે) ઔર જાંચ કરને પર માલુમ હુઆ કી દિનમેં હર ગાયકો સાડા તીન સે ચાર કીલો ઘાસ હી ખિલાયા જા રહા હે। ક્યા ઈતને ઘાસમેં ગાયકા પોષણ હોતા હે ?

શ્રીગોવર્ધનધર પ્રભુ સારાયેં જગતકા પાલનહાર હે, ઔર ઉનકો ગાય પર વિશેષ સ્નેહ હે ઈસ વજહસે ઉનકા એક નામ શ્રીગોપાલ હે । મંદિર કે સ્વરૂપમેં શ્રીજીબાવાકા એક હી મંદિર શ્રીનાથદ્વારામેં હે, ઉસી વજહસે સારે વિશ્વભરકે વૈષ્ણવો શ્રીજીદ્વાર દર્શન કરને આતે હે ઔર શ્રીજીબાવાકા ભંડાર હર હંમેશ ભરા હી રહતા હે। ફીરભી માનવીય અવ્યવસ્થાકે કારણ શ્રીજીબાવાકો પ્રિય એસી ગૌ માતા દયનીય સ્થિતીમેં જીયે યહ શોચનીય હે ।

આશા હે યહ પત્ર પઢકર શ્રીજીબાવાકી ગૌશાલાકી ગાયોંકો સાફસુથરા ઔર પોષણક્ષમ આહાર મીલે ઔર સુચારૂ રૂપસે પાલનપોષણ કી વ્યવસ્થા બને ઐસી વ્યવસ્થા કરનેમેં સહયોગી બનોગે તો પ્રભુ સબ વ્યવસ્થાપક પર પ્રસન્ન બનેંગે ।

આપકે પ્રત્યુત્તર કી અપેક્ષા સહ....

નિવેદક :
જયંતીલાલ એમ. નગદીયા
રજનીકાંત એમ. નગદીયા

નકલ રવાના સાદર :
(૧) પૂ.પાદ આચાર્યચરણ શ્રીદાઉજી મહારાજ (શ્રીતીલકાયતજી)
મોતી મહલ, શ્રીનાથદ્વારા મંદિર– શ્રીનાથદ્વારા (રાજસ્થાન)

આસો વદ ૬ તા. ૩૦–૧૦–૯૯ શનિવાર : શ્રીરણછોડરાયજીનો ષોડશોપચાર (ડાકોર) (સાતમનો ક્ષય હોવાથી આજે)

આસો વદ ૯ તા. ૧–૧૧–૯૯ સોમવાર : ગો.ચિ.વ્રજેશકુમારજી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

આસો વદ ૧૦ તા. ૨–૧૧–૯૯ મંગળવાર : શ્રીટિકેતના શૃંગારનો પ્રારંભ. ગો.શ્રીકનૈયાલાલજી મહારાજ (મથુરા–પોરબંદર–રાજકોટ)નો તથા ગો.ચિ. મધુસુદનલાલજી (રાજનગર–અમદાવાદ)નો જન્મદિન.

આસો વદ ૧૧ તા. ૩–૧૧–૯૯ બુધવાર : રમા એકાદશી વ્રત. ગો.શ્રીમુરલીધરજી મહારાજ (વિરમગામ–ગોકુલ–કામવન) તથા ગો.શ્રીમિલનકુમારજી (ઘાટકોપંર)નો જન્મદિન.

આસો વદ ૧૨ તા. ૪–૧૧–૯૯ ગુરૂવાર : ગોવત્સ દ્વાદશી. વાઘબારસ. ગો.શ્રીકલ્યાણરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૩ તા. ૫–૧૧–૯૯ શુક્રવાર : ધનતેરસ.

આસો વદ ૧૪ તા. ૬–૧૧–૯૯ શનિવાર : રૂપચૌદશ. અભ્યંગ સ્નાન.

આસો વદ ૧૪ તા. ૭–૧૧–૯૯ રવિવાર : દિવાળી, હટડી, કાન જગાવન, લક્ષ્મીપૂજન, દર્શ અમાવાસ્યા. ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજ (વિરમગામ–કામવન)નો તથા ગો.શ્રીરઘુનાથજી બાવાશ્રી (વિરમગામ–કામવન)નો જન્મદિન.

આસો વદ ૩૦ અમાસ તા. ૮–૧૧–૯૯ સોમવાર : ગોવર્ધન પૂજન, અન્નકુટ ઉત્સવ. સોમવતી અમાવાસ્યા. સં.૨૦૫૫ પૂર્ણ.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ. ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-10-1999.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO. L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન. ☐☐☐☐☐☐

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

દીન વદને ભૂલી જવા વિનતિ

અનંત હૈ અપરાધ મમ,
કૈસેં પૈહોં અંત;
શ્રમિત હોંઉગે વીસરો, (૧૫)
સકૂમાર ભગવંત.

ટીકા : હે શ્રીભગવંત ! મારા અપરાધ તો અનંત છે, તે તમારે ગણતાં તો કોટી કલ્પે પાર નહીં આવે ને આપ ઘણા કોમલ છો તે થાકી જશો ગણતાં. તે માટે એક ઉપાય ખરો જે સઘળા દોષ મારા જાણી જોઈને વીસરી જાઓ કે તમારે ગણવા ના પડે ને મારે ભોગવવા ના પડે. એમાં બંનેને સારું છે. (૧૫)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પ્યુટરાઈઝ્ડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૩૭૦૭૧.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૮ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ નવેમ્બર , ૧૯૯૯

વચનસુધા

" આ પુષ્ટિ ભક્તિમાર્ગની રક્ષા અને અશેષ સાધન શ્રીવલ્લભાચાર્યે, શ્રીપ્રભુચરણે, શ્રીગોકુલનાથજીએ કરી અને તે વખતે વૈષ્ણવોનું સંગઠ્ઠન એક વિચારવા જેવી વાત હતી, ઈતિહાસમાં કે તીલક–કંઠી જો ન હોય, એના ઉપર જો પ્રતિબંધ આવે તો ગોકુલ ખાલી થઈ શકે છે. બીજી વાત હું ન કહેતો કારણ– પણ જ્યાં જ્યાં રાજાઓએ એવો અત્યાચાર કર્યો ત્યાંથી વૈષ્ણવો (ઘરબાર) મૂકીને અને આચાર્યો ઠાકોરજી લઈને નીકળી ગયા છે. આવી એક ત્યાગની ભાવના અને અકિંચન લોકો ઉપર ભક્તિમાર્ગની પ્રતિષ્ઠા કરી જ્યારે આ ભક્તિમાર્ગ સાધન સાપેક્ષ બન્યો, અને અકિંચનથી આત્મવિશ્વાસ ઉડી ગયો, ભલે મારી પાસે પૈસા ન હોય પણ મારી પાસે આત્મશક્તિ છે કે હું ભગવદ્દાસ છું ને મારા પ્રભુ સર્વ સમર્થ છે. મારી અસદ્ ગતી તો નહીં જ થાય એ ચોક્કસ છે. આ જાતની ધારણા લઈને કોઈપણ માણસ પોતાના શ્રમ શક્તિથી, અર્જીત કરેલું ધન કે પાણી પણ ભગવાનને પીવરાવીને સુખી રહી શકે છે, હસતો રહી શકે છે એજ માનવ રાષ્ટ્ર અને ધર્મનું નિર્માણ કરી શકે છે. બીજી આ બધી ફેલેસી (છળ–પ્રવંચના) છે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૧૧)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠ્ઠન દૃઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

કારતક સુદ ૧ સંવત ૨૦૫૬ તા. ૯–૧૧–૯૯ મંગળવાર : નૂતન વર્ષ પ્રારંભ. ચંદ્રદર્શન. ગો.ચિ. ગોકુલેશજી (કામવન)નો જન્મદિન.

કારતક સુદ ૨ તા. ૧૦–૧૧–૯૯ બુધવાર : યમદ્વિતીયા. ભાઈબીજ.

કારતક સુદ ૩ તા. ૧૧–૧૧–૯૯ ગુરૂવાર : ગો.શ્રીયમુનેશકુમારજી (બોરીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૪ તા. ૧૨–૧૧–૯૯ શુક્રવાર : ગો.શ્રીભૂષણજી (માંડવી–કચ્છ)નો જન્મદિન.

કારતક સુદ ૫ તા. ૧૩–૧૧–૯૯ શનિવાર : લાભપાંચમ. ગો.ચિ.શ્રીવ્રજભૂષણલાલજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો તથા ગો. ચિ. શ્રીપુરૂષોત્તમજી (જુનાગઢ)નો જન્મદિન.

કારતક સુદ ૮ તા. ૧૬–૧૧–૯૯ મંગળવાર : ગોપાષ્ટમી.

કારતક સુદ ૯ તા. ૧૭–૧૧–૯૯ બુધવાર : અક્ષયનવમી. કૂષ્માંડ (કોળું) દાન. સત્યુગાદિ તિથિ. ગોવિંદાભિષેક. વિવાહના પદની શરૂઆત. પૂનમ સુધી બોલાય.

કારતક સુદ ૧૦ તા. ૧૮–૧૧–૯૯ ગુરૂવાર : શરદઋતુ પૂરી થઈ. ગો. ચિ. શ્રીદ્વારકેશજી (કડી–અમદાવાદ)નો જન્મદિન.

કારતક સુદ ૧૧ તા. ૧૯–૧૧–૯૯ શુક્રવાર : પ્રબોધિની એકાદશી વ્રત. મંડપ સવારે શૃંગારમાં. ચાતુર્માસ નિયમ સમાપ્તિ.

કારતક સુદ ૧૨ તા. ૨૦–૧૧–૯૯ શનિવાર : શ્રીગુસાંઈજીના પ્રથમ લાલજી શ્રીગિરિધરલાલજીનો ઉત્સવ (સં.૧૫૯૭) તથા પાંચમા લાલજી શ્રીરઘુનાથજીનો ઉત્સવ (સં.૧૬૧૧) તથા ગો.શ્રીવ્રજેન્દ્રકુમારજી મહારાજ (રાજનગર–અમદાવાદ)નો જન્મદિન.

કારતક સુદ ૧૩ તા. ૨૧–૧૧–૯૯ રવિવાર : ગો.ચિ. શ્રીવિઠ્ઠલનાથજી (કાંકરોલી) તથા ગો. શ્રીમુરલીમનોહરજી (મુંબઈ) નો જન્મદિન.

કારતક સુદ ૧૫ તા. ૨૩–૧૧–૯૯ મંગળવાર : પૂર્ણિમા. ચાતુર્માસ સમાપ્તિ. ભક્તબોડાણા શ્રીરણછોડરાયજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યાનો ઉત્સવ. ગોપમાસ આરંભ. વ્રતચર્યા. કાર્તિક સ્નાન સમાપ્ત.

કારતક વદ ૧ તા. ૨૪–૧૧–૯૯ બુધવાર : ગોપમાસ આરંભ. (ગઈ કાલે ન કર્યો હોય તો આજે) ગો. શ્રીવ્રજરાજકુમારજી (વડોદરા–સુરત)નો જન્મદિન. (બીજનો ક્ષય છે તેથી આજે)

કારતક વદ ૪ તા. ૨૬–૧૧–૯૯ શુક્રવાર : શ્રીદાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ. ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી બાવાશ્રી (કાંકરોલી)નો તથા ગો. ચિ. કમલેશકુમારજી (મુંબઈ)નો તથા ગો.ચિ. શ્રીવ્રજેન્દ્રજી (માંડવી–જુનાગઢ)નો જન્મદિન.

|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૮ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ☐ નવેમ્બર,૧૯૯૯

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં
ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

એક જરૂરી ખુલાસો : ઘણાં અણસમજુ લોકો કહેવા લાગ્યા છે કે, 'સેવા કરતાં કરતાં આટલાં બધાં (ચોરશી) અપરાધ પડતાં હોય તો સેવા જ ન કરવી. કેમકે બધાં અપરાધોમાંથી સાંગોપાંગ કેમ બચી શકાય ? પણ આ વાત અત્યંત ભૂલભરેલી છે. આ જે અપરાધોની ગણતરી બતાવી છે તે સેવામાં સાવધાની રાખવા માટે બતાવી છે, અને કદાચ ચોરાશીએ ચોરાશી અપરાધ થઈ જાય તો એ, તે દરેક અપરાધ એક એક પૈસા જેવો ગણાય. પણ જે બ્રહ્મસંબંધ લઈને, પુષ્ટિમાર્ગમાં આવીને, પુષ્ટિમાર્ગનું પરમફલ જે ભગવદ્ સેવા તે જ ન કરે તેનો તો અપરાધ સહુથી મોટો ગણાય—હજાર રૂપિયા જેવડો ગણાય. માટે શ્રીગુરૂદેવાની આજ્ઞા અનુસાર ભગવદ્સેવા અવશ્ય કરવી એજ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું—જીવન સાફલ્ય છે.

અપરાધ અઠ્યાવીસમો : " શ્રીજી કે વસ્ત્ર દિન આઠમેં ધોવેં "

શ્રીઠાકોરજીના વસ્ત્રો આઠ દિવસે જરૂર ધોવા—જોકે ઋતુ ઋતુ અનુસારનાં વસ્ત્રો અનેક પ્રકારના હોય છે તેથી કાયમ એકના એક વસ્ત્ર ધરાવવાના ન હોય, પરંતુ છ—આઠ વખત ધરાયેલ વસ્ત્ર, આપણા હાથના અડવાથી તેમજ હવામાંના રજકણોથી મેલું થવાનો સંભવ છે. શ્રીઠાકોરજીના વસ્ત્રો તો શ્રીઅંગના સ્પર્શથી અતી ઉત્તમતાને પ્રાપ્ત થાય છે અને શ્રીજીના વસ્ત્ર ધોવાની સેવા કરવાથી ધોબીને ઉત્તમ ફલ પ્રાપ્ત થવાનો પ્રસંગ વાર્તાજીમાં પ્રસિદ્ધ છે. તેથી શ્રીઠાકોરજીના વસ્ત્રો અલગથી; (માણસોએ પહેરવાના કપડાંથી અલગ જ) ધોવા જોઈએ. અને બને ત્યાં સુધી અરીઠા જેવા શુદ્ધ પદાર્થથી ધોવાનો આગ્રહ રાખવો. (કેટલાંક સાબુઓમાં ચરબી જેવાં અપવિત્ર પદાર્થો આવે છે તેવા સાબુઓ ન વાપરવા.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

શુભદિન
દીપાવલી કો
આયો

દીપાવલી
શુભાશિર્વાદ

શુભદિન દીપાવલી કો આયો, દીપમાલા સર્વત્ર રાજત
દીપન સો જગ છાયો.
કામ ક્રોધ કો તિમિર બડો હે, અહંકાર હી બઢાવે
પ્રભુશરણ નિઃસ્વાર્થભક્તિતે, પરકાશ હી પથરાવે
ઉન્મત પુલકિત સબ જગ લાગત, ઉમંગ ઉત્સાહમેં નહાયો
દીપન કી હી વિવિધા બની હે, મનમોહક રૂપ રચાયો.
શુભદિન દીપાવલી કો આયો.

—ગો.શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

અનાચાર, વ્યથિતતા, મિથ્યાત્વ, વૈષમ્ય, અહંતામમતા, કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, દોષોના ઘોર અંધકારને પ્રભુસેવા, પ્રભુસ્મરણ, પ્રભુકિર્તન, પ્રભુચિંતનરૂપી દિપકથી દુર કરી, પરમ આનંદમય પ્રકાશથી જીવન કૃતાર્થ કરીએ; એજ આ પર્વનો સંદેશ છે.

—ગો.શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય
ગ્રંથ—પરિચય

☐ **હિન્દીમાં લેખક : ગોસ્વામી શ્રી શ્યામમનોહરજી (પાર્લા)** ☐
☐ **ભાષાંતર કર્તા : પ્રો. પ્રતાપરાય કાં. શાહ (કોવિદ)** ☐

—ગતાંકથી ચાલુ

વેદાનુવચન યજ્ઞ તથા જ્ઞાનનું આશ્રમધર્મ હોવાપણું છાન્દોગ્ય (૨/૨૩/૧) ના ત્રયો ધર્મસ્કન્ધાઃ યજ્ઞોધ્યયનં દાનમિતિ, પ્રથમસ્તપ એવ. દ્વિતિયો બ્રહ્મચર્યાચાર્યકુલવાસી, તૃતીયોऽત્યન્તમાત્માનમાચાર્ય કુલેऽવસાધ્યન્. સર્વે એ તે પુણ્યશ્લોકા ભવન્તિ, બ્રહ્મસંસ્થોऽમૃતત્વમેતિ. વચનથી એકવાક્યતા કરવાથી સ્પષ્ટ થાય છે. વેદાનુવચન તથા અધ્યયન સમાનાર્થી છે. યજ્ઞ તથા દાન તો બૃહદારણ્યક તથા છાન્દોગ્ય બંનેમાં સમાનરૂપમાં જ મળે છે. છાન્દોગ્યમાં આ અધ્યયન, દાન તથા યજ્ઞનાં બ્રહ્મવિદ્યારહિત અનુષ્ઠાનનું ફલ પુણ્યલોકની પ્રાપ્તિને માનવામાં આવ્યું છે. તથા બ્રહ્મવિદ્યાસહિત અનુષ્ઠાનનું ફલ બ્રહ્મસંસ્થોऽમૃતત્વમેતિ એમ કહીને બ્રહ્મજ્ઞાનોત્પતિ દ્વારા મોક્ષને પણ માનવામાં આવ્યું જ છે. આચાર્યકુલવાસી શબ્દ દ્વારા આ કર્તવ્યોની આશ્રમધર્મતા પણ સ્પષ્ટ કરવામાં આવી છે.

ગીતા(૧૨/૪/૭)માં પણ ભગવાને આ કારણથી જ આ કર્મોના ત્ત્યાગને અનુચિત માન્યો છે—"નિશ્ચયં શ્રુણુ મે તમ ત્યાગે....યજ્ઞ દાન તપઃ કર્મ ન ત્યાજયં કાર્યમેવતત્, યજ્ઞો દાનં તપશ્ચૈવ પાવનાનિ મનીષિણાં, એ તાન્મપિ તુ કર્માણિસંગં ત્યક્ત્વા ફલાનિ ચ કર્તવ્યાનીતિ મે પાર્થ નિશ્ચિતં મતમુત્તમમં, નિયતસ્ય ચ સંન્યાસઃ કર્મણોનોપપૃદ્યતે મોહાત્તસ્ય પરિત્યાગઃ તામસઃ પરિકીર્ત્યતે, કર્મસંન્યાસ તથા કર્મયોગમાં કર્મયોગની ઉત્તમતા દર્શાવતા કર્મયોગનું પણ બ્રહ્મસંસ્થ બનીને અનુષ્ઠાન—"બ્રહાણ્યાધાય કર્માણિ સંગં ત્યક્ત્વા કરોતિયઃ લિપ્યતે ન સ પાપેન પદ્મપત્રમિવાંભસા" (ગીતા ૫/૧૦)ને ભગવાને સંભવિત માન્યું જ છે.

તેથી જ કર્મમાર્ગમાં કામ્યકર્મ અથવા કર્મફલાશાના ત્યાગને તો ઉચિત માન્યો જ છે કિન્તુ નિયત કર્મોના ત્યાગને ઉચિત માનવામાં નથી આવ્યો.

"અનાશ્રિતઃ કર્મફલં કાર્યં કર્મ કરોતિ યઃ સ સંન્યાસી ચ યોગી ચ ન નિરગ્નિર્ન ચાક્રિયઃ" (ગીતા ૬/૧) આદિ અનેક વચનોથી કામ્યકર્મ તથા કમફ્લાશાના ત્યાગને સાચો સંન્યાસ માનવામાં આવ્યો છે, નિયત કર્મોના ત્યાગને નહીં.

"સર્વનિર્ણય" (કારિકા ૨૪૬ ના પ્રકાશ)માં શ્રી મહાપ્રભુજીએ કહ્યું છે કે—"ગૃહસ્થસ્યૈતન્મુખ્યમ્. એવં કુર્વન્ સકુટુમ્બો ભગવત્સાયુજયં અશ્નુતે. બ્રહ્મચારિપ્રભૃતીનામપિ સેવકસાધનસંપત્તૌ એતત્ કર્તવ્યમ્" આથી સિદ્ધ થાય છે કે પુષ્ટિમાર્ગમાં પણ દેહાભિમાનના ચાલુ રહેવા સુધી નિયત કર્મોનો ત્યાગ કર્યા વિના ભક્તિમાર્ગીય કર્તવ્યોનું પાલન આવશ્યક હોય છે. ચતુર્થાશ્રમમાં ગૃહત્યાગ વિહિત હોવાથી સ્વગૃહમાં ભગવત્સેવાના નિર્વાહનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તેથી તેમાં કૃષ્ણદર્શનલાલસાની સાથે નિરંતર તીર્થયાત્રાનો ઉપદેશ આપવામાં આવ્યો છે – આ જ "સર્વનિર્ણય"માં.

તેથી પુષ્ટિમાર્ગીય જીવને માટે કર્મમાર્ગીય દષ્ટિકોણથી યાવદ દેહભિમાન સ્વવર્ણાશ્રમધર્મનો ત્યાગ ઉચિત નથીઃ તથા સાધનદશામાં પણ ગૃહત્યાગ ઉચિત કર્તવ્ય નથી રહી જતું – "કર્મમાર્ગે ન કર્તવ્યઃ" શાસ્ત્રનિયત વર્ણાશ્રમધર્મોનું અનુષ્ઠાન કરવામાં કામ્ય તથા કર્મફલાશા તો ત્યાજય છે જ. "વર્ણાશ્રમવતાંધર્મ એવ આચાર્યલક્ષણઃ સ એવ મદ્ભક્તિયુતો નિઃશ્રેયસકરઃ પરઃ" (ભાગ–૧૧/૧૮/૪૭).

(૨) ચતુર્થાશ્રમરૂપ કર્મમાર્ગીય ત્યાગ.

જેમ નૈષ્ઠિક વ્રતની સાથે બ્રહ્મચર્ય, ગૃહસ્થ યા વાનપ્રસ્થ આશ્રમોનું વિધાન છે એવી જ રીતે ક્રમશઃ ચતુર્થાશ્રમમાં પ્રવેશ કરવાનું પણ વિધાન મળે જ છે. જેમ પૂર્વે ઉદાહરણ આપ્યા મુજબ બૃહદારણ્યકના વચનમાં જ આ વાત આવે છે કે "એતમેવ પ્રવ્રાજિનો લોકમિચ્છન્તઃ પ્રવ્રજન્તિ....પુત્રૈષણાયાશ્ચ વિત્તૈષણાયાશ્ચ લોકૈષણાયાશ્ચ વ્યુત્થાયાથ ભિક્ષાચર્યાં ચરન્તિ.... નૈનં કૃતાકૃતે તપતઃ અર્થાત્ વેદાધ્યયન, દાન, યજ્ઞ, તપરૂપ કર્મવાળા બ્રહ્મચર્ય, ગૃહસ્થ તથા વાનપ્રસ્થ આશ્રમોની મારફત બ્રાહ્મણો જે જ્ઞાનની પ્રાપ્તિ કરવા ચાહે છે, સંન્યાસ દ્વારા પણ એ જ બ્રહ્મની પ્રાપ્તિની ઈચ્છા રાખી શકાય છે. પુત્ર ધન યા લોકની બાબતમાં બધા પ્રકારની કામનાઓનો ત્યાગ કરીને જેઓ ભિક્ષાચર્યા કરે છે....તેમને કૃતાકૃત કર્મોનાં ફળ ભોગવવાનો સંતાપ થતો નથી.

જાબાલોપનિષદમાં પણ – "બ્રહ્મચર્ય સમાપ્ય ગૃહી ભવેત્ ગૃહી ભૂત્વા વની ભવેત્,વની ભૂત્વા પ્રવ્રજેદ્"એમ ક્રમશઃ એક આશ્રમની પછી બીજા આશ્રમમાં પ્રવેશ કરવાનો ક્રમપદ બતાવવામાં આવ્યો છે જ.

મનુસ્મૃતિ (૬/૮૬/૮૭) ના વચનમાં પણ – "બ્રહ્મચારી ગૃહસ્થશ્ચ વાનપ્રસ્થો યતિસ્તથા.... ચત્વારઃ પૃથગાશ્રમાઃ સર્વેપિ ક્રમશસ્ત્વે તે યથાશાસ્ત્રનિષેવિતા યથોક્તકારિણં વિપ્રં નમન્તિ પરમાં ગતિમ્" – આ વચનમાં પણ ક્રમપક્ષનો ઉલ્લેખ મળે છે.

ભાગવત્ (૧૧/૧૮/૧૧–૨૭) માં વાનપ્રસ્થની રીત સમજાવીને ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ ધર્મનું નિરૂપણ પણ કરવામાં આવેલું છે. તેની અંતર્ગત ત્રિદંડ સંન્યાસની રીત પણ સમજાવવામાં આવેલી છે." યદા કર્મવિપાકેષુ લોકેષુ નિરયાત્મસુ વિરાગો જાયતે સમ્યક્ ન્યસ્તાગ્નિઃ પ્રવજેતતઃ" આદિ વચનો દ્વારા આમ કરવામાં આવ્યું છે.

આનાથી સિદ્ધ થાય છે કે ચતુર્થાશ્રમરૂપ સંન્યાસગ્રહણ પણ એક નિયત (નક્કી કરવામાં આવેલ) કર્તવ્ય સમાન જ છે.

જેઓ "તૃતીયોઽત્યન્ત માત્માનમાચાર્યકુલે ઽ વસાધ્યન્" વચન અનુસાર નૈષ્ઠિક બ્રહ્મચર્યનું વ્રત ધારણ કરી લેતાં નથી; અથવા "યાવજ્જીવમગ્નિહોત્રં જુહોતિ" વચન અનુસાર નૈષ્ઠિક માર્હસ્થ્યનું વ્રત ધારણ નથી કરી લેતાં; અથવા "અરણ્યમિયાત્ તતો ન પુનરેયાત્" વચન અનુસાર નૈષ્ઠિક વાનપ્રસ્થનું વ્રત ધારણ કરી લેતાં નથી, તેમને ક્રમપક્ષ અનુસાર ત્રણ આશ્રમોની પછી ચતુર્થ સંન્યાસાશ્રમમાં પણ અવશ્ય પ્રવેશ કરવો જોઈએ.

આનો અપવાદ પણ યદ્યપિ જાબાલોપનિષદમાં જોવામાં આવે છે– 'યદિ વેતરથા બ્રહ્મચર્યાદેવ પ્રવ્રજેદ્ ગૃહાદ્વા વનાદ્વા અથ પુનરવ્રતી યા વ્રતી વા, સ્નાતકો વાસ્નાતકો વા, ઉત્સન્નાગ્નિ રનગ્નિ કો વા. યદહરેવ વિરજેત્ તદહરેવ પ્રવ્રજેત્'. પરંતુ આ પ્રકાર સર્વસાધારણ નથી. કિન્તુ અતિવિરક્ત બ્રહ્મજ્ઞાનીઓને માટે જ છે. 'એષ અન્યથા બ્રહ્મણા હાનુવિત્તસ્તેનૈતિ સંન્યાસી બ્રહ્મવિદ્ ઈતિ એવમેવ એષઃ (ત્યાં) સાથે સાથે જ એ વાત ન ભૂલવી જોઈએ કે બ્રહ્મજ્ઞાની પણ આ પ્રકારનો સંન્યાસ અતિવૈરાગ્યના પ્રકટ થયા પછી જ કરી શકે છે, અન્યથા નહીં. તેથી આ પ્રવચનમાં પ્રવ્રજ્યા ઉપર વિધિભાર નથી પરંતુ વૈરાગ્યની અનિવાર્યતા ઉપર વિધિભાર છે– 'યદહમેવ વિરજૈત તદહરેવ પ્રવ્રજેત' અન્યથા વૈરાગ્યના અભાવમાં સંન્યાસ ન લેવો જોઈએ. આનું વર્ણન આગળ ચાલીને જ્ઞાનોત્તર સંન્યાસના રૂપમાં કરવામાં આવશે.

ચતુર્થાશ્રમરૂપ ત્રિદંડધારણાત્મક વૈધસંન્યાસ પૂર્વે ઉદાહરણ આપ્યું છે તેમ અણુભાષ્ય (૩/૪/૧૭)ના 'સચ સંસ્કારઃ ફલોપકાર્યગમિત્યાવશ્યકઃ સંન્યાસો મર્યાદામાર્ગે. પુષ્ટિમાર્ગે તુ અન્યૈવ વ્યવસ્થા' વચન અનુસાર મર્યાદામાર્ગીય સાધકોને માટે આવશ્યક છે જ.

ભાગવત (૧૧/૨૧/૩૧–૩૪)ના 'તસ્માદ્ મદ્ભક્તિયુક્તસ્ય યોગિનો વૈ મહાત્મનઃ ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં પ્રાયઃ શ્રેયો ભવેદિહ, યત્કર્મભિર્યત્ તપસા જ્ઞાનવૈરાગ્યતશ્ચ યત્, યોગેન જ્ઞાનધર્મેણ શ્રેયોભિરિતરૈરપિ, સર્વં મદ્ભક્તિયોગેન મદ્ભક્તો લભર્તેજસા, સ્વર્ગાપવર્ગમદ્ધમ કથંચિત્ યદિ વાંછતિ. ન કિંચિત્ સાધવો ધીરા ભક્તા હ્યેકાન્તિનો મમ, વાંછનત્યતિ મયા દત્તં કૈવલ્ય મપુનર્ભવમ્'. આ વચનમાં મોક્ષની પણ સ્પૃહા ન રાખવાવાળા ભક્તોને માટે જ્ઞાન–વૈરાગ્ય–તપ–દાન–ધર્મ આદિની અપેક્ષા રહી જતી નથી. તેથી એવા પુષ્ટિજીવોને માટે ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ પણ અનાવશ્યક બની જાય છે.

આનાથી વિપરીત (ઉલટું) જ્ઞાન–વૈરાગ્યના વિના ચતુર્થાશ્રમરૂપ ત્રિદંડ સંન્યાસ લઈને જીવવાવાળાઓની ભાગવતજીમાં નિંદા કરવામાં આવેલી છે– 'યસ્ત્વસંચતષડ્વર્ગો પ્રચંડેન્દ્રિય સારથિઃ

જ્ઞાન વૈરાગ્યરહિતઃ ત્રિદંડમુપજીવતિ સુરાનાત્માન માત્મસ્થં નિન્હુતે માં ચ ધર્મહા, અવિકપકવ કષાયોસ્માદમુષ્માચ્ચ વિહીયતે' તેથી ચતુર્થાશ્રમરૂપ ત્રિદંડધારણાત્મક કર્મમાર્ગીય સંન્યાસ સર્વથા શાસ્ત્રસિદ્ધ તથા શુદ્ધ પણ હોય ત્યારે કલિયુગમાં બહુ અનુમોદન નથી.

પદ્મપુરાણમાં આવે જ છે કે કલિયુગમાં ભક્તિ તરૂણી તથા તેના બંને પુત્રો જ્ઞાન તથા વૈરાગ્ય ઘડપણથી જર્જરિત બની ગયા છે– 'અહં ભક્તિરિતિ ખ્યાતા ઈમૌ મે તનયૌ મતૌ જ્ઞાનવૈરાગ્યનામાનૌ કાલાયોગેન જર્જરૌઃ' તેથી જીર્ણ જ્ઞાન તથા જીર્ણ વૈરાગ્યવાળા સાધકોથી ત્રિદંડ સંન્યાસના નિયમ નિભાવવા કઠિન (મુશ્કેલ) છે. શ્રીમહાપ્રભુજી એટલા માટે જ નિષેધ કરે છે – 'સુતરાં કલિકાલતઃ' કલિયુગના દુષ્પ્રભાવના કારણે જ્ઞાનવૈરાગ્યરહિત અધિકારીઓને માટે ચતુર્થાશ્રમરૂપ કર્મમાર્ગીય સંન્યાસ વૈધ હોવાથી પણ ભલે અસાધ્ય ન હોય તો પણ દુઃસાધ્ય તો છે જ. તેથી પુષ્ટિજીવોને માટે પણ અનુમોદનીય નથી.

(૩) ભક્તિસાધક શ્રવણાદિના નિર્વાહદ્વારા ભક્તિની પ્રાપ્તિ માટે સંન્યાસ.

ભાગવત (૧૧/૨૦/૯)ના – 'તાવત્કર્માણિ કુર્વીત ન નિર્વિદ્યેત યાવતા મત્કથાશ્રવણાવૈ વા શ્રદ્ધા યાવન્ન જાયતે' વચનના પ્રથમાવલોકનથી એમ લાગે છે કે ભગવત્કથા–શ્રવણને માટે અહીં સંન્યાસનું વિધાન કરવામાં આવ્યું છે. પરંતુ વાસ્તવિકતા આ છે કે આ વચનનું મુખ્ય તાત્પર્ય વૈરાગ્યોદય યા કથા શ્રદ્ધોધ્ય થયા પછી કર્મત્યાગના વિધાનમાં નહીં પરંતુ વૈરાગ્યોદય યા શ્રદ્ધોધ્ય પર્યન્ત કર્મત્યાગ ન કરવામાં છે.

તેથી સ્નેહાત્મિકા ભક્તિના સાધક શ્રવણ–કીર્તન–સ્મરણ–પાદસેવન–અર્ચન–વંદન–દાસ્ય–સખ્ય– આત્મનિવેદનરૂપ નવ અંગોના નિર્વિઘ્ન અનુષ્ઠાનને માટે સંન્યાસ લેવામાં વિપ્રતિપત્તિઓ (અડચણો) છે.

(૧) કારણ કે સંન્યાસધર્મ મુજબ વ્યક્તિએ નિરપેક્ષ અને એકાકી વિચરણ કરવું જોઈએ.– 'એકઃ ચરેન્મહીમેત્વં નિઃસંગ સંયતેન્દ્રિયઃ' (ભા.૧૧/૧૮/૨૦). જ્યારે ભક્તિના નવવિધ અંગ શ્રવણ વગેરેના અનુષ્ઠાનને માટે કોઈક ભક્તિમાન સહયોગીના સત્સંગની અપેક્ષા રહે છે.

(૨) કારણ કે શ્રવણને માટે વક્તા, કીર્તન–સ્મરણને માટે ગ્રંથ–તુલસીમાલા–ગોમુખી, અને પાદસેવન–અર્ચન આદિને માટે ભગવદ્વિગ્રહ, અર્ચના સામગ્રી, પુષ્પ, નૈવેદ્યાદિ યા અર્ચનાપાત્ર આદિ અનેક સાધનોની રક્ષા કરવામાં ચિત્તના વ્યગ્ર હોવાની સંભાવના રહે છે. આ સંન્યાસના અપરિગ્રહના નિયમથી ઉલટું (વિપરીત) છે– 'બિભૃયાચ્ચેન્મુનિર્વાસઃ કૌપીનાચ્છાદનં પરં વ્યક્તં ન દંડ પાત્રાભ્યામન્યત્કિંચિદનાપદિ (ભા.૧૧/૧૮/૧૫)

(૩) કારણ કે સંન્યાસના કારણે પોતાના જ્યેષ્ઠ આશ્રમમાં અવસ્થિત હોવાનું અભિમાન જાગે છે– બધા સંન્યાસી સ્વામીજી બની જાય છે! જ્યારે ભક્તિમાં તો દાસ બનવાનું દૈન્ય અપેક્ષિત હોય છે. શ્રવણમાં તત્વનિર્ધાર (નક્કી કરવા) માટે ક્યારેક વાદ ચર્ચા ઉપયોગી થઈ શકે છે. પરંતુ સંન્યાસમાં એ વર્જિત છે.– 'વેદ વાદ રતો ન સ્યાત્' (ભા.૧૧/૧૨/૩૦) સંન્યાસમાં જીવાત્મા તથા પરમાત્માની વચ્ચે અભેદ બુદ્ધિનું અભિમાન –સોહમ જગાડવું પડે છે. જ્યારે ભક્તિ દાસોહમ્ ની ભેદબુદ્ધિથી ઘટિન થાય છે. ભક્તિના પ્રારંભમાં ભગવાનના સ્વામી હોવાનું તથા સ્વયમ્‌ના સેવક હોવાનું અભિમાન અધિક ઉપયોગી થાય (હોય) છે.

—ક્રમશઃ

સ્વચ્છતા અને પવિત્રતાનો ભેદ : શાસ્ત્ર–આચારને તે વિજ્ઞાન સંબંધવાળા છે, –તેમ માનીને તેમને માનવામાં તો પામર મનોદશા છે.

ભારતીય– ધાર્મિક– આચારો પવિત્રતા માટે છે, તેમાં પવિત્રતાની મહત્તા છે. આધુનિક સમાજ પ્રાયઃ સ્વચ્છતાને ઓળખે છે. પવિત્રતાની પરવા નથી કે પ્રાયઃ ઓળખ પણ નથી. સ્વચ્છતા બહારથી દેખાય– ઓળખાય છે. પવિત્રતા અંતઃકરણથી અનુભવાય છે. શાસ્ત્ર–વચનોથી– આચારોથી સિદ્ધ થાય છે. શ્રદ્ધા તેમાં આવશ્યક છે. આજે શ્રદ્ધાને બદલે શંકાથી ટેવાયેલાઓએ આ સમજવું–સ્વીકારવું–સરલ નથી.

એક સાકરનો પ્રસાદી ટુકડો અજાણતાં નીચે કચરામાં પડયો. તેને જોયો. ઉઠાવ્યો. મોંમા તો મૂકવાનું મન ન થાયને? સાફ કર્યો, કચરો ન રહ્યો. પ્રયોગશાળામાં ચકાસ્યો. કાંઈ અશુદ્ધિ તેમાં ન હતી, સ્વચ્છ હતો, નિર્દોષ લાગતો હતો; છતાં મોંમા મૂકતાં સંકોચ થશે. મનમાં જુગુપ્સા–અણગમો રહેશે. પ્રસાદની મહત્તા પ્રાયઃ ઓછાં સ્વિકારી શકશે.

આ સાકરનો ટુકડો હવે સ્વચ્છ હોવા છતાં મનમાં ગ્લાનિ કરાવતો થયો, પવિત્ર ન રહ્યો. સ્વચ્છતામાં પવિત્રતા ન પણ હોય; પવિત્રતામાં સ્વચ્છતા તો ગૌણ હોય, સમાયેલી હોય. શાસ્ત્રીય–ધાર્મિક આચારો પવિત્રતા માટે છે, કલ્યાણ માટે છે, કૃષ્ણ માટે છે; માત્ર સ્વચ્છતા માટે નહિ,સ્વાસ્થ્ય–વગેરે માટે નહિ. આ આચારો શાસ્ત્રોક્ત છે,તે શ્રદ્ધા–સન્માન–ગૌરવથી પળાય છે, તે બધા વિજ્ઞાન–સંમત છે,–તેવી પંગુતા–પામરતાથી નહિ. શાસ્ત્રીય આચારો વિજ્ઞાન પર આધારિત હોવા જરૂરી નથી. વિજ્ઞાનમાં શાસ્ત્ર સમાતું નથી,શાસ્ત્રમાં વિજ્ઞાન સમાય છે,શાસ્ત્ર વિજ્ઞાન વિરોધી નથી, સ્વતંત્ર છે; વિજ્ઞાન તો સમજાય–સિદ્ધ થાય–તેમ શાસ્ત્રને સ્વીકારતું જાય છે.

વિજ્ઞાનને ચેતન–કલ્યાણ સાથે પ્રાયઃ સંબંધ નથી, ભૌતિક–જડ–પદાર્થો સાથે તે સંકળાયેલું છે. શાસ્ત્ર અને ભગવાન તો તેનાથી પર છે. વિજ્ઞાન શાસ્ત્રનું બાલક છે;શાસ્ત્ર તેનું પાલક છે.

આજે અર્ધદગ્ધ–દશામાં લોકો આચાર–શાસ્ત્રને તે વૈજ્ઞાનિક કે વિજ્ઞાન–સંમત હોવાનું ઠસાવીને જાણે આચારોનો બચાવ કરે છે!જાણે શાસ્ત્ર–આચાર અપરાધી અને વિજ્ઞાન તેને ઉગારનાર! આ તો દુર્બલ–પામર–મનોદશાનું પરિણામ છે. આચાર–શાસ્ત્રને તે વિજ્ઞાન–સંબંધવાળા છે,–તેમ માનીને તેમને માનવામાં તો પામર–મનોદશા છે. વિજ્ઞાન–આરોગ્ય–વગેરે દ્રષ્ટિકોણથી આચારો કહેલા નથી. વિજ્ઞાનમાં તો પ્રાયઃ કોઈ સ્થાયિ સત્ય નથી, નવા શોધથી બદલાતું રહે છે. શાસ્ત્રમાં તો સનાતન સત્ય છે.

[પુષ્ટિ–પુલિનમાંથી સાભાર.]

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

વિશ્વંભર વશ તેહને, જેનું ચિત્ત સદા પ્રભુ પાસ;
હિત ઈચ્છે સૌ જગતમાં , નવ ધરે કોઈની આશ.
આશ કરે એક શ્રીગોપાલ, વ્યતિત કરે હરિ સેવામાં કાળ,
સેવે ગુરૂનો લઈ ઉપદેશ, ધરીએ સાચો વૈશ્ણવનો વેશ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૬૬)

વિવેચન : આ ચંદ્રાવળામાં પણ કર્તવ્ય, એકજ આશ્રય, અને સેવા વિશે સૂચન કર્યુ છે.

જેનું ચિત્ત પ્રભુ પાસે જ રહે છે, પ્રભુને જ કર્તા માને છે, જે કાંઈ છે તે સર્વસ્વ પ્રભુજ છે, એવા મહાનુભાવી વૈષ્ણવો કોઈની આશા કરતા જ નથી. એ તો પ્રેમભાવથી પ્રભુની સેવા જ કરે છે. વૈષ્ણવોએ આવું બનવું, તેવો ઉદ્દેશ આ ચંદ્રાવળાનો છે. તન, મન, ધનથી પ્રભુની સેવા કરવી. સમગ્ર જગતનું ભલું જ ઈચ્છવું. કોઈની બુરાઈમાં રાજી થવું નહીં. એક પ્રભુ સિવાય કોઈની આશા કરવી નહીં. જેવી રીતે પતિવ્રતા નારીને કોઈપણ વસ્તુની જરૂર રહે તો તે પોતાના પતિને જ કહે છે, જેવી ઘરની સ્થિતી એમાં જ આનંદ માને છે, સુખદુઃખ બંનેમાં પતિની સાથે જ રહી સદા પોતાનાં પતિનું જ સુખ વિચારે છે, પોતાની જરૂરિયાતને માટે બીજા પાસે કદાપિ લાંબો હાથ કરતી નથી.

તેવી જ રીતે યથાલાભ સંતોષ જેવી પોતાની પરિસ્થિતિ છે તેવામાં જ આનંદ માની પ્રભુને લાડ લડાવવા. બીજાને ઘેર વૈભવ જોઈ પોતે ચિત્ત ચલાયમાન કરવું નહીં. કેવળ પ્રભુનું જ સુખ વિચારવું. જો બીજા પાસે લાંબો હાથ કરે તો પોતાનો સ્વધર્મ જાય છે શું! પોતાના પ્રાણપ્રિય સેવ્ય પ્રભુમાં તે શક્તિ નથી કે બીજે ઠેકાણે લાંબો હાથ કરવો પડે! પુષ્ટિભક્ત વિશ્વાસ વિનાનો થઈ રહે તો તેને જ્યાં ત્યાં અથડાવું જ પડે. મનુષ્ય તો શું પણ અન્ય દેવને પણ પોતાના સુખ માટે ઉપાસના કરી મનાવવા નહીં. જે પ્રભુની પોતે સેવા કરે છે તેજ સર્વસ્વ છે. તે મનનું જાણે છે. પુરું વિશ્વનું ભરણપોષણ કરવાવાળા શું પોતાને આશ્રયે રહેલાનું જાણતા ન હોય! તેવું બને જ નહીં. માટે સેવ્ય સ્વરૂપમાંજ સર્વાત્મ ભાવ રાખી, સર્વકાળે પ્રભુ ઈચ્છા માની, સુખ કે દુઃખ પણ આવે તેને સહન કરવું. સુખમાં છલકાઈ ન જવું દુઃખમાં હિંમત હારવી નહીં.

પ્રભુ સર્વશક્તિમાન છે. પળમાં ચાહે તે કરી શકે છે. અંતર્યામી છે, તેથી જ માંગવાની પણ જરૂર નથી. તે રાખે તેમ રહેવું.

જેઓને પોતાના સેવ્ય સ્વરૂપમાં વિશ્વાસ નથી, તેઓ જ બીજા પાસે લાંબો હાથ કરે છે. આ વસ્તુ સમજવા જેવી છે. માંગી માંગીને કે ખોટી રીતે દ્રવ્ય ભેગું કરી ઘરમાં વૈભવ રાખવો કદાપિ ઉચિત નથી. પ્રભુ તો ભાવનાનો જ અંગીકાર કરે છે. લોકોને ધર્મ બતાવી, પારકા પૈસે

વૈભવ ભોગવવાથી પ્રભુ પ્રસન્ન થતાં જ નથી. પોતાની જાત કમાઈનું ધન હોય, તેમાં જ સંતોષ માનવો. શ્રીઠાકુરજીનું નામ લઈને ભીખ મંગાય જ નહીં, શું શ્રીઠાકોરજી માંગી માંગીને લાવેલું તે અંગીકાર કરે છે? શું પ્રભુમાં શક્તિ નથી? પ્રભુ ચાહે તે પળમાં કરી શકે છે. તેના નામથી ભીખ મંગાય જ નહીં. જો આવું જાણવા છતાં ધનની લોલુપતાથી ધન મેળવે છે તે પ્રભુ અંગીકાર કરે જ નહીં. ત્યાં વિશ્વાસની ખામી રહી, પોતાની યોગ્યતાથી અધિક ઈચ્છા રાખી તે દુઃખદાયક જ નીવડે છે. પ્રભુને પ્રસન્ન કરવા તો કેવળ પ્રેમની જરૂર છે. વિશ્વંભર—વિશ્વનું ભરણપોષણ કરવાવાળાને કોણ આપી શકે? તેને નામે ભીખ માંગી, પોતે વૈભવ ભોગવી સુખ માંગે તો અધોગતિ જ થાય. આ વસ્તુ સમજવા માટે વિશ્વંભર શબ્દપ્રયોગ કર્યો છે. કોઈપણ ભક્ત જે જે ભાવથી પ્રભુની સેવા કરે છે તે.તે ભાવથી પ્રભુ અંગીકાર કરે છે. ભક્તો જે જે મનોરથો મનમાં કરે છે તેને પૂર્ણ કરવાની શક્તિ પ્રભુમાં છે, તેમ સમજીને પ્રભુમાં દ્રઢ વિશ્વાસ રાખવો જરૂરી છે. આ ભક્તિમાર્ગ ભીખ માંગવાનો નથી. શ્રીમહાપ્રભુજીએ ઘરોઘર સેવા પધરાવી દીધી છે, જેવી સ્થિતિ તેવા પ્રભુને લાડ લડાવો, પરંતુ દુકાનદારી કરી પારકે પૈસે વૈભવ ભોગવવાનું કીધું નથી. જેના હાથમાં પ્રભુની સેવા છે તે ઉઠીને બીજા પાસે માંગવા જાય તો ત્યાં જ તેના પતિવ્રતા ધર્મ નષ્ટ થઈ જાય છે, પ્રભુ પ્રસન્ન થતા નથી. આ કેટલી બધી અસંગત વાત છે કે પ્રભુની આશા છોડીને બીજા પાસે હાથ લાંબો કરવો ! તો પછી જે ધર્મને નામે ધતિંગ કરીને ધન મેળવી હિલોળા કરે છે તેની તો વાત જ ક્યાં કરવી ! તેઓ તો વેશધારી વૈષ્ણવ બની પોતાનો સ્વાર્થ જ સાધે છે. તેમાં પ્રભુ શું કરે ? તેને કર્મનાં બંધન લાગુ પડે છે તો ભોગવ્યે છૂટકો છે.

સાચો ભક્ત તો યથાલાભ સંતોષ માની પ્રભુની સેવા કરે છે. ગુરૂદેવ પાસે નામ નિવેદન કરાવીને શ્રીમહાપ્રભુજીનો જ હું છું, તેમ માનીને એકજ આશ્રય રાખી રહે છે. માર્ગની રીતને અનુસરીને જે કાંઈ જાતમહેનતનું ધન છે, તેમાં જ સંતોષ માની પ્રભુને લાડ લડાવે છે. બીજાનો વૈભવ જોઈ લોભાતો નથી. હરિભક્તનો વેશ લજાવ્યો, તેવાનો સંગ કરતો નથી. નવધરે કોઈની આશ—પ્રભુને છોડીને અન્ય કોઈની આશા કરવી નહીં. આ પદ અનન્ય આશ્રયસૂચક છે. જેનું ચિત્ત સદા પ્રભુ પાસે—આ પદમાં —વ્યાવૃત્તોઽપિ હરૌચિત્તં આ આજ્ઞાનું સૂચન છે. બીજાનો આશ્રય કરે નહીં તેને સાચો ભગવત ભક્ત માનવો.

શ્રીગોકુલેશજી હાસ્યામૃત, ભેટ સ્વિકારવી

એકવાર એક સિંધની ડોસાએ બે રૂપિયા ભેટ ધરી, કે આમાંથી તપેલી આરોગાવજો. ત્યારે રવજી વોરાએ કહ્યું કે રાજ, બે રૂપિયામાં તપેલીનું કહે છે ત્યારે શ્રીગોકુલેશજીએ આજ્ઞા કરી કે જે કાંઈ ખુશીથી, ભાવથી આપે છે તેને જ ભેટ કહેવાય. માંગીને ન લેવાય. સાર— જેવી જેની ભાવના, જેવી જેની શક્તિ, તે મુજબ જે ભેટ ધરે તેને રાજીખુશીથી સ્વિકારવી, આમાંજ ભાવ મુખ્યપ્રધાન છે. માંગીને લીધેલું તે સેવા નથી, લોભ છે. આમ કરવાથી સામા ની ભાવનાનો ભંગ થાય છે. ભાવના ભંગ થાય ત્યાં પ્રભુ આરોગે નહીં. ધરીએ સાચો વૈષ્ણવનો વેશ.

વૈષ્ણવનો સાચો વેશ ધારણ કરવા એક આશ્રય જરૂરી છે.

અન્યાશ્રયો મહાનેવ બાધક ભીયતાં તતઃ
પ્રભુરુદાસીનતાયાઃ કારણં ત્યજ્યંતાં દ્રુતમ્

ખરેખર અન્યાશ્રય બાધક જ છે. તેનાથી ડરતું રહેવું. જેવી રીતે વાઘની સામે શરીરનો નાશ થાય, તેવી જ રીતે અન્યાશ્રયથી ભાવ નાશ થાય છે. શ્રીગુસાંઈજી અન્ય સંબંધ ગંધોડપિ કંધરા મેવ બાધતે, અન્ય સંબંધની ગંધ માત્રથી પણ પુષ્ટિભક્તોને ગરદન કપાય તેવું દુઃખ થાય, તેને માટે—

ભુલી ન જાય મન માહારૂં લોલ
વલ્લભ પદ છોડી કહીં જાય જો —ભૂલી.

બીજું— ભૂલ જીન જાય મન અનત મેરો. ભુલથી પણ મારું મન શ્રીવલ્લભના ચરણ છોડી ક્યાંય જાય નહીં. આ પદની ભાવના વિચારવી. જો ભૂલેચૂકે અન્યાશ્રય કરે તો મારૂં અહિત જ થશે. વળી આ દેહ, ઘર આ લોક, પરલોક, દરેકની ચિંતા છોડી કેવળ ચરણકમળની શીતલ છાંયમાં જ નિવાસ કરીને રહું. આ પદ રસિકદાસજીનું બનાવેલું છે. એકજ આશ્રય બન્યો રહે તેના માટે સાચા વૈષ્ણવનો જ સંગ ઉપયોગી રહે છે. વેશધારી વાક્ચતુરાઈ કરી સ્વાર્થ સાધવાવાળા નકલી વૈષ્ણવના સંગથી દુર રહેવું. તે તો દૂધમાં ઝેર સમાન છે, તેમ માની સાવધાની વર્તવી. તાત્પર્ય—કોઈનાં ગુણદોષ ન જોવાં અને આપણે તો વૈષ્ણવનો વેશ ધારણ કરવો, તે ખરા અંતઃકરણથી જ, ઉપરનાં દેખાવાની જરૂર નથી. સાચો વેશ ધારણ કરવાથી ગુરૂ ઉપર ભાવ રહેશે. માર્ગની રીતે રહેવાનું સરળ બનશે અને ગુરૂકૃપાથી પ્રભુ અવશ્ય રીઝશે. માટેજ સાચાનો સંગ કરવો, પાખંડીથી દૂર રહેવું. પ્રભુની સેવા અને સ્મરણમાં સમય વિતાવવો, માટે કવિ શ્રી કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૬૬)

—ક્રમશઃ

☐ ☐ શ્રીમહાપ્રભુજીના ૪૩ મા બેઠકજી લોહગઢ (ગોવા) ☐ ☐

શ્રીમહાપ્રભુજીના લોહગઢના બેઠકજી ગુપ્ત બિરાજતાં હતા તે નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજશ્રી (શ્રીપ્રથમેશજી)એ શ્રીમહાપ્રભુજીની પ્રેરણાથી પ્રકટ કર્યા છે.

આ બેઠકજીનું ભવન નિર્માણ કાર્ય વર્તમાન પ્રથમેશ ગો.શ્રી૧૦૮ શ્રીલાલમણીજી મહારાજશ્રીના માર્ગદર્શન અનુસાર ચાલી રહ્યું છે. આ બેઠકજી ગોવામાં હરવલે—સાંખળી ગામથી બે કિ.મી. સુંદર રમણીય સ્થળ જ્યાં નૈસર્ગિક જલપ્રપાત (ઝરણું) અને ખૂબ પ્રાચિન રૂદ્રેશ્વર મહાદેવના મંદિરની પાસે છે, જ્યાં આવવા જવા માટે હરવખત ટેક્ષી—રીક્ષા—ટેમ્પો જેવા વાહનો મળે છે. આ બેઠકજીમાં દર્શન—ઝારીચરણસ્પર્શ વિગેરે લાભ વૈષ્ણવોએ અવશ્ય લેવો જોઈએ.

બેઠકજીના ભવનનિર્માણમાં દ્રવ્ય સહાય જે કોઈ વૈષ્ણવ ભાવપૂર્વક આપવા ઈચ્છતા હોય તેમણે નીચેના સરનામે સંપર્ક કરવો. ચેક, ડ્રાફટ ''શ્રીમહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી બેઠકજી મડગાંવ—ગોવા'' એ નામથી મોકલવો.

☐ **ગોવા કાર્યાલયનું સરનામું** : શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજીની બેઠક, C/O. અમૃતલાલ છગનલાલ દોશી, ૨૩૮—કાપડ બજાર, પો.બો.નં.૨૪, મડગાંવ (ગોવા) ૪૦૩૬૦૧. ફોનઃ ઓફિસ (૦૮૩૨) ૭૩૨૭૧૯ ઘર (૦૮૩૨) ૭૨૨૧૮૯.
☐ **મુંબઈ કાર્યાલયનું સરનામું** : ગો.શ્રીલાલમણીજી, શ્રીગીરધર નિવાસ, ગાંધીગ્રામ રોડ, જુહૂ, વિલેપાર્લે(પ.) મુંબઈ— ૪૦૦૦૪૯ ફોન. ૬૨૩૭૯૮૭
☐ **બેઠકજીનું સરનામું** : શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજી બેઠક, શ્રીરૂદ્રેશ્વર મંદિર પાસે, મુકામ હરવળે—સાંખલી ગામની પાસે (સાંખલી ગામથી ૨ કિ.મી. દૂર આ સ્થાન છે.) ફોન. ૩૬૪૩૧૧.

॥ શ્રીહરિ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

– ગતાંકથી ચાલુ

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું એ બધાયથી મોટું કર્તવ્ય છે કે તેઓ પોતાના આચાર્ય અને આ માર્ગને પ્રવર્તમાન કરનાર ભગવાન શ્રીવલ્લભાચાર્યચરણના જીવનચરિત્રને જાણે અને તેનું મનન કરે. જે વૈષ્ણવ થઈને શ્રી મહાપ્રભુજીના જીવનનું જ્ઞાન મેળવ્યું નથી તે પોતાને વૈષ્ણવ કહેવડાવી ન શકે. એટલા માટે વૈષ્ણવોએ આપશ્રીનું અદ્‌ભૂત જીવનચરિત્ર અવશ્ય મનન કરવું જોઈએ.

બ્રહ્મવાદના સંસ્થાપક આપણા પરમ માનનીય ભગવાન શ્રીવલ્લભાચાર્યજીનો પ્રાંદુર્ભાવ મધ્યપ્રદેશમાં રાયપૂર જીલ્લામાં રાજગ્રામની સામે ચંપારણ્યમાં વેલ્લનાડૂ બ્રાહ્મણકુળ માં સને ૧૪૭૯માં થયો હતો. જે બાલ્યકાલ અવસ્થા સામાન્ય રીતે રમકડાથી રમવાની હોય છે. તે અવસ્થામાં આપશ્રીએ વેદ,ઉપનિષદ,સ્મૃતિ,પુરાણ,ઈતિહાસ તથા દર્શન ઈત્યાદિ આકર ગ્રંથોનો અભ્યાસ પૂર્ણ કરી લીધો. આ આપની અત્યંત મેધાવી બુદ્ધિનો સહજ પરિચય આપે છે. અભ્યાસકાળ દરમ્યાન જ નવ–દશ વર્ષની અવસ્થાએ પોતે પોતાની અપ્રતિમ તીક્ષ્ણ બુદ્ધિ દ્વારા શ્રી શંકરાદિ પ્રતિપાદિત વાદોના ગુણદોષની સમીક્ષા કરી લીધી હતી. અભ્યાસકાળ દરમ્યાન ગુરુનાં આશ્રમે શ્રીશંકરાદિ પ્રતિપાદિત વાદોના દોષ વિદ્યાર્થીઓને બતાવતાં હતાં અને કોઈ વિદ્યાર્થી તે સમયે વાદ વિવાદમાં ઉતરે તો તેને પોતાની અદ્‌ભૂત બુદ્ધિ અને એવા પ્રમાણો આપીને કે જે પ્રમાણોને ઉત્થાપી ન શકાય તેના બળથી વાદ વિવાદ કરનારને ચૂપ કરી દેતાં.તે સમયે શ્રી શંકરાચાર્ય પ્રતિપાદિત માયાવાદે વિદ્વાનમંડળીમાં પોતાનો પ્રભાવ પાડયો હતો. પરંતુ આચાર્યચરણે એ બધાય વાદોનો ખૂબ જ મનનપૂર્વક અભ્યાસ કરીને જાહેર કર્યુ હતું કે કેવળ શંકરાચાર્યનો જ મત નહીં પરંતુ શ્રી રામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈત અને શ્રીમધ્વાચાર્યજીનો દ્વૈતવાદ પણ બ્રહ્મસૂત્ર અનુસાર હર પ્રકારે બરાબર સિદ્ધ કરી શક્તા ન હતાં. સૌ પ્રથમ તો બ્રહ્મસૂત્રનો વાસ્તવિક અર્થ પ્રગટ કરવાવાળું ભાષ્ય અત્યારસુધી એક પણ થયું નથી. પોતાનાં અભ્યાસક્રમ દરમ્યાન જ સાધારણ વાદો થતાં તે અવસરે જ તેઓશ્રીએ સ્પષ્ટ પ્રમાણિત કર્યુ હતું કે બ્રહ્મસૂત્ર,ઉપનિષદ્ તથા ગીતા આ પ્રાથમિક ત્રણેય ગ્રંથો અનુસાર જગતમાં જો કોઈ વાદ હોય તો તે કેવળ બ્રહ્મવાદ છે. અને બ્રહ્મવાદ,માયાવાદ અને બીજા વાદોથી પોતાના વિચારો જુદા જ સ્થાપિત કરે છે. આપશ્રીનો આ વાદ કેવળ વિદ્યાર્થીઓની પરિષદ સુધી જ ન રહેતાં, કાશીમાં જયારે જયારે વિદ્વાનોની થતી સભામાં કોઈ દિગ્ગજ વિદ્વાનોનો સમાગમ થતો

ત્યારે ત્યારે આપશ્રી આ બ્રહ્મવાદની ચર્ચા કરતાં અને બાલ્યકાળમાં જ તે વિદ્વાનોના મન ઉપર પોતાના વિશિષ્ટ પાંડિત્યની પ્રતિભા સ્થાપતાં.

આ અદ્ભૂત મેધાવી બ્રાહ્મણ કુમારે પોતાની અગીયાર વર્ષની ઉમ્રમાં જ પોતાનો અભ્યાસ પૂરો કરી લીધો. સમસ્ત વેદ, વેદાંગ, ઉપનિષદ્, પુરાણ, સ્મૃતિ, ઈતિહાસ દર્શન વગેરે ગ્રંથોનો મનનપૂર્વક અભ્યાસ પૂરો કર્યો. સાધારણ રીતે આ ઉમ્રમાં મનુષ્ય લખવાનું તથા ભણવાનું શીખવા લાગતો હોય છે. ભાગ્યવશાત્ આ વર્ષે જ આપના પિતા ગોલોકવાસી થયાં.એટલું સારું થયું કે અભ્યાસ ચાલું હતો તે દરમ્યાન તેમનાં પિતાએ તેમને છોડી ન દીધાં. નહિ તો કોણ જાણે કેટલી બાધાઓ અભ્યાસમાં આવત. આપે અધ્યયનકાલની સમાપ્તિ પછી બ્રહ્મવાદને સર્વવ્યાપક કરવા માટે દઢ નિશ્ચય કરી લીધો. આ નિશ્ચયને અમલમાં મૂકવા માટે વિદ્વાનો માટે દુર્ગ મનાતા, અને સરસ્વતીનાં વિહારસ્થાન શ્રી કાશીક્ષેત્રમાં આપે બ્રહ્મવાદનો ઉપદેશ આપવાનો પ્રારંભ કર્યો. આપની ઉપદેશ દેવાની રીત ખૂબ જ રસાત્ત્મક અને કુતૂહલવર્ધક હતી. બ્રહ્મવાદની સ્થાપના કરવા માટે આપશ્રી જયાં જયાં વિદ્વાનોની સભાઓ હોય ત્યાં પહોંચી જતાં અને બ્રહ્મવાદનું વ્યાખ્યાન દઈને ત્યાંથી આગળ નીકળતાં. ક્યારેક વિદ્વાનોના ઘરની સામેની છત ઉપર ચઢીને બ્રહ્મવાદનું સમર્થન કરતાં સંધ્યાકાળે જયારે ગંગાનાં તટ ઉપર જે સમયે વિદ્વાનો સાયં સંધ્યા કરવા આવતાં ત્યાં શ્રીમહાપ્રભુજી પહોંચી જતાં અને બ્રહ્મવાદની ચર્ચા કરતાં. કાશીનાં વિદ્વાનોનું એવું એક પણ ઘર ખાલી ન રહી ગયું કે જયાં બ્રહ્મવાદની સમર્થનની વાત થઈ ન હોય. અરે, કાશીના રસ્તાઓ, ગંગા તટ, સભાઓ દરેક જગ્યાઓ બ્રહ્મવાદથી પૂર્ણ થઈ ગઈ હોય તેમ જણાતું હતું.

કાશીમાં, જયારે આપે આપનાં બ્રહ્મવાદનો પ્રભાવ જમાવી દીધો. એટલું જ નહી પરંતુ બધા વિદ્વાનો અને બધા નગરવાસી જયારે આપની વિદ્વતાનાં પ્રભાવથી પ્રભાવિત થઈ ચૂક્યાં, ત્યારે આપે આપનાં આ બ્રહ્મવાદને સમસ્ત ભારતવર્ષમાં ફેલાવવાનો નિશ્ચય કર્યો. પરંતુ આ નિશ્ચય ત્યારે જ પાર પડે કે જયારે ભારતભરમાં સર્વ જગ્યાએ ફરવાનું અને ત્યાં બ્રહ્મવાદ યાને પુષ્ટિમાર્ગને સર્વ સામાન્ય કરવાનું અને સ્થાપન કરવાનું. આ કાર્ય પાર પાડવા માટે ભારતયાત્રા કરવાનો નિશ્ચય કર્યો.આ નિશ્ચય અનુસાર આપ કાશીથી વ્યંકટગિરિથી આવ્યાં. આપે અહીં શ્રી લક્ષ્મણ બાલાજીનાં દર્શન કર્યા અને થોડો સમય ત્યાં વિશ્રામ કીધો. પરંતુ આ સમય પણ આપે અપૂર્વ બુદ્ધિથી ખાલી જવા ન દીધો. આપે ત્યાંના પુસ્તકાલયનાં અભ્યાસમાં સમય વ્યતિત કર્યો. તથા ભક્તિ વિષયક ગ્રંથોનું અવલોકન કર્યું. સૌભાગ્યવશ આ અવસર ઉપર આપને સમાચાર મળ્યા કે તુંગભદ્રા નદી ઉપર બળવાન હિન્દુ રાજય વિજયનગરના રાજા શ્રીકૃષ્ણદેવરાયે એક ધર્મસંબંધી મહત્ત્વની પરિષદનું આયોજન કર્યુ છે. કૃષ્ણદેવ પોતે પણ એક વિદ્વાન અને કવિ હતાં. પરંતુ શ્રી શંકરાચાર્યનાં અનુયાયી શ્રી વ્યાસતીર્થએ શ્રી શંકરાચાર્ય માયાવાદ સર્વવાદોમાં શ્રેષ્ઠ છે. તે ઉપદેશ રાજાને આપવા લાગ્યાં ત્યારે રાજાએ એક એવી સભા બોલાવવાનો વિચાર કર્યો જેમાં ભારતવર્ષનાં બધા મતનાં અનુયાયીઓ તથા વિદ્વાનોને નિમંત્રણ આપીને તે બધાયની સભામાં ક્યો ધર્મ અથવા ક્યો વાદ શ્રેષ્ઠ છે? તેનો નિર્ણય

કરાવવો. પરિણામરૂપે એવી એક મહાસભાનું આયોજન થવા લાગ્યું. તથા જુદા જુદા દેશોનાં જુદા જુદા ધર્મો તથા વાદોનાં વિદ્વાનોને બોલાવવામાં આવ્યાં. જયારે બધાય મોટા મોટા વિદ્વાનો આવી પહોંચ્યાં અને સભામાં હાજર રહ્યાં ત્યારે રાજાએ દીનતાપૂર્વક શબ્દોમાં સભાને સંબોધી અને કહ્યું કે "ઉપસ્થિત પૂજય તથા સન્માનનીય ગુરૂવરો, મારી ઈચ્છા છે કે કયો મત શ્રેષ્ઠ છે? તે આપ બતાવો, તેનો નિર્ણય આ સભામાં કરીને બતાવો તેથી હું મારા મત પ્રમાણે તેને સ્વીકારીને મારા જીવનને તે માર્ગમાં લઈ જાઉં.'' રાજાનાં આ વચનો સાંભળીને પંડિતોએ શાસ્ત્રાર્થ કરવાનો પ્રારંભ કર્યો. સભામાં ખૂબ મોટા પંડિતો આવ્યાં હતાં અને શાસ્ત્રાર્થ કરવામાં પ્રખર હોવાથી ઘણા દિવસો સુધી શાસ્ત્રાર્થ ચાલ્યો. અંતમાં જયારે શ્રી શંકરાચાર્યનાં અનુયાયીઓ જીતવાની અણી ઉપર હતાં ત્યારે શ્રી વલ્લભાચાર્યજીએ વિજયનગરની આ સભામાં પ્રવેશ કર્યો. તે સમયે એવું દશ્ય ખડું થયું કે જાણે બલિરાજાની સભામાં વામન ભગવાનનો પ્રવેશ થયો. અથવા તો કંસને હણવા માટે ભગવાન શ્રીકૃષ્ણનો કંસની સભામાં પ્રવેશ કર્યો. રાજાએ જોયું કે તેનાં ઉદ્ધારક કરૂણાસાગર ગુરૂનું પદાર્પણ સભામાં થઈ રહ્યું છે. વ્યાસતીર્થને થયું કે તેના હરીફ તેને હરાવવા માટે સભામાં આવી રહ્યાં છે. વૈષ્ણવોને દર્શન થયા કે તેમનાં રક્ષક સ્વયં ભગવાન સભામાં પધારી રહ્યાં છે. શ્રી મહાપ્રભુનાં પદાર્પણથી સભા થોડીવાર સ્તબ્ધ થઈ ગઈ. આ અપૂર્વ બ્રહ્મચારી બ્રાહ્મણ બાળકનાં અદ્‌ભૂત તેજની પાસે બધાય નિસ્તેજ થઈ ગયાં. જેવી રીતે સૂર્યપ્રકાશ પાસે તારાગણ દેખાય તે રીતે દેખાવા લાગ્યાં. મિત્ર, શત્રુ, ઉદાસીન, વાદી, પ્રતિવાદી બધાએ પોત પોતાની જગ્યાએથી ઉભા થઈને અભિવાદન કર્યુ. શ્રી મહાપ્રભુજીએ પણ આ વિનયનું સત્કારપૂર્વક અભિવાદન ઝીલ્યું અને સ્વાભાવિકપણે પૂછયું કે વાદ કયા વિષય ઉપર થાય છે? જયારે તેને યોગ્ય જવાબ મળ્યો કે સભાનું આયોજન શા માટે કરાયું છે. ત્યારે પરિસ્થિતિને ધ્યાનમાં લઈને બ્રહ્મવાદનો પક્ષ લઈને શાસ્ત્રાર્થનો પ્રારંભ કર્યો. આપે આ સભામાં સિદ્ધ કર્યું કે જગતમાં કોઈ વાદ શ્રેષ્ઠ અને સન્માનનીય હોય તો બ્રહ્મવાદ જ છે. શ્રી શંકરાચાર્યના માયાવાદ, અથવા શ્રી રામાનુજાચાર્ય અથવા શ્રી મધ્વાચાર્યના વાદ પણ દોષથી મુક્ત નથી. જો વેદ ગીતા અથવા બ્રહ્મસૂત્રોનાં અને સાથે ભાગવતનું યથાર્થ અનુશરણ કરીને જો કોઈ વાદ શ્રેષ્ઠ હોય તો તે બ્રહ્મવાદ જ છે અને નિર્ગુણ વાદ છે તો તે બ્રહ્મવાદ અથવા પુષ્ટિમાર્ગ છે. ખૂબ વાદ વિવાદ બાદ બીજા ધર્મનાં સર્વ વિદ્વાનોએ શ્રી આચાર્યનો વિજય થયો છે તે માન્ય કર્યું અને બધા વિદ્વાનોએ એકમત થઈને કહ્યું કે રાજાએ મહાપ્રભુની જે પદવી આપી છે તેની સાથે સંમત છીએ. આપનાં વિજયથી રાજા તેમનાં ચરણોમાં પડયાં અને તેમને પોતાનાં ગુરુ માનવા લાગ્યાં. એટલું જ નહિ પરંતુ પ્રજાજનો અને સર્વ મતનાં વિદ્વાનોની સભા વચ્ચે શ્રીમદાચાર્યાચરણનો કનકાભિષેક કર્યો. આ સ્મરણીય ઘટના ૧૪૯૩માં બની. જે સમયે આપની અવસ્થા યૌવન પૂર્વેની હતી. તે સમયથી આપ શ્રી વલ્લભાચાર્યની સાથે 'શ્રી મહાપ્રભુ'નાં નામથી સંબોધિત થવા લાગ્યાં. આપને વિજયમાં જેટલું દ્રવ્ય મળ્યું હતું તેમાંથી થોડુંક જ પ્રભુસેવા અર્થે રાખીને બાકીનું દ્રવ્ય બ્રાહ્મણ વર્ગમાં દાન કરી દીધું. શ્રીમદાચાર્યચરણનો આવો અપૂર્વ ત્યાગ અને આત્મસંયમ હતો.

—ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૬૮

વ્યાપ્ય વૈકુંઠ તે આઈ ઈત તર્ણિજા, જક્ત ઉદ્ધાર હિત ધાર રૂરી;
કેલિ શુક હંસ કૃત શબ્દ આનંદ યુત, કાંત એકાંત લખિ મિલી ભૂરી. ૧
મનહુ અભિસારિકા સંગ નિજ નાથ કે, દેખિ કરિ ગાન કરત સમય સજની;
શ્યામ સ્મરોદ્ભવ સાજ સજિ સર્વદા, અચલ સૌભાગ્ય રતિ રાસ રજની. ૨
સ્વાંતિ સુત નિકર સિકતા તરંગ ભુજ, વલય વર લોલ છવિ છુરતિ ગુડરી;
જુગલ તટ લલિત કટિ તટન પરસે જબહિ, ચમકી મૃદુ બાલુકા મનહુ મુદરી. ૩
અમિત શૃંગાર સજિ ચલતિ પિય પરસકોં, સરલ સંયોગ રસ રતન દાયા;
શરણ જન **'બલ્લભી'** પાતુ રાસેશ્વરી, કરહુ બલિ કૃપા શ્રીકૃષ્ણ જાયા. ૪

ભાવાર્થ: સર્વવ્યાપી રૂપ પ્રભુનું છે. તેવી જ આપની કીર્તિ સર્વવ્યાપી છે. વ્યાપી વૈકુંઠ થઈને હે સૂર્યપુત્રી, જગતનો ઉદ્ધાર કરવા આપ જળ—પ્રવાહ રૂપી સુંદર ધારથી ભૂતલ ઉપર પધાર્યા. આપના તટ પર ઉભેલા અનેક વૃક્ષો ઉપર નાના પ્રકારના પક્ષીઓ સદા આપના યશોનું ગાન કરી આપને રિઝાવે છે. શુક, પિક, હંસ વગેરે પક્ષીઓ મધુર કલરવ કરી આનંદ પ્રગટ કરે છે.

આપનું જલરૂપે વહેવું તે માનો હંસ જેવી ધીમી ગતિએ મધુરે મધુરે શબ્દોથી દેખાય કે જાણે અભિસારિકા ઉત્સાહપૂર્વક પ્રભુના પધારવાની પ્રતિક્ષા કરીને મિલન સુખરૂપે થતાં સુંદર ગાન કરેલ છે.

શ્રીઠાકોરજીના શ્રમમાંથી ઉત્પન્ન થયેલા અગાધ શક્તિથી સર્વલીલાને અનુકૂલ સામગ્રી આપ ધારણ કરીને અચલ સૌભાગ્ય પ્રાપ્ત કર્યુ છે તેથી જ આપના જ સુંદર તટ પાસે રાસાદિ લીલા શરદની રાત્રિએ થઈ હતી.

આપના જલની પાસેના સુંદર રેણુકા માનો તરંગોરૂપી ભુજાઓ ઉછળતાં શ્રીહસ્તમાં પહેરેલા કંકણ ચમકી રહેલ છે તે માનો રેણુકાથી વલય કંકણ ચડાવેલ છે.જ્યારે બંને તટ કટી તટનો સ્પર્શ કરે છે ત્યારે જાણે કે વાલુકાની ચમકથી માનો શ્રીહસ્તની આંગળીઓમાં મુંદરી (વીંટી)ધારણ કરેલ છે.

આવો અદ્ભુત શૃંગાર સજીને નિજ નાથને સ્પર્શ કરવા ચાલીને સરલ રીતે સંયોગસુખ પ્રાપ્ત કરીને રસરતન પ્રાપ્ત કરવાવાળી એવી કૃપા જેનો મુખ્ય ધર્મ છે તેને શરણે આવી દાસ વલ્લભ કહે છે કે હે રાસરસેશ્વરી કૃષ્ણની પ્રાણપ્રિયા કૃપા કરો, કૃપા કરો. ૬૮

ચીર હરણ લીલા

લેખક : પ.ભ. જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ"

—ગતાંકથી ચાલુ

એવી અવસ્થામાં જીવન્મુક્ત યા ભક્તપ્રવરોમાં પણ અજ્ઞાન અને એના કાર્યની પ્રતીતિ લગભગ થાય છે. પરંતુ અવશેષ પ્રારબ્ધ ભોગવાઈ જતાં તે આપોઆપ નષ્ટ થઈ જાય છે અને એથી એ ભક્તોને અપુનરાવૃત્તિ બાધક થતા નથી. ભગવાને પ્રહલાદ આદિ અનેક ભક્તોને એમની ઈચ્છા ન હોવા છતાં સાંસારિક વ્યવહારમાં નિયુક્ત કરીને અંતમાં પોતાના પરમધામમાં સદાને માટે રાખવાનું વચન દીધું છે. પછી તો ભક્તોનો સંસાર વ્યવહાર ભગવત્પ્રસાદરૂપ બની જાય છે. ભગવાને વસ્ત્રો આપીને વ્રજબાળાઓને પછી સાક્ષાત્કાર પછી ભગવત્પ્રસાદરૂપ જીવન વિતાવવાની ઈચ્છાવાળી બનાવી દીધી. વ્રજબાળાઓ નાની નાની કુમારીકાઓ હતી તેથી એક બીજું રહસ્ય એ પણ સમજાય છે કે બાલ્યાવસ્થાથી જ ભગવત્સાક્ષાત્કારમાં પુરૂષાર્થમાં મુક્ત થઈને બ્રહ્મસંબંધ લઈને એ પછી અવશિષ્ટ સાંસારિક જીવનને ભગવત્પ્રસાદરૂપ વિતાવવું જોઈએ.

અધ્યાત્મવાદીઓ શ્રીકૃષ્ણને પરમાત્માના રૂપમાં — આત્માના રૂપમાં અને ગોપીઓને વૃત્તિઓનાં રૂપમાં જોઈ વૃત્તિઓનું આવરણ નષ્ટ થઈ જાય એ જ ચિરહરણ લીલા છે એમ અર્થ કરે છે અને આત્મામાં રમવું એ રાસલીલા છે એમ માને છે પરંતુ ભક્તોની દષ્ટિએ તો ગોલોકાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ ગીતાના ૧૪માં અધ્યાયનાં ૨૬—૨૭માં શ્લોકમાં ભગવાને સ્વયં કહ્યું તેમ — બ્રહ્મણો હી પ્રતિષ્ઠાડહમ અર્થાત્ નિરાકાર બ્રહ્મનો આધાર પણ હું છું એવા સર્વોચ્ચ ગોલોકાધિપતિ ભગવાન પુષ્ટિપુરૂષોત્તમનો તે સૌ નિત્યલીલા વિલાસ છે અને અનાદિકાળથી અનંતકાળ સુધી એ નિત્ય ચાલ્યા કરવાનો છે. ભગવાનની લીલા તો સાચે જ રહસ્યમયી છે. એનું તત્વ કેવળ પોતે જ જાણે છે અને એના અનુગ્રહથી કંઈક કંઈક એની લીલામાં પ્રવિષ્ઠ એવા ભાગ્યવાન ભક્તપ્રવરો જાણે છે.

□□ સમાપ્ત □□

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ૫૦૧/— ગો.વા. દેવકોરબેન મુળજીભાઈ દાવડા મુંબઈના જય શ્રીકૃષ્ણ.
૨. ૫૦૧/— ગો.વા.અ.સૌ વજીબેન શંભુભાઈ લાખાણી અમદાવાદના ભગવત્સ્મરણ.
હસ્તે વી. એસ.લાંખાણી, ડોમ્બીવલી

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.
ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

—ગતાંકથી ચાલુ

જોકે ભક્તિશાસ્ત્ર પર કાંઈપણ વ્યાખ્યારૂપે લખવાનો મને કોઈ અધિકાર નથી, છતાં પણ આ કાર્યમાં મેં જે કાંઈ પ્રયત્ન કર્યો તેને જ્ઞાની મહાનુભાવો ભગવત્પ્રેરણા અને ભગવત્કૃપા સમજી મારા પર પ્રસન્ન થશે, કારણકે ભગવત્ કૃપા વગર મનુષ્ય ઉત્તમ કાર્યમાં લાગી શકતો નથી.

ભક્તિશાસ્ત્રની ટીકા ઉત્તમમાં ઉત્તમ કાર્ય છેજ, કારણ કે તેમાં ભગવાનના દિવ્ય ગુણ, ભગવાનનો અલૌકિક પ્રેમ, ભગવાનની ભક્તિ, ભગવત્ પ્રેમ પ્રાપ્તિનાં સાધન અને છેવટે ભગવાનના પવિત્ર નામોની ચર્ચા તો થાય છે. તેથી મારા નિરસ અને ભક્તિશૂન્ય હૃદયમાં ચોક્કસ કંઈક રસનો અને ભક્તિનો સંચાર થયો હશે.

એક મહાત્મા ભક્તના આ વિચારો પર આપણે દ્રઢ વિશ્વાસ કરવો જોઈએ કે, ભગવાનના પવિત્ર નામ ગુણોનું સ્મરણ અને કિર્તનથી મનુષ્યનું કલુષિત હૃદય પણ ધીમે ધીમે પવિત્ર થઈને બાળકની માફક સરળ થઈ જાય છે. ભગવાનના ગુણ અને નામોનું કિર્તન હૃદયની બધી કાળાશને સંપૂર્ણપણે ધોઈ નાંખે છે અને પ્રેમાવેશને કારણે શુદ્ધ અને શાંતિમય દિવ્યભાવોની ઉત્પત્તિ થઈ તેના જન્મ અને જીવનને સફળ કરી દે છે.

મહાપાતક યુક્તોડપિ, ધ્યાયન્નિમિષમચ્યુતમ્ ।
પુનસ્તપસ્વી ભવતિ, પઙ્કિત પાવન પાવનઃ ॥

'મહાપાતકી વ્યક્તિ પણ જો ક્ષણભર શ્રીભગવાનનું ધ્યાન કરે તો તે ફરીને પવિત્ર થઈ પવિત્ર કરનારને પણ પવિત્ર કરી શકે છે.' વળી, આ ગ્રંથમાં વ્યાખ્યારૂપે જે કંઈ લખાયું છે, તે બધું સંતોની જૂઠ–પ્રસાદી છે. ખરેખર મારું આમાં કંઈપણ નથી. તેથી વાચકોએ મારી તરફ ન જોતાં સૂત્રકાર, સૂત્ર અને સૂત્રની વ્યાખ્યારૂપે લખાયેલ શાસ્ત્રો અને સંતોના ભાવ પર ધ્યાન આપવું જોઈએ.

છ દર્શનની માફક ભક્તિસૂત્ર પણ એક દર્શન માનવામાં આવે છે. તેને ભક્તગણ ૭ મું દર્શન કહે છે. જ્ઞાન–વિજ્ઞાનયુક્ત પુરૂષજ ખરેખર ભગવદ્ પ્રેમના કુદરતી અધિકારી હોય છે. દેવર્ષિએ ચોરાશી સૂત્રોમાં ભક્તિ તત્ત્વની વ્યાખ્યા, ભક્તિમાં બાધાઓ, ભક્તિનાં સાધન, ભક્તિનો મહિમા અને ભક્તોનું મહત્વ ખુબજ સારી રીતે પ્રગટ કર્યુ છે. એમાં ભગવાનના સગુણ સાકાર દિવ્ય સ્વરૂપની ભક્તિનું વર્ણન અવશ્ય છે, પરંતુ એમ ન સમજવું જોઈએ કે, જ્ઞાન સાથે આ ભક્તિને વિરોધ છે. વળી, ખુદ દેવર્ષિએ વ્રજ–ગોપીઓનું ઉદાહરણ આપીને તેમનાં મનમાં શ્રીભગવાનનાં માહાત્મ્યનું જ્ઞાન હોવાનું સિદ્ધ કર્યુ છે. શ્રીભગવાનનું જ્ઞાન જ ન હોય તો પ્રેમ શેમાં થાય અને આ તત્ત્વ સત્ય જ છે કે અભિન્ન, અખંડ, અનન્ય, અવિકારી પ્રેમ થવાથી જ હૃદયના અસલી તત્ત્વનું– પ્રિયતમના મનની વાતની ખબર પડે છે. તેથી જ્ઞાન અને ભક્તિનો આમાં કોઈ વિરોધ ન સમજવો જોઈએ.

આ રીતે કર્મનો પણ વિરોધ નથી. ભગવાન માટે નિષ્કામ કર્મ કરવાની આજ્ઞા તો આપી જ છે. અને કર્મોનો સર્વથા ત્યાગ કરનાર ભક્ત પણ હરહંમેશ ભગવાનના પ્રેમમાં મસ્ત થઈ ભગવદ્ ચિંતનરૂપી કર્મ તો છોડી જ નથી શકતો. તેથી દેવર્ષિએ કહેલ ભક્તિમાં જ્ઞાન અને કર્મ બંને છેજ, તે ભક્તિને અનુકુળ ચોક્કસ હોવા જોઈએ.

શુષ્ક જ્ઞાન અને કર્મનું આમાં સ્થાન નથી. આમાં ઉપર—નીચે, બહાર—અંદર સર્વત્ર રસ અને રસ જ છે. ભગવાન રસમય જ છે અને એ રસમાં પરમ આનંદ છે. શ્રુતિ પણ એ કહે છે—

રસૌ વૈ સઃ । રસં હ્યેવાયં લબ્ધ્વાનન્દી ભવતિ ।

ભક્તિથી જ તે રસમય ભગવાનના પ્રત્યક્ષ દર્શન થાય છે. ભક્તિથી જ તે ઋષિ, મુનિ, દેવોને દુર્લભ પરમાનંદ મળે છે. તેથી ભક્તિનો જ બધાએ આશ્રય લેવો જોઈએ. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે—

'સૂર્ય ભગવાન રોજ—રોજ ઉગે છે અને આથમે છે. તેમાં મનુષ્યનું આયુષ્ય વૃથા જ નષ્ટ થાય છે. બસ, એટલો જ સમય સફળ થાય છે જેમાં હરિચર્ચા કરવામાં આવે છે. સંસારમાં જીવવું અને ખાવું, પીવું કોઈ મહત્વની વાત નથી. જેમ મનુષ્ય જીવે છે તેમજ શું જડ વૃક્ષ નથી જીવતા રહેતા? લુહારની ધમણ શું મનુષ્યની માફક જ શ્વાસ નથી લેતી ? ગામના પશુ, કૂતરા, સુવર વિગેરે શું ભોજન નથી કરતા ? અને મળ, મૂત્ર ત્યાગ નથી કરતા ? કુતરા જે રીતે ઘરે ઘરે ભટકતા લાકડીનો માર ખાય છે. ગામના સુવર જે રીતે અસાર વસ્તુ ગ્રહણ કરે છે, ઉંટ જે રીતે કાંટા ખાય છે અને ગધેડો જે રીતે ફક્ત ભાર ઉપાડે છે, બરોબર એજ રીતે ભગવાનની ભક્તિ વગરનો મનુષ્ય કુતરાની માફક બધા તરફથી તિરસ્કાર પામે છે, સુવરની માફક અસાર વિષયો પકડે છે. ઉંટ માફક દુઃખ ભરેલ વિષયરૂપી કાંટા ખાઈ ખાઈને હંમેશા દુઃખી રહે છે અને ગધેડા માફક સંસારના ભારને ખેંચતો અને રોતો રહે છે. મનુષ્યના એ કાન સાપના દર સમાન છે જેમાં ભગવાન શ્રીકૃષ્ણ લીલા ન જતાં વિષય વાર્તારૂપી સર્પ જાય છે. તે જીભ દેડકાની જીભ સમાન છે, જે ભગવાનના નામ ગુણ નથી ગાતો. તે મસ્તક સુંદર વાળ અને શણગારથી સજાવેલ હોવા છતાં પણ ભારરૂપ છે, જે શ્રીહરિની સામે નથી ઝુકતું. તે હાથ મડદાના હાથ સમાન છે, જે સોનાના ઘરેણાથી સજાવેલ હોવા છતાં પણ ક્યારેય શ્રીહરિની સેવા નથી કરતા. મનુષ્યની તે આંખો મોરનાં પીંછામાં દેખાતી આંખો માફક નકામી છે. જે ભગવાનની પવિત્ર મૂર્તિઓના (સ્વરૂપો)નાં દર્શન નથી કરતો તે પગ વૃક્ષોના જેમ નકામા છે. જે ભગવાનના પવિત્ર સ્થાનો (મંદિર અને તીર્થો)માં નથી જતા તે મનુષ્ય મરેલ માફક જીવે છે. જે ભગવાનની ચરણરજ માથા પર ધારણ નથી કરતો કે ભગવાનના ચરણો પર ચડાવેલ તુલસીની સુગંધ નથી લેતો, અને તે હૃદય વજ્રનું છે. જે શ્રીહરિ નામ સાંભળી ભરાઈ નથી આવતું, ગદ્ગદ્ નથી થતું, જેમાં રોમાંચ નથી થતો અને આંખોમાં આનંદનાં આંસુ નથી ભરાઈ આવતા'

છેલ્લે હું અત્યંત વિનમ્ર ભાવથી ભગવાનના પ્રેમી સમસ્ત ભક્તોના ચરણકમળોમાં એ પ્રાર્થના કરું છું કે, આપ સર્વે મળીને મને કૃપાપૂર્વક એવા આશીર્વાદ આપજો જેનાથી મારું ભ્રમર મન સદાય શ્રીભગવાનના ચરણકમળમાં જ વિહાર કરનારું થઈ જાય, કારણ કે મનુષ્યને ત્યાં સુધી ભય, શોક, ઈચ્છા, મોહ કે લોભ રહે છે જ્યાં સુધી તે ભગવાનના ચરણોનો આશ્રય નથી લઈ લેતો.

તાવદ્ભયં દ્રવિણ ગેહ સુહૃન્નિમિત્તં, શોકઃ સ્પૃહા પરિભવો વિપુલશ્ચ લોભઃ ।
તાવન્મમેત્ય સદવગ્રહ આર્તિમૂલં, યાવન્ન તેઽઙ્ઘ્રિમભયં પ્રવૃણીત લોકઃ ॥

(શ્રીમદ્ ભા. ૩/૯/૬)

ભક્તિ સૂત્ર સાધન–ભાષ્યનું વિશેષ વક્તવ્ય

–શ્રી નલીન મ. ભટ્ટ

આજથી લગભગ (સં. ૧૯૯૯, સને ૧૯૪૩) ૭ વર્ષો પૂર્વે, મહાનુભાવ શ્રી હનુમાન પ્રસાદ પોદ્દારનાં વ્યાખ્યાન સહિત પ્રકટ થયેલું (ગીતા પ્રેસ, ગોરખપુર) ભક્તિસૂત્ર જોવામાં આવ્યું. તે વ્યાખ્યાનથી આકર્ષાઈને મૂળ સૂત્રોનો વધુ ઊંડો અભ્યાસ કરવાની પ્રેરણા થઈ અને લગભગ સવા વર્ષ સુધી મૂળ માત્ર ભક્તિસૂત્રનો સાર્થ, યોગમય હૃદયે સ્વાધ્યાય કર્યો. પ્રત્યેક પારાયણે એનાં અર્થભાવનું ગાંભીર્ય અને લાલિત્ય હૃદયપ્રત્યક્ષ થતું ગયું! સંસ્કૃત ભાષામાં નારદ ભક્તિસૂત્રનું ભાષ્ય ક્યાંયે જોવામાં ન આવતાં ઈચ્છા થઈ કે એનાં ઉપર સંસ્કૃતમાં લખાય તો કેવું સારું? પરિણામે પ્રભુકૃપાએ સવા વર્ષનાં સમાધિમય અભ્યાસથી આ સૂત્રોનાં હૃદયપ્રત્યક્ષ અર્થો સંસ્કૃત ભાષામાં બંધાયા!

આ ભાષ્યને જોઈને ભક્તહૃદયી પંડિતોનાં આશીર્વચન મળ્યાં કે–“આ સંસ્કૃત ભાષ્યથી સંસ્કૃત વાઙ્મય માં એક ઉપયોગી અને અમૂલ્ય પ્રામાણિક ગ્રંથનો ઉમેરો થશે. આ બાલસરળ, લલિત, મધુર, ભાવગંભીર અને ભગવદ્ ભાવ પ્રબોધક મિતાક્ષર ભાષ્ય જો સંસ્કૃતનાં મર્મજ્ઞ અને ભાવુક વિદ્વાનની પાસેથી જાણવામાં આવશે તો તે આબાલવૃદ્ધ સૌને એકરસ નીતરો આનંદ આપશે અને જીવનને અજવાળવામાં અતિ ઉપયોગી નીવડશે!”

એ સંસ્કૃત ભાષ્યનો જ લગભગ શબ્દશઃ અનુવાદ અહીં ગુજરાતીમાં આપવામાં આવ્યો છે. અધિકારી હૃદયને સંસ્કૃત જેટલો જ ગુજરાતી અનુવાદથી લાભ થશે એવી શ્રદ્ધા છે!

“નામૂલં લિખ્યતે કિઞ્ચિન્નાપેક્ષિતમુચ્યતે” નો ઉચ્ચ આશય સાચવવા અહીં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. આથી પાઠક આનો સ્થિર ચિત્તે અભ્યાસ કરશે એમ આશા છે.

પાઠક એટલું સમજે કે ભક્તિએ જ્ઞાનોત્તર મહિમામય વર્તન છે! એ રાજવિદ્યા, રાજગુહ્ય અને અનુભવમાં આવે એવી છે! જેમને વિજ્ઞ પુરૂષોએ યોગ્ય રીતે અંજલિ આપી છે કે “અચતુર્વદનો બ્રહ્મા દ્વિબાહુરપરો હરિઃ। અભાલ લોચનઃ શમ્ભુઃ ભગવાન્ બાદરાયણઃ” એવા અઢાર પુરાણો અને અઢાર ઉપપુરાણોનાં કર્તા, મહાભારતનાં નિર્માતા અને વેદરાશિનાં વિભાગ કર્તા મહર્ષિસત્તમ્ વ્યાસ મુનિજી પણ ભક્તિની આરાધના સિવાય “અસંપન્ન=હૃદય સમાધાન રહિત” રહ્યા, તો પછી આપણા જેવાની તો વાત જ શી! એ વ્યાસ ભગવાનની “સમાધિ–ભાષા”= ભાગવતમાં રાધાજીનું નામ કેમ નથી આવતું. એવું પૂછતાં એક આચાર્યે કરેલું ચમત્કારી સમાધાન યાદ આવે છે કે “શુકદેવજીને તો આઠ દિવસની અવધિમાં પરીક્ષિત આગળ ભાગવત્ કહેવાનું હતું અને મહાયોગી શુકદેવજીની હૃદય અવસ્થા એ હતી કે ‘કૃષ્ણ’ સાથે ‘રાધા’નું નામ સ્મરણમાં પણ આવી જાય તો ૭ મહિનાની તેમની ભાવ સમાધિ થઈ જતી!”

આજે પણ “રાધાકૃષ્ણ” એમ સામટું બોલતાં દીર્ઘકાલીન સમાધિમાં લીન થઈ જાય એવા વિશાળ હૃદયી પુરૂષો પડયા છે. ભક્તિનો આ છે મહામહિમા! નામસ્મરણે પણ એ પાપૌઘ વિનાશિની અને ભાવગંગાપ્રવાહિની છે. આ ભક્તિમાં કાંઈક છે પણ શું છે એની શું ખબર! કંઈક સરસ–મધુર–પ્રમોદદાયી–શાન્તિદાયી–સમાધાનકારી છે....પણ શું....એ તો કોણ જાણે!

–ક્રમશઃ

કાવ્ય – કુંજ
શ્રી પંચતત્ત્વ ચાલીસા

રચયિતા– જયંત જી. ગાંધી, જૂનાગઢ.

[દોહા]

પંચ તત્વ સે યહ બના, વિશ્વ સમૂચા ભવ્ય ।
પૃથ્વી, જલ, આકાશ સે, વાયુ, અગ્નિ સે દિવ્ય ॥
પુષ્ટિમાર્ગ ભી યહ પરમ, 'પંચતત્વ'કા દિવ્ય ।
રચા શ્રી વલ્લભદેવ ને, શ્રી કૃષ્ણ જહાં હે સેવ્ય ॥

[ચૌપાઈ]

મ્લેચ્છ રાજયમેં ધર્મ કી ગ્લાનિ, ભઈ ભારતમેં ધર્મ કી હાનિ ॥૧॥
તબ અવતાર ધરા ભૂતલમેં, શ્રી કૃષ્ણ–કમલ–મુખ રૂપ વલ્લભને ॥૨॥
સબ શાસ્ત્રોં કા સાર બતાયા,"શુદ્ધાદ્વૈત" સિદ્ધાંત રચાયા ॥૩॥
એક હિ ઈષ્ટ શ્રી કૃષ્ણ પ્રભુ હે, જીવ સબ અંશ શ્રી કૃષ્ણ પ્રભુ કે ॥૪॥
કોટિ અપરાધ કીયે જબ જીવને, પડા વિખૂટા શ્રી કૃષ્ણ પ્રભુ સે ॥૫॥
પુનર્મિલન પ્રભુ સે હે કરના, સર્વ સમર્પિત ઉનકો કરના ॥૬॥
ક્ષણ ક્ષણ સ્મરણ શ્રી કૃષ્ણ પ્રભુ કા, સેવા ઉન્હીં કી ધ્યેય પુષ્ટિ કા ॥૭॥
પંચતત્વ શ્રી પુષ્ટિમાર્ગ કે, સદા સેવ્ય હે પુષ્ટિજનોં કે ॥૮॥

પ્રથમ તત્વ શ્રીનાથજી બાવા, ગોવર્ધનધર નાથ સ્વરૂપા ॥૯॥
પ્રગટ ભયે બ્રીજ મેં કલિયુગ મેં, ગિરિકંદરાસે સ્વયં હરિ યે ॥૧૦॥
તત્વ યહી 'આકાશ' કહા હે, અસીમ સદા અવિકારી રહા હે ॥૧૧॥
વામ હસ્ત હરિ ઉર્ધ્વ ધરા હે, ગિરિવર ધરને કાજ પ્રભુને ॥૧૨॥
અજબબાઈ કા બચન નિભાને, બ્રજ સે શ્રીજી મેવાડ પધારે ॥૧૩॥
શ્રીનાથદ્વારા ધામ બસાયા, બ્રજ સમ વહીં સિંહાડ બસાયા ॥૧૪॥

દ્વિતીય તત્વ શ્રી યમુનાજી હે, સરિતા રૂપ બ્રજ મેં બહતી હે ॥૧૫॥
'જલ'કા તત્વ યહીં હે પુનિતા, શ્રી હરિપ્રિય સદા યહ સરિતા ॥૧૬॥
શ્રી કૃષ્ણ લીલા સબકી સાક્ષી હે, શ્રી કૃષ્ણ તુરીય પટરાની યહીં હે ॥૧૭॥
ઊર્ધ્વ હસ્તમેં માલા ધરી હે, દૂસરે હસ્ત કમલકી છડી હે ॥૧૮॥
પુષ્ટિજનોં કી યમુના મૈયા, યમનૃપ જૈસા ઉસકા ભૈયા ॥૧૯॥
ભગિનીપુત્ર પુષ્ટિજન યમકે, કભી ન રખતે ભય વે યમસે ॥૨૦॥

તૃતીય તત્વ શ્રી બ્રજભૂમિ હૈ, પ્રગટ ભયે શ્રી કૃષ્ણ વહીં હૈ ॥૨૧॥
તત્વ 'પૃથ્વી' કા પાવન યહીં હૈ, લીલાભૂમિ શ્રી કૃષ્ણ કી યહીં હૈ ॥૨૨॥
ગ્યારહ સાલ ઔર દિન બાવન, શ્રી કૃષ્ણ લીલા ગોકુલ વૃંદાવન ॥૨૩॥
સ્થાન સભી યહ પરમ પુનિત હૈ, બ્રજ ચૌરાશી કોશ યહીં હૈ ॥૨૪॥
બ્રજરજ પાવક સબ યુગમેં હૈ, દેવ જન્મ લેને ઉત્સુક હૈ ॥૨૫॥
નિત્યલીલા હોતી હૈ નિરંતર, બ્રજ બૈકુંઠ સે ઉચ્ચ સદંતર ॥૨૬॥

ચતુર્થ તત્વ હૈ, નગ ગિરિરાજા, 'ગોવર્ધન'ભી નામ ઉસીકા ॥૨૭॥
તત્વ 'વાયુ'કા પરમ પુનિત હૈ, શ્રી બ્રજમેં શુભ સ્થાન પરમ હૈ ॥૨૮॥
અન્નકૂટ ઉસે કૃષ્ણ ધરત હૈ, સ્વયં સ્વરૂપ લે આરોગત હૈ ॥૨૯॥
કુપિત વહાં તબ ઈન્દ્રભયા હૈ, બારહ મેઘ બ્રજમેં બરસે હૈ ॥૩૦॥
ગોવર્ધનધર કૃષ્ણ ભયે તબ, લિયા ગિરિનગ નિજ અંગુલી પર ॥૩૧॥
ઈન્દ્રદમન તબ બને પ્રભુજી, પુષ્ટિમાર્ગ કે યહીં વિભૂજી ॥૩૨॥

પંચમ તત્વ શ્રી વલ્લભ પ્રભુ હૈ, શ્રી મહાપ્રભુજી પરમ વિભુ હૈ ॥૩૩॥
તત્વ સદા યહ 'અગ્નિ' સ્વરૂપ હૈ, અગ્નિકુંડ સે હિ પ્રગટે હૈ ॥૩૪॥
દિવ્ય તેજ કા સ્વરૂપ અનુપમ, ભૂતલ પર પ્રગટે સર્વોતમ ॥૩૫॥
કોટિ 'કુસુમાયુધ' સમ વપુ હૈ, પુષ્ટિજનોં કે ચિત્ત હરત હૈ ॥૩૬॥
ચૌરાસી સેવક હૈ ઉનકે, ચૌરાસી બેઠકજી ઉનકે ॥૩૭॥
શ્રી વલ્લભ વંશજ ભૂતલમેં બ્રહ્મસંબંધ કરાતે જીવકે ॥૩૮॥
પંચતત્વ યહી પરમ પુનિત હૈ, પુષ્ટિમાર્ગ કા યહીં સ્વરૂપ હૈ ॥૩૯॥
પૂર્વજન્મ કે ઉદિત પૂન્ય જબ, પુષ્ટિમાર્ગમેં સ્થાન મિલે તબ ॥૪૦॥

[દોહા]

શ્રીકૃષ્ણકૃપા જીવ પર કરે, મિલે મનુજ અવતાર ।
ભૂતલ ભારત દેશમેં, સભી પૂન્ય કા સાર ॥
પુષ્ટિમાર્ગીય પરિવારમેં, જન્મ મિલા વે ધન્ય ।
શ્રીહરિ સેવા સ્મરનમેં, જીવન બનત હૈ ધન્ય ॥

(ઈતિ શ્રીપંચતત્ત્વ – ચાલીસા)

પુસ્તક પરિચય

(૧) શ્રી યમુનાજીનાં ૪૧ પદની શુદ્ધ સરળ ભાષામાં ગુજરાતી ટીકાઃ

ટીકા– પ.ભ. શ્રી ચકુભાઈ નાનજીભાઈ ભલગામવાળા

પ્રકાશક– પ્લસ કોર્પોરેશન, ૧, કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ, રાજકોટ–૩૬૦૦૦૧

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૦૦+૪=૧૦૪ પીન બાઈન્ડીંગ. લેમીનેશન ટાઈટલ ઉપર શ્રી યમુનાજી, શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાઈજી તેમજ અષ્ટ સખાઓનાં બહુરંગી ચિત્રજી. ન્યોછાવર રૂા. ૧૨/– સાદી પોસ્ટેજ (UPC) નાં રૂા. ૭/– તેમજ રજી. બુક પોસ્ટનાં રૂા. ૧૫/– અલગ.

આ પુસ્તકનું વિમોચન પૂ.પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીનાં વરદ કરકમલો દ્વારા તા. ૨૧–૯–૯૯ નાં રોજ કરવામાં આવેલ.

પુષ્ટિ સૃષ્ટિ માટે શ્રી યમુનાજીનાં ૪૧ પદનું વિશિષ્ટ સ્થાન છે. મૂળપદ, તેનું ગુજરાતી ભાષાંતર તથા ગુજરાતી ટીકા સાથે પદનાં રચયિતાઓનાં ચિત્રજી મૂકવામાં આવેલ છે. આ ટીકા આજથી ૬૫ વર્ષ પૂર્વે છપાયેલ તે લગભગ અપ્રાપ્ય હતી જે આ પ્રકાશનથી પ્રાપ્તિ સુલભ થઈ છે. નિયમિત અર્થ અને ટીકા સાથે પાઠ કરવામાં ઉપયોગી પુસ્તિકા. પ્રારંભમાં શ્રી યમુનાષ્ટક પણ સામેલ છે.

મનોરથી તેમજ શુભ પ્રસંગે ભેટ આપવા લાયક, વૈષ્ણવ પરિવારે વસાવવા યોગ્ય સુંદર પુસ્તિકા.

(૨) શ્રી યમુનાજીનાં ૧૦૮ નામ (અર્થસહિત)

શ્રી યમુનાષ્ટક સંપુટી પાઠ સાથે પ્રકાશક– ઉપર ક્રમ ૧ મુજબ

સોળ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૦+૨=૩૨ પીન બાઈન્ડીંગ. લેમીનેશન ટાઈટલ શ્રી યમુનાજીનાં બહુરંગી ચિત્રજીવાળું ન્યોછાવર રૂા. ૭/– પોસ્ટેજ અલગ.

આ નાનકડી પુસ્તિકામાં શ્રી યમુનાજીનાં ૧૦૮ નામ ગુજરાતી અર્થ સાથે તેમજ શ્રી યમુનાષ્ટક નાં સંપુટી પાઠ, શ્રી યમુના કવચ ભાવાર્થ સાથે, પુષ્ટિમાર્ગીય જપ–પાઠ પ્રયોગ અને નવગ્રહોનાં જપ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

નિત્ય પાઠ કરવા માટે તેમજ મનોરથ પ્રસંગે ભેટ આપવા યોગ્ય પુસ્તિકા.

(૩) હાલો વ્રજયાત્રામાં (કેસેટ)

પ્રકાશક– ઉપર ક્રમ ૧ મુજબ. ન્યોછાવર રૂા. ૩૦/–

સુંદર લોકઢાળમાં દુહાઓ સાથે કરેલ વ્રજયાત્રાનું અવારનવાર સ્મરણ કરાવતી સંગીતમય રચનાઓ યુક્ત કેસેટ સાથે વિવિધ ભગવદ્ ધુનનો સમાવેશ છે. જે નિત્ય કોઈપણ સમયે માણી શકાય તેવી છે અને અવારનવાર સાંભળવી ગમે તે રીતે કર્ણપ્રિય સંગીતમાં મઢેલ છે.

અન્ય સંગીત સાંભળવા કરતાં આવી સુંદર લોકઢાળવાળા સર્વને કર્ણપ્રિય લાગે તેવી સંગીતમય રચનાઓ અને ચૂંદડી મનોરથનું ગીત તથા ધૂન સાંભળતાની સાથે માનસિક શાંતિનો અનેરો આનંદ થાય છે.

વૈષ્ણવ પરિવારે અચૂક વસાવી નિયમિત શ્રવણ કરવા યુક્ત ભેટ આપવા યોગ્ય કેસેટ.

ઉપરોક્ત ક્રમાંક ૨–૩ નું વિમોચન પૂ. પા. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજશ્રીનાં વરદ કરકમલો દ્વારા તા. ૨૨–૯–૯૯ નાં રોજ કરવામાં આવેલ.

સમાચાર

આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ અધિવેશન

☐ ૯૩ વર્ષથી કાર્યરત વૈષ્ણવ પરિષદની ગુજરાત પ્રદેશનુંક અધિવેશન નડિયાદ મુકામે દિનાંક ૨૮/૧૧/૯૯ રવિવારનાં દિને 'નડિયાદ કોલેજ કેમ્પસ' અધિવેશન સ્થળ ઉપર સવારે ૯.૦૦ કલાકે શરૂ થશે. અધિવેશનની સફળતા માટે રૂા. ૧૦૦૧/– ભરી શુભેચ્છક સભ્ય–રૂા. ૫૧/– ભરી સ્વાગત સભ્ય–રૂા. ૨૫/– ભરી ડેલીગેટ બની શકાય છે. આ અધિવેશનમાં ગુજરાતનાં દરેક ગામોનાં તેમજ નગરનાં વૈષ્ણવ પ્રતિનિધિઓ ડેલીગેટ–સ્વાગત સભ્ય તેમજ શુભેચ્છક સભ્યનાં સ્વરૂપમાં ભાગ લઈ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનાં સંગઠનને મજબૂત બનાવવા તેમજ પુષ્ટિ સંપ્રદાયનાં સિદ્ધાંતોનો પ્રચાર–પ્રસાર કરવા તેમજ પુષ્ટિમાર્ગીય સંપ્રદાયનું સંરક્ષણ સંવર્ધન કરવામાં સહયોગી બની શકે છે.

આ અધિવેશનમાં અનેક પૂજ્ય ગોસ્વામી બાલકોનાં માર્ગદર્શન સાથે વૈષ્ણવ પરિષદનાં અગ્રણીઓ તથા માર્ગીય વિદ્વાનોનાં માર્ગદર્શન પ્રાપ્ત થશે.

વૈષ્ણવ પરિષદનાં કેન્દ્રીય તથા પ્રદેશ પ્રમુખ ઈન્દ્રકાન્તભાઈ શેઠ તથા સંગઠન મંત્રી ચીમનભાઈ શેઠનાં માર્ગદર્શન તળે સંમેલનને સફળ બનાવવા અનેક કાર્યકરો કાર્યરત બનેલાં છે અને ઠેરઠેરથી શુભેચ્છક સભ્ય–સ્વાગત સભ્ય તેમજ ડેલીગેટ તરીકે નોંધાઈ રહ્યાં છે તેમ ચીમનભાઈ શેઠની યાદીમાં જણાવવામાં આવેલ છે. વિશેષ માહિતી સંપર્કઃ ચીમનભાઈ શેઠ. B/૧૬૨ શ્રેણીક પાર્ક–અકોટા સ્ટેડીયમ સામે–વડોદરા–૨૦ ફોન નં. ૩૩૩૧૦૮

☐ શ્રીનિરંજન શાસ્ત્રી (ઉમરેઠ–મુંબઈ) નાં સુપુત્ર શ્રી કૃષ્ણદત્ શાસ્ત્રી દ્વારા લેસ્ટર–લંડન–બર્મિંગહામ–લેટનસ્ટોન–વેમ્બલી.. વગેરે સ્થળે શ્રીમદ્ ભાગવત સપ્તાહ તેમજ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો વિષે પ્રવચન આદી દ્વારા પુષ્ટિ સંપ્રદાયનો પ્રચાર પ્રસાર કરવામાં આવેલ છે.

લગ્નબ્યુરો

☐ આં. પુ. વૈષ્ણવ પરિષદનાં ઉપક્રમે નિયમિત લગ્નબ્યુરો ચાલે છે. તા. ૨/૧/૨૦૦૦ નાં દિને પરિચય મેળાનું આયોજન કરેલ છે. ફોર્મ ભરવા માટે મળો.

(૧) પ્રફુલ્લાબેન શાહ, ૨,સંગેમરમર કોમ્પ્લેક્ષ–એકસાઈઝ ચોકી–આંબાવાડી, અમદાવાદ–૧૫

(૨) વીણાબેન શેઠ–ફોન નં. ૫૩૯૦૫૦૯ તેમજ દર રવિવારે ૪ થી ૭ માં 'શ્રી વલ્લભ સદન' આશ્રમ રોડ–અમદાવાદ.

ષષ્ઠિપૂર્તિ સમારોહ

☐ તૃતીય ગૃહાધિપતિ પૂ. પા. ગો. શ્રી વૃજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી)નાં ષષ્ઠિપૂર્તિ સમારોહનાં આયોજન માટે પૂ.ગો.શ્રીવાગીશકુમારજી મહોદય એવમ્ પૂ.ગો.શ્રીદ્વારકેશલાલજી મહોદયની

અધ્યક્ષતામાં સમારોહની સંકલન સમિતિ તથા વ્યવસ્થાકિય સમિતિની સભા રાખવામાં આવેલ. જેમાં વિવિધ સમિતિનું ગઠન કરવામાં આવેલ.

આયોજનનાં ભાગરૂપે તૃતીય ઘરનાં સેવ્ય સ્વરૂપોને વડોદરા પધરાવી દિનાંક ૯/૧/૨૦૦૦ ના દિને છપ્પનભોગ મહોત્સવનું આયોજન કરેલ છે. દિનાંક ૧૬/૧/૨૦૦૦ નાં દિને પૂ.મહારાજશ્રી ષષ્ઠિપૂર્તિ સન્માન સમારોહનાં આયોજન અંગે વિવિધ કાર્યક્રમોનાં આયોજન અંગે વિચારણા કરવામાં આવેલ.

સંસ્કારબોધ પરિક્ષા

☐ શ્રીવાક્પ્રતિ ફાઉન્ડેશન (વડોદરા) દ્વારા પૂ.પા.ગો.ડૉ.વાગીશકુમારજી મહોદયનાં પ્રેરણાથી ભારતમાં દરેક ધર્મનો યુવાન/બાળક ભારતીય સંસ્કૃતિનાં અમૂલ્ય વારસાની માહિતી પ્રાપ્ત કરે અને આગળ વધીને ભારતવર્ષનું સમગ્ર વિશ્વમાં પ્રતિનિધિત્વ કરે તે હેતુથી ‘સંસ્કારબોધ પરિક્ષા’ લેવાનું વિચાર્યુ છે.

ધોરણ ૫ થી ૧૨ નાં વિદ્યાર્થીઓ માટે ખાસ પરિક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. એ સિવાય જે પણ વ્યક્તિને પોતાના વ્યક્તિગત સાંસ્કૃતિક વિકાસની અભિલાષા હોય તેને માટે ઉંમર/જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વિના પરિક્ષા આપવી શકય બનશે.

વિશેષ માહિતી સંપર્ક : ‘શ્રીવાક્પતિ ફાઉન્ડેશન’ શ્રીબેઠક મંદિર, કેવડાબાગ, મદનઝાંપા રોડ, વડોદરા–૩૯૦૦૦૧. ફોન. ૪૩૫૫૪૩.

શ્રીયમુનાજીમાં થતું પ્રદુષણ નિવારવા વડાપ્રધાનને અપીલ

પ્રેષકઃ ડાયાલાલ કસ્તુરચંદ ડેલાવાલા
સહમંત્રી : ગુજરાત પ્રદેશ, આં.રા.પુ.વૈ.પરિષદ
પ્રમુખ : શ્રીવલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ
ડીરેકટર : રાજકોટ નાગરિક સહકારી બેંક લી.

પરમ.શ્રદ્ધેય આદરણીય વડાપ્રધાન
શ્રીઅટલબિહારી વાજપેયીજી
વડાપ્રધાન કાર્યાલય, કેન્દ્રીય સરકાર,
દિલ્હી.

વિષય : કરોડો માનવ, પશુ ઔર પંખીકી જીવનદાતા ‘શ્રીયમુના નદી’ કા જલ પ્રદુષિત હોતા જા રહે હૈ। યહ પ્રદુષણ રોકને કે લિયે જન જાગૃતતા લાનેમેં ઔર પ્રદુષિત નદીકે જલકો સરકાર દ્વારા શુદ્ધિકરણ કિયા જાય ઈસ વિષયમેં।

સાંદર નમસ્કાર।

માનવ, પશુ ઔર પંખી જલકે બીના રહ નહીં સકતે, જલ યહી જીવન હૈ। વહ જલ શુદ્ધ હોના ચાહિયે। અશુદ્ધ જલસે સર્વમાનવ, પશુ, પંખી કે આરોગ્ય પર ખતરા પૈદા હોતા હૈ। હિમાલયકી ચોટી શ્રીજમુનોત્રીસે નીકલી ‘શ્રીયમુના’ નદી હિમાલયમેં ખીલી હુઈ અનેક પ્રકારકી જડીબુટ્ટીકે સંસર્ગમેં આને સે નદીકા જલ સર્વોત્તમ માના જા રહા હૈ। ઈસે લીયે શ્રીયમુના નદીકા જલપાન કરને કે લીયે ભારતકે સર્વ જીવો તરસ રહે હૈ। વહ જલસે રોગ નાબુદ હોતા હૈ ઈસસે જન માનસમેં શ્રીયમુનાજી ‘પાપહરણી’ ઔર ‘મુક્તિદાતા’ માની જા રહી હૈ।

બારો માસ બહતી શ્રીયમુના નદી હિમાલયસે નિકલકર બંગાલ કે સાગરમેં જાકે મિલતી હૈ । ઈનકા સ્ત્રાવક્ષેત્ર ઈતના બડા હૈ કિ ઈનકે જલસે કરોડો માનવો, કરોડો પશુ–પંખીકા પોષણ હોતા હૈ, ઔર ઈનકે કિનારે અનેક ગાંવ ઔર નગર બસે હુએ હૈ । સ્થાનિક સ્વરાજ્યકી સંસ્થા નગરપાલિકા, મહાનગરપાલિકા ઔર રાજ્ય સરકાર જાગૃત નહિ હોને કે કારણ ગાંવકા કુડા–કચરા, ગંદાપાની ઔર ફેકટરીઓકા કેમીકલયુક્ત પાની નદીમેં છોડને કી વજહ સે જનઆરોગ્ય પર જહરીલા પાનીકા ઉપયોગ હોને સે બડા ખતરા પૈદા હુઆ હૈ, ઔર દિનપ્રતિદિન માનવ ઔર પશુ–પંખીકા આરોગ્ય બિગડતા જા રહા હૈ ।

આજસે પાંચ હજાર વર્ષ પહેલે વૃજમંડલમેં આયે શ્રીયમુનાજીકે ધરામેં કાલિયનાગ દ્વારા જલમેં જહર ઉગલને કે કારણ લોગો ભયભીત હુએ થે સો ભગવાન શ્રીકૃષ્ણને બાલવયમેં કાલિયનાગકો નાથકર લોગોંકો ભયમુક્ત બનાકર શ્રીયમુનાજલ પીને લાયક બનાયા થા । ઈસ સમય લોગો ભી શ્રીયમુના નદીકો મૈયા માનકર, જીવનદાત્રી ઔર મુક્તિદાત્રી માનકર ઈનકી કંકુ, અક્ષત, પુષ્પ ઔર અન્ય શ્રીંગાર ધરકર દૂધકા ભોગ લગાકર પુજા કરને લગે ।

આજભી વૃજમંડલમેં બહતી શ્રીયમુનાજીકા ભાવપૂર્વક ભારતકે કોને–કોને સે હિ નહીં બલ્કી વિશ્વકે અનેક ભાવુકજનો શ્રદ્ધાપૂર્વક વૃજમંડલમેં આકર શ્રીયમુનાજીકી પુજા કરકે દૂધકા ભોગ લગાકર શ્રીયમુનાજલકા પાન કરકર અપને જીવનકો ધન્ય બનાતે હૈ । ઔર શ્રીયમુનાજીકે જલકી લોટી ભરકર અપને ગૃહ લે જાકર શ્રદ્ધાપૂર્વક ઈનકી સેવા–પુજા કરતે હૈં ઔર સમય–સમય પર શ્રીયમુના જલકા પાન કરતે હૈ । ઔર જબ માનવીકા અંતીમ સમય આયે તબ વહ શ્રીયમુનાજલ પાકર અપની મુક્તિ ઈચ્છતે હૈ ।

આજ યહી શ્રીયમુના નદી કે તટ પર બસે દિલ્હી, મથુરા, આગ્રા જૈસે અનેક નગરોમેં ચલતી હજારો ફેકટરીઓને કાલીનાગકી તરહ અપના કેમીકલયુક્ત જહરીલા પાની ઔર ગાંવ–નગરકા કૂડા–કચરા નદીમેં બહાકર નદીકા જલ પ્રદુષિત કરકે માનવજીવન પર બડા ખતરા પૈદા કિયા હૈ । વહ પ્રદુષણ રોકનેમેં હમ કામિયાબ નહિં રહેંગે તો ઈતિહાસ હમકો માફ નહિં કરેગા ।

ગંગા, યમુના, સરસ્વતી, કૃષ્ણા, સિંધુ, કાવેરી, તાપી, નર્મદા... વિગેરે ભારતકી નદીયાં હૈ । ઉન સબકો યાદ કરકે ભારતીય જન હરરોજ સ્નાન કરતા હૈ । જ્ઞાતિ, જાતિ, સંપ્રદાય, ધર્મકા કુછ નહિં સોચકર યહ સબ નદીયાં ભારતકે કરોડો લોગો ઔર પશુ–પંખીઓકી જીવનદાત્રી હૈ । વહ સબ નદીયોંમે પ્રદુષણ બઢતા જા રહા હૈ । માનવ, પશુ–પંખીકી સુરક્ષા કે લીયે જલકા પ્રદુષણ રોકને કે લીયે રાજ્ય, નગર, ગાંવ, સ્થાનિક સ્વરાજ્યકી સંસ્થા ઔર જન–જનકો જાગૃત કરના અતિ આવશ્યક હૈ ।

ઔર જો ભી નદીયોંમે પ્રદુષણ ફૈલા હુઆ હૈ વહ દુરસ્ત કરને કે લીયે એવમ્ નદીકા જલ શુદ્ધિકરણ કરને કે લીયે સરકારશ્રી સ્વયં આગે બઢે ઔર રાજ્ય સરકાર કો ભી અપના કર્તવ્ય નિભાને કે લીયે જાગૃત બનાયે યહ અપેક્ષા અનુચિત નહીં હૈ ।

આશા હૈ હમારી શ્રદ્ધા ઔર ભાવના કો પુષ્ટિ દેકર હમેં અનુગ્રહિત કરેંગે ।

લિ.સ્નેહાધીન
ડાયાલાલ કસ્તુરચંદ ડેલાવાલા

આ પ્રમાણે ના પત્રો આપણા સંપ્રદાયની બધી સંસ્થાઓ તથા વ્યક્તિગત રીતે મોકલી સરકારને જાગૃત કરો.

“સત્સંગ” ના સંપાદક પ.ભ.શ્રીબાબુભાઈ સવાણીને શ્રદ્ધાંજલી

જુની પેઢીના વૈષ્ણવ અગ્રણી, પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોનો પ્રચાર–પ્રસાર કરવામાં સદાય તત્પર, સારા કિર્તનકાર, ગોસ્વામી બાલકોના કૃપાપાત્ર–વૈષ્ણવોમાં જેને સારી ચાહના પ્રાપ્ત કરેલ તેમજ “સત્સંગ” માસિકની શરૂઆતથી જ જેઓ તેમાં સેવા આપી રહ્યાં હતાં અને સંપાદક તરીકે વર્ષોથી સેવા આપનાર શ્રીહરિ–ગુરૂ–વૈષ્ણવનાં કૃપા પાત્ર ભગવદીય એવા શ્રી બાબુભાઈ સવાણીએ ૯૦ વર્ષની દિર્ઘાયું ભોગવી દાન એકાદશીનાં દિનાંક ૨૧/૯/૯૯ મંગળવારનાં દિને શ્રીજીચરણ પામ્યાં.

વિદ્વત્તાપૂર્ણ લેખોને પણ સરળતાથી સમજી શકાય તેવી ભાષામાં “સત્સંગ” માસિકમાં રજુ કરી ગુજરાતી ભાષામાં સૌથી વધુ ગ્રાહકો સાથે વાંચનકારો બનાવવાનું શ્રેય બાબુભાઈ સવાણીને ફાળે જાય છે. તેમના નિધનથી “સત્સંગ” માસિકને તેમજ વ્યવસ્થાપકોને સારી એવી ખોટ વર્તાશે.

ગો. બાલકોનાં તેઓ ખૂબજ કૃપાપાત્ર હતાં. અમરેલી ઘરનાં તેઓ સેવક હતાં. અમરેલી ઘરની ગો. બાલકોની ચાર પેઢી નિ. લી.ગો.શ્રી વાગીશલાલજી મહારાજ, નિ.લી.ગો.શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, તેમનાં લાલ ગો. શ્રી વૃજજીવનજી મહારાજ અને તેમનાં આત્મજો ગો. શ્રી દ્વારકેશબાવા તથા ગો. શ્રી રાજુબાવાની સેવા પરચારગી તેમણે કરેલી. પૂ.ગો.શ્રી વૃજજીવનલાલજી મહારાજશ્રી તો તેમને “ગુરૂ” કહીને બોલાવતાં. આવી અસીમ કૃપા તેમનાં પર હતી.

પુષ્ટિસિદ્ધાંતોનાં મર્મજ્ઞ, સંપ્રદાયની પ્રણાલીનાં જાણકાર તથા સાંપ્રદાયિક ગ્રંથોનાં અભ્યાસુ એવા પ.ભ. શ્રી બાબુભાઈ સવાણીની ખોટ વૈષ્ણવ સમાજને પડી છે.

શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ–શ્રી વલ્લભસુધા સંપાદક મંડળ–આં.રા.પ. વૈષ્ણવ પરિષદનાં સર્વે પદાધિકારીઓ બાબુભાઈ સવાણીને શ્રદ્ધાસુમન અર્પણ કરવાની સાથેં તેમનાં કુટુંબ પરિવાર ઉપર આવી પડેલ આ વિરહજન્ય દુઃખ સહન કરવાની પ્રભુ તેમને શક્તિ આપે તેવી પ્રભુ પાસે વિનમ્ર પ્રાર્થના કરે છે.

કારતક વદ ૮ તા. ૩૦–૧૧–૯૯ મંગળવાર : શ્રીગુસાંઈજીના બીજા લાલજી શ્રીગોવિંદરાયજીનો ઉત્સવ. (સં.૧૫૯૯)

કારતક વદ ૯ તા. ૧–૧૨–૯૯ બુધવાર : ગો. ચિ.વ્રજભૂષણલાલજી (કાંકરોલી)નો તથા ગો.શ્રીઅક્ષયકુમારજી મહારાજ (મથુરા)નો જન્મદિન.

કારતક વદ ૧૦ તા. ૨–૧૨–૯૯ ગુરૂવાર : ગો. શ્રીઉત્તમશ્લોકજી મહારાજ (મુંબઈ)નો જન્મદિન.

કારતક વદ ૧૧ તા. ૩–૧૨–૯૯ શુક્રવાર : ઉત્પતિ એકાદશી વ્રત.

કારતક વદ ૧૩ તા. ૫–૧૨–૯૯ રવિવાર : શ્રીગુસાંઈજીના સાતમા લાલજી શ્રીઘનશ્યામજીનો ઉત્સવ (સં.૧૬૨૮). ગો. શ્રીરમેશચંદ્રજી મહારાજશ્રી (મુલુંડ–મુંબઈ)નો તથા ગો.શ્રીત્રિભંગરાયજી મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૭૪. કામ, ક્રોધ, લોભ પ્રભુ સંબંધી હોય તો ફળરૂપ છે.

શ્રીજશોદાજી દધી મથન કરે છે, તે પણ પ્રભુને ગમતું નથી. પ્રભુજીને જશોદાજીનો સંસાર પણ ગમતો નથી, પ્રભુને તો પોતાના સ્વરૂપમાં નિરોધ ગમે છે.

પ્રભુ કહે છે કે મારામાં શું ઓછું છે, કે સંસાર માણવો છે ? આપણો લોભ છે ને કામ છે ને ક્રોધ છે તે સર્વ પ્રભુને સોંપીએ. અલૌકિક કથાઓ આપણી પાસે રાખીએ. કામ, ક્રોધ, લોભ આપણી પાસે રહે તે નીચ છે, ક્ષુદ્ર છે, નાના છે. પ્રભુની પાસે એ ધર્મ છે. ભગવદીય થઈને આપણી પાસે એ આવે તો બહુ મોટા થાય, પછી શું થાય ?

આવા ભગવદીય ઉપર કોઈ ક્રોધ કરે તો તેણે ક્રોધ પ્રભુને સોંપ્યો છે, એટલે બોલતો નથી, ત્યારે પેલા સામા ઉપર પ્રભુ કોપે છે. જેટલું ગદ્યમાં કહ્યું તે પ્રમાણે ગાંસડી માથે ઉંચકે છે, તે કાઢી નાંખે, ત્યાર પછી પ્રભુનો દાસ થઈને રહે, ત્યારે પ્રભુને ને એને બને. ૭૪

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

૪. ગો.વા વીઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ. ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-11-1999.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં. ૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

દીન વદને ભૂલી જવા વિનતિ

શ્રી હરિ બિન કછુ કરિ હરી,
કહું સકે નહિં કોય;
કહિ શ્રુતિમેં, કૃતિ કા કરી,
હરિ! મો ગતી ન હોય. (૧૬)

ટીકા : કૃપા–દાન–પ્રદાન વિનતિ.

હે શ્રીહરિ! શ્રુતિ જે વેદ તે એમ કહે છે કે શ્રીહરિ વિના કોઈ, કોઈ ઠેકાણે પણ કાંઈ કૃતિ કરીને તથા મટાડીને પણ કરી શકતું નથી. ત્યારે મારે માથે શું બંધન રહ્યું જે મારૂં કલ્યાણ થતું નથી ? હે પ્રભુ! એ વાતે તો સર્વ કર્તા તો તમે છો, ત્યારે મને કૃપા કરો. (૧૬)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ 'અમૃત'** જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૪૦૫૪૧.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૯ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ડીસેમ્બર , ૧૯૯૯

વચનસુધા

તેવી જ રીતે સામાજિક દ્રષ્ટિએ મેકેનાઈઝ યુગ (યંત્રયુગ)ના જે પોલ્યુસન્સ (પ્રદુષણો) છે અને દુર્ગુણો છે– માનવજાતની, ઉપર એના પ્રત્યાઘાતો થાય છે. કદાચ સેવા ધર્મની પ્રતિષ્ઠા હોત અને આ જાતની એક વાર્તા સાહિત્યની, એક સૈદ્ધાંતિક પરંપરા આપણને પ્રાપ્ત થઈ છે. તે આપણી સંસ્થામાં, આપણી ભાવનામાં હોત તો આજે સમાજવાદની જરૂર ન હોત ને સુધારવાદની પણ નહીં ને વર્ણાશ્રમ ધર્મને ગાળ કાઢવાની જરૂર ન હોત અને કોઈ જાતીવાદને વખોડવાની જરૂર ન હોત. ભક્તિમાર્ગીય આ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં બધું જ મળે છે ને કોઈની મર્યાદા ઉલ્લંઘન કર્યા વગર.

આ એક બહુ દૂરદર્શીતા વલ્લભાચાર્યે આપી અને એ દૂરદર્શીતા અમારા સમાજમાંથી ચાલી. અને આ અમે ભૂલી ગયા કે ભકતો માટે જ ભગવાન આવ્યા *‘કીમુત અસાધારણ કારણં વક્તવ્ય’* એનું સમાધાન જ આ કરે છે– વલ્લભાચાર્ય સુધોધિનીમાં.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૧૬)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

માગશર સુદ ૨ તા.૧૦–૧૨–૯૯ શુક્રવાર : ગો.ચિ.શ્રીગોવિંદરાયજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો તથા ગો.શ્રીશ્યામસુંદરજી મહારાજશ્રી (ચાંપાનેસી–જામનગર)નો જન્મદિન.

માગશર સુદ ૪ તા.૧૨–૧૨–૯૯ રવિવાર : ગો.ચિ. શ્રીગોકુલનાથજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

માગશર સુદ ૫ તા. ૧૩–૧૨–૯૯ સોમવાર : શ્રીમદનમોહનજીનો પાટોત્સવ (કામવન)

માગશર સુદ ૭ તા. ૧૫–૧૨–૯૯ બુધવાર : શ્રીગુસાંઈજીના ચોથા લાલજી શ્રીગોકુલનાથજીનો મહોત્સવ (સં.૧૬૦૮). અષ્ટસખા પૈકી શ્રીપરમાનંદદાસજીનો જન્મદિન.

માગશર સુદ ૮ તા. ૧૬–૧૨–૯૯ ગુરૂવાર : ધનુર્માસ આરંભ. શ્રીગોવર્ધનેશજી મહારાજ કૃત સાત સ્વરૂપનો ઉત્સવ.

માગશર સુદ ૯ તા. ૧૭–૧૨–૯૯ શુક્રવાર : ભારત માર્તંડ શ્રીગટ્ટુલાલજીનો સ્મરણદિન. શ્રીગુસાંઈજીની વધાઈનો પ્રારંભ. ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

માગશર સુદ ૧૧ તા. ૧૯–૧૨–૯૯ રવિવાર : મોક્ષદા એકાદશી વ્રત. ગીતા જયંતી. ગો.શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી (સુરત)નો જન્મદિન.

માગશર સુદ ૧૫ તા. ૨૨–૧૨–૯૯ બુધવાર : પૂર્ણિમા. શ્રીનાથજીનો છપ્પનભોગ. શ્રીબલદેવજીનો ઉત્સવ. ગોપમાસ વ્રતચર્યા સમાપ્તિ.

માગશર વદ ૧ તા. ૨૩–૧૨–૯૯ ગુરૂવાર : ગો. તિલકાયિત આચાર્યવર્ય પૂ.પા.ગો. શ્રીદાઉજી મહારાજ (શ્રીરાજીવલોચનજી)નો જન્મદિન (સં.૨૦૦૫)

માગશર વદ ૨ તા. ૨૪–૧૨–૯૯ શુક્રવાર : ગો.ચિ. શ્રીસંદીપકુમારજી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૪ તા. ૨૬–૧૨–૯૯ રવિવાર : ગો.ચિ. શ્રીહૃષિકેશજી બાવાશ્રી (મુંબઈ–ધોરાજી)નો જન્મદિન.

માગશર વદ ૬ તા. ૨૮–૧૨–૯૯ મંગળવાર : ગો.ચિ. શ્રીહરિરાયજી બાવાશ્રી દ્વિતીય ગૃહ (નાથદ્વારા)નો તથા ગો.શ્રીનીરજકુમારજી મહારાજશ્રી (મુંબઈ)નો જન્મદિન.

માગશર વદ ૭ તા. ૨૯–૧૨–૯૯ બુધવાર : શ્રીગુસાંઈજીના દ્વિતીય પુત્ર શ્રીકલ્યાણરાયજી (શ્રીહરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ (સં.૧૬૨૫)

માગશર વદ ૮ તા. ૩૦–૧૨–૯૯ ગુરૂવાર : હેમંતઋતુ પૂરી થઈ. ગો.ચિ. શ્રીપંકજકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૯ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ☐ ડીસેમ્બર,૧૯૯૯

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં
ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

એક જરૂરી ખુલાસો : ઘણાં અણસમજુ લોકો કહેવા લાગ્યા છે કે, 'સેવા કરતાં કરતાં આટલાં બધાં (ચોરાશી) અપરાધ પડતાં હોય તો સેવા જ ન કરવી. કેમકે બધાં અપરાધોમાંથી સાંગોપાંગ કેમ બચી શકાય ? પણ આ વાત અત્યંત ભૂલભરેલી છે. આ જે અપરાધોની ગણતરી બતાવી છે તે સેવામાં સાવધાની રાખવા માટે બતાવી છે, અને કદાચ ચોરાશીએ ચોરાશી અપરાધ થઈ જાય તો એ, તે દરેક અપરાધ એક એક પૈસા જેવો ગણાય. પણ જે બ્રહ્મસંબંધ લઈને, પુષ્ટિમાર્ગમાં આવીને, પુષ્ટિમાર્ગનું પરમફલ જે ભગવદ્ સેવા તે જ ન કરે તેનો તો અપરાધ સહુથી મોટો ગણાય—હજાર રૂપિયા જેવડો ગણાય. માટે શ્રીગુરૂદેવાની આજ્ઞા અનુસાર ભગવદ્સેવા અવશ્ય કરવી એજ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું—જીવન સાફલ્ય છે.

અપરાંધ ઓગણત્રીસમો : " શ્રીજી કે સામગ્રી દિન આઠમેં યથાશક્તિ કરેં "

શ્રીઠાકોરજીને ધરવાની બાલભોગની—અનસખડીની સામગ્રી, વધુમાં વધુ આઠ દિવસે નવીન કરવી જોઈએ. બને તો થોડી—થોડી સામગ્રી કરી ચાર—ચાર દિવસે નવી સામગ્રી યથાશક્તિ ઠોર, મઠડી, મગજ, સકરપારા વગેરે અને શિતકાળ હોય તો ગોળપાપડી વગેરે જેવી સામગ્રી વારા ફરતી કરીને ધરાવવી જોઈએ. વધુ પ્રમાણમાં એક જ સામગ્રી કરી રાખીને લાંબો સમય ચલાવવાથી અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય ગ્રંથ–પરિચય

❑ હિન્દીમાં લેખક : ગોસ્વામી શ્રી શ્યામમનોહરજી (પાર્લા) ❑

❑ ભાષાંતર કર્તા : પ્રો. પ્રતાપરાય કાં. શાહ (કોવિદ) ❑

—ગતાંકથી ચાલુ

(૪) કારણ કે ભક્તિના શ્રવણાદિ અંગોની પુનઃપુનઃ આવૃત્તિ વિહિત છે– 'તસ્માદ્ ભારત સર્વાત્મા ભગવાન્હરિરીશ્વરઃ શ્રોતવ્યઃ કીર્તિતવ્યશ્ચ સ્મર્તવ્યશ્ચેચ્છતાભયમ્' (ભા.૨/૧/૫). આની સુબોધિનીજીમાં કહેવામાં આવ્યું છે 'વિહિતે શ્રવણકીર્તને સદા ભવતઃ ત્રયાણાં દેહપાતપર્યન્તમાવૃતાનામેવાભય સાધકત્વમ્. ઉત્તરાવધિર્દેહપાતઃ એવ પૂર્વાવધિઃ સંસાર ભયજ્ઞાનમ્'. કોઈ ભક્તની પાસે રોકાયા વગર આમ બની શકે નહીં. જ્યારે સંન્યાસીને માટે નિરંતર એકાકી પરિભ્રમણ શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે– 'વાસે બહુના કલહો ભવેદ્ વાર્તાદ્વયોરપિ એક એવ ચરેદ્ ભિક્ષુઃ (ભા.૧૧/૯/૧૦)

(૫) કારણકે ભક્તિનાં અંગભૂત શ્રવણાદિ નવવિધ ધર્મોનું અંતિમ પ્રયોજન ભગવત્સેવાર્થ યોગ્યતા સંપાદન કરવાનું છે અને સંન્યાસધર્મ સાધકની સિદ્ધાંતાભિમત સેવાના સ્વરૂપ માટે અયોગ્ય બનાવી દે છે.

તેથી ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ યા સ્વતંત્ર સંન્યાસ, વેદ્ય યા અવેદ્ય કોઈપણ પ્રકારનો સંન્યાસ ભક્તિસાધક શ્રવણાદિના નિર્વાહને માટે અનુમોદનીય નથી રહી જતો.

(૪) ભક્તિબાધક ગૃહાદિના ત્યાગ દ્વારા ભક્તિની પ્રાપ્તિને માટે સંન્યાસ.

''ભક્તિવર્ધિની''માં કહેવામાં આવ્યું હતું કે ''ગૃહસ્થાનાં બાધકત્વમનાત્મત્વં ચ ભાસતે.'' તેથી જયારે ઘરમાં રહેતાં સકલ સંબન્ધિજન તથા પદાર્થ, ભક્તિમાં બાધક બનતા હોય તો તેમનો પરિત્યાગ કરવો જ જોઈએ. પરિણામે ભક્તિની નિર્વિઘ્ન અભિવૃદ્ધિ થઈ શકશે.પરંતુ ભક્તિનો બીજભાવ દઢ ન થયો હોય એવી સ્થિતિમાં આ પ્રકારના ગાર્હસ્થ્યથી ડરી ગયેલાઓનો ત્યાગ અંતમાં નર્યા (ચોક્ખા=એકલા) પાખંડમાં જ ક્યારેક પર્યવસિત થાય છે.'ભક્તિવર્ધિની''માં પણ તેથી જ કહેવામાં આવેલું છે કે ત્યાગમાં દુઃસંગ તથા અન્નદોષના કારણે વધારે અધઃપાતનાં ભયસ્થાન છે. એ જ વાત અહીં પણ ત્રણ પ્રકારની વિપ્રપત્તિઓ દ્વારા સમજાવવામાં આવી રહી છે.

(૧) કારણ કે ત્યાગ કર્યા પછી પણ ભિક્ષાટનને માટે પુનઃગૃહસ્થોનાં દ્વાર પર જવું પડે છે. આ ગૃહસ્થ–દાતા સંન્યાસ લેવાવાળાના પરિવારથી કોઈ અલગ ઢંગના હોતા નથી. તેમના ઘરનું અન્ન ભગવાનને નિવેદિત કરેલું હોય એ જરૂરી નથી તેથી એવા અન્નથી મતિ ભ્રષ્ટ થઈ શકે છે.

(૨) કારણ કે કલિયુગના પ્રભાવના કારણે બધું બહારથી છોડી દીધા પછી પણ સાહજિક રીતે સંભવ છે કે આંતરિક આસક્તિ યા વાસના ન (પણ) તૂટે અને વ્યક્તિ, ત્યાગીને બદલે પાખંડી બની જાય.

(૩) કારણ કે આ રીતે પાખંડ કરવાવાળા વિષયાક્રાંત વ્યક્તિના દેહમાં ક્યારેય હરિનો આવેશનો સંભવ જ નથી.

તેથી પુષ્ટિમાર્ગીયોએ આ પ્રકારની અદઢ બીજભાવવાળી ભક્તિની સાધનાવસ્થામાં આશ્રમરૂપ

યા સ્વતંત્ર, વૈધ યા અવૈધ, કોઈપણ પ્રકારનો ત્યાગ યા સંન્યાસ ન લેવો જોઈએ.– જો તેની ઈચ્છા ભક્તિસુખ લેવાની હોય તો–

(૫) ભગવદ્વિરહાનુભવાર્થ ભક્ત્યુત્તર સંન્યાસ

'ભક્તિવર્ધિની'માં ભક્તિનો વ્યસનદશાપર્યન્ત વિકાસ દર્શાવવામાં આવ્યો છે. તે સિદ્ધ થાય તે પછી સ્વગૃહમાં નિશ્ચયપૂર્વક ભગવત્સેવા ન નભતી હોય તો; અને તીવ્ર વિપ્રયોગની અનુભૂતિમાં ઘરબારની ઝંઝરો (જંજાળ)ના કારણે વિઘ્નની સંભાવના દેખાતી હોય ત્યારે ગૃહત્યાગની છૂટ આપી શકાય છે. આ સંન્યાસ બીજભાવની દઢતા થયા પછી કરવામાં આવેલો હોવાથી ક્યારેય પણ ભક્તને પદભ્રષ્ટ નથી કરતો.

ભાગવત (૧૧/૧૮/૨૮–૩૬)માં– 'જ્ઞાનનિષ્ઠો વિરક્તો વા મદ્‌ભક્તો વાનપેક્ષક: સલિંગાશ્રમાંસ્ત્યક્ત્વા ચરેદવિધિ ગોચર: શૌચમાચમનં સ્નાનં ન તુ ચોદનયા ચરેત્ અન્યાંશ્ચ નિયમાન્ જ્ઞાની યથાહ લીલયેશ્વર:' અહીં ચતુર્થાશ્રમરૂપ સંન્યાસથી ભિન્ન એક પરિત્યાગની આજ્ઞા સ્પષ્ટ જોવામાં આવે છે.

આ જ સ્કંધના બારમા અધ્યાયમાં ભગવાને સમજાવ્યું છે કે– 'કેવલેનહિ ભાવેન ગોપ્યો ગાવો ખગા મૃગા યેન્યે મૂઢધિયો નાગા: સિદ્ધ: મામીયુરંજસા, યં ન યોગેન સાંખ્યેન દાનવ્રતતપોધ્વરૈઃ વ્યાખ્યાસ્યાધાયા સંન્યાસૈ: પ્રાપ્નુયાદ્ યત્નવાનપિ. રામેણ સાર્ધં મથુરાં પ્રણી તે શ્વાફ્લ્કિના મય્યનુરક્તચિત્તા વિગ્રાઢભાવેન ન મે વિયોગતીવ્રાધયોન્યં વવૃચુ: સુખાય..... તાનાવિદન્મય્યનુષઙ્બર્ધધિયસ્વમાત્માનમદસ્તથેદં, યથા સમાધૌ મુનયોબ્ધિતોયે નદ્ય: પ્રવિષ્ટા ઈવ નામરૂપે.... તસ્માત્વમુદ્ધવોત્સૃજ્ય ચોદનાં પ્રતિચોદનાં પ્રવૃતં ચ નિવૃતં ચ શ્રોતવ્યં શ્રુતમેવચ, મામેકમેવ શરણમાત્માનં સર્વદેહિનાં યાહિ સર્વાત્મભાવેન મયાસ્યા હ્યકુતોભયમ્'. અહીં પ્રવૃત્તિધર્મની જેમ નિવૃત્તિધર્મના પણ ત્યાગનું વિધાન કરવામાં આવ્યું છે. ભક્તિની વ્યસનદશામાં પ્રકટ થતાં વિગાઢભાવ યા સર્વાત્મભાવની દ્વારા ચિત્તને નિરંતર ભગવાનમાં જ એકતાન (મગ્ન) બનેલુ રાખવાની તથા તેમાં તીવ્ર વિયોગજન્ય તાપને સહાયક માનવાની આ ભગવદ્દુરક્તિપ્રધાન વૈરાગ્યમૂલક સંન્યાસની રીતિનું જ– 'મદ્‌ભક્તો... સલિંગાનાશ્રમાંસ્ત્યક્ત્વા ચરેદ્' માં વિધાન કરવામાં આવેલું છે.

ગીતા (૧૨/૬–૮)માં આ જ સંન્યાસનું નિરૂપણ છે– 'યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ત્ય મત્પરા: અનન્યેનૈવયોગેન માં ધ્યાયન્તમુપાસતે તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસાર સાગરાત્ ભવામિન ચિરાત્પાર્થ મય્યાવેશિતચેતસાં, મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિ નિવેશય નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશય:'.

☐ વેશ : આ પ્રકારનો પરિત્યાગ કરતી વખતે જો પરિવારના લોકોનો મોહ આપણી બાબતમાં તૂટતો ન હોય તો સંન્યાસીનો વેશ ધારણ કરી લેવો જોઈએ. અન્યથા એ અનિવાર્ય નથી.

☐ ગુરૂ : પરિત્યાગના આ પ્રકારમાં પ્રેષોચ્ચાર આદિને માટે કોઈ ગુરૂની અપેક્ષા નથી. પૂર્વે ઉદાહરણ આપ્યું છે તે ઉધ્ધવોપદેશમાં ભગવાને ગોપિકાઓના ભગવદનુરાગમૂલક વૈરાગ્યના વર્ણન દ્વારા જેવી રીતે ઉદ્ધવને ભક્તિમાર્ગીય સંન્યાસની પ્રેરણા આપી, તે પ્રમાણે આ પ્રકારના સંન્યાસમાં ગુરૂ તરીકે વ્રજની ગોપિકાઓને જ માનવી જોઈએ. કૌડિન્ય ઋષિના ચરિત્ર (ભવિષ્યોત્તર)માં પણ આ પ્રકારના પરિત્યાગનું ઉદાહરણ મળે છે. તેથી તેઓ પણ ગુરૂતુલ્ય છે.

☐ સાધન : પૂર્વે ઉદાહરણ આપ્યું છે તેમ ઉદ્ધવોપદેશમાં જેવી રીતે ભગવાને ગોપિકાઓના પરિત્યાગના કારણ બનેલા 'કેવલ ભાવ'ની પ્રશંસા કરી છે, તેની જેમ આ વિરહના અનુભવાર્થે સંન્યાસમાં કેવલ ભાવ જ સાધન છે.

ભાવોદ્‌બોધનનો ઉપાય : ભગવાન જ્યારે મથુરા પધાર્યા ત્યારે જેવી રીતે ગોપિકાઓને તીવ્ર વિરહાનુભૂતિના કારણે ચિત્તની નિરંતર ભગવાનમાં એકતાનતા સિદ્ધ થઈ ગઈ હતી, એવી જ રીતે આપણા ઘરના વ્રજમાં જ્યારે આપણને ભગવત્સેવાનું સુખ ન મળી શકતું હોય, ત્યારે ભગવાનના મથુરાગમનની ભાવના કરવી જોઈએ, આ ભાવનાના કારણે ભક્તના હૃદયમાં ગોપિકાઓની જેમ તીવ્ર વિરહવેદના પ્રકટ થવા લાગશે.... અને એક દિવસ અકસ્માત મન એટલું (બધું) વિકલ (બેચેન) બની જશે કે ભક્ત ઘરની બહાર નીકળી પડશે– પોતાના ભગવાનની શોધમાં! આ ત્યાગ પ્રપંચના દોષદર્શન મૂલક કેવલ શુષ્ક વૈરાગ્યથી પ્રેરિત નથી પણ પ્રભુના દિવ્ય મધુર ગુણોની તરફ સરસ અનુરાગથી પ્રેરિત હોય છે. તેથી પરિત્યાગનો આ પ્રકાર ભક્તિમાર્ગમાં પ્રશંસનીય છે.

ત્યાગના આ પ્રકારને કોઈ અનુચિત ન માની બેસે એટલા માટે ભગવાને– 'ચરેદવિધિગોચરઃ' એમ કહીને ઉત્તમાધિકારીઓને માટે આ પ્રકારના ત્યાગની અનુજ્ઞા તથા મધ્યમાધિકારીઓને માટે આજ્ઞા આપી દીધી છે. એટલા જ માટે યથાધિકાર 'ચરેદ'ના અનુજ્ઞા તથા 'આજ્ઞા' એ બંને અર્થો સ્વીકારવામાં કોઈ બાધા કે વિરોધાભાસ નથી. 'સૂર્ય અસ્ત પામી રહ્યો છે.' એવા એક જ વાક્યના બે તાત્પર્યઃ બ્રાહ્મણના સાયંસંધ્યાર્થ ઉદ્યત હોવાના રૂપમેં; તથા ગૃહિણીના સાયંકાલના ખાણા(ભોજન)ને પેકાવવાના (રાંધવાના) કાર્યમાં ઉદ્યત હોવાના રૂપમાં, અધિકારભેદથી લઈ શકાય છે.

ગોપાલતાપિની ઉપનિષદમાં– 'ભક્તિરસ્ય ભજનં તદિહામુત્રોપાધિનૈરાશ્યેનૈવ અમુષ્મિન્ મનઃકલ્પનમ્ એતદેવ ચ નૈષ્કર્મ્યમ્' એમ કહીને આ જ ભક્તિમાર્ગીય સંન્યાસનું રૂપ 'નૈષ્કર્મ્ય' પદથી સૂચિત કરવામાં આવ્યું છે.

પરિણામ : પરંતુ આ વિરહાનુભવાર્થે પરિત્યાગનું પરિણામ સારું નથી હોતું. વાર્તાપ્રસંગમાં આને વિશે એક મજેદાર પ્રશ્ન તથા ઉત્તર મળે છે.

પ્રશ્ન– 'તમારા સેવક આટલા દુબળા કેમ ?

ઉત્તર– 'બળવાન હતા પણ મારગમાં આવ્યા તેનું ફળ ભોગવી (મેળવી) રહ્યા છે.'

વિરહાનુભવાર્થે જે પરિત્યાગ કરવામાં આવે છે તેમાં તદનુરૂપ ભાવનાઓને કરવાથી એક દિવસ વિરહવેદનાની પીડા મનમાં ઉઠી; અથવા ભાવનાનો પ્રવાહ વહેવા માંડતા ક્યાંક–કોઈક ભાવના સાગરમાં પર્યવસિત થયો કે હૃદયમાં પ્રેમનો સાગર લહરાવા લાગશે ! તેની અનેક લહેરો– (ચક્ષુરાગ=આંખની લાલી, મનઃસંગ, સંકલ્પ, નિદ્રાભંગ, તનુતા (=કૃશતા, પાતળાપણું), વિષયનિવૃત્તિ, ત્રપાનાશ (શરમ–સંકોચનો નાશ– દૂર થવું તે) ઉન્માદ, મૂર્છા તથા મરણ), જાગી–પ્રકટી ઉઠે અને આત્મા તથા દેહના બંને તટબંધોને તોડી નાખશે ! દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ, પ્રાણ, આત્મા– આ બધું પ્રેમના પૂરથી પ્લાવિત (છવાયેલું) થઈ જશે !

આ પ્રેમજન્ય વિકલતા તથા અસ્વાસ્થ્ય ભક્તિની ચરમપ્રકૃતિ યા સ્વભાવ જ છે. તેને લૌકિક યા પ્રાકૃત અસ્વાસ્થ્યના જેવો ન સમજવો (માનવો) જોઈએ. આ તો પરમાનંદરૂપ પરમાત્માનો જીવાત્મા સાથે ઘનિષ્ઠ (ગાઢ) સંસ્પર્શ છે ! એક પ્રેમાદ્વૈતથી બધાય દ્વૈતોના પ્લાવિત (છવાયેલા) થવાથી પણ

બચેલો પ્રિયતમ તથા પ્રેમીનો— ભગવાન તથા ભક્તનો—એક મધુર દ્વૈત છે! આને બ્રહ્મવાદી શુદ્ધદ્વૈતવાદની; અથવા બ્રહ્મના જ્ઞાનમાર્ગીય ગુણો (જેવા કે બ્રહ્મનું સર્વવ્યાપીપણું સર્વવ્યાપી હોવાપણું, સર્વ નિરપેક્ષ આત્મારામ હોવાપણું, નિરાકાર (વ્યાપક હોવાપણું) આ બધાની ચર્ચાથી સ્વયં આ અન્ય કોઈ મિટાવીન દે તેની સાવધાની વર્તાવી (રખાવી) જોઈએ, કારણ કે આ જ્ઞાન તથા પરમાત્માના જ્ઞાનમાર્ગીય ગુણભક્તિમાર્ગીય ભાવ ના બાધક હોય છે:

જ્ઞાન, વૈરાગ્ય, સંન્યાસ સત્યલોકમાં અવસ્થિત થાય છે, એવી જ રીતે ભક્તિમાર્ગીય જીવ ભાવનાના બળ ઉપર વ્યાપિ વૈકુંઠમાં ચાલતી ભગવાનની નિત્ય વ્રજલીલાઓમાં અવસ્થિત થઈ શકે છે. તેથી 'પરમાત્મા વ્યાપક હોવાથી મથુરા નથી જઈ શકતો— એ તો સર્વત્ર વિદ્યમાન છે.' એવી જ્ઞાનમાર્ગીય વાતોથી ભાવખંડન થવા ન દેવું જોઈએ.

સ્નેહની જે દશ અવસ્થાઓ— ચક્ષુરાગથી મરણ સુધીની ગણાવી, તેમાં દશમી અવસ્થા મરણ ત્યાં સુધી સંભવિત નથી જ્યાં સુધી વિરહ દશા સર્વથા અસહ્ય નથી બની જતી. ગાઢ અનુરાગ તથા વિયોગના કારણે આસક્તિ ભ્રમનાશથી ભક્તના અંતરમાં ભગવાનની બધી લીલાઓ અનુભૂત થતી રહે છે. ક્યારેક આ લીલાઓ બહાર પણ પ્રકટ થઈ જાય છે. એક વખત બહાર પ્રકટ થઈ કે પછી તેમનું અપ્રકટ (અદ્રશ્ય) થવું ભક્તને માટે પ્રાણધારણ (જીવ ટકાવી રાખવાનું) અશક્ય બની જાય છે. કાષ્ઠમાં (લાકડામાં) અગ્નિ તિરોહિત (છુપી રીતે સમાયેલ—અદ્રશ્ય રીતે) રહેલ હોય છે પણ એક વખત જો એ અગ્નિ પૂર્ણ રીતે પ્રકટ થઈ જાય તો એ બુઝાતાં બુઝાતાં (શાંત થતાં સુધીમાં) પણ સંપૂર્ણ રીતે બાળીને તેની રાખ બનાવી દે છે. આવી જ રીતે સ્થાયી ભાવના રૂપમાં આપણા અંતરમાં છુપાયેલ પરમાનંદાત્મક શ્રીકૃષ્ણ જો આલંબન વિભાવના રૂપમાં એક વખત બહાર પ્રકટ થઈ ગયા પછી તિરોહિત થઈ જાય તો બધાં દેહાધિકનાં બંધનો તૂટી જાય છે!

આ સ્થિતિ પર પહોંચ્યા પહેલા વિપ્રયોગમાં ભક્તના પ્રાણોને ભગવાનના ગુણો જ ટકાવી (ચાલુ રાખી) શકે છે. ભગવાનના ભક્તિમાર્ગીય ગુણોની સ્મૃતિ અથવા કીર્તનમાં ભક્તને જે પુનઃ પુનઃ (ફરીથી અને ફરીથી—એકસરખો ચાલુ રીતે) સંતોષ મળતો રહે છે, તેને લીધે એ ભક્તના પ્રાણ, પોતાના પ્રાણપ્રિય પ્રભુના સંગ વિનાની અવસ્થામાં પણ ટકી રહેતા હોય છે.

વિપ્રયોગની (વિરહની) અનુભૂતિની આ પ્રક્રિયામાં ભગવાનના રસાત્મક સ્વરૂપની અનુભૂતિ પૂર્ણતાની સ્થિતિ પર પહોંચી જાય છે તેનું કારણ એ છે કે રસશાસ્ત્રના કર્તાઓએ રતિને (એટલે પ્રેમને) દ્વિદલાત્મક અર્થાત્ સંયોગ અને વિયોગ રૂપ માનેલ છે. તે પ્રમાણે આ વિરહનો અનુભવ પણ ભગવાનના રસાત્મક અનુભવનો એક ભાગ (એક અંગ) જ છે. પરિણામે આ અનુભૂતિની અપૂર્ણતામાં ભગવાન પ્રકટ થઈને સ્વયં ભક્તની ફલપ્રાપ્તિમાં બાધા (અડચણ) પહોંચાડતા નથી.

અહીં એક શંકા ઉભી થઈ શકે છે કે પછી ઉદ્ધવજીની દ્વારા સ્વયં ભગવાને જ્ઞાનમાર્ગીય સંદેશ ગોપિકાઓને વિરહ વેદનામાંથી સ્વસ્થ (શાંત) કરવા માટે શા માટે મોકલ્યો? આનો ઉત્તર આ જ છે કે ભગવાનને એ ખબર હતી કે ઉદ્ધવજીના જ્ઞાનનો રંગ ગોપિકાઓની ઉપર નહીં ચડે. ઉલટાનો ઉદ્ધવજીની ઉપર જ ગોપિકાઓના પ્રેમનો રંગ ચડી જશે. આ જ કારણને લીધે ભગવાનના સંદેશનો— સ્વાસ્થ્ય વાક્યોનો— ગોપિકાઓએ સ્વિકાર કર્યો નહીં.

આવી જ રીતે તેમના અનુકરણ વિશે— અનુકરણ ઉપર—વિરહાનુભવાર્થ પરિત્યાગ કરવાવાળા

ભક્તોને જો કોઈ જ્ઞાની અથવા મર્યાદામાર્ગીય ભક્ત દ્વારા ભાવખંડનની વાતો સંભળાવવામાં આવતી હોય તો એ વાતો સાંભળી જ નથી એમ વર્તવું જોઈએ (એ વાતો તરફ ધ્યાન આપવું ન જોઈએ.) પછી ભલે એ વાતો વેદાન્તાદિ શાસ્ત્રોથી પ્રમાણવાળી (પ્રમાણિત) હોય.

આ શાસ્ત્રીય સિદ્ધાંતોની ઉપેક્ષાથી ભગવાન નારાજ થઈ જશે એમ માની લેવું ન જોઈએ. કારણ કે તેઓ (ભગવાન) તો દયાળુ છે, તેથી જેમ જ્ઞાનના આવેશમાં શાસ્ત્રીય મર્યાદાના ઉલ્લંઘનને ખરાબ નથી માનતા એવી જ રીતે ભાવાવેશમાં ગોપિકાઓ દ્વારા કરવામાં આવેલી ભગવદુપદેશની ઉપેક્ષાનું પણ ખરાબ નહોતું માન્યું.

(૬) પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવાદાસક્તિના સ્વભાવથી જ પ્રયુક્ત ભક્ત્યુત્તર (ભક્તિ પછીનો) સંન્યાસ ભક્તિમાર્ગીય મધ્યમાધિકાર સંન્યાસ, જો ગોપિકાઓની લોકવેદત્યાગપૂર્વક સર્વાત્મભાવવાળી ભક્તિની ભાવના કરતી વખતે (કરતાં કરતાં) કરવામાં આવે છે તે ગોપિકાઓનો પરિત્યાગ ન તો આશ્રમરૂપ છે ન તો વૈધ (જેનું વિધાન કરવામાં આવેલું છે તેવો) છે. ચતુર્થાશ્રમરૂપ સંન્યાસ ફક્ત બ્રાહ્મણ પુરૂષોને માટે જ વિહિત (કહેલો) છે. જેઓ બ્રાહ્મણ ન હોય તેમને માટે યા તો ગોપિકાઓનો ત્યાગ, એ જ કારણથી કોઈ શાસ્ત્ર વિધિથી પ્રેરિત ન હતો પરંતુ તેમના ચિત્તની (મનની) ભગવાનમાં એકતાનથી (ઉંડી લગનીથી) પ્રેરાયેલો હતો તેમની ભગવાનમાં આસક્તિનું સહજ (સ્વાભાવિક) અંગ હતો.

સ્વયં ભગવાને તેમના (ગોપિકાઓના) આ અનુરાગમૂલક પરિત્યાગનું વર્ણન આ શબ્દોમાં કર્યું છે– 'તાઃ મન્મનસ્કાઃ મત્પ્રાણા મદર્થે ત્યક્તદૈહિકાઃ યે ત્યક્તધર્મલોકાશ્ર મદર્થે' (અર્થ– એ ગોપિકાઓ મારામાં મનવાળી હતી, મારામાં તેમણે તેમના પ્રાણને જોડયા હતા, મારે માટે તેમણે દેહનો– શરીરનો ત્યાગ કર્યો હતો અને તેમણે મારે માટે ધર્મનો તથા લોકો (ના અભિપ્રાય)નો ત્યાગ કર્યો હતો) વસ્તુતઃ ગોપિકાઓનો કેવલ પ્રેમભાવથી વિવશ બનીને કરવામાં આવેલો ત્યાગ હતો. ત્યાગનો આ પ્રકાર બહુ દુર્લભ છે.

ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૭૫. સંત પુરૂષોના શાપમાં પાપીનું કલ્યાણ છે.

નળ કુબેર તે શિવજીના પુત્ર કુબેર ભંડારીના પુત્ર. તેઓ શ્રીગંગાજીમાં દેવની સ્ત્રીઓ (અપ્સરાઓ) જોડે જળક્રીડા કરતા હતા. તે કુબેરના છોકરાઓએ મદિરાપાન કર્યુ હતું. તે મદિરાપાન આ પૃથ્વીનો દારૂ થાય છે, તેને નહીં, પણ વારુણી મદિરાપાન કે જે સમુદ્રમંથન કરતાં નીકળ્યો હતો તે છે. તે મહાહળાહળ ઝેર છે. તેને દેખે, એટલે બુદ્ધિ ભ્રષ્ટ થાય, તો પીએ તેની બુદ્ધિનું તો કહેવું જ શું ?

એક મધુપાન, બીજું દ્રવ્યનો મદ અને ત્રીજું સ્ત્રીઓનાં ઝુંડમાં અંધ થઈ ક્રીડા કરતા હતા. જેમ હાથણીમાં બે હાથી ક્રીડા કરતા હોય તેમ ક્રીડા કરે છે. એવામાં નારદજીને આવતા જાણી સ્ત્રીઓ નગ્ન હતી, તેમણે તરત જ નારદજી દૂર હતા, એટલામાં બહાર નીકળી વસ્ત્રો પહેર્યા અને મનમાં લજ્જા પામ્યા ને પોતે ઠેકાણે ગયા. પણ પેલા કુબેરના છોકરા તો દ્રવ્ય

મદથી તથા મદિરાપાનના મદથી અંધ થયા, તેથી નારદજીને ઓળખ્યા નહીં.

તેથી નારદજીએ વિચાર્યું કે, શિવના પુત્ર કુબેરને આવા પુત્ર ન ઘટે. પોતાને આવી દયા આવી કે આવા અપરાધ ક્યાં સુધી કરશે! અપરાધની પોતે શાંતિ કરી. શાંતિ તો શું ? કે જાઓ, પૃથ્વી પર ઝાડ થઈને પડો. એવી નારદજીની દયાએ વ્રજમાં ઝાડ થઈને પડયા. તેની નીચે શ્રીનંદરાયજીની ગાયો બેસે. જો મારવાડમાં ઝાડ કરે તો પણ કોણ ના કહે ? વળી કોઈ પૂછે કે શ્રીનંદરાયજીનું ઘર ક્યાં છે? તો કહેશે કે, પેલા ઝાડ મોટાં છે, તેની પાસે. આ નારદજીની કૃપાએ ત્યાં અવતર્યા.

જ્યાં વિષયની વાસના ત્યાં વાસુદેવ હૈયામાં ન આવે. જ્યારે સ્ત્રી સામે જુએ, વળી નગ્ન સ્ત્રીને જુએ, ત્યારે કામની ભાવના થાય. જે વેળા કામની ભાવના થાય, તે વેળા હરિ વિમુખ થયો જાણવો. એવા સ્ત્રીઓનાં રૂપ છે. જ્યારે વિષયની ભાવના જાય ત્યારે વાસુદેવ હૈયામાંથી જાય નહીં.

નારદજી જેવા કોઈનાં છોકરાનું ભુંડું તાકે નહીં. છોકરા કોઈનો અન્યાય કરે, કોઈનું ચોરે, કોઈ સાથે જાર કર્મ કરે, કોઈને મારે અથવા ભુંડું હીંડે, ત્યારે પિતાનું કાળજું બળે છે, ત્યારે તેને સારી શિખામણ દે. જેથી છોકરાનું ભલું થાય. જ્યારે છોકરો ભુંડા કામ તજી દે, ત્યારે પિતા પ્રસન્ન થાય. આમ જાણીને નારદજીએ શિખામણ દીધી છે. આવા શિવજી મોટા ભગવદીય તેમના કૈલાશમાં આવું ઘટે નહીં, માટે શિખામણ દીધી.

પ્રભુને પામવાના બે માર્ગ છે. એક તો સન્માર્ગ અને બીજો સત્સંગ. સત્સંગમાં સદા પ્રીતિ રાખે, તો પ્રભુ પ્રસન્ન થાય. પણ એ બેમાં એકે નથી. જો સત્ય માર્ગે ચાલે તો પ્રભુની પ્રાપ્તિ કેમ ન થાય? જવું હોય શ્રીરણછોડજી ત્યારે અવળે માર્ગે જાય તો શ્રીરણછોડજીની શી આશા ? પેટલાદથી જવું હોય ડાકોર ને જાય સુણાવ ભણી. પછી શી રીતે ડાકોર પહોંચાય? કોઈ સન્માર્ગે ચાલતું નથી, ને કોઈ સત્સંગ પણ કરતું નથી, કરવા જાય સત્સંગ ને થાય દુઃસંગ. પછી પ્રભુની પ્રાપ્તિ શી રીતે થાય ?

નળ કુબેર ઝાડમાંથી પ્રકટ થયા, તે હવે સ્તુતિ કરે છે, શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ બે વાર કહ્યા. શ્રીનારદજીની કૃપાથી કહે છે, કે સર્વે બ્રહ્માંડમાં તમોજ વ્યાપીને રહો છો, તમો વિના તલમાત્ર છે નહીં. મૂળમાં તમે, સાક્ષીમાં તમે, તંતુમાં તમે, ફુલમાં તમે, સૂક્ષ્મમાં તમે છો, તે તમને દંડવત્ કરું છું, ને તમને આ સ્વરૂપને પણ દંડવત્ કરું છું. જેમ ઘડામાં તમોને ઘડોએ પણ તમો છો, જો આકાશ વિના ઘડો હોય તો કોઈ સ્થાન તમારા વિના હોય, ઘડોએ તમો, પિતા તે તમો, તમારા વિના કોઈ છે નહીં. આ જીવોના અંતર્યામી પણ તમે, ને આત્મા પણ તમે, તમારા વિના કંઈ છે નહીં, પણ જીવ પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી ગયો છે, એ નથી જાણતો કે હું પ્રભુથી જ થયો છું.

વેદની શ્રુતિઓ તો એમ કહે છે કે, 'એકોડહં બહુ સ્યામ્' પણ આ જીવને પૂછીએ કે તું

કોણ? તો કહેશે કે, બ્રાહ્મણ, વાણીઓ, હું કણબી, હું કોળી એવું એને જ્ઞાન છે. આ જાતનું અભિમાન છે, બીજું કશું પણ જાણતો નથી. આ ઘડો આકાશ વિના હોય તો જળ પ્રભુ વિના હોય. ઘડા રૂપે પણ ખરા ને ઘડાની પાસે પણ ખરા. વળી નહીં એ પણ ખરા. આ ઘડો ભાંગે પણ પ્રભુ ભાંગે નહીં. આ જગતનો લય થાય, પણ પ્રભુ એમના એમ રહે. એવા હે પ્રભુ, તમે છો. હવે એવા પ્રભુને કેમ પામીએ? એમની ભક્તિએ પામીએ. બીજી ભક્તિ પામતી નથી, પણ એક દીન થઈ, કંગાલ થઈને, હાથ જોડીને, લાંબા પડીને સાષ્ટાંગ દંડવત્ કરીએ, એમ કરતાં કરતાં કોઈ વેળા પ્રભુ પ્રસન્ન થાય.

આ પ્રમાણે નારદજીની કૃપાએ નળકુબેરે સ્તુતિ કરી. ૭૫

ભક્તિમાર્ગની આચાર–પવિત્રતાતો પ્રભુની સેવા–પ્રસન્નતા માટે છે, પોતાના કલ્યાણના સ્વાર્થની નહિં કે માત્ર પોતાના સ્વાસ્થ્ય માટે પણ નહીં.

આચારથી પવિત્રતા–પૂર્વક પ્રભુની પ્રસન્નતા–ભક્તિ માર્ગમાં અભિપ્રેત છે. ‘યોગસૂત્ર’માં – ‘શૌચાત્સ્વાંગ જાુગુપ્સા પરૈરસંસર્ગઃ।’ (૨–૪૦) સૂત્ર છે. પવિત્રતાથી પોતાના શરીરમાં (મલાદિ–ભાનથી) ઘૃણા થાય છે. શરીર અપવિત્ર લાગે છે. તેમાં આગ્રહ રહેતો નથી, તેનાથી બીજા શરીરધારીઓ સાથે સંસર્ગ છૂટે છે. યોગ તો ચિત્તવૃત્તિ નિરોધ માટે છે; આસનોથી દેહ–દ્રઢતા તો આધુનિક ‘યોગા’ ની અપકવ બોલબાલા છે. આવો દેહમાં ઘૃણાસ્પદ દ્રષ્ટિકોણ ભક્તિમાર્ગમાં તો નથી.

દેહ તો દેવ માટે છે, દેહ તો પ્રથમ–ધર્મસાધન છે. ‘શરીરમાદ્યં ખલુ ધર્મ–સાધનમ્’ પણ કહે છે. દેહ ધર્મ માટે, ધર્મ પ્રભુ–પ્રસન્નતા માટે; આ છે– ભક્તિમાર્ગનો દ્રષ્ટિકોણ ! દેહ ધર્મ માટે, ધર્મ મોક્ષ (કલ્યાણ) માટે; આ છે શાસ્ત્રમાર્ગનો દ્રષ્ટિકોણ ! ઘણા લોકો આચારાદિથી શુદ્ધિ થાય, શરીર સ્વસ્થ રહે– વગેરે કલ્પે છે. ઘણા લોકો ધર્મથી પુણ્યાદિ થાય, તેનાથી આ લોક–પરલોકમાં સુખ–શાંતિ મળે, તેમ ઈચ્છીને ધર્માચરણ કરે છે. ‘ધર્માદર્થશ્ચકામશ્ચ’– આ દ્રષ્ટિકોણ ‘મહાભારત’માં વ્યાસજીનો પણ હતો. –ધર્મથી અર્થ અને કામ સિદ્ધ થાય છે.

નારદજીના દર્શાવેલા પ્રભુ–આદેશ પછી અભિપ્રાય બદલાયો– ધર્મથી મોક્ષ કહ્યો. ઘણા–ઓછા લોકો જ ધર્મથી મોક્ષ માટે મથે છે. ‘ધર્મસ્યહ્યાપવર્ગ્યસ્ય’ શ્રીભાગવત(૧–૨–૯) માં તે દ્રષ્ટિકોણ બદલાઈ ગયો છે! ધર્મ મોક્ષ–સંબંધી છે, ધર્મથી મોક્ષ મળે, મોક્ષ માટે ધર્માચરણ છે, અર્થથી ધર્મ સંભવે છે. ધર્મથી અર્થ નહીં.

ધર્મથી અર્થ કે કામ–સંપાદન તો અશાંતિ જ દે છે. પ્રભુમાં પ્રીતિ ન કરાવતો ધર્મ તો માત્ર શ્રમ જ છે. કદાચ તેવા ધર્મથી પૈસા–પ્રતિષ્ઠા–વગેરે લૌકિક–પારલૌકિક–ફલ ખૂબ મળવા છતાં છેવટે તો પુનર્જન્મ લઈને આથડવું જ પડે છે. જેનાથી ઈન્દ્રિયોથી પર પ્રભુમાં ભક્તિ

થાય, તેજ માનવનો પરમધર્મ છે. આ ભક્તિ (શ્રદ્ધા) કોઈ કારણ (ફલેચ્છા) વગરની અને કોઈથી—ક્યાંય—ક્યારેય અટકે નહિં તેવી હોય; જે ભક્તિથી આત્મા—પરમાત્મા સારી રીતે પ્રસન્ન થાય છે. આ નિશ્ચિત છે.

ધાર્મિક વ્યક્તિ (ભક્ત) તો જ્ઞાની કે કર્મી ન હોય, બુદ્ધિજીવી ન હોય તો ચાલે; શ્રદ્ધા—સ્નેહ—જીવી તો જોઈએ જ ! ‘સવૈ પુસાં પરો ધર્મોયતો ભક્તિરધોક્ષજે ! અહૈતુક્યપ્રતિહતા યયાઽઽત્મા સુપ્રસીદતિ।।’ શ્રીભાગવત (૧—૨—૫) બધા ધર્માચારો છેવટે તો પવિત્રતા માટે જ નહીં, તે પવિત્રતાથી છેવટે તો ભગવાનની ભક્તિ—સેવા—પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે જ છે.

ધર્માચરણથી પ્રાપ્ત થતી શુદ્ધિ પણ બે પ્રકારની છે. (૧) દોષ દૂર કરનારી (૨) ગુણ પ્રાપ્ત કરનારી. ભગવત્સંબંધથી દોષનિવૃત્તિંપૂર્વક ગુણ પ્રાપ્તિ ઉચિત છે. ‘શુદ્ધિર્દ્વિવિધા દોષનિર્હરણાત્મિકા ગુણાધાનકર્ત્રીચ, ભગવત્સંબંધાત્ દોષનિવૃત્તિ—પૂર્વક—ગુણાધાનમુચિતમેવા’ —શ્રીસુબોધિની (૧૦—૩૮—૨૭). ભગવત્સંબંધ— ‘બ્રહ્મસંબંધ’ જ આવી શુદ્ધિ—પવિત્રતાનું સંપાદન કરે છે. આવા શુદ્ધોથી જ ભગવત્સેવા સંભવે છે.

‘ન તિથિર્ન ચ નક્ષત્રં ન માસાદિ— વિચારણા । દીક્ષાયાઃ કારણં તત્ર સ્વેચ્છા—પ્રાપ્તે ચ સદ્‌ગુરૌ ।।’— ‘મહાકૂલ—પ્રસૂતોઽપિ સર્વયજ્ઞેષુ દીક્ષિતઃ । સહસ્ત્રશાખાધ્યાયી ચ ન ગુરુઃ સ્યાદવૈષ્ણવઃ ।।’ નક્ષત્ર—માસાદિ—વિચાર દીક્ષામાં કારણ નથી, તેમાં કારણ છે, સ્વેચ્છા અને સદ્‌ગુરૂની પ્રાપ્તિ ! પૂજ્ય—કૂલમાં જન્મેલ, સર્વ યજ્ઞોમાં દીક્ષિત, વેદની હજાર શાખાઓનું અધ્યયન કરનાર હોવા છતાં પણ વૈષ્ણવ ન હોય તો તે ગુરૂ ન થાય. સ્વસંપ્રદાયમાં ગુરૂત્વ શ્રીમહાપ્રભુમાં છે; તેમના કૃષ્ણ સેવાપરાયણ, દંભાદિ—રહિત, પુરૂષ, શ્રીભાગવત—તત્ત્વજ્ઞ, વંશજનું દ્વારત્વ.

‘ભગવત્સેવા—યોગ્ય તન—મનની શુદ્ધિ— પવિત્રતા— માટેના મુખ્ય આચાર છે—અસમર્પિત વસ્તુનો ત્યાગ !

‘જેવું અન્ન તેવું મન’— લોકોક્તિ છે. તેમાં છે તો વેદની છાયા. ‘અન્ન મશિતં ત્રેધા વિધીયતે તસ્ય યઃ સ્થવિષ્ઠો ધાતુસ્તત્પુરીષં ભવતિ યો મધ્યમસ્તન્માંસં યોઽણિષ્ઠસ્તન્મનઃ ।’ —છાંદોગ્ય (૬—૫—૧) ખાધેલું અન્ન ત્રણ પ્રકારે (વિભક્ત) થાય છે, તેનો જે સ્થૂલ ધાતુ તે મલ બને છે; જે મધ્યમ છે તે માંસ બને છે, જે સૂક્ષ્મ (અણુ જેવો) ભાગ છે તે મન બને છે. આમ જ, પીધેલા જલનો સ્થૂલ ભાગ મૂત્ર, મધ્યમ લોહી અને સૂક્ષ્મ પ્રાણ બને છે. ખાધેલા તેજઃ (ઘી)વગેરેનો સ્થૂલ ભાગ અસ્થિ, મધ્યમ મજ્જા અને સૂક્ષ્મ વાણી બને છે. મન અન્નમય છે. પ્રાણ જલમય છે અને વાણી તેજોમયી છે. ‘આહાર—શુદ્ધૌ સત્ત્વશુદ્ધિ । સત્ત્વશુદ્ધૌ ધ્રુવા સ્મૃતિઃ સ્મૃતિલંભે સર્વગ્રંથીનાં વિપ્રમોક્ષઃ ।’ છાંદોગ્ય (૭—૨૬—૨), આહારશુદ્ધિ થતાં સત્ત્વશુદ્ધિ થાય છે. આ સ્મૃતિ—લાભથી બધી ગ્રંથીઓ (બંધનો) છૂટે છે. આમ, આહારશુદ્ધિ મહત્વની છે.

આમ, અન્ન શુદ્ધ હોય તો મન શુદ્ધ બને. બજારનું ખાય તેનું મન બજારું થાય. ઘરનું

ખાય તેનું મન ઘરનું થાય. પ્રભુ–સંબંધી પ્રસાદી ખાય, તેનું મન પ્રભુ–સંબંધી થાય; જેમ શેરીના જલ ગંગાજલ પ્રવાહમાં મળે તો બધાં ગંગાજલ જ ગણાય. પોતાના પ્રભુને સમર્પિત વસ્તુઓના ઉપયોગથી તન–મન પ્રભુયોગ્ય–નિર્દોષ રહે છે. અસમર્પિતના ઉપયોગથી તો બ્રહ્મસંબંધ લેતાં ગયેલા દોષો પુનઃ પાછા આવે છે, સેવામાં બાધક બને છે. અહીં માત્ર ખાન–પાનાદિની વસ્તુઓનું જ સમર્પણ નથી કહેલું, પરંતુ જીવનવ્યવહારમાં ઉપયોગમાં લેવાની સઘળી વસ્તુઓ યથાયોગ્ય વિવેકપૂર્વક પ્રભુને સમર્પણ કરીને જ, આત્મનિવેદન કરનારે તો, ઉપયોગમાં લેવની હોય. પ્રસાદી વસ્તુ પધરાવીને કે અન્ય પ્રકારે પ્રસાદી બનાવી લેવું પણ ગૌણ છે, આપદ્ધર્મ છે. અસમર્પિત વસ્તુત્યાગ મુખ્ય છે. સમર્પિતમાંથી તો પોતાના સ્વાસ્થ્યને અનુકૂલ હોય તેવું–તેટલું–ત્યારે લઈ શકાય, પરંતુ અસમર્પિતનો તો ત્યાગ જ થાય. આમ 'સિદ્ધાન્ત રહસ્ય'માં સ્પષ્ટ કહેલું છે.

આજે તો બજાર–હોટેલ–લારીમાં ગમે તે ગમે ત્યાં ગમે ત્યારે ખાવામાં સ્વાભાવિકતા લાગે છે. ભોજન સમારંભોમાં પણ પહેલાનાં સમયમાં તો પ્રસાદી કરીને પીરસાતું, અત્યારે તો પ્રાયઃ ફરવું અને ચરવું (બુફે–પશુ ભોજન)ની બોલબાલા છે. લૌકિક વ્યવહારની મુખ્યતાવાળાઓ માટે તે ભલે યોગ્ય હોય; વૈદિક વ્યવહારવાળાઓ અને ભગવન્માર્ગીય (પુષ્ટિ–ભક્તિ) વ્યવહારવાળાઓ માટે તો તેવું બધું સર્વથા ત્યાજ્ય છે. પ્રભુસંબંધી સમર્પિત વસ્તુઓના ઉપયોગથી જીવન–તન–મન પ્રભુ–સેવા યોગ્ય રહે છે. આજ્ઞાનુસાર, મિશ્રી–દૂધ–મેવો–દૂધઘર–નાગરી– અનસખડી– સખડી ગમે તે કરી ધરો, પરંતુ ધરો તેમાંથી પેટ ભરી ! બીજું કાંઈ ન લો ! આ સરલ આચાર છે.

[પુષ્ટિ–પુલિનમાંથી સાભાર]

જરા વિચારો - અજાણતા અપરાધ તો નથી કરતાં ?

પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણ- અને વિજ્ઞાને શોધેલ–હાનીકારક વસ્તુઓનો ઉપયોગ અનેક મૂંગા પશુઓને બીમાર અને મૃત્યુના મુખમાં ધકેલે છે.

પોલીથીન કોથળીઓનો બેફામ ઉપયોગ કરવાથી- વિશેષતઃ ખાદ્ય પદાર્થોવાળી ખાલી કોથળીઓ ફેંકી દેવાથી બીચારા મૂંગા પ્રાણીઓ- આપણી હિન્દુઓની પૂજ્ય ગોમાતાઓ તેમાં ચોંટેલ પદાર્થ ખાવા જતાં આવી કોથળીઓ ખાઈ જાય છે અને તે તેનાં જઠરમાં અટકીને માંદગી અને મૃત્યુને નોંતરે છે.

પોલીથીન કોથળીઓનો દુરૂપયોગ બંધ કરો.

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

ધ્યાન મૂળરૂપ શ્રીગુરૂ, પૂજનનું મૂળ ગુરૂપાય;
મંત્ર મૂળ ગુરૂવાક્ય છે, મૂળ મોક્ષનું ગુરૂકૃપાય.
ગુરૂકૃપા વાંછિત ફળ થાય, હરિ રૂઠે તો ગુરૂ કરે સહાય;
ગુરૂ કોપે ક્યાંય નહીં ઠેકાણું, અધિક આચાર્યથી કો નવ જાણુ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૬૭)

વિવેચન : ચંદ્રાવળા ૬૭–૬૮ બંનેમાં ગુરૂનો મહિમા બતાવ્યો છે. વૃક્ષની ઉપમા આપીને જણાવ્યું છે, ધ્યાન મૂળરૂપે શ્રીગુરૂ જેવી રીતે વૃક્ષનો આરંભ મૂળથી જ થાય છે, જ્યાં સુધી મૂળ સુદઢ નથી, ત્યાં સુધી વૃક્ષ સુદંઢ નથી. જેમ મૂળ દ્રઢ બન્યા પછી જ વિશાળ વૃક્ષ બને છે ને ફળ ફુલ આપે છે, બીજાને છાંયડો પણ આપે છે. પરંતુ મૂળ જ જો કમજોર હોય તો વૃક્ષ ઉખડી પડે છે, તેનો નાશ જ થાય છે. માટે જ ભક્તિ માર્ગમાં પ્રવેશ કરવા સ્થિર થવામાં ગુરૂ મૂળ રૂપે છે. પ્રથમ ગુરૂદેવનાં ચરણારવિંદનું (પુજન) સેવન કરવાથી જ ગોવિંદની પ્રાપ્તિ કરવા સરળ રસ્તો મળે છે.

મંત્ર મુળ ગુરૂવાક્ય–

જમીનમાં બીજ રોપાય ત્યારે જ ત્યાં વૃક્ષ ઉગે, તેમ બીજ મંત્ર શ્રીગુરૂદેવને શરણે જઈ શ્રીકૃષ્ણઃ શરણં મમ, આ શરણ મંત્ર ગુરૂએ આપેલો તેને સર્વસ્વ માની, રક્ષણ કરવાથી બીજ સુદ્રઢ બનશે. તેને ભાવરૂપી જળ સીંચવાથી તે વિશાળ વૃક્ષ બનીને ફળરૂપે ભગવદ્ પ્રાપ્તિ કરાવશે. ભગવદ્ પ્રાપ્તિનું મુળ ગુરૂ કૃપા જ છે. ગુરૂ કૃપા થાય ત્યાર પછી ગોવિંદને પ્રાપ્ત કરવાનું કામ સરળ બને છે. ગુરૂથી જ અજ્ઞાનરૂપી અંધારૂ દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશની પ્રાપ્તિ થાય છે.

અજ્ઞાન તિમિરાંધસ્ય જ્ઞાનાંજન શલાકયા
ચક્ષુરુન્ન મિલિતં યેન તસ્મૈ શ્રીગુરૂવે નમઃ

ગુરૂ વંદના આ શ્લોકમાં કરી છે. સર્વપ્રથમ ગુરૂને નમન કરી, બીજા કાર્યો કરવા. જેમ કે ગ્રંથલેખન, સંગીતકળા કે ભક્તિ, દરેકમાં પોતાનાં ગુરૂની વંદના કરી કાર્ય કરાય તો ગુરૂ સિદ્ધ કરાવશે. આ ભાવના રાખવી. જેમણે અજ્ઞાનરૂપી અંધકારથી બીડાયેલા નેત્રો જ્ઞાનરૂપી આંજન શલાકાથી આંજીને નેત્રો ઉઘાડયા છે, એવા ગુરૂને નમન કરું છું. આરંભેલા કાર્ય ગુરૂકૃપાથી પરિપૂર્ણ થાય છે આવું સમજીને જ ગુરૂને શ્રેષ્ઠ માન્યા છે.

કદાચ ભગવાન પણ રીસાઈ જાય તો ગુરૂ મનાવે પરંતુ ગુરૂ જો રૂઠે તો કોઈ ઉગારવાવાળું

નથી. માટે ગુરૂનું મહત્વ સમજીને ગુરૂની સેવા કરી તેમની પ્રસન્નતા જાળવવી, કૃપાપાત્ર બનવું.

ઉદાહરણ– દેવજો મનુજો વાપિ ગુરૂ દોષં વિચારયેત્
અવશ્ય રૌરવં યાતિ કલ્પ કોટી શનૈરપિ

આ શ્લોક સમજાવે છે કે ગુરૂનો દોષ જોવો નહીં. દેવ હોય કે મનુષ્ય હોય, કોઈપણ વ્યક્તિ હોય, તે જો ગુરૂનાં દોષ જુએ, તો તે રૌરવ નામના નર્કમાં પડે છે. ત્યાં અનંત વર્ષો સુધી દુઃખ ભોગવે છે.

ગુરૂકૃપાથી જ ભક્તિ ફળીભૂત થાય છે. આ વસ્તુ અનેક અનુભવોથી અનેક શાસ્ત્રોક્ત પુરાવાથી સિદ્ધ થયેલ છે, તેમાં સંદેહનુ કારણ જ નથી. શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી વારંવાર આ વાક્યોને દોહરાવે છે કે, શ્રીમદ્ આચાર્યચરણનાં યુગલ ચરણનો આશ્રય રાખવો.

શિક્ષાપત્ર ૧ લું શ્લોક ૨૪ મો.

સર્વથા શુદ્ધ ભાવનાં સ્વકૃતાનાં કૃપાલુંના
સર્વ શ્રીવલ્લભાચાર્ય પ્રસાદેન ભવિષ્યતિ

આ અગાઉ ૨૩મા શ્લોક સુધી પુષ્ટિ જીવનું કર્તવ્ય બતાવ્યું હતું. અને આ ૨૪ મા શ્લોકમાં આજ્ઞા કરે છે કે ઉપર જે જે કર્તવ્યો બતાવ્યા તે મુજબ કરવું. શ્રીમહાપ્રભુજીની કૃપાથી સર્વકાર્ય સિદ્ધ થશે.

તત્ત્વદીપ નિબંધ–

કૃષ્ણ સેવા પરં વિક્ષ્ય દંભાદી રહિતં નરં
શ્રીભાગવત તત્વજ્ઞં ભજે જીજ્ઞાસુ રાદરાત્

આ શ્લોકમાં ગુરૂ કેવા જોઈએ, કેને કરવા, તે વિચાર કરીને જ કરવા, આમા ગુરૂનાં લક્ષણો બતાવ્યા છે.

જે નિત્ય ભગવાન શ્રીકૃષ્ણની સેવામાં સંલગ્ન રહેતો હોય, જેનામાં દંભ આદી પ્રપંચ ન હોય અને શ્રીમદ્ ભાગવતનાં તત્ત્વને જાણકાર હોય, આપ સેવા કરે અને બીજાને કરવાનો ઉપદેશ આપે, સાત્વિક આહાર કરતો હોય, નિર્મળ ભાવ રાખી શ્રીકૃષ્ણની સેવામાં સુખ માનતો હોય, સેવા સ્વયં કરે અને સેવકોને સેવા કરવા ઉત્સાહિત કરે, માર્ગનું રહસ્ય સમજાવી પ્રભુ પરાયણ બનાવે, આવું પાત્ર જોઈને ગુરૂ કરવા. જેમકે કૃષ્ણ સેવા સદા કાર્યા માનસી સા પરામતા, તે મુજબ સેવાનું રહસ્ય છે તે સેવકોને સમજાવે કે સેવા સદા કરવી. તનુજા, વિત્તજા ત્યારપછી માનસી તે સર્વોપરી છે.

ઉપર મુજબ પ્રમાણોથી આવા મહાનુભાવિ ગુરૂ પોતે સેવા કરી સેવકોને તેજ રસ્તે દોરી જનારા, ભક્તો સહિત ભગવદ્ પ્રાપ્તિ કરે છે, કરાવે છે. આ કારણથી જ ગુરૂ ભક્તિને શ્રેષ્ઠ બતાવી છે. જીજ્ઞાસુઓ આ વાતનો તત્વ જાણીને ગુરુને આધિન બની, તેમની કૃપાથી પોતાનું જીવન ધન્ય બનાવે છે. ગુરૂ ગોવિંદની પ્રાપ્તિ કરાવે માટેજ ગુરૂથી અધિક બીજાને ન માનવા. આ તત્ત્વ સમજાવીને કવિ કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૬૭)

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

– ગતાંકથી ચાલુ

વિદ્યાનગરથી આપ યાત્રા કરવા તથા સમસ્ત ભારતવર્ષમાં આપના બ્રહ્મવાદનું સ્થાપન કરવા માટે વિદાય થયા તે સમયે દક્ષિણ પ્રદેશ વિદ્વાનોનું સ્થાન ગણાતું હતું. તેથી ત્યાં પહેલા જઈને દિગ્વિજય કરવાનો નિશ્ચય કર્યો. દક્ષિણમાં આપને ઘણા પ્રકારના વાદી મળ્યા. અને બધાયની પાસેથી આપને એક પછી એક નવી વાતો પણ મળી. વિદ્યાનગરથી લઈને દક્ષિણયાત્રા સુધીમાં આપને જે વાદીઓ મળ્યા તેમાં રામાનુજ, યોગી, કાપાલિક, શૈવ, રામાનંદી, વીર, વૈષ્ણવ, માયાવાદી, માહેશ્વર, વૈરાગી તે મુખ્ય હતા. તે બધાયના મત ખુબજ વિચિત્ર હતા. અને કોઈ કોઈ તો પોતાની પ્રકૃતિથી જ ઘણા વિચિત્ર અને દુષ્ટ હતા. વાદમાં હાર થતી ત્યારે તેઓ શારિરીક વિજય પ્રાપ્ત કરવાની ઈચ્છાઓ ધરાવતાં હતા. ઘણાએ તો શ્રીમહાપ્રભુજીને શારિરીક હાની પહોંચાડવાનું પણ વિચાર્યુ હતું. પરંતુ આપનું અલૌકિક સામર્થ્ય અને બળથી બધાય હારી ગયા. આપે સમસ્ત દક્ષિણમાં વિજયી બનીને ત્યાં આપના બ્રહ્મવાદની સ્થાપના કરી.

દક્ષિણ છોડીને શ્રીમદાચાર્યચરણ પંઢરપુર થઈને ગોકુલ પધાર્યા. માર્ગમાં આપે ઘટ સરસ્વતીને હરાવ્યો. ઘટ સરસ્વતી માટે કહેવાતું હતું કે તેણે સરસ્વતીને પોતાને વશ રાખી છે. પરંતુ તે શ્રીમહાપ્રભુજીથી હારીને ભાગી છુટયો.

શ્રીગોકુલને યોગ્ય સ્થાન ગણીને આપે ત્યાં રહેવાનો નિશ્ચય કર્યો અને ત્યાં જ આપે શુદ્ધ પુષ્ટિ ભક્તિ અર્થાત્ નિર્ગુણ પુષ્ટિમાર્ગની સ્થાપના કરી. આપની પાસે સૌપ્રથમ દિક્ષા (બ્રહ્મસંબંધ) પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય શ્રીદામોદરદાસ હરસાનીને થયું હતું અને ત્યારપછી પ્રભુદાસ જલોટાને થયું હતું.

પરંતુ વિશ્રામ લેવાનો સમય જ ક્યાં હતો? આપને હજુ ઘણા જ કાર્યો કરવાના હતા. પુષ્ટિમાર્ગને ભારતભરમાં સન્માર્ગીય કરવો એ કોઈ સાધારણ વાત ન હતી. તેથી આપ ભારતવર્ષમાં ફરી વખત પર્યટન કરવા નીકળ્યા. સમસ્ત ભારતવર્ષમાં, કન્યાકુમારીથી લઈને હિમાલય સુધી અને અટક થી કટક સુધી ત્રણવાર ખુલ્લે પગે ચાલીને બ્રહ્મવાદનો ઉપદેશ કર્યો. આ પરિશ્રમપૂર્ણ પર્યટનમાં આપ દરેક સ્થાનોમાં વિદ્વાનોની સભા બોલાવતાં અને બ્રહ્મવાદનું સ્થાપન કરતાં. અનેક પ્રત્યેક સ્થાન ઉપર પ્રભુ પ્રીત્યર્થ શ્રીમદ્ ભાગવત પારાયણ કરેલ, તથા જનતાને સ્વતંત્ર ઉપદેશ દઈ બ્રહ્મવાદ પર મુગ્ધ કરી આપની અનુયાયીની બનાવી હતી. આ

કાર્યમાં આપે આપના અનેક વર્ષ વ્યતીત કર્યા. આટલો પરિશ્રમ કર્યો હતો ત્યારે આપને સફળતા મળી હતી. કાર્યકર્તાઓએ આપના આ અપૂર્વ પરિશ્રમમાંથી શિક્ષા ગ્રહણ કરવી જોઈએ. જે લોકો ઈચ્છતા હોય કે પરિશ્રમ વગર જ અમે આપના પૂર્વ ગૌરવને જાળવી રાખીયે– તેમણે શ્રીમહાપ્રભુજીના ચરિત્રથી શિક્ષા ગ્રહણ કરવી જોઈએ. અર્થાત્ જ્યારે આપ આપના કાર્યથી નિશ્ચિંત થઈને જ્યારે સર્વત્ર આપના બ્રહ્મવાદનો ફેલાવો કર્યો ત્યારપછી આપ ગૃહસ્થી થયા. વિવાહ થયા બાદ પણ જે કાર્ય સંપાદન કરવા માટે આપે અવતાર ધારણ કર્યો હતો તે કાર્ય ચાલું જ રાખ્યું. વિવાહ થયા પછી પણ આપે આપના માર્ગને પ્રકાશિત કરતાં ઘણાં ગ્રંથો પ્રગટ કર્યા હતા. ક્યારેક ક્યારેક ઉપદેશ દેવાના હેતુથી આપ બહાર નીકળી જતાં અને લોકોને અમૃતતુલ્ય વાણીથી ઉપદેશ આપી કૃતાર્થ કરતા. આપે આપના જીવનનો ઘણોખરો સમય ગયા, બનારસ, ચરણાટ તથા અડેલ નામનાં સુંદર ગામોમાં ગાળ્યો હતો. આપની રહેણી કરણી ખુબજ સાદગીભરી અને અનુકરણીય હતી. આપ આખો દિવસ ભગવાનની પરીચર્યામાંજ વિતાવતા. તેમાંથી જે સમય બાકી રહેતો તે શાસ્ત્રોની ટીકામાં વ્યતિત કરતા. ભગવાનમાં આપની પૂર્ણ ભક્તિ અને નિષ્ઠા હતી. આપને અહંકાર તો સ્પર્શી જ શક્યો ન હતો. આપ સર્વત્ર સમાનભાવ રાખવાવાળા હતા. અને લોકો ઉપર અસીમ દયાની વૃષ્ટિ કરવાવાળા હતા. જ્યાં જ્યાં આપ બોધ આપતા ત્યાં લોકો તેમના વચનો ઉપર મુગ્ધ થઈ તે ક્ષણે જ તેમના અનુયાયી થઈ જતાં. જેમ મેસ્મેરીઝમ કે જાદુથી લોકો વશ થઈ જાય છે, તે પ્રકારે આપની વાણી સાંભળી લોકો મોહિત થઈ જતા. આપ આચરણશીલ ગુરૂ અને આચાર્ય હતા.

ભક્તિમય અત્યંત સરળ જીવન વ્યતિત કરીને, અને અસીમ કીર્તિનો ઉપભોગ કરીને તેમજ આપની પાછળ આપ ચીર કાલ અને સત્ય કીર્તિને છોડીને શ્રીમદાચાર્યચરણે બાવન વર્ષની ઉંમરે આ ભૂતલ છોડયું. ધર્મના વિષયમાં જે જે કાંઈ પરમ તત્ત્વ હતું, તત્ત્વવિદ્યાના વિષયમાં જે કાંઈ ઉત્તમોત્તમ વિદ્યા હતી અને ભક્તિ શાસ્ત્રના વિષયમાં જે કંઈ મૂલ્યવાન વસ્તુઓ હતી, એ બધાનો બોધ આપીને મહાપ્રભુ અન્તર્હિત થયા. નંદનવનનું પારિજાત પુષ્પ માનો કે ખરી પડયું. સમૃદ્ધિવાન હીરારત્નના વેપારી પાસેથી જાણે કે તેનું સૌથી પ્રિય રત્ન કોણ લઈ ગયું? અથવા માનો કે વિશાલ અને મધુર બાગમાંથી કોયલ પોતાનો મોહક સ્વર છોડીને બાગને સૂનો કરીને ઉડી ગઈ!

શ્રીમહાપ્રભુએ જે સમયે ભૂતલ છોડયું તેનું વર્ણન જોઈએ. એક પશ્ચિમી વિદ્વાને નીચે મુજબ કર્યુ છે. ડૉકટર વિલ્સન લખે છે– 'પોતાના અવતારના હેતુઓને પૂર્ણ કરીને શ્રીમદ્વલ્લભાચાર્યજી એ કાશીમાં હનુમાન ઘાટ ઉપર શ્રીગંગાજીમાં પ્રવેશ કર્યો. પાણીમાં ઉતરતાં ઉતરતાં ઉતરતાં આપ એટલા ઉતરી ગયા કે છેવટે જલે આપને અદ્રશ્ય કરી દીધા. જલના જે ભાગમાં આપે પ્રવેશ કર્યો હતો તે ભાગ ઉપર એક તેજસ્વી જ્વાળાસ્તંભ દ્રષ્ટિગોચર થયો. અને હજારો મનુષ્યોનાં આશ્ચર્ય વચ્ચે શ્રીમદાચાર્યચરણે તે જ્વાલાસ્તંભ દ્વારા વૈકુંઠ પ્રતિ પ્રયાણ કર્યુ. અને આકાશમાં ઉંચે જતાં જતાં અદ્રશ્ય થઈ ગયા.'

—ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–માધુરી, રાજકોટ

પદ ૬૯

શ્રીયમુને વિનતી યહ મેરી;
કૃપા તુમ્હારી'પાઈ મતિ મેરી હોઈ શ્રીહરિ કી ચેરી. ૧
પરિ પૂરણતમ પુરૂષનંદસુત ગુન અનંત આભૂષણ;
શિવ અજ દેવ નમત ઘનશ્યામહિ હરન સકલભવદૂષણ. ૨
ધ્રુવ થાપ્યો ધ્રુવ પરાસર હિ સુત વ્યાસ ભાગવત દીનો;
શુદ્ધ પુષ્ટિ મથુરામંડલ મેં સદા વાસ પ્રણ કીનો. ૩
ગોપી ગોપનિકરિ નિતસેવિત સહજ સુમંગલ દાની;
'બલ્લભ' શ્રીગોપીશ સિંધુ સોં મિલિ યમુના પટરાણી. ૪

ભાવાર્થ: હે મા ! પરદુઃખ ભંજની, અશરણ શરણ મારા ઉપર આપની કૃપા થાય તો જ હું મારી બુદ્ધિને સ્થિર કરી શકું અને પ્રભુની દાસી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય. નંદનંદન, યશોદાજીની ગોદમાં ખેલવાવાળા પૂર્ણ પુરૂષોત્તમ જેમનાં અગણિત ગુણોના જેમણે આભૂષણ ધારણ કરેલા છે, એવા આપની કૃપા સિવાય મારા માટે બીજું કોઈ સાધન નથી.

અગાઉ શિવજી, બ્રહ્માજી , બીજા અનેક દેવોએ આપનો આશ્રય કરીને ઈચ્છિત ફળ પ્રાપ્ત કરેલ છે, ધ્રુવજીને અચળ સ્થાન પ્રાપ્ત કરાવ્યું છે. તેણે આપને જ સહારે તપશ્ચર્યા કરી હતી. વળી પરાશર મુનિ, વ્યાસજી, શુકદેવજીને શ્રીમદ્ ભાગવતનું જ્ઞાન પ્રાપ્ત કરાવેલ છે.

સુંદર મથુરા મંડલમાં સદા નિવાસ કરીને રહેવાનું પ્રણ કરેલ હોય, ગોપ–ગોપીજનનાં પ્રાણપતિ એવા સીંધુ (સાગર)થી મળેલા જળરૂપી પ્રવાહ જેમ સાગરમાં મળે છે, તેમ તે ભક્તોને આપના પ્રાણપતિ જે ગોપીશ છે તેમને પ્રાપ્ત કરાવેલ છે, તેથી દાસી વલ્લભ આપની વિનતી કરીને નમન કરીને આપની પાસેથી પ્રાણપતિનું દાસત્વ માગે છે– આવી વિનંતી મારી સાંભળો. ૬૯

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ૫૦૧/– ગો.વા. દેવકોરબેન મુળજીભાઈ દાવડા મુંબઈના જય શ્રીકૃષ્ણ.
૨. ૫૦૧/– ગો.વા.અ.સૌ વજીબેન શંભુભાઈ લાખાણી અમદાવાદના ભગવત્સ્મરણ.
હસ્તે વી. એસ.લાખાણી, ડોમ્બીવલી

ગો. શ્રીહરિરાયજી કૃત

દાન લીલા

લેખક : પ.ભ. જેઠાલાલ છો. શાહ 'ઊર્મિલ' સાવલી

પુષ્ટિ પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણે જીવોની પોતાનામાં આસક્તિ કરાવવાના એકમાત્ર હેતુથી જ દાનલીલા, માનલીલા, રાસલીલા વગેરે લીલાઓની યોજના કરી હતી. શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીએ એ લીલાઓને નિરોધ નામ આપ્યું છે. અનેક ગ્રંથોના પ્રણેતા મહાનુભાવ ગો. શ્રીહરિરાયજી મહાપ્રભુજીએ 'રસિક' કવિ છાપથી વ્રજભાષામાં અસંખ્ય કાવ્યોની રચના કરી છે. તેમાં 'દાનલીલા' તેમની પ્રસિદ્ધ કૃતિ છે. ગો. શ્રીવ્રજરાયજીએ એમની એ કૃતિ ઉપર સંસ્કૃતમાં વિશદ્ ટીકા લખી છે. દાનલીલાનો પ્રારંભ ભાદરવા સુદ ૧૧ થી થાય છે. અને અમાસ પર્યંત ચાલે છે. દૂધ શ્રીસ્વામિનીજીનું અધરામૃત છે તો દહીં શ્રીચંદ્રાવલીજીનું અધરામૃત છે. દાન એકાદશીને દિવસે રાજભોગમાં—દાનમાં તેથી જ દહીં ધરવામાં આવે છે. દાનલીલામાં શ્રીચંદ્રાવલીજીની પણ મુખ્યતા છે.

શ્રીહરિરાયજીની દાનલીલામાં ગ્વાલિનીના વચનો 'મોહન ! જાન દે' આ સમ ઉપર અને શ્રીઠાકોરજીનાં વચનો 'નાગરી દાન દે' આ સમ પર અટકે છે. કેવી અદાથી કવિશ્રી પોતાની મનહર કૃતિનો પ્રારંભ કરે છે!

તુમ નંદરમહર કે લાલ, મોહન! જાન દે.
રાની જશુમતિપ્રાન આધાર, મોહન! જાન દે.
શ્રીગોવર્ધનકી સિખરતે, મોહન દીની ટેર;
અંતરંગસોં કહત હૈ—સબ ગ્વાલિન રાખો ઘેર.
નાગરી ! દાન દે.

ગિરિરાજજી શ્રીગોવર્ધનના શિખર ઉપરથી વ્રજેશ્વર એવા નંદનંદન શ્રીકૃષ્ણ નિજ અંતરંગ સખાઓને વ્રજસુંદરીઓને ઘેરી લેવાનો આદેશ આપ્યો પણ એ તો વ્રજની ગ્વાલિનીઓ શેડ કઢુ ધારોષ્ણ દૂધ અને તાજું તાજું દધિ માખણ આરોગીને મદભર બની રહેલી એ ગોવાલણીઓ આગળ બિચારા સખાઓનું શું ગજું ? હારી થાકીને તેઓ લાલાને પોકારી રહ્યા.

ગ્વાલિન રોકી ના રહૈં, ગ્વાલ રહે પચિહારિ,
અહો ગિરિધારી ! ઘૈરિયો સો કહ્યો ન માનતિ ગ્વારિ
નાગરી ! દાન દે.

લીલાવતારીને હાથતાળી આપીને એ મદમાતી ગોવાલણીઓ ઘણી વખત છટકી ગઈ હતી. આજે કૃષ્ણના આદેશાનુસાર સખાઓએ એ સૌને ઘેરી તો લીધી પણ ફરમાવાયેલી મના ને અવગણીને તેમણે સૌએ તો ચાલવા જ માંડયું. લાચાર સખાઓ પોકારી રહ્યા—હે ગિરિધારી, દોડજો. આ ગોપીઓ અમને ગાંઠતી નથી.

ભક્તોની ઈચ્છિત અભિલાષાઓને નિજકમનીય કૃપાથી પરિપુર્ણ કરનાર ભક્તવત્સલકૃષ્ણ દોડતા આવી પહોંચ્યા અને પ્રધાન ગ્વાલિનીનો અંચલ ગ્રહી લીધો. અને

પછી....કવિશ્રીની પ્રતિભા ખીલી ઉઠે છે. સ્વાભાવિક ભાવનાઓના જીવંત અંતસ્તલને અલંકૃત કરે એવું ચિત્ર અંકિત કરવામાંજ કળાકારની પ્રતિભા અને તેની ઉત્કૃષ્ટતાની પ્રતીતિ થાય છે. રસિક કવિવર એવું ઉત્કૃષ્ટ ચિત્ર રજુ કરે છે–

એક ભુજા કંકન ગહ્યો, એક ભુજાસોં ચીર,
દાન લૈન ઠાડે ભયે, સો ગહવર કુંજ કુટીર
નાગરી! દાન દે.

એક હાથે કંગન અને બીજા હાથથી વસ્ત્રાંચલ ગ્રહીને દાન વસૂલ કરવા ઈચ્છતા મનભાવનનું નયનાભિરાગ નિરૂપણ કરી કવિનો વાણીરસ આગળ રેલાય છે.

બહુત દિનાં તુમ બચી ગઈ, દાન હમારો મારિ,
આજુ લૈહુંગો આપુનો દિન દિન કો દાન સંભારિ
નાગરી! દાન દે.

રસનિધાન નવનાગરિ, નિરખિવચન મૃદુ બોલ,
ક્યોં મુરિઠાડી હોતિ હૈ નૈકુ ઘુંઘટ પટ મુખ ખોલ
નાગરી! દાન દે.

એક બાજુ 'ઘુંઘટપટ ખોલ'ની યાચના અને પછી નાગરી! દાન દે ની આકાંક્ષા ! આંતરિક ઉલ્લાસનું જ જાણે જીવતું જાગતું ચિત્ર. હર્ષિત હૃદયની છબીલી છટાથી આચ્છાદિત એવી આકાંક્ષા મનમંદિરનાં દ્વાર ખોલી નાખીને ઝટ આગળ વધે છે–

હરખિ હિયે કરખિકૈ, મુખતેં નીલ નિચોલ,
પૂરન પ્રગટયો દેખિયે મનૌ ચંદઘટાકી ઓલ.
નાગરી! દાન દે.

હૃદયમાં હર્ષાયમાન થઈને શ્રીકૃષ્ણે પોતાના કરકમલ દ્વારા શ્રીસ્વામિનીજીના મુખ ઉપરથી ઘેરા વાદળી રંગની સાડીનો ઘૂંઘટ જબરીથી ખેંચીને દૂર કરી દીધો. મુખે ચંદ્રનો પ્રકાશ પ્રસ્ફુટ થયો. જાણે ઘેરી ઘનઘટાઓની વચ્ચેથી પૂર્ણોજ્વલ ચંદ્રનો ઉદય થયો. એ પછી જે વચનો ઉચ્ચાર્યા તે તો અનિર્વચનીય હતા. યુગલ સ્વરૂપના હૃદયમાં આનંદ આનંદ થઈ રહ્યો. ઉભયના નેત્રો મિલન થતાં જ જાણે સફળ બની રહ્યા.

ઉરમાં આનંદનો અકથ્ય આહ્લાદ અનુભવતા શ્રીસ્વામિનીજી પછી લાલાને પૂછે છે.

ઈહિ મારગ હમ નિત ગઈ કબહું સુન્યૌનહિંકાન,
આજુનઈ યહ રીતિ હૈ સૌ માંગત ગોરસ દાન.
મોહન! જાન દે.

રસમૂર્તિ શ્રીઠાકોરજી ઝટ ઉત્તરમાં કહે છે.

તુમ નવીન નવનાગરી, નૂતન ભૂષન અંગ,
નયૌ દાન હમ માંગ હી સો નયો બન્યો યહ રંગ
નાગરી! દાન દે.

દાનનું લક્ષણ આપતાં ટીકાકાર શ્રીવ્રજરાયજી મહારાજ કહે છે કે '*દાનં નામવિક્રેયપદાર્થેષુ નીતિમાર્ગેણ ગ્રાહ્યો રાજભાગઃ*' અર્થાત્ વેચવાની વસ્તુઓ પર નીતિ માર્ગથી લેવામાં આવતો રાજભાગ. ગુજરાતી ભાષામાં વેરો યા જકાત એવો શબ્દનો અર્થ થાય.

—ક્રમશઃ

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

—ગતાંકથી ચાલુ

ભાષ્યનું અવલોકન

[દીક્ષિત મોતિરામ કલ્યાણજી શાસ્ત્રી (વિદ્યાવારિધિ)]

શ્રી દેવર્ષિ નારદ–રચિત સૂત્રાત્મક રસ સ્વરૂપ, ભક્તિદર્શન શ્રી નલિન ભટ્ટનાં રચેલાં સાધન ભાષ્ય સહિત અમે ઝીણવટથી વિલોક્યું "યસ્વદેવે" આ શ્રુતિ, પરમાર્થપ્રાપ્તિમાં ભક્તિને જ શ્રેષ્ઠ સાધન તરીકે સિદ્ધ કરે છે. ઋગ્વેદનાં ચોથા મંડળમાં, વામદેવ ઋષિએ જોયેલા ચોવીસમાં સૂત્રમાં આ ભક્તિનાં બીજો જોવામાં આવે છે. સૂક્તમાં ઈન્દ્રરૂપી વ્યક્ત પરમાત્માના દેહોપચાર, ભોગ, આવાહન, મન, પ્રેમ, ભાવના, સ્તુતિ વગેરે દ્વારા પૂજા વગેરેનો પ્રકાર વામદેવ ઋષિએ ઉપદેશ્યો છે. વિસ્તાર ભયે અહીં તેનું ઉદાહરણ આપતાં સંકોચ પામીએ છીએ.

ઈશ્વરાનુગ્રહને છોડીને પ્રાણી માટે ભવ સમુદ્રને તરવાને માટે બીજો કોઈ ઈષ્ટ ઉપાય નથી. જ્ઞાન પણ જો ભક્તિ રહિત હોય તો તે ભવસમુદ્રનું તારણ બનતું નથી. આથી જ ભગવાન દ્વૈપાયને સમાધિ ભાષામાં સિદ્ધ કર્યું છે કે "નૈષ્કર્મ્ય" એ કે કર્મ, ભક્તિ અને જ્ઞાન, એ ત્રણે ઉપાયો શ્રેયને માટે પ્રતિપાદિત છે, તો પણ તે બધામાં બાહ્ય સાધનોની અપેક્ષા ન રાખતી હોવાથી અને સહેલાઈથી તરત જ મોક્ષપદ થતી હોઈને ભક્તિ જ અદકી છે. જ્ઞાન પણ વિરાગ, શમ, દમ વગેરે છ તથા મુમુક્ષુતાની અપેક્ષા રાખે છે, પરંતુ ભક્તિ તો વર્ણ, આશ્રમ, સ્ત્રીપુત્ર, વિત્ત વગેરે કશાની અપેક્ષા રાખતી નથી. આથી પણ ભક્તિ બીજા સાધનોમાં વડી છે અને સાર્વજનિક છે.

હૃદયમાં રહેલો પ્રેમ જો બાળકને લાગતો હોય તો તે વાત્સલ્ય, મિત્રને લાગતો હોય તો તે સ્નેહ, શિષ્યને ઉદ્દેશીને હોય તો અનુગ્રહ, કાન્તાને લગતો હોય તો અનુરાગ, અને જો પરમેશ્વરને ઉદ્દેશીને હોય તો ભક્તિ તરીકે પ્રસિદ્ધ થાય છે.

આમ એક જ પ્રેમ આલમ્બન ભેદે મોક્ષનાં દ્વારને ક્યાં તો ઢાંકે છે કે ઉઘાડે છે. આ ભક્તિ દર્શનમાં દયાઘન પરમાત્મા આલમ્બન છે. પવિત્ર તીર્થો અને મંદિરો તથા સત્સંગ વગેરે ઉદ્દીપક છે. સંતોષ, ભૂત, દયા વગેરે અનુભાવો છે. નર્તન, ગાયન, અશ્રુપાત વગેરે સંચારી ભાવો છે. આમ વિભાગ વગેરેથી સજીવન થયેલ ભગવાનમાં તન્મયતા જેનું બીજું નામ છે એવો સાધ્ય ભક્તિરૂપ રસ પ્રકટે છે. એટલે કે ભક્તનાં હૃદયમાં પ્રકાશે છે તે અવસ્થામાં ભક્તિ યોગ રૂઢ રૂપે, પરિણમે છે. એ જ વાત ગીતામાં કહી છે કે "યદા હિનેન્દ્રિયાર્થેષુ" આ બધીય વાતો સાંગોપાંગ આ ભક્તિ દર્શનમાં દેવર્ષિએ ઠીક ઠીક પણ સાધી છે. બધા જ સૂત્રગ્રંથો સૂત્રરૂપ હોઈને જ યોગ્ય ટીકાની અપેક્ષા રાખે છે. સૂત્ર ગ્રંથનું યથાર્થપણે અંતર જાણવાને માટે ટીકા સિવાય વિરલ પુરુષો જ શક્તિમાન હોય છે. આથી શ્રીનલિનભટ્ટે આ સૂત્રાત્મક દર્શન ઉપર સાધન–ભાષ્ય રચીને જનતા તથા સંસ્કૃત સાહિત્ય ઉપર ખૂબ જ ઉપકાર કર્યો છે. આ પહેલાં આ સાર્વજનિક દર્શનશાસ્ત્ર યોગ્ય ટીકાવાળું પ્રસિદ્ધ ન હતું.

સરલ છતાં એ પ્રૌઢ, સુગમ છતાં એ ઓજસ્વી, પાતળી છતાં એ વિસ્તૃત, ગૂઢ છતાં એ સુબોધ, અસામાન્ય શબ્દરચનાવાળી છતાં એ પ્રસાદ મધુર, જટિલ થવા ઈચ્છતિ છતાં એ નાના,નાના વાક્યોના ગ્રથનને લઈને અજટિલ, સામાન્ય સંસ્કૃત જાણનારાઓને પણ સમજાય એવી, દેવભાષા સંસ્કૃત ભાષામાં સૂત્રો ઉપર રચાયેલું આ ભાષ્ય દર્પણ જેમ પ્રતિબિંબને તેમ સૂત્રોક્ત પદાર્થોના તાત્ત્વિક અર્થને સ્પષ્ટ કરે છે અને સૂક્ષ્મ અર્થને હાથમાં રહેલા આંગળાની માફક પ્રગટ કરે છે. ભણવાને આતુર વિદ્યાર્થીઓએ અને ભક્તિતત્ત્વની જિજ્ઞાસાવાળા ભાવનાશીલ સજ્જનોએ આ ગ્રંથ અવશ્ય સંગ્રહવા યોગ્ય છે.

૨. દેવર્ષિ નારદ

અહો દેવર્ષિર્ધન્યોડયં યત્કીર્તિં શાર્ઙ્ગધન્વનઃ ।
ગાયન્માદ્યન્નિદં તન્ત્ર્યા રમયત્યાતુરં જગત્ ॥

(શ્રીમદ્ ભા. ૧–૬–૩૯)

અરે! આ દેવર્ષિ નારદ ધન્ય છે, જે વીણા વગાડતા, હરિગુણ ગાતા અને મસ્ત થઈ આ આતુર જગતને આનંદિત કરતા ફરે છે. કાર્ય પુરૂષ જગતમાં એવી રીતે જ લોકકલ્યાણ માટે આવે અને ફરે છે, જે રીતે ભગવાન પોતે અવતરે છે. શ્રીભગવાનની પવિત્ર લીલા માટે એવી રીતે લીલોપયોગી સાધનો એકત્રિત કરવા, લીલામાં સહાયક થવું, એ તેમના સ્વાભાવિક કાર્ય હોય છે.

આવા મહાપુરૂષ મુક્ત હોવા છતાં પણ મુક્ત ન થતાં જગતમાં જીવો સાથે તેમના કલ્યાણ માટે બિરાજે છે. આમ તો તેમનું કાર્ય હંમેશા અબાધિત રૂપે ચાલતું જ રહે છે. પરંતુ કોઈ ખાસ ભગવત્ અવતાર સમયે તેમનું કાર્ય વિશેષરૂપે વધી જાય છે. તેમનું મંગલમય જીવન જગતના કલ્યાણ માટે હોય છે. અવિદ્યા, અહંકાર, મમત્વ, આસક્તિ વિગેરેથી સર્વથા યંત્રવત્ કાર્ય કરતા રહે છે. તેનાં બધા કાર્ય ભગવાનના જ કાર્ય હોય છે. એવા મહાપુરૂષોમાં નારદજી એક છે. બધા યુગોમાં, બધા લોકમાં, બધા શાસ્ત્રોમાં, બધા સમાજમાં અને બધા કાર્યોમાં નારદજીનો પ્રવેશ છે. આપ સત્યયુગમાં પ્રણ હતા, ત્રેતા, દ્વાપરમાં પણ અને આ ઘોર કલિકાલમાં પણ કહેવાય છે કે, અધિકારી ભક્તોને આપના શુભ દર્શન થયા કરે છે. ગોલોક, વૈકુંઠલોક, બ્રહ્મલોક વિગેરેથી લઈ, તલ–અતલ વિગેરે પાતળ સુધી સર્વત્ર આપનો પ્રવેશ છે અને યોગબળથી ઈચ્છા કરતાં જ ક્યાંથી ક્યાં પહોંચી જાય છે. વેદ, સ્મૃતિ, પુરાણ, સંહિતા, જ્યોતિષ, સંગીત વિગેરે બધા શાસ્ત્રોમાં આપ દષ્ટિગોચર થાય છે. સાક્ષાત્ ભગવાન વિષ્ણુ, શિવ વિગેરેથી લઈ ઘોર રાક્ષસ પણ આપનું સન્માન, વિશ્વાસ અને આદર કરે છે. અરે! દેવશત્રુ હિરણ્યકશિપુની પત્ની કયાધૂ પણ આપની વાતો પર વિશ્વાસ કરી આપના આશ્રમમાં પોતાને સુરક્ષિત સમજે છે. ક્યારેક આપ વ્યાસ, વાલ્મિકી, શુકદેવ જેવા મહાપુરૂષોના પરમતત્ત્વનો ઉપદેશ આપતા દેખાય છે, તો ક્યારેક બે પક્ષમાં કલહ અને વિવાદ ઉભો કરવાના પ્રયાસમાં લાગેલા દેખાય છે. ખરેખર આપ પોતાના માટે કંઈ પણ નથી કરતા. જે કાર્યમાં જેનું મંગળ દેખાય છે અને ભગવાનની લીલાનું એક સુંદર દશ્ય સામે જોઈ લે છે, તે કાર્ય કરવા લાગે છે. તેમના વિવાદ અને કલહ કરાવવાનું પણ લોક હિતાર્થ અને ભગવાનની લીલાના સાધનરૂપે થયા કરે છે, કારણ કે એમની દરેક ચેષ્ટા ભગવાનની જ ચેષ્ટા હોય છે. તેમને તો ખરેખર ભગવાનનું મન જ સમજવા જોઈએ. ગંભીર દષ્ટિએ વિચાર કરવાથી ભગવત્કૃપાથી આ વાત સ્પષ્ટ દેખાય છે.

—ક્રમશઃ

કાવ્ય – કુંજ

મુક્તિ નહીં પણ ચાકરી દેજો નાથ.

[ઢાળ– ભક્તિ કરતાં છુટે મારા પ્રાણ, પ્રભુ એવું માગું રે]

મુક્તિ નહીં પણ, ચાકરી દેજો નાથ, સેવા સુખ માંગુ રે;
માનવદેહ ધરું પણ, રહું તમારે સાથ, પરમ સુખ માનું રે,
ગોપીભાવ, હૃદયદઢ કરું;
વ્રજલીલાનું શ્યામ, સ્મરણ કરું..... મુક્તિ નહીં...
હીરા મોતી નહીં પણ, દીનતા દેજો નાથ, સેવા સુખ માંગુ રે,
લૌકિકે રહું પણ, મન રહે તમારી સાથ, પરમ સુખ માનુ રે.
પુષ્ટિ રીતથી, સેવા કરું;
શ્રીવલ્લભચરણ, હૃદય ધરું.... મુક્તિ નહીં...
કિર્તી નહીં પણ, ભક્તિ દેજો નાથ, સેવા સુખ માંગુ રે;
વૈષ્ણવ થઈ રહું શ્રીવલ્લભકુળની સાથ, પરમ સુખ માનુ રે.
વૈષ્ણવ જનની, ટહેલ કરું;
વૈષ્ણવ સંગ, સત્સંગ કરું.... મુક્તિ નહીં...
'શ્રીજીઅનુરાગી' રહી, ગોપાલ ગિરિધર સાથ, સેવા સુખ માંગુ રે;
દેહ છૂટે પણ, અંતે રહું શ્યામ સ્વરૂપ સંગાથ, પરમ સુખ માંગુ રે.
આટલું દેજો, વિનંતી કરું;
શરણગ્રહી, સેવા કરું..... મુક્તિ નહીં...

– શ્રીજીઅનુરાગી અમદાવાદ.

આત્મત્વનો ઉજાસ

રચયિતા : પૂ.પા.ગો. શ્રીગોકુલેશબાવાશ્રી (જુનાગઢ)

મળ્યો આનંદ ને ઉલ્લાસ, શ્રીવલ્લભ ચરણે રે.
મળ્યો આત્મત્વનો ઉજાસ, શ્રીવલ્લભ ચરણે રે.
પામ્યો ભક્તિનો વિકાસ, શ્રીવલ્લભ ચરણે રે.
મળ્યો વૈષ્ણવતાનો વિલાસ, શ્રીવલ્લભ ચરણે રે.
મળી તવંગરીની તલાસ, શ્રીવલ્લભ ચરણે રે.
કૃષ્ણકીર્તનની કુમળાશ, શ્રીવલ્લભ ચરણે રે.
થયો કામક્રોધનો રકાશ, શ્રીવલ્લભ ચરણે રે.
થયો મોહ મદનો પ્રહાસ, શ્રીવલ્લભ ચરણે રે.

મળ્યા સ્નેહના શ્વાછોશ્વાસ, શ્રીવલ્લભ ચરણે રે.
મળ્યો પ્રભુનો દ્રઢ વિશ્વાસ, શ્રીવલ્લભ ચરણે રે.
ભળી શ્રેયસની સૌમ્ય સુવાસ, શ્રીવલ્લભ ચરણે રે.
મળ્યો પરમાનંદી પ્રવાસ, શ્રીવલ્લભ ચરણે રે.
મળ્યા કૃપાના મદ આવાસ, શ્રીવલ્લભ ચરણે રે.
શ્રદ્ધાને બુદ્ધિનો સહવાસ, શ્રીવલ્લભ ચરણે રે.
મળ્યું આપ્તનું ઉનું આકાશ, શ્રીવલ્લભ ચરણે રે.
થયો પ્રેમના પુંજનો પ્રકાશ, શ્રીવલ્લભ ચરણે રે.

પુસ્તક પરિચય

૧. ભાગ્ય સૌભાગ્ય શ્રીયમુને જૂદેઈ

પ્રકાશક– શ્રીબાલકૃષ્ણ મહિલા મંડળ લાડુબેટીજીનું મંદિર, બીજે માળે, જયહિંદ એસ્ટેટની સામે, ડૉ. આત્મારામ મરચન્ટ રોડ, ભૂલેશ્વર,મુંબઈ– ૪૦૦૦૦૨.

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૩૪૩, પાકું બાઈન્ડીંગ, મલ્ટીકલર ચિત્રજીઓ, ન્યોછાવર રૂ.૪૫/–, પોસ્ટેજ રૂ.૨૦/– વિદેશમાં રૂ.૧૭૦/–

કૃપામાર્ગ પુષ્ટિસંપ્રદાયમાં ચતુર્થ પટરાણી શ્રીયમુનાજીની કૃપા થાય ત્યારે મુકુન્દ–પ્રભુમાં રતિ થાય. સમસ્ત દુરિત નો ક્ષય થાય, સકલ સિદ્ધિ મળે, પ્રભુ સંતુષ્ટ થાય અને સ્વભાવનો વિજય થાય.

આવા પરમ કૃપાળુ શ્રીયમુનાજીની કૃપાશક્તિનો પરિચય આપતા શ્રીયમુનાજીના ૧૦૮ પદો ખૂબજ ચિંતન અને મનન કરવા યોગ્ય, અર્થ સાથે આ પુસ્તકમાં આપેલ છે. સાથે સાથે શ્રીયમુનાષ્ટક વિવિધ રચયિતાના અર્થ અને વિવેચન સાથે તેમજ શ્રીયમુના કવચ, શ્રીયમુના ચતુષ્પદી, શ્રીયમુના સહસ્ત્ર નામ, શ્રીયમુના પટલ, શ્રીયમુનાજીનું સ્વરૂપ, ભાવભાવના વિગેરેનો પણ સમાવેશ કરેલ છે. શ્રીયમુનાજીના ધોળ, પદ, આરતી તો ખરાજ.

સર્વે વૈષ્ણવ પરિવારોએ વાંચવા, વસાવવા અને શ્રીયમુનાજીના નિત્ય ધોળ પદ, સ્તોત્રો ગાવા તથા પાઠ કરવામાં ખૂબજ ઉપયોગી પુસ્તક.

૨. રહસ્ય ભાવના ભાગ બીજો

લેખક– શ્રી ગોકુલનાથજી પ્રકાશક– આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ૧૨–ઓલ્ડ ઓક રોડ, લંડન W 3-7 HL [U.K.]

આઠ પેઈજી ડેમી સાઈઝ આર્ટ પેપર ઉપર ઓફસેટ પ્રિન્ટીંગ, શ્રીનાથજીનું બહુરંગી ચિત્રજીવાળું ટાઈટલ, પીન બાઈન્ડીંગ, પૃષ્ઠ ૩૨ થી ૬૭. ન્યોછાવર દર્શાવેલ નથી.

પુષ્ટિ સૃષ્ટિ–વૈષ્ણવોને પ્રભુ પ્રત્યે પ્રેમ છે, તેને પામવાની તાલાવેલી છે, તેની સેવા કરવાની તીવ્ર ઝંખના છે, પરંતુ સેવા શૃંગાર પાછળની ભાવના શું છે? તે પ્રશ્નો મુંઝવણ ભરેલા છે. તેના ઉકેલ માટે આપણી પાસે સંસ્કૃતમાં વિપુલ સાહિત્ય છે. શ્રીગોકુલનાથજી કૃત વ્રજ ભાષાના ગ્રંથને આધારે આ પુસ્તિકામાં જુદા જુદા સેવા પ્રકાર તથા શૃંગારની ભાવભાવના સરળ ગુજરાતીમાં રજુ કરવામાં આવી છે. ભાવ સમજીને વિવિધ સેવા કરવાથી વિશેષ આનંદની પ્રાપ્તિ થાય છે.

વૈષ્ણવ સૃષ્ટિએ વાંચવા, સમજવા અને વિચારવાલાયક પુસ્તિકા.

૩. લગ્નબ્યુરો પુસ્તિકા –૧૯૯૯

પ્રકાશક– શ્રીવલ્લભ વિઠ્ઠલ સંસ્થા કાર્યાલય– ૪, શ્રીવલ્લભકૃપા, વિવેક એપાર્ટમેન્ટ, નવરંગપુરા, ટેલીફોન એક્ષચેંજ પાછળ, એલિસબ્રીજ, અમદાવાદ– ૩૮૦૦૦૬. ફોન. (૦૭૯) ૬૪૦૯૪૫૯. ન્યોછાવર રૂ. ૧૦૦/–

પૃષ્ઠ ૯૨ ની આ પુસ્તિકામાં લગ્નોઉત્સુક વૈષ્ણવ યુવક–યુવતિઓ મળીને ૧૧૨૨ (યુવકો ૫૫૨ તેમજ યુવતિઓ ૫૭૦)ની સચિત્ર માહિતી છે. તેમાં તેમના નામ, સરનામું, માતા–પિતા, જન્મતારીખ

તથા ઉંચાઈ—વજન, અભ્યાસ, આવક, જ્ઞાતિ—ધર્મ વગેરે પૂરી ઉપયોગી માહિતી આપવામાં આવી છે. બહુજ ઉપયોગી પ્રકાશન છે.

આ પ્રકાશનમાં પૂ.પા.ગો.શ્રીવ્રજનાથજી મહારાજશ્રી (રાજનગર) તેમજ કડી—અમદાવાદના તથા વિરમગામ—કામવન—અમદાવાદના ગોસ્વામી બાલકોના ચિત્રજી સાથે અભિનંદન—આશીર્વાદ પ્રસિદ્ધ થયેલ છે. કોઈપણ યુવક—યુવતીને સમૂહ લગ્નમાં જોડાવવું હોય તો જાણ કરવાનું કહેવામાં આવ્યું છે.

૪. શ્રીવલ્લભાખ્યાન બીજાનું વિવરણ

લેખકો— શ્રીબાબુભાઈ નાયક તથા સુશ્રી કિરણબેન શાહ, કડી પ્રકાશક— શ્રીગોવિંદ પ્રભુ ટ્રસ્ટ શ્રીગોવિંદપ્રભુ હોલ, ૫—વ્રજરત્ન એપાર્ટમેન્ટ, ષષ્ઠપીઠ, ચૌટા બજાર, સૂરત. ૩૯૫૦૦૩

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ—૪૭૦+ ૪૦=૫૧૦. સેક્શન સિલાઈ, કાર્ડ બોર્ડ લેમીનેશન. ટાઈટલ ઉપર શ્રીમહાપ્રભુજીનું એકરંગી ચિત્રજી. ન્યોછાવર રૂ.૬૦/— પોસ્ટેજ અલગ.

પુષ્ટિ સંપ્રદાયમાં શ્રીવલ્લભાખ્યાનનું અનોખું સ્થાન છે. માર્મિક સિદ્ધાંતોની લોકભોગ્ય ભાષામાં સમજં આપનારી મહાનુભાવ શ્રીગોપાલદાસજીની એક અદ્વિતીય કાવ્યકૃતિ છે.

આ સિદ્ધાંતોને વિશદ રીતે વિવરણમાં સમાવવા સુંદર રીતે પ્રયત્ન થયેલ છે. સામાન્ય જન પણ સમજી શકે તેવી લોકભોગ્ય શૈલીમાં શ્રીવલ્લભાખ્યાનનું વિવરણ કરવામાં આવ્યું છે. નવ આખ્યાનો પૈકી બીજા આખ્યાનમાં શ્રીમહાપ્રભુજીની જીવનગાથા અથેતિ સુધી શ્રીગોપાલદાસજીએ ગાઈ છે. તેનું વિવરણ 'વૈષ્ણવ વાણી' માસિકમાં ક્રમવાર પ્રકાશિત થયેલ છે. હવે પુસ્તકાકાર પામે છે.

પ્રથમ આખ્યાનના વિવેચનની જેમ આ બીજા આખ્યાનનું વિવેચન વૈષ્ણવોને વાંચન—મનન દરમ્યાન રસાનંદની અનુભૂતિ કરાવનારું છે. આ નામસેવાના અતિ પ્રશંસનીય કાર્ય બદલ શ્રીબાબુભાઈ નાયક અને સુશ્રી કિરણબેન શાહને હાર્દિક અભિનંદન સહ બાકીના સાત વ્યાખ્યાનનું વિવરણ ક્રમશઃ પુસ્તકાકારે પ્રસિદ્ધ થતું રહે તેવી શુભેચ્છા.

વૈષ્ણવ સૃષ્ટિએ દરરોજ વાંચવા—માણવા અને વસાવવાલાયક પુસ્તક.

સમાચાર

☐ **અમદાવાદ :** શ્રીવલ્લભ વિઠ્ઠલ સંસ્થા દ્વારા આયોજીત લગ્નોત્સુક યુવક/ યુવતીઓનો મેળાવડો, આસો સુદ—૭ ને રવિવાર તા. ૧૭—૧૦—૯૯ ના રોજ શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલનાથજી બેઠક અસારવા (અમદાવાદ) ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વૈષ્ણવાચાર્ય પ.પૂ.પા.ગો.૧૦૮ શ્રીવ્રજનાથજી મહારાજશ્રી રાજનગરના અધ્યક્ષસ્થાને લગ્નબ્યુરો પુસ્તિકા—૧૯૯૯ નું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ લગ્નોત્સુક મેળાવડામાં યુવકો ૫૫૨ તેમજ યુવતીઓ ૫૬૯ કુલ ૧૧૨૧ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ તેમના વાલીઓ (માતા—પિતા) સાથે હાજર રહ્યા હતા. આશરે ૫૦૦૦ વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધો હતો. આ દિવસે ૨૫ જેટલા ઉમેદવારોના સંબંધ નક્કી થયા હતા અને હવે પછી ફેબ્રુઆરી ૨૦૦૦ માં સમૂહ લગ્નોત્સવ કરવાની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગોસ્વામી બાલકો કડી—અમદાવાદ અને રાજનગરના પધાર્યા

હતા. તેઓશ્રી તેમજ ઉપસ્થિત વિદ્વાન શાસ્ત્રીઓએ આશીર્વાદ પાઠવ્યા હતા.

એકંદરે કાર્યક્રમ સર્વાંગ સફળ રહ્યો હતો. વૈષ્ણવોની જાગૃતિ અને સહકાર–સેવા માટે સંસ્થા વતી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. લગ્નોત્સુક યુવક–યુવતીઓના બાયોડેટા તેમજ ફોટા સાથેનું વિમોચન થયેલ પુસ્તક રૂ.૧૦૦/–ની ન્યોછાવરથી મળી શકશે.

□□ જલપ્રદુષણ થતું અટકાવવા જનજાગૃતિ લાવવા આપ પણ સહયોગી બનો □□

ભારતની નદીઓ ગંગા–યમુના–સરસ્વતી–કૃષ્ણા–સિંધુ–કાવેરી–તાપી–નર્મદા... વિગેરેમાં ગામનો કચરો તથા ફેકટરીઓનું ઝેરીલું પાણી છોડવાને કારણે માનવ–પશુપંખી ઉપર ખતરો વધી રહ્યો છે. જેના શુદ્ધિકરણ માટે નીચેના પ્રયત્નો થયા.

– અં.રા.પુ.વૈષ્ણવ પરિષદ કેન્દ્રીય કારોબારી તથા ગુજરાત પ્રદેશની કારોબારી દ્વારા જનજાગરણ લાવવા માટે થયેલ ઠરાવ.

– ગુજરાત પ્રદેશનાં વૈષ્ણવ પરિષદના સહમંત્રી શ્રીડાયાભાઈ ડેલાવાળા દ્વારા વડાપ્રધાનશ્રી ઉપર સપ્ટેમ્બર માસમાં પત્ર જેની નકલ નવેમ્બર માસનાં શ્રીવલ્લભસુધાના અંકમાં છપાયેલ છે. તે ઉપરાંત ગુજરાત રાજ્યનાં પ્રધાનો– કેન્દ્ર સરકારનાં પ્રધાનો– ગુજરાતનાં સંસદસભ્યો– વૈષ્ણવ પરિષદના કેન્દ્ર તથા રાજ્યાના પદાધિકારીઓ વિગેરે ઉપર ૧૦૦૦ થી વધુ પત્રો લખ્યા. આપ પણ જનજાગૃતિ લાવવા પત્ર લખી 'શ્રીયમુના જલ' શુદ્ધિકરણ માટે સરકારશ્રી પાસે રજુઆત કરો તેવી અપીલ.

– ઈન્દોરથી રામનારાયણજી ચંડક તેમજ ગોપીકૃષ્ણ સોઢાની દરેક ઠેકાણે રજુઆત કરી રહ્યા છે જે આનંદની વાત છે.

આપ પણ જાગૃતિ લાવવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા– ધારાસભ્ય–સંસદસભ્ય–કલેકટર–રાજ્યનાં પ્રધાનો–કેન્દ્રનાં પ્રધાનો પાસે વ્યક્તિગત રૂપમાં તેમજ સંસ્થાકીય રૂપે રજુઆત કરી જનજાગૃતિ લાવવા સહયોગી બનો.

વડોદરા : તૃતીય પીઠાધીશ્વર પૂ.પા.ગો. શ્રીવૃજેશકુમારજી મહારાજ (કાંકરોલી નરેશ)ના ષષ્ઠીપૂર્તિ મહોત્સવ પ્રસંગોના વિવિધ કાર્યક્રમો.

વિવિધ વૈદિક મહોત્સવ : ૭–૧–૨૦૦૦ થી વૈદિક કાર્યક્રમોના પ્રારંભ જે ૧૭–૧–૨૦૦૦ સુધી ચાલશે.

છપ્પનભોગ : ૯–૧–૨૦૦૦ પોષ સુદી ૩ ને દિને તૃતીય ગૃહ અંતર્ગત બિરાજમાન ગુજરાતનાં ગામેગામનાં સેવ્ય સ્વરૂપો (આશરે ૮૦ સ્વરૂપો) વડોદરા પધારશે. તેનું વાજતે ગાજતે સ્વાગત કરી બેઠક મંદિર પાસેના પોલો ગ્રાઉન્ડ પર પધરાવવામાં આવશે. જ્યાં છપ્પનભોગ આરોગાવવામાં આવશે.

પુષ્ટિ સંગીત સંધ્યા : ૧૫–૧–૨૦૦૦ શનિવારે રાત્રે ૯–૦૦ કલાકે બેઠક મંદિર પટાંગણ.

માર્કંડેય પુજા : દિનાંક ૧૬–૧–૨૦૦૦ તથા ૧૭–૧–૨૦૦૦ બેઠક મંદિર કેવડા બાગ, વડોદરા.

સન્માન સમારંભ : દિનાંક ૧૬–૧–૨૦૦૦ શ્રીબેઠક મંદિર (શ્રીદ્વારકેશ બાગ) સાંજે ૪.૩૦

પ્રભુના વિવિધ મનોરથો : ૭–૧–૨૦૦૦ થી ૧૭–૧–૨૦૦૦

મહાપ્રસાદ વ્યવસ્થા : ૯–૧–૨૦૦૦ થી ૧૬–૧–૨૦૦૦ દરમ્યાન બહારગામથી આવનાર વૈષ્ણવો માટે પ્રસાદ વ્યવસ્થા રાખેલ છે.

□□ ઓરિસ્સાનાં બંધુઓને સહાયભૂત બનવા અપીલ □□

ઓક્ટોબર–૯૯ માં ઓરિસ્સામાં ભયંકર વાવાઝોડાનાં કારણે લાખો લોકો બેઘર બન્યા– હજારો લોકો તથા પશુપંખીઓ મરણશરણ થયા– સેંકડો લોકો માંદગીનો ભોગ બન્યા તેમજ માનવની રોજીરોટી સમાન ખેતીવાડી નાશ પામી. ભયંકર તારાજીને કારણે આપણા દુઃખી બાંધવોને મદદરૂપ થવું એ આપણી નૈતિક ફરજ સમજી ગુજરાત પ્રદેશ વૈષ્ણવ પરિષદ પદાધીકારીઓ પ્રમુખશ્રી ઈન્દ્રકાન્તભાઈ પરીખ– શ્રીપ્રદ્યુમનભાઈ શાસ્ત્રી તથા શ્રીચીમનભાઈ શેઠ એક અપીલ દ્વારા જણાવે છે કે અસંખ્ય માનવ વૈષ્ણવો જે દુઃખી છે તેમાં સમભાગી બનવા વૈષ્ણવ પરિષદ દ્વારા તન–મન–ધનથી સહાયભૂત બનવા વૈષ્ણવોને અપીલ કરે છે. સહાયભૂત થનાર વૈષ્ણવે સંપર્ક સાધવા....

(૧) શ્રીઈન્દ્રકાન્તભાઈ ત્રીકમલાલ પરીખ 'નોબલ્સ' એ–ત્રીજે માળે, નહેરૂબ્રીજ સામે, અમદાવાદ.
(૨) શ્રીચીમનભાઈ શેઠ 'શ્રીજી કૃપા' બી–૧૬૨ ,શ્રેણીક પાર્ક, અકોટા સ્ટેડીયમ સામે, વડોદરા.

□□ વૈષ્ણવ પરિષદે ૩૦ સત્સંગ સભા યોજી □□

પુષ્ટિમાર્ગ સંપ્રદાયના કાર્યો કરતી, માનવકલ્યાણકારી કાર્યો હંમેશા કરવામાં તત્પર, શ્રીવલ્લભ વિચાર પ્રચાર–પ્રસાર માટે સતત કાર્યરત રહેતી, વૈષ્ણવોના પ્રશ્નોને વાચા આપવા જાગ્રત રહેતી આં.પુ.વૈ.પરિષદ વૈષ્ણવોનું પ્રતિનીધીત્વ કરતી સંસ્થા છે. આ પ્રકારે પૂ.પા.ગો. શ્રીવાગીશકુમારજી મહોદય– ભાગવત પ્રવકતા શ્રીપ્રદ્યુમન શાસ્ત્રી અને સંગઠન મંત્રી શ્રીચીમનભાઈ શેઠે વડોદરા જીલ્લા તથા ખેડા જીલ્લામાં લગભગ ૩૦ ત્રીસ સત્સંગ સભાઓમાં જણાવેલ હતું.

તેમજ ગુજરાત પ્રદેશનાં વૈષ્ણવ પ્રતિનિધી સંમેલન તા.૨૮–૧૧–૯૯ નાં રોજ નડિયાદ મુકામે યોજવામાં આવેલ છે. તેમાં ઠેર ઠેરથી વૈષ્ણવ પ્રતિનિધીઓ ઉપસ્થીત રહે તે માટે વૈષ્ણવ પરિષદનાં પદાધિકારીઓ ગામેગામ સત્સંગ સભાનું આયોજન કરી રહ્યા છે. નડિયાદનાં સંમેલનમાં ૫ હજારથી વધુ વૈષ્ણવ પ્રતિનિધીઓ ઉપસ્થીત રહેશે તેમ શ્રીચીમનભાઈ શેઠની યાદીમાં જણાવવામાં આવેલ છે.

□ વૈષ્ણવ પરિષદનાં કેન્દ્રીય કારોબારીનાં નવા પદાધિકારીઓ □

ઈન્દ્રકાન્તભાઈ પરીખ (અધ્યક્ષ)– શ્રીમુકુન્દભાઈ શાહ (કાર્યાધ્યક્ષ)મુંબઈ– શ્રીપ્રદ્યુમન શાસ્ત્રી વડોદરા (ઉપાધ્યક્ષ)– શ્રીચીમનભાઈ શેઠ (ઉપાધ્યક્ષ)– શ્રીસુરેશભાઈ કોટેચા લંડન (ઉપાધ્યક્ષ)– શ્રીમદનલાલજી નાગર ઈન્દોર (ઉપાધ્યક્ષ)– શ્રીશાંતીકુમાર કાપડીયા મુંબઈ (ઉપાધ્યક્ષ)– શ્રી વી.પી. પરીખ હાલોલ (મહામંત્રી)– પ્રદીપ જી. ગાંધી મુંબઈ (કોષાધ્યક્ષ)– શ્રીરમણભાઈ શાહ મુંબઈ (સહકોષાધ્યક્ષ)

મંત્રીઓ : શ્રીબટુકભાઈ શાહ મુંબઈ– સી.પી. તલાટી હાલોલ– ગોપાલભાઈ શાહ આણંદ

ઉપર મુજબ સને ૧૯૯૯ થી ૨૦૦૨ માટે આં.રા.પુ.વૈષ્ણવ પરિષદના કેન્દ્રીય પદાધિકારીઓ ઉપરાંત ૧૧ કારોબારી સદસ્યો ચૂંટાયા.

માગશર વદ ૯ તા. ૩૧–૧૨–૯૯ શુક્રવાર : શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી–શ્રીવિઠ્ઠલનાથજીનો પ્રાગટય ઉત્સવ (સં.૧૫૭૨). જલેબી ઉત્સવ. શિશિર ઋતુની શરૂઆત થઈ મહા વદ ૪ સુધી.

માગશર વદ ૧૦ તા. ૧–૧–૨૦૦૦ શનિવાર : દશમ તથા એકાદશીના રોજ બાલલીલા ગવાય. ગો. શ્રીરસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર–ઉપલેટા–રાજકોટ)નો જન્મદિન.

માગશર વદ ૧૧ તા. ૨–૧–૨૦૦૦ રવિવાર : સફલા એકાદશી વ્રત. આજે વિશેષતઃ ફલ અવશયભોગ શ્રીપ્રભુને ધરવો, ફલનું દાન કરવું તથા સ્વયં ભગવત્ પ્રસાદી ફલનું ભક્ષણ કરવું

માગશર વદ ૧૨ તા. ૩–૧–૨૦૦૦ સોમવાર : લલિત પંચમની શરૂઆત કરી મહા વદ ૫ ના રોજ ભોગ આવે ત્યાં સુધી બોલાય. ગો.ચિ. શ્રીવલ્લભલાલજી બાવાશ્રી (જામનગર–ચાંપાસેની)નો જન્મદિન.

માગશર વદ ૩૦ તા. ૬–૧–૨૦૦૦ ગુરૂવાર : શ્યામઘટા. દર્શ અમાવસ્યા. ગો.શ્રીભૂપેશકુમારજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન.

વધાઈ **વધાઈ**

☐ રાજકોટને આંગણે શુભ લગ્ન પ્રસ્તાવ ☐

માંડવી–કચ્છ–રાજકોટવાળા પૂ.પા.ગો.શ્રીદામોદરલાલજી મહારાજના લાલજી પૂ.પા.ગો.શ્રીરવિન્દ્રકુમારજીના મોટા બેટીજી **સૌ.કાં.ગો. શ્રીઆરતી રાજા** તથા નાના બેટીજી **સૌ.કાં.ગો. શ્રીશ્યામા રાજા** ના શુભલગ્નનો પ્રસ્તાવ રાજકોટ મુકામે સં.૨૦૫૬ના પોષ સુદ ૧૩ બુધવાર તા.૧૯–૧–૨૦૦૦ ના શુભદિને નિરધાર્યા છે. પ્રસ્તાવ પ્રારંભ તા.૧૭–૧–૨૦૦૦, બડીપઠૌની તા.૨૦–૧–૨૦૦૦ ગુરૂવારે. આ શુભ લગ્નપ્રસ્તાવમાં ઉપસ્થિત રહેલા સર્વે શ્રીવલ્લભચરણાનુરાગી વૈષ્ણવોને ભાવપૂર્વક આમંત્રણ છે.

પત્રવ્યવહાર સંપર્ક : શ્રીશુભલગ્નપ્રસ્તાવ સમિતિ ગો.શ્રીરવિન્દ્રકુમારજી શ્રીદામોદરલાલજી મહારાજ, 'ભક્તિવર્ધિની' ૬/૧૩–જયરાજ પ્લોટ, રાજકોટ. ૩૬૦૦૦૧. ફોન.૨૨૫૮૨૪

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-12-1999.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૪૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

દેવી નાંહિ ન દેવતા,
નિજ ઓંતાર હું કૌન ।
રાજ્યહુ, રાધા–કૃષ્ણ જયુગ,
નિતિ મો સિર ઉર ભૌન (૧૭)

ટીકા : હે શ્રીરાધાકૃષ્ણ ! તમ વિના મારે કોઈ દેવી તથા દેવતા તથા તમારા બીજા અવતારનો પણ આશ્રય કરવો નથી ને છે પણ નહીં, ને તેમની કૃપા પણ ઈચ્છતો નથી. મારે તો સદા તમે જુગલ કિશોર મારે માથે તથા હૃદેરૂપી આ ભુવનમાં વિરાજો એટલું જ માંગુ છું. (૧૭)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૧૦ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ જાન્યુઆરી, ૨૦૦૦

વચનસુધા

આ જાતની જ્યાં ઉદાર પરંપરા છે કે, આપના સમાજમાં પાંચસો વર્ષ પહેલાનો એક કરોડપતી ગાયના ગોબરમાં હાથ સાનીને– પુરૂષોત્તમ દાસ જેવો– બેસી શકે છે. ત્યારે આજે એ કેટલાક એ વૈષ્ણવ છે કે જે સોહની ની સેવા કરીને– વૈષ્ણવની ને પ્રભુની બધાંની પદરજ માથા પર ચડાવે છે ? એ તો મને કહો.

એટલે સાધન સાપેક્ષ ધર્મ નહીં નિઃસાધન ભક્તિમાર્ગ માટે જ ભગવાન આવ્યા. સાધનમાં જેને વિશ્વાસ નથી અને સાધનના ભોગ જેને નથી જોતા, પણ ભગવાન સાથેના જે ભોગ છે એને જોઈએ છે. *'સોસૃતે સર્વાન્કામાન્ સ બ્રહ્મણા વિપશ્યતિ'* જેને કહે છે કે *'રીઝે રાબડી થકી ગરીબ લોક રે ભોગીને ન ભાવે રે'* હવે રાબડી થકી ભોગીને ન ભાવે તો ભગવાન ત્યાં વિદુરની પત્નિના શાકના પત્તા કે કેળાના છોડા કેમ ભાવ્યા ? એ છે વસ્તુતઃ ભગવાનનો અકિંચનતાનો આદર, અને પોતે પણ, ભગવાન એ કહે છે કે; *'નિષ્કીંચન વયંશ્શ્વત્ નિષ્કીંચનજનપ્રિયઃ'* આજે આ સર્વહારા વર્ગની હિમાયતી કરનાર લોકોમાં આ ભાવના છે ખરી? !!

**(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૧૭)**

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

"શ્રી વલ્લભસુધા" ના સેવાભાવી–પ્રતિનિધિ–કાર્યકર

[૧.] અનીડા (વાછરા)
મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ
[૨.] અમદાવાદ
શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૪૩, સરદાર પટેલ નગર, એલિસબ્રીજ,
[૩.] અંકલેશ્વર
શ્રીગોપાલભાઈ એન. શાહ
સી/૫ જી.આઈ.એલ. કોલોની
જી.આઈ.ડી.સી. વાલીયા રોડ,
[૪.] ગોમટા
શ્રી વલ્લભદાસ હરિભાઈ
" વ્યાપિ વૈકુંઠ "
[૫.] કલ્યાણ
શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા,
[૬.] ઉપલેટા
શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/O. શ્રી હરિ સ્ટોર્સ, રાજમાર્ગ,
[૭.] કલકત્તા
શ્રી નિતિનભાઈ મહેતા
C/O. કાનજી સવજી મહેતા
મહેતા બિલ્ડીંગ, ૧ લે માળે,
[૮.] જામનગર
નગીનદાસ પ્રેમચંદ કંસારા
C/O. દિપેશ મેટલ કોર્પોરેશન
૫૬, દિગ્વીજય પ્લોટ,
[૯.] જુનાગઢ
– શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
C/O. શ્રીગોકુલ એજન્સી, ૬/ શ્રીનાથજી ચેમ્બર,
દાણાપીઠ,
– શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨, રવિકિરણ એપાર્ટમેન્ટ,
– શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
'કિરણ' ૪, જલારામ સોસાયટી',
લોઢીયા વાડી સામે,
[૧૦.] ડોમ્બીવલી
શ્રી વિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮, શીવલીલા, તિલકનગર,
ગોપાલનગર રોડ–૧.
[૧૧.] જેતપુર
– શ્રી મનસુખલાલ માધવજી બોસમીયા
મતવા શેરી,
– શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ,
[૧૨.] ધોરાજી
શ્રી જાદવજીભાઈ જીવરાજભાઈ વઘાસીયા
વઘાસીયા ચોરા,
[૧૩.] પાંચપીપળા
શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા
[૧૪.] ઘાટકોપર (પૂર્વ)
શ્રી છોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ,
રાજાવાડી, એમ. જી. રોડ,
[૧૫.] મુંબઈ
– આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ
અનંતવાડી, વૈદભુવન, કાલબાદેવી રોડ,
– આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ
જી/૨, સીતારામ બિલ્ડીંગ,
પલ્ટન રોડ, પોલીસ સ્ટેશન સામે,
[૧૬.] મલાડ
શ્રી જયંત સી. ભાઠા
૫૨, રામચંદ્ર લેન, અલ્હાબાદ બેંકની સામે,
[૧૭.] મોરબી

[૧૮.] મોટાભાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૧૦ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ☐ જાન્યુઆરી, ૨૦૦૦

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં
ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

એક જરૂરી ખુલાસો : ઘણાં અણસમજુ લોકો કહેવા લાગ્યા છે કે, 'સેવા કરતાં કરતાં આટલાં બધાં (ચોરાશી) અપરાધ પડતાં હોય તો સેવા જ ન કરવી. કેમકે બધાં અપરાધોમાંથી સાંગોપાંગ કેમ બચી શકાય ? પણ આ વાત અત્યંત ભૂલભરેલી છે. આ જે અપરાધોની ગણતરી બતાવી છે તે સેવામાં સાવધાની રાખવા માટે બતાવી છે, અને કદાચ ચોરાશીએ ચોરાશી અપરાધ થઈ જાય તો એ, તે દરેક અપરાધ એક એક પૈસા જેવો ગણાય. પણ જે બ્રહ્મસંબંધ લઈને, પુષ્ટિમાર્ગમાં આવીને, પુષ્ટિમાર્ગનું પરમફલ જે ભગવદ્ સેવા તે જ ન કરે તેનો તો અપરાધ સહુથી મોટો ગણાય—હજાર રૂપિયા જેવડો ગણાય. માટે શ્રીગુરૂદેવની આજ્ઞા અનુસાર ભગવદ્સેવા અવશ્ય કરવી એજ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું—જીવન સાફલ્ય છે.

અપરાધ ઓગણત્રીસમો : " શ્રીજી કે સામગ્રી દિન આઠમેં યથાશક્તિ કરેં "

શ્રીઠાકોરજીને ધરવાની બાલભોગની—અનસખડીની સામગ્રી, વધુમાં વધુ આઠ દિવસે નવીન કરવી જોઈએ. બને તો થોડી—થોડી સામગ્રી કરી ચાર—ચાર દિવસે નવી સામગ્રી યથાશક્તિ ઠોર, મઠડી, મગજ, સકરપારા વગેરે અને શિતકાળ હોય તો ગોળપાપડી વગેરે જેવી સામગ્રી વારા ફરતી કરીને ધરાવવી જોઈએ. વધુ પ્રમાણમાં એક જ સામગ્રી કરી રાખીને લાંબો સમય ચલાવવાથી અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☞ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય
ગ્રંથ—પરિચય

❑ હિન્દીમાં લેખક : ગોસ્વામી શ્રી શ્યામમનોહરજી (પાર્લા) ❑

❑ ભાષાંતર કર્તા : પ્રો. પ્રતાપરાય કાં. શાહ (કોવિદ) ❑

—ગતાંકથી ચાલુ

(૭) જ્ઞાનાર્થ સંન્યાસ :

પુષ્ટિમાર્ગીય જીવને માટે જ્ઞાનાર્થ સંન્યાસ બહુજ લાભકારી નથી હોતો; જ્ઞાનાર્થ સંન્યાસ લેતા પહેલા પૂર્વાશ્રમના વેદાધ્યયન, દાન યજ્ઞ આદિ કર્તવ્યો દ્વારા ચિત્તને શુદ્ધ કરવાની આવશ્યકતા હોય છે. અન્યથા કેવલ ત્યાગ યા તો વૈરાગ્યથી ચિત્તશુદ્ધિ કલિયુગમાં શક્ય નથી. જે લોકો આ પ્રકારનો ચિત્તશુદ્ધિના હેતુવાળો સંન્યાસ કલિયુગમાં લેતા હોય છે તેમને કાંતો એ પછી પસ્તાવું પડે છે અને અથવા તેઓ સંન્યાસનો પાખંડી દેખાવ કરવામાં પ્રવીણ બની જાય છે. તેથી જ મનુસ્મૃતિ (૬/૩૪—૩૭)માં કહેવામાં આવ્યું છે કે ‘આશ્રમાદાશ્રમં ગત્વા હુતહોત્રો જીતેન્દ્રિયઃ । ભિક્ષાબલિ પરિશ્રાન્તઃ પ્રવ્રજન્પ્રેત્ય વર્ધતે ઋણાનિ ત્રીણ્યપાકૃત્ય મનો મોક્ષે નિવેશયેત્ । અનપ્રાકૃત્ય મોક્ષં તુ સેવમાનો વ્રજત્પધઃ । અનધીત્ય દ્વિજો વેદાન્ અનુત્પાદ્ય તથા સુતાન્ । અનિષ્ટ્વા ચૈવ યજ્ઞૈશ્ચ મોક્ષમિચ્છન વ્રજત્યધઃ । અર્થ : એક આશ્રમથી બીજા આશ્રમમાં ગયા પછી, જેણે હોમ કરેલો છે એવો તથા જીતેન્દ્રિય બનીને, ભિક્ષાર્થ અટનથી બહુ થાકી ગયો હોય તેવો જો પ્રવ્રજ્યા(સંન્યાસ) લે તો વધે છે, ત્રણ પ્રકારના ઋણો (દેવઋણ, પિતૃઋણ, આચાર્યઋણ) અદા કર્યા પછી મનને મોક્ષમાં જોડવું. પરંતુ મોક્ષને લાયક બન્યા વગર (સંન્યાસનું) સેવન કરે તો તેનો અધઃપતન થાય છે; બ્રાહ્મણ હોઈને વેદોનું અધ્યયન કર્યા વગર તથા પુત્રોનું ઉત્પાદન કર્યા વગર અને યજ્ઞોથી, મનન કર્યા વગર જો મોક્ષની ઈચ્છા કરે તો તેનું અધઃપતન થાય છે.’

કેટલાક લોકો કહે છે કે આ તો અવિરક્ત મુમુક્ષુની નિંદા છે. વિરક્ત મુમુક્ષુની નહીં— અહીં વિચાર કરવા યોગ્ય બાબત આ જ છે કે મોક્ષની ઈચ્છાથી સંન્યાસ લેવાનો નિષેધ કરવામાં આવી રહ્યો છે અને મોક્ષની ઈચ્છા વૈરાગ્ય સિવાય બીજી કઈ હોઈ શકે? ત્રણ ઋણના અપાકરણ(દૂર કર્યા) વિના ચિત્તશુદ્ધિનો સંભવ નથી— અશુદ્ધ ચિત્તમાં જ્ઞાન—વૈરાગ્ય સ્થિર નથી થઈ શકતા— તેથી એવા લોકોની દ્વારા કરવામાં (લેવામાં) આવેલો સંન્યાસ પશ્ચાતાપ અથવા પાખંડમાં જ પરિણમે છે.

આ વાત બધી પ્રકારના જીવોને લાગુ પડે છે. તેથી પુષ્ટિમાર્ગીય જીવોને પણ શ્રીમહાપ્રભુજી તેથીજ નિષેધ કરતાં કહે છે— ‘તસ્માત્ જ્ઞાને ન સંન્યસેત્’ એટલે કે જ્ઞાનપ્રાપ્તિ નિમિત્તે સંન્યાસ ન લેવો જોઈએ.

(૮) જ્ઞાનોત્તર સંન્યાસ :

જ્ઞાનોત્તર સંન્યાસ વૈરાગ્ય પ્રકટ થયા પછી સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય છે. એ કારણથી આને

માટે આજ્ઞા નહીં પરંતુ અનુકૂપા (રજા–છૂટ–પરવાનગી) ઉપનિષદ્, સ્મૃતિ, પુરાણ આદિમાં મળે જ છે. જાબાલોપનિષદ્માં – 'યદિ વેતરથા...યદહરેવ વિરજેત્ તદહરેવ પ્રવ્રજેત્' (અર્થ– જો વૈરાગ્ય પ્રકટે તો....જે દિવસે જ વૈરાગ્ય ઉત્પન્ન થાય તે દિવસે જ ચાલી નીકળવું) આ વચનોમાં આ જ જ્ઞાનોત્તર સંન્યાસનું સૂચન છે– કહેવામાં આવેલો છે.

તો પણ પુષ્ટિમાર્ગીય જીવોને માટે આ પ્રકારના જ્ઞાનોત્તર સંન્યાસની, તેના ફલની તથા જ્ઞાનની પણ ખાસ મહત્તા નથી. તેથી જ ભાગવત(૧/૫/૧૨)માં આવે છે કે– 'નૈષ્કર્મ્યમપ્યચ્યુત ભાવવર્જિત ન શોભતે જ્ઞાનમલં નિરંજનમ્' ગીતા (૧૨/૨–૫)માં પણ જ્ઞાનમાર્ગીય અવ્યક્તોપાસના તથા કૃષ્ણભક્તિના તુલનાત્મક મહત્વનો વિચાર કરતી વખતે ભગવાને જ્ઞાનમાર્ગીય અવ્યક્તોપાસના કરતાં કૃષ્ણભક્તિને ઉપયોગી ગણી છે.– 'મય્યાવેશ્ય મનો યે માં નિત્યમુક્તા ઉપાસતે। શ્રદ્ધયા પરમોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ । યે ત્વક્ષરમનિર્દેશ્યમવ્યક્તં પર્યુપાસતે । સર્વત્રગમચિન્ત્યં ચ કૂટસ્થમચલં ધ્રુવમ્। સંનિયમ્યેન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ । તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતેરતાઃ । ક્લેશોધિકતરસ્તેષાંમવ્યક્તાસક્તચેતસામ્। અવ્યક્તા હિ ગતિદુઃખં દેહવિદ્ભિરવાપ્યતે।'

હજારો વર્ષો સુધી જ્ઞાનમાર્ગ પર યાત્રા કર્યા પછી ક્યારેક ક્યારેક જીવ શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ તરફ વળી શકે છે. 'બહૂનાં જન્મનામન્તે જ્ઞાનાવાન્માં પ્રપદ્યતે, વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુ દુર્લભઃ (ગીતા ૭/૧૯) તેથી શ્રીકૃષ્ણ તરફ વળેલા ઘણા દુર્લભ મહાત્માઓને પુનઃ અધિક ક્લેશ આપવાવાળી અવ્યક્તોપાસનાના જ્ઞાનમાર્ગની તરફ દ્રષ્ટિ પણ ન કરવી જોઈએ. તેથી જ એમ કહેવામાં આવે છે કે 'જન્માન્તરસહસ્ત્રેષુ તપોજ્ઞાનસમાધિભિઃ નરાણાં ક્ષીણપાપાનાં કૃષ્ણે ભક્તિઃ પ્રજાયતે' (પાંડવગીતા ૪૧). તેથી જ જ્ઞાનોત્તર સંન્યાસ લેવાવાળા હજારો લોકોને હજાર જન્મોનો અંતરાય કૃષ્ણભક્તિનો હેતુ બની જાય છે.

ભક્તિમાર્ગમાં પણ દોષસંભાવના તથા તેનું નિરાકરણ

જે પ્રકારના દોષ કર્મમાર્ગમાં તથા જ્ઞાનમાર્ગમાં દર્શાવવામાં આવ્યા જેમ પાખંડ યા વિષયાસક્તિ આદિ, તે પ્રકારના દોષો ભક્તિમાર્ગમાં પણ સંભવિત છે. આ શંકા અનુચિત છે કારણ કે દોષોત્પત્તિ ત્રણ પ્રકારે સંભવિત છે (૧) કાલના પ્રભાવથી (૨) જીવાત્માના સ્વભાવથી (૩) પરમાત્માની ઈચ્છાથી.

(૧) કલિયુગનો પ્રભાવ ભક્તિમાર્ગ પર નથી પડતો. 'પુંસાં ક્લિકૃતાન્ દોષાન્ દ્રવ્યદેશાત્મસંભવાન્ સર્વાન્ હરતિ ચિત્તસ્થો ભગવાન્પુરૂષોત્તમઃ, વિદ્યાતપઃપ્રાણનિરોધ મૈત્રીતીર્થાષેકવ્રતસદાનજપ્યૈઃ નાત્યંન્તશુદ્ધિં લભતેન્તરાત્મા યથાહૃદિસ્થે ભગવત્યનન્તે' (ભાગ.૧૨/૩/૪૫–૪૮) અર્થ : કલિયુગમાં કરેલા (મનુષ્યોના) બધા દોષો– દ્રવ્ય, દેશ, કાલ વગેરે પ્રકારના જે (મનુષ્યોથી) પોતાથી થવાનો સંભવ છે તે બધાને ચિત્તમાં (મનમાં) રહેલો ભગવાન પુરૂષોત્તમ દૂર કરે છે. અન્તરાત્મા વિદ્યાથી, તપથી, પ્રાણના નિરોધથી, મૈત્રીથી, તીર્થસ્નાનથી, વ્રતથી, દાનથી, જપથી કે બીજા કોઈ સાધનથી સંપૂર્ણ શુદ્ધિને મેળવતો નથી જેટલો હૃદયમાં ધારણ કરેલા અનંત એવા ભગવાન દ્વારા પ્રાપ્ત કરે છે.

—ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૭૬. નળ કુબેરની ભક્તિની માગણી

શ્રીઠાકોરજીને દેહ વડે મન રાખીને દંડવત્ કરે, તો પોતે તેનો ભોગ કરે, અંગીકાર કરે. જે હાથ જોડીને 'શ્રીકૃષ્ણાય નમઃ' કહે, તેનું અંતઃકરણ પોતે પ્રભુ શુદ્ધ કરે છે. નામે કરીને શ્રીઠાકોરજીના ચરણમાં માથું મૂકીને દંડવત્ કરે, તો પોતાના લોકમાં રાખે.

વળી નળકુબેર શ્રીપ્રભુ પાસે માગે છે કે, અમને હાથ આપો કે જેથી અમે તમારી ટહેલ કરીએ, સેવા કરીએ, અમને મોં આપો, એટલે અમે રાત દિવસ તમારા કીર્તન કરીએ. વળી કીર્તન કરતા થાકીએ નહીં, ને ઉત્સાહ એટલો ને એટલો રહે. આઠે પહોર કીર્તન જ કરીએ, કાને આઠે પહોર તમારા જશ સાંભળીએ, જશ સાંભળતા કાન થાકે નહિં. મન એમનું એમ રહે, સદા પ્રફુલ્લિત રહે. વળી પગ તમારા દર્શન કરવા દોડે. આંખ તમારું રૂપ જ જોયા કરે. વળી આવતાં જતાં ભગવત્સ્વરૂપ જોતો રહે, ને દંડવત્ કર્યા જ કરે. નાક પ્રસાદી સુગંધ સૂંઘ્યા કરે, મન સદા તમારું ધ્યાન ધરે, ધ્યાન કરતાં થાકે જ નહિં. એવું પ્રભુ પાસે નળકુબેર માંગે છે.

ત્યારે પ્રભુ કહે છે કે, તમે અહીં આ રહો. ત્યારે બેઉ કહે છે કે, અમે અહીં રહેવા યોગ્ય નથી, માટે આ માગ્યું એટલું આપો. તમારા ભક્તોમાં રહીને સેવા સ્મરણ કીર્તન કર્યા કરીએ.

જે વેળા ભગવદીય ભગવદ્‌વાર્તા કરે, ભગવાનનાં કીર્તન ગાય, તે વેળા તો ભગવદીય પાસે ઉભા રહીએ, જે વેળા બીજી વાત કરે, તે વેળા જીવ પોતે છે, ને ભગવાન નહિં.

સંસાર પણ ખરો, ને ભક્તિ પણ ખરી, ત્યાં સુધી અવતાર છૂટે નહિં. જ્યારે પ્રભુ ઉપર પૂર્ણ સ્નેહ આવે, ત્યારે સંસારનો લેશ પણ રહે નહિં. આઠે પહોર પ્રભુ વહાલા લાગે. એકજ ચિંતા રહે કે, હું તો સંસારમાં ડૂબ્યો છું. પ્રભુનો દાસ થવાનો લાભ ક્યારે મળશે? સંસારમાં અરુચિ થાય, ને પ્રભુ પર ભાવ થાય, ત્યાર પછી પ્રભુ પામવાની વાત પણ છે. ૭૬.

ભગવત્સેવામાં ઉપયોગી તન—મનની શુદ્ધિ—પવિત્રતા માટેનો બીજો મુખ્ય આચાર—અસ્પર્શ (અપરસ) !

શરીરની શુદ્ધિ—પવિત્રતા— દૃષ્ટિએ સ્નાન તો ભારતીય ધાર્મિક—સંસ્કૃતિમાં સ્વાભાવિક આચાર છે. સ્વાસ્થ્ય તો તેમાં ગૌણ રીતે ઘસડાતું આવે છે. તેમાં પણ અનેકવિધ ઉદ્દેશોથી અનેકવિધ સ્નાન—પ્રકાર છે, —આશૌચ— સ્નાન, તીર્થસ્નાન, હેમાદ્રિસ્નાન વિગેરે; તે બધા સ્નાન તો દેહશુદ્ધિ માટે કે લૌકિક—પારલૌકિક— ફલના લાભ માટેનાં છે. પુષ્ટિભક્તિમાર્ગમાં સ્નાન પણ ભગવત્સમર્પિત થાય છે, ભગવાનની સેવા માટે સ્નાન કરવામાં આવે છે, તેથી તેમા પ્રસાદી—જલ નથી વપરાતું !

સ્નાન જ પ્રભુ માટે સમર્પિત હોવાથી તેમાં દોષ નથી. પુષ્ટિ—ભક્તોનું તો જીવન પણ કૃષ્ણસમર્પિત જ હોય. સઘળો જીવન—વ્યવહાર પણ તે તો પ્રભુ—સેવા—બુદ્ધિથી પ્રભુ—પ્રસન્નતા માટે જ કરતા હોય.

કૃષ્ણ—સેવાના ઉદ્દેશથી થતું સ્નાન 'અસ્પર્શ' કહેવાય છે, અપભ્રંશ છે— 'અપરસ' તેની સાચી સમજ ન હોવાથી લોકો પ્રાયઃ તેનાથી ડરીને—ડગીને—સેવાથી દૂર ભાગે છે! બીજે ન અડકવું— તેટલું જ

અસ્પર્શનું કાર્ય સમજીને, તે ન પળાય તેમ વહેમથી પીડાય છે ! નાના—મોટા સૌને મૂંઝવી મુકતી લાગે છે— આ અપરસ ! પરંતુ તેનો સાચો અર્થ સમજીએ તો આ અસ્પર્શ આવકાર્ય અને આદરણીય થશે. લોકોને ન અડકવાના ઉદ્દેશથી તો અસ્પર્શ કરવામાં આવતી નથી, પણ કૃષ્ણને અડકવા માટે કરવામાં આવે છે.

'અ' —કૃષ્ણ, 'સ્પર્શ'—અડકવું તે. જે પવિત્ર સ્થિતિમાં સદાનંદ—પ્રિય—કૃષ્ણને અડકવાનો લાભ મળે, તે 'અસ્પર્શ'! પછી તેમાં સ્વાભાવિક થઈ જાય છે,— લોકોનો કે અપવિત્રનો કે ભગવત્સંબંધ—રહિતનો, 'અ'— નહિં, 'સ્પર્શ'— લોકો—વગેરેનો સ્પર્શ નહિં; ભગવાન શ્રીકૃષ્ણનો સ્પર્શ જે પવિત્રતાથી પ્રાપ્ત થાય તે 'અસ્પર્શ' છે.

અકળાવતી—મુંઝવતી અસ્પર્શ, આમ સાચી રીતે સમજાતાં તો આનંદ—ઉત્સાહ— મધુરતા દેતી થઈ જાય. જરૂર છે— ખોટા દષ્ટિકોણથી ઘેરાઈ જવાને બદલે, સાચા દષ્ટિકોણથી સમજીને યથાર્થ આચરણની !

'અપરસ' જ વિચારીએ— તો 'અપ—પરિવર્જને'થી ત્યજાઈ ગયો છે, છૂટી ગયો છે, લૌકિક—વિષય—રસ જેમાંથી તે 'અપરસ'. તનની અપરસ આપ સ્નાનાદિથી થાય, મનની અપરસ ભગવદ્—રત રહેવાથી થાય. તન જેમ બાહ્યસ્પર્શથી છુવાય, તેમ મન પણ લૌકિક—આવેશોથી—કામ—ક્રોધથી છુવાય; તન—મન ભગવત્સંબંધ વગરનાં બને તો અપરસ છુવાય. તન—મન ભગવત્સંબંધને યોગ્ય બને તે 'અસ્પર્શ' છે— 'અપરસ' છે.

[પુષ્ટિ—પુલિનમાંથી સાભાર]

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

ક્રોધી ગુરૂ તો નૃસિંહજી, કામી હોય તો કૃષ્ણ કહીયે;
લોભ દાખવે તો વામનજી, પણ હરિ સાચા એ લહિયે.
લહિયે એ પાખે દાખે જો કુકૃત્ય, તો પણ માનિયે એ થકી ગત્ય.
જેણે સોંપી આપ્યા જગદીશ, તેનો ઋણી સદા તે શિષ્ય.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૬૮)

વિવેચન : આ ચંદ્રાવળામાં કવિશ્રી ગુરૂપદને સંભાળી રાખવા માટે જુદા જુદા લક્ષણો બતાવી શાસ્ત્રોક્ત રીતથી સમજાવે છે. કદાચ આવા દોષો પણ તેનામાં જોવામાં આવે તો પણ શ્રદ્ધા ટકાવી રાખવી.

'સાચી પ્રિત દુઃભવે નહીં ટૂટે'

આ વાક્ય મુજબ જેને સાચી પ્રિત છે, તે અપરાધથી પણ ટૂટતી નથી. સાચી પ્રિત તેનેજ કહી શકાય કે હજારો અવગુણો જોવા છતાં પ્રિત ટુટે નહીં. આવું બનવા જોગ છે કે કોઈવાર આપણને તેની કરણી અને કથનીમાં ફેર દેખાય. બીજા નાના મોટા દોષો દેખાય, ત્યારે ભાવના ભંગ થઈ જાય તે માટે સજ્જડ પુરાવા અત્રે દીધા છે કે—

જો ગુરૂમાં આપને ક્રોધનું સ્વરૂપ દેખાય તો નૃસિંહજી માનવા. નૃસિંહજીને ક્રોધ જરૂર હતો પણ તે મર્મને જાણવાવાળા ન હોય તો ભગવાનને ક્રોધી જ કહે. કોઈ એવી અસહ્ય વસ્તુ બને ત્યારે જ આવો ક્રોધ આવે છે, તેમ માની ગુરૂ ઉપર દોષ લાવવો નહીં. ક્યારેક ગુરુને કામાવેષ જોવામાં આવે તો, કૃષ્ણના રૂપે માનવા. કેમકે પ્રભુ સર્વ સામર્થ્ય છે, સર્વ રીતે કામના રહીત છે, છતાં ભક્તો પાસે કામતુર સ્વરૂપ બતાવે તો પણ અભાવ આવતો નથી, તેવું ગુરુનું માનવું.

કુમારિકા કામ કલા વિસ્તારી

કુમારિકાને પણ કામ કલાનાં વિસ્તાર કરવાવાળા આવું મહાપ્રભુજી ગીરીરાજ ધારીમાં લખ્યું છે. ગોપીનાં કામવર્ધક આ વાક્ય પણ તેવું જ છે. પ્રભુ જેમ નિરપેક્ષ હોવા છતાં ભક્તો પાસે અપેક્ષા રાખે છે, તેમ ગુરુનું સમજવું. જેથી અભાવ આવે નહીં.

જો ગુરુ લોભપણું બતાવે તો વામનજીનું સ્વરૂપ માનવું. જેણે ત્રણ પગલાં પૃથ્વી માગીને લોભવૃત્તિથી શ્રીઅંગ વધારી દીધું, બલીરાજાનું રાજ્ય, આખું સ્વર્ગ, મૃત્યુ, દાનમાં લઈ દીધું, જેણે સંકલ્પ કરતાં જ કપટ કરી શરીર વધાર્યું તે લોભીજ ગણાય. આગળ પણ કહે છે કે રાજા મારું ત્રીજું પગલું હવે ક્યાં મૂકું ! આટલું લીધું તો પણ સંતોષ ન થયો, ત્યારે રાજાએ આત્મસમર્પણ કર્યું અને પગલું પૂરૂં કર્યુ. પાતાળમાં રાજાને મોકલ્યો, આટલું થયું છતાં રાજાને જરાપણ અભાવ ન આવ્યો. ઉપરાંત દાસ બનીને જ રહ્યો. આ દ્રષ્ટાંતથી લોભીરૂપ ગુરુનું દેખાય ત્યારે વામનરૂપ માનવું.

ગુરુ પ્રત્યે સાચી પ્રિત શ્રદ્ધા રાખવાથી તેમનાં વિરુદ્ધ કૃત્યો જોવાય છતાં તેને પણ સુકૃત્યમાં માની લેવાય છે, કેમકે સાચો સ્નેહ છે. અવગુણો જોવા છતાં અશ્રદ્ધા ન થાય તેવો દ્રઢ વિશ્વાસ ગુરુમાં રાખવો. મનમાં જાણવું કે ગુરુનાં કર્તવ્યને હું મારી બુદ્ધિથી કેમ તુલના કરું, તેનું કર્તવ્ય તે જાણે મારા માટે પૂજનીય જ છે.

જે ગુરુએ શરણે લઈ અજ્ઞાનરૂપી અંધકારથી બચાવ્યા છે તે ગુરુનો શિષ્ય તો સદાને માટે ઋણી જ છે. આવું માનીને ગુરુનાં અવગુણો ન જોતાં ગુણો જ જોવા અને તેમાં શ્રદ્ધા રાખવી. સાચા ભક્તો તો સંસારી કોઈ ગુણનાં ઉપર જો કોઈ અવગુણ કરે છે છતાં દુઃખ માનતા નથી, ત્યારે આ તો ગુરુપદ છે, તેની શ્રેષ્ઠતા વિચારી મનથી દોષરહિત બનવું.

કોઈ દૈવ યોગે એવો કોઈ વિપરિત પ્રસંગ બની જાય, તો પણ તથૈવ તસ્યૈવ લીલેતી, આમ માની શ્રદ્ધા રાખવી.

આપણે ભગવદ્ અવતારોમાં કામી, ક્રોધી, લોભી વિગેરે વાંચીયે છીએ, સાંભળીએ છીએ, છતાં અભાવ આવતો નથી. કપટરૂપ જુઓ, સમુદ્રનું અમૃત ભગવાને દેવતાને પાયું, રાક્ષસો ફાંફા મારતા રહી ગયા. જોકે મહેનત તો બધાયે કરી હતી. સમુદ્રમાંથી લક્ષ્મીજી નીકળ્યા, ચંદ્ર નીકળ્યો, આવી સારી સારી વસ્તુઓ દેવતાઓએ જ લીધી છે. કપટ તો ખરું જ. છતાં ભક્તો તેને લીલા માની યશોગાન કરે છે, તેમ ગુરુને માની દોષ મનમાં લાવવો જ નહીં.

પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ જીવની કરણી સામે જોયું નથી. શ્રીગુસાંઈજી શરણ આવે તેહી તારે– જે જન, તે મુજબ કોઈ શરણે આવ્યા તેનો ઉદ્ધાર કર્યો. મનુષ્યોમાં તો શું પક્ષીયોમાં હંસ હંસની, કબુતર કબુતરની જુઓ વાર્તા ૨૫૨ માં પક્ષી યોનિમાં પણ ભગવદ્‌ભક્તના ગુણો તેમાં પ્રસર્યા છે. ગુરુ સિવાયે આવું કોણ કરી શકે ?

કબુતર અને કબુતરી શ્રીગુસાંઈજીના સેવક હતા. જે કોઈ વૈષ્ણવ આવે તેની પાસે આવી બેસતા. ભગવદ્ વાર્તા સાંભળતા. પૂર્વમાં કોઈ એક રાજાને કોઢ નીકળ્યો, ત્યારે વૈદ્યે બતાવ્યું કે કબુતરનું રૂધિર લગાવો તો મટી જાય. આથી પારધીને બોલાવી તેને આ કામ સોંપ્યું. તેણે જોયું કે વૈષ્ણવો પાસે આ પક્ષીઓ એની મેળે આવે છે, પકડવાની તકલીફ જ નહીં રહે. તેથી તેણે વૈષ્ણવનો વેશ પહેર્યો, ત્યાં જઈને બેઠો. આને જોતાં જ બંને પક્ષી ત્યાં આવીને બેઠા. પારધીએ બંને પકડીને રાજાને આપી દીધા. પિંજરામાં પૂર્યા ત્યારે કબુતરી પૂછે છે કે આપણને અહીં શા માટે લાવ્યા છે, ત્યાર કબુતરે કહ્યું કે વૈદ્ય મુર્ખ છે. આપણી વિષ્ટા લગાડે તો તુરત કોઢ મટી જાય. આ વાત રાજા સાંભળી રહ્યો હતો. તેણે વિષ્ટા લઈ ચોપડી ત્યાં કોઢ મટી ગયો. તેથી બંને પક્ષીને છોડી મૂક્યા. ગુરુ કૃપાથી ગોવિંદ પ્રભુએ આવી રીતે ભક્તોને બચાવી લીધા. શરણે આવ્યા તો આવું જ્ઞાન તેને પ્રાપ્ત થયું, માટે જ કવિ કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૬૮)

—ક્રમશઃ

|| શ્રીહરિઃ ||

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

– ગતાંકથી ચાલુ

૪. શ્રીમહાપ્રભુજીના સમયે દેશનું વાતાવરણ

તે સમયે દેશના સૌભાગ્ય સૂર્યનો અસ્તકાળ સમય હતો. અને હિન્દુ જનતાની ધાર્મિક નાવ જીર્ણ અવસ્થામાં ડૂબવામાં હતી. તે સમયે રાજ્યમાં, સમાજમાં, ધર્મમાં અને રીતિ નીતિમાં એક પ્રકારનો ભયંકર વિપ્લવ મચી રહ્યો હતો. બધા લોકો પોતાના દેહાદિક સુખસાધન તથા પોતાના સુખમાં રચ્યા પચ્યા હતા. કોઈ કોઈનું સાંભળતું ન હતું. અને કોઈ કોઈને કહેવાની હિંમત કરતું ન હતું. સમગ્ર દેશ પર પશુબલ છવાઈ ગયું હતું અને જરા નાની વાતમાં તલવાર ખેંચાતી. તે સમયે હિન્દુ સમાજની દશા અત્યંત દયાજનક હતી. મુસલમાન લોકો એક હાથમાં તલવાર અને બીજા હાથમાં કુરાન લઈને ફરતાં હતા. અને વિવિધ વિધિઓથી હિંદુઓને મુસલમાન બનાવતા ફરતા હતા. હિન્દુ સમાજ તે વખતે નેતા વિહોણો હતો. ન તો કોઈ ધાર્મિક નેતા મળતો તો કે ન તો સામાજીક નેતા મળતો હતો. તે સમયે એક સારા ધાર્મિક નેતાની તાતી જરૂરિયાત હતી. કે જે હિન્દુ ધર્મની ડૂબતી નાવને સહીસલામત પાર ઉતારે. હિન્દુઓની દશા તે સમયે આસન્ન મૃત્યુરોગી જેવી થઈ ગઈ હતી કે જેઓ પીયૂષપાણી વૈદ્યરાજને મળવા માટે અત્યંત ઉત્કંઠિત હતા.

અનેક તરફ અશાંતિનું રાજ્ય ફેલાઈ ગયું હતું. પરંતુ આવી અશાંતિમાં લોકોએ એકાએક શાંતિનો આવિર્ભાવ થતો જોયો. લોકોના જોવામાં આવ્યું કે દીર્ઘકાલની પ્રતિક્ષા પછી અત્યંત તેજસ્વી મહાપુરૂષ તેમના દુઃખોનો પ્રતીકાર કરવા માટે આવી રહ્યા છે. દૂરથી જોતાં એક સાધારણ મનુષ્ય દેખાતા હતા પરંતુ તેમાં પોતાના તેજબળથી અમાપ શક્તિ હતી. અને આ હતા શ્રીમદ્વલ્લભાચાર્ય. આપના શુદ્ધાદ્વૈત વાદે પોતાના વિશ્વબંધુત્વનો સંદેશ સાથે, એકતાની પ્રણાલિકા આધાર પર, હિન્દુ જાતિ જે જુદા જુદા વિખેરાયેલા અંગો જેવી હતી તેમાં સંઘશક્તિ સ્થાપીને એક ઉચ્ચ અને પરમ પુનિત આદર્શ પ્રકટ કર્યો જેનાથી હિન્દુ જાતિમાં સંજીવની શક્તિ આવી. કોઈ નવી વસ્તુનું નિર્માણ કરવામાં કાર્યકુશળતા જોઈએ છીએ. તો બગડી ગયેલી પરિસ્થિતિને સુધારીને નવેસરથી કરીને ઉપયોગ લાયક બનાવવા માટે વધારે કાર્યકુશળતા જોઈએ છીએ. ભગવાન શંકરાચાર્યે જ્યારે સમસ્ત જગત વ્યાપિ થયેલ બૌદ્ધ ધર્મને મુલછેદન કરીને સનાતન ધર્મના બીજને પુનર્જીવીત કર્યુ હતું ત્યારે, ભગવાન શ્રીવલ્લભાચાર્યજીએ મૃતપ્રાય થયેલ હિન્દુ જાતિના ધર્મને અપૂર્વ સંદેશો આપીને સંજીવની બૂટીથી જીવિત કરી દીધો હતો તેમાં આશ્ચર્યની વાત નથી. નવજાત બાલકને મોટું કરવું સહેલું નથી. તો મૃતપ્રાય મનુષ્યોના વિકારોને દૂર કરી નિરોગી બનાવી દેવા એ કોઈ સરળ વાત ન હતી. શ્રીમહાપ્રભુજીએ અવતાર ધારણ કરીને આ જાતિનો રોગ દૂર કર્યો હતો. નહીં તો ખબર નહીં કે આટલા વિકટ સમયમાં આ જાતિ કઈ કક્ષાએ પહોંચી જાત ? તે સમય એટલો ભીષણ હતો કે તે સમયનું ચિત્ર આપે ‘કૃષ્ણાશ્રય’ ગ્રંથમાં નિરૂપણ કર્યુ છે. આપે સ્વયં લખ્યું છે. તેથી તે સમયની પરિસ્થિતિનું જ્ઞાન આપણને થાય છે. આપે લખ્યું છે ‘લોકોએ પાપ અને પાખંડનો આશ્રય લઈને ઈશ્વર પ્રાપ્તિના સર્વ માર્ગોને નષ્ટ કરી ચૂકયા છે. આવી સ્થિતિમાં જીવની રક્ષા ભગવાન શ્રીકૃષ્ણ સિવાય કોણ કરી શકે તેમ છે ? માટે શ્રીકૃષ્ણનું જ શરણ મને થાય. દેશમાં સર્વત્ર મુસલમાનોનો અત્યાચાર થઈ રહ્યો છે તથા પાપની પ્રવૃત્તિ ધીમે ધીમે વધતી જાતી હતી તે સમય સજ્જનો માટે મોટા

દુ:ખરૂપ હતો. પરંતુ પ્રતિકાર માટે પણ કોઈ રસ્તો દેખાતો ન હતો એટલા માટે એમણે પણ ભગવાન શ્રીકૃષ્ણનોજ ભરોસો કરવો પડે છે.

ગંગા આદિ તીર્થોને પણ મુસલમાનોએ ભ્રષ્ટ કરી દીધા હતા. પવિત્ર તીર્થોના નામ પણ બદલી નાંખવામાં આવ્યા હતા. કાશીને બનારસ તથા પ્રયાગને અલ્લાહાબાદ નામ આપવામાં આવ્યા છે તેથી તીર્થોના દેવતા પણ મુસલમાનોનો અત્યાચારને જોઈને પોત પોતાના ધામમાં ચાલ્યા ગયા છે એવા સમયમાં ભગવાન શ્રીકૃષ્ણ એક જ રક્ષા કરે તો કરે નહિંતો તેના સિવાય આપણા કોઈ રક્ષક જ નથી. આટલી દુર્દશાથી આગળ ઉપર જતાં જોવામાં આવતું કે સારા સજ્જન મનુષ્યોમાં ખૂબ અભિમાન આવી ગયું હતું. અને મ્લેચ્છોની આજ્ઞા અનુસાર રહેવું પડતું હતું. અને લોકો પોતાની જાતને અલગ જુથના સમજીને લોકો ઉપર અત્યાચાર કરતા હતા. તે સમયે આપણી રક્ષા શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઈ રક્ષા કરી શકે તેમ ન હતું. ઘોર કળીયુગની શરૂઆત થઈ ચૂકી હતી.

લોકોના મનમાંથી પૂણ્ય, જપ, તપ, વ્રત, હોમ, સ્વાધ્યાય કરવાની વૃત્તિ નાશ પામી હતી. અને પાખંડે પોતાનું સામ્રાજ્ય ફેલાવી દીધું હતું. આવી પરિસ્થિતિમાં 'ભગવાન શ્રીકૃષ્ણ એજ મારી ગતિ હો'

જુઓ તે સમયે દેશકાલ સ્થિતિનું કેટલું માર્મિક યથાર્થ ચિત્ર હતું. અને કેટલા વેદનાપૂર્ણ અને દીનતાયુક્ત શબ્દો છે. આ ચિત્રને આપની સામે એટલા માટે મૂક્યું કે તે ઉપરથી અનુમાન કરી શકાય કે તેવા કઠિન સમયમાં શ્રીમહાપ્રભુજીએ પોતાના બ્રહ્મવાદનું સ્થાપન કર્યુ. તે સમયે મધ્યદરીયે ડૂબતી જનતાના નાવને ભગવદ્ વદન કમલ અવતાર સિવાય કોણ પાર પાડી શકે તેથી કરીને ભૂતલ ઉપર પધારવાનું કષ્ટ આપે ઉઠાવ્યું અને જનતાને ભગવાન શ્રીકૃષ્ણનો પ્રેમભક્તિ માર્ગ બતાવ્યો.

આચાર્ય – પ્રાદુર્ભાવ

(કવિતા)

૧.

એસા થા અવતાર ભૂમિ પર–
મરણાસન્ન તૃષાર્ત મનુજ કો પય પૂરિત સર પ્રાપ્ત હુઆ ।
દારૂણ પીડા જનકો ધન્વન્તરિ સમ પ્રાપ્ત હુઆ ॥
ઉત્કટ યોગભ્યાસી નર કો ઈચ્છિત વર સમ પ્રાપ્ત હુઆ ।
ઉત્કટ વિરહી ગોપીજનકો માધવ સાક્ષાત્કાર હુઆ ॥

૨.

દુ:ખરાશિ કે મેઘ હટા કર સુખસૂરજ સમ ઉદિત હુઆ ।
ચિર ઉત્કંઠિત ચાતક મનકો અપના પ્રણયી વિદિત હુઆ ॥
રાહુ ગ્રસિત ઉસ પૂર્ણ ચન્દ્રકા માનોં અભ્યુત્થાન હુઆ ।
ભક્ત જનોંકા પ્રેમ ઉદધિ અબ મિલને કો યોં ઉમડ પડા ॥

૩.

અતિ ભીષણ સ્વપ્નોંસે વ્યાકુલ મન થા જગકા ડરા હુઆ ।
અતિ મનમોહક કૃષ્ણ ચિત્ર કોં દેખા તબ વહ શાંત હુઆ ॥
અતિ કષ્ટોંસે જર્જર તનુમેં નવ રસકા સંચાર હુઆ ।
અતિ દરિદ્ર ભૂખે ઈસ તનુકો ઉત્તમ ભોજન પ્રાપ્ત હુઆ ॥

૪.

કૃપણોંને કાર્પણ્ય દોષ કો સત્વર મનસે ભુલા દિયા ।
અલસોંને આલસ્ય દોષ કો અપને તનુસે વિદા કિયા ॥
વીર વરોને અપની અસિ કો ક્ષણ ભરકો વિશ્રામ દિયા ।
ધ્યાન મગ્ન 'વ્રજનાથ' સબોનેં ક્ષણકો ધ્યાન બિસર ડાલા ॥

–ક્રમશ:

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૭૦

શ્રીયમુને મહિમા અતુલ તિહારી;
હરિ પદ પુંડરીકજા ગંગા સદા શ્યામ કો પ્યારી. ૧
વાંછિત ફલ પ્રદકૃત મજ્જન હી ભક્તિ મુક્તિ સુખદેની;
મહાપાપ ટારનિ અદ્‌ભુત ગતિ ભરી પ્રેમ રસ એની. ૨
યહ સબ કૃપા તિહારી ભાનુજા તુમ સમાન નહિં કોઈ;
પૈ ઈક સિંધુ સુતા સમતા લખિ ઉપમા સમુઝિ સો ગોઈ. ૩
સરલ સ્વભાવ કલહ હરની તુમ નિરમત્સર બ્રજગોપી;
કલહરૂપ ઈન્દરા જહાં જહાં તુમ સબહી વિધિ ઓપી. ૪
કૃપા કટાક્ષિ હોઈ યહ માંગોં સેવા સુમિરન દીજૈ;
'બલ્લભ' અતિ પ્યારી તુમ પિયકોં ઈતૌ ઔર યશ લીજૈ. ૫

ભાવાર્થ: શ્રીયમુનાજી આપની મહિમા કોઈથી તુલના પ્રાપ્ત ઉપમા આપી શકાય તેમ નથી. તેથી અતુલ મહિમાવાળા આપના સંગથી જ જે ભગવદ્ ચરણ પ્રક્ષાલનરૂપ શ્રીગંગાજી જે ભાગીરથી કહેવાય છે તે આપના સંગમથી વૈભવવાળી બનેલ છે. ભક્તિ અને મુક્તિ પણ આપી શકે છે એવું સામર્થ્ય તેમને પ્રાપ્ત થયેલ છે. અદ્‌ભુત ગતિને ધારણ કરાવી પ્રેમરસનું પાન કરાવી શકે છે. તે બધું આપની કૃપાનું ફળ છે.

હે સૂર્યપુત્રી આપનાં સમાન બીજું કોઈ આપનું સામર્થ્ય ધરાવી શકે તેમ નથી. સિંધુ—સુતા લક્ષ્મીજીને ઉપમા દેવા ચાહું તોપણ ઓછી પડે છે. આપનો સરલ સ્વભાવ ક્લેશને હરણ કરવાવાળો હોઈને વ્રજવર કુમારિકાની કામના પૂર્ણ થઈ કલહરૂપી ઈન્દીરા પણ સદા વ્રજમાં વાસ કરીને રહી. જ્યાં જ્યાં પ્રભુએ વ્રજમાં લીલા કરી ત્યાં ત્યાં સાથે રહીને સર્વ સ્થાન વિધિથી પ્રકાશરૂપ ઓપી રહ્યા છે. એવા પરમ કૃપાળુ મારા ઉપર આપની કૃપાકટાક્ષ થાય એવું હું માગુ છું તો જ મને સેવા અને સ્મરણ પ્રાપ્ત થાય. દાસ વલ્લભ હું માંગુ છુ કે પ્રિતમની પટરાણી છો તેથી આટલો શ્રમ મારા માટે કરો કે જેથી આજ સુધીના યશનો એક વધારો થશે. આજ સુધી અનેક યશ મેળવ્યા છે તેમાં થોડો વધારો થશેને મારું કામ થશે. હું પણ એજ ચાહું છું કે આપના યશમાં વધારો થાય. ૭૦

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ૫૦૧/— ગો.વા. દેવકોરબેન મુળજીભાઈ દાવડા મુંબઈના જય શ્રીકૃષ્ણ.
૨. ૫૦૧/— ગો.વા.અ.સૌ વૃજીબેન શંભુભાઈ લાખાણી અમદાવાદના ભગવત્સ્મરણ.
હસ્તે વી. એસ.લાખાણી, ડોમ્બીવલી

ગો. શ્રીહરિરાયજી કૃત

દાન લીલા

લેખક : પ.ભ. જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ" સાવલી

—ગતાંકથી ચાલુ

શ્રીનંદબાવાનું રાજ એટલે શ્રીનંદરાજકુમાર માલ ઉપર દાન માગી શકે પણ એવા દાનમાં અને આ દાનમાં તો ફેર છે. આ દાનની લીલા એ તો પુષ્ટિલીલા છે. ભગવાનના અનુગ્રહની લીલા છે. એટલે જ પુષ્ટિ પુરુષોત્તમ શ્રીસ્વામિનીજીને કહે છે કે તમે નવીન વય પ્રાપ્ત નવીન ભૂષણ ધારણ કરેલ અંગવાળા નવ નાગરી છો. એટલા માટે જ અમે પણ આ નવી રીત ચલાવી છે. આ નવીન પ્રકારનું દાન માગી રહ્યા છીએ. અને એથી તો 'નયૌં બન્યૌં યહ રંગ' વાતાવરણમાં આ નવીન રસ રંગ વિલસી રહ્યો છે.

'છેડછાડ' ની ભાવનાવાળા લાલાને પછી વાત બદલીને શ્રીરાધિકાજી શ્રીસ્વામિનીજી કહે છે—

ચંચલ નૈન નિહારિયે અતિ ચંચલ મૃદુ બૈન,
કર નહિ ચંચલ કીજિયે તજી અંચલ ચંચલ નૈન
મોહન! જાન દે

હે! ચંચલ નયનવાળા આમ ચંચલ નયનથી ભલે નિહાળો અતિશય ચંચલતાયુક્ત મધુર વચનો ભલે ઉચ્ચારો પરંતુ આમ શ્રીહસ્તની ચંચલતાથી તો દૂરજ રહો અને મારો અંચલ મૂકી દો.

પણ શ્રીકૃષ્ણ તો જાણે કશું સાંભળતા જ નથી. પ્યારીજીનાં સર્વ કમનીય કોમલ અંગો પર સુધા સ્નિગ્ધ દ્રષ્ટિપાત કરતાં સર્વ અભિલાષાઓના અર્કથી પરિપૂર્ણ એવા વચન તેઓ ઉચ્ચારે છે.

સુંદરતા સબ અંગ કી બસન નિરાખી ગોઈ
નિરખિ નિરખી છબી લાડલી મેરૌ મન આકર્ષિત હોઈ
નાગરી! દાન દે.

આમ, કહીને તેઓ સરસ ભ્રૂભંગિમાંથી સ્વામિનીજીના નેત્રોમાં પોતાના નેત્રો પરોવી દેછે. સ્વામિનીજી ભલે એકરાર કરતાં નથી પણ એમની દશા પણ કૃષ્ણ જેવીજ છે. પરંતુ તે વાણી તો જુદી જ કાઢે છે.

સૂધેબચનન માંગિએ લાલન! ગોરસ દાન
ભ્રૌંહન ભેદ જનાઈ કે મોસો કહત આનકી આન
મોહન! જાન દે.

હે લાલા! ગોરસ દાન માગવું જ છે તો તે સરલ અને નિશ્છલ વાણીમાં સીધી રીતે માગો. આમ ભ્રૂભંગીઓના રૂપકે ભેદ દર્શાવીને તો તમે મારી પાસે જાણે કશી જુદી જ વાત કરી રહ્યા છો.

કૃષ્ણ જાણી ગયા છે કે શ્રીરાધિકાજી બધું સમજે છે જ. પોતાની જેમ એના હૃદયની કમનીય કલિકા પણ પ્રેમાવૃત થઈ વિકસિત બની ગઈ છે તો પછી એ આવું અવળું શાને બોલે છે? પ્રેમની વાતમાં તો નિખાલસ બનવું રહ્યું. લાલને કહ્યું.

જૈસી કછુ હમ કહત હૈ ઐસી તુમ કહિ લેહુ
મન માને સો કીજિયે, પરિદાન હમારૌ દેહુ
નાગરી! દાન દે.

હે નાગરી! નિખાલસ બની રહો. જેવું અમે કહીએ છીએ તેમ તમે પણ નિખાલસપણે સ્પષ્ટ કહો. તમારા મનમાં જે આવે તે કરવાની તમને છૂટ છે. પણ મારું ઈચ્છિત દાન તો તમારે આપવું જ પડશે.

શ્રીરાધિકાજી હજી નિખાલસ બનતાં નથી. તે તો કહે છે—

કહા ભરે હમ જાતિ હૈ દાન જો માગત લાલ?
ભઈ અવાર ઘર જાન દે સો છાંડિ અટપટી ચાલ
મોહન! જાન દે

હે લાલા! મારી પાસે એવું તે શું છે કે એનું તું દાન માગે છે? અને જો, આજ ખુબ મોડું થઈ ગયું છે અને મારી આ મટુકીમાં કશુંજ નથી માટે જવા દે. શું ? નહીં જવા દે? ના, ના જવા દે, જવા દેની લાલા!

પણ કૃષ્ણ ભોળા નથી. એ તો નટખટ છે. સાક્ષાત રસરૂપ છે. રાધાની પાસે શું શું છેતે તેઓ સારી રીતે જાણે છે. રૂપમાધુરીના એ રસિક પ્રેમી ઉઠાં ભણાવવાનાં પ્રયાસ કરતી પ્રિયતમાનાં સર્વ બહાના હસી કાઢે છે અને પછી મૃદુ હાસ્ય સહ બોલે છે.

ભરે જાત હો શ્રીફલ કંચન કમલ બસન સો ઢાંકિ,
દાન જુ લાગત તાહિકૈ તુમ દૈકર જાહુનિસાંકિ
નાગરી! દાન દે

ધન્ય જુગલ જોડી રસસ્વરૂપ શ્રીકૃષ્ણના ધીટપણાને તે કાંઈ અવધિ છે? રાધિકા રાણી જરા ઠાવકાં બનીને પછી કહે છે.

ઈતની બિનતી માનિએ માંગતી ઓલી ઓડિ,
ગોરસકો રસ ચાખિએ સો લાલન અંચલ છોડિ
મોહન! જાન દે
સંગ કી સખી ફિર ગઈ, સૂનિ હૈ કીરતિ માઈ
પ્રીતિ હીયેમેં રાખિયે સો પ્રગટ કિયે રસ જાઈ
મોહન! જાન દે

શ્રીસ્વામિનીજી લોકલજ્જાને સૂચિત કરીને પછી કહે છે કે હે લાલન! પ્રીતિ તો કરીએ પણ એને રાખીએ તો હૈયામાં જ. આમ એને પ્રગટ કરવાથી તો એનો રસ જતો રહે. આટલું કહી વળી તે કૃષ્ણને પટાવે છે.

કાલ્હિ બહુરિ હમ આઈ હૌં ગોરસ લૈ સબ ગ્વારિ,
નીકિ ભાંતિ ચખાઈ હૌં મેરે જીવન! હો બલિહારી.
મોહન! જાન દે

પણ શ્રીકૃષ્ણે તો એમની વાત હસીજ કાઢી. પ્રાણપ્રિયા સામેજ ઉપસ્થિત છે તો પછી કાલની વાતજ શા માટે? લાલાએ કહ્યું.

સુનિ રાધે નવ નાગરી, હમ ન કરેં બિસવાસ,
કરકૌં અમૃત છાંડિ કૈ કો કરૈ કાલ્હિકી આસ?
નાગરી! દાન દે
તેરો ગોરસ ચાખિવે કૌં મેરા મન લલચાઈ
પૂરન સસિ કર પાઈ કૈં સો ચકોર ન ધીર ધરાઈ
નાગરી! દાન દે

કૃષ્ણની આ વાત ઉચિત તો છેજ. એ ખોટું પણ શું કહે છે? હાથમાં આવેલું અમૃત છોડીને એવો હૈયા ફૂટયો કોણ હોય જે કાલની આશા ઉપર રહે? પૂર્ણ ચંદ્રને પ્રાપ્ત કર્યા પછી જ ચકોર ધીરજ રાખી શકે જ નહીં. આશામાં ને આશામાં ઘડીઓ ગણતાં ગણતાં આનંદપ્રદ અવસર ઉપસ્થિત થયો હોય. દર્શન લાલસાની લગની નિરંતર જાગૃત રાખ્યા પછી નયનનું અમૃત જો સહસા હાથ લાગ્યું હોય તો પછી ધીરજ રાખવાની વાત જ શી?

આ પછી કવિવરે અંકિત કરેલું આપણા હૃદયધનનું ચિત્ર તો અનુપમ છે. અદ્ભુત છે, અલૌકિક છે—

મોહન કંચન કલસિકા લીની સિરતેં ઉતારિ
શ્રમકણ બદન નિહારકે સોગ્વાલિનિ અતિસુકુમારિ
નાગરી! દાન દે
નવ બિંજના ગહિ લાલજૂ શ્રીકર દેત ઢુરાઈ
શ્રમિત ભઈ ચલો કુંજમેં નૈકુ પલોટું પાઈ
નાગરી! દાન દે

મનમોહન ભગવાન શ્રીકૃષ્ણે શ્રીરાધિકાજીના શિર પરથી ગોરસ ભરેલી કંચન કલસિકા ઉતારી અતિશય સુકુમારી શ્રીરાધાસ્વામિનીજીના મુખારવિંદ પર શ્રમકણ જોઈને પ્રેમસ્વરૂપ શ્રીકૃષ્ણે પોતાના પીતાંબરના છેડાનો નવીન વીંઝણો બનાવ્યો અને પછી તેના વડે શ્રીહસ્તથી પવન ઢાળતાં તેમણે કહ્યં— હે પ્રિયે ખૂબજ શ્રમિત થયા છો. કુંજમાં પધારો. આપની ચરણસેવા કરી દઉં.

એવામાં શ્રીરાધિકાજીની અંતરંગ સખી ત્યાં આવે છે. પ્રેમીયુગલના પ્રેમને પ્રશ્રય દેવાને કાજે, તેની અલૌકિક મર્યાદાને અક્ષુણ્ય રાખવાને વાસ્તે સખીઓના હાસપરિહાસની પણ આવશ્યકતા હોય છે. જીવનમાં પ્રાણ પુરવાને માટે નિત્યનિત્ય નવીનતા લાવવાને માટે સખીઓની મીઠી મજાકો પણ અનિવાર્ય છે. આવેલી સખી ધીટ એવા શ્રીકૃષ્ણને ઠપકો આપતાં કહે છે—

જાનત હૌ યહ કૌન હૈ ઐસી ઢીઠ્યૌ દેતિ?
કૃષ્ણ બોલ્યા— શ્રીવૃષભાન કુમારિ હૈ સખી તોહિં, બીચ કો લેતી?

હા, હા, સારી રીતે જાણું છું કે આ શ્રીવૃષભાન કુમારી શ્રીરાધા છે. પરંતુ હે સખી! તું અહીં કેમ આવી છે? તને અહીં કોણે બોલાવી છે?

—ક્રમશઃ

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

—ગતાંકથી ચાલુ

ઘણા લોકો કહે છે કે નારદ નામની જુદી જુદી વ્યક્તિ થઈ છે. તેમાં તેઓ સાત મુખ્ય માને છે. ૧. બ્રહ્માના માનસપુત્ર ૨. પર્વતઋષિના મામા ૩. વશિષ્ઠ પત્ની અરુન્ધતીના ભાઈ કે સત્યવતી નામની સ્ત્રીના સ્વામી ૪. અહીંનું ત્યાં કરીને આપસમાં લોકોને ભીડવી દેનાર ૫. કુબેરના સભાસદ ૬. ભગવાન શ્રીરામની સભાના આઠ ધર્મશાસ્ત્રીયોમાંથી એક અને ૭. જનમેજયના સર્પયજ્ઞના એક સભ્ય.

અહીં આપણે એ વિવાદમાં પડવાનું નથી કે નારદ એક હતા કે અનેક ? અને વિવાદ કરીને નિર્ણય કરવાની યોગ્યતા પણ આપણામાં નથી. હા, અમારી દષ્ટિએ તો અમને એકજ નારદ દેખાય છે જેમણે જુદા જુદા કલ્પોમાં અને યુગોમાં ભગવાનના યંત્રની હેસિયતથી જુદા જુદા કાર્ય કર્યા છે અને કરી રહ્યા છે. અહીં તો આપણે નારદજીના એ કાર્ય વિશે કંઈક કહેવું છે, જેનો સંબંધ ભક્તિ સાથે અને ખરેખર નારદજીનું આ મુખ્ય કાર્ય છે. સમસ્ત શાસ્ત્રોના સુપંડિત તથા સમસ્ત તત્ત્વોના જાણકાર અને ઉપદેશક હોવા છતાં પણ અંતમાં નારદજી ભગવાનની ભક્તિનો જ ઉપદેશ આપે છે. વાલ્મિકી, વ્યાસ, શુકદેવ, પ્રહલાદ, ધ્રુવ વિગેરે મહાન મહાત્માઓને ભગવદ્ ભક્તિમાં લગાડે છે, તેટલું જ નહીં પોતે વીણા હાથમાં લઈ બધા યુગો અને બધા સમાજમાં નિર્ભય અને નિશ્ચિંત થઈ સદા—સર્વદા ભગવાનના પવિત્ર નામોનું ગાન કરતા આખા વિશ્વના નર—નારીઓને પવિત્ર અને ભગવદ્મુખી કરતા રહે છે. આ ભગવાન શ્રીનારદે પોતાના બે કલ્પોના ચરિત્રનું કંઈક વર્ણન પોતે કર્યુ છે. ભાગવતમાં આ પ્રસંગ ઘણો જ સુંદર છે. પોતાના અને વાંચકોના મનોરંજન માટે તેનો કેટલોક મર્મ નીચે આપવામાં આપવામાં આવે છે.

દિવ્ય દષ્ટિવાળા મહર્ષિ વ્યાસજીએ લોકોના કલ્યાણ માટે વેદોના ચાર વિભાગ કર્યા. પાંચમાં વેદરૂપ નાના આખ્યાનોથી પૂર્ણ મહાભારતની રચના કરી પુરાણોનું નિર્માણ કર્યુ. આ રીતે બધા પ્રાણિઓનાં કલ્યાણમાં પ્રવૃત્ત હોવા છતાં પણ વ્યાસ ભગવાનને તૃપ્તિ ન થઈ. તેમના ચિત્તમાં પૂર્ણ શાંતિ ન થઈ, તેમને પોતાના અંદર કંઈક ખામીની પ્રતિતિ થતી રહી, ત્યારે તેઓ કંઈક ઉદાસ થઈને સરસ્વતી નદીના કિનારે બેસીને વિચારવા લાગ્યા, ‘મેં બધું કર્યું છતાં પણ મને પોતાની અંદર કંઈક અભાવના જેવો અનુભવ થઈ રહ્યો છે? શું મેં ભાગવત ધર્મોનું વિસ્તારથી નિરૂપણ નથી કર્યું ? કારણ કે ભાગવત ધર્મ જ પરમેશ્વર અને પરમહંસ ભક્તોને પ્રિય છે.’ તેઓ આ રીતે વિચારી જ રહ્યા હતા કે હરિગુણ ગાતા પ્રસન્ન વદન શ્રીનારદજી ત્યાં આવી પહોંચ્યા. આવકાર અને કુશળ સમાચાર પૂછયા— કહ્યા બાદ શ્રીવ્યાસજીએ પોતાની સ્થિતિ બતાવી દેવર્ષિને તેના માટે ઉપાય પૂછયો ત્યારે નારદજી કહેવા લાગ્યા— ‘હે મુનિવર્ય, આપે આપના ગ્રંથોમાં જે રીતે અન્યોન્ય ધર્મોનું વર્ણન કર્યું છે તે રીતે ભગવાનની કીર્તિનું કિર્તન નથી કર્યું તેથી આપના મનમાં ઉદાસી છવાયેલી છે. જે વાણીમાં— જે કવિતામાં જગતને પવિત્ર કરનાર શ્રીવાસુદેવના મહિમા અને કીર્તિનું વર્ણન ન કરવામાં આવ્યું હોય તે વાણી કે કવિતા, મૃદુ, મધુર અને ચિત્ર—વિચિત્ર પદોવાળી (કાવ્ય ગુણયુક્ત) હોવા છતાં પણ સાર અસાર જાણનાર જ્ઞાની લોકો તેને ‘કાકતીર્થ’ના નામે પોકારે છે, અર્થાત્ જે રીતે વિષ્ઠા પર ચાંચ મારનાર કાગડાની માફક મલિન વિષયભોગો

કાવ્ય – કુંજ

શ્રીકૃષ્ણઃ શરણં મમ

જપ તપ તીરથ કંઈ ન જાણું, યોગયાગ ન સ્હેજે માણું
નિઃસાધન મુજનું એક જ થાણું, શ્રીકૃષ્ણઃ શરણં મમ
યશ અપજશ સ્વકર્મે આણું, સંસાર સ્વારથ દહેરે લ્હાણું
નિઃસાધન મુજનું એક જ થાણું, શ્રીકૃષ્ણઃ શરણં મમ
ત્યાગ ન જાણું વૈરાગ્ય ન જાણું, ભક્તિનો મારગ ન જાણું
નિઃસાધન મુજનું એક જ થાણું, શ્રીકૃષ્ણઃ શરણં મમ
સેવા ન જાણું સ્મરણ ન જાણું, ભગવદ્ ગુણગાન ન જરીએ મ્હાણું
નિઃસાધન મુજનું એક જ થાણું, શ્રીકૃષ્ણઃ શરણં મમ
અલૌકિક લીલા ન જાણું, કામક્રોધના માહોલો મ્હાણું
નિઃસાધન મુજનું એક જ થાણું, શ્રીકૃષ્ણઃ શરણં મમ
છળકપટભર્યા જગમાં મ્હાલુ, દોષોના પહાડો આલુ
નિઃસાધન મુજનું એક જ થાણું, શ્રીકૃષ્ણઃ શરણં મમ
વૈષમ્યના વહેણ આ કાણુ, વિષયાલંપટ દેહ આ કાણુ
નિઃસાધન મુજનું એક જ થાણું, શ્રીકૃષ્ણઃ શરણં મમ
મદમોહના મ્હોરા માણુ, પરમશ્રેય પથ ન જાણું
નિઃસાધન મુજનું એક જ થાણું, શ્રીકૃષ્ણઃ શરણં મમ

રચયિતા– ગો.શ્રીગોકુલેશબાવાશ્રી (જુનાગઢ)

૨. શ્રીકૃષ્ણ સેવો એક જ આધાર

નિર્ગુણ નિર્ગુણ નિર્ગુણ રે, શ્રીકૃષ્ણ સ્વરૂપ સાકાર રે
દુર્ગુણ તજો ભજો નિર્ગુણ રે, સેવો શ્રીકૃષ્ણ જગાદાધાર. (૧)
સુણ સુણ રે જીવ તું સુણ રે, ભજ શ્રીકૃષ્ણ તારણહાર
સંસારમાં સાર નહિ સુણ રે, ગિરિધાર થકી થાશે ઉદ્ધાર. (૨)
તું ખાય જે તે પ્રભુનું લુણ રે, કર લુણ હલાલ ભજ ગિરિધાર
પ્રભુ પ્રસાદ વિણ બધું તૃણ રે, શ્રીકૃષ્ણ સેવો એક જ આધાર. (૩)

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

૩. નંદલાલ હું તારી ભિખારણ રે

નંદલાલ, હું તારી ભિખારણ રે, તું એક જ મારું વારણ રે
ન બીજે કશે કોઈ નિવારણ રે, કરું શાને તો હસ્ત–પ્રસારણ રે
અન્ય આપે જે તારું કૃપા–કણ રે, કરી શકે બીજા શેં તારણ રે
નંદલાલ, હું તારી ભિખારણ રે, તું એક જ મારું વારણ રે

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

કામી મનુષ્યોનું મન એ કવિતામાં રમે છે, તેવી રીતે માનસરોવરમાં વિહાર કરનાર રાજહંસોની માફક પરમહંસ ભાગવતોનું મન તેમાં ક્યારેય નથી રમતું, પરંતુ સાંભળવામાં કઠોર અને કાવ્ય અલંકાર વિગેરે રહિત, તથા પદે પદે વ્યાકરણની અશુદ્ધિ હોવા છતાં પણ તે વાણી પરમ રમણીય અને જનસમૂહના પાપોનો નાશ કરવાવાળી હોય છે. જેમાં ભગવાનના નામ અને ભગવાનના ગુણોની ચર્ચા ભરેલી હોય છે. તેથી એ ભગવદ્ ગુણનામથી પૂર્ણ વાણી સાધુ મહાત્માગણ સાંભળે છે, સંભળાવે છે અને કિર્તન કરે છે. હે મુનિવર, આપ અમોઘદર્શી છો. આપથી કંઈપણ છુપું નથી. તેથી હવે આપ સંસારના કલ્યાણ માટે શ્રીહરિની લીલાઓનું વર્ણન કરો. વિદ્વાનોએ મનુષ્યના તપ, શ્રવણ, નિત્યધર્મ અને તીક્ષ્ણ બુદ્ધિ વિગેરેનું પરમફળ ફક્ત એક માત્ર ભક્તિપૂર્વક શ્રીહરિના ગુણોનું વર્ણન કરવાનું જ બતાવ્યું છે. મારા પૂર્વજન્મનો ઈતિહાસ સાભંળી તેનો વિચાર કરો કે શ્રીહરિના ગુણ શ્રવણથી હું શું નો શું થઈ ગયો.

હે મહામુનિ, હું પૂર્વકાળમાં દાસીપુત્ર હતો. એક વખત ચાતુર્માસ વિતાવવા વર્ષાઋતુમાં અમારા ગામમાં ઘણા મહાત્મા પધાર્યા. હું નાનો બાળક હતો. મારી માતાએ મને એ મહાપુરૂષોની સેવામાં લગાડી દીધો. હું એ મહાત્માઓ સામે કોઈ પ્રકારની છોકરમત ન કરતો, બધી રમતો છોડી શાંતિથી તેમના ચરણોમાં બેસી રહેતો અને ઘણું જ ઓછું બોલતો. આ બધા કારણોથી એ મહાત્મા સમદષ્ટિ હોવા છતાં પણ મારા પર પ્રસન્ન થઈ વિશેષ કૃપા રાખવા લાગ્યા. એ મુનિઓની આજ્ઞાથી હું તેમના પતરાળામાં બચેલ જુઠાણું ખાઈ લેતો હતો. તેના પ્રતાપથી મારા સંપૂર્ણ પાપ નષ્ટ થઈ ગયા. આવું કરતા કરતા થોડા સમયમાં મારું ચિત્ત શુદ્ધ થઈ ગયું જેથી તેમના ધર્મમાં (ભાગવત ધર્મમાં) મને રુચિ થઈ ગઈ. ત્યાં એ લોકો નિત્ય શ્રીકૃષ્ણની કથાઓ ગાતા હતા અને હું એ મહાત્માઓના અનુગ્રહથી એ મનોહર કથાઓ શ્રદ્ધા સાથે સાંભળતો. આમ કરતા કરતા શ્રીભગવાનમાં મારી ભક્તિ થઈ ગઈ. હે મહામુનિ, પહેલાં ભગવાનમાં મારી રુચિ થઈ, પછી મારી મતિ સ્થિર—દ્રઢ થઈ ગઈ.

આ વિશુદ્ધ દ્રઢ બુદ્ધિના પ્રભાવથી હું પોતાને માયા રહિત શુદ્ધ પરબ્રહ્મમાં સમસ્ત સત્—અસત્ પ્રપંચને માયાથી કલ્પિત જોવા લાગ્યો. આ રીતે વર્ષા અને શરદ બંને ઋતુઓમાં એ મહાત્મા પ્રતિદિન ભગવાનના નિર્મળ યશનું ગાન કરતા રહે, જે સાંભળવાથી મારા હૃદયમાં રજોગુણ અને તમોગુણનો નાશ કરનાર સાત્ત્વિક ભક્તિ ઉત્પન્ન થઈ ગઈ. મને અનુરાગી, આશ્રિત, જિતેન્દ્રિય, શ્રદ્ધાળુ અને પાપહીન બાલકરૂપ દાસ સમજી દીન પર દયા કરવાવાળા એ મહાત્માઓએ ગામમાંથી જતી વખતે પરમ કૃપા કરીને સાક્ષાત્ ભગવાન દ્વારા કહેવાયેલ અતિ ગૂઢ જ્ઞાન મને કહ્યું, જે જ્ઞાન દ્વારા હું ભગવાન વાસુદેવની માયાના પ્રભાવને સમજી ગયો. જેને જાણવાથી પુરૂષ પરમાત્માના પરમ પદને પ્રાપ્ત કરે છે.

—ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી—મુંબઈ)

૪. ભગવદ્ જનનાં સંગ કરીએ

[ઢાળ– વૈષ્ણવ જન તો તેને કહીએ]

ભગવદ્ જનનો સંગ કરીએ, જે દોષ નિવારી જાણે રે;
લૌકિક વહેવાર કરીયે તોયે, પ્રભુ ચરણ સેવા સુખ માણે રે. (ટેક)
શ્રીવલ્લભકુળમાં શ્રદ્ધા રાખે, ભિતી ન અન્યાશ્રયની રે;
ચિત્ત મન શ્યામ ચરણમાં રાખે, પુષ્ટિ સેવા સાચી તેની રે....ભગવદ્.
ભક્તિ ઉર અંતરમાં જાગી, હોય શ્રીવલ્લભવચનામૃત સાથ રે;
સમર્પણ મંત્ર અનુસંધાન રાખે, શ્રીકૃષ્ણ ઝાલ્યો ન મુકે હાથ રે....ભગવદ્.
વ્રજ લીલાનું સ્મરણ રહે જેને, સેવા ભક્તિ દ્રઢ થાય તેના મનમાં રે;
શ્યામ દર્શન આસક્તિ રે જાગી, શ્રીકૃષ્ણ રીઝે આ ભવમાં રે....ભગવદ્.
મન વૈરાગીને પ્રીત જાગી છે, ઓ મોહન મોરલીવાળા રે;
'શ્રીજીઅનુરાગી' સેવા કરતાં, નિરખું બાલકૃષ્ણ મલકાતા રે....ભગવદ્.

શ્રીજીઅનુરાગી, અમદાવાદ.

પુસ્તક પરિચય

૧. શ્રીસુબોધિનીજી ટીકા ભાગ–૨ સંપાદક– શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ

પ્રાપ્તિસ્થાન : શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ મર્સી વિલા, અશોકનગર રોડ, કાંદિવલી, (પૂર્વ) મુંબઈ– ૪૦૦૧૦૧.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૧૦+૫= ૨૧૫, ઓફસેટ પ્રિન્ટીંગ, સેકશન સિલાઈ, પાકું બાઈન્ડીંગ, કાર્ડબોર્ડ ટાઈટલ ઉપર બહુરંગી ચિત્રજી. ન્યોછાવર રૂ.૫૦/– પોસ્ટેજ રૂ. ૨૦/–

શ્રીમદ્ ભાગવતજીના દશમ સ્કંધ ઉપરની શ્રીમહાપ્રભુજી વિરચિત સુબોધિનીજી ટીકાના પ્રકાશન યોજના. આ બીજો ભાગ છે. જેમાં તામસ પ્રકરણ– પેટા તામસ પ્રમાણ અંતર્ગત પ્રકરણના ૫ થી ૯ અધ્યાયનો સમાવેશ કરવામાં આવેલ છે. શ્રીમદ્ ભાગવતજીના મૂળશ્લોક, એનો ગુજરાતી અનુવાદ, સુબોધિનીજીની મૂળ સંસ્કૃત કારિકાઓ એનો અનુવાદ અને ગદ્ય ટીકાનો ગુજરાતી અનુવાદ આપવામાં આવેલ છે.

સુબોધિનીજીનું પુષ્ટિસાહિત્યમાં અનેરૂં સ્થાન છે. આવું અલભ્ય સાહિત્ય પુષ્ટિ પ્રેમીઓને સુલભ બનાવવા લેખકે સુંદર સફળ પ્રયાસ કરેલ છે તેના દરેક ભાગ પ્રગટ થાય તે પ્રમાણે વૈષ્ણવ સમાજે અચૂક વસાવવા જોઈએ અને તેના પ્રકાશનમાં પણ સહાય કરવી જોઈએ.

૨. શ્રીમદ્ ભગવદ્ ગીતા– જીવનકાળ (શાર્દુલ વિક્રીડિત છંદમાં)

રૂપાંતર કર્તા– મહેન્દ્રભાઈ શાહ, વડોદરા.

પ્રકાશક– આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ શ્રીકૃષ્ણદાસ ચીમનલાલ પરીખ પરિષદ ભવન, અશોક વોચની બાજુનો ખાંચો, મહાત્મા ગાંધી રોડ, વડોદરા.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૬૭. ઓફસેટ પ્રિન્ટીંગ, બહુરંગી આર્ટપેપર ટાઈટલ, ન્યોછાવર રૂ.૨૦/–

પુષ્ટિસંપ્રદાયમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પણ અનેરૂ સ્થાન છે. આ નાનકડા પુસ્તકમાં શાર્દૂલ વિક્રીડિત છંદમાં ગીતાજીનો ગુજરાતી અનુવાદ રજુ કરવામાં આવ્યો છે. મૂળકૃતિને સર્વાંશે સંપૂર્ણપણે સર્વદા અને સર્વથા ન્યાય આપવા સફળ પ્રયત્ન કવિશ્રીએ કરેલ છે. છતાંય સરળ ભાષામાં, સરળ રીતે ગાઈને માણી શકાય તે રીતે આ પદ્ય સમશ્લોકી અનુવાદ રજુ થયો છે.

સર્વે વૈષ્ણવો, ગીતા પ્રેમીઓ, જ્ઞાનપિપાસુઓએ ગાવા, માણવા તથા વસાવવા લાયક પુસ્તિકા.

નડીયાદમાં વૈષ્ણવ પરિષદના નેજા હેઠળ વૈષ્ણવોનું એક વિરાટ ઐતિહાસિક અધિવેશનઃ

પુષ્ટિ ભગવદ્ ધર્મ છે, ભગવાન જીવ સાથે પ્રેમ કરે તેનું નામ પુષ્ટિ. ભગવાન વૈકુંઠ છોડીને વ્રજધામમાં વસે તથા આપણા ઘરમાં પણ બિરાજે છે તેનું નામ પુષ્ટિ. જાણીતા ભગવત્ કથાકાર નડિયાદ નિવાસી પૂ.નવનીતપ્રિય શાસ્ત્રીએ ઉદ્બોધેલા આ શબ્દોને વાચા આપતું જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વંશજ લગભગ તેર જેટલા આચાર્યોના સાંનિધ્યમાં અને વિદ્વાન શાસ્ત્રીજીઓની ઉપસ્થિતિમાં ખેડા જિલ્લાના નડિયાદ મુકામે કોલેજ કેમ્પસમાં આં.રા.પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું લગભગ આઠ હજાર વૈષ્ણવોની હાજરીવાળું બીજું મહાઅધિવેશન તાજેતરમાં મળી ગયું. આ અધિવેશનનું સમગ્ર સંચાલન સંગઠન મંત્રી શ્રીચીમનભાઈ શેઠે કર્યું હતું તેમજ કાર્યક્રમોના પ્રવકતા તરીકે નડિયાદ ટી.વી.કલાકાર ડૉ.ચંપકભાઈ મોદીએ ફરજ બજાવી હતી. અધિવેશન સ્થળને **'વલ્લભાચાર્ય નગર'** નામથી નવાજવામાં આવ્યું હતું.

અધિવેશનનો પ્રારંભ નડિયાદના જ કલાકારો દ્વારા મંગલાચરણથી થયો તેમજ કામવનના પૂ.પા.ગો. શ્રીવલ્લભલાલજીના વરદ્ હસ્તે પુષ્ટિ ધ્વજ લહેરાતા **પુષ્ટિ ધ્વજ અમર રહો** ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. કાર્યક્રમ સમિતિના પ્રમુખ શ્રીહર્ષદભાઈ દલાલે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે નટપદ—નટપુર આજનું નડિયાદ પ્રસિદ્ધ સાક્ષર શ્રીગોવર્ધનરામ ત્રિપાઠીની ભૂમિ છે. સ્વાગતાધ્યક્ષ શ્રીઅરવિંદભાઈ પટેલે આવકાર આપ્યો હતો. નડિયાદ પ્રસિદ્ધ સંતરામ મંદિરના મહંત શ્રીનારાયણદાસજીના કરકમલો દ્વારા મંગલદીપ પ્રગટાવીને અધિવેશનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. પરિષદના કેન્દ્રિય પ્રમુખ શ્રીઈન્દ્રકાન્તભાઈ શેઠ તેમજ નડિયાદ શાખાના પ્રમુખ શ્રીદિલીપભાઈ એમ. શાહ તથા સાંસદ ડૉ.જેસવાણીએ પ્રાસંગિક પ્રવચનમાં યુગ પરિવર્તનની પ્રક્રિયારૂપે ધર્મનો પ્રભાવ પડતો રહ્યો છે એમ જણાવ્યું હતું. શ્રીચીમનભાઈ શેઠે પરિષદની ગતિવિધિનો ખ્યાલ આપ્યો હતો.

આ અધિવેશનમાં વલ્લભકુળના આચાર્યો, કામવનના પૂ.પા.ગો. શ્રીવલ્લભલાલજી, સૂરતના પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી, કાંકરોલી નરેશ પૂ.પા. વ્રજેશકુમારજી (વડોદરા), નડિયાદના પૂ.પા. શ્રીવ્રજરત્નલાલજી, કડી કોટાના પૂ.પા. શ્રીવિજયકુમારજી, વડોદરાના પૂ.પા. શ્રીવાગીશકુમારજી, પૂ.પા.શ્રીયોગેશકુમારજી, પૂ.પા.શ્રીદ્વારકેશલાલજી, કડીકોટાના પૂ.પા.શ્રીરાજેશકુમારજીના લાલ પૂ.પા. શ્રીકુંજેશકુમારજી આ તમામ આચાર્યો એક સાથે મંચ પર ખાસ બિરાજ્યા હતા જેના કારણે તમામ વૈષ્ણવો ભાવવિભોર બની ધન્યતા અનુભવી રહ્યા હતા. આ ઉપરાંત અન્ય મહાનુભાવોમાં શાસ્ત્રીજી પૂ.નવનીતપ્રિયજી, શ્રીપ્રદ્યુમન શાસ્ત્રી, શ્રીયોગેશભાઈ શાસ્ત્રી, પ્રા. ભગવત્પ્રસાદ પંડયા (શાસ્ત્રીજી) જાણીતા સાક્ષર શ્રી કે.કા.શાસ્ત્રી, ઈન્દોરના શ્રીગજાનન શર્માજી વિગેરેની ઉપસ્થિતિ ખાસ ધ્યાન ખેંચતી હતી.

અધિવેશનમાં વલ્લભકુળના કેટલાક આચાર્યશ્રીઓનું મોમેન્ટો આપી શાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું હતું. એ ઉપરાંત ખાસ અભિવાદનમાં **મિલેનીયમ મેન ઓફ ધ ઈયર** ની વિશ્વની ખાસ વિભૂતીઓમાં સ્થાન પામી કેમ્બ્રિજ યુની.નો ખાસ એવોર્ડ પ્રાપ્ત કરનાર પૂ.પા.ગો. શ્રીવાગીશકુમારજી (કાંકરોલી—વડોદરા)નું નડિયાદના સમગ્ર વૈષ્ણવો વતી શાલ અને મોમેન્ટો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આં.પૂ.વૈ.પરિષદ અધિવેશન નિમિત્તે પ્રકાશિત પરિષદ સ્મરણિકા કોષાધ્યક્ષ પ્રા. ગોપાલભાઈ શાહે ભૂમિકા રજૂ કરી હતી. પ્રાસંગિક વચનામૃતોમાં ઉદ્ઘાટક સૂરતના સોમયાગી દિક્ષિત પૂ.પા. શ્રીવલ્લભલાલજીનું ઉદ્બોધન ખાસ ધ્યાન ખેંચે તેવું હતું. આપશ્રીએ કહ્યું કે પ્રભુએ આપણને વૈષ્ણવ કહેવડાવવાની તક આપી છે તે આપણું સૌભાગ્ય છે. આચાર અને વિચારનો સમન્વય કરી પુષ્ટિમાર્ગના વૈષ્ણવો માટે પ્રણાલી સ્થાપી હોય તેવા જો કોઈ ગુરૂ હોય તો તે જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી છે. સમાજ જ્યારે તૂટી રહયો હતો ત્યારે વૈષ્ણવતાના નામે સમાજને એકત્રીત કર્યો. શ્રીવલ્લભાચાર્યજીએ પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ તત્ત્વ અને બીજા તત્ત્વો શ્રીભાગવતજીમાં સમન્વિત

થયેલા છે પરંતુ એ તમામ તત્ત્વનો જગત સમક્ષ પ્રત્યક્ષ પરિચય કરાવ્યો. શ્રીમહાપ્રભુજી શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ. કામવન– વિદ્યાનગરના પૂ.પા.ગો. શ્રીવલ્લભરાયજી મહારાજે આશીર્વચન આપતા જણાવ્યું કે શ્રીઠાકોરજીની સેવા, શ્રીંગાર અને ભોગની આગળ પણ કંઈક છે અને તે છે ઠાકોરજીને સમર્પિત થવું તે.

અસમર્પિત ન ખાઈએ તો જ આપણે સાચા વૈષ્ણવ એવી શીખ આપતા આપશ્રીએ કહ્યું હતું કે શ્રીનાથદ્વારામાં વૈષ્ણવોને પ્રસાદ માટે અન્યત્ર જવું પડે છે તેના બદલે પરિષદ દ્વારા વૈષ્ણવોએ એ પ્રસાદ વિતરણના આયોજનનું કાર્ય ઉપાડી લેવું જોઈએ. નડિયાદના પૂ.પા. વ્રજરત્નલાલજીએ નડિયાદમાં આબાલવૃદ્ધ કાંઈ જ્ઞાન મેળવી શકે એવું સંસ્કાર કેન્દ્ર સ્થાપવાનું સૂચન કરી માર્ગ માટે નિષ્ઠા હોવા ઉપર ભાર મૂક્યો હતો.

પૂ.પા.શ્રીવાગીશકુમારજી (કાંકરોલી–વડોદરા)એ આશીર્વચનમાં જણાવ્યું હતું કે દેશના કરોડો વૈષ્ણવોએ પરિષદના નેજા હેઠળ સંગઠિત રૂમમાં એકતાંતણે બંધાઈ જવાની જરૂર છે અને આ સંગઠન દ્વારા શ્રીનાથદ્વારામાં પ્રસાદ વિતરણનું કાર્ય ઉપાડી શકે એમ જણાવી ઉમેર્યુ હતું કે જો આમ નહિં થાય અને સંગઠન જો નબળું પડશે તો વિપરિત કાર્યો કરનારા તત્પર બનીને બેઠા છે. પૂ.પા. શ્રીદ્વારકેશલાલજી–વડોદરાએ જણાવ્યું કે એક બાજું હું અને મારા પુષ્ટિ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ અને બીજી બાજુ સંસારનું સમસ્ત જગત આખું એ બંનેને સાથે રાખીને જે કાર્ય થાય છે તેને શ્રીવલ્લભની અસીમ કૃપા પ્રાપ્ત થાય છે.

પૂ.પા.શ્રીયોગેશ્વરજી (સુરત–વડોદરા)એ જણાવ્યું કે હરિ ગુરૂ વૈષ્ણવ જ્યારે મળે છે ત્યારે થાય છે કે આ લલિત ત્રિવેણી છે અને ઉમેર્યુ કે પુષ્ટિ સિદ્ધાંતોને અનુસરવા માટે શ્રીમહાપ્રભુજીએ એક સમાયોજના આપી છે તેને આચાર્યો, વિધ્વતગણ અને વૈષ્ણવોની છત્રછાયા નીચે સમાવવાની જરૂર છે.

શ્રીવલ્લભાચાર્યજીની જયંતિની જાહેર રજા કરવા, ગૌહત્યા બંધ કરો, શ્રીયમુનાજીનું પ્રદુષણ દુર કરો તેમજ શ્રીનાથદ્વારાને બ્રોડગેજ રેલ્વેથી જોડો આ તમામ માટે સરકારશ્રીને અનુરોધ કરવાના વિવિધ ઠરાવો અધિવેશનમાં પસાર થયા હતા. સાક્ષર શ્રી કે.કા.શાસ્ત્રીએ ખરાબ થતા જતા સમયને પારખી વાડાબંધી દૂર કરી તેમાંથી બહાર આવવા અનુરોધ કર્યો હતો. ઈન્દોરના શ્રીગજાનન શર્માજીએ જીવનને શ્રીઠાકોરજીના ચરણોમાં સંપૂર્ણ સમર્પણ કરવાના સંકલ્પનું ચિંતન કર્યુ હતું.

અધિવેશનના સમાપનમાં નડિયાદની કાર્યવાહક સમિતિના મંત્રી પ્રિ. શ્રીનગીનભાઈ શાહે અનેરો આનંદ વ્યક્ત કરી આભાર માન્યો હતો જ્યારે અધિવેશનને સફળ બનાવવામાં વિવિધ સમિતિએ કરેલા કાર્યોની પ્રશંસા કરી ગુજરાત પ્રદેશ તરફથી આભાર અને અભિનંદન પ્રદેશ સહમંત્રી શ્રી સી.પી. તલાટીએ વ્યક્ત કર્યા હતા.

☐ " ગૌ હત્યા બંધ કરો " ગૌ સેવાના કાર્યમાં સહભાગી બનો ☐

ગાય એ ભારતીય સંસ્કૃતિનું પ્રતીક છે. ધાર્મિક શ્રદ્ધાનું કેન્દ્રબિંદુ છે. ખેતીપ્રધાન દેશમાં તે આર્થિક આધારશીલા છે. ગાયનું છાણ ગોબર ગેસ અને મૂત્ર ઔષધિ તરીકે ઉપયોગમાં આવે છે. તેથી ભારતમાં રહેનાર સૌની માતા સમાન છે.

કૃષ્ણ, રામ, છત્રપતિ શિવાજી– રાણા પ્રતાપ, આચાર્યશ્રી વલ્લભ અને અનેક સંતો મહંતોની ભૂમિમાં કાળાંતરે બદલાતી સરકારો ગૌમાતાની કત્લેઆમ રોકી શકતી નથી. આ ઘટના ભારત સરકાર માટે લાંછનરૂપ અને શરમજનક છે. એટલે કેન્દ્રીય અને પ્રાંતીય સરકારોએ ગૌમાતા અને ગૌવંશની કત્લેઆમ બંધ કરાવવા માટે અતિશય શીઘ્ર કાર્યવાહી કરવા આં.પુ.વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશનું આ મહાઅધિવેશન અનુરોધ કરે છે.

ગૌ સંરક્ષણ માટે ગૌશાળાઓ વધુને વધુ નિર્માણ કરવા અને તેની વૈજ્ઞાનિક રીતે માવજત કરવા તથા તે દૃષ્ટિથી તે દિશામાં કાર્યો કરવા સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિ અને માનવ સૃષ્ટિને તન–મન–ધનપૂર્વક સેવા કરવા આં.પુ.વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશનું આ મહાઅધિવેશન અનુરોધ કરે છે.

યમુના જળને પ્રદુષણથી મુક્ત કરવા કેન્દ્ર અને પ્રાંતિય સરકારને અનુરોધ

શ્રીયમુના પ્રદૂષણ મુક્તિ અભિયાન

કરોડો વૈષ્ણવોની આસ્થા અને શ્રદ્ધાના પ્રતીક સમી યમુનાજીનાં જળ ઔદ્યોગિક વિકાસના અંચળા હેઠળ ખૂબજ પ્રદુષિત બનતાં જાય છે. જેનું સ્નાન—પાન આપણા માનવ અસ્તિત્વને પવિત્ર કરે છે તે જળ હવે નિરામય રહ્યા નથી. તેમાંય શ્રીયમુનાજીનાં જળ તો આજે એકદમ અશુદ્ધ છે. દિલ્હી શહેરની બધીજ ગટર લાઈનો અને બધાંજ કારખાનાનો છ હજાર મેટ્રિક ટન કચરો યમુનાજીમાં ઠલવાય છે. ઉત્તરપ્રદેશ, હરિયાણા અને રાજસ્થાન પણ આ માટે ઓછાં જવાબદાર નથી. શ્રીયમુના જંલની પ્રવર્તમાન સ્થિતિ નિહાળીને જાગૃત માનસ આક્રોશભર્યો ચિત્કાર કરી ઉઠે છે. યમુનાજીમાં થતાં કુલ પ્રદુષણનાં ૭૧% પ્રદુષણ માટે કેવળ આપણી રાજધાની દિલ્હી જ જવાબદાર છે.

વ્રજભૂમિ અને મથુરામાં વિશ્રામ ઘાટે શ્રીયમુનાજીમાં દેશ વિદેશથી યાત્રાએ આવતા હજારો યાત્રાળુઓ સ્નાન—પાન નિત્ય કરે અને કાર્તિક સુદ બીજ—ભાઈબીજના દિવસે તો લાખ્ખો લોકો મથુરા શ્રીયમુનાજીમાં સ્નાન કરવા ખૂબજ શ્રદ્ધા—ભાવથી આવે છે પરંતુ પ્રદૂષિત યમુના જળ જોતાં ખૂબજ દુઃખી થાય છે. તેમના આરોગ્યનો પણ મોટો પ્રશ્ન ઉભો થાય. યમુના જળને તીર્થજળરૂપે હજારો લોકો ઘરમાં રાખે છે. એમના આરોગ્ય સામે પણ મોટો ભય ઉભો થઈ શકે.

શ્રીયમુનાજી એટલે ભગવાનમાંથી જ પ્રગટ થયેલું ભગવાનનું દ્રવીભુત રસાત્મક સ્વરૂપ. અષ્ટ સિદ્ધિના પટરાણી શ્રીયમુના મહારાણીજીની ગરિમા જાળવવા અને યમુના જળને પદૂષણથી મુક્ત કરવા કૃતસંકલ્પ બનવાનો અવસર હવે આવી પહોંચ્યો છે. હવે વિલંબ પાલવે એમ નથી. સમગ્ર વૈષ્ણવી સૃષ્ટિનો સરકારશ્રીને નમ્રતાપૂર્વક અનુરોધ છે કે યમુનામાં ઠલવાતો કચરો અને એમાં વહેતું ગંદુ પાણી સત્વરે બંધ કરાવો. યમુના જળને પ્રદૂષણથી મુક્ત કરવાની અમારી સાચી લાગણી અને ન્યાયી માગણીને ઉત્તરપ્રદેશ—હરિયાણા— રાજસ્થાન અને દિલ્હીની સરકારશ્રી વિધેયાત્મક પ્રતિભાવ આપશે એવો અમને વિશ્વાસ છે.

ભારતીય સંસ્કૃતિની ઉજ્જવળ પરંપરાને જીવંત રાખતી આપની સરકાર જનકલ્યાણની આ પ્રવૃત્તિ માટે જાગરૂક બની સાર્થક પ્રયાસ કરશે. જો આ સંકલ્પ સાકાર નહીં બને તો મજબૂરીથી જન આંદોલનનો આશ્રય લેવાની અમને ફરજ પડશે. શ્રદ્ધા થાય છે કે આવી પરિસ્થિતિનું નિર્માણ થાય તે પહેલાં આ દિશામાં સરકાર નક્કર પગલાં ભરે એવું નડિયાદ ખાતે મળેલા મહાઅધિવેશનમાં એકત્રિત થયેલા સર્વે વૈષ્ણવો સર્વાનુમતે ઠરાવના રૂપમાં કેન્દ્ર સરકારશ્રીને અનુરોધ કરે છે.

□ શ્રીમદ્ વલ્લભાચાર્યજી જયંતીની અન્ય રજાઓની જેમ □

'જાહેર રજા કરવા ગુજરાત સરકારને અનુરોધ'

ગુજરાત સરકારે સમય સમય પર ચેટીચાંદ, મહમદ પયગંબર, ગુડફ્રાઈડે, મહાવીર જયંતી, અષો જરથુષ્ટ્ર, પરશુરામ જયંતી, રથયાત્રા, ગુરૂનાનક જયંતી અને છેલ્લે જલારામ જયંતીની રજા જાહેર કરી છે. આ ઉપરાંત ધાર્મિક ઉત્સવો અને અનેક જયંતીઓની રજાઓ જાહેર કરેલી છે.

ઉપર જણાવેલા મહાપુરૂષોથી જરાય ન ઉતરતા અને વિશાળ માનવ સમાદરથી સેવાયેલા પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રણેતા અને સમગ્ર માનવ સૃષ્ટિ માટે સેવાનો અને પ્રભુપ્રાપ્તિનો સુંદરતમ—સરલતમ માર્ગ ચીંધનાર જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાગટય દિનની અન્ય રજાઓની જેમ જાહેર રજા માટેની વૈષ્ણવોની સાચી લાગણી અને ન્યાયી માગણીને માન આપી આં.પુ.વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશનું આ અધિવેશન ગુજરાત સરકારને આગ્રહપૂર્વક અનુરોધ કરે છે.

□ વૈષ્ણવોનું તીર્થક્ષેત્ર નાથદ્વારાને બ્રોડગેજ લાઈનથી જોડવા કેન્દ્ર સરકારને અનુરોધ □

શ્રીનાથદ્વારામાં વૈષ્ણવોનાં અને સમગ્ર માનવ સમાજના શ્રદ્ધાના પરમનિધિ શ્રીનાથજી બિરાજમાન છે. શ્રીનાથજી કરોડો લોકોના આસ્થા, શ્રદ્ધાબિંદુ છે. લાખ્ખો લોકો શ્રીનાથજીનાં દર્શન કરી કૃતાર્થ બને છે. રોજનાં કેટલાય લોકો મુંબઈથી, સૂરતથી, વડોદરાથી, અમદાવાદથી, સૌરાષ્ટ્રથી, દિલ્હી,

મથુરા, વૃન્દાવનથી નાથદ્વારા બસમાં આવે છે. કલાકો સુધી બસની મુસાફરીની અનેક મુશ્કેલી વેઠે છે. છતાંય શ્રદ્ધાથી આવે છે. ભારત સરકારે અન્ય તીર્થોને ભારતના મહાનગરો સાથે બ્રોડગેજ રેલ્વે લાઈનથી જોડયા છે, તેમ નાથદ્વારાને વહેલી તકે જોડવામાં આવે એવો અમારો અનુરોધ છે.

અમદાવાદ—ઉદેપુર નાથદ્વારા અને નડિયાદ—કપડવંજ મોડાસા નાથદ્વારા રેલ્વે લાંઈનને નાથદ્વારા સાથે જોડવાની યોજના અને વચન કાગળ ઉપર તૈયાર થયેલા હોવા છતાં કમનસીબ ઘટના એ છે કે એ તરફ ભયંકર દુર્લક્ષ્ય સેવવામાં આવે છે.

તેથી આ ઠરાવથી ભારત સરકાર રેલ્વે મંત્રી તથા ઉડ્ડયન મંત્રી અને જે તે રાજ્ય સરકારને આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ કેન્દ્ર અને ગુજરાત પ્રદેશની કારોબારી અને કાર્યકરો આ સંદર્ભમાં ગંભીરતાપૂર્વક વિચાર કરી એનું ફળદાયી પરિણામ જલ્દી લાવવા નમ્રતાપૂર્વક અનુરોધ કરે છે.

□ જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી કથિત પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોના પ્રવાહને વહેતો કરતા □
□ આં.રા.પુ.વૈષ્ણવ પરિષદના નડિયાદ મુકામે મળેલા મહા—અધિવેશનમાંથી સાંપડેલી રત્ન કણિકાઓ □

આ અધિવેશનમાં શ્રીવલ્લભ કુળના લગભગ તેર જેટલા આચાર્યોએ બિરાજી વચનામૃતો દ્વારા વૈષ્ણવોને ભાવવિભોર કરી દીધા હતા. શાસ્ત્રીજીઓ અને અન્ય વિદ્વતગણની ઉપસ્થિતિ પણ અધિવેશનને શોભાવી રહી હતી. રજૂ થયેલા તમામ વચનામૃતો અને ઉદ્‌બોધનોનું સંકલન પણ હૈયું હર્ષોન્મિત થાય છે.

(૧) કામવન—વિદ્યાનગરના પૂ.પા.ગો. શ્રીવલ્લભરાયજીએ ધ્વજારોહણ કર્યુ અને જણાવ્યું : સેવા, શ્રીંગાર અને ભોગની આગળ પણ કંઈક છે, પુષ્ટિમાર્ગ સિંહોનો માર્ગ છે, ટોળાનો માર્ગ નથી. પુષ્ટિમાર્ગ સવા પાંચસો વર્ષ પછી પણ ટકી રહ્યો છે અને ટકશે કારણ કુલ ર૯૩ આચાર્યો બિરાજે છે અને વલ્લભ કુળના હોઈ પુષ્ટિ સિદ્ધાંતોના પ્રસાર માટે સતત કાર્યશીલ છે. સંસ્કારરૂપી તમારા ઘરને તૈયાર કરો. તમે તમારી જાતને વૈષ્ણવ કહેવડાવવા માંગતા હો અસમર્પિત તેમજ અન્ય સંપ્રદાયના અન્નગ્રહણ કરવાનું બંધ કરો. આની શુભ શરૂઆત માટે વૈષ્ણવ પરિષદના નેજા હેઠળ વૈષ્ણવોએ શ્રીનાથદ્વારામાં વૈષ્ણવો માટે ભોજન—પ્રસાદી વિતરણના આયોજનની જવાબદારી ઉપાડી લેવી જોઈએ.

(૨) સૂરતના સોમયાગી પૂ.પા. શ્રીવલ્લભલાલજી મહોદયશ્રીએ ઉદ્‌ઘાટન વચનામૃતમાં જણાવ્યું : આપણે આપણું સૌભાગ્ય માનવું જોઈએ કે પ્રભુએ આપણને વૈષ્ણવ કહેવડાવવાની તક આપી છે. આચાર અને વિચારનો સમન્વય કરીને પુષ્ટિપ્રણાલી સ્થાપી હોય તેવા જો કોઈ ગુરૂ હોય તો તે જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી જ છે. શ્રીમહાપ્રભુજીનો પ્રાદુર્ભાવ કેમ થયો ? એ વાત દરેક વૈષ્ણવે સમજવી જ પડશે. વેદનું તત્ત્વ શ્રીમદ્ ભાગવતજી, બ્રહ્મસૂત્ર વિગેરે દ્વારા થાય છે. પરબ્રહ્મ કોણ છે તે સમજાવ્યું શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ 'પરબ્રહ્મ તુ કૃષ્ણો હી' આ સૂત્ર દ્વારા. પૂર્ણપુરૂષોત્તમ તત્ત્વ શ્રીભાગવતજીમાં સમન્વીત છે પરંતુ એ તત્ત્વનો પરિચય કરાવ્યો શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ, ભાગવતજીમાં તો આવા ઘણા તત્ત્વો છે પરંતુ એ તમામ તત્ત્વોનો જગત સમક્ષ પ્રત્યક્ષ ચરિતાર્થ કરી બતાવ્યા શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ. સમાજ જ્યારે તૂટી રહ્યો હતો, ત્યારે વૈષ્ણવતાના નામે સમાજને એકત્રીત કર્યો શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ. વૈષ્ણવ શબ્દની વ્યાખ્યા ઘણી વ્યાપક છે. એક મુસલમાન પણ વૈષ્ણવ હોઈ શકે છે. રસખાન એક સ્પષ્ટ ઉદાહરણ ૮૪/૨૫૨ વૈષ્ણવ વાર્તાગ્રંથોમાં સમાવિષ્ટ થયેલું છે.

(૩) સ્મૃતિગ્રંથનું વિમોચન કરતા નડિયાદના પૂ.પા.ગો. શ્રીવ્રજરત્નલાલજીએ જણાવ્યું : નડિયાદમાં એક એવું પુષ્ટિ સંસ્કાર કેન્દ્ર સ્થાપન થવાની જરૂર છે જ્યાં આબાલવૃદ્ધ સૌ વૈષ્ણવ કાંઈ જ્ઞાન મેળવી શકે. – માર્ગ માટે નિષ્ઠા હોવી જરૂરી છે. આના અનુસંધાનમાં આપશ્રીએ જણાવ્યું કે ન્યૂજર્સી (અમેરિકા)ના એક વૈષ્ણવે માર્ગ માટે રજા ન મળી તેથી નોકરી જતી કરી. શ્રીવલ્લભ પ્રાકટય દિનની રજા જાહેર કરવાની માંગણી માટે વૈષ્ણવોએ આવો અભિગમ અપનાવવો જોઈએ. – પ્રવચન સાંભળીને ભૂલી ન જતાં અમલ કરે તે સાચો વૈષ્ણવ.

(૪) કડી—કોટાના પૂ.પા.ગો. શ્રીવિજયકુમારજી મહોદયશ્રી : ગંગાજી મુક્તિદાયિની છે તો શ્રીયમુનાજી

ભક્તિદાયિની છે. શ્રીયમુનાજીનું જળ પ્રદૂષણ દૂર કરવાનું અભિયાન પરિષદે ઉપાડયું છે તે ઘણા આનંદની વાત છે. લલાટમાં તિલક અવશ્ય કરવું જોઈએ. અને "સંઘે સંકલ્પ શક્તિ" આ સુક્તિનો પરિચય વૈષ્ણવોએ પરિષદ દ્વારા જગતને કરાવવો જોઈએ.

(૫) વાક્ચાતુર્યના સ્વામી "મીલેનીયમ ઓફ ધ ઈયર" ના એવોર્ડ વિજેતા પૂ.પા.ગો. શ્રીવાગીશકુમારજી મહોદયશ્રી (કાંકરોલી–વડોદરા) એવોર્ડ અંગે સન્માનનો જવાબ. આપશ્રીએ જણાવ્યું : આ એવોર્ડ એ પુષ્ટિમાર્ગનો –તેના સિદ્ધાંતોને મળેલો એવોર્ડ છે. – આજનો દિવસ વૈષ્ણવ જગત માટે અવિસ્મરણીય બની રહ્યો છે. – આજના સમયમાં સંગઠન નબળું હશે તો વિઘટીત કાર્યો કરનારા એમનું કાર્ય કરવા તત્પર જ છે. ભારતના કરોડો વૈષ્ણવો પરિષદના રૂપમાં સંગઠીત રૂપમાં આવે તો ભારતના પ્રધાનમંત્રી કોણ થશે એ પરિષદ નક્કી કરી શકે. શ્રીવલ્લભના સિદ્ધાંતોને જગત સુધી પહોંચાડવા કટિબદ્ધ બનવું પડશે. – શ્રીનાથદ્વારામાં ભોજન–પ્રસાદ વિતરણ અંગે આપશ્રીએ જણાવ્યું કે પાંચ વર્ષ પછી પરિસ્થિતિ આપણા હાથ ઉપરથી સરકી જાય તે પહેલા આપણે એ કાર્ય આજથી જ શરૂ કરી દેવું જોઈએ, ગઈકાલે શું નથી કર્યુ એ ભૂલી જઈને હવે આજથી નવા સંકલ્પો કરી દેવા જોઈએ.

(૬) પૂ.પા.ગો. શ્રીદ્વારકેશલાલજી મહોદયશ્રી (વડોદરા)– ષષ્ઠ પિઠાધીશ્વર : આજે શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું સન્માન થયું છે. – સંગઠન, સક્રિયતા અને સેવામાં કાર્યરત રહેવા આજે અધિવેશન ભરાયું છે. – યમુના પ્રદૂષણ બંધ કરવા અને શ્રીવલ્લભ પ્રાકટય દિનની રજા જાહેર કરવાના અભિયાન શરૂ કરવાના ઠરાવો પસાર થયા તેના અનુસંધાનમાં આપશ્રીએ જણાવ્યું કે એક બાજુ હું અને મારા પુષ્ટિ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ તેમજ બીજી બાજુ સંસારનું સમસ્ત આખું જગત એ બંનેને સાથે રાખીને જે કાર્ય થાય છે તેને શ્રીવલ્લભની અસીમ કૃપા પ્રાપ્ત થાય જ છે. જે ઠરાવો પસાર થયા છે તેને પુષ્ટિ માસિકોમાં અને પુષ્ટિ પ્રકાશનોમાં પ્રકાશીત કરી જગતને વાકેફ કરવાની ખૂબજ જરૂર છે.

(૭) પૂ.પા.ગો. શ્રીયોગેશ્વરજી મહોદયશ્રી (સૂરત–વડોદરા) : જે સ્થિતિમાંથી આપણે વર્તમાનમાં પસાર થઈ રહ્યા છીએ ત્યારે આપણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને ગાંભીર્યની જરૂર છે. મહાપ્રભુજીના સિદ્ધાંતોને અનુસરવા માટે શ્રીમહાપ્રભુજીએ એક સમાયોજના આપી છે તેને આચાર્યો, વિદ્વતગણ અને વૈષ્ણવોની છત્રછાયામાં સમજવાની જરૂર છે. હરિ, ગુરૂ, વૈષ્ણવ જ્યારે મળે છે ત્યારે થાય છે કે આ લલિત ત્રિવેણી છે. આપણે શ્રીયમુનાજીના આધિભૌતિક સ્વરૂપની સાથે સાથે તેમના આધ્યાત્મિક અને આધિદૈવિક સ્વરૂપને પણ ઉજ્જવળ બનાવવાના પ્રયત્નો કરતા રહીએ.

(૮) પૂ.પા.ગો. શ્રીકુંજેશલાલજી મહોદયશ્રી : શ્રીમદ્ વલ્લભાચાર્યજીની બે વાત– બિંદુ સૃષ્ટિ અને નાદ સૃષ્ટિ એટલે અમે અને તમે. – આપણે હંમેશા એકજ છીએ, ક્યારેય છૂટા પડયા જ નથી પરંતુ એની વિસ્મૃતિ થઈ ગઈ કારણ આપણે લૌકિકમાં પડી ગયા છીએ. આયોજન તો બધા કરે છે, ટેકો પણ આપે છે પણ એનો અમલ કેટલા કરે છે ? લૌકિકમાંથી અલૌકિકમાં આવીએ એ જરૂર છે. ગોસ્વામી બાલકો તો એક છે પણ તમે એટલે કે વૈષ્ણવો એક થાય એ જરૂરી છે.

(૯) પૂ.પા.ગો. શ્રીદ્વારકેશલાલજી (કડી–કોટા) : અપેક્ષાઓ રાખવાથી માત્ર કામ થતું નથી. વૈષ્ણવો એમાં જોડાય તોજ કામ થાય. બીજાઓની રાહ જોવાને બદલે પોતેજ એ કાર્ય ઉપાડી લે તોજ એ કાર્ય થાય. દરેકે કામ કરવું પડશે, બધા સક્રિય થાય તોજ સમાજ તેજસ્વી બને.

(૧૦) પૂ.પા.ગો. શ્રીહરિરાયજીના લાલ પૂ.પા.ગો. શ્રીવલ્લભલાલજી (જામનગર) : આ અધિવેશનની ફલશ્રુતિ શું ? બ્રહ્મસંબંધી વૈષ્ણવ જ્યાં સુધી સેવા નથી કરતો ત્યાં સુધી એની પાસે બધું છે પણ કાંઈજ નથી. તમે જે કાંઈ કરો છો, તમારા કાર્યો માટે ધ્યાન આપો છો એ બધાને શ્રીઠાકોરજીમાં વાળી દો. આપણે શ્રીઠાકોરજી પાસે COMMITMENT – પ્રતિજ્ઞા કરી છે તો પછી ભોજન લો કે પ્રસાદ લો તે સમર્પિત થયેલું ન હોય તો એ લેવાય જ કેમ ?

(૧૧) પૂ.પા.ગો. શ્રીરાજેશકુમારજી મહોદયશ્રી (કડી–કોટા) : ચાર ઠરાવો રજુ થયા તેમાં શ્રીનાથદ્વારામાં

ભોજન–પ્રસાદ વિતરણ અંગેનો ઠરાવ છે તેને મારો મુખ્ય ટેકો છે કારણ બે મોટા શત્રુઓ આપણી સામે છે– અસમર્પિતનું સેવન અને અન્યાશ્રય. – શ્રીમહાપ્રભુજીના પ્રાકટયની રજા મળવી જોઈએ પણ તે દિવસ શ્રીવલ્લભ સિદ્ધાંતના ચિંતનમાં પસાર કરવાનો હોય તોજ એ રજા મેળવી સાર્થક થઈ કહેવાશે.

(૧૨) પૂ.પા.ગો. શ્રીવ્રજેશકુમારજી મહોદયશ્રી (કડી–કોટા) : પુષ્ટિમાર્ગના પાયાના સિદ્ધાંતો સેવા–સ્નેહ અને સમર્પણ એ ભૂલાવા જ ન જોઈએ. આપણે બધું જ મેળવવું છે પણ કશું જ જતું નથી કરવું અને એમ કરવાથી કોઈ જ પ્રગતિ નહીં થાય. કંઠી પહેરીએ અને તિલક પણ કરીએ પણ વૈષ્ણવતા હૃદયમાં નહીં આવે ત્યાં સુધી કોઈ આનંદ નહીં મેળવી શકાય. આચાર્યજનો ઘણું બધું કહે છે પણ જ્યાં સુધી હૃદયમાં નહીં ઉતરે કોઈ જ અર્થ નહીં સરે.

(૧૩) પૂ.પા.ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી–વડોદરા) : શ્રીમહાપ્રભુજીકા યહ પુષ્ટિમાર્ગ શ્રીમહાપ્રભુજીકા મસ્તિષ્કકા માર્ગ હૈ જહાં જબ પ્રદૂષણકા અંત હોતા હૈ. ૧૯૯૨ કે બાદ યમનોત્રીકા પ્રવાહ શ્રીયમુનાજીમેં છોડા હી નહીં, અતઃ વાસ્તવમેં યમુનાકા ભૌતિક રૂપ ભી નહીં હૈ. વર્તમાન પરિસ્થિતિમાં સમાજમાં વિશ્વાસનું વાતાવરણ ઉભું કરવાની તાતી જરૂરિયાત છે તેથી વિશ્વસનીયતા ઉભી કરીને વૈષ્ણવ સમાજના સંગઠનને વધુ મજબૂત બનાવવું જરૂરી છે તેવી તેઓએ રજુઆત કરી હતી.

(૧૪) જાણીતા કિર્તનકાર શ્રીવિઠ્ઠલદાસ બાપોદરા : કિર્તન, પુષ્ટિમાર્ગ અને સેવા પરસ્પર સંકળાયેલા છે. – કિર્તન વિના સેવા અધૂરી છે. – વૈષ્ણવોના ઘેર ઘેર કિર્તનો પહોંચાડવાના છે અને એ કાર્ય પરિષદ ઉપાડી લે.

☐ રાજકોટમાં અલૌકિક વચનામૃત વર્ષા ☐

માંડવી–કચ્છ, શ્રીમદ્ ગોકુલવાળા પૂ.પા.ગો. શ્રીચિમનલાલજી મહારાજશ્રી રાજકોટના વૈષ્ણવોની વિનતી સ્વિકારી પધારેલ. તા. ૧ ડીસેમ્બરના સાંજના વૈષ્ણવોનું સ્વધર્મપાલન કર્તવ્ય, તા. ૨ ડીસેમ્બર વિવેકધૈર્યાશ્રયની સાદી સમજ, તા. ૫ ડીસેમ્બર વિવેકધૈર્યાશ્રયનું વિશદ વિવેચન, તા. ૬ ડીસેમ્બર 'આશરો એક દઢ શ્રીવલ્લભાધીશકો' એ પદ પર સુંદર ભાવ સમજાવેલ. તા.૭ ડીસેમ્બરના 'નિશ્ચયના મહેલમાં વસે મારો વહાલમો' એ ધોળ ઉપર વિશદ પ્રમાણોસર વચનામૃત કરી વૈષ્ણવોના ભાવની પુષ્ટિ કરેલ. દરેક વચનામૃત કાર્યક્રમ એક એક કલાકનો રહેલ અને હજારો વૈષ્ણવોએ એકાગ્ર ચિત્તે શ્રવણ કરેલ. વ્યવસ્થામાં પ.ભ. જયંતીભાઈ પડીઆ, ડાયાભાઈ ડેલાવાળા, તારાચંદભાઈ વિગેરે રહેલ.

☐ વધાઈ જૂનાગઢમાં લાલનનું પ્રાકટય વધાઈ ☐

જૂનાગઢ શ્રીમોટી હવેલીની ગાદી ઉપર બીરાજતા શ્રીકિશોરચંદ્રજી શ્રીપુરૂષોત્તમલાલજીના લાલજી ચી.શ્રીપિયુષબાવા (શ્રીવજેન્દ્રજી)ને ત્યાં શ્રીલાલનનું પ્રાગટય થતા લાલનનો છઠી પ્રસ્તાવ ખુબજ ધામધૂમથી ઉજવવામાં આવેલ હતો. બેન્ડવાજા શરણાઈ નોબત તથા સાંજના ૭ થી ૧૦ વાગ્યા સુધીમાં કિર્તન સમાજ સાથે આનંદપૂર્વક મનાવવામાં આવેલ હતો. બહારગામના વૈષ્ણવો માટે શ્રીગોકુલેશ મંડાણે બે દિવસ પ્રસાદની વ્યવસ્થા હતી જેમાં હજારો વૈષ્ણવોએ પ્રસાદ લીધો હતો. શ્રીમોટી હવેલીના દરેક કર્મચારીવર્ગને નવાજવામાં આવેલ હતા. ઉપસ્થિત બધા વૈષ્ણવોને અનસખડી પ્રસાદ વાંટવામાં આવેલ હતો.

શુભ લગ્ન પ્રસ્તાવ ☐ સ્વસ્તિ શ્રીમદ્ અખંડ ભૂમંડલાચાર્ય જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યન્વયાય શ્રીમદ્ ગોસ્વામી શ્રીદાનીરાયજી મહારાજાનાં સ્વકીયેષુ શ્રીહરિ ગુરૂ સેવા પરાયણાન્તઃ કરણેષુ
પરમ વૈષ્ણવ શ્રી, સપરિવારેષુ શુભાશિર્વાદ શમિહ તત્રાસ્તુ સદા શ્રી.................

સેવ્યઃ સમર્તવ્યશ્ચ અપરંચ શ્રી પુષ્ટિ પુરૂષોત્તમનંદનંદન શ્રીદામોદર પ્રભુ એવંશ્રીનવનીત પ્રિય પ્રભુના પરમ અનુગ્રહથી ચાંપાસેનીસ્થ શ્રીવલ્લભ કુળભૂષણ શ્રીમદ્ ગોસ્વામી ૧૦૮ (નિ.લિ.) શ્રીવિઠ્ઠલેશરાયજી મહારાજશ્રીના પ્રપૌત્ર, નિ.લિ. શ્રીમદ્ ગોસ્વામી ૧૦૮ શ્રીવૃજનાથલાલજી મહારાજશ્રી (મુંબઈ વિલે પાર્લા, જામ ખંભાળીયા, નૃસિંહગઢ (મ.પ્ર.) ચાંપાનેસી) ના પૌત્ર તેમજ શ્રીમદ્ ગોસ્વામી ૧૦૮ શ્રીદાનીરાયજી મહારાજશ્રી (જુનાગઢ, જામખંભાલીયા, બોરીવલી–મુંબઈ, નૃસિંહગઢ (મ.પ્ર.)

ચાંપાનેસી)ના **જ્યેષ્ઠ લાલજી ચિ. શ્રીગોકુલેશજી (ચિ. ધર્મેન્દ્રજી)** ના શુભ વિવાહ પ્રસ્તાવનું શુભ મુહુર્ત સંવત ૨૦૫૬ ના ગુર્જર પૌષ વદ ૮, શુક્રવાર તા. ૨૮ મી જાન્યુઆરી ૨૦૦૦ નું નિશ્ચિત થયેલ છે. તો આ મંગલમય અવસર પર તમો સહકુટુંબ, સપરિવાર, શિઘ્ર આવીને હર્ષમાં વૃદ્ધિ કરશો.

આ અલૌકિક પ્રસંગે આપશ્રીનાં નિજમસ્તકે બિરાજતા સેવ્ય નિધિ સ્વરૂપો શ્રીદામોદરપ્રભુ અને શ્રીનવનીત પ્રિય પ્રભુના વિવિધ મનોરથો તથા પુષ્ટિમાર્ગીય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ રાખેલ છે. તો આ અલૌકિક આનંદનો લાભ લેવા સમસ્ત પુષ્ટિ સૃષ્ટિને ભાવભર્યુ નિમંત્રણ છે.

શુભ પ્રસ્તાવ સ્થલ : "શ્રી વ્રજધામ" શ્રીભુતનાથ મહાદેવજી મંદિર પ્રાંગણ,
કોલેજ રોડ, જૂનાગઢ.

આજ્ઞાનુવર્તિની : શ્રીશુભ વિવાહ પ્રસ્તાવ સમિતિ જૂનાગઢના સસ્નેહ ભગવદ્‌સ્મરણ.

પત્રવ્યવહાર સ્થલ : શ્રીશુભ વિવાહ પ્રસ્તાવ સમિતિ "શ્રીગોકુલેશ નિકેતન" માંગનાથ રોડ,
જૂનાગઢ. ફોન. ૬૫૩૩૧૩ ફોન –કાર્યાલય : ૪૧૦૦૫

☐ રાજકોટના આંગણે અનેરો આનંદ મહોત્સવ (તા.૧/૨/૨૦૦૦ થી તા.૧૧/૨/૨૦૦૦ સુધી ☐

શ્રીમદ્ વલ્લભાચાર્યજી સંસ્થાપીત પુષ્ટિ સંપ્રદાયમાં મુખ્ય 'નવનિધિ સ્વરૂપો'ના દર્શન સેવાની વૈષ્ણવોને અતિ ઉત્કંઠા હોય છે. નવનિધિ સ્વરૂપમાં શ્રીગોવર્ધનધર (દેવદમન, શ્રીનાથજી), શ્રીનવનીતપ્રિયાજી, શ્રીમથુરેશ્વરજી, શ્રીવિટ્ઠલનાથજી, શ્રીદ્વારિકાધીશજી, શ્રીગોકુલનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીબાલકૃષ્ણજી તથા મદનમોહનજી એમ નવનિધિ સ્વરૂપો થયા.

શ્રીમદનમોહનજી પ્રભુ હાલ સપ્તમ પીઠાધીશ્વર પૂ.પા.ગો. શ્રીઘનશ્યામલાલજી (કાર્મા–કામવન) માથે બિરાજે છે. આપશ્રીના તૃતીયલાલજી ગો. શ્રીકલ્યાણરાયજી મહોદયશ્રીના જ્યેષ્ઠ લાલજી ગો.ચિ. અનિરુદ્ધલાલજી તેમજ દ્વિતીય લાલજી ગો. ચિ. ઉપેન્દ્રજીના શુભ યજ્ઞોપવિત સંવત ૨૦૫૬ ના મહા સુદી–૨ સોમવાર તા.૭–૨–૨૦૦૦ ના શુભ દિને રાજકોટ મુકામે નિશ્ચિત થયેલ છે.

આ શુભ પ્રસ્તાવને અનુલક્ષી સપ્તમ નિધિ સ્વરૂપ શ્રીમદનમોહન પ્રભુ સૌરાષ્ટ્રની પાવનકારી ભૂમિ રાજકોટમાં સંવત ૨૦૫૬ ના પોષ વદી ૧૧ ને મંગળવાર તા.૧/૨/૨૦૦૦ ના શુભ દિને પ્રથમ વખત જ પધારી રહ્યા છે. જેના વિવિધ મનોરથોનાં દર્શન તથા સેવામાં ભાગ લેવા ભાવુક વૈષ્ણવોને હાર્દિક નિમંત્રણ છે.

☐ વિવિધ કાર્યક્રમો ☐

તા. ૧–૨–૨૦૦૦ સપ્તમ નિધિ સ્વરૂપ કામવનથી રાજકોટ પધારશે તેમજ શ્રીનાથજી ધ્વજાજી શ્રીનાથદ્વારાથી રાજકોટ પધારશે જેની શોભાયાત્રા.

તા. ૫–૨–૨૦૦૦ શ્રીમદનમોહન પ્રભુ છપ્પનભોગ દર્શન સ્થળ : શાસ્ત્રીમેદાન.

તા. ૭–૨–૨૦૦૦ શ્રીલાલબાવા યજ્ઞોપવિત સાથે ૧૦૮ વૈષ્ણવ બાળકોને યજ્ઞોપવિત સ્થળ : શાસ્ત્રીમેદાન.

તા. ૧–૨–૨૦૦૦ થી તા. ૬–૨–૨૦૦૦ શ્રીનાથજી ધ્વજાજી. દર્શન સ્થળ : શાસ્ત્રીમેદાન.

☐ લક્ષ્મીવાડી હવેલીમાં શ્રીમદનમોહન પ્રભુ ના તા.૧–૨–૨૦૦૦ થી ૧૧–૨–૨૦૦૦ દરમ્યાન વિવિધ મનોરથો : મોતીના બંગલા– વિવાહ ખેલ– બડો મનોરથ– કેસર મેવાના બંગલા– સૂકામેવાની સાંજી– સુકામેવાના પલના– કુંડવારો– બગીચા મનોરથ (વસંત પંચમી)

☐ તા. ૧–૨–૨૦૦૦ થી ૬–૨–૨૦૦૦ નિત્ય રાત્રી કાર્યક્રમો : શાસ્ત્રી મેદાન. કિર્તન સંમેલન– રાસગરબા– વધાઈ કિર્તન– સાંસ્કૃતિક કાર્યક્રમો

પત્રવ્યવહાર સંપર્ક : શ્રીમદનમોહનજીની હવેલી લક્ષ્મીવાડી મેઈન રોડ, રાજકોટ ફોન. ૨૩૫૦૫૨.

આ માસના ઉત્સવ

પોષ સુદ ૫ તા. ૧૧–૧–૨૦૦૦ મંગળવાર : ગો. શ્રીગોકુલોત્સવજી મહારાજશ્રી (નાથદ્વારા)નો તથા ગો.ચિ. શ્રીસંજીવકુમારજી (મથુરા)નો જન્મદિન.

પોષ સુદ ૭ તા. ૧૪–૧–૨૦૦૦ શુક્રવાર : ભોગી. ધનુર્માસ સમાપ્તિ. ગો. શ્રીશ્યામસુંદરજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર–જામનગર)નો જન્મદિન. (આઠમનો ક્ષય હોવાથી આજે)

પોષ સુદ ૯ તા. ૧૫–૧–૨૦૦૦ શનિવાર : મકરસંક્રાંતિ. પુણ્યકાળ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી. તિલવાભોગ સવારે કે સાંજે ધરવા. ગો. શ્રીનવનીતલાલજી મહારાજશ્રી (ચાંપાસેની–જામનગર– જૂનાગઢ)નો જન્મદિન.

પોષ સુદ ૧૦ તા. ૧૬–૧–૨૦૦૦ રવિવાર : ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

પોષ સુદ ૧૧ તા. ૧૭–૧–૨૦૦૦ સોમવાર : પુત્રદા એકાદશી વ્રત.

પોષ સુદ ૧૨ તા. ૧૮–૧–૨૦ મંગળવાર : ગો. શ્રીવિઠ્ઠલનાથજી મહારાજશ્રી (માંડવી–કચ્છ)નો જન્મદિન.

પોષ સુદ ૧૩ તા. ૧૯–૧–૨૦૦૦ બુધવાર : ગો. શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

પોષ સુદ ૧૫ તા. ૨૧–૧–૨૦૦૦ શુક્રવાર : પોષી પૂનમ. માઘસ્નાન પ્રારંભ. ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહિં. પાળવાનું નથી.

પોષ વદ ૩ તા. ૨૩–૧–૨૦૦૦ રવિવાર : ગો. શ્રીમુકુંદરાયજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

પોષ વદ ૪ તા. ૨૪–૧–૨૦૦૦ સોમવાર : ગો. શ્રીમધુસૂદનજી બાવાશ્રી (મુંબઈ–મદ્રાસ)નો જન્મદિન.

પોષ વદ ૫ તા. ૨૫–૧–૨૦૦૦ મંગળવાર : ગો. શ્રીપ્રભુજી મહારાજશ્રી (સુરત–વડોદરા)નો અને ગો. શ્રીવલ્લભદીક્ષિતજી (મુંબઈ–મદ્રાસ)નો જન્મદિન.

પોષ વદ ૬ તા. ૨૬–૧–૨૦૦૦ બુધવાર : શ્રીદીક્ષિતજી શ્રીગોપીનાથજીનો ઉત્સવ, શ્રીમથુરેશજીના ઘરમાં મનાય છે. શ્રીલાલજીનો પાટોત્સવ (કાંદીવલી–મુંબઈ). ગો.ચિ. શ્રીપરિતોષકુમારજી (મથુરા)નો જન્મદિન.

પોષ વદ ૧૧ તા. ૧–૨–૨૦૦૦ મંગળવાર : ષટ્તિલા એકાદશી વ્રત. તલનો ભોગ ધરવો. દાન આપવું. પ્રસાદ લેવો. (આ એકાદશી સિવાયની બધી એકાદશીઓના વ્રતમાં તલભક્ષણ વર્જિત છે.)

પોષ વદ ૧૨ તા. ૨–૨–૨૦૦૦ બુધવાર : ભારત માર્તંડ પંડિત શ્રીગટુલાલાજીનો જન્મદિન. (સં.૧૯૦૧)

પોષ વદ ૩૦ તા. ૫–૨–૨૦ શનિવાર : દર્શ અમાવસ્યા. ખંડગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિં. પાળવાનું નથી.

મહા સુદ ૧ તા. ૬–૨–૨૦ રવિવાર : શ્રીબાલમુકુન્દજીનો પાટોત્સવ. શ્રીલાડુબેટીજી મંદિર–મુંબઈ.

[૧૯.] રાધનપુર
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ,

[૨૦.] રાજપીપળા
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ,

[૨૧.] વડોદરા
– શ્રીવામનભાઈ બી. પટેલ
વાયડા પોળ,
– શ્રીકૃષ્ણકાંતભાઈ એમ. મહેતા
C/O. ગોવર્ધનહવેલી,
૬૧, ઉર્મી સોસાયટી, પ્રોડકટીવીટી રોડ,
અલકાપુરી,

[૨૨.] વાપી
શ્રીમતિ ભામિનીબેન કિશોરભાઈ
૧૦૫, અનુકુલ ચેમ્બર્સ,
એન. એચ. નં.૮ પ્લોટ નં. ૮/૧૨,

[૨૩.] વાંકાનેર
– શ્રીસુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
– કાકુભાઈ ગોરધનદાસ દોશી
C/O. ભારતએજન્સી
પુલ દરવાજાની દુકાન,
મોટી શાકપીઠને નાકે,

[૨૪.] સુરત
શ્રી ભદ્રેશકુમાર હિંમતલાલ ઠક્કર
વાસણના વેપારી, ૫/૩૩, બી.
હરિપુરા, પીરછડી,

[૨૫.] હળવદ
શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/O. શ્રીહસમુખ મેટલ કોર્પોરેશન

રાજકોટમાં શ્રીવલ્લભસુધાનું લવાજમ નીચેના સ્થળે ભરી શકાય છે.

૧...શ્રી વલ્લભસુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા.

૨...શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રૃંગાર જ્વેલર્સ, સોની બજાર.

૩...શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રીત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ.

૪...શ્રી મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
'શારદા સદન,' ૨૫, ન્યુ જાગનાથ.

૫...શ્રી વસંતભાઈ એન. વોરા
C/O. વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર, ઢેબર રોડ.

૬...શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિતકુંજ', ૪–કૈલાસવાડી, જંકશન પ્લોટ.

૭...શ્રીમતિ હર્ષાબેન એચ. ઠક્કર
'આનંદ' રોયલ પાર્ક શેરી નં.૫, યુનિ. રોડ.

૮...શ્રી મનસુખભાઈ સખીયા
C/O. પટેલ હાર્ડવેર માર્ટ, રૈયા રોડ.

૯...શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫–ગાયત્રીનગર.

૧૦..શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સુવજીભાઈની શેરી, સોની બજાર.

૧૧..શ્રી દેવજીભાઈ પડીયા
શ્રીરાજકમલ એજન્સી, પ્રહલાદ રોડ.

૧૨..શ્રી વી. જે. પીઠડીયા
'મોહક' ૭– નીલકંઠનગર.

૧૩..શ્રી વજુભાઈ પીઠડીયા
પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય,
શ્રી સાતસ્વરૂપ હવેલી,
મહાત્મા ગાંધી રોડ, દેનાબેંક પાસે.

૧૪..શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ કરશાળા
નાલંદા સોસાયટી શેરી નં.૨, કાલાવાડ રોડ,

૧૫..શ્રી ગોરધનભાઈ વાલજીભાઈ ગજેરા
'નવનીત કુંજ' ૩, વિશ્વનાથ મેઈન રોડ,
પટેલ બોર્ડીંગનો સામેનો રોડ,

18

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-01-2000.

REGD.NO.G.RJ.212, THE
CENSE TO POST WITHO
PREPAYMENT TO POSTE
CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

Specimen Copy

પ્રતિ શ્રી,
N.K. PARIKH
F-76, GUJARATI SOCIETY
NEHRU ROAD
VILEPARLE (EAST)
MUMBAI
પીન. 400057

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

ચિંતા–ઉદધિ નિમગ્ન હોં ભયો,
ગહે કો હાથ ।
એક તિહારો સરન હૈં,
વડવાનલ, બ્રજ નાથ ॥ (૧૮)

ટીકા : હે શ્રીપ્રભો ! વ્રજનાથ ! હું તો ચિંતારૂપી સમુદ્રમાં ડૂબી ગયો છું. ત્યાં આવીને મારો હાથ ઝાલીને કોઈ બહાર કાઢે એવો સમર્થ પુરૂષ આપ વિના નથી. કેમકે જલમાં એક વડવાનલ વિના કોઈનું બળ ચાલતું નથી. માટે ચિંતારૂપી સમુદ્રના જલને શોષવાને મારે તમારું શરણ છે. તમે કાઢો તો નિકળાય, માટે કાઢો. (૧૮)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મુદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૪૦૫૪૧.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૧૧ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ફેબ્રુઆરી, ૨૦૦૦

વચનસુધા

આ સમાજના (વૈષ્ણવોના) આટલાં ગામડાઓ જો સંગઠીત હોત, તો હું નથી માનતો કે કોઈપણ માણસને કોઈ ખરાબ પરિસ્થિતીનો સામનો કરવો પડત. ભલે આપ સોશયલ વર્કના નામે ગમે તે કહો પણ, ભારતમાં સમાજ અને ધર્મ– બે નથી. અરે ! પેદા નથી થયાં ત્યારથી સંસ્કાર ધર્મના– પેદા થાય છે. ચાલો ! ગર્ભાધાનથી માંડીને સિમંત થી માંડીને મર્યા પછી નાયે સંસ્કાર, અરે તારી ભલી થાય ! પૈદા નથી થયા તેની પેલાથી ધર્મ ને ધી એન્ડ (છેવટે–મર્યા વખતે) પણ ધર્મ છે, તો પછી સમાજ એનાથી વેગળો છે ક્યાં ? નથી.

આ અમારા ઉપર એકજાતની (હિન્દુઓ ઉપર) પરદેશની જે નીતિ લાદવામાં આવી એને અમે (હિન્દુઓ) સાકાર કરીએ ! અને જે અમારે ત્યાની સદાચાર યુક્ત સેવા પરંપરા છે એને ઠોકર મારીએ એનું કારણ શું છે? ભગવાન જો ગાયો પાછળ– એ પ્રતિજ્ઞા નભાવી શકે કે **'પાલ્યા નામ્ ચર્મ ન ધારયેત્'** ઉઘાડે પગે રહી શકે તો આપણે કેમ ન ચાલી શકીએ? આપણને પાંચસો રૂપીયાના ખાસડાં જ શા માટે જોઈએ છીએ? !!! આમ તો ખાસડાજને (ભલે) દશ હજારનાયે હોય! આ રીતે એક જે શ્રમનું સમર્પણ વલ્લભાચાર્યના માર્ગમાં થયું. વલ્લભાચાર્ય શ્રીનાથજીને પણ ચીટકીને ન બેઠાં ભલે આપ ગમે તે કહો. પધરાવ્યાં શ્રીનાથજીને જોઈતું તું તે આપ્યું, હવે તમે મોજ કરો, લાડવા ખાવ ચાલો, એ બધાને ખવડાવવા વાળો ભગવાન, એની ભૂખનું નિવારણ કર્યું હાં !

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૨૧–૨૨)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

“શ્રી વલ્લભસુધા” ના સેવાભાવી–પ્રતિનિધિ–કાર્યકર

[૧.] અનીડા (વાછરા)
મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ

[૨.] અમદાવાદ
શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૪૩, સરદાર પટેલ નગર, એલિસબ્રીજ,

[૩.] અંકલેશ્વર
શ્રીગોપાલભાઈ એન. શાહ
સી/૫ જી.આઈ.એલ. કોલોની
જી.આઈ.ડી.સી. વાલીયા રોડ,

[૪.] ગોમટા
શ્રી વલ્લભદાસ હરિભાઈ
“ વ્યાપિ વૈકુંઠ ”

[૫.] કલ્યાણ
શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા,

[૬.] ઉપલેટા
શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/O. શ્રી હરિ સ્ટોર્સ, રાજમાર્ગ,

[૭.] કલકત્તા
શ્રી નિતિનભાઈ મહેતા
C/O. કાનજી સવજી મહેતા
મહેતા બિલ્ડીંગ, ૧ લે માળે,

[૮.] જામનગર
નગીનદાસ પ્રેમચંદ કંસારા
C/O. દિપેશ મેટલ કોર્પોરેશન
૫૬, દિગ્વીજય પ્લોટ,

[૯.] જુનાગઢ
– શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
C/O. શ્રીગોકુલ એજન્સી, ૬/ શ્રીનાથજી ચેમ્બર,
દાણાપીઠ,
– શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨, રવિકિરણ એપાર્ટમેન્ટ,
– શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
‘કિરણ’ ૪, જલારામ સોસાયટી,
લોઢીયા વાડી સામે,

[૧૦.] ડોમ્બીવલી
શ્રી વિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮, શીવલીલા, તિલકનગર,
ગોપાલનગર રોડ–૧.

[૧૧.] જેતપુર
– શ્રી મનસુખલાલ માધવજી બોસમીયા
મતવા શેરી,
– શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ,

[૧૨.] ધોરાજી
શ્રી જાદવજીભાઈ જીવરાજભાઈ વઘાસીયા
વઘાસીયા ચોરા,

[૧૩.] પાંચપીપળા
શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

[૧૪.] ઘાટકોપર (પૂર્વ)
શ્રી છોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ,
રાજાવાડી, એમ. જી. રોડ,

[૧૫.] મુંબઈ
– આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ
અનંતવાડી, વૈદભુવન, કાલબાદેવી રોડ,
– આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ
જી/૨, સીતારામ બિલ્ડીંગ,
પલ્ટન રોડ, પોલીસ સ્ટેશન સામે,

[૧૬.] મલાડ
શ્રી જયંત સી. ભાઠા
૫૨, રામચંદ્ર લેન, અલ્હાબાદ બેંકની સામે,

[૧૭.] મોરબી
ધર્મેન્દ્ર ભોગીલાલ કંસારા
C/O. ટોકરશી જાદવજી કંસારા
કંસારા બજાર,

[૧૮.] મોટાભાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૧૧ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ ☐ ફેબ્રુઆરી,૨૦૦૦

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં
ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

એક જરૂરી ખુલાસો : ઘણાં અણસમજુ લોકો કહેવા લાગ્યા છે કે, 'સેવા કરતાં કરતાં આટલાં બધાં (ચોરાશી) અપરાધ પડતાં હોય તો સેવા જ ન કરવી. કેમકે બધાં અપરાધોમાંથી સાંગોપાંગ કેમ બચી શકાય ? પણ આ વાત અત્યંત ભૂલભરેલી છે. આ જે અપરાધોની ગણતરી બતાવી છે તે સેવામાં સાવધાની રાખવા માટે બતાવી છે, અને કદાચ ચોરાશીએ ચોરાશી અપરાધ થઈ જાય તો એ, તે દરેક અપરાધ એક એક પૈસા જેવો ગણાય. પણ જે બ્રહ્મસંબંધ લઈને, પુષ્ટિમાર્ગમાં આવીને, પુષ્ટિમાર્ગનું પરમફલ જે ભગવદ્ સેવા તે જ ન કરે તેનો તો અપરાધ સહુથી મોટો ગણાય—હજાર રૂપિયા જેવડો ગણાય. માટે શ્રીગુરૂદેવની આજ્ઞા અનુસાર ભગવદ્સેવા અવશ્ય કરવી એજ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું—જીવન સાફલ્ય છે.

અપરાધ ત્રીસમો : " શ્રીજી કો મૂલા આરોગાવે નહીં "

શ્રીઠાકોરજીને ધરવાની સામગ્રીમાં કેટલીએક મર્યાદાઓ છે. તેમાં શાકપાનમાં લસણ—કાંદા તો વર્જિત છે જ. ઉપરાંત મૂળા, મોગરી, ગાજર, કોબી, ફલાવર (ફુલકોબી) તથા હાલમાં બહુ પ્રચલિત થયેલ ચાઈનીઝ વાનગીના નામે બનતી ચીજોમાં આવતા બિલાડીના ટોપ પ્રકારના શાક જેને મશરૂમ કહે છે તેના જેવાં નિષીધ્ધ શાકપાન પણ શ્રીઠાકોરજીની સામગ્રીમાં ધરાવાય નહીં. આ વસ્તુઓ તામસી પ્રકૃતિ ઉત્પન્ન કરનારી તથા પસીના તથા ઓડકારમાં દુર્ગંધ ઉપજાવનારી છે. તેથી વૈષ્ણવોએ તેનું સેવન કરવું વર્જિત છે. જો આવી હીન વસ્તુઓ—પોતાની જીભના ચટકારા સંતોષવા ધરે— કે પોતે લ્યે તો અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

આશ્રયનું સ્વરૂપ

—શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

વિવેક ધૈર્યાશ્રય ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી જણાવે છે કે કલિયુગમાં ભક્તિ આદિ બધા માર્ગો દુઃસાધ્ય છે. જીવ માટે એક માત્ર આશ્રય પ્રભુનું શરણ છે. પ્રભુના શરણે જઈ જીવ અભયને પ્રાપ્ત કરે છે. જીવનમાં અનેકવિધ પરિસ્થિતિઓ આવે છે તેનો ઉલ્લેખ કરીને મહાપ્રભુજી આશ્રયનું સ્વરૂપ સમજાવે છે.

☐ ૧. દુઃખ આવી પડે ત્યારે : આધિભૌતિક આધ્યાત્મિક કે આધિદૈવિક દુઃખ અગર સેવામાં વિઘ્ન ઉભું કરતા હોય તો પ્રાર્થના ન કરતા પ્રભુને શરણે જવું. પ્રભુને શરણે જવાથી દુઃખ સહન કરવાની શક્તિ પ્રાપ્ત થશે અને પ્રભુકૃપાથી દુઃખ દુર થશે.

☐ ૨. પાપ થાય ત્યારે : અજાણતા કે મોહથી કંઈ પાપ થઈ ગયું હોય તો પણ હવે તેવું પાપ નહીં થાય એવા નિશ્ચય સાથે પ્રભુને શરણે જવું. પ્રાયશ્ચિત ન કરવું કારણ કે પ્રાયશ્ચિતથી શરણ ધર્મ જાય. સેવા—સ્મરણમાં પ્રવૃત થઈ પ્રભુના દ્રઢ આશ્રયથી પાપ દુર થાય અને શાંતિ પ્રાપ્ત થાય.

☐ ૩. ભય લાગે ત્યારે : કોઈપણ જાતનો ભય લાગે ત્યારે ગભરાઈ જવું નહીં કે અન્યાશ્રય ઉતાવળમાં થઈ ન જાય તેનો ખ્યાલ રાખવો. પ્રભુને શરણે જવું. પ્રભુ પૂર્ણપુરૂષોત્તમ છે. એમની કૃપાથી ભય દુર થશે તેવો દઢ વિશ્વાસ રાખવો.

☐ ૪. ઈચ્છાઓ પૂર્ણ ન થાય ત્યારે : ઈચ્છાઓ બે પ્રકારની છે. (૧) લૌકિક સુખની (૨) અલૌકિક સુખની. લૌકિક સુખની ઈચ્છાઓનો ત્યાગ કરવો જોઈએ. અને અલૌકિક સુખની ઈચ્છાઓ તો પ્રભુ પૂર્ણ કરે છે માટે પ્રભુને શરણે જવું.

☐ ૫. ભક્તનો દ્રોહ થાય ત્યારે : ભૂલેચૂકે પણ વૈષ્ણવનો—ભગવદીયનો અપરાધ થઈ જાય તો પોતાનો દોષ વિચારી પ્રભુને શરણે જવું— પ્રભુકૃપાથી હૃદયમાં દીનતા આવશે.

☐ ૬. ભક્તિનો અભાવ થાય ત્યારે : કોઈપણ કારણસર સેવા કરવા છતાં પ્રભુમાં પ્રેમ જાગૃત ન થતો હોય તો પણ પ્રભુના શરણે જવું. પ્રભુ કૃપા કરશે અને સ્નેહનું દાન કરશે તેવી આશા રાખવી.

☐ ૭. ભક્તો અપમાન કરે ત્યારે : આવી પરિસ્થિતિમાં પોતાનો જ દોષ વિચારી કદી સામો તિરસ્કાર કરવો નહીં અને પ્રભુને શરણે જવું.

☐ ૮. અશક્ય કામમાં કે સહેલાઈથી બને તેવું કામ હોય ત્યારે : અશક્ય કામ હોય તો માનવું કે પ્રભુએ એ સિદ્ધ ન કર્યું તેમાં જ મારું હિત સમાયેલું હશે. કોઈ કાર્ય સરળતાથી થાય તો તે પ્રભુકૃપાથી જ થયું છે તેમ માનવું. આ ભાવના સાથે પ્રભુને શરણે રહેવું.

☐ ૯. અહંકાર થાય ત્યારે : સ્વભાવથી કે દુઃસંગથી ક્યારેક અભિમાન થઈ જાય તો તૂર્ત જ દીનતાનો ભાવ કરી પ્રભુને શરણે જવું. અહંકારથી અસુરાવેશ થાય. ગોપીજનોને પણ જ્યારે અભિમાન થયું ત્યારે પ્રભુ અંતધ્યાન થઈ ગયા હતા.

☐ ૧૦. કુટુંબીજનોના પોષણ અને રક્ષણ કરતી વખતે : આ પરિસ્થિતિમાં પ્રભુને શરણે જવું, અભિમાન ન કરવું. પ્રભુકૃપાથી સર્વ કાંઈ થાય છે એવી ભાવના રાખવી.

☐ ૧૧. કુટુંબીઓ તિરસ્કાર કરે ત્યારે : પ્રભુને આશ્રયે જવું. પણ અભિમાન કરી સામનો ન કરવો. સર્વકાંઈ સહન કરવું. મારી આસક્તિ અને અહંભાવના નિવારણ માટે જ પ્રભુએ આ કર્યું છે એમ માનવું. પ્રભુને શરણે જવાથી શુદ્ધ બુદ્ધિ મળે છે.

☐ ૧૨. મનની અલૌકિકતા સિદ્ધ કરવા માટે : જ્યાં સુધી મન લૌકિક દેહ, ઈન્દ્રિય વગેરેમાં આસક્ત હોય ત્યાં સુધી તે સેવામાં લાગતું નથી. પ્રભુ તેવા હૃદયમાં પધારતા નથી. માટે મનની અલૌકિકતા માટે દીનતાપૂર્વક પ્રભુને શરણે જવું.

આમ, ઉપર બતાવેલી બારેય પરિસ્થિતિઓમાં મન, વચન અને કર્મથી કેવળ પ્રભુનું જ શરણ સ્વિકારવું. પ્રભુ સર્વ દુઃખો દુર કરવાવાળા છે. માટે વિશ્વાસ રાખી પ્રભુનો દ્રઢ આશ્રય રાખવો.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય
ગ્રંથ–પરિચય

☐ હિન્દીમાં લેખક : ગોસ્વામી શ્રી શ્યામમનોહરજી (પાર્લા) ☐

☐ ભાષાંતર કર્તા : પ્રો. પ્રતાપરાય કાં. શાહ (કોવિદ) ☐

—ગતાંકથી ચાલુ

સ્વયં ભગવાન પણ ગીતા (૯/૩૦–૩૧)માં કહે છે કે– 'અપિચેત્ સુદુરાચારો ભજતે મામનન્યભાક્ । સાધુરેવ સ મંતવ્યઃ સમ્યગ્ વ્યવસિતો હિ સઃ । ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાંતિં નિગચ્છતિ । કૌન્તેય પ્રતિજાનીહિ નમે ભક્તઃ પ્રણશ્યતિ'।

અર્થ : ઘણો દુરાચારી (પાપી) હોય તે મનુષ્ય પણ બીજા કોઈ દેવને ન ભજનારો મને ભજે તો તે ચોક્કસ (હી) સારો ગણાય. તે થોડા સમયમાં જ ધર્માત્મા (પુણ્યશાળી) બને છે અને શાશ્વત (સદાકાળ ટકતી) શાંતિને પામે છે. હે કુન્તાપુત્ર! ખાત્રીથી જાણી લેજે કે મારા ભક્તનો વિનાશ થતો નથી. એ જ કારણે ઉદ્ધવજીના ઉપદેશમાં પણ ભગવાને કહ્યું છે કે– 'બાધ્યમાનોપિ મદ્ભક્તો વિષયૈરજિતેન્દ્રિયઃ, પ્રાયઃ પ્રગલ્ભયા ભક્ત્યા વિષયૈર્નાભિભૂયતે (ભાગ ૧૧/૧૪/૧૨) અર્થઃ 'ઈન્દ્રિયો પર કાબુ ન મેળવી શકનાર મારા ભક્તને વિષયો સતાવતા હોય તેને પ્રાયઃ (ઘણું કરીને) પીઢ એવી ભક્તિ હોય તો વિષયો હરાવતા નથી.'

તેથી ન તો ભક્તિના પ્રારંભમાં અને ન તો ભક્તિની પીઢ દશામાં કલિકાલ અથવા વિષયાસક્તિ ભક્તિમાર્ગમાં દોષ ઉત્પન્ન કરી શકે છે. (એટલે કે બંને દશામાં દોષ ઉત્પન્ન નથી કરી શકતા). પુરાણોમાં પણ તપસ્વી વગેરેની જેમ ભક્ત ભટકી પડયો હોય એવા કોઈ દૃષ્ટાંતો આપવામાં આવ્યા નથી.

(૨) જીવાત્માના સ્વભાવથી જ્યાં સુધી દોષોત્પત્તિની સંભાવના હતી તો એ અવસ્થા સુધી ભક્તિમાર્ગમાં પણ ત્યાગ ન કરવાની વાત સમજાવવામાં આવેલી જ છે. ભક્તિની વ્યસનદશા એક વખત વિકસિત થઈ જાય તો ગૃહત્યાગ કરી શકાય છે. તે સમયે ભટકી પડવાનો ભય પણ રહેતો નથી. કારણ કે જેમ જેમ ભક્તિનો બીજભાવ દઢ થતો જશે તેમ તેમ લૌકિક તથા વૈદિક દષ્ટિથી ભક્ત અસ્વસ્થ બનતો જશે– 'લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્' (નવરત્ન–૬) આ પહેલા કહેવાઈ ગયું છે. એવા અસ્વસ્થ ભક્તોમાં લૌકિક અથવા વૈદિક દષ્ટિથી ફરી પાછો અસ્વસ્થ બનાવવાવાળા લૌકિક કર્મો યા વૈદિક કર્મોનો ત્યાગ એકવાર કરી દીધા પછી, જીવના સ્ભાવવશ પણ ભગવદ્ભાવમાં બાધા (અંતરાય) ઉપસ્થિત થવાની સંભાવના રહી જતી નથી.

(૩) ગોપિકાઓને જ્ઞાનોપદેશ દ્વારા સ્વયં ભગવાને વિરહપીડાથી ઉગારવાનું વિચાર્યુ (ઈચ્છયું) હતું. ઉદ્ધવજીને એજ હેતુથી વ્રજમાં મોકલવામાં આવ્યા હતા. તેથી આ અવસ્થામાં સ્વયં ભગવાન બાધા પહોંચાડી શકે છે, પરંતુ એવી આશંકાનું નિરાકરણ પહેલાંજ કરી દેવામાં આવ્યું છે કે ભગવાનને ખબર હતી કે ઉદ્ધવના જ્ઞાનોપદેશથી વ્રજભક્તોના ભાવનું ખંડન થવાને બદલે સ્વયં ઉદ્ધવજીના જ્ઞાનના અભિમાનનું ખંડન થઈ જશે. તેથી આ વિરહાવસ્થાની વ્યાકુળતાની ભાવતન્મયતામાં પરમાત્મા બાધા

પહોંચાડે છે એમ ન માનવું જોઈએ.

ભક્તિના બીજભાવનું આત્મામાં આરોપણ કરીને– સત્સંગાદિના અવસર દ્વારા એ બીજભાવને સિંચન કરીને– પ્રેમાત્મા વડે અંકુરિત કરીને– આસક્તિના રૂપમાં પલ્લવિત કરીને– વ્યસનનાં રૂપમાં જ્યારે ફલ પરિપકવ થતું જાય ત્યારે આ ભક્ત મનોરથપૂર્વક ભક્તિના કલ્પદ્રુમને કાપી નાંખવાનું ખુદ હરિના પણ વશમાં નથી. તો પછી કાલ–કર્મ–સ્વભાવની તો શી વિસાત?

પોતાના સ્તનનું દૂધ પીવરાવી–પીવરાવીને જે બાળકોને પાળી–પોષીને મોટું કર્યુ હોય તેને કઈ મા ખતમ થવા દેશે?

તેથી જ્ઞાનીઓના વાક્યથી ભગવાન ભક્તોમાં મોહ ઉત્પન્ન કરે છે એમ માનવું ન જોઈએ. કારણ કે ભાગવત (૪/૩૧/૧૨–૧૩)માં 'કિંવા યોગેન સાંખ્યેન ન્યાસસ્વાધ્યાયયોરપિ, કિંવા શ્રેયોભિરન્યૈશ્ચ ન યત્રાત્મપ્રદો હરિઃ। શ્રેયસામપિ સર્વેષામાત્મા હ્યવધિરર્થતઃ, સર્વેષામપિ ભૂતાનાં હરિરાત્માત્મદઃ પ્રિયઃ।' અર્થાત્ યોગ, સાંખ્ય, સંન્યાસ, સ્વાધ્યાય યા અન્ય પણ બધા શ્રેય સાધનોનો ઉપયોગ કરવાથી કોઈ લાભ નથી, જે કર્યા પછી પણ હરિ આત્મપ્રદ ન થઈ શકતા હોય, કારણ કે શ્રેયની અવધિ આત્મા હોય છે અને પ્રાણીઓને માટે હરિ આત્મરૂપ, આત્મપ્રદ તથા પ્રિય છે. એવી સ્થિતિમાં સર્વદા ભક્ત પરાધીન રહેવાવાળા પ્રભુ– 'અહં' ભક્તપરાધીનઃ હ્યસ્વતંત્ર ઈવ દ્વિજઃ...... ના હમાત્માનમાશાસે મદ્ભક્તૈઃ સાધુભિર્વિના' (ભાગ ૯/૪/૬૩–૬૪) પોતાના ભક્તોને ન તો સ્વયં મોહિત કરે અને ન તો જ્ઞાનીઓનાં વચનોથી મોહિત થવા દેશે.

'તેથી બીજભાવ દૃઢ થઈ જાય ત્યારે– ભક્તિની વ્યસનદશામાં–સ્વગૃહમાં (પોતાના ઘરમાં) જો ભગવત્સેવા નિભાવી ન શકાતી હોય– તો એવી સ્થિતિમાં ઘરનો પરિત્યાગ કરી દેવો જોઈએ. અન્યથા (એટલે નહિં તો) એવા ઘરમાં રહેવાથી કદી ભાવનું ઉપશમન પણ થઈ શકે છે. ભક્ત પોતાના સ્વાર્થથી પોતાના પ્રભુના રસાત્મક અનુભવના લાભથી વંચિત (વગરનો) થઈ શકે છે. આ શ્રીમહાપ્રભુજીનો દૃઢતર અભિપ્રાય (બહુ પાકો–મજબૂત) છે.

ઉપસંહાર : આ રીતે શ્રીકૃષ્ણની કૃપાથી મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય દ્વારા કરવામાં આવેલો સંન્યાસ નિર્ણય કે એ તો ભક્તિના દૃઢ થયા પછી જ લઈ શકાય છે– અન્યથા જ્ઞાનમાર્ગીય યા કર્મમાર્ગીય રીતથી પુષ્ટિમાર્ગમાં સંન્યાસ લેવો એ કાર્ય, પુષ્ટિના પગથિયાં ચડતી વખતે અધઃપતિત થવાનું કારણ બનશે– એ નિર્ણય અહીં પૂર્ણ થાય છે.

પ્રસ્તુત સંસ્કરણ વિ.સં.૧૯૭૪માં પ્રકાશિત સંસ્કરણનું ઓફસેટ પ્રોસેસ દ્વારા પુનર્મુદ્રિત રૂપ છે. એ સંસ્કરણના સંપાદક હતા શ્રીમૂલચંદ તુલશીદાસ તેલીવાલા તથા શ્રીધીરજલાલ વ્રજદાસ સાંકલિયા પોરબંદરના ગોસ્વામી ૧૦૦૮ શ્રીજીવનલાલજી મહારાજના આર્થિક સહયોગથી એ સંસ્કરણ પ્રકાશિત થયું હતું. એ બધા મહાનુભાવોનું અમે આ પુનઃપ્રકાશનના અવસર પર હાર્દિક કૃતજ્ઞતા સહિત સ્મરણ કરીએ છીએ.

□□ સમાપ્ત □□

નિ.લી.ગો.પૂ.પા.ગો.શ્રીમાધવરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર)ના પાવક સંસ્મરણો

પ્રેષક – વાસુદેવ મર્યાદી, શ્રીનગર (પોરબંદર)

આપશ્રીની સાન્નિધ્યમાં રહેવાનો મને અવારનવાર આપશ્રીની કૃપાથી લાભ મળતો. તે દરમ્યાન બનેલા પ્રસંગો– વચનામૃતો જોવા–સાંભળવા મળેલ તેની યાદી વૈષ્ણવો સમક્ષ રજુ કરતાં આનંદ અનુભવું છું.

[૧]

આપશ્રીએ 'વ્રજભારતી', 'સુરસાધના' અને 'ભગવાન વૈશ્વાનર'ની ફીલ્મ બતાવવા ભારતભરમાં પ્રવાસ કરતા જેથી વૈષ્ણવોને પુષ્ટિમાર્ગ અને શ્રીમહાપ્રભુજીનું ધ્યાન–ભાન થાય તે માટે પરિશ્રમ લઈ રહ્યા હતા.

સને ૧૯૮૧માં આપશ્રી મુંબઈ પધારેલ ત્યારે ભૂલેશ્વર શ્રીસાતસ્વરૂપ હવેલીમાં મુકામ રાખ્યો હતો. આપશ્રીની સાથે શ્રીગોવર્ધન ચોબાજી, ધીરુભાઈ કેશોદથી, અરજણભાઈ ખીરસરાવાળા, ગોરધનભાઈ માંગરોળના વિગેરે સાથે હું (વાસુદેવ મર્યાદી) હતો.

આપશ્રીનો નિત્યક્રમ શ્રીઠાકોરજીને આરોગાવ્યા પછી વૈષ્ણવોને પાતર ધરી પછી આપશ્રી ભોજન કરતા. જેથી અમને પ્રસાદ લેવા બોલાવ્યા. વૈષ્ણવોએ વિનંતી કરી– જેજે– કૃપાનાથ પહેલા આપશ્રી ભોજન કરો પછી અમને પ્રસાદી મળે તેવું અમે ચાહીયે છીએ.

ત્યારે આપશ્રીએ હસતા હસતા વચનામૃત કર્યા– 'વૈષ્ણવો પહેલા પ્રસાદ લીયે અને પછી ભોજન અમે કરીએ તો અમોને બહુજ આનંદ આવે. મારા પિતાશ્રીનું નીમ હતું કે ઓછામાં ઓછા બે કે વધારે વૈષ્ણવને પાતર ધર્યા પછીજ ભોજન કરવા પધારવું. આમ આ રીતે મને પણ પ્રિય લાગે છે, આમાં જ આનંદ આવે છે.

ભોજન કર્યા પછી આપશ્રીએ એક પ્રસંગ કહ્યો. એક વૈષ્ણવ પોરબંદર અમારી પાસે મેલા–ઘેલા કપડાં પહેરી આવેલા હતા અને કહ્યું કે મને આપશ્રી ઠાકોરજી પધરાવી આપો. અમે શ્રીઠાકોરજી પધરાવી આપ્યા. અને મિસરી ભોગ ધરવાની આજ્ઞા આપી. વળી કહ્યું કે 'તમો ક્યારેક ક્યારેક અહીં મંદિરમાં હાથ પવિત્ર કરવા આવ્યા કરો.'

ધીમે ધીમે તે વૈષ્ણવ મેલા કપડામાંથી ઉજળા ધોતીબંડી પહેરવા લાગ્યા. પહેલાં હરખથી સેવા–ટહેલ કરતા. તેમ કરતાં હું કાંઈક છું તેવું અભિમાન આવવા માંડયું.

પહેલાં તો ચરણસ્પર્શ કરતા, પછી ખાલી દંડવત્ કરવા લાગ્યા અને વૈષ્ણવોની મંડળીમાં મધ્યસ્થ બન્યા અને પોતે જે અગાઉ સાદા વેશમાં રહેતા, તે હવે એકલાઈ ઓઢવા લાગ્યા. એક દિવસ એક સંમેલનમાં બધા વૈષ્ણવો ચરણસ્પર્શ–દંડવત્ કરવા લાગ્યા અને આ વૈષ્ણવે ફક્ત

બે હાથ જોડી નમન કર્યું. અન્ય વૈષ્ણવો મંડળીના આ મધ્યસ્થીને જોતા રહ્યા અને સૌ કોઈને અવિવેક જેવું લાગ્યું.

આપશ્રીએ એમનામાં પેસેલું અહમ્ જોયું. તેથી પ્રવચનમાં એને અનુરૂપ પ્રવચન કર્યું. તેમાં કહ્યું કે વૈષ્ણવોએ પોતાનું સ્થાન તથા કર્તવ્ય પ્રારંભથી આખર સુધી એકસરખું નિભાવવું જોઈએ. મોટા સાથે કેવું વર્તન રાખવું, સમવયસ્ક કે નાની વયની વ્યક્તિ સાથે કેમ વર્તવું તેનો વિવેક ચૂકવો ન જોએ. તેમ કહી વિવેકધૈર્ય, આશ્રયનો સાર સમજી વિચારવું કે શ્રીમહાપ્રભુજી આ ગ્રંથમાં શું આજ્ઞા કરી રહ્યા છે.

સારમાં સમજાવ્યું કે થોડું ઘણું પ્રાપ્ત થયું ત્યાં દાસોહમ્‌ને બદલે અહમ્ આવી જાય કે હું કંઈક છું. પોતાને મહાન માનવા લાગે તો દીનતા તો ક્યાંથી આવે, ઉલટાનું અભિમાન વધવાથી પુષ્ટિમાં દાસધર્મનું મહત્વ ભૂલાઈ જવાય. અભિમાન હોય ત્યાં અવિવેક, ઘમંડ, તોછડાઈ બધું સાથે આવે છે.

આ વચનો સાંભળી પેલા વૈષ્ણવના હૃદયના ભાવો બદલાઈ ગયા અને આપશ્રીના ચરણારવિંદમાં પડી ગયા. પોતાના જીવને—મદ થયેલાને દીનતા ભાવનું દાન કર્યું. દીનતાનું દાન જેને મળે તેને પછી શું ખામી રહે ?

આમ ભૂલ્યા ભટક્યા જીવ ઉપર શ્રીવલ્લભ કૃપા કરે છે.

[૨]

એક દિવસ આપશ્રી વૈષ્ણવોને સાથે લઈને ફીલ્મના એક્ટરોને મળવા પધાર્યા. તેમાં અશોકકુમાર, શાહુ મૌલક, ભારત ભૂષણ વગેરેને મળી ખૂબજ પ્રસન્ન થયા.

બીજે દીવસે ફિલ્મ એક્ટર શ્રીરંજન સાહેબ તલવાર બાજીવાળાને ત્યાં આપશ્રી પધાર્યા. ત્યારે સાથેના એક વૈષ્ણવને વિચાર આવ્યો કે આવા ફિલ્મ એક્ટરોને ત્યાં સમય વિતાવે તેના કરતાં કોઈ ભગવદીય વૈષ્ણવને ત્યાં પધાર્યા હોત તો સારું થાત. આવા વિચારોમાં તેનું મન અટવાયું હતું પરંતુ કહી તો ન શકે.

આ વૈષ્ણવના મનની વિચારશૃંખલાને આપશ્રી જાણી ગયા ને કહ્યું કે હું ફિલ્મ એક્ટરોને મળવા જાઉં તેથી ઘણા વૈષ્ણવોને યોગ્ય લાગતું નથી તેથી ટેકસીમાંથી ઉતરતાં જ આપશ્રીએ આજ્ઞા કરી કે રંજનની અમે ઘણીજ ફિલ્મો જોયેલ છે. તેનું દૈવી લલાટ એમ કહી રહ્યું છે કે આપ કૃપા કરો, હું તો લૌકિકમાં પડયો છું. આ બધી લૌકિક પ્રવૃત્તિ તો સંસારમાંજ આસક્તિ કરાવે. આપની કૃપા થાય તો આમાંથી નીકળી પ્રભુભક્તિ મળે.

આ પ્રસંગ પછી આપશ્રી પોરબંદર પધાર્યા. બે માસ પછી રંજન પોતે મુંબઈથી પોરબંદર આવી બ્રહ્મસંબંધ લીધું અને સેવા માટે શ્રીઠાકોરજી પધરાવી આપવા વિનતી કરી કે જે સ્વરૂપ સન્મુખ બ્રહ્મસંબંધ મને આપશ્રીએ કરાવ્યું તેજ સ્વરૂપ પધરાવી આપો. મને તે સ્વરૂપમાં આસક્તિ છે.

(શ્રીગુસાંઈજીના નિધિ, રાજા જયમલજીના સેવ્ય શ્રીમદનમોહન પ્રભુ આપશ્રી પર બિરાજતા હતા તે પધરાવી આપવા રંજને વિનતિ કરેલ) પરંતુ આપશ્રીએ આપની પાસેનું ગ્વાલમંડલીનું નાનું એક સ્વરૂપ પધરાવી આપ્યું અને સેવાની રીત બતાવી. પછી તો રંજનજી તે સ્વરૂપની તન, મન, ધનથી સેવા કરવા લાગ્યા.

આ તરફ જે વૈષ્ણવને શંકા થઈ હતી તેને સમજાય ગયું કે 'વલ્લભ ચાહે સોઈ કરે' આમાં કયા સ્થળે દૈવિ જીવ રાહ જોઈને બેઠા છે તે શ્રીવલ્લભકુળ જાણતા હોય. એક તેને માટે જ તેને ઘેર પધારી પૂર્વ જ્ઞાન તેનું સ્ફુરિત કરાવ્યું અને શરણે આવી સેવા કરવા લાગ્યા. આપશ્રી બીજા એક્ટરોને મળ્યા હતા પરંતુ તે બધામાંથી પોતાના જીવને ઓળખી—આકર્ષિત કરી શરણે લીધો. 'અનેક જીવને કૃપા કરવા દેશાંતર પ્રવેશ' ગોસ્વામી બાળકોનું પરદેશ પધારવાનો હેતુ આપજ જાણતા હોય છે!

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્ગારો

૭૭. શુદ્ધ અને શાંત ભક્તિ

વૈષ્ણવમાંથી દંભ, જુઠું બોલવું ને લોભ એ ત્રણ વસ્તુ જાય, ત્યારપછી એના અંતઃકરણમાં પ્રભુ પધારે. જ્યાં સુધી એ ત્રણની ફોજ છે, ત્યાં સુધી હરિ કરોડો ગાઉ દૂર છે. વળી મારા પણું-ને હું છૂટયા વિના પ્રભુ વેગળા છે. તે સર્વે ખોટું છે. પ્રભુને સર્વત્ર જાણ્યા વિના સર્વે ખોટું છે. સર્વે પ્રભુજ કર્તા છે. જીવ કંઈએ છે નહિ, જ્યારે આપણને સર્વત્ર પ્રભુની સ્ફુર્તિ થશે, ત્યારે આપણું કામ થશે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે
હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

ભગવત્સેવામાં ઉપયોગી તન—મનની શુદ્ધિ—પવિત્રતા માટેનો બીજો મુખ્ય આચાર—અસ્પર્શ (અપરસ) !

સામાન્યતઃ આચાર સંકલન— ધર્માચરણ ભક્તિમાર્ગમાં તો કૃષ્ણસેવા માટે છે, પ્રભુની પ્રસન્નતા માટે છે, ધર્મ— આચાર— તેને અનુરૂપ જોઈએ. શ્રીભાગવતમાં ધર્મનાં ચાર ચરણ કહેલાં છે, 'તપઃ શૌચં દયા સત્યમિતિ પાદાઃ કૃતે કૃતાઃ।' (૧—૧૭—૨૪) કલ્પભેદ કે યુગભેદથી ધર્મનાં ચરણ જુદાં જુદાં દેખાય છે.

સત્યયુગમાં તે સમયે, **(૧) તપ :** કૃચ્છ્ર દિ (કાયાને કલ્યાણ—કૃષ્ણ—માટે કસવી સંતાપ સહવો) સ્વશાસ્ત્રગ્રંથોનું આલોચન (વિચાર), **(૨) શૌચ :** સર્વથા શુદ્ધતા, (અંદર— બહાર, મન—તનની પવિત્રતા), (તેના કારણ—રૂપ આચાર) **(૩) દયા :** પરદુઃખ દૂર કરવાની ઈચ્છા, (સૌનું મંગલ થાય તેવી કલ્યાણ—કામના), **(૪) સત્ય :** સાચું બોલવું તે, (વિચાર—વાણી—વર્તનની સત્યતા).

આ ચાર ચરણ ધર્મનાં કહેલાં છે. આ ચારથી ધર્મ ઓળખાય છે. આ ચાર આચરવામાં આવે તો ધર્મ છે, તેમ સમજાય. આ ચરણમાં આ—ચરણ ન હોય તો ધર્મ સંપૂર્ણ ન ગણાય. હિન્દુ—મુસલમાન— પારસી— ખ્રિસ્તી વિગેરેમાંથી કોઈપણ ધર્મ હોય, તેમાં આ ચાર આચારમાં વણાએલાં હોય તો, તે ધર્મની જપ—પાઠાદિ પ્રક્રિયાએ ફલિત થાય છે; નહિં તો શિથિલ રહે છે.

ભારતીય—ધાર્મિકતામાં આ ચારના આધારે વર્ણાશ્રમ—વગેરે ધર્મો છે. વર્ણાશ્રમ—ધર્મો ભગવાને સર્વજનહિત—માટે પ્રવર્તાવેલા છે. તેનું યથાધિકાર યથાશક્તિ આચરણ કરવું આવશ્યક છે. જેને માટે પ્રભુ પ્રકટ થઈ ગયા હોય અને આ પ્રકટ પ્રભુના સ્વરૂપથી—લીલાથી—રસાનુભવથી— તેનામાં ભક્તિ પ્રકટ થઈ જાય, તેવા શુદ્ધ— પુષ્ટિ— ભક્તિ— વાળાને તો બધા અન્ય—ધર્મો ગૌણ બની જાય છે, જરૂરી રહેતા નથી, સર્વધર્મ— પરિત્યાગ—પૂર્વક (આત્મધર્મથી) એક—માત્ર કૃષ્ણને શરણે જનાર માટે પણ તે જરૂરી રહેતા નથી. જેને પહેલાં હૃદયમાં ભક્તિ પ્રકટ થઈ અને ભક્તિથી ભગવાન પ્રકટ થાય, તે મિશ્ર—પુષ્ટિમાં ગણાય. તે સૌને તો વર્ણાશ્રમધર્મ જરૂરી છે. નિરોધ—વ્યસન— ફલદશાવાળાઓને પણ વર્ણાશ્રમધર્મની આવશ્યકતા નથી. પ્રેમ—આસક્તિ સુધી તો વર્ણાશ્રમધર્મ જરૂરી છે. શુદ્ધ પુષ્ટિભક્તો માટે પણ, —'લૌકિકત્વં વૈદિકત્વં કાપટયાત્ તેષુ નાન્યથા।' 'પુષ્ટિપ્રવાહમર્યાદા'માં સ્પષ્ટ છે.

પુષ્ટિભક્ત બધાં આવશ્યક લૌકિક— વૈદિક— કાર્યો કરવા છતાં તેમાં અહંતા—મમતા—આસક્તિ— ફલાપેક્ષા— વગર જ 'લૌકિકં વૈદિકં ચાપિ કાર્યં કુર્વન્નાસ્થયા'— શિક્ષાપત્ર (૧—૧) લૌકિક— વૈદિક—કાર્ય અનાસ્થાથી કરતા પોતાની કૃષ્ણભક્તિમાં રત રહેવું. 'યથાકથંચિત્ કર્તવ્યો વ્યવહારો હિ લૌકિકઃ। અપકીર્તિભયાત્તેન બુદ્ધિશૈથિલ્યસંભવાન્।' (શિક્ષાપત્ર ૫—૧૦) કોઈક રીતે (આસક્તિ— ફલલાલસા— વગર) આવશ્યક હોય તેટલો લૌકિક (વૈદિક) વ્યવહાર કરવો જરૂરી છે; નહીં તો અપકીર્તિ થાય, તેથી બુદ્ધિ શિથિલ થાય, ભગવાનમાં બુદ્ધિ સ્થિર ન રહે. આ ભયથી જરૂરી લૌકિક—વૈદિક— વ્યવહારો પણ નિર્લેપ રીતે કરી લેવા—પતાવી દેવા.

સંધ્યા—વંદનાદિ કર્મો તથા પુત્ર—પુત્રીનાં લગ્નાદિ—નૈમિત્તિક—કર્મોમાં શાસ્ત્રીયવિધિ તથા જરૂરી લોકવ્યવહાર જે થતાં હોય તે પણ આસક્તિ વગર કરી લેવા.

ભગવલ્લીલા—શ્રવણ અને સેવારૂપ આત્મધર્મ તો મુખ્ય નિત્યકર્મ છે; તે તો પ્રેમથી કર્યા કરવા જ. લૌકિક—વૈદિક અહંતા—મમતા હોય ત્યાં સુધી તો વર્ણાશ્રમ—ધર્મો કપટ—પૂર્વક પણ યથાશક્તિ પાળવા જરૂરી છે.

વ્યસનદશામાં આ અહંતા—મમતા છૂટી જતાં, બધા વર્ણાશ્રમાદિ—ધર્મો સ્વતઃ છૂટી જશે; પ્રયત્ન—પૂર્વક ન છોડવા પડે. પોતાને માટે શરીર સાચવવાનું ભાન હોય, ગમતું હોય ત્યાં સુધી વર્ણાશ્રમ ધર્મો જરૂરી છે. ભગવાન્ માટે શરીર સાચવવું ગમે, ત્યારે તે ગૌણ થઈ જાય છે.

તદાશ્રયતદીયત્ત્વ—બુધ્ધ્યૈ કિંચિત્ સમાચરેત્ ।
સ્વધર્મનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમન્યથા ॥

—બાલબોધ (૧૯)

તદાશ્રય અને તદીયત્વ સધાય તેમ સમજવા માટે; સ્વધર્મનું યથાશક્તિ આચરણ કરતાં નિશ્ચિત રીતે કાંઈક (શ્રવણાદિ) કરે, નહિં તો ભાર (દોષ) બમણો થઈ જાય, તેથી ફલમાં વિલંબ થાય. તેમ ન થાય માટે, વર્ણાશ્રમધર્મ પણ ઉપયોગી છે.

કોઈ—સાધનદશામાં તદાશ્રય અને તદીયતા યોગ્ય રીતે ન નિભાવી શકે અને વર્ણાશ્રમધર્મ છોડી દે તો બંને ખોવાઈ—ખોરવાઈ જશે. તદાશ્રય અને તદીયત્ત્વ જ્યાં સુધી વ્યસનદશાને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તો યથાસંભવ વર્ણાશ્રમ ન છોડાય, પુષ્ટિ ભક્તે તો કૃષ્ણના અનન્ય બનીને, સ્વધર્મનું પાલન કરવાનું હોય. ધર્મ તો સાધન છે, ભગવત્પ્રીતિ સાધ્ય છે; પ્રભુ પ્રીતિ સાધન છે, ભગવાન્ ફલ છે.

આમ, શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગમાં તો, સિદ્ધાન્તદર્શન અને આચારની એકતા સ્પષ્ટ છે. 'કૃષ્ણ સેવા' સદા કરવી તે સિદ્ધાન્ત છે; 'કૃષ્ણ સેવા' જ આચાર છે. તેમાં સાનુકૂલ રીતે વર્ણાશ્રમધર્મ, લૌકિક— વૈદિક—વ્યવહારો આવશ્યક હોય તેમ, યથાશક્તિ કરવા; પુષ્ટિભક્તે તો 'કૃષ્ણ સેવા'ને ગૌણ કરીને છોડીને, કાંઈ જ કરવાનું ન હોય, ધર્મ તો સાધન છે, ભગવત્પ્રીતિ સાધ્ય છે; પ્રભુ—પ્રીતિ સાધન છે, ભગવાન્ ફલ છે.

આમ, 'કૃષ્ણ સેવા'ને સાનુકૂલ ધર્માચરણમાં મન—વાણી—દેહ ત્રણે સંકલિત થઈ જાય છે, ત્રણેનો વિનિયોગ 'કૃષ્ણ સેવા'માં થઈ જાય છે. વાણી—દેહનો સેવામાં વિનિયોગ એવી રીતે કરાવવો કે મનનો વિનિયોગ સરલતા થઈ જાય. તેમાં શાસ્ત્ર—સમજ પહેલાં જરૂરી છે, —'શાસ્ત્રમવગત્ય મનોવાગ્ દેહૈઃ કૃષ્ણ સેવ્યઃ ।' (શાસ્ત્રાર્થ પ્રકરણ— પ્રકાશ—(૪).)

(શ્રીમદ્ ભાગવત્) શાસ્ત્ર સમજીને મન—દેહ—વાણી વડે કૃષ્ણને સેવવા જરૂરી છે. આ ત્રણે સેવામાં સાનુકૂલ થાય— યોગ્ય બને— તે માટે, મન—વાણી—દેહની શુદ્ધિ— પવિત્રતા માટે, સ્વધર્મના યથાધિકાર યોગ્ય આચારો આવશ્યક છે.

[પુષ્ટિ—પુલિનમાંથી સાભાર]

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

(અનન્ય શરણનો પ્રતાપ)

ભોજન વસનની ચિંતા કરી, વૈષ્ણવે ના થાવું ઉદાસ;
વિશ્વંભર પૂરે વિશ્વને તે, ક્યમ ભૂલે નિજ દાસ.
દાસ આશા પુરે સહુ વણ માગ્યે, વણ કહ્યે સહાય કરે અનુરાગે;
હરિ ભજતાં કાંઈ નવ રહે ખામી, નથી અજાણ્યા અંતરયામી
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૬૯)

વિવેચન : આ ચંદ્રાવળામાં ભગવાન પ્રત્યે વિશ્વાસ રાખી ચિંતા કરવી નહીં. પ્રભુ અંતર્યામી છે. તેમાં પ્રેમભાવના રાખી ભક્તિ કરવી, આવું વિવરણ છે.

જેને ભગવાનનું અનન્ય શરણ છે તે પોતાના ઉદર પોષણની કે અન્ય કોઈ લૌકિક વૈદિકની ચિંતા કરતો નથી. પ્રભુનું શરણ સ્વિકાર્યા પછી સ્થિરતા રાખવી, તેટલું જ કર્તવ્ય છે. લૌકિક ચિંતામાં મગ્ન થઈ ઉદાસ થવું જ નહીં.

આખા વિશ્વનું કલ્યાણ કરવાવાળા વિશ્વંભર શું પોતાના દાસને અન્ન–વસ્ત્ર નહિં આપે! આવું કદાપિ બને જ નહીં. મનુષ્ય માત્ર ભુખ્યો ઉઠે છે, સુતો નથી. કીડીને કણને હાથીને મણ મળી રહે છે. તેમાં ભક્તને તો પ્રભુ સદા સહાયક રહે છે. શ્રીમહાપ્રભુજીએ નવરત્નમાં પહેલો જ શ્લોક છે તેમાં આજ્ઞા કરી છે કે ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપિતિ–

જેમણે પ્રભુને આત્મનિવેદન કર્યુ છે, તેણે ચિંતા કદી કરવી જ નહીં. ભગવાન સ્વયં પોતાના નિવેદીત જીવને સર્વ રીતે સહાય રહે છે.

અંતર્યામી પ્રભુ અંતરની વાત જાણે છે. તેથી વિના માગ્યે ભક્તની ઈચ્છા પૂર્ણ કરે છે. જેણે આત્મનિવેદન કર્યુ છે, તેણે કોઈ ચિંતાની જરૂર નથી. ભક્તને ભગવાન અન્યોન્ય બની રહે છે. ભક્ત જેમ ભગવાનને ભજે છે, તેમ ભગવાન પણ ભક્તને ભજે છે. ભક્તનું જે કર્તવ્ય છે તે તેણે કરવું.

શિક્ષાપત્ર ૧૬ મું

શ્રીયશોદાજીનાં પ્રાણપ્રિય નંદરાયજીનાં પુત્ર, વ્રજનાં ઈશ્વર એવા પ્રભુનું યથા સમય યથા શક્તિ સેવા અને સ્મરણ કરવું. જેઓ સદા ભક્ત હૃદયમાં નિવાસ કરવાવાળા છે, તેમનુ જ શરણ રાખવું.

શ્રીમહાપ્રભુજીની કૃપાથી પોતાના સેવ્ય સ્વરૂપ પધરાવેલ છે, તેમાંજ દ્રઢ વિશ્વાસ રાખી સેવા કરવી. સેવા મુખ્ય ધર્મ એને ભૂલાય નહીં. ‘ભક્ત જન કલ્પ વૃક્ષાય નમઃ’

ઉપર મુજબ પ્રભુનું નામ છે, જે ભક્તજન માટે કલ્પવૃક્ષ સમાન ઈચ્છિત ફળ આપવાવાળું છે, જેને ભગવદ્ ચરણરૂપી છાંય પ્રાપ્ત થઈ છે, તેને માટે કોઈ વસ્તુ દુર્લભ નથી, કેમકે પ્રભુ સર્વેશ્વર સર્વાત્મા છે.

સર્વના ઈશ્વર સર્વનાં આત્મામાં બિરાજવાવાળા છે. જો સર્વનાં છે તો ભક્તનાં તો છે

જ. તેમાં સંદેહનું કોઈ કારણ નથી. પ્રભુ જે કાંઈ કરે છે, જે સ્થિતિમાં રાખે છે, તે ભક્તનાં ભલા માટે જ હોય છે. આવું સમજીને સુખ, દુઃખ, લાભ, અલાભ, સર્વ સ્થિતિમાં સહજ ભાવ રાખી ચિંતાથી દૂર રહેવું.

શ્રીહરિરાયજી શિક્ષાપત્ર ૧૭ મું શ્લોક ૯–૧૦

આશ્રયેણૈવ સકલં સિદ્ધિમેતિ ન સંશયઃ
પ્રથક્ શરણ માર્ગોક્તિ ન એવં પ્રભોરતિ (૯)
શરણસ્થ સમુદ્ધારકૃત વિજ્ઞાપનાદિકમ્
વિવેક ધૈર્યઃ ભક્ત્યાદિ સાધના ભાવ વાદતઃ (૧૦)

આશ્રયે રહેવાથી જ નિઃસંદેહ સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જે જીવોનો પ્રભુમાં દ્રઢ વિશ્વાસ છે તેનું સકલ કાર્ય સિદ્ધ થશે જ. પુષ્ટિ માર્ગમાં પ્રભુ ફલાત્મા (ફલને દેવાવાળા) છે. તેનેજ શરણે સ્થિર થઈને રહેવું. જેમ કે 'કૃષ્ણાશ્રય'માં 'શરણસ્થ સમુધ્ધારં' શ્રીમહાપ્રભુજીનું વાક્ય છે કે પ્રભુ શરણે આવેલાનો ઉદ્ધાર કરવાવાળા છે, તેનું જ શરણ સ્વિકારવું. તેમની જ સેવા, સ્મરણ, મનન ચિંતન, કરવું કેમકે સર્વસમર્થ છે. આજે તો કલિકાલ ચાલી રહ્યો છે. આ યુગમાં પાખંડ ધર્મનો જ વિશેષ વિસ્તાર થઈ રહ્યો છે. ઉપરથી ભક્તનો વેશ દેખાય છે, ભીતરથી કેવળ સ્વાર્થી જ હોય. ધર્મમાં ચલાવવાવાળા પણ આમાં ઘેરાયેલા રહે છે. તીર્થોમાં જાઓ તો ત્યાં વસવાટ કરી રહેલાની વૃતિ કેવળ ધનમાં જ રહે છે. તેથી પોતાનાં લાભનું જ કામ તે કરે છે. અહંકારથી મદોન્મત થયેલાઓ મૂઢતા પ્રાપ્ત કરી નિજી સ્વાર્થ માટે અધર્મ ચલાવી તીર્થોમાં ગંદકી જ કરે છે અને આ ગંદકીનો ફેલાવો આસપાસ બધે ફેલાવે છે.

ઉપરથી દેખાતા સત્પુરૂષો, પરંતુ તેઓ પણ નીજી સ્વાર્થમાં જ ફસાયેલા રહે છે. આવા સમયમાં તો કેવળ શ્રીકૃષ્ણનું જ શરણ ઉપયોગી છે, તેમ સમજી આગળ પાછળનો વિચાર ન કરતાં (તથૈવ તસ્યેવ લીલેતી) જે કાંઈ છે તે પ્રભુની લીલા છે, તેમ સમજી ચિંતાથી નિવૃતિ કરી, શરણ ગ્રહણ કરી, સ્થિર થવું. આ એક જ ઉત્તમ રસ્તો છે. બાકી બધા કલિનાં ધર્મોમાં ફસાયેલા રહેશે.

શ્રીમહાપ્રભુજી– સર્વેષાં સર્વદા હિતમ્ આશ્રયેણ પ્રોક્તમ્

આ વાક્યથી સિદ્ધ થાય છે કે કેવળ શ્રીકૃષ્ણનાં આશ્રયથી જ સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કેમકે પ્રભુ 'શરણસ્થ સમુધ્ધારં છે' શરણે આવેલાનો ઉદ્ધાર કરવાવાળા પ્રભુ છે. જે જીવ પ્રભુને શરણે સ્થિર થઈને રહે છે તેને કલિકાલ બાધા કરવા સમર્થ નથી. જીવ ગમે તે યોનીનો, ગમે તે જ્ઞાતિનો હોય, જેણે શરણ સ્વિકાર્યુ, તેને ચિંતા કરવાની જરૂર નથી. યથાશક્તિ પોતાની સ્થિતિ મુજબ સંતોષ માની સેવા કરવી. કદાચ કોઈ વાર મન થોડું ભટકે, તો પણ પ્રભુ તેની સહાય કરે છે. તેને માટે જુઓ.

૨૫૨ વૈષ્ણવ વાર્તા ૮૫ મી. એક સ્ત્રી પુરૂષ નિષ્કંચનની વાર્તા.

તેઓ સ્ત્રીપુરૂષ શ્રીઠાકુરજીની સેવા કરતા. ઘરમાં દ્રવ્ય સંકોચ હતો, પરંતુ આનંદ માનીને રહેતા. એકવાર સ્ત્રી પડોશમાં ગઈ, ત્યાં તેણે સેવા વૈભવથી થતી જોઈ. તેનું મન વિચલીત થયું કે દ્રવ્ય હોય તો આપણે પણ આવા વૈભવથી સેવા કરીએ. ઘરે આવીને પોતાના પતિને કહેવા લાગી મને વૈભવથી સેવા કરવા માટે દ્રવ્ય ન હોય તો ક્યાંકથી લાવો, ત્યાર પછી જ હું સેવા કરીશ. તેના પતિએ ઘણું ઘણું સમજાવ્યું કે શ્રીઠાકુરજી ભાવનાં ભુખ્યા છે, તે તો ભક્તોનાં પ્રેમને જ અંગીકાર કરે છે. પરંતુ તેની સ્ત્રી એ માન્યું નહીં, હઠ પકડી લીધી. ત્યારે

તેના પતિએ કહ્યું કે અહીંથી થોડે દૂર એક ઝાડ મોટું છે, ત્યાંથી ખોદીને લઈ આવ અને પછી વૈભવથી જ સેવા કર.

પતિના બતાવ્યા મુજબ તે ઝાડ નીચે પહોંચીને ખોદવા લાગી. દ્રવ્ય નીકળતાં જ આ સ્ત્રી બહુજ ખુશીમાં આવી. ટોકરો (સુંડલો) ભરીને દ્રવ્ય લીધું, ત્યારે દ્રવ્યને વાચા આવી અને આ સ્ત્રીને કહ્યું કે તું મને બદલામાં માંગુ તે આપ, પછી મને લઈજા. એક ઝારી ભરવાનું ફળ મને આપીજા. તે બાઈ કહે ભલે હું રોજ એક ટોકરો ધન લઈ જઈશ ને એક ઝારીજી ભરવાનું ફળ તને આપી જઈશ. ત્યારે સામો જવાબ મળ્યો, હવે પછીનું નહીં પણ આજ પહેલાં તેં ઝારી ભરેલી તેમાંથી જ પૂન્ય દેતી જા, કારણ કે હવે પછી તારૂં મન દ્રવ્યમાં રહેશે. આજ સુધી તેં નિષ્કંચનપણામાં જે જારી ભર્યા છે તેજ ફળરૂપ છે.

આવું સાંભળતા જ સ્ત્રીને ભાન આવ્યું કે, ખરેખર હું માર્ગ ભુલી છું, માટે દ્રવ્ય જોતું નથી. તેમ કહી દ્રવ્ય પાછું ઠલવી દીધું અને ખાલી હાથે ઘેર આવી. પતિને કહ્યું કે મારી વૃતિ બદલી હતી. પ્રભુ તો કેવળ ભાવને જ અંગીકાર કરે છે. આપણી સ્થિતિ મુજબ જ સેવા કરશું. દ્રવ્યનો મોહ હવે મને રહ્યો નથી.

આ રીતે પ્રભુએ તેનાં ભાવની રક્ષા કરી. વિશુદ્ધ મનથી સેવા કરેલી તે સર્વશ્રેષ્ઠ છે. પાખંડ કે સ્વાર્થ, દેખાદેખી, દ્રવ્યનો ઘમંડ આવી રીતની કરેલી સેવા પ્રભુ અંગીકાર કરતા નથી. પ્રેમભાવ ભક્તિ વિના પ્રભુ પમાય નહીં. મુખ્ય વસ્તુ પ્રેમરૂપી મીઠો પદાર્થ જ પ્રભુને પ્રિય છે. આવા ભક્તોનાં ભાવની પણ પ્રભુ રક્ષા કરે છે.

૨૫૨ વૈ. વાર્તા ૯૩ મી. શ્રીગુસાંઈજીના સેવક નિષ્કંચન વૈષ્ણવની વાર્તા.

એક સ્ત્રીપુરુષ મથુરામાં રહેતા હતા. પાસમાં પૈસા નહીં. કેરીની મોસમમાં તેણે એક રૂપિયામાં એક ટોપલો ઉધાર લીધો. શ્રીયમુનાજીને કિનારે જઈને કેરી ધોઈને ત્યાંજ વિનંતી કરી, પ્રભુ આરોગજો. શ્રીઠાકુરજી પણ તેનાં ભાવ મુજબ આરોગ્યા. માળીયે ટોપલાની કિંમત માંગી, ત્યારે તેણે કહ્યું કે અત્યારે મારી પાસે નથી, પછી હું આપીશ. આમ કરતાં રકઝક થઈ. માળી પોતાની કેરી લઈ રવાના થયો.

એટલામાં એક બીજો શેઠ ત્યાં આવ્યો. તેણે કીંમત આપી કેરી લીધી. ઘેર જઈ શ્રીઠાકોરજીને ધરવા લાગ્યો. ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું કે આ તો આરોગ્યો છું. અમુક વૈષ્ણવે શ્રીજમુનાજીના કિનારે જ આરોગાવી છે. શેઠે પ્રશ્ન કર્યો કે આપ શી રીતે આરોગો, ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું કે હું તો શ્રીગુસાંઈજીની વાણી સત્ય કરવા માટે જ આરોગ્યો છું.

આ વાર્તા અદ્‌ભુત દ્રષ્ટાંત પુરૂ પાડે છે. પોતાને ભાવના જાગી, પાસે પૈસો નહીં, તો તે પણ શ્રીપ્રભુએ પૂર્ણ કરી. હરિભજતા કોઈ ન રહે ખામી, નથી અજાણ્યા અંતર્યામી, માટે જ કવિશ્રી કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૬૯)

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ૫૦૧/– ગો.વા. દેવકોરબેન મુળજીભાઈ દાવડા મુંબઈના જય શ્રીકૃષ્ણ.
૨. ૫૦૧/– ગો.વા.અ.સૌ વજીબેન શંભુભાઈ લાખાણી અમદાવાદના ભગવત્સ્મરણ.
હસ્તે વી. એસ.લાખાણી, ડોમ્બીવલી

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.
ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

– ગતાંકથી ચાલુ

૫. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ગ્રંથ રત્ન

જે વખતે આપશ્રીના ગ્રંથ રત્નોનું અવલોકન કરવામાં આવે છે તે સમયે આપની જીવો પર કરેલી કૃપાનું ભાન થાય છે. આપશ્રીએ અગાધ પરિશ્રમ ઉઠાવી જીવોના ઉદ્ધારને માટે અમૂલ્ય ગ્રંથરત્નોનું નિર્માણ કર્યું છે. જે લોકો આપના ચરિત્રોના સમયે વિદ્યમાન હતા તે સમયે આપશ્રીએ એમનો આપના સ્વરૂપબળથી ઉદ્ધાર કર્યો અને એટલા માટે જ આપે ત્રણ વખત પૃથ્વીની પ્રદક્ષિણા કરી હતી. પરંતુ જેઓએ આપના ચરિત્રોનો આસ્વાદ નથી કર્યો તેમના માટે આપશ્રી, આપના જ બીજા સ્વરૂપે, આપના ગ્રંથો અહીં પધરાવતા ગયા. ભગવાન શ્રીકૃષ્ણ જે પ્રકારે અન્તર્હિત થઈને શ્રીભાગવતમાં બિરાજે છે, એ પ્રકારે શ્રીમહાપ્રભુજી આપના ગ્રંથોમાં સાક્ષાત્ બિરાજમાન છે.

આચાર્યજી વિરચિત ગ્રંથોને આપણે બે વિભાગમાં વહેંચી શકીએ. એક વિભાગ કે જેમાં આપના સ્વતંત્ર પ્રણિત ગ્રંથોને રાખીએ. અને બીજો વિભાગ જેમાં પ્રાચીનગ્રંથો પર આપે વિવરણાત્મક ગ્રંથોની રચના કરી છે.

વિભાગ–૧લો. સ્વતંત્ર ગ્રંથોમાં ષોડશ ગ્રંથ, નિબંધ અને પત્રાવલંબન મુખ્ય છે.

જે સમયે આચાર્યશ્રી અડેલમાં નિવાસ કરવાનો પ્રારંભ કર્યો ત્યારે માયાવદી પંડિત ગણો તથા મીમાંસક વિદ્વાનો મોટી સંખ્યામાં શાસ્ત્રાર્થ કરવા માટે આવવા લાગ્યા. તેથી આપશ્રીને સેવામાં વિઘ્ન થતું. ભગવત્સેવામાં આવતા પ્રતિબંધને દૂર કરવા માટે આપે 'પત્રાવલંબન' (બ્રહ્મવાદનું યથાર્થ પ્રતિપાદન કરતો ગ્રંથ) શ્રીકાશી વિશ્વેશ્વરના દ્વાર પર ચોંટાડયો. તથા કાશીના ધુરંધર પંડિતોને તેને અનુરૂપ શાસ્ત્રાર્થ કરવા માટે કહ્યું. પરંતુ આવા ગ્રંથનું ખંડન કોણ કરી શકે ? શાસ્ત્રાર્થ કરવાવાળા પંડિતોએ પત્રાવલંબન ગ્રંથ વાંચીને પરાજય સ્વીકારી લીધો.

બીજો સ્વતંત્ર ગ્રંથ 'તત્વાર્થદીપ નિબંધ' છે. આ ગ્રંથ કારિકા રૂપે છે. દિગ્વીજયમાં સરળતા રહે માટે સિદ્ધાંતોના સંદોહન રૂપે આ કારિકાઓને આપના શિષ્ય ગણે મુખપાઠ કરી હતી. આગળના ભાગની કારિકાઓ આચાર્યશ્રીએ નિર્મિત કરેલી છે તથા કેટલીક પછીની કારિકાઓ નારદ પંચરાત્ર, શ્રીમદ્ભાગવત, મહાભારત અને રામાયણ આદિમાંથી આધાર લઈને કરેલી છે. સર્વમાન્ય બ્રહ્મવાદ આધારિત ભક્તિમાર્ગનું આમાં નિરૂપણ કરેલું છે. આ

ગ્રંથના ત્રણ વિભાગ છે. શાસ્ત્રાર્થ, સર્વનિર્ણય, અને ભાગવત અર્થ. પહેલા ભાગમાં ગીતાશાસ્ત્રનું સંદોહન છે. બીજા વિભાગમાં બધા તત્ત્વોનો નિર્ણય છે. અને ત્રીજામાં શ્રીમદ્ ભાગવતના ચાર અર્થોનો સમાવેશ કરેલો છે. શ્રીમદ્ ભાગવતના શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ અને અધ્યાયાર્થનું પ્રતિપાદન ભાગવત અર્થના નિબંધ પ્રકરણમાં આચાર્યશ્રીએ કર્યું છે. શ્રીમદ્ ભાગવતની ટીકા લખ્યા પછી ભાગવત અર્થ પ્રકરણ ત્રીજા ભાગમાં નિબંધ લખ્યા છે.

આપનો ત્રીજો ગ્રંથ 'ષોડશ ગ્રંથ' ગ્રંથ સમુચ્ચયાત્મક છે. આ ષોડશ ગ્રંથમાં નાના નાના સોળ ગ્રંથનો સમાવેશ થાય છે. એટલા માટે તેનું નામ 'ષોડશ ગ્રંથ' છે. ષોડશ ગ્રંથના નામ આ પ્રમાણે છે. શ્રીયમુનાષ્ટકમ્, બાલબોધઃ, સિદ્ધાંત મુક્તાવલી, પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ, સિદ્ધાંત રહસ્યમ્, નવરત્નમ્, અન્તઃકરણ પ્રબોધ, વિવેક ધૈયાશ્રયઃ, શ્રીકૃષ્ણાશ્રયઃ, ચતુઃશ્લોકી, ભક્તિ વર્ધિની, જલભેદ, પંચપદ્યાનિ, સંન્યાસ નિર્ણયઃ, નિરોધ લક્ષણમ્, સેવા ફલમ્.

આ ષોડશ ગ્રંથોમાં આપશ્રીએ અપૂર્વ કુશલતા પૂર્વક આપના સમગ્ર સિદ્ધાંતોનો સંગ્રહ કરી દીધો છે.

❑ શ્રીયમુનાષ્ટક : શ્રીયમુનાજી આપણા સંપ્રદાયમાં વિશેષ પૂજનીય માનીએ છીએ. આ ગ્રંથમાં આચાર્યશ્રીએ શ્રીયમુનાજીનું સ્વરૂપ અને મહાત્મ્યનું વર્ણન કર્યું છે. શ્રીયમુનાજી વ્રજજનના ચતુર્થ યૂથના સ્વામિની છે. પ્રભુનું જે સ્વરૂપ છે અને પ્રભુમાં જે ગુણ છે તે શ્રીયમુનાજીમાં પણ છે. શ્રીયમુનાજી પ્રભુની પરમ પ્રેયસી પ્રિયા છે. આ યમુનાષ્ટકનો પાઠ કરવાથી દેહની શુદ્ધિ થાય છે. અને સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. તેના અવિરત પાઠ કરવાથી નવીન દિવ્ય દેહની પ્રાપ્તિ થાય છે. તથા પ્રભુમાં સ્નેહની વૃદ્ધિ થાય છે.

❑ બાલબોધ : આ ગ્રંથમાં પુરૂષાર્થનું વર્ણન કર્યું છે. આ જગતમાં પોતાની બુદ્ધિ પ્રમાણે દરેક માનવીએ અલગ પુરૂષાર્થ માન્યા છે. કોઈ રૂપિયાને પુરૂષાર્થ માને છે. તો કોઈ કીર્તિને પુરૂષાર્થ સમજે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીને ચારે પુરૂષાર્થ– ધર્મ, અર્થ, કામ અને મોક્ષ માન્ય છે. આ ચારમાંથી કામ અને મોક્ષ બે પુરૂષાર્થને મુખ્ય માન્યા છે. અપ્રાકૃતિક સુખનું નામ કામ છે. અને દુઃખના અભાવને મોક્ષ કહે છે. સુખનું સાધન અલૌકિક કર્મ છે. ધર્મ છે. આ ધર્મનું સાધન અર્થ માનવામાં આવ્યું છે. એટલા માટે ધર્મ અને અર્થ એ બંને પુરૂષાર્થ છે. પુરૂષ સમય ઉપર આ ચારેયની ઈચ્છા કરે છે. તે માટે ચારેય પુરૂષાર્થ ગણવામાં આવ્યા છે. જગતમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણ ફલપ્રદ દેવતા ગણવામાં આવ્યા છે. બ્રહ્મા સૃષ્ટિ કાર્યમાં લાગેલા હોવાથી વિષ્ણુ અને મહેશ બંને પુરૂષાર્થ આપવાવાળા ઈશ્વર છે. વિષ્ણુ મોક્ષ આપે છે. શિવજી ભોગ અને ઐશ્વર્યનું દાન કરે છે.

મોક્ષશાસ્ત્ર પણ ચાર પ્રકારના છે. બે શાસ્ત્ર– સાંખ્ય અને યોગ પોતે કરેલા સાધનો વડે મોક્ષ મળે છે. અને બીજા બે શાસ્ત્ર, વૈષ્ણવ, શૈવ બીજાનો આશ્રય ગ્રહણ કરવાથી પુરૂષાર્થ આપે છે. આ બધું હોવા છતાંય ભગવદી વૈષ્ણવોને તો પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જ સેવ્ય અને આશ્રયરૂપ છે.

–ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૭૧

શ્રીયમુને ઈતો ઔર યશ લેહુ;
કરોં પ્રણામ તિહારે પદ કોં યહી યોગ્યતા દેહુ. ૧
અતિ અદ્‌ભુત હૈ ચરિત તિહારે કૃત ધોખેં જલ મજ્જન;
સો યમ દંડ કબહૂં નહિં પાવે યમ ભાનેજ સુસજ્જન. ૨
જો આશ્રય તિહારો રાખૈ તે શ્રીકૃષ્ણ હિ પ્યારો;
ગોપ સુવનિ કી દેહુ તાહિ ગતિ વિધિ નિષેધ દુખ ટારો. ૩
તટ વાલુકા ભાલ વિભૃત જિહિ અભય પત્ર તિહિ પાયો;
'બલ્લભ' શ્યામ સદા વશ વાકે અમિત જગત યશ છાયો. ૪

ભાવાર્થ: યશોના ભંડારરૂપ શ્રીયમુનાજી આટલો યશ થોડો વધુ લઈ લ્યો કે હું આપના ચરણકમલમાં પ્રણામ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરું. આપના યશો અપાર છે એમાં થોડોક જ વધારો થશે.

આપનું ચરિત્ર અતિ અદ્‌ભુત છે કે અજાણ્યો પણ કોઈ આપનાં જળમાં સ્નાન કે પાન કરે તો પણ યમરાજનાં ભયથી મુક્ત બની જાય, તેને દંડ આપી જ ન શકે, કેમકે ભગિનીપુત્ર ભાણેજ થયો. તેણે તો સર્વ દોષોથી વિધિ નિષધથી મુક્તિ પ્રાપ્ત કરી લીધેલી, તેને તો આપનાં પુત્ર બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. સર્વ પાપોથી મુક્ત થયેલો હોઈને યમરાજ પણ હાથ જોડીને તેના ભાગ્યની બડાઈ કરે છે. કહે છે કે હવે તું સંસારના સુખ—દુઃખરૂપી ધર્મોથી મુક્ત બન્યો. વારંવાર ધન્યવાદ આપે છે કે દંડ તો શું આપું, તારી પાસે પણ નહીં આવી શકું, કેમકે જે જીવે આપનો આશ્રય કર્યો છે તે આપનાં પ્રાણ પતિ શ્રીકૃષ્ણનો પ્યારો બની જાય છે તેથી અભય પદને પામેલ છે.

ગોપકન્યાઓએ જેમ આપનો આશ્રય કરી મનવાંછિત ફળ પ્રાપ્ત કરેલ છે. તેમ આપના આશ્રિત જીવોની તેવી જ ગતિ પ્રાપ્ત કરાવો છો એટલું જ નહીં આપના તટ પર બિરાજમાન વાલુકા જેણે પોતાના અંગે લગાવી માથે ચડાવી તેણે વિના શ્રમથી અભયપદ મેળવી લીધું. જેમ કોઈ હકનો પરવાનો લેખિત મળે તેમ તેને અભયપદનો પરવાનો મળી જાય છે.

પ્રભુ શરણે આવેલા ભક્તોને વશ થઈ જાય છે. તે બધું આપની જ કૃપા બળ છે. કવિશ્રી વલ્લભ કહે છે કે, હે મા, આવો આપનો સુયશ જગવિખ્યાત છે, તેમાં મારા ઉપર કૃપા કરી થોડો વધારો કરો. ૭૧

ગો. શ્રીહરિરાયજી કૃત

દાણલીલા

લેખક : પ.ભ. જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ" સાવલી

—ગતાંકથી ચાલુ

સખી પણ ધૃષ્ટ છે. તેણે કહ્યું—

ગોરે શ્રીનંદરાઈજુ ગોરી જસુમતિ માઈ,
તુમ યાહીતેં સાંવરે લાલ, ઐસે લચ્છન પાઈ
મોહન ! જાન દે.

હે લાલા ! આપના પિતાશ્રી નંદરાયજી ગોરા છે. માતાશ્રી યશોદાજી પણ ગોરા છે. પણ તમે જે સાંવરા છો તે તમારા આવા લક્ષણોએજ એવા લાગો છો.

કૃષ્ણ એ સાંભળી હસી પડયા અને પછી બોલ્યા—

મન મેરો તારનિ બસૈ અરૂ અંજનકી રેખ,
ચોખી પ્રીતિ હિયે બસૈ, સો યાતે સાંવલ ભેખ
નાગરિ ! દાન દે.

અરી સખી! તું શું જાણે? મારું મન રાતદિવસ શ્રીરાધિકાજીના નેત્રની શ્યામ પુતળીમાં અને તેમની શ્યામ અંજન રેખામાં વસે છે એટલે જ મારો રંગ શ્યામ છે. મારા હૃદયમાં તો શુદ્ધ ઉજ્જવલ સાચો પ્રેમ રસ જ ભરેલો છે. વળી સખી પ્રતિ વાદ કરે છે. ડાહી થઈને શિખામણ આપે છે.

આપુ ચાલસો ચાલિએ યહૈ બડેનકી રીતિ,
ઐસી કબહુંન કીજિયે લાલ! હંસે લોગ વિપરીત
મોહન ! જાન દે.

આ રીતે મોટાઓએ મર્યાદામાં રહેવું જોઈએ. લોકો હસે એવી ક્યારેય વર્તવું ન જોઈએ. એવી શિખામણ આપી વળી પાછી ઠપકારે છે.

ઠાલેઠુલે ફિરત હો ઔર કછુ નહિ કામ,
બાટ ઘાટ રોકત ફિરૌ સો આનિન માનત શ્યામ
મોહન ! જાન દે.

પ્રત્યુત્તરમાં પોતાની મહત્તા અને આધિપત્ય દર્શાવતાં કૃષ્ણ કહે છે—

યહીં હમારો રાજ હૈ વ્રજમંડલ સબ ઠૌર
તુમહિ હમારી કુમુદિની હમ કમલવદન કે ભૌંર
નાગરિ! દાન દે.

હજુ સખીનું મન સંતોષાયુ નથી. અદ્ભુત રીતિવાળી શ્યામસુંદરની પ્રીતિ પ્રગટ થઈ જવાની ભીતિ દર્શાવતાં તે કહે છે.

ઐસેમેં કોઉ આઈ હૈ દેખે અદ્ભુત રીતિ
આજુ સબૈ નંદલાલજુ સો પ્રગટ હોઈગી પ્રીતિ
મોહન ! જાન દે.

પરંતુ જે સૌની સમક્ષ પોતાની પ્રીતિ પ્રગટ થઈ રહી છે એસૌ તો અંતરંગ જ છે. કૃષ્ણ કહે છે—

વ્રજવૃંદાવન ગિરિ નદી પશુ પંછી સબ સંગ
ઈનિસો કહા દુરાવ હૈ, પ્યારી રાધા મેરૌ અંગ
નાગરિ ! દાન દે.

સખી પ્રભાવિત બની રહે છે. ત્યાંથી દૂર ખસી જાય છે. શ્રીકૃષ્ણ પણ અંતમાં—

અંસ ભુજા ધરિ લૈ ચલે પ્યારી ચરન નિહોર

શ્રીરાધિકાજીના સ્કંધ પર પોતાની ભુજાઓ માલાકાર રાખી લે છે અને પોતાના ચરણાવિંદ પ્રતિ દ્રષ્ટિ કરીને ચાલતાં એમને કુંજ તરફ દોરી જાય છે.

કવિ પણ અંતમાં કહે છે કે—

નિરખત લીલા રસિકજુ જહાં દાન માનકી ઠૌર
નાગરિ ! દાન દે.

અર્થાત્—જ્યાં દાન—માનનું સ્થળ છે ત્યાં રસિક (શ્રીહરિરાયજી) આ લીલાનું પ્રત્યક્ષ દર્શન કરે છે.

□□ સમાપ્ત □□

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

—ગતાંકથી ચાલુ

[પ્રસિદ્ધ ગીતાના ટીકાકાર મહાત્મા શ્રીમધુસૂદન સરસ્વતીજીએ પોતાના ભક્તિ રસાયન ગ્રંથમાં દેવર્ષિ નારદજીના આ ક્રમનું અનુસરણ કરીને ભક્તિની અગિયાર ભૂમિકાઓ બતાવી છે.

પ્રથમંમહતાં સેવા, તદ્દયા પાત્રતા તતઃ ।
શ્રદ્ધાર્થ તેષાં ધર્મેષુ, તતો હરિગુણ શ્રુતિઃ ॥
તતો રતીઙ્કુરોત્પતિઃ, સ્વરૂપાધિ ગતિ સ્તતઃ ।
પ્રેમ વૃદ્ધિઃ પરાનન્દે, તસ્યાસ્થ સ્ફુરણં તતઃ ॥
ભગવદ્ ધર્મ નિષ્ઠાતઃ, સ્વસ્મિંસ્તદ્ગુણ શાલિતા ।
પ્રેમ્ણોડથ પરમાકાષ્ઠે, ત્યુદિતા ભક્તિ ભૂમિકાઃ ॥

૧. પ્રથમ મહાપુરૂષોની સેવા, ૨. ત્યારપછી એમની દયાની પાત્રતા, ૩. તેનાથી એના ધર્મો પર શ્રદ્ધા, ૪. શ્રદ્ધાથી હરિગુણનું શ્રવણ, ૫. શ્રવણથી પ્રેમના અંકુરની ઉત્પત્તિ, ૬. પ્રેમથી સ્વરૂપ પ્રાપ્તિ, ૭. તેનાથી પરાનંદ સ્વરૂપમાં પ્રેમની વૃદ્ધિ, ૮. પ્રેમવૃદ્ધિથી પરમાનંદનું સ્ફુરણ, ૯. તેનાથી ભાગવત ધર્મમાં નિષ્ઠા, ૧૦. તેનાથી પોતામાં એ ગુણોનું પ્રાકટ્ય અને ૧૧. તેનાથી પ્રેમની પરાકાષ્ઠા. આ પ્રકારે ભક્તિની ભૂમિકાઓ દર્શાવી છે.]

તે પછી મને જ્ઞાનોપદેશ કરનાર મહાત્મા તો બીજી જગ્યાએ ચાલ્યા ગયા. હું તેમના બતાવ્યા અનુસાર ભજન કરતો રહ્યો. મારી માતાનો હું જ એક માત્ર પુત્ર હતો. તેથી મારા પર માતાનો ઘણો ભારે

સ્નેહ હતો. તે મને જ અનન્ય ગતિ સમજતી હતી. એક દિવસ કાળ પ્રેરિત સર્પે મારી સ્નેહાળ માતાને ડસી લીધો. જેથી તેનું મૃત્યુ થઈ ગયું. ત્યારે 'ભક્તોનું કલ્યાણ ચાહનાર ભગવાને મારા પર કૃપા કરી' એવું માની હું ઉત્તર દિશા તરફ ચાલી નીકળ્યો. અને ત્યાં એક ગાઢ વનમાં પહોંચી નદી કિનારે એક પીપળાના વૃક્ષના મૂળમાં બેસી ભગવાનનું ચિંતન અને ચિત્તને એકાગ્ર કરવા લાગ્યો. એ વખતે પ્રેમાવેશથી મારી આંખોમાં આનંદના આંસુ ભરાઈ આવ્યા અને મેં જોયું મારા હૃદયમાં ભગવાન શ્રીહરિ પ્રગટ થઈ ગયા. ભગવાનનાં દર્શન થતાં જ પ્રેમનું પુર જાણે આવી ગયું. મારા રોમ ઉભા થઈ ગયા. હું આનંદના સમુદ્રમાં ડૂબી ગયો અને સંસાર સહિત પોતાને ભૂલી ગયો.

અચાનક ભગવાનનું તે મનમોહન પરમ સુંદર રૂપ અંતર્ધ્યાન થઈ ગયું, ત્યારે મને ખુબ દુઃખ થયું. હું ફરી દર્શન માટે પ્રયત્ન કરવા લાગ્યો ત્યારે મેં આકાશવાણી સાંભળી કે 'હે બાળક, આ જન્મમાં તને મારા દર્શન નહીં થાય, પ્રેમ વધારવા માટે મેં એકવાર તને દર્શન આપ્યા છે. અલ્પ સમયના સત્સંગના પ્રભાવથી મારામાં તારી દ્રઢ ભક્તિ થઈ છે. તું આ શરીર છોડી મારો નિજ જન થઈશ. મારામાં તારી બુદ્ધિ સ્થિર થશે અને મારી કૃપાથી કલ્પ ના અંતે પણ તને આ જન્મની વાતો યાદ રહેશે.'

ત્યારે મેં મારી જાતને ભગવાનની કૃપાપાત્ર માની અને ઝૂકીને પ્રણામ કર્યા અને શરમ છોડી ભગવાનના પરમ ગુપ્ત કલ્યાણમય નામ અને ગુણોના કિર્તન અને સ્મરણ કરતો, સંતોની સાથે અહંકાર અને ઈર્ષ્યા છોડીને નિશ્ચિંત થઈ સંસારમાં વિચરવા લાગ્યો. મેં કૃષ્ણમાં મન લગાવી સંસારનો સંગ ત્યાગી દીધો. યોગ્ય સમયે મારું તે શરીર નષ્ટ થઈ ગયું અને મને શુદ્ધ દિવ્ય પાર્ષદ દેહની પ્રાપ્તિ થઈ.

ત્યારબાદ કલ્પના અંતે સંસારને પોતાનામાં સમાવી પ્રલય સમુદ્રમાં શયન કરનાર બ્રહ્માજીના હૃદયમાં શ્વાસ સાથે મેં પ્રવેશ કર્યો. સહસ્ત્ર યુગ પછી જ્યારે બ્રહ્માજી જગતની રચના કરવા લાગ્યા ત્યારે મરીચિ વિગેરે ઋષિઓની સાથે તેમના શ્વાસમાંથી હું ઉત્પન્ન થઈ ગયો.

ત્યારથી અખંડ બ્રહ્મચર્યનું વ્રત ધારણ કરીને હું ત્રણે લોકની અંદર—બહાર ગમે ત્યાં વિચરું છું. ભગવાનની કૃપાથી મારે માટે ક્યાંય પણ રૂકાવટ નથી. સ્વયં ભગવાને આપેલ આ સ્વરયુક્ત બ્રહ્મથી વિભૂષિત વીણા વગાડતો હરિગુણ ગાતો હું સર્વત્ર વિચરું છું. ભગવાનની મારા પર એટલી અપાર કૃપા છે કે જ્યારે હું પ્રેમથી ગદ્ગદ્ થઈ ભગવાનની લીલા ગાવ છું ત્યારે મંગલ કીર્તિ પૂજ્યચરણ ભગવાન તે ક્ષણે પ્રગટ થઈ મને એવા દર્શન આપે છે, જેમ કોઈને બોલાવતા તુરત જ આવી જાય છે.

જે લોકો ભોગની ઈચ્છાથી વારંવાર વ્યગ્રચિત્તવાળા થઈ સંસારના વિષય—ભોગોમાં આસક્ત છે તેમને સંસાર સાગર તરવા માટે ફક્ત શ્રીહરિ ચર્ચા જ દ્રઢ નૌકા છે. તેથી હું પોતાના અને લોકોના કલ્યાણ માટે સદા—સર્વદા હરિ ગુણગાન કરતો વિચરણ કરું છું. ભગવાન શ્રીહરિના ભજનથી વિષયી પુરૂષોનું ચિત્ત જેટલું જલદી શાંત થાય છે તેટલું યોગ વિગેરેથી નથી થતું.

આટલું કહીને હરિગુણ ગાતા શ્રીનારદજી ત્યાંથી ચાલી નીકળ્યા.

મહાભારતમાં કહ્યું છે કે દેવર્ષિ નારદજી સમસ્ત વેદોના તત્વજ્ઞ, દેવતાઓના પૂજ્ય, ઈતિહાસ પુરાણોનાં જાણકાર, વિતેલા કલ્પોની વાતો જાણનાર, ધર્મ તત્ત્વના જ્ઞાની, શિક્ષાકલ્પ—વ્યાકરણના અસાધારણ પંડિત, સંગીત વિશારદ, પરસ્પર વિરુદ્ધ વિધિ વાક્યોનું વિવરણ જાણનારા, વાક્યોનું પૃથક્કરણ કરવામાં પૂર્ણ યોગ્ય, પ્રભાવશાળી વ્યાખ્યાનકાર, બુદ્ધિશાળી, સ્મૃતિવાળા, નિતિશીલ, કવિ, જ્ઞાની, સમસ્ત પ્રમાણો વડે વસ્તુનો વિચાર કરવામાં સમર્થ, બૃહસ્પતિ જેવા વિદ્વાનોની શંકાઓનું સમાધાન

કરવાવાળા, ધર્મ– અર્થ– કામ– મોક્ષના તત્ત્વોને જાણવાવાળા, યોગબળથી સમસ્ત દિશાઓથી પરિપૂર્ણ ભૂમંડલને પ્રત્યક્ષ જોનાર, મોક્ષાધિકારને જાણનારા, કલ્યાણ માટે વિવાદ ઉભો કરી દેનારા, સંધિ અને વિગ્રહના સિદ્ધાંતોના જાણકાર, અનુમાનથી જ કાર્યનું તત્ત્વ જાણનારા, સમસ્ત શાસ્ત્રોના પૂર્ણ પંડિત, વિધિનો ઉપદેશ કરવાવાળા, સમસ્ત સદ્‌ગુણોના આધાર અને અપાર તેજસ્વી હતા. તેઓ જ્ઞાનના ભંડાર, આનંદના સમૂહ, સદાચારના આધાર, બધા જીવોના અકારણ પ્રેમી, વિશ્વના સ્વાભાવિક જ હિતકારી, ભક્તિના મહાન સ્વરૂપ અને આચાર્ય હતા.

એવા દેવર્ષિ નારદજી એ બધો ઉપદેશ કર્યા બાદ 'અથાતો ભક્તિ વ્યાખ્યાસ્યામઃ' કહીને અંતમાં ભક્તિ તત્ત્વનો ઉપદેશ કર્યો. તેથી સિદ્ધ થાય છે કે ભક્તિનો દરજ્જો ઘણો જ ઉંચો છે.

આ રીતે લોકો પર કારણ વગર કૃપાને કારણે હરિગુણ ગાતા ત્રિલોકમાં ફરનારા દેવર્ષિ નારદજીના ચરણોમાં પ્રણામ કરી આપણે તેમના પરમપ્રિય ભક્તિના અનુપમ ઉપદેશોને ધ્યાનથી વાંચી તે અનુસાર જીવન બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

મંગલાચરણમ્

કોશનાં કૃષ્ણ ! કૃષ્ણેતિ કૃષ્ણ ! કર્ષ તવાન્તિકમ્ ॥
યે ન મે હૃદયં મગ્નં ભવેત્ તે પ્રીતિ સાગરે ॥ ૧ ॥

વાક્યાર્થ : હે કૃષ્ણ પરમાત્મન્ ! હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! એમ અંતરથી પોકારતા એવા મને આપની નજીક ખેંચો, જેથી મારું હૃદય આપના પ્રેમ સાગરમાં મગ્ન થાય. ૧.

ભાષ્યાર્થ : કર્મ માત્રના પ્રારંભમાં આસ્તિક હૃદય મંગલાચરણની આવશ્યકતા સ્વીકારે છે. પ્રેમાવતાર કૃષ્ણચન્દ્ર તરફ સ્વાભાવિક પ્રીતિવાળા ગ્રંથકાર શ્રીકૃષ્ણને જ ગ્રંથારંભે પોકારે છે. જ્યાં સુધી પરમાત્મા ભક્તને હૃદયપ્રત્યક્ષ નથી થતા ત્યાં સુધી ભક્ત હૃદયને ચેન પડતું નથી ! અને હૃદયમાં ગેરહાજરને હાજર કરવા માટે નામ–પોકાર સિવાય બીજું સરળ સાધન પણ શું ? આથી 'કૃષ્ણ' 'કૃષ્ણ' એવા નામ–પોકાર દ્વારા કૃષ્ણના પ્રેમસાગરમાં નિમગ્ન થવા ગ્રંથકાર પ્રાર્થે છે. અને પ્રકટ પ્રભુની હાજરીમાં તો અપ્રામાણિક ચિંતન કેવી રીતે થાય ? ૧.

કૃષ્ણ ! ત્વ કૃપણોડસીતિ નિશ્ચલા મે મતિર્યતઃ ॥
પ્રેમ સિન્ધુઃ ભવાન્ બિન્દું તર્ષુલાય ન યચ્છતિ ॥ ૨ ॥

વાક્યાર્થ : હે કૃષ્ણ ! આપ મહાકંજૂસ છો એવો મારો દઢ નિશ્ચય થઈ ચૂક્યો છે, કેમકે આપ પ્રેમના સિન્ધુ હોવા છતાં એ તરસ્યાને એક બિન્દુ પણ આપતા નથી ! ૨.

ભાષ્યાર્થ : આમ નામ પોકારે પણ છતાં ન થયેલા પરમાત્મા કૃષ્ણચન્દ્રને, પ્રેમજન્ય અધીરતાને લઈને ઠપકો આપતાં ગ્રંથકાર પ્રેમપદાર્થ યોગીજનને પણ દુર્લભ છે એવું, સૂચવતા કહે છે કે હે કૃષ્ણ ! આપ કંજૂસ છો ! દરેક સુદામો પહેલાં=નિહાલ થયા પહેલાં ભગવાનને કંજૂસ માને છે ! અને કૃષ્ણચન્દ્ર તો પ્રેમના સાગર છે! સાગર હોવા છતાં તરસ્યાને પણ બિન્દુજળ માટે જે ટળવળાવે તે કંજૂસ નહીં તો બીજું શું? ૨.

—ક્રમશઃ

'શ્રીવલ્લભસુધા'નું આ વર્ષનું ભેટપુસ્તક ફેબ્રુઆરીના અંતમાં અથવા માર્ચના પ્રારંભમાં સર્વે સભ્યોને મળી જશે.

કાવ્ય – કુંજ

ફાગણ આયો

ફાગણ આયો, અબિલ ગુલાલ લાયો રે.
વ્રજ ગોકુળ વૃંદાવન ઘર ઘર, ઘન છાયો રંગ અપાર. ફાગણ...
નંદ નંદન મુખ લપટાયો, કેસરી રંગ ઉડે ફુહાર. ફાગણ...
વૈષ્ણવ જન સંગ હોળી ખેલે, વહાલો નંદકુમાર. ફાગણ...
વૈષ્ણવ જન ઉર ભક્તિ રંગ, ઉડે બેસુમાર. ફાગણ...
નાચ નાચ સૌ વૈષ્ણવ ગાયે, રાગ વસંત ધમાર. ફાગણ...
ઝાંઝ પખવાજ કરતાલ વાગે, ખેલો હોળી દિન ચાર. ફાગણ...
રંગ કેસરી ભર પિચકારી, વ્રજ ખેલે શ્રીવલ્લભકુળ પરિવાર. ફાગણ...
'શ્રીજીઅનુરાગી' રંગ ભક્તિ, ઉર અંતર રંગે શ્રીનંદકુમાર. ફાગણ...

– શ્રીજીઅનુરાગી અમદાવાદ.

પુષ્ટિમાર્ગ એટલે ?

–ગો. શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

દિવ્યતાથી, દૈદિપ્યતાથી, દુર થતું દુષણ ! પાપનું પ્રદુષણ,
પ્રાપ્ત થતું, પરમ વિદુષણ! પ્રેમનું અમૃતવર્ષણ!
સુરેશનું સંકર્ષણ! નિઃસર્ગનું નિષ્કર્ષણ !! આપ્તનું આકર્ષણ!
આત્માનું પ્રકાશન! વિવેકની વાવણીને ભક્તિનું વિકાસન !!
પરમાત્મનું પ્રચુર, પરિ અવકાશન !!! આત્મારામ
આપ્તકામ, પરમ દયાળુ ને મહમાયાળુ, મુરલી મનોહર
મોહનનાગર, પ્રીતમ વહાલા,
શ્યામનુંઆકાશન !!! શ્યામનુંઆકાશન !!! શ્યામનુંઆકાશન !!!

દામોદરાષ્ટક

–ગો. શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

શંખથી સર્વધર્મોનો ત્યાગ કરી પોતાને શરણે આવવા કહેતા દામોદર પ્રભુનો હું આશ્રય કરું છું !
ભજન અને સ્મરણ ચક્રની જેમ નિરંતર રાખવાનું કહેતા દામોદરપ્રભુનો હું આશ્રય કરું છું !
ગદા દ્વારા સ્વશરણસ્થનું સદા રક્ષણ કરતા દામોદરપ્રભુનો હું આશ્રય કરું છું !
સેવાને પરમફલ મોક્ષાધિક નિરૂપતા જણાતા દામોદરપ્રભુનો હું આશ્રય કરું છું. !
ભક્ત સાથે અતિ ગાઢ સ્નેહ થી બંધાયેલા શ્યામસ્વરૂપ દામોદરપ્રભુનો હું આશ્રય કરું છું. !
ભક્ત પરવશ એવા દામોદરપ્રભુનો હું આશ્રય કરું છું. !
નીચી સૌમ્ય કૃપાદષ્ટિથી ભક્તને સદા જોતા દામોદરપ્રભુનો હું આશ્રય કરું છું. !
આધિભૌતિક આધ્યાત્મિક અને આધિદૈવિક દુઃખો દુર કરતા દામોદરપ્રભુનો હું આશ્રય કરું છું. !

સમાચાર

☐ રાજનગરમાં ઉપનયન પ્રસ્તાવની વધાઈ ☐

નિજમુરલિકાનાદાહ્વાનાગતવ્રજસુન્દરી નિરૂપમનવસ્નેહામ્ભોધેર્વિચિત્રતરોર્મિભિઃ।
કિમપિ પરિતશ્વાર્દ્રાર્દ્રોડસ્તુ પ્રભુઃ પ્રકટીભવન્ પ્રતિયુવતિસંભેદેનાડસ્મદશાં વિષયઃ સદા॥

સ્વસ્તિ શ્રીમદ્ ગોસ્વામી અખંડભૂમંડલાચાર્ય નિર્ગુણભક્તિમાર્ગ પ્રવર્તક જગદગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય વંશાવતંસ શ્રીગોપીનાથાચાર્ય દીપક પીઠાધીશ્વર **શ્રીમદ્ ગો.શ્રીવ્રજનાથજી મહારાજનાં** સ્વકીયાય હરિગુરૂસેવાપરાયણાન્તઃકરણાય શ્રીનિજસેવક પરમવૈષ્ણવુ શ્રી,   યહાં શ્રી.......... પ્રભુકી પરમ અનુકમ્પાસૂં નિ.લી.ગો.શ્રીવ્રજરાયજી મહારાજ કે પૌત્ર, ગો. શ્રીવ્રજનાથજી મહારાજ કે દ્વિતીય આત્મજ આયુષ્યમાન **ચિ.ગો. શ્રીરણછોડલાલજી મહોદય** (શ્રીવ્રજાભરણબાવા) કો ઉપનયન સંસ્કાર શુભમિતિ સં.૨૦૫૬ મહાસુદી–૧૦ મંગળવાર દિનાંક ૧૫–૦૨–૨૦૦૦ કો નિશ્ચય રાખ્યો હે સો હમારો તુમ્હારો લૌકિક અલૌકિક સ્નેહ દ્યોતનપૂર્વક કોઈ પ્રકારકો વિલંબ ન કરતે અવશ્ય હી વેગ સહકુટુંબ આઓગે. સો એસે આનંદ કે અવસરપે ઉત્સાહપૂર્વક તુમ્હારે આયવેસૂં યાશુભપ્રસ્તાવકી શોભામેં અધિક વૃદ્ધિ હોયગી. હમારે ચિત્તકૂં અત્યંત આનંદ ઔર સંતોષ હોયગો.

સેવામેં ચિત હૈ તાસૂં અધિક રાખેંગે। આપકી સેવા ક્ષણાર્ધ બિસરે નહિં હૈ॥

'શુભમ્'

ગો.શ્રીવ્રજનાથજી મહારાજકી આજ્ઞાસું

પ્રસ્તાવસ્થલ : શ્રીગુસાંઈજીકી બૈઠક અસારવા, અમદાવાદ–૧૬ ફોન નં. ૩૮૬૨૩૫.

નોંધ : બહારગામના વૈષ્ણવો માટે પ્રસાદ લેવાની વ્યવસ્થા પ્રસ્તાવ સ્થળે રાખવામાં આવી છે.

☐ મંગલ વધાઈ ☐ ॥ શ્રીગોપાલપ્રભુ વિજયતે ॥ ॥ શ્રીગોવર્ધનપ્રભુ વિજયતે ॥ ☐ મંગલ વધાઈ ☐

શુભ વિવાહ પ્રસ્તાવ મંગલ પત્રિકા

પ.ભ.શ્રી, સહર્ષ જણાવવાનું કે વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો.૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કડી–અમદાવાદ)ના તૃતીય આત્મજ પૂ.પા.ગો. શ્રીજયદેવજી મહોદયશ્રીના વિવાહ પ્રસ્તાવની શુભ મિતિ મહાસુદ ૧૦ તા. ૧૫–૨–૨૦૦૦ મંગળવારના સાંજે બિકાનેરવાસી શ્રીગણેશ વલ્લભજીની સુપુત્રી શ્રીદિપાલીજીની સાથે નિર્ધારીત થયેલ છે.

આ શુભ પ્રસંગે 'શ્રીજી'ના વિવિધ મનોરથો પણ થશે. આપ સર્વેને આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહી શોભામાં અભિવૃદ્ધિ કરવા અમારું સ્નેહભર્યું આમંત્રણ છે. ઉપરોક્ત શુભ પ્રસંગે ગોસ્વામી આચાર્યશ્રીઓનો વિશાળ સમુદાય ઉપસ્થિત રહેશે જેમના દર્શનનો લાભ સર્વે વૈષ્ણવજનોને મળશે.

પ્રસ્તાવ સ્થળ : 'વ્રજધામ', ૧૨–હિરાબાગ, અમૃતજ્યોતિ સ્કૂલની સામે,
આંબાવાડી, અમદાવાદ–૬ ફોન . ૬૪૪૭૬૫૬

નોંધ : બહારગામથી તથા વિદેશથી આવનાર વૈષ્ણવો અગાઉથી જાણ કરશે તો તેમના આવાસ તેમજ પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવશે.

તા. ૧૫–૨–૨૦૦૦ મંગળવારના 'વ્રજભૂમિ હવેલી'થી સાંજે ૫ વાગે વરઘોડો પ્રસ્થાન કરશે.

પત્રવ્યવહાર : વૈષ્ણવાચાર્ય ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી
'વ્રજવિલા' ૫૧—પુનિતનગર વિભાગ—૩, સેટેલાઈટ રોડ,
આંબાવાડી અમદાવાદ. ફોન.૬૪૨૨૯૩૭
નિવેદક : શુભ વિવાહ પ્રસ્તાવ સમિતિ
સંપર્ક : પ.ભ.શ્રીગોવિંદભાઈ દેસાઈ ફોન. ૬૪૪૨૭૧૬ — પ.ભ.શ્રીનિરીનભાઈ ચોકસી ફોન. ૬૬૦૦૪૯૨

□ શ્રીવાક્પતિ ફાઉન્ડેશન દ્વારા શ્રીવલ્લભ વિદ્યાપીઠની પત્રાચાર અભ્યાસક્રમની પરિક્ષા □

શ્રીવાક્પતિ ફાઉન્ડેશન દ્વારા શ્રીવલ્લભ વિદ્યાપીઠની પત્રાચાર અભ્યાસક્રમની પરિક્ષા આચાર્યચરણ શ્રીમદ્વલ્લભાચાર્યજીના દાર્શનિક સિદ્ધાંતોના આધારે ભારતીય સંસ્કૃતિ તથા જીવન ઘડતર તથા સંસ્કાર સિંચન માટે લેવામાં આવે છે.

આ પુષ્ટિમાર્ગીય પત્રાચાર અભ્યાસક્રમ ૧૯૯૬ થી શરૂ કરવામાં આવેલ છે. ચાલુ સાલે ચોથું વર્ષ પૂર્ણ કરી પાંચમું વર્ષ શરૂ થશે.

આ અભ્યાસક્રમમાં જોડાનાર વૈષ્ણવ ભાઈ બહેનોને જણાવવાનું કે આપ જો વૈષ્ણવ સંપ્રદાયના સાહિત્યમાં રસ ધરાવતા હોય તો આપ જાન્યુઆરી ૨૦૦૦ થી આ અભ્યાસક્રમમાં જોડાઈ શકશો. આ અભ્યાસક્રમમાં જોડાવા માટે 'શ્રીવલ્લભ વિદ્યાપીઠ', શ્રીબેઠક મંદિર, કેવડાબાગ, મદન ઝાંપા રોડ, વડોદરા કાર્યાલયનો સંપર્ક કરી પ્રવેશ ફોર્મ મેળવી લેવા. પ્રવેશ ફોર્મ ભરીને નિયત ફી સાથે કાર્યાલયને સત્વરે પરત આપવા.

□ ષષ્ઠીપૂર્તી મહોત્સવનો પ્રારંભ બિનસાંપ્રદાયિક સંસ્કાર બોધ પરીક્ષાથી થયો □

સમગ્ર વૈષ્ણવ સમાજ જેઓશ્રીની ષષ્ઠિપૂર્તી મહોત્સવ ધામધૂમથી ઉજવવા થનગની રહ્યો છે એવા પ.પૂ.પા.ગો.શ્રી૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રીના ષષ્ઠિપૂર્તી મહોત્સવના પ્રારંભે પૂ.પા.ગો.શ્રી૧૦૮ડૉ. વાગીશકુમારજી મહોદયશ્રી દ્વારા વડોદરા શહેર અને જિલ્લાની શાળાઓમાં બિનસાંપ્રદાયિક 'સંસ્કાર બોધ પરીક્ષા'નો પ્રારંભ કરીને શિક્ષણ જગતમાં ક્રાંતિ સર્જી છે.

આ અંગે વધુ માહિતી આપતાં પરીક્ષા સમિતિનાં સંવાહક હસમુખ એસ. શાહ જબુગામવાળા જણાવે છે કે જ્યારે આજનો વિદ્યાર્થી દિશાહીન અને લક્ષ્યહીન બનીને વ્યસનગ્રસ્ત જીવન જીવી રહ્યો છે. ભારતીય સંસ્કૃતિને ભૂલીને પાશ્ચાત સંસ્કૃતિનાં રંગે રંગાઈ રહ્યો છે ત્યારે આવા વિદ્યાર્થીઓમાં સુસંસ્કારોનું સિંચન કરવાના શુભાષયથી તા. ૨૬—૧૨—૯૯ ને રવિવારના દિવસે બપોરના ૧૧.૦૦ વાગ્યાથી ૧.૦૦ કલાક દરમ્યાન શહેર જિલ્લાનાં ૮૦ કેન્દ્રોમાં પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાનો આશરે ૮૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. આગામી વર્ષે આ પરીક્ષા તા. ૧૩—૮—૨૦૦૦ ના રોજ લેવામાં આવશે. જે અંગેનો પરીપત્ર, પ્રશ્નપત્ર પદ્ધતિ અને પાઠયપુસ્તક જે તે શાળાઓને જુલાઈ માસમાં મોકલવામાં આવશે.

□ શ્રીવલ્લભસુધાનું નવા વર્ષનું લવાજમ તુરત મોકલાવો □

'શ્રીવલ્લભસુધા'ના સર્વે ગ્રાહકોનું લવાજમ તા.૩૧—૩ ના રોજ પુરૂં થાય છે. તેથી વાર્ષિક લવાજમ રૂ.૪૦/— અથવા આજીવન લવાજમ રૂ.૫૦૧/— તુરત આપના નજીકના સેવાભાવી પ્રતિનિધી (જેમના નામ સરનામા ટાઈટલ ૨—૩ ઉપર છે) પાસે ભરીને પહોંચ અવશ્ય મેળવી લેવી. અથવા મનીઓર્ડરથી યા બેન્ક ડ્રાફટથી સીધુ કાર્યાલયને મોકલવું. ડ્રાફટ **'શ્રીવલ્લભ વિજ્ઞાન'** એ નામે કઢાવવો. મનીઓર્ડર કરતા નીચેની સ્લીપમાં પોતાનું નામ તથા પૂરૂં સરનામું અવશ્ય લખવું.

'શ્રીવલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦૦૦૧.

☐☐ વૈષ્ણવો– હિન્દુઓ ચેતો– ધર્મભ્રષ્ટ થતાં બચો ☐☐

એક પૂજ્યપાદ ગોસ્વામી દ્વારા ધ્યાન દોરવામાં આવ્યું છે કે તા.૧૫–૩–૯૯ ના 'સંદેશ' દૈનિકપત્ર તથા તા. ૭–૧૨–૯૯ ના 'ગુજરાત સમાચાર'માં છપાએલ સમાચારો મુજબ શુદ્ધ ઘી માં મોટે પાયે ચરબીની ભેળસેળ થાય છે. ગૌવંશના પ્રાણીઓની હત્યા કરી તેની ચરબીમાંથી ટેલો–અથવા માર્ગરીન જેવો પદાર્થ કાઢે છે જે ઘીને ઘણી રીતે મળતો આવતો હોઈ–ઘણા અધમ વેપારીઓ શુદ્ધ ઘી માં તેની મોટા પાયે ભેળસેળ કરે છે. સૌરાષ્ટ્રના એક નાના શહેરમાંજ આવું અર્ધા લાખનું ઘી– અધિકારીઓએ સ્થગિત કર્યાના સમાચાર છે.

પૂજ્ય મહારાજશ્રી જણાવે છે કે 'આજે કેટલી હદ સુધી આપણું પતન થઈ રહ્યું છે. ગાયની ચરબી ખાવાથી હિન્દુત્વજ જતું રહે છે એવું શાસ્ત્રો કહે છે. આવા ગાયની ચરબી ભેળવેલ ઘી શું શ્રીઠાકોરજી આરોગે ? આ પરિસ્થિતિ કેમ અટકાવવી ? છેવટે આપણે તો બચવું ? આ પ્રશ્નો ગંભીરતાથી સહુએ વિચારવા જેવા છે.

પ્રથમ દષ્ટિએ લાગે છે કે 'ઘી' નો ઉપયોગ બંધ કરવો જોઈએ. તોજ આ પાપથી બચી શકાય, મને લાગે છે કે આજે ઘણા લોકો કે જે ધાર્મિક પવિત્ર જીવન જીવવા માંગે છે તેઓ આવા 'ઘી' ની પરિસ્થિતિથી અજાણ હશે તેઓ ગૌવંશની ચરબીવાળા 'ઘી' થી બચી શકે તે હેતુથી 'શ્રીવલ્લભસુધા' દ્વારા પણ સહુને જાણ કરશો.'

ખરેખર આ અત્યંત વેદના ઉપજાવે તેવા સમાચાર છે. અને આપણી હિન્દુત્વની જાત પર લાંછનરૂપ તે વાત છે કે આવો અધમ વેપાર અને ભેળસેળ કરનાર– ભેળસેળની હકિકત જાણતા હોવા છતાં તેમાં પૈસાના મોહથી તેવું અધમ 'ઘી' વેચનાર પણ મોટા ભાગના હિન્દુ વેપારીઓજ છે. અરે! કેટલાંક કહેવાતા વૈષ્ણવોજ આવો વેપાર લઈ બેઠાં છે.

તાત્કાલીક આ દૂષણથી બચવા કોઈપણનો ભરોસો ન કરતાં પહેલવેલું તો દરેક સાધન સંપન્ન વૈષ્ણવ પોતાને ત્યાં ગાય રાખી તેનું પાલન કરે તે અત્યંત મહત્વનું છે. પોતાનો માભો દેખાડવા પચીસ હજારનું ટી.વી. રાખી તેનું સો બસોનું ઈલે.બીલ ભરવું સહુને પોસાય છે.–મોટર માટે ગેરેજની જગ્યા મળે છે. પણ પાંચ હજારની ગાય લઈ હજાર રૂપીયાનું ઘાસ મહીને ખવડાવવામાં કે બાંધવાની જગ્યા માટે દશ હજાર બહાનાઓ સુઝે છે!!! આથી વધુ શોચનીય પરિસ્થિતિ કઈ હોય ?

ઓછા સાધનવાળા સાધારણ વૈષ્ણવો પણ આ ઘોર અપરાધથી બચવા કોઈનો ભરોસો ન કરતાં પોતે અન્ય ખર્ચામાં કાપ મૂકી દૂધ વેચાતું લઈ ઘરે પોતાના ઉપયોગ પૂરતું ઘી બનાવીને જ શ્રીઠાકોરજીને ધરે અથવા દૂધ પીલવાના સંચા ચાલે છે ત્યાંથી મલાઈ લઈને તેને એક બે દિવસ દહીંનું જમાવણ નાંખી જમાવી તેને હાથેથીજ થોડી મથવાથી છાસ છુટી પડી જશે ત્યારબાદ તેને સગડી–ગેસ ઉપર તાવવાથી ઘી બની જશે. આવું ઘી ન મળે તો તેલ ચોપડેલ રોટી આરોગતા પણ પ્રભુ પ્રસન્ન રહેશે–પણ ઘોર પાપના ભાગીદાર બનવું ન જોઈએ. અને આવા અધમ વેપારનો બહિષ્કાર કરીને તેની શાન ઠેકાણે લવાશે.

સાધન સંપન્ન લોકો, શહેરમાં જ્યાં ઘર આંગણે ગાય રાખવી અનુકુળ ન હોય તેઓ બે પાંચ પરિવાર મળી શહેર બહાર જગ્યા લઈ સહકારી ગૌશાળા બનાવીને પણ ધર્મ, સંસ્કૃતિના રક્ષણમાં ભાગીદાર બની શકે.

વર્તમાનપત્રમાં જણાવ્યા મુજબ કેટલાંક પેકીંગમાં વેચાતા ઘી માં પણ આવી ભેળસેળ આવે છે. તેમજ વનસ્પતિ ઘી માં પણ આવી ભેળસેળ થયાના સમાચાર અગાઉ આવેલા તેથી કોઈપણનો વિશ્વાસ કરવા જેવું નથી. વળી ચોખ્ખા ઘી માં વનસ્પતિ ઘી કે રીફાઈન્ડ તેલની ભેળસેળ કેમીકલ ટેસ્ટથી તુરત જાણી શકાય પણ પ્રાણીની ચરબીની ભેળસેળં જાણવી બહુજ દુષ્કર છે. આવી ચરબીની ગંધ–રંગ દૂર કરવાની શોધ થઈ હોવાથી–પહેલાં માત્ર સાબુમાંજ આ ચરબી વપરાતી તેનો આજે ગામેગામ ધૂમ ઉપયોગ 'ઘી' ની ભેળસેળમાં થઈ રહ્યો છે માટે જાગો, ચેતો અને સ્વધર્મ પાલનમાં તત્પર બની અધર્મથી બચો.

આ માસના ઉત્સવ

મહા સુદ ૪ તા. ૯–૨–૨૦૦૦ બુધવારઃ શ્રીમુકુન્દરાયજી (કાશી)નો પાટોત્સવ. મહાનુભાવ દામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સં.૧૫૩૧). ગો.શ્રીકૃષ્ણકુમારજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો તથા શ્રીયોગેશકુમારજી (કામવન–ગોકુલ–પાર્લા)નો જન્મદિન.

મહા સુદ ૫ તા. ૧૦–૨–૨૦૦૦ ગુરૂવાર : વસંત પંચમી. શ્રીમદનમોહનજી (શેઠ પુરૂષોત્તમદાસ કાશીવાળા ઉપર બિરાજતા) પોરબંદરનો પાટોત્સવ.

મહા સુદ ૬ તા. ૧૧–૨–૨૦૦૦ શુક્રવાર : શ્રીયશોદાજીનો જન્મદિન. શ્રીરાજકુમારજી (અનિરુદ્ધલાલજી) મહારાજશ્રી (મુંબઈ)નો તથા ગો.ચિ.ઘનશ્યામલાલજી બાવાશ્રી (મુંબઈ–મુલુંડ)નો જન્મદિન.

મહા સુદ ૮ તા. ૧૩–૨–૨૦૦૦ રવિવાર : ગો.શ્રીમાધવરાયજી મહારાજશ્રી (વેરાવળ)નો જન્મદિન.

મહા સુદ ૧૧ તા. ૧૬–૨–૨૦૦૦ બુધવાર : જયા એકાદશી વ્રત. શ્રીલાડીલેશજીનો પાટોત્સવ વેરાવળ.

મહા સુદ ૧૩ તા. ૧૭–૨–૨૦૦૦ ગુરૂવાર : ગો.શ્રીઘનશ્યામલાલજી મહારાજશ્રી (કામવન)નો જન્મદિન.

મહા સુદ ૧૫ તા. ૧૯–૨–૨૦૦૦ શનિવાર : હોળી દંડારોપણ દિન. ધમારનો પ્રારંભ. પૂર્ણિમા. માઘ સ્નાન સમાપ્તિ.

મહા વદ ૩ તા. ૨૨–૨–૨૦૦૦ મંગળવાર : ગો.શ્રીવિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી (જામનગર–જુનાગઢ)નો જન્મદિન.

મહા વદ ૪ તા. ૨૩–૨–૨૦૦૦ બુધવાર : ગો.શ્રીનૃત્યગોપાલજી મહારાજશ્રી (મુંબઈ)નો જન્મદિન.

મહા વદ ૫ તા. ૨૪–૨–૨૦૦૦ ગુરૂવાર : શ્રીરણછોડજી (ડાકોર)નો પાટોત્સવ. ગો.શ્રીકલ્યાણરાયજી મહારાજશ્રી (સુરત)નો તથા ગો.ચિ. અભિષેકજી (મથુરા–પોરબંદર–રાજકોટ)નો જન્મદિન.

મહા વદ ૬ તા. ૨૫–૨–૨૦૦૦ શુક્રવાર : ગો.ચિ. શ્રીરઘુનાથજી બાવાશ્રી (મુંબઈ–મુલુંડ)નો તથા ગો.ચિ.શ્રીરસિકપ્રીતમજી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

મહા વદ ૭ તા. ૨૬–૨–૨૦૦૦ શનિવાર : શ્રીનાથજીનો પાટોત્સવ (સતઘરા) નાથદ્વારા.

મહા વદ ૯ તા. ૨૮–૨–૨૦૦૦ સોમવાર : ગો.શ્રીઅનિરુદ્ધલાલજી મહારાજ (માંડવી–કચ્છ)નો તથા ગો.શ્રીપ્રશાંતકુમારજી (મુંબઈ)નો તથા ગો.શ્રીગોપાલલાલજી (કાંકરોલી–મથુરા)નો જન્મદિન.

મહા વદ ૧૦ તા.૨૯–૨–૨૦૦૦ મંગળવાર : ગો. ચિ.શ્રીનૂપુરકુમારજી બાવાશ્રી (બોરીવલી)નો તથા ગો. શ્રીરાજેશકુમારજી મહારાજશ્રી (કોટા–કડી–અમદાવાદ)નો જન્મદિન.

મહા વદ ૧૨ તા. ૨–૩–૨૦૦૦ ગુરૂવાર : વિજયા એકાદશી વ્રત. ગો.ચિ.શ્રીવસંતકુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

મહા વદ ૩૦ તા. ૬–૩–૨૦૦૦ સોમવાર : સોમવતી અમાસ. દ્વાપર યુગાદિ તિથી. ગો.ચિ.શ્રીવલ્લભલાલજી બાવાશ્રી (ગોકુલ)નો જન્મદિન.

[૧૯.] રાધનપુર
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ,

[૨૦.] રાજપીપળા
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ,

[૨૧.] વડોદરા
– શ્રીવામનભાઈ બી. પટેલ
વાયડા પોળ,
– શ્રીકૃષ્ણકાંતભાઈ એમ. મહેતા
C/O. ગોવર્ધનહવેલી,
૬૧, ઉર્મી સોસાયટી, પ્રોડકટીવીટી રોડ,
અલકાપુરી,

[૨૨.] વાપી
શ્રીમતિ ભામિનીબેન કિશોરભાઈ
૧૦૫, અનુકુલ ચેમ્બર્સ,
એન. એચ. નં.૮ પ્લોટ નં. ૮/૧૨,

[૨૩.] વાંકાનેર
– શ્રીસુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
– કાકુભાઈ ગોરધનદાસ દોશી
C/O. ભારતએજન્સી
પુલ દરવાજાની દુકાન,
મોટી શાકપીઠને નાકે,

[૨૪.] સુરત
શ્રી ભદ્રેશકુમાર હિંમતલાલ ઠક્કર
વાસણના વેપારી, ૫/૩૩, બી.
હરિપુરા, પીરછડી,

[૨૫.] હળવદ
શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/O. શ્રીહસમુખ મેટલ કોર્પોરેશન

રાજકોટમાં શ્રીવલ્લભસુધાનું લવાજમ નીચેના સ્થળે ભરી શકાય છે.

૧...શ્રી વલ્લભસુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા.

૨...શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રૃંગાર જ્વેલર્સ, સોની બજાર.

૩...શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રીત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ.

૪...શ્રી મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
'શારદા સદન,' ૨૫, ન્યુ જાગનાથ.

૫...શ્રી વસંતભાઈ એન. વોરા
C/O. વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર, ઢેબર રોડ.

૬...શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિતકુંજ', ૪–કૈલાસવાડી, જંકશન પ્લોટ.

૭...શ્રીમતિ હર્ષાબેન એચ. ઠક્કર
'આનંદ' રોયલ પાર્ક શેરી નં.૫, યુનિ. રોડ.

૮...શ્રી મનસુખભાઈ સખીયા
C/O. પટેલ હાર્ડવેર માર્ટ, રૈયા રોડ.

૯...શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫–ગાયત્રીનગર.

૧૦..શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી, સોની બજાર.

૧૧..શ્રી દેવજીભાઈ પડીયા
શ્રીરાજકમલ એજન્સી, પ્રહલાદ રોડ.

૧૨..શ્રી વી. જે. પીઠડીયા
'મોહક' ૭– નીલકંઠનગર.

૧૩..શ્રી વજુભાઈ પીઠડીયા
પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય,
શ્રી સાતસ્વરૂપ હવેલી,
મહાત્મા ગાંધી રોડ, દેનાબેંક પાસે.

૧૪..શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ કરશાળા
નાલંદા સોસાયટી શેરી નં.૨, કાલાવાડ રોડ,

૧૫..શ્રી ગોરધનભાઈ વાલજીભાઈ ગજેરા
'નવનીત કુંજ' ૩, વિશ્વનાથ મેઈન રોડ,
પટેલ બોર્ડીંગનો સામેનો રોડ,

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-02-2000.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

પર્યો મનોરથ પોંન હૈં,
સાવૃત મધિ મન–તૂલ ।
માધો ! મનિધર તુમ વિના,
નાં ટરિ હૈં ઈન ઝૂલ ॥ (૧૯)

ટીકા : હે માધવ ! મહા મનોરથ–રૂપી આ વાયુમાં પડયું છે મારું મન તે અધવચનું અધવચ ઘૂમ્યા કરે છે. વાયુ એટલે લૌકિકમાં બધા જેને વંટોળિયો કહે છે તેમાં મનરૂપી તૂલ પડયું છે તે ક્યારેય ઠરીને ઠામ બેસતું નથી. તે વાયુનું ભક્ષણ તમ–રૂપી મણિધર વિના કોઈથી થશે નહીં, ને તે વિના એ મનનું ઝૂલવું ટળશે નહીં. માટે માધવ– લક્ષ્મીપતિ છો તે મનોરથ પૂરણ કરો. અથવા શમાદ્યો. બેમાં જે ગમે તે કરો. (૧૯)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **‘શ્રી વલ્લભસુધા’**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** ‘અમૃત’ જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૧૨ શ્રી વલ્લભાબ્દ ૫૨૨ માર્ચ, ૨૦૦૦

વચનસુધા

વલ્લભાચાર્યનો જે ભાવાદ્વૈતનો પક્ષ છે. ભાવનાનું અદ્વૈત જીવનમાં અનુભવી શકાય, ઓલો અદ્વૈત જીવનમાં અનુભવી શકાય કે નહીં એ એક ક્વેશ્ચન માર્ક છે (પ્રશ્નાર્થ છે) એનો સોલ્વ આપણે કશું કરી શકતાં નથી. એ ભાવાદ્વૈતની પ્રતિષ્ઠા કરી કોણે? ભક્તોએ, ભગવાને નથી કરી. અને કદાચ આપની જાતને ભક્ત માનતા હો, ગમે તે માનો, તો આ પ્રથમ કર્તવ્ય એ છે કે આજે આપણા સમાજની સ્થિતી છે– ધર્મની, તેના માટે આપણે કંઈ પણ કરવું જોઈએ જ. ને કોઈએ પણ કરવું જોઈએ. શીખનો એક ગુરૂદ્વારો તૈયાર થાય તો– એની અનુકરણીય વાત્ત છે કે ગમે તેવો (મોટો) માણસ હોય એક ટોપલો– રજ(રેતી) લઈને જશેજ ખરો, ઈંટ ઉપાડીને જશેજ ખરો, શ્રમનો વિનિયોગ પ્રભુસેવામાં જે કરવાનો આદર્શ આપણને મળે છે– પરંપરાથી તેને વિસરી ગયાં ? અને પછી એ કહીએ છીએ કે– આમ કરવું જોઈએ. અહીંયાના ભક્તોએ ભગવાનને નથી કહ્યું કે આમ કરવું જોઈએ– થવું જોઈએ. ભગવાને કહ્યું કે આ કરવું જોઈએ– થવું જોઈએ તો ભક્તોએ એવી સૃષ્ટિની રચના કરી. આ કુમુદવનના બેઠક ચરિત્રમાં વાંચો હાં ! આ ભક્તિની સામર્થ્ય ! અને એ આવી સ્થિતી તેની હોય ?

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૨૪–૨૫)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

“શ્રી વલ્લભસુધા” ના સેવાભાવી–પ્રતિનિધિ–કાર્યકર

[૧.] અનીડા (વાછરા)
મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ

[૨.] અમદાવાદ
શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૪૩, સરદાર પટેલ નગર, એલિસબ્રીજ,

[૩.] અંકલેશ્વર
શ્રીગોપાલભાઈ એન. શાહ
સી/૫ જી.આઈ.એલ. કોલોની
જી.આઈ.ડી.સી. વાલીયા રોડ,

[૪.] ગોમટા
શ્રી વલ્લભદાસ હરિભાઈ
“ વ્યાપિ વૈકુંઠ ”

[૫.] કલ્યાણ
શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા,

[૬.] ઉપલેટા
શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/O. શ્રી હરિ સ્ટોર્સ, રાજમાર્ગ,

[૭.] કલકત્તા
શ્રી નિતિનભાઈ મહેતા
C/O. કાનજી સવજી મહેતા
મહેતા બિલ્ડીંગ, ૧ લે માળે,

[૮.] જામનગર
નગીનદાસ પ્રેમચંદ કંસારા
C/O. દિપેશ મેટલ કોર્પોરેશન
૫૬, દિગ્વીજય પ્લોટ,

[૯.] જુનાગઢ
– શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
C/O. શ્રીગોકુલ એજન્સી, ૬/શ્રીનાથજી ચેમ્બર,
દાણાપીઠ,
– શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨, રવિકિરણ એપાર્ટમેન્ટ,
– શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
‘કિરણ’ ૪, જલારામ સોસાયટી,
લોઢીયા વાડી સામે,

[૧૦.] ડોમ્બીવલી
શ્રી વિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮, શીવલીલા, તિલકનગર,
ગોપાલનગર રોડ–૧.

[૧૧.] જેતપુર
– શ્રી મનસુખલાલ માધવજી બોસમીયા
મતવા શેરી,
– શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ,

[૧૨.] ધોરાજી
શ્રી જાદવજીભાઈ જીવરાજભાઈ વઘાસીયા
વઘાસીયા ચોરા,

[૧૩.] પાંચપીપળા
શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

[૧૪.] ઘાટકોપર (પૂર્વ)
શ્રી છોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ,
રાજાવાડી, એમ. જી. રોડ,

[૧૫.] મુંબઈ
– આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ
અનંતવાડી, વૈદભુવન, કાલબાદેવી રોડ,
– આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ
જી/૨, સીતારામ બિલ્ડીંગ,
પલ્ટન રોડ, પોલીસ સ્ટેશન સામે,

[૧૬.] મલાડ
શ્રી જયંત સી. ભાઠા
૫૨, રામચંદ્ર લેન, અલ્હાબાદ બેંકની સામે,

[૧૭.] મોરબી
ધર્મેન્દ્ર ભોગીલાલ કંસારા
C/O. ટોકરશી જાદવજી કંસારા
કંસારા બજાર,

[૧૮.] મોટાભાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૮ અંક : ૧૨ ☐ શ્રી વલ્લભાબ્દ પ૨૨ ☐ માર્ચ,૨૦૦૦

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મળે છે. જે અત્રે પ્રગટ કરેલ છે.]

અપરાધ એકત્રીસમો : " શ્રીજી આરોગે તબ બોલે નહીં "

શ્રીઠાકોરજીને ભોગ ધરાવ્યા હોય ત્યારે તે તે સમયાનુસાર કીર્તન–પદ ગાન કરવું જોઈએ. અન્ય વાતો કરવાથી અપરાધ પડે.

અપરાધ બત્રીશમો : " રસોઈમેં ચોકા ભેંસકે ગોબરકો ના કરેં.

શ્રીઠાકોરજીની સામગ્રી સિદ્ધ કરવાનું સ્થળ– રસોઈ કરવાની જગ્યા પોતવા હંમેશા ગાયના શુદ્ધ ગોબરનો જ ઉપયોગ કરવો. ભેંશના છાણથી પોતા ન કરાય.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

☐ ☐ શ્રીવલ્લભસુધામાં સ્વમાર્ગીય પ્રવૃત્તિના સમાચાર મોકલનાર તમામ સંસ્થાઓ– વ્યક્તિઓને વિનંતી કે સમાચારો સંક્ષેપમાં મુદાસર લખી મોકલે– લાંબા વિવરણોવાળા– લાંબી નામોની હારમાળાવાળા સમાચાર ન લખવા. આવા સમાચારોમાંથી મુદા તારવવામાં ઘણો સમય વેડફાય છે. પુસ્તક પરિચય વિભાગમાં–પરિચય છપાવવા માટે પુસ્તક મોકલવું જરૂરી છે. તેજ પ્રમાણે કેસેટ પરિચય માટે કેસેટ મોકલવી.

પત્રવ્યવહાર સંપર્ક : **'શ્રી વલ્લભસુધા'** કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

સંન્યાસ નિર્ણય

❑ શ્રીમદ્ રઘુનાથજીએ રચેલું વિવરણ ❑

❑ ભાષાંતર : શ્રીબાબુભાઈ પી. નાયક– કડી ❑

–ગતાંકથી ચાલુ

શ્રીમહાપ્રભુજીએ સંન્યાસ નિર્ણય ગ્રંથની રચના કરી છે. શ્રીવિઠ્ઠલેશપ્રભુનાં ચરણકમલોને ભક્તિપૂર્વક નમન કરીને તેમની કૃપાથી આ ગ્રંથના વિવરણનો અહીં વિચાર કરવામાં આવ્યો છે.

કર્મમાર્ગમાં અનન્ય નિષ્ઠાવાળા ભક્તના ભગવત્ પ્રાપ્તિના લક્ષણો કેવા હોય તેનો અહીં વિચાર કરવામાં આવ્યો છે. મુખ્ય ફળ પ્રભુપ્રાપ્તિનું છે. તે માટે ભક્તનાં હૃદયમાં આર્તિ થવી જોઈએ. એટલે ભક્તને તેના હૃદયમાં પ્રભુસ્વરૂપનાં આંતર્દર્શન થવા જોઈએ. ભક્તનું હૃદય શરૂશરૂમાં તો કઠોર હોવાથી તેના હૃદયમાં ક્લેશજનિત ગ્લાનિનો અભાવ હોય છે. ભગવદીયો આવા કઠોર હૃદયવાળા જીવના સંગથી સંજોગોવશાત્ એવા ન બને માટે પ્રારંભમાં સુખની પ્રાપ્તિ માટે અને પશ્ચાતાપની નિવૃત્તિ માટે સંન્યાસનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પશ્ચાત્તાપનિવૃત્ત્યર્થં પરિત્યાગો વિચાર્યતે ।
સ માર્ગદ્વિતયે પ્રોક્તો ભક્તૌ જ્ઞાને વિશેષતઃ ॥૧॥

શબ્દાર્થ : પશ્ચાતાપનિવૃત્ત્યર્થમ્– પશ્ચાતાપની નિવૃત્તિ માટે; પરિત્યાગઃ –સંન્યાસ; વિચાર્યતે– વિચારાય છે; સઃ– તે(સંન્યાસ); વિશેષતઃ–વિશેષે કરીને; ભક્તૌ–ભક્તિમાર્ગમાં; જ્ઞાને–જ્ઞાનમાર્ગમાં; માર્ગદ્વિતયે–એ બે માર્ગમાં; પ્રોક્તઃ– કહેવાયેલો છે.

શ્લોકાર્થ : પશ્ચાતાપની નિવૃત્તિ માટે સંન્યાસનો(પરિત્યાગનો) વિચાર કરવામાં આવે છે. સંન્યાસ ગ્રહણ વિશેષ કરીને ભક્તિમાર્ગમાં અને જ્ઞાનમાર્ગમાં એમ બંને માર્ગમાં જુદાજુદા કહેલા છે.–૧

વિવરણ : (પશ્ચાતાપ એટલે) શરીરનાં અંગો વગેરે જ્યારે ઘસાઈ જાય છે તે વખતે એટલે વૃદ્ધાવસ્થાની પૂર્વેની સ્થિતિને (અવસ્થાને) જીવ યાદ કરે છે કે તે વખતે ભગવાનની પ્રાપ્તિ માટે શા માટે મેં કોઈ પ્રયત્ન ન કર્યો? જીવને આવો સંતાપ જે વખતે થાય તેને શ્રીમહાપ્રભુજી પશ્ચાતાપ કહે છે.

ભગવાન અને ભગવાનના ભક્તો આ બે સિવાયના બીજા બધાં વિષયોનો સર્વ પ્રકારે એટલે બાહ્ય અને આંતરિક એવા બે ભેદ પાડયા સિવાય સંપૂર્ણપણે ત્યાગ કરે તેને પરિત્યાગ કહેવામાં આવે છે. આ ત્યાગ બંને માર્ગોમાં કર્તવ્ય તરીકે ઉપદેશાયો છે.–૧

જ્યારે ત્રીજા માર્ગનું પણ અસ્તિત્વ છે ત્યારે તે ત્રીજા માર્ગમાં સંન્યાસનો ઉપદેશ કેમ કરાયો નથી તેની સ્પષ્ટતા બીજા શ્લોકમાં કરી છે.

કર્મમાર્ગે ન કર્તવ્યઃ સુતરાં કલિકાલતઃ ।
અત આદૌ ભક્તિમાર્ગે કર્તવ્યત્વાદ્ વિચારણા ॥૨॥

શબ્દાર્થ : કર્મમાર્ગે– કર્મમાર્ગમાં; ન–(સંન્યાસ) કરવો યોગ્ય નથી; કર્તવ્યઃ– કરવો જોઈએ; સુતરાં–

સારી રીતે; કલિકાલતઃ– કલિકાલને લીધે; અતઃ– તેથી; આદૌ– પ્રથમ; ભક્તિમાર્ગે– ભક્તિમાર્ગમાં; કર્તવ્યાત્– કરવાયોગ્ય હોવાથી; વિચારણા– વિચાર કરીએ.

શ્લોકાર્થ : કળિયુગ હોવાથી કર્મમાર્ગમાં બિલકુલ ત્યાગ ન કરવો જોઈએ; પણ ભક્તિમાર્ગમાં ત્યાગ કરવો યોગ્ય હોવાથી આરંભમાં તે (સંન્યાસમાર્ગ) વિશે વિચાર કરીએ.–૨

વિવરણ : આ શ્લોકમાં 'કર્મમાર્ગ' એ પદથી સકામ અંતઃકરણવાળા માટે સંન્યાસ ગ્રહણ કરવાનો નિષેધ સમજવાનો છે. 'કર્મમાર્ગનો' એ પદથી જો આવો અર્થ કરવામાં આવે તો 'ન કર્તવ્યઃ' એ બે પદોથી નિષેધ બતાવ્યો છે, કારણ કે પ્રવૃત્તિમાર્ગમાં સંન્યાસનો સ્વીકાર કરતાં વાક્યો નથી. એટલે પ્રવૃત્તિમાર્ગમાં (કર્મમાર્ગમાં) સંન્યાસનો નિષેધ આપોઆપ સિદ્ધ થાય છે.

પછીના યુગોમાં શરીરનું શોષણ કરતાં વ્રતો વગેરે કરવાથી અંતઃકરણમાંથી વિષયો દૂર થાય છે. કલિયુગમાં સંન્યાસનાં સાધન ગણાતાં વ્રતાદિ કર્મોનું સદ્ગુણોના અભાવમાં સંન્યાસ ગ્રહણ કરવામાં આવે તો તેની યોગ્યતા નથી ગણાતી. તેથી શ્લોકમાં 'સુતરાં ન કર્તવ્યઃ' શબ્દો પ્રયોજવામાં આવ્યા છે. આથી ફક્ત બે માર્ગોમાં–ભક્તિમાર્ગમાં અને જ્ઞાનમાર્ગમાં–કર્તવ્ય તરીકે સંન્યાસ સ્વીકારવામાં આવ્યો છે.

આ બે માર્ગમાં પણ જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગનો સંન્યાસ વધારે મૂલ્યવાન હોવાથી પ્રથમ ભક્તિમાર્ગના સંન્યાસનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત ભક્તિમાર્ગમાં સંન્યાસ શા માટે અને કેવી રીતે કરવો તેનો વિચાર હવે કરવામાં આવે છે.–૨

ભક્તિમાર્ગમાં શ્રવણ વગેરે સાધનો થાય તે માટે સંન્યાસ ગ્રહણ કરવો એવા મતનું ત્રીજા શ્લોકમાં ખંડન કરવામાં આવે છે.

શ્રવણાદિપ્રવૃત્ત્યર્થં કર્તવ્યશ્ચેત્ નેષ્યતે ।
સહાયસંગ સાધ્યત્વાત્ સાધનાનાં ચ રક્ષણાત્ ।।૩।।

શબ્દાર્થ: શ્રવણાદિપ્રવૃત્યર્થં–શ્રવણ વગેરેમાં પ્રવૃત્તિ થાય તે હેતુથી; કર્તવ્યઃ– કરવો જોઈએ; ચેત્– એમ જો કહેવામાં આવે તો; ન ઈષ્યતે– ઈચ્છવા યોગ્ય નથી; સહાયસંગસાધ્યત્વાત્– સહાયકના સંગથી; સાધનાનામ્– સાધનોનું; ચ– અને; રક્ષણાત્–રક્ષણ કરવાનું હોવાથી.

શ્લોકાર્થ : 'શ્રવણ વગેરે પ્રવૃત્તિ થાય તે કારણે ત્યાગ કરવો' એમ જો કહેવામાં આવે તો તે ઈચ્છવા યોગ્ય નથી, કારણ કે શ્રવણ વગેરેના સંગથી ત્યાગ થઈ શકે તેમ છે. તેથી શ્રવણ વગેરે સાધનોનું રક્ષણ કરવું યોગ્ય છે. પણ ત્યાગમાં આ બની શકે તેમ નથી.–૩

વિવરણ : ભક્તિમાર્ગમાં શ્રવણ વગેરે આવશ્યક છે એમ બતાવવામાં આવ્યું છે, કારણ કે ભાવપૂર્વક ભક્તને વૈરાગ્ય થાય, તે માટે શ્રવણાદિ પ્રવૃત્તિ ભક્તના માટે સાધન તરીકે કરવી એમ બતાવ્યું છે, પણ ભક્તિમાર્ગમાં શ્રવણાદિ પ્રવૃત્તિ કરવા સંન્યાસ ગ્રહણ કરવાની જરૂર જ નથી, કારણ કે ભક્ત જો સંન્યાસ લે તો તેને ગૃહત્યાગ કરવો જ પડે. પુષ્ટિમાર્ગમાં સાધનદશાવાળા ભક્તને ગૃહત્યાગ કરવો નહીં તેમ કહ્યું છે. (ભક્તિવર્ધિની ગ્રંથમાં 'અપકવ ભાવવાળાએ ઘર છોડવું નહીં' એમ સ્પષ્ટ કહ્યું છે.) શ્રવણાદિ સાધનો ભક્તિમાર્ગમાં આવશ્યક હોવાથી ભક્તે સંન્યાસ શા માટે ગ્રહણ કરવો જોઈએ? કથા વગેરેના શ્રવણાદિકમાં સહાયક સંગીની આવશ્યકતા તો છે જ. શ્રોતા અને વક્તા વિના કથાશ્રવણ સંભવિત નથી.

જ્યારે સંન્યાસધર્મ પ્રમાણે તો સંન્યાસીએ તો એકાકી જ ફરવું પડે. ત્યારે ભક્તિમાં તો કથા શ્રવણ માટે સત્સંગની અપેક્ષા રહેવાની જ.

વળી ભક્તિમાં સાધનોની જરૂરી રક્ષા માટે સંપત્તિની જરૂર પડે. જે સંન્યાસીધર્મમાં અપરિગ્રહના નિયમની વિરુદ્ધ છે. વળી વક્તા વિના શ્રવણ અસંભવિત છે. ભગવાનની કથા સંભળવાનારને જિજ્ઞાસુ શ્રોતાની આવશ્યકતા રહે જ. સાંભળનાર શ્રોતાને ગ્રંથો, ગુરૂ વગેરેની જરૂર જણાય જ. તે સિવાય કથાશ્રવણ કરનાર રહી શકે જ નહીં. ભક્તિમાં શ્રવણ વગેરે અંગોનો વારંવાર ઉપયોગ કરવો પડે છે. તે માટે ભક્તને ભક્તોની સમીપ રહેવું જરૂરી છે. જ્યારે સંન્યાસીને તો નિરંતર ભ્રમણ જ કરવું પડે છે. સ્થિર રહેવું સંન્યાસી માટે બાધક છે. ઉપર સાધન વગેરેની પણ વાત કરે છે. શ્રવણાદિ કરનારને થોડા વખત માટે શ્રવણાદિ વગેરે માટેના સાધનો આદરણીય છે એવું માનવું નહીં. આવા સંન્યાસીએ તો જીવે ત્યાં સુધી યોગીની જેમ કાષાય વસ્ત્રો વગેરે સાધનોનું રક્ષણ કરવું પડે છે.૩

[ભક્તિમાર્ગમાં કથાશ્રવણ, સત્સંગ, કીર્તન ખૂબ જરૂરી છે. માટે ભક્તિમાર્ગમાં ત્યાગ સ્વીકારવામાં આવ્યો નથી. વળી સંન્યાસધર્મમાં કથાશ્રવણ, સત્સંગ વગેરે કરવામાં સમય જ રહેતો નથી. આથી શ્રીમહાપ્રભુજી ભક્તિમાર્ગીય સંન્સાસ જરૂરી નથી એમ આજ્ઞા કરે છે.]

—ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૭૮. અઘાસુરનું સ્વરૂપ અને તેનો મોક્ષ

અઘાસુર તે પાપનું રૂપ છે. આ જગતમાં જેટલું પાપ છે, તે અઘાસુરનું રૂપ છે. જ્યારે પાપ કરવાનું મન થાય, ત્યારે તેના શરીરમાં અઘાસુર આવે, ત્યારેજ પાપની બુદ્ધિ થાય, એવું અઘાસુરનું રૂપ છે. તે અઘાસુર પ્રભુને મારવા આવ્યો, પણ પ્રભુ તો વેગળા રહ્યા, ને એણે પોતાનું રૂપ ચારસેં ગાઉનું લાંબુ પહોળું કર્યું. એવડું મોટું કર્યું કે, તેમાં વાછરડાં અને ગોવાળ પેઠા. આ વખતે શ્રીઠાકોરજીએ વિચાર કર્યો કે, આ તો મહા ઉત્પાત થયો, હવે શું કરવું ?

ત્યારે પોતે પણ અઘાસુરના મોઢામાં પેઠા, ને એવા મોટા શરીરે વધ્યા કે, તેનો શ્વાસ બહાર નીકળી શક્યો નહિં, ને પ્રાણ ગયા. અઘાસુરને ચરણની પ્રાપ્તિ થઈ.

ત્યારે પરીક્ષિત રાજાએ પૂછયું કે, એવા પાપીને પ્રભુની પ્રાપ્તિ કેમ થઈ?

ત્યારે શુકદેવજીએ કહ્યું કે, હે રાજા, તમે એ શું બોલો છો? જન્મથી તે મરતાં સુધીમાં એકપણ દિવસ પ્રભુને જોયા નથી, સાંભળ્યા નથી કે પ્રભુ કેવા છે? પણ વગર જાણે એક દિવસ એમની ચેષ્ટા કરે, કે આવા પ્રભુના હાથ હશે, પગ હશે, મુખારવિન્દ હશે? તો તે પ્રભુને પહોંચે. તો આ અઘાસુરને તો પ્રભુનો સ્પર્શ થયો છે, તો શું પ્રભુ પામવાનું આશ્ચર્ય છે? પ્રભુના મહિમાનો પાર છે નહિં. સામર્થ્યનો તો પાર જ નથી. ૭૮

।।શ્રીહરિઃ।।

સ્વાભાવિક–સંવેદન

લેખકઃ પ.ભ.શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી, નડીઆદ

શૃણ્વન્તિ ગાયન્તિ ગૃણન્ત્યભીક્ષ્ણશઃ સ્મરન્તિ નન્દન્તિ તવેહિતં જનાઃ ।
ત એવ પશ્યન્ત્યચિરેણ તાવકં ભવપ્રવાહોપરમં પદામ્બુજમ્ ।।

–શ્રીમદ્ ભાગવત (૧–૮–૩૫)

'જે જનો આપના ચરિતને (લીલાને) વારંવાર સાંભળે છે, ગાય છે, રટે છે, સ્મરે છે, આનંદ માણે છે, તેજ વગર વિલંબે સંસારપ્રવાહના વિરામરૂપ તમારા ચરણકમલનું દર્શન કરે છે.'

પ્રેમ પ્રાણી–માત્રની પ્રકૃત્તિની પિપાસા છે. આનંદ, અવનીમાં અવતરેલા સૌનાં અંતઃકરણની અભીપ્સા છે. માનવ ક્યારેક મોહવશ મૂંઝવણમાં મૂકાય, લાલચવશ લૌકિકમાં લપટાય, વાસનાવશ વિષયભોગમાં વિષાદગ્રસ્ત બને, છતાં પ્રેમપિપાસા અને આનંદની અભીપ્સા ઓસરી જતી નથી, કદાચ કર્મકાંડની કઠિન કર્મજાળમાં ક્લેશ પામે, છતાં પ્રેમ–પિપાસા અને આનંદાભીપ્સા કચડાઈ જતી નથી; ક્યારેક જ્ઞાનની ગંભીરતામાં ગરકાવ થઈ જાય, છતાં પ્રેમ–પિપાસા અને આનંદાભીપ્સા ગુંગળાઈ જતી નથી.

ભક્તિની ભદ્રતામાં તો પ્રેમ અને આનંદની પિપાસા અને અભીપ્સા નવ–પલ્લવિત અને ફલિત થાય છે. જીવન તેથી લલિત બની જાય છે, કાલ–કલિત અને ચાંચલ્ય–ચલિત રહેતું નથી.

પ્રેમ અને આનંદ તો પ્રભુનાં પ્રદાન છે, પ્રભુનાં જ ધર્મ છે, પ્રભુનાં જ સ્વરૂપ છે. જગતના જડ દેખાતા પદાર્થોમાં તો ચેતન અને આનંદ હોવા છતાં અનુભવ આપતા નથી. જડ–પદાર્થોમાં પણ સંવેદન–શીલતા છે તે તો હવે વિજ્ઞાન–સિદ્ધ પણ છે. ચેતન પદાર્થ જીવમાં તો જ્ઞાન સ્વાભાવિક–સિદ્ધ હોવા છતાં અજ્ઞાનથી આવૃત્ત છે, તેથી તો અજ્ઞાન દૂર કરવાનો પ્રયત્ન કરવાનો હોય; જ્ઞાન મેળવવાનો નહિં! આમ, આનંદ તો ચેતનમાં પણ હોવા છતાં અપ્રકટ છે, અનુભવ આપતો નથી. આનંદ તો છે, છતાં જડતો નથી! જડતામાંથી જડતો નથી!– જડતા–રહિતમાંથી પણ જડતો નથી!

સચ્ચિદાનંદ રૂપ બ્રહ્મના સદંશમાંથી જડરૂપે, ચિદંશમાંથી જીવરૂપે, જડ–ચેતનરૂપ જગત થાય છે. આનંદ તો બંનેમાં છે, છતાં અનુભવ આપતો નથી! આનંદ જ સૌને જીવાડે છે, છતાં જીવાડનાર જડતો નથી! જાણ્યે કે અજાણ્યે, જ્ઞાનથી કે અજ્ઞાનથી, યોગ્ય રીતે કે અયોગ્ય રીતે, મથે છે સૌ આ આનંદને માણવા! આ આનંદને જાણે તેને અભય મળે છે. આ જ્ઞાનમાર્ગનું ફળ છે. આ આનંદને માણે તેને જીવન સફલતા મળે છે. તે આનંદમય બને છે. આ ભક્તિમાર્ગનું ફલ છે. વેદ કહે છે–

કો હ્યેવાન્યાત્ કઃ પ્રાણ્યાત્ । યદેષ આકાશ આનન્દો ન સ્યાત્ ।

–તૈત્તિરીય–ઉપનિષત્ (૨–૭)

જો તે આકાશ આનંદ ન હોય તો જીવાડે કોણ? પોષે કોણ? અન્ન જીવાડતું નથી, જલ

જીવાડતું નથી, હવા જીવાડતી નથી, દવા જીવાડતી નથી, ધન જીવાડતું નથી, સ્વજન જીવાડતાં નથી, જીવાડે માત્ર—આનંદ! અન્નાદિ તે સૌ તો દેહને પોષે છે, જીવાડે છે તો આનંદ જ ! ઘર સમૃદ્ધ હોવા છતાં, ઘરમાં સર્વ સુખના સાધન—સગવડ હોવા છતાં, દેહ—ઈન્દ્રિયો સમર્થ હોવા છતાં, જો આનંદ ન હોય તો જીવવાનું ગમે નહિં! વિષય—ભોગ વગેરેમાં તો, ઈન્દ્રિય—અંતઃકરણની અનુકૂલતા લાગતા આનંદનો આભાસ લાગે! આનંદ હોય નહિ, અનુભવાય નહિ ! દર્પણમાં દેહ દેખાય છતાં હોય નહિ, તો તે કામમાં ક્યાં આવે? એટલે જડ પદાર્થો (દેહ—ઈન્દ્રિય—વિષય) પદાર્થો—શબ્દ—સ્પર્શ—રૂપ—રસ—ગંધ વગેરે)માંથી આનંદ શોધતાં, આભાસ મળે, આનંદ માટે વલખાં તો વારંવાર માર્યા કરવા પડે!

ચેતન—પદાર્થ જીવ તો પોતે જ આનંદ શોધતો હોય તો, તે તો આનંદ કોને આપે? ક્યાંથી આપે? મન મળે તો ક્ષણિક આનંદ ક્યારેક ક્યાંક લાગે, પછી તે ઉડી જતાં વાર ન લાગે! પુનઃ ઉદ્વેગ જ ઉભરાય, મનઃ તેથી ગભરાય! મન આનંદથી ન ભરાય!

એતસ્યૈવાનન્દસ્યાન્યાનિ ભૂતાનિ માત્રામુપજીવન્તિ ।

—બૃહદારણ્યકોપનિષત્ (૪—૩—૩૨)

આનંદ—સિન્ધુ ભગવાનનું આનન્દબિન્દુ તો પ્રાણી—માત્રનું જીવન છે, સૌને જીવાડ છે. જગત્ નિરાનન્દ છે. જીવ ગુપ્તાનંદ છે, સૌ દેવી—દેવતાઓ તો પ્રાકૃત છે, જ્ઞાનના ફલરૂપ અક્ષર—બ્રહ્મ પણ ગણિતાનન્દ છે, પૂર્ણાનન્દ તો માત્ર પર—બ્રહ્મ—પરમાત્મા—ભગવાન—શ્રીકૃષ્ણ જ છે. પૂર્ણાનંદ પ્રભુ જ પૂર્ણ આનંદનું પ્રદાન કેવલ કૃપાથી— પ્રેમથી પોતાના પ્રિયજનોને કરીને આનંદપૂર્ણ બનાવી દે છે! આનંદ—બિન્દુ માટે મથનારને આનંદસિન્ધુ સ્વતઃ સુલભ થઈ જાય છે! આનંદ—માત્ર કર—પાદ—ખુખોદરાદિ ભગવાનનું સ્વરૂપ આનંદમય છે. આનંદમય એટલે આનંદપ્રચુર! આનંદ—મહાસાગરની ઉછળતી અનંત—અખંડ—અવિકૃત છોળો! ભગવાન્ શ્રીકૃષ્ણનું રૂપ આનંદમય! શ્રીકૃષ્ણનું નામ આનંદમય! ભગવાન્ શ્રીકૃષ્ણની લીલા (ક્રિયા) આનંદમય! સર્વાનન્દ—મય છે શ્રીકૃષ્ણ! પ્રાણી માત્રની પ્રેમ—પિપાસા અને આનંદની અભીપ્સા અહીંજ પરિતૃપ્ત થાય છે, છતાં પુનઃ પુનઃ અધિકાધિકના અભિલાષે પુનઃ પુનઃ અતૃપ્તિ જ તેમાં તો અનુભવાતી રહે છે! આ તો અદ્‌ભુત છે, વિચિત્ર છે, છતાં તે વાસ્તવિક છે, તે જીવનનું પરમ ફલ છે, અગણિત હોય, પૂર્ણ હોય, તે ફલ—રૂપ છે.

અવતાર—દશામાં તો પ્રકટ પરમાનંદરૂપ સ્વરૂપ—લીલાઓથી ભગવાન્ પ્રેમ—આનંદ પ્રદાન કરે છે. અનવતાર—દશામાં પોતાની લીલા કથા દ્વારા, નામ—લીલા દ્વારા, ભગવાન્ ભક્તોનું ભાવપોષણ કરે છે. પ્રેમ—આનંદ—પ્રદાન કરે છે. ભગવાનના નામ તો નામાત્મક ભગવાનનાં સ્વરૂપો જ છે. આવું ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે, શ્રીમદ્ ભાગવત્! આનંદરૂપ હરિની લીલા, તેનો શાસ્ત્રાર્થ છે. શ્રીભાગવત—ભગવન્નાત્મક અને શ્રીભાગવત ભગવદ્ ભક્તરૂપ પણ છે.

દ્વાદશાંગ— પુરૂષ છે, બાર સ્કંધ શ્રીભાગવતના છે. બાર લીલાઓ તેમાં વર્ણવેલી છે. આ લીલાઓથી લીલા—વિશિષ્ટ ભગવાનનું જ નિરુપણ થાય છે. પ્રથમ સ્કંધમાં શ્રવણ (કીર્તન)નો અધિકાર સંપાદન કરતી અધિકાર—લીલા છે! દ્વિતીય સ્કંધમાં અધિકારીઓના

સાધન—રૂપ શ્રવણનો નિર્ધાર છે. તૃતીય સ્કંધથી દ્વાદશ—સ્કંધ સુધીમાં શ્રવણના વિષયરૂપ દશલીલા—વિશિષ્ટ ભગવાન શ્રીકૃષ્ણનું નિરૂપણ છે. દશલીલા વિશિષ્ટ ભગવાન શ્રીકૃષ્ણ સર્વત્ર સર્વદા ક્રીડા કરે છે.

આ બાર લીલા—બાર સ્કંધ—રૂપ શ્રીમદ્ ભાગવતને અર્થાનુસંધાન—પૂર્વક પાઠથી ધારણ કરતાં દ્વાદશાંગ—પુરૂષ ભગવાન્ કૃષ્ણ જ ધારણ થાય છે.

યસ્ય સ્મૃત્યા ચ નામોક્ત્યા તપોયજ્ઞ ક્રિયાદિષુ ।
ન્યૂનં સંપૂર્ણતાંયાતિ સદ્યો વન્દે તમચ્યુતમ્ ॥

જેના લીલા—વિશિષ્ટ—સ્વરૂપના સ્મરણથી અને લીલા—વિશિષ્ટ નામોચ્ચારથી અધુરપ મધુરપ (સંપૂર્ણતા)ને શીઘ્ર પ્રાપ્ત થાય છે, તે અચ્યુત (પૂર્ણાનન્દ)ને હું વંદુ છું.

નામસંકીર્તન યસ્ય સર્વપાપ—પ્રણાશનમ્ ।
પ્રણામો દુઃખશમનસ્તં નમામિ હરિં પરમ્ ॥

શ્રીમદ્ભાગવત (૧૨—૧૩—૨૩)

જેના લીલા વિશિષ્ટ—સ્વરૂપના નામનું પ્રેમપૂર્વક કીર્તન સર્વપાપ—તાપ—ને સરલતાથી સંપુર્ણ નષ્ટ કરી દે છે, પ્રણામ દુઃખના શમન—રૂપ છે, તે મનોહર હરિને, પ્રેમ અને આનંદ—પ્રદ પરમને, હું નમું છું.

[વિદ્યાનિધિ (ટ્રસ્ટ) નડીઆદ પ્રકાશિત 'શ્રીપુરૂષોત્તમ—નામ—સહસ્ત્રમ્'માંથી સાભાર.]

શ્રીવલ્લભસુધાના સર્વે સેવાભાવી પ્રતિનિધિઓને વિનંતિ, આપની પાસે જમા થયેલ શ્રીવલ્લભસુધાના લવાજમની રકમ તથા પહોંચની કોપી (સભ્યોના નામ-સરનામા વાળી પીળા રંગની) તારીખ ૨૦ માર્ચ સુધીમાં કાર્યાલયને મોકલી આપો.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે
હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી—મુંબઈ)

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

અજબ ગુલમહરી જળ વસે, પક્ષિણી મુખ રટે હરિનામ
ખાનપાન મોઢે નવ કરે, છૂટે મુખ થકી સુંદર શ્યામ
શ્યામે વિચાર્યું કર્યું તેને સુખ, ચરણ ચરવા કર્યું મયૂરનું મુખ
પૂચ્છે વદન કર્યું ઊંટની ગ્રીવા, શ્રીહરિ યુક્તિ કરી જળ પીવા.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૭૦)

વિવેચન : આ કડીમાં કવિશ્રીએ અજબ ગુલમહરીનું દ્રષ્ટાંત આપ્યું છે, તે પણ અજબ જ છે. આવી જાતના આકારનું પક્ષી તેણે ક્યાંક જોયું હશે કે શાસ્ત્રોમાં વાંચ્યું હશે. અત્રે તો પ્રભુની યુક્તિની પ્રશંસા કરી છે. તે પ્રભુની કળા તો જુઓ કેના માટે કેવા સાધન આપ્યા છે.

આ પદમાં વિચાર કરતા પ્રભુ સર્વસમર્થ છે, કાંઈ પણ કરી શકે છે, માટે કોઈપણ જાતની ચિંતા કર્યા વગર ભગવદ્ ધર્મનું આચરણ કરવું. સંસારમાં રહી દરેક કાર્યો કરવા પડે તેમ સમજીને તે કાર્ય કરવું. કોઈવાર અતિ કઠણ પરિસ્થિતિ પણ આવી જાય, તો પણ મનને સ્થિર રાખી, સ્વધર્મમાં ચૂકવું નહીં. પ્રભુ સર્વ ભક્તનાં રક્ષક છે. પોતાના દાસનાં મનોરથ પૂર્ણકર્તા છે.

આ દ્રષ્ટાંત જ અજબ છે. તેનાં શરીરની રચના વિચિત્ર છે. આ પક્ષી સદા હરિનામનું સ્મરણ કરે છે. તેથી મોઢેથી ખાઈ શકતું નથી. તેને માટે તેનાં પગ આગળ મોરનાં જેવા મોઢા બનાવેલ છે. જેનાથી તે ચણ ચણે છે. વળી પૂંછડા આગળ ઊંટના આકારની નાની એવી ગરદન બનાવી છે. તેનાથી જ જળ પીવે છે. મોઢું તો ફક્ત હરિનામની રટના જ કરે છે. તેનું નામ ન છુટે માટે તેને જુદા જુદા અવયવો દીધા છે, તેનાંથી જુદુ જુદુ કાર્ય કરે છે.

આ પક્ષી ક્યાં વસે છે, કોણે જોયું, તે કહેવું મુશ્કેલ છે. પરંતુ પ્રભુની લીલા, પ્રભુની રચના, પ્રભુની કળાને કોઈ જાણી શક્યું નથી. તે વસ્તુ સિદ્ધ કરે છે. અત્રે દ્રષ્ટાંત જોઈએ.

ભોજનાચ્છાદને ચિંતા વૃથા કુર્વન્તિ વૈષ્ણવ
યૌ સૌ વિશ્વંભરો દેવઃ સભક્તાન્ કિમુપેક્ષતે

વૈષ્ણવોએ ચિંતા કરવાની જરૂર નથી. વિશ્વંભર પ્રભુ શું પોતાના ભક્તનું પોષણ નહીં કરે? અવશ્ય કરશે જ.

શ્રીહરિરાયજી શિક્ષાપત્ર ૪૧ શ્લોક ૧૧મો.

તદીયાનાં સ્વતશ્ચિંતા કુરૂતે પિતૃવદ્ધરિઃ
પુનશ્ચિંતા પ્રકૂર્વાણા મૂર્ખ એવ ન સંશયઃ

ભગવદ્ ભક્તોએ પોતાની ચિંતા કરવી નહીં. જેમ પિતા તેનાં પુત્રની ચિંતા રાખે છે, જેમ માની ગોદમાં સૂતેલું બાળક નિર્ભય છે, તેમ ભગવદ્ ભક્ત નિર્ભય છે. પ્રભુ સ્વતઃ સ્વબળ થી (ચિંતા) રક્ષા કરે જ છે. તાત્પર્ય–જેમ સંસારમાં માતા પિતા પોતાનાં બાલકની સર્વ રીતે રક્ષા અને પોષણ કરે છે, તેમ પ્રભુ ભક્તોની આ લોક તથા પરલોકની સર્વ ચિંતા કરે છે.

અત્રે શ્રી હરિરાયજી ટકોર કરે છે કે આવું જાણવા છતાં પણ જે ભક્ત ચિંતા કરે તે મૂર્ખ છે. નવરત્નમાં શ્રીમહાપ્રભુજી—

ચિંતા કાડપી ન કાર્યા નિવેદિતાત્મભી કદાપિતિ

જેણે ભગવાને આત્મસમર્પણ કર્યુ છે, તેણે કોઈ કાળે ચિંતા કરવી નહીં. પ્રભુ સર્વ સમર્થોહી તતો નિશ્ચિંતતામ વૃજેત્

પ્રભુ સર્વસમર્થ છે તેથી ગમે તેવા સંકટમાં પણ નિર્ભય થઈને રહેવું.

અત્રે એક હોલા હોલીનું દ્રષ્ટાંત જોઈએ.

હોલોને હોલી ઝાડ ઉપરથી ઉડી આકાશમાં ઉડતા હતા, ત્યાં તેના ઉપર બાજ ઝપટ મારવા તૈયાર થયો. આ જોઈ.બંને પક્ષી ગભરાઈ ગયા કે હવે બાજની ઝપટમાંથી ઉગરી શકાશે નહીં. તેજ સમયે નીચે પારધીએ તીર તાણ્યું હતું કે બેય પક્ષીને એક બાણે વિંધી નાંખુ. કેવી ભયંકર સ્થિતિ. ઉપર બાજ ઝઝુમે, નીચે પારધી, તેવામાં બાજ ઉપરથી સમકક્ષામાં ઝપટ મારવા જાય છે, તેજ વખતે પારધી નીચેથી તીર છોડે છે. પરંતુ પ્રભુ બચાવે તેને કોણ મારી શકે? થાવા કાળ સર્પ આવીને પારધીને ડસ્યો તેથી પારધી નિશાન ચૂક્યો, તો નિશાન સીધું બાજ ઉપર લાગ્યું. પારધીનાં બાણથી બાજ નીચે આવી પડયો. નીચે પારધીને સર્પ ડસ્યો તેથી તે પણ નાગના વિષથી મૃત્યુ પામ્યો અને હોલો—હોલી બંને બચી ગયા.

તાત્પર્ય—જેને ઉપર બાજને નીચે પારધી બે બે કાળ ઝઝુમતા, તે બંને પક્ષી બચી ગયા અને બંને પાપી—બાજને પારધી મરણ પામ્યા. તે પક્ષી સંકટ સમયે પ્રભુને જ આરાધી રહ્યા હતા. પ્રભુએ તુરત જ સહાય કરી.

પ્રભુ સર્વકાળે સર્વ જગોપર રક્ષણકર્તા છે. પ્રભુ ઉપર વિશ્વાસ ન હોય તેવાઓ સાધારણ ચિંતાનો વિષય આવે ત્યાંજ ધીરજ ખોઈ બેસે છે. પરંતુ ભગવાદાશ્રિત જીવોએ તો પ્રભુને કર્તા માની ચિંતા છોડવી. તેવો આશય ઉપરનું દ્રષ્ટાંત પૂરૂં પાડે છે. માટે જ દયારામભાઈ કહે છે કે શ્રીહરિની કળા કોઈ જાણી શકતું નથી. સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૭૦)

□ નમ્ર વિનંતિ □

શ્રીવલ્લભસુધાનાં સર્વે વાર્ષિક સભ્યોને વિનંતી કે આપનું નવા વર્ષનું લવાજમ રૂ.૪૦/- અથવા આજીવન લવાજમ રૂ.૫૦૧/- તુરત જ, તારીખ ૨૦ માર્ચ પહેલા કાર્યાલયને મોકલાવી વ્યવસ્થામાં સહયોગ આપો. (મ.ઓ. ની નીચેની કાપલીમાં પોતાનું નામ તથા સરનામું સ્પષ્ટ લખવું) બેન્ક ડ્રાફ્ટ 'શ્રીવલ્લભ વિજ્ઞાન' એ નામથી કઢાવવો. તથા સાથેના પત્રમાં નામ, સરનામું વિગતવાર લખવું

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ૫૦૧/— ગો.વા. દેવકોરબેન મુળજીભાઈ દાવડા મુંબઈના જય શ્રીકૃષ્ણ.

૨. ૫૦૧/— ગો.વા.અ.સૌ વજીબેન શંભુભાઈ લાખાણી અમદાવાદના ભગવત્સ્મરણ.

હસ્તે વી. એસ.લાખાણી, ડોમ્બીવલી

|| શ્રીહરિઃ ||

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.
ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

– ગતાંકથી ચાલુ

સિદ્ધાંત મુક્તાવલી : આ ગ્રંથમાં નવધા ભક્તિ કરવી એ જીવનું મુખ્ય કર્તવ્ય છે તે બતાવ્યું છે. આ નવધા ભક્તિ પુષ્ટિમાર્ગીય તનુજા ભક્તિમાં આવી જાય છે. તનુજા સેવા વિતજા સેવા સાથેજ કરવી એ સિદ્ધાંત છે. પોતાની શક્તિ પ્રમાણે પ્રભુની સેવામાં દ્રવ્યનો વિનિયોગ કરવો તે વિત્તજા સેવા છે.

પોતાના દેહથી વૈષ્ણવે બુહારીથી લઈને શયનપર્યંત પ્રભુની પરિચર્યા કરવી તે તનુજા સેવા છે. શ્રદ્ધાપૂર્વક બધાય પદાર્થોમાં પ્રભુ તથા પ્રભુ સંબંધી ભાવના કરીને જે વૈષ્ણવ નિત્ય તનુજા અને વિતજા સેવા કરે છે તેનામાં પ્રભુ પ્રેમ ઉત્પન્ન થઈને ચિત્તની તન્મયતા થાય છે. આ સેવા ફલાત્મક છે.

વૈષ્ણવને ઉચિત છે કે સમગ્ર વિશ્વને અને પોતાના આત્માને અક્ષર બ્રહ્માત્મક પ્રભુને લીલાસ્થિત માને અને પ્રભુની પ્રેમથી તનુજા અને વિતજા સેવા કરે. આવા વૈષ્ણવને થોડા સમયમાંજ અહંતા મમતા નાશ પામે અને સર્વ પદાર્થ અક્ષરધામ છે એવું જ્ઞાન ઉત્પન્ન થાય છે.

જેને પ્રભુ સેવા કરવાના સમયે લૌકિક આસક્તિ દ્વારા વિઘ્ન આવે તે તેને તાપ ક્લેશ કરીને પણ પ્રભુ સેવાનો ત્યાગ ન કરવો. ફલ વિલંબિત મળે તેની નિવૃત્તિ માટે તથા પ્રતિબંધોની નિવૃત્તિ માટે શ્રીમદ્ ભાગવતના પાઠનું શ્રવણ કરતા રહેવું અને ભગવદ્સેવા કરતા રહેવું. નિરંતર સંતોષ રાખવો.

પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ : આ ગ્રંથમાં આ ત્રણેય માર્ગોનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રભુના અનુગ્રહાત્મક માર્ગને પુષ્ટિમાર્ગ કહે છે. વેદમાર્ગની મર્યાદામાં ચાલવાવાળાને મર્યાદામાર્ગીય કહેવાય છે. તથા દુનિયાની દેખા દેખી કરીને ચાલે તેને પ્રવાહીમાર્ગીય જીવ કહે છે. તેનું વર્ણન બીજી જગ્યાએ કરેલું છે.

સિદ્ધાંત રહસ્ય : શ્રીમદ્ વલ્લભાચાર્યનો આ ગ્રંથ અપૂર્વ છે. આ ગ્રંથમાં લખેલી બધી બાબતો ભક્તિશાસ્ત્રના બધા આચાર્યોને માન્ય છે. કોઈપણ આચાર્યએ આ બધી બાબતોને એક ગ્રંથમાં કહી નથી. શાસ્ત્રમાં આ વાત છુપાયેલી છે. તે માટે તેને 'રહસ્ય' નામ આપવામાં આવ્યું છે. વૈષ્ણવોએ આ વાતને જાણવાની પરમ આવશ્યકતા છે. અનધિકારીઓના હૃદયમાં આ વાત અહીં જામતી નથી તેને ' રહસ્ય' કહ્યું છે.

આ ગ્રંથમાં પાંચ દોષ બતાવ્યા છે. અને તેની નિવૃત્તિ બ્રહ્મસંબંધથી થાય છે. તે કહેવામાં આવ્યું છે. પરંતુ આ દોષોની નિવૃત્તિ ક્રમિક અભ્યાસથી થાય છે. તેથી જે દોષોની નિવૃત્તિનો ઉપાય ગુરૂ દ્વારા પ્રારંભ થયો તેનું નામ 'બ્રહ્મસંબંધ' છે.

બ્રહ્મસંબંધનો જે મંત્ર છે તેમાં આ વાત સમજાવી છે કે પરિકર સહિત જીવ પ્રભુનો છે.– પ્રભુ શ્રીકૃષ્ણ છે. શ્રીકૃષ્ણ જીવના ઉપજીવ્ય, સ્વામી, અંશી છે. તેથી જીવ માટે એકમાત્ર શ્રીકૃષ્ણ જ સેવ્ય છે.

તેજ જીવનું સર્વસ્વ છે. જીવ શ્રીકૃષ્ણનો ઉપજીવક દાસ અને અંશ છે. તેથી તે શ્રીકૃષ્ણનો સેવક છે. જગતમાં શ્રીકૃષ્ણે જીવને એટલા માટે જન્મ આપ્યો છે કે તે શ્રીકૃષ્ણની સેવા કરતો રહે.

પ્રભુમાં અને જીવમાં જે આ સ્વામી સેવકનો સંબંધ છે તેને જીવ આ સંસારમાં આવીને, અહંતા, મમતા દોષથી ભ્રમિત થઈને ભૂલી જાય છે. આ બ્રહ્મ અને જીવના સંબંધનું સ્મરણ આચાર્ય દ્વારા કરાવવાવાળો મંત્ર આ **બ્રહ્મસંબંધ** મંત્ર કહે છે.

પ્રતિદિન તથા પ્રતિપલ આ સંબંધનું પ્રત્યેક વૈષ્ણવે સ્મરણ કરતું રહેવું જોઈએ. આ સ્મરણ જ્યારે દઢ થઈ જાય ત્યારે પાંચ દોષ સર્વથા નિવૃત્ત થઈ જાય. પાંચ દોષ આ પ્રમાણે છે. સહજ, દેશકાલોત્થ, લોકવેદ નિરૂપિત, સંયોગજ અને સ્પર્શજ.

નવરત્ન : આ ગ્રંથમાં નવ શ્લોક નવરત્ન સમાન છે. તેથી ગ્રંથનું નામ યોગ્ય રીતે નવરત્ન રાખેલું છે.

સ્વભાવાગત જીવ અનેક સમયે અનેક ચિંતાથી ઘેરાયેલો હોય છે, પરંતુ આ ગ્રંથમાં બતાવ્યું છે કે જીવને કોઈપણ પ્રકારની ચિંતા કરવી ઉચિત નથી. કારણ કે જેણે બ્રહ્મસંબંધ લીધું છે તેના ઉપર સદાય શ્રીકૃષ્ણની કૃપા હોય છે. ક્યારેય તેનું અહિત થવા ન દે.

આ ગ્રંથમાં કહે છે કે યોગ ક્ષેમની ચિંતા થાય તો તે પણ વ્યર્થ છે. કારણ કે જીવે પરિકર સહિત પ્રભુને નિવેદન કરી દીધું છે. પ્રભુ સર્વ જગતના માલિક છે, બધાયના અંતર્યામી છે. આપની ઈચ્છાથી આપ બધું યોગ્ય જ કરશે. જીવની ચિંતા કરવાથી કંઈ થશે નહીં. પ્રભુ બધુંય આપણા હિતનું જ કરે છે.

આ ગ્રંથમાં બધી ચિંતાઓનો સમુળગો ત્યાગ કરવાનું કહ્યું છે.

અન્તઃકરણ પ્રબોધ : આ ગ્રંથમાં પોતાના અંતઃકરણને સમજાવવાની વાતોનો સમાવેશ થાય છે. કોઈ સમયે અસાવધનતાથી જીવથી પ્રભુનો અપરાધ થઈ જાય તો દીનતાપૂર્વક પ્રભુની ક્ષમા યાચના કરવી જોઈએ. આ વાતનું આ ગ્રંથમાં સમર્થન કરીને સમાવેશ કરવામાં આવ્યો છે.

વિવેક ધૈર્યાશ્રય : આ ગ્રંથમાં વિવેક ધૈર્ય અને આશ્રય વિશે નિરૂપણ કરવામાં આવ્યું છે. વિવેક દ્વારા કામનાઓના આવેશના સમયે દઢતા બની રહે છે. અને ધૈર્ય દ્વારા દુઃખના સમયમાં દઢતા બની રહે છે. આ બંને પ્રકારની દઢતાથી પ્રભુનો આશ્રય સિદ્ધ થાય છે.

વિવેક : મનુષ્ય કામનામય છે. કોઈપણ પ્રકારની કામનાઓ (ઈચ્છાઓ) હૃદયમાં ઉત્પન્ન થાય અને તે પૂર્ણ ન થાય તો મનુષ્ય દુઃખી થાય છે. અને તેનાથી પ્રભુ સેવામાં વિક્ષેપ પડે છે. આવા સમયમાં મનુષ્યને માટે તે ઉચિત છે કે વિવેકથી કામ લે. 'પ્રભુ સર્વ સમર્થ છે', કોઈ વાતની પ્રભુને ત્યાં કમી નથી. છતાંય પ્રભુ મારી ઈચ્છાને પૂર્ણ કરતા નથી તેમાં અવશ્ય કાંઈ કારણ હોવું જોઈએ. પ્રભુ મારું હિત જ કરે છે. મારી ઈચ્છા પૂર્ણ ન કરવામાં પ્રભુએ મારું હિત વિચાર્યુ હશે. જ્યારે પ્રભુની ઈચ્છા થશે ત્યારે પ્રભુ મારી ઈચ્છા પૂર્ણ કરશે. આવી ભાવના કરવી તેને વિવેક કહે છે. તેનાથી પ્રભુ સેવામાં દઢતા બની રહે છે. અભિમાનને પોતાના હૃદયમાં ક્યારેય સ્થાન આપવું ન જોઈએ. વૈષ્ણવ માત્રે ક્યારેય દુરાગ્રહ કરવો ન જોઈએ. ત્રણેય પ્રકારના દુઃખોને દઢતાપૂર્વક સહન કરવું જોઈએ. પ્રભુ ઉપર ક્યારેય અવિશ્વાસ લાવવો ન જોઈએ. પ્રભુની પાસે કોઈપણ વસ્તુની ક્યારેય પ્રાર્થના ન કરવી જોઈએ. અન્યાશ્રય ક્યારેય ન કરે.

આ પ્રમાણે ઉપરની બાબતો મુજબનો સમાવેશ વિવેક ધૈર્યાશ્રય ગ્રંથમાં છે.

કૃષ્ણાશ્રય : આ ગ્રંથમાં બતાવ્યું છે કે એક શ્રીકૃષ્ણજ જીવનો રક્ષક છે. આ વાતને ગળે ઉતારીને જીવે માત્ર શ્રીકૃષ્ણના જ શરણે જવું જોઈએ. આ વાતનો ઉપદેશ આપ્યો છે. લોક, દેશ, કાળ, તીર્થ, મંત્ર,

સત્પુરૂષ બધાય કલિયુગના દોષથી દુષ્ટ થઈ ગયેલા છે. તેથીજ પ્રભુજ સર્વથા રક્ષક અને સેવ્ય છે. આ વાતોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ચતુઃશ્લોકી : આ ગ્રંથમાં ચાર શ્લોકોથી પુષ્ટિમાર્ગના ચાર પુરૂષાર્થનું વર્ણન છે. ભક્તિમાર્ગમાં પ્રભુસેવા જ ધર્મ છે. શ્રીકૃષ્ણ જ વૈષ્ણવો માટે 'અર્થ' છે. પ્રભુના મુખારવિન્દનું દર્શન વૈષ્ણવો માટેનો ' કામ' છે. અને દાસત્વપણાનો સ્વીકાર પુષ્ટિમાર્ગીય 'મોક્ષ' છે. આ રીતે સંક્ષેપમાં ચતુઃશ્લોકીના ચાર શ્લોકમાં આપે નિરૂપણ કર્યુ છે.

ભક્તિવર્ધિની : પ્રભુ પર ભક્તિ વધે તે આ ગ્રંથમાં બતાવ્યું છે, પ્રભુની નવધા ભક્તિ અવશ્ય કરતા રહેવું. તેથી પ્રભુમાં પ્રેમ ઉત્પન્ન થશે. પ્રભુમાં જ્યારે આસક્તિ થાય છે ત્યારે લૌકિક પદાર્થો સારહીન લાગે છે અને તેના ઉપરથી આસક્તિ દૂર થાય છે. પ્રભુમાં જ્યારે અત્યંત આસક્તિ થઈ જાય તેને વ્યસન કહે છે. આ વ્યસન જ્યારે સિદ્ધ થઈ જાય ત્યારે જીવ કૃતાર્થ થઈ જાય છે. પ્રભુ પ્રેમમાં જ્યારે જીવ આટલી ઉચ્ચ કોટીએ પહોંચે ત્યારે ઘરને છોડી દે છે. જ્યાં ભગવદીય મહાત્મા ગણ નિવાસ કરે છે ત્યાં જઈને રહે છે.

જલભેદ : ઘણા લોકો ભગવાનના ગુણગાન કરતા હોય છે. પરંતુ વર્ણન કર્તા તથા ગુણગાન કર્તા તથા ગુણગાન કર્તાના અંતઃકરણના ભેદને કારણે ભગવદ્ ગુણોમાં પણ ભેદ આવી જાય છે. તેથી ભિન્ન મનુષ્યોના ભિન્ન પ્રકારથી ફલ પ્રાપ્ત થાય છે. આ વાતનું વર્ણન આ ગ્રંથમાં છે.

પંચપદ્ય : આ ગ્રંથમાં ભગવદ્કથાના શ્રોતાઓનું વર્ણન છે. પ્રભુનું ગુણગાન સાંભળવાવાળા અનેક છે. એમાંથી ઉત્તમ શ્રોત તે છે જે પ્રભુમાં દઢ આસક્તિ રાખે છે જેને લૌકિક કે વૈદિક ફલની આકાંક્ષા હોતી નથી. તે ઉત્તમ શ્રોતા છે.

સંન્યાસ નિર્ણય : આ ગ્રંથમાં સંન્યાસનો નિર્ણય કર્યો છે. સારી રીતે અથવા એકદમ બધું છોડી દેવું તે 'સંન્યાસ' શબ્દના અર્થ થાય છે અને તે અસંભવ છે. જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી આ બધું ખુબજ કઠિન છે. ભક્તિ સિદ્ધ થાય તેના માટે સંન્યાસ લેવાની મનાઈ છે, કારણ કે નવધા ભક્તિ ગૃહસ્થા ધર્મનો આશ્રય લીધા વગર થતી નથી.

ઘરમાં રહેતા મનુષ્યો સેવા આદિમાં બાધક થાય છે તેમ વિચારીને પણ સંન્યાસ લેવો તે ઠીક નથી કારણ કે ઘર છોડી જતા બીજે પણ કલિદૂષિત મનુષ્યો સાથે કામ પડતું જ રહેશે.

ફલાત્મ સંન્યાસ લેવાનું ભક્તિમાર્ગમાં વિધાન છે. ભક્તિમાર્ગમાં પ્રભુનો સ્નેહ પરિપૂર્ણ પ્રાપ્ત થાય તે ફળ છે. તે સ્નેહ બે પ્રકારનો છે. સંયોગ અને વિરહ. પ્રભુ ઉપર સ્નેહ થવાથી જો વિરહનો અનુભવ લેવો હોય તો સંન્યાસ લેવો ઠીક ગણાય. આવો સંન્યાસ લેવામાં વેશ પરિવર્તનની કોઈ આવશ્યકતા નથી. દંડ કમંડલ પણ એટલા આવશ્યક નથી. છતાં પણ આત્માની ચિત્ત વૃત્તિ ફેરવવા માટે લેવામાં આવે તો તેનાથી હાની નથી.

સેવાફલ : આ ગ્રંથમાં સેવાના ફળનું નિરૂપણ છે. સેવાના ઉત્તમ ફલ સ્વરૂપ પ્રભુની સાથે આનંદમય કામ, અશનાદિ પ્રાપ્ત થાય છે. મધ્યમ ફલ સ્વરૂપે સાયુજ્ય પ્રાપ્ત થાય છે. કનિષ્ટ ફલ સ્વરૂપ પ્રભુની સેવાનો અધિકાર ફલ પ્રાપ્ત થાય છે. સેવા ઉપયોગી અક્ષરાત્મક દેહને અધિકાર કહે છે.

લૌકિક અથવા વૈદિક બાધાઓ વારંવાર સેવામાં વિઘ્ન નાંખે છે. તો સમજી લે કે પ્રભુની ઈચ્છા ફલ દેવાની નથી. આવી અવસ્થામાં શ્રીમદ્ભાગવત આદિનો આશ્રય લઈને જ્ઞાનમાર્ગમાં સ્થિત રહેવું ઉચિત છે. પ્રભુ જે પ્રમાણે સેવકને રાખે તે પ્રમાણે સેવકે રહેવું જોઈએ તે સેવકનો ધર્મ છે. લૌકિક વાતોમાં, લૌકિક પદાર્થોમાં કે ઉપભોગમાં જબરદસ્તી મન જાતું હોય તો, અથવા સેવામાં સદા બળવાન

વિઘ્ન આવે તો એ સમજી જવું જોઈએ કે 'પ્રભુની ઈચ્છા મને સંસારમાં રાખવાની છે.'

નિરોધ લક્ષણ : આ ગ્રંથનું તાત્પર્ય અમોએ બીજે સ્થળે સમજાવ્યું છે.

પુરૂષોત્તમ સહસ્ત્ર નામ : આમાં ૨૫૬ શ્લોક છે. પુરૂષોત્તમ શ્રીકૃષ્ણનાં આમાં એક હજાર નામ છે. અને શ્રીમદ્‌ભાગવતનું અતિ સંક્ષેપમાં તાત્પર્ય છે.

ત્રિવિધ નામાવલી : આમાં એકસો આઠ શ્લોક છે. અને તેમાં ભગવાનની લીલા, પ્રૌઢલીલા તથા રાજલીલાઓનું વર્ણન છે.

મધુરાષ્ટક : આમાં ભગવાનનું સમસ્ત શ્રીઅંગ મધુર અને આનંદમય છે. તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

હવે શ્રીમદ્‌વલ્લભાચાર્ય વિરચિત વિવરણાત્મક ગ્રંથોનું વર્ણન નીચે મુજબ છે.

અણુભાષ્ય : આ ગ્રંથમાં વ્યાસસૂત્રો પર ભાષ્ય લખવામાં આવ્યું છે. આ ગ્રંથને આપ પૂર્ણ કરી શક્યા ન હતા. આની પૂર્તિ આપના આત્મજ શ્રીમદ્ વિઠ્ઠલનાથજીએ કરી છે.

શ્રીસુબોધિનીજી : આ શ્રીમદ્‌ભાગવત ઉપર ટીકા છે. આજકાલ પ્રથમ સ્કંધ, બીજો સ્કંધ, ત્રીજો સ્કંધ, દશમ સ્કંધ અને એકાદશ સ્કંધના અમુક અધ્યાયો જ પ્રાપ્ત છે.

શ્રીમદ્ ભાગવતકી સૂક્ષ્મ ટીકા : આમાં પણ આપશ્રીએ શ્રીમદ્‌ભાગવતના અર્થ સમજાવ્યા છે. તે ઉપરાંત નીચે મુજબ લખેલા ગ્રંથો છે.

(૧) ગાયત્રી ભાષ્ય (૨) સ્કુટ ગ્રંથ (૩) પરિવૃઢાષ્ટક (૪) દશમ સ્કંધની અનુક્રમણિકા (૫) શિક્ષાશ્લોક (૬) કૃષ્ણ પ્રેમામૃત (૭) નંદ કુમારાષ્ટક (૮) શ્રીગિરિરાજ ધાર્યાષ્ટક (૯)શ્રીગોપીજન વલ્લભાષ્ટક (૧૦) પંચશ્લોકી (૧૧) શ્રીભાગવત એકાદશ સ્કંધ અર્થ નિરૂપણ કારિકા (૧૨) ન્યાસા દેશ (૧૩) ગાયત્રી વ્યાખ્યા (૧૪) ત્રિવિધ લીલા નામાવલી (૧૫) શ્રુતિ ગીતા (૧૬) પૂર્વ મીમાંસા કારિકા (૧૭) શ્રીભગવત્ પીઠિકા.

○ સ્વાધ્યાય–પરીક્ષાર્થ પ્રશ્ન ○

[શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતોના ભાષાંતર શ્રીવલ્લભસુધાના વર્ષ ૧૮ જુલાઈ ૯૯ અંક ૪ થી માર્ચ ૨૦૦૦ અંક ૧૨ સુધીમાં ૧ શ્રીમદ્‌વલ્લભાચાર્ય તથા (૧) આચાર્ય શબ્દની વ્યુત્પતિ અને રહસ્ય (૨) આચાર્ય ચરણનું સ્વરૂપ (૩) શ્રીમદ્ વલ્લભાચાર્યનું જીવનચરિત્ર (૪) શ્રીમહાપ્રભુજીના સમયમાં દેશનું વાતાવરણ (૫) શ્રીમદ્‌વલ્લભાચાર્યના ગ્રંથરત્નનું વર્ણન પ્રકાશિત થયેલ છે. તે સંબંધના પ્રશ્નો અહીં પ્રસ્તુત છે. જેથી જિજ્ઞાસુ વાચકવર્ગે તેના જવાબો પોતાની મેળે શોધી ચિંતન–મનન કરવા પ્રેરાય તે શુભ હેતુથી પ્રશ્નો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.]

—સંપાદક

○ પ્રશ્નો ○

(૧) શ્રીમદ્ વલ્લભાચાર્યજી કોણ છે? (૨) લોકદષ્ટિમાં તેઓ કેવા છે? વૈષ્ણવદષ્ટિમાં તે કોણ છે? (૩) શ્રીમહાપ્રભુજીના પ્રાકટયની સાલ કહો. (૪) શ્રીલક્ષ્મણભટ્ટજી કોણ હતા? તેમને કેટલા પુત્રો થયા? (૫)શ્રીમદ્ વલ્લભાચાર્યજીના જીવનચરિત્રને તમારા શબ્દોમાં કહો. (૬) 'આચાર્ય' શબ્દની વ્યુત્પત્તિ શું છે? (૭) વિજયનગરના વિજયનું વર્ણન કરો. (૮)શ્રીમહાપ્રભુજીના સમયે દેશના શું હાલ હતા? (૯) શ્રીમહાપ્રભુજીમાં 'આચાર્ય' શબ્દનો સમન્વય કરો.

—ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૭૨

જય જય તરણિ તનયા કૂલ;
રમત શ્રીબ્રજરાજ સુત તહાં ગોપિગણ અનુકૂલ. ૧
કિયો જિનિ અવલમ્બ રજ કૌ દિવ્ય પ્રદ નિત દેહ;
કૃષ્ણ રસ ઉપયોગિ તનુ લહેં બઢત પિયસોં નેહ. ૨
દેહુ બલિ અધિકાર અસ્તુતિ કરહિ હમ કરજોરિ;
શ્યામતટ ગલ અંતરા હરિ યહી વિનતી મોરિ. ૩
મુરારિ વિદિત પ્રતાપ જનકે હરતિ કષ્ટ અપાર;
સુરધુની તુવ સંગતે લહ્યો સુયશ શ્રુતિકૌ સાર. ૪
પૃથક તુમતે જાન્હવી ગુણ ગનત પરમ અયાન;
દાસ 'બલ્લભ' શરણ યાંચે દેહુ જનકોં માન. ૫

ભાવાર્થઃ આ પદમાં કવિશ્રી શ્રીયમુનાજીના કિનારાના સૌભાગ્યનું વર્ણન કરે છે. તરણિ તનયા શ્રીયમુનાજી આપના કિનારા, આપની જયહો જય હો. આ કિનારા તો શ્રીવ્રજરાજકુંવર અને ગોપીજનોને સર્વ રીતે અનુકૂલ રહ્યા છે. જ્યાં રાસાદિ લીલાઓ કરી છે. લીલામાં ભક્ત ભગવાન એકરૂપ બન્યા છે. પ્રભુએ પોતાનું પ્રભુત્વને ભૂલી જઈને ભક્તની ભાવના મુજબ ક્રિડા કરી છે.

વળી આ કિનારાની રજનો જેણે આધાર લીધો છે તેને દિવ્ય દેહ નિત્ય નવીન રૂપ પ્રાપ્ત કરાવેલ છે. કૃષ્ણરસને પ્રાપ્ત કરવા એવો 'તનુનવત્વ' નવિન દેહ પ્રાપ્ત કરીને પ્રાણપિયથી સ્નેહને વધારવાનું સામર્થ્ય પ્રાપ્ત કરેલ છે. આ વ્રજરજ, આ સુંદરતા, સુંદર તટ સર્વ રીતે લીલા ઉપયોગી હોઈ તેની સ્તુતિ કરવાનો મને અધિકાર મળે તેવી હું બંને હાથ જોડીને યાચના કરું છું.

હું ચાહું છું કે શ્યામને પ્રાપ્ત કરવા જે મારા અંતરાયો છે તે સર્વ દૂર થાય.

જે કોઈ આ તટનું સેવન કરે છે તેના ઉપર મુર+અરી મુરારિ પ્રભુ જે મુરરૂપી દૈત્યનો નાશ કરવાવાળા તે પ્રભુ જે કોઈ શરણે આવેલા જીવોનો મુરરૂપી—અવરોધો—દોષોનું નિવારણ કરે છે. આવો પ્રતાપબલ આ તટમાં અદ્‌ભુત સામર્થ્ય હોઈને સર્વ કષ્ટનું નિવારણ કરે છે.

વળી સુરધુની (ગંગાજી) પણ આપનો સંગ પ્રાપ્ત કરીને ઝળહળતી કીર્તિને પ્રાપ્ત કરવા સમર્થ બન્યા છે. શ્રુતિઓએ ગાયું છે કે, અમે નિર્ણય કરી કહીયે છીએ. જાન્હવી— તે કૃષ્ણ પ્રિયા શ્રીયમુનાજી આપનાથી જુદું પ્રભુનું ગાન કેમ કરાય. તેનાથી હું અજ્ઞાન છું એવો આ આપનો દીનદાસ વલ્લભ આપના શરણની યાચના કરું છું. મારી આ યાચના આપ પૂર્ણ કરો. ૭૨.

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદ્દાર ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

—ગતાંકથી ચાલુ

યચ્છ ત્વં વા ન વા યચ્છ નિઃસ્પૃહોઽસ્મ્યત્ર નિર્દય ॥
ન કદાચિત્ ત્યજાનિ ત્વામિત્યત્ર સસ્પૃહોઽસ્મયહમ્ ॥ ૩ ॥

વાક્યાર્થ : હે નિર્દય કૃષ્ણ ! આપ પ્રેમબિન્દુ આપો અગર ન આપો એ વિષયમાં હું નિઃસ્પૃહ છું. ફક્ત હું આપને કદી ન તજું એ બાબતમાં જ હું સસ્પૃહ છું. ૩.

ભાષ્યાર્થ : પ્રેમપાત્ર કંજૂસ હો અગર ઉદાર હો, પણ તેની પાસે કાંઈ યાચવું એજ પ્રેમાપરાધ છે ! આથી એ પ્રેમાપરાધ ન આચરાય એ માટે ત્રીજા શ્લોકમાં ગ્રંથકાર કહે છે કે, હે નિર્દય કૃષ્ણઃ આપની પાસેથી કાંઈ મળે એમાં સ્પૃહા રાખતો નથી ! તરસ્યાને ટળવળાવનાર કૃષ્ણ નિર્દય છે ! મારી સ્પૃહા એટલી જ છે કે, હું આપને કદી ન તજું, કેમકે જે પ્રેમ કાંઈ લેવડદેવડ ઉપર આધાર રાખે તે નીતરો (સ્વચ્છ) નથી, દોષવિદ્ધ છે. ૩.

પ્રેષ્ઠ! પૂરય કામં મે સિસ્નાસોઃ પ્રેમસાગરે ॥
પ્રાર્થયે પ્રેરણાં દેહિ પ્રેમતત્ત્વપ્રકાશને ॥૪॥

વાક્યાર્થ : હે પ્રિયતમ ! પ્રેમસાગરમાં ન્હાવાને ઈચ્છતા એવા મારી એ કામનાને આપ પૂરો! વળી હું પ્રાર્થું છું કે પ્રેમસત્વનું પ્રકાશન કરવા માટે મને આંતર પ્રેરણા દો. ૪

ભાષ્યાર્થ : પ્રેમપાત્ર પરમાત્મા પાસે કશું પણ યાચવું એ યદ્યપિ અપરાધ છે, છતાં પરમાત્મા જ છેવટે તમામ કામનાની પૂર્તિ કરનારા છે, એ યાદ આવતાં પ્રિયતમને પ્રેમસાગરમાં સ્નાન માટે વિનવે છે. ભૌતિક જળમાં ન્હાવાથી તો વધુમાં વધુ તત્કાળ પૂરતી શરીર શુદ્ધિ થાય! છેવટની શુદ્ધિતો પ્રેમમાં સદા સ્નાને જ આવે! અને જે પ્રેમમાં નખશિખાન્ત ડૂબેલો હોય તેનેજ તેનો સાચો રસાસ્વાદ હોય. આથી તેજ પ્રેમ તત્ત્વને યથાર્થ રીતે રજુ કરવા સમર્થ થાય છે. આથી પ્રેમસ્વરૂપ પરમાત્મા જ પોતાના હૃદયને તેના સ્વરૂપ પ્રકાશ માટે પ્રેરો એવી પ્રાર્થના યોગ્ય છે. ૪

હરિં હૃદયસદ્મસ્થં ગુરુ દેવં દયાનિધિમ્ ॥
વન્દે પ્રણયનમ્રેણ ચેતસા સર્વકામદમ્ ॥૫॥

વાક્યાર્થ : હૃદયમંદિરમાં વસતા, દયાનિધિ, સર્વકામપ્રદાતા, ગુરુદેવ તથા પરમગુરુદેવ શ્રીહરિને પ્રેમથી નમ્ર હૃદયે હું વંદન કરું છું. ૫

ભાષ્યાર્થ : હવે ગ્રંથારંભે ઈશ્વરમૂર્તિ ગુરુ તથા ગુરુમૂર્તિ ઈશ્વરને સહેતુક પ્રણામ કરે છે. તેઓ દયાનિધિ છે અને સર્વકામપ્રદ છે. જીવજાતનું અજ્ઞાન દૂર કરનારના જેટલો દયાળુ બીજો કોણ? જીવને ભવ દરિદ્ર બનાવનાર જેવો બીજા દાતા પણ કોણ? ભગવતી શ્રુતિનો બોલ છે કે

યસ્ય દેવે પરાભક્તિઃ યથાદેવે તથા ગુરૌ ॥

તસ્યૈ તે કથિતાહ્યર્થાઃ પ્રકાશનો મહાત્મનામ્ ॥

હરિપ્રસાદ જ પરમ પ્રેમતત્ત્વ પ્રકાશ માટે સમર્થ છે. અને ગુરુ તથા પરમ ગુરુને પ્રણામ સિવાય બીજો શાનો નૈવેદ્ય ધરાવી શકાય? આથી નિષ્કારણ—કરુણ ગુરુ તથા પરમગુરુને પ્રેમપૂરિત પ્રણામ કરી ગ્રંથની શરૂઆત કરે છે.

॥ ઈતિ સભાષ્ય મંગલાચરણમ્ ॥

૩. પ્રેમરૂપા ભક્તિનું સ્વરૂપ

વેદાન્તશાસ્ત્રનું અધ્યયન થઈ ચૂક્યું, પરમાત્મા છે એમ પણ સમજાયું, પણ સત્પરમાત્માનો હજુ અનુભવ નથી થયો. અને સત્પરમાત્માના અનુભવ સિવાય તો હૃદયનું સમાધાન જન્મતું નથી. અને એ હૃદય—સમાધાન સિવાય સાચી શાંતિ નથી. શાંતિની ગેરહાજરીમાં જીવનું જન્મ સાફલ્ય નથી!

વળી સમાધાન તો પરમાત્માના અનુભવેજ સ્ફુરે છે. તે સિવાય બીજું કોઈ સાધન નથી અને પરમાત્માનો અનુભવ ભક્તિને આધીન છે. ભગવાનના અનુભવ માટે ભક્તિ સિવાય બીજી ગતિ નથી. આ ભક્તિ જ જીવનો જીવનરસ છે. એ મુક્તિથી પણ અદકી છે. જીવનનું એ ઉપનિષદ્=ગુરુગમ્ય રહસ્ય છે. એ ભક્તિ—તત્ત્વનું યથાર્થ વ્યાખ્યાન કરવા માટે ભક્તિશાસ્ત્રનું નિર્માણ છે. એ શાસ્ત્રના નિર્માતા ભગવાન નારદ છે.

નારદ ઋષિ ભગવદ્ ભક્તોથી સૌથી મોખરે છે. નિર્મલ મના છે. કરુણાના સાગર છે. એવા ભાગવોત્તમ નારદઋષિએ રચેલા ભક્તિશાસ્ત્રનું આ પહેલું સૂત્ર છે કે—**અથાતો ભક્તિં વ્યાખ્યાસ્યામઃ ॥૧॥**

હવે આપણે ભક્તિની વ્યાખ્યા કરીશું.૧

આ સૂત્રના 'અથ' અને 'અતઃ' શબ્દથી એ ખાત્રી થાય છે કે, ભક્તિમાર્ગના આચાર્ય પરમ ભક્તશિરોમણી સર્વ જીવોના કલ્યાણમગ્ન, દયાનિધિ દેવર્ષિ નારદજી અન્ય સિદ્ધાંતોની વ્યાખ્યા તો કરી ચૂક્યા છે. હવે જીવોના કલ્યાણ માટે ભક્તિના સ્વરૂપ અને સાધનોની વ્યાખ્યા શરૂ કરે છે.૧

ભાષ્યાર્થ : સૂત્રમાં વપરાયેલો 'અથ' શબ્દ, આનન્તર્યનો વાચક છે. આનન્તર્ય એટલે 'અમુક પછી અમુક આવે' એવો ક્રમ. અહીં આનન્તર્ય તે શાસ્ત્રપ્રાપ્ત બ્રહ્મજ્ઞાનનું સમજવું. અર્થાત્ 'શાસ્ત્ર દ્વારા બ્રહ્મનું જ્ઞાન થયું ત્યારબાદ આવો 'અથ' શબ્દનો અર્થ થાય છે. અર્થાત્ 'અથ' શબ્દ નીચેનો અર્થ સૂચવે છે.

શાસ્ત્રમાં કહેલી રીતે, શાસ્ત્રસંમત અને લોકસંમત તમામ વર્ણાશ્રમનાં કર્મો કર્યા, તેનાથી કરનારની ચિત્ત શુદ્ધિ થઈ. શુદ્ધ ચિત્ત અને આથી જ અધિકારી પુરૂષના હૃદયમાં બ્રહ્મને જાણવાની ઈચ્છા પણ પ્રકટી. તે જીજ્ઞાસાથી પ્રેરાઈને વિધિપૂર્વક આચાર્ય પાસે પહોંચી ગયા. શાસ્ત્ર બ્રહ્મ પદાર્થનું શાબ્દિક અને આર્થિક જ્ઞાન પણ મેળવ્યું. પણ કેવળ વાણીમાં રહેલા તે જ્ઞાનથી તેના હૃદયને સમાધાન ન થયું! કેમકે 'બ્રહ્મનો અનુભવ કેવી રીતે થાય' એ મૂળ મુદ્દાનો પ્રશ્ન તો હજી જેમનો તેમ ખડો છે. વાણીના લાડુથી કેમ ધરાય! આથી જાતે જાતનું સમાધાન કરવા અસમર્થ નીવડેલો કોઈ શિષ્ય, ગુરૂદેવ પાસે પહોંચ્યો અને તેને પોતાની વેદના કહી. પોતાને શરણે આવેલા, કૃપણ શિષ્યને જોઈ શિષ્ય વત્સલ આચાર્ય કરુણાથી પીગળી ગયા. તે શિષ્યના હૃદય સમાધાન માટે તે ઉદાર બુદ્ધિ આચાર્ય ભક્તિ શાસ્ત્રની વ્યાખ્યા કરવા અહીં પ્રતિજ્ઞા કરે છે.

સૌ ધ્યાન રાખે કે ઈશ્વરાનુભવ સિવાયનો સમ્રાટ પણ કૃપણ જ છે ! દેવર્ષિ નારદ અહીં ભક્તિશાસ્ત્રના વ્યાખ્યા આચાર્ય છે. આ શાસ્ત્રનો ભણનાર માત્ર, શિષ્ય છે. નારદ ભગવાને કહેલા આ 'ભક્તિશાસ્ત્ર'નું ગુરૂદેવની કૃપાથી, સ્વાન્તસ્તોષ માટે અમો યથાભાન વ્યાખ્યાન કરીશું.૧

—ક્રમશઃ

કાવ્ય – કુંજ

ચિંતન પદ્ય કણિકા

મનની વૃત્તિઓ શ્રીકૃષ્ણ સાથે જોડી, લૌકિક સર્વ કામનાઓ છોડી
ચિત્તનો પ્રવાહ પ્રભુ તરફ મોડી, સંસારના સર્વ બંધનો તોડી
સદા શ્રીકૃષ્ણનું ચિંતન કરવું , સદા શ્રીકૃષ્ણનું ચિંતન કરવું, સદા શ્રીકૃષ્તનું ચિંતન કરવું
સદા શ્રીકૃષ્ણનું મનન કરવું, સદા શ્રીકૃષ્ણનું મનન કરવું, સદા શ્રીકૃષ્ણનું મનન કરવું
સદા શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું, સદા શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું, સદા શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું

– ગો.શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

☐ શ્રીજીદ્વારનાં સપ્ત ધ્વજાજીનો મહિમા ☐

[છંદ–શાર્દૂલ વિક્રીડિત]

નિત્યે સપ્ત ધ્વજાજી ત્યાં ફરકતાં, શ્રીનાથજી મંદિરે,
સોહે ચક્ર સુદર્શને શિખર ત્યાં, સાતે ધ્વજાજી સહે.
મેઘી, શ્યાંમ, પીળી, લીલી , ધવલને, છે શ્યામને જાંબલી,
સોહે રંગ ગુલાલીથી પુનિત આ, સાતે ધ્વજાજી ત્વહીં. ૧

સાતે પીઠ મહાન જે નિધિતણી, પુષ્ટિ તણાં સેવ્યની,
રંગો સાત થકી ધ્વજા એ, પીઠો તણાં ભાવથી.
બીજા ભાવ પુનિતને મધુર જે, આ સાત રંગો મહીં,
પુષ્ટિમાર્ગ તણાં બધાં પરિકરો, ની ભાવના છે ત્વહીં. ૨

મેઘીશ્યામ ધ્વજા થકી હૃદયમાં, શ્રીજી તણી ભાવના,
પીળી ભાવ ધ્વજા કરે મન મહીં, સ્વામિનીજીના મહા.
ત્રીજાં શ્યામ ધ્વજાજી તો મધુર છે, ત્યાં ભાવ કાલિંદીના,
ચોથાં શ્વેત ધ્વજાજી તો પ્રતિક છે, ચંદ્રાવલીજી તણાં. ૩

લીલાં પંચમ જે ધ્વજા સહચરી, શ્રીરાધિકાજી તણી,
છઠ્ઠાં શ્રીગિરિરાજજી નગ મહા, ની ભાવના જાંબલી.
સપ્ત રંગ ગુલાબીનાં ધ્વજ થકી, ગોપીજનો ભાવના,
આવી વ્યક્ત થતી ધ્વજા વિવિધના, રંગો તણી ભાવના. ૪

જે કોટિ–કુસુમાયુધેથી અદકાં, લાવણ્યથી સોહતા,
એવા દિવ્ય શ્રીનાથજી સ્વરૂપનાં, શ્રીધામ મેવાડના.
પુષ્ટિના કૂળદેવતા શ્રીજી તણાં, મંદિર એ ભવ્યના,
રૂડાં ત્યાં શિખરે ધ્વજા ફરકતાં, સાતે તણો ભાવ આ. ૫

આહા છે અમ ભાગ્યનો ઉદય કે, સાક્ષાત્ શ્રીજી તણાં,
મંદિરે ફરકે સદા શિખરને, શોભાવતાં સાત ત્યાં,
એવાં દિવ્ય ધ્વજાજી આ નગરમાં, આજે પધાર્યાં મહા,
જેનાં દર્શન માત્રથી સુખ મળે, શ્રીનાથજી ઝાંખીના. ૬

રચયિતા– દા.દા. જયંત જી. ગાંધી ‘કુસુમાયુધ’ ૫૩–દુર્ગેશનગર, ‘ૐ જલનિધિ’ જૂનાગઢ.

દિવ્ય પુષ્ટિમાર્ગ

દીનતાના ભાવ પર નિખરે પુષ્ટિમાર્ગનો પ્રકાશપુંજ
દાસભાવના પાયે પ્રખરે પુષ્ટિમાર્ગની દિવ્યગુંજ
કીર્તનના કર્તવ્યે કુંજે પુષ્ટિમાર્ગનો પ્રકાશપુંજ
ચિંતનના ચૈતન્યે ગુંજે પુષ્ટિમાર્ગની દિવ્યગુંજ
સ્મરણના સાતત્યે ગાજે પુષ્ટિમાર્ગનો પ્રકાશપુંજ
મનનના મોહલ્લે બાજે પુષ્ટિમાર્ગની દિવ્યગુંજ

સેવાથી પ્રોન્નત ભાસે પુષ્ટિમાર્ગનો પ્રકાશપુંજ
જીવનની સાર્થકતા સાજે પુષ્ટિમાર્ગની દિવ્યગુંજ
અલૌકિક પ્રેમપથ આ પુષ્ટિમાર્ગનો પ્રકાશપુંજ
નિર્મલ ભક્તિપથ આ પુષ્ટિમાર્ગની દિવ્યગુંજ
નિઃસાધનતા પથનો નૃપ પુષ્ટિમાર્ગનો પ્રકાશપુંજ
કલિયુગના જીવોની ભૂપ પુષ્ટિમાર્ગની દિવ્યગુંજ

–ગો.શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

સમાચાર

☐ **રાજકોટ :** શ્રીમત્પ્રભુચરણ શ્રીગુસાંઈજીના પ્રાકટય મહોત્સવના મંગલમય અવસર ઉપર અને બિરાજતાં પૂ.પા.ગો.૧૦૮ શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીના બંગલે શ્રીવલ્લભ વિઠ્ઠલ વૈષ્ણવ મંડળના તત્વાવધાનમાં ત્રણ દિવસ કાર્યક્રમોનું આયોજન કરેલ.

શુક્રવાર તા.૩૧–૧૨–૯૯ ઉત્સવના દિવસે સવારે ૧૦ થી ૧૨ 'શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર'ના સમુહ પાઠ રાજભોગમાં તિલકમાં દર્શન, સાંજે ૪.૩૦ થી બહેનોના મંગળ કલશ રાસ, વધાઈગાન તથા પૂ.પા.ગો.શ્રીગોપિકાલંકાર બાવાશ્રી દ્વારા છઠ્ઠા વલ્લભાખ્યાન ઉપર વિવેચન, પૂ.પા. ગો.શ્રીગિરધરલાલજી બાવાશ્રીના વચનામૃત થયેલ. પૂ.પા.ગો.૧૦૮ શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીએ અલૌકિક વચનામૃત કરેલ. ત્યારબાદ પૂ.પા.શ્રીના કેસરસ્નાન– ચરણસ્પર્શનો વૈષ્ણવોએ લાભ લીધેલ.

શનીવાર તથા રવિવારના સાંજે ૪.૩૦ થી પૂ.પા.ગો.શ્રીગોપિકાલંકારજી બાવાશ્રીએ છઠ્ઠા વલ્લભાખ્યાન ઉપર વિસ્તૃત વિવેચન કરી વચનામૃત કરેલ.

☐ **પોરબંદર : શ્રીગુસાંઈજીના ઉત્સવ– પુષ્ટિપ્રચાર મહોત્સવની ઉજવણી :** પૂ.પા.ગો. શ્રીમથુરેશકુમારજી મહારાજ (મથુરા–પોરબંદર) તથા આપશ્રીના જ્યેષ્ઠ આત્મજ પૂ.પા.ગો. શ્રીવસંતકુમારજી મહોદયની અધ્યક્ષતામાં શ્રીવ્રજનિધિ સોશ્યલ ગૃપ દ્વારા શ્રીમદ્ વિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રીગુસાંઈજીનો પ્રાકટય મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો. આ ઉત્સવમાં ભવ્ય શોભાયાત્રા 'શ્રીગુસાંઈજી મને પ્રિય છે' એ વિષય પર વકતૃત્વ સ્પર્ધા, કીર્તન મંડલીના દ્વારા વધાઈ કીર્તન–રાસ તથા અન્ય સુંદર કાર્યક્રમો થયા હતા તેમજ 'દંતયજ્ઞ'નું પણ આયોજન થયેલ જેમાં ૫૬ દર્દીઓની સારવાર કરવામાં આવેલ.

આ પ્રસંગે યોજાયેલ ધર્મસભામાં પૂ.પા.ગો.શ્રીરસિકરાયજી મહારાજ, ગો.શ્રીકનૈયાલાલજી મહારાજ, ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજ, ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજ, ગો.શ્રીવસંતકુમારજી મહોદય, ગો.શ્રીવિશાલકુમારજી મહોદય, ગો.શ્રીઅભિષેક કુમારજી મહોદયે પ્રેરક વચનામૃતો કરેલ.

☐ **જામનગર :** પ્રભુચરણ શ્રીગુસાંઈજીનો ઉજવાયેલો પ્રાગટય મહોત્સવઃ જામનગરની મોટી હવેલી ટ્રસ્ટ તથા શ્રીમદ્ અનિરુદ્ધ પુષ્ટિમાર્ગીય પાઠશાળાના સંયુક્ત ઉપક્રમે શ્રીમદ્ પ્રભુચરણ શ્રીગુસાંઈજીનો ૪૮૪મો પ્રાગટય મહોત્સવ પ.પૂ.ગો.આચાર્યશ્રી હરિરાયજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને સતત ચાર દિવસ ઉજવવામાં આવ્યો હતો.

આ ઉત્સવના દિવસે અધ્યક્ષસ્થાનેથી પ્રવચન આપતાં પ.પૂ.આચાર્યશ્રી હરિરાયજી મહારાજશ્રીએ જણાવેલ કે શ્રીગુસાંઈજી પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીની સેવા માટે ભોગ, શૃંગાર અને કલાનો સમન્વય કરીને શ્રીઠાકોરજીની સેવામાં તે ત્રણે વસ્તુઓનો વિનિયોગ કરવાની એક વિશિષ્ટ પ્રણાલીકા આપેલ છે. આ ઉપરાંત સમાજ પ્રત્યેની સમાજ સેવા આ માર્ગમાં પાંચસો વર્ષ થયા જીવંત છે. તેના દષ્ટાંતો અને દાખલાઓ આપશ્રીએ આપેલા.

આ પ્રસંગે પાઠશાળાના અધ્યક્ષ અને વૈષ્ણવોના લાડીલા પ.પૂ.શ્રીવલ્લભબાવાએ પણ શ્રીગુસાંઈજી ઉપર વિસ્તૃત પ્રવચન આપેલ. આ પ્રસંગે પ.પૂ.શ્રીમુગટબાવા, પ.પૂ.શ્રીશરદબાવાએ પણ પ્રવચનો આપેલા.

આ પહેલા ઉંમર વર્ષ ૫ થી ૧૫ ના બાલકો તેમજ ૧૫ થી ૨૫ વર્ષના માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. નીચે મુજબના વિજેતાઓ થયેલ.

ઉમંર વર્ષ ૫ થી ૧૫ વર્ષ પહેલો વિભાગ : (૧) શ્રીભૂમિકા પાંભર, પૂજા ધનેશા (૨) શ્રીસચિન સીમરીયા (૩) શ્રી કાજલ ભીંડી, ધવલ ઉનડકટ, પ્રતિક ઝીંઝુવાડીયા

બીજો વિભાગ : પ્રથમ (૧) અમીશા રાણા, (૨) તેજસ ઉનડકટ, જતીન ઉનડકટ (૩) મજીઠીયા રાજેન્દ્ર,

પ્રિતી હેડાવ, રાજેશ બાબરીયા

નિર્ણાયક તરીકે શ્રીબટુકભાઈ શાસ્ત્રી, શ્રીજયેન્દ્રભાઈ અડાલજા અને શ્રીમુકેશ છાપીયાએ સેવા આપેલ. વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેનાર તમામને ઈનામો શ્રીમુકેશભાઈ છાપીયા તરફથી આપવામાં આવ્યા હતા.

❑ **સર્વરોગ નિદાન કેમ્પ તેમજ વ્યસન મુક્તિ અભિયાન :** જામનગર મોટી હવેલી ટ્રસ્ટ તથા શ્રીવ્રજવલ્લભ સોશયલ ગૃપના સંયુક્ત ઉપક્રમે સર્વરોગ નિદાન કેમ્પ તેમજ વ્યસન મુક્તિ અભિયાનનું આયોજન પણ આ ઉત્સવના ઉપલક્ષમાં કરવામાં આવેલ.

❑ **બોડેલી :** શ્રીવલ્લભ વિશ્વવિહાર એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ પ્રોત્સાહિત **ચતુર્થ યુવા સંગઠન અધિવેશન.**

શ્રીવલ્લભ વિશ્વવિહાર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ પ્રોત્સાહિત યુવા સંગઠનનું ચતુર્થ અધિવેશન તા.૫–૧૨–૯૯ ને રવિવારના રોજ બોડેલી શાખાના આશ્રયે ઉજવાયું હતું. આ અધિવેશનના અધ્યક્ષસ્થાને તૃતીય પીઠાધીશ્વર પૂ.પા.ગો.૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી બીરાજ્યા હતા. અને સમગ્ર અધિવેશનના પ્રેરણામૂર્તિ પૂ.ષષ્ઠપીઠાધીશ્વર પૂ.પા.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજીએ ઉપસ્થીત રહી સમગ્ર આયોજનને અલૌકિકતા પ્રદાન કરી હતી. આ સમયે પૂ.પા.ગો.૧૦૮ શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી, પૂ.પા.ગો.૧૦૮ શ્રીયોગેશ્વરજી મહારાજશ્રી, પૂ.પા.ગો.શ્રી૧૦૮ શ્રીગોપાલલાલજી મહારાજશ્રી, પૂ.પા.ગો.૧૦૮ શ્રીવાગીશકુમારજી મહારાજશ્રી, તથા પૂ.પા.ગો.શ્રીરવિકુમારજી મહારાજશ્રી ઉપસ્થિત રહી અધિવેશનમાં ચાર ચાંદ પૂર્યા હતા.

ગુજરાતની યુવા સંગઠનની ૨૩ શાખાઓમાંથી યુવાનો, યુવતીઓ, બાળકો, વૈષ્ણવ ભાઈબહેનોએ ભાગ લીધેલ.

❑ **રાજકોટ : રાજકોટમાં શ્રીપુષ્ટિસિદ્ધાંત જ્ઞાન શિબિર :** અત્રે પૂ.પા.ગો. શ્રીરવિન્દ્રકુમારજી મહોદય (માંડવી–કચ્છ–રાજકોટ)ના બંને બેટીજીના વિવાહ પ્રસ્તાવના ઉપલક્ષ્યમાં પૂ.પા.ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજ (કિશનગઢ–પારલા)ની પુષ્ટિ સિદ્ધાંત જ્ઞાન શિબિરનું સુંદર આયોજન તા.૨૧–૧–૨૦૦૦ થી તા.૨૭–૧–૨૦૦૦ સુધી થયેલ જેમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી ઉપદિષ્ટ શોડષ ગ્રંથ અંતર્ગત સિદ્ધાંત રહસ્ય ગ્રંથનું અધ્યયન કરાવેલ.

આ શિબિરમાં ૪૦૦ થી વધુ નોંધાયેલા સ્થાનિક તથા સૌરાષ્ટ્રના અનેક ગામોથી તથા મુંબઈથી આવેલ શિબિરાર્થીઓએ એકાગ્રચિત્તે પૂર્ણ સમય (દિવસ દરરોજ ૪ કલાક) આ ગ્રંથનું અધ્યયન કરેલ. ઉપરાંત દરરોજ ૨ થી ૩ હજાર વૈષ્ણવોને શિબિરના સિદ્ધાંત શ્રવણનો લાભ મળતો હતો. રાજકોટની રાષ્ટ્રિય શાળાનો વિશાળ મધ્યસ્થ ખંડ શિબિરાર્થીઓથી તથા અન્ય શ્રોતાજનોથી ભરચક થઈ જતાં બહાર પરશાળ અને ખુલ્લા મેદાનમાં હજારો વૈષ્ણવો દત્તચિત્તે શ્રવણ કરતાં દરરોજ એક કલાક પ્રશ્નોત્તરના કાર્યક્રમમાં ગ્રંથના વિષય અંગેની જીજ્ઞાસાનું પૂ.મહારાજશ્રી સુંદર સમાધાન કરતાં. રાજકોટના વૈષ્ણવોને સહુ પ્રથમ વખતજ આવી સુંદર શિબિરનો લાભ મળેલ.

આ શિબિરમાં પૂ.પા.ગો. શ્રી રઘુનાથલાલજી મહારાજ (શ્રીગોકુલ–પારલા), પૂ.પા.ગો. શ્રીઅનિરુદ્ધલાલજી મહારાજ (માંડવી), પૂ.પા.ગો. શ્રીકિશોરચંદ્રજી મહારાજ તથા પૂ.શ્રીપિયૂષ બાવાશ્રી (જૂનાગઢ), પૂ.પા.ગો.શ્રીભૂષણબાવાશ્રી (શ્રીગોકુલ–માંડવી), પૂ.પા.ગો. શ્રીરસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર), પૂ.પા.ગો. શ્રીરવિન્દ્રકુમારજી મહોદય તથા પૂ.શ્રીમુકુન્દરાયજી બાવાશ્રી તથા પૂ.શ્રીગોકુલનાથજીબાવાશ્રી (માંડવી–રાજકોટ) વગેરે પૂ.ગોસ્વામી બાળકો તથા પૂ.શ્રીવહુજી શ્રીબેટીજીઓ નિત્ય ઉપસ્થીત રહેતા.

❑ **રાજકોટમાં શ્રીમદ્ ભગવત ગીતા, શોડષ ગ્રંથ, ધર્મ સભા તથા ગૌસેવા જાગૃતિ અભિયાન** ❑

જૂનાગઢ મોટી હવેલીના વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. શ્રીકિશોરચંદ્રજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજે

તા.૧૧–૧૨–૧૩ જાન્યુ. ૨૦૦૦ના ૩ દિવસો રાજકોટમાં કાલાવાડ રોડ પર નૂતનનગર હોલ ખાતે દરરોજ ૩ કલાક હજારો વૈષ્ણવોને સ્વધર્મ બોધ આપવા કૃપા કરેલ. જેમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી ઉપદિષ્ટ શોડષ ગ્રંથોનો સાર સાધારણ વૈષ્ણવો સમજી શકે તેમ સરળ ભાષામાં સમજાવેલ તેમજ શ્રીગીતાજીનું પુષ્ટિમાર્ગ દષ્ટિકોણથી સુંદર વિવેચન કરેલ. ઉપરાંત ગૌસેવા–સ્વધર્મપાલન શ્રીગિરિરાજજીના અપરાધથી બચવા–શ્રીગિરિરાજજી ઉપરના રોડ દ્વારા જે ઉલ્લંઘન થઈ રહ્યું છે તે અંગે વૈષ્ણવોને સાવધાન કરેલ– તેમજ અનુચિત કેમીકલયુક્ત દુધ ચડાવવાથી શ્રીગિરિરાજજીને પરિશ્રમ થાય છે તે સમજાવેલ. શ્રીયમુનાજીમાં થતું પ્રદુષણ થતું નિવારવા– તથા પોતાની મેળે બની બેઠેલ શ્રીજીબાવા નામના એક વ્યક્તિ જે પોતાને શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજીનો અવતાર તરીકે ઓળખાવે છે તેનાથી સાવધાન કરેલ. રાજકોટમાં આવી ધર્મસભાનું આયોજન વર્ષો બાદ થયેલ.

☐ **વડોદરા : વૈષ્ણવ પરિષદ દ્વારા જનમત જાગરણ અભિયાન– વૈષ્ણવ પરિષદના ઉપક્રમે વિભિન્ન આયોજનો :** આં.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશના ઐતિહાસિક મહાઅધિવેશન પછી પ્રસ્તુત વિભિન્ન આયોજનોમાં વૈષ્ણવ પરિષદની શાખાઓ અને સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને અપીલ કરવામાં આવી છે.

(૧) જનમત જાગરણનું અભિયાન : આં.પુ.વૈ.પ.ગુજરાત પ્રદેશના મહાઅધિવેશનમાં પસાર કરેલા ઠરાવોના અમલીકરણ કરાવવા માટે જનમત જાગરણ અભિયાન ૩૧ મી ડીસેમ્બરથી ૩૦ મી જાન્યુઆરી સુધીમાં સંપન્ન કરવા સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને અપીલ કરવામાં આવી છે. અન્ય જાહેર રજાઓની જેમ શ્રીમદ્ વલ્લભાચાર્યજીની પ્રાકટય દિનની રજા માટે ગુજરાત સરકાર પર– શ્રીયમુનાજીના પ્રદુષણ મીટાવવા માટે કેન્દ્રીય–યુ.પી.–દિલ્હી સરકારો પર, રાજસ્થાન સરકાર અને કેન્દ્રીય સરકાર પર ઠરાવો–પત્રો દ્વારા અનુરોધ કરવામાં આવે. એ પ્રકારે પરિષદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

(૨) વૈષ્ણવ સમાજના ડેલીગેશન : આં.પુ.વૈ.પ.ગુજરાત પ્રદેશના ઠરાવો માટે પ્રાંતિય અને કેન્દ્રિય સરકારની મુલાકાત માટે પત્રો પાઠવી અને કોલ કરીને મુલાકાતની માંગણી કરવામાં આવી છે. વૈષ્ણવ સમાજના પ્રશ્નોને વાચા આપવા ડેલીગેશનના રૂપે મુલાકાતો લેવામાં આવનાર છે.

(૩) વૈષ્ણવો માટે ભોજનાલય : શ્રીનાથદ્વારામાં વૈષ્ણવોના ભોજનાલય માટે ટેમ્પલ બોર્ડ પાસે માગણી કરવામાં આવી છે. હવે ડેલીગેશન લઈને જવાનું નક્કી કરવામાં આવ્યું છે. મહાઅધિવેશનમાં પૂ.પાદ ગો. આચાર્યશ્રીની અપીલને માન આપી વૈષ્ણવોએ સેવાની નોંધ કરાવી હતી અને આવા કાર્યમાં સહભાગી બનનાર સૌએ અમદાવાદ–૬૫૮૯૮૩૭ અને વડોદરા ખાતે ૩૩૩૧૦૮ પર સંપર્ક કરવા ખાસ જણાવવામાં આવ્યું છે.

(૪) જીવનસાથી પરિચય મેળો : આં.પુ.વૈ.પ. મહિલા ઉદ્યોગ ભવનના ઉપક્રમો જાન્યુ. ૨ ના રોજ અમદાવાદ ખાતે ચતુર્થ જીવન સાથી પરીચય મેળાનું આયોજન નરોત્તમ ઝવેરી હોલ– પાલડીમાં કરવામાં આવ્યું છે.

☐ **નાથદ્વારામાં વૈષ્ણવો માટે ભોજનાલય શરૂ કરવા માટેની અપીલ :** શ્રીનાથદ્વારામાં વૈષ્ણવોનું ભોજનાલય હતું. પરંતુ સંજોગોવશાત તે બંધ પડી જતાં પુનઃ તે શરૂ કરવા માટે આં.પુ.વૈ.પ.ગુજરાત પ્રદેશ નડીયાદ ખાતેના મહાઅધિવેશનમાં પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી (કામવન–વિદ્યાનગર)એ અપીલ કરીને તે વ્યવસ્થામાં રૂ.એક લાખની જાહેરાત તેમના તરફથી થતાં વૈષ્ણવોએ સારો પ્રતિસાદ આપ્યો છે. તેમાં સહાય લખાવી હોય અને હવે લખાવવા ઉત્સુક હોય તેઓ સૌએ આં.પુ.વૈ.પરિષદના નામે ચેક/ડ્રાફટ સંગઠનમંત્રી–આં.પુ.વૈ.પરિષદ બી–૧૬૨, શ્રેણિકપાર્ક, અકોટા સ્ટેડીયમ સામે, મુ.પો.વડોદરા (ફોનઃ૩૫૦૦૨૦)ના સરનામે મોકલી આપવા ખાસ જણાવવામાં આવ્યું છે.

☐ **અમદાવાદ :** સામાજીક કાર્યોમાં વૈષ્ણવ પરિષદનું મહત્વનું પ્રદાન : આં.પુ.વૈ.પરિષદ–ગુજરાત પ્રદેશ મહિલા ઉદ્યોગ ભવનની મણીનગર–અમદાવાદ શાખાના ઉપક્રમે તા.૨–૧–૨૦૦૦ને રવિવારે શ્રીનરોતમ

ઝવેરી હોલ (પાલડી) ખાતે જીવન સાથી પરિચય મેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું– તેમાં ગુજરાતના લગભગ ચાલીસ સ્થાનો ઉપરાંત મુંબઈ–પુના–કોચીન વિગેરે સ્થાનોમાંથી આ પરિચય મેળામાં યુવક–યુવતિ સહભાગી બન્યા હતા. આયોજનમાં ખાસ પધારેલા પૂ.પા.ગો.શ્રીકનૈયાલાલજી મહારાજશ્રી, પૂ.પા.ગો. શ્રીરઘુનાથજી મહોદય, પૂ.પા.ગો.શ્રીકુંજેશકુમારજી મહોદયે જીવનસાથી પરીચય મેળામાં આવેલા સૌને હાર્દિક શુભેચ્છાઓ આપી આશીર્વાદ આપ્યા. સામાજીક કાર્યોમાં આવા આયોજનની તેઓએ પ્રસંશા કરી હતી.

❑ **વડોદરા :** તૃતીય પીઠાધીશ્વર ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રીના ષષ્ઠીપૂર્તિ સમારોહ પ્રસંગે અભૂતપુર્વ છપ્પનભોગ મહોત્સવ : વડોદરામાં તા.૯–૧–૨૦૦૦ રવિવારે શ્રીમદ્વલ્લભાચાર્ય તૃતીય પીઠાધીશ પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રીના ષષ્ઠીપૂર્તિ સમારોહની ઉજવણીમાં અલૌકિક છપ્પનભોગ મહોત્સવનું આયોજન થયેલ. જેમાં તૃતીય ગૃહના સેવ્યસ્વરૂપો ગુજરાતના ૭૫ ગામોમાંથી ૧૧૪ સ્વરૂપો પધારી છપ્પનભોગ આરોગેલ. જેનો લગભગ પાંચ લાખ વૈષ્ણવોએ દર્શન લાભ લીધેલ. આવો અલૌકિક મનોરથ વડોદરામાં પ્રથમ વખત જ થયેલ.

❑ **સુરત :** સૂરતમાં શ્રીગિરિધર બાળપાઠશાળાનો વાર્ષિકોત્સવ : તા. ૨૬–૧૨–૯૯ના રવિવારે, સનાતન હોલ, બાલાજી રોડ, સુરતમાં પૂ.પા.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રી (કામવન–સુરત)ના આશીર્વાદ દ્વારા સંચાલીત શ્રીગિરિધર બાળપાઠશાળાના સુરત સ્થિત વિવિધ નવ સ્થળોએ વૈષ્ણવી બાળકોને પુષ્ટીમાર્ગીય સંસ્કાર જ્ઞાનનું સિંચન મળે એ હેતુથી કાર્યવંત છે. વર્ષાન્તે તેના પરિપાક રૂપે વાર્ષીકોત્સવનું સુંદર આયોજન કર્યુ હતું જેમાં સ્વમાર્ગીય વિષયો ઉપર સુંદર કૃતીઓ રજૂ કરી હતી. સૌપ્રથમ સમૂહમાં મંગલાચરણ સ્તવન સાથે પૂ.પા.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીએ દિપ પ્રાગટય કરી મહોત્સવનું ઉદ્ઘાટન કર્યુ હતું. પ્રથમ **ભટાર** પાઠશાળાની બાળાએ રાધીકાનૃત્ય રજૂ કર્યું. **સચીન** પાઠશાળાના બાળકોએ તુલસીની કંઠીનું મહાત્મ્ય કે જેણે તુલસીની કંઠી ધારણ કરી હોય તે વૈષ્ણવોને બહારના અનીષ્ટ તત્વો સંતાપ આપી શકતા નથી તે દર્શાવતું નાટક રજુ કર્યું. **રાંદેર** પાઠશાળાના બાળકોએ રંગીલા નામના વ્રજવાસી સાથે શ્રીજીબાવા સુરત પરેની બેઠકે પધાર્યા હતા તે દર્શાવતું નાટક રજુ કર્યું. **અડાજણ** પાઠશાળાના બાળકોએ ‘શ્રીમહારાણી’ને યાદ કરી સુંદર રીતે શ્રીયમુનાષ્ટકમ્ રજુ કર્યું. **પાંડેસરા** પાઠશાળાના બાળકોએ સેવા પ્રકાર સમજાવતું નાટક કર્યું તો **આથવાલાઈન્સ** ની પાઠશાળાના બાળકોએ શ્રીસૂરદાસજીનું ‘વાહ રે ગોપાલ’ રજૂ કર્યું. **વરાછા**ના બાળકોએ શ્રીબાળકૃષ્ણની ‘માખણચોરી’ લીલા કરી તો **કતારગામ** પાઠશાળાના બાળકોએ કદમ્બકેરી ડાળો.... નૃત્યનાટીકા અને ‘મહારાસ’ ખેલ્યો. છેવટે **દરિયામહેલ** પાઠશાળાના બાળકોએ ‘ગોવિંદ ગોકુલ આયો’ના ઉત્સાહ ઉમંગને વધાવતો નંદમહોત્સવ ઉજવ્યો હતો.

પૂ.પા.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીના વચનામૃતથી વૈષ્ણવોએ ધન્યતા અનુભવી હતી બધા બાળકોને સ્મૃતીભેટ અને ‘જગદગુરૂ શ્રીવલ્લભાચાર્યજી’નું સચીત્ર પુસ્તક ભેટ આપ્યા હતા. શિક્ષકો અને જેમના ઘરે પાઠશાળાઓ ચાલે છે તેઓને ઉપરણા ઓઢાવી સન્માનીત કર્યા હતા. આશ્રયગીત ગાઈને ૭૦૦ થી ૮૦૦ વૈષ્ણવો ઉમંગભેર છૂટા પડયા હતા.

❑ **ષષ્ઠ–પીઠ શ્રીગોપાલ મંદિર–કાશી આમંત્રણ પત્રિકા :** ૧૨૭ વર્ષો કે પશ્ચાત્ ઐતિહાસિક આયોજન ષષ્ઠનિધિ શ્રીમુકુન્દરાયજી એવં શ્રીગોપાલલાલજી કે છપ્પનભોગ મનોરથ મહાવદ ૧ રવિવાર તા.૨૦–૨–૨૦૦૦ સાંજે ૭.૦૦ વાગ્યે તથા ગોસ્વામી ચિ. પ્રિયેન્દુ બાવાકા યજ્ઞોપવીત પ્રસ્તાવ મહા વદ ૨ સોમવાર તા.૨૧–૧–૨૦૦૦ સવારે ૧૧.૦૦ વાગ્યે ષષ્ઠપીઠાધીશ્વર નિ.લી.ગો.૧૦૮ શ્રીમુરલીધરલાલજી મહારાજ સ્મૃતિ ગ્રંથ ‘પુષ્ટિ ષષ્ઠપીઠ દર્પણ’કા લોકાર્પણ સમારોહ.

ષષ્ઠપીઠાધીશ્વર ગોસ્વામી ૧૦૮ શ્રીશ્યામમનોહરજી મહારાજકી અધ્યક્ષતામેં વિ.સં.૨૦૫૬ માઘ સુદી ૮ સે ફાલ્ગુન વદી ૫ દિનાંક ૧૩ ફરવરી સે ૨૪ ફરવરી ૨૦૦૦ ઈ. તક આયોજીત હુઆ.

પુસ્તક પરિચય

૧. પુષ્ટિમાર્ગના પ્રકાશપુંજ શ્રીવલ્લભ : લેખક– પ.ભ. કાન્તિ ર. ગાંધી પ્રકાશક– શ્રીવસુબેન કાન્તિલાલ ગાંધી પરિવાર બી–૪૦૩ ‘શ્રીકૃષ્ણાશ્રય’ આસુતોષ એવન્યુ, ઝેવીયર્સ લોયેલા સ્કુલ રોડ, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૬૪+૮=૭૨. ઓફસેટ પીનબાઈન્ડીંગ. બહુરંગી ટાઈટલ. ન્યોછાવર રૂ.૨૫/– પોસ્ટેજ રૂ.૫/–

આચાર્યચરણ શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજીનું જીવન દર્શન કરાવવું એટલે સૂર્યના પ્રકાશપુંજને પ્રકાશિત કરવાનું કાર્ય કરવું એ કઠિન કાર્ય છે. પુષ્ટિ સાહિત્યના સિદ્ધહસ્ત લેખકે આ પુસ્તકમાં એ કઠિન કાર્ય સરળતાથી પૂર્ણ કરેલ છે. ગાગરમાં સાગર રજુ કરેલ છે. પુસ્તિકાની શરૂઆતમાં શ્રીવલ્લભાધીશનો જયજયકાર કરતા નવ ભક્તિગીતો છે. ત્યારબાદ છ પ્રકરણમાં શ્રીમદ્‌વલ્લભાચાર્યના પ્રાદુર્ભાવથી તિરોભાવ સુધીની અવતાર લીલાના વિવિધ પ્રસંગો સરળ શૈલીમાં રજુ કરવામાં આવ્યા છે. એટલુંજ નહીં પરંતુ પ્રસંગોચિત રેખાચિત્રો પણ પ્રસ્તુત કરવામાં આવ્યા છે. વૈષ્ણવોએ વાંચવા વસાવવા લાયક પુસ્તિકા.

૨. તુલસી ક્યારો ભાગ–૧૦ : સંપાદક–સુ.શ્રીવસંતબેન ર. પરીખ પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : શ્રીહરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, હરસાનીજી હાઉસ ૪૧–૪૪, ઉર્મી શોપીંગ સેન્ટર, બી.કે. સીનેમા સામે, મહેસાણા–૩૮૪૦૦૨.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૬૦+૮=૧૬૮ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, બહુરંગી ટાઈટલ. ‘વૈષ્ણવ પરિવાર’, ‘સત્સંગ’, ‘વૈશ્વાનર’ વગેરે સાંપ્રદાયિક સામયિકોમાં જુદા જુદા લેખકો દ્વારા અર્વાચીન ભગવદીઓના ચરિત્રો અવારનવાર પ્રાપ્ત થયા હતા. તેમાંના કેટલાંક ચરિત્રો આ ગ્રંથમાં લેવામાં આવેલ છે. આ સૌ ભગવદીઓએ પુષ્ટિમાર્ગની નામ સેવા અને પ્રભુ સેવાની જ્યોત સદા જલતી રાખી છે. શ્રીવલ્લભના દિવ્ય સિદ્ધાંતોને જીવનમાં આચરી બતાવ્યા છે.

આપણી સમક્ષ ઉત્તમ દષ્ટાંતો મૂક્યા છે. ઘણા પૂછે છે ૮૪–૨૫૨ ભગવદીયો સાથે શ્રીઠાકોરજી બોલતા હતા. તેમની પાસે માગી માગીને આરોગતા હતા અને આજે કેમ નથી બોલતા? આ ગ્રંથમાં આલેખાયેલ ચરિત્રો એનો જવાબ આપે છે. વૈષ્ણવ પરિવારના ગ્રાહકોને આ વાર્ષિક વિશેષાંક ભેટરૂપે આપવામાં આવેલ છે.

વૈષ્ણવ પરિવારોએ વાંચવા, વસાવવા અને અનુસરવા યોગ્ય પુસ્તક.

૩. શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર–સચિત્ર : રચયિતા–શ્રીરઘુનાથજી (શ્રીગુસાંઈજીના પંચમકુમાર) વિવરણ– શ્રીદેવકીનંદનજી (શ્રીરઘુનાથજીના જયેષ્ઠ પુત્ર) વિવરણભાષ્ય– પ્રા. રમેશભાઈ વિ. પરીખ ચિત્રકાર– શ્રીશ્યામસુંદર પુરોહિત તથા શ્રીમતી વિમલાબેન ભાટીયા (જોધપુર) પ્રકાશક– શ્રીહરસાનીજી હાઉસ, ૪૧–૪૪ ઉર્મી શોપીંગ સેન્ટર, બી.કે. સીનેમા સામે, મહેસાણા– ૩૮૪૦૦૧.

મુંબઈમાં પ્રાપ્તિસ્થાન : શ્રીવિજયભાઈ એમ. દેસાઈ કેમી ઈકિવપ, દેવકરણ મેન્સન, પહેલા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦૦૦૨. ફોન (૦૨૨) ઓફીસ– ૨૦૧૦૦૮૪, ૨૦૬૦૮૫૮ ઘર– ૩૬૯૩૮૨૧, ૩૬૯૦૯૩૦.

એ–૪ સાઈઝ પૃષ્ઠ ૨૪૪+૧૬=૨૬૦, ઓફસેટ પ્રિન્ટીંગ, આર્ટ પેપર ઉપર, સેકસન સિલાઈ પાકુ બાઈન્ડીંગ, ન્યોછાવર રૂ.૧૫૦/– પોસ્ટેજ રૂ.૨૫/–

પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજી– શ્રીગુસાંઈજી– શ્રીનાથજીમાં અભેદ છે. સર્વ એકજ સ્વરૂપ છે. છતાં વૈષ્ણવોમાં ‘શ્રીસર્વોત્તમ સ્તોત્ર’ જેટલું પ્રચલિત છે, તેટલું પંચમકુમાર શ્રીરઘુનાથજી વિરચિત શ્રીગુસાંઈજીના ૧૦૮ નામવાળું ‘શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર’ પ્રચલિત નથી.

આ સ્તોત્રને મૂળ શ્લોક, ગુજરાતી અનુવાદ, વિવરણ તથા વિવરણ ભાષ્ય શીર્ષક સાથે આ પુસ્તકમાં રજુ કરેલ છે. દરેક નામને અનુરૂપ વાર્તા ચરિત્ર, બેઠક ચરિત્ર, તથા કીર્તન સંગતી પણ રજુ કરવામાં આવેલ છે. વાર્તા ચરિત્ર અનુસાર સુંદર રંગીન ચિત્રસંગતી પણ છે.

પુષ્ટિસાહિત્યના સિદ્ધહસ્ત લેખક દ્વારા પંદર વર્ષ પહેલા લખાયેલ ગ્રંથ, નવાજ સ્વરૂપે સુંદર ચિત્રો અને લોકભોગ્ય શૈલીમાં લખાયેલ વાર્તા ચરિત્ર અને વિવરણ ખૂબજ માણવાલાયક છે. દરેક વૈષ્ણવ પરિવારે, પુષ્ટિસાહિત્યના અભ્યાસી અને ચાહકોએ વાંચવા, વસાવવાલાયક અતિ સુંદર અલભ્ય રત્ન સમાન પુસ્તક.

આ માસના ઉત્સવ

ફાગણ સુદ ૨ તા. ૮–૩–૨૦૦૦ બુધવાર : ગો.ચિ.શ્રીવલ્લભલાલજી બાવાશ્રી (કામવન) તથા ગો.ચિ. શ્રીદ્વારકેશલાલજી (ચંદ્રેશકુમારજી) બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

ફાગણ સુદ ૩ તા. ૯–૩–૨૦૦૦ ગુરૂવાર : ગો.ચિ. શ્રીઅનુરુદ્ધલાલજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

ફાગણ સુદ ૪ તા. ૧૦–૩–૨૦૦૦ શુક્રવાર : ગો. શ્રીગોકુલનાથજી મહારાજ(કામવન)નો જન્મદિન.

ફાગણ સુદ ૬ તા. ૧૧–૩–૨૦૦૦ શનિવાર : શ્રીલલિત ત્રિભંગરાયજીનો પાટોત્સવ (વેરાવળ)

ફાગણ સુદ ૭ તા. ૧૨–૩–૨૦૦૦ રવિવાર : શ્રીમથુરેશજીનો પાટોત્સવ (કોટા). ગો.શ્રીરાકેશકુમારજી મહારાજ (શ્રીનાથદ્વારા) તથા ગો. શ્રીકૃષ્ણકુમારજી (કોટા–કડી)નો જન્મદિન. શ્રીતિલકાયત આચાર્યવર્ય પૂ.પા.ગો.૧૦૮ શ્રીદાઉજી (શ્રીરાજીવલોચનજી) મહારાજ શ્રીનાથદ્વારા ગાદીએ બિરાજ્યા તેનો ઉત્સવ.

ફાગણ સુદ ૮ તા. ૧૩–૩–૨૦૦૦ સોમવાર : હોળાષ્ટકનો પ્રારંભ. ગો.ચિ.શ્રીવ્રજવલ્લભજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૧ તા. ૧૬–૩–૨૦૦૦ ગુરૂવાર : આમલ કી (કુંજ) એકાદશી વ્રત. ગો.ચિ. કુંજેશકુમારજી (કોટા–કડી)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૩ તા. ૧૮–૩–૨૦૦૦ શનિવાર : બગીચા તેરસ. ગો. શ્રીમુરલીમનોહર મહારાજ (મુંબઈ)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૪ તા. ૧૯–૩–૨૦૦૦ રવિવાર : હોલીકા ઉત્સવ.

ફાગણ સુદ ૧૫ તા. ૨૦–૩–૨૦૦૦ સોમવાર : હોલીકા પ્રદીપન. સૂર્યોદય પહેલા ધૂળેટી. ધૂલીવંદન. દોલોત્સવ (ડોલ). ગો.ચિ.શ્રીગોકુલનાથજી (ચંદારજી)નો જન્મદિન.

ફાગણ વદ ૧ તા. ૨૧–૩–૨૦૦૦ મંગળવાર : દ્વિતીયા પાટોત્સવ.

ફાગણ વદ ૫ તા. ૨૫–૩–૨૦૦૦ શનિવાર : રંગપંચમી. શ્રીરણછોડરાયજી (ડાકોર)નો ષોડશોપચાર.

ફાગણ વદ ૯ તા. ૨૯–૩–૨૦૦૦ બુધવાર : ગો.ચિ.શ્રીવત્સલરાયજી (મુંબઈ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૦ તા. ૩૦–૩–૨૦૦૦ ગુરૂવાર : ગો.શ્રીદેવકીનંદન મહારાજ (ગોકુળ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૧ તા. ૩૧–૩–૨૦૦૦ શુક્રવાર : પાપ મોચની એકાદશી વ્રત. ગો.શ્રીભરત કુમારજી (પુના–મદ્રાસ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૩ તા. ૨–૪–૨૦૦૦ રવિવાર : ગો.ચિ. શ્રીરઘુનાથજી બાવાશ્રી (કામવન)નો તથા ગો.ચિ. શ્રીગોકુલનાથજી બાવાશ્રી (માંડવી–રાજકોટ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૪ તા. ૩–૪–૨૦૦૦ સોમવાર : ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજ (ચાંપાનેસી–નડીયાદ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧ તા. ૫–૪–૨૦૦૦ બુધવાર : ચૈત્રી નવરાત્રી પ્રારંભ. ગુડી પડવો, શાકે ૧૯૨૨ વ્રજ વિ.સં. ૨૦૫૭નો પ્રારંભ. કલ્પાદિ. શ્રીપ્રભુને રાજભોગમાં કડવા લીમડાની કૂંપળો તથા મિશ્રીની ટુક ભોગ ધરવા. પંચાંગ વાંચન રાજભોગમાં.

ચૈત્ર સુદ ૩ તા. ૭–૪–૨૦૦૦ શુક્રવાર : ગણગૌરી ત્રીજ, મત્સ્ય જયંતિ.

સંત ચલે નિજધામ

—બાબુભાઈ નાયક— કડી

કડીના પરમ આદરણીય વૈષ્ણવ શ્રીગોરધનભાઈ જે. પરીખ તા.૧૩મી જાન્યુઆરીનાં દિવસે આ ભૂતલ પરથી પોતાનો પાર્થિવ દેહનો ત્યાગ કરી ગોલોકધામ યાત્રાએ નીકળી ગયા.

સને ૧૯૩૧માં તેમનો જન્મ કડીના વૈષ્ણવ કુટુંબમાં થયો હતો. બ્રહ્મસંબંધ દીક્ષા તેમણે પૂ.પા. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રીના (કાંકરોલી) પાસેથી પ્રાપ્ત કરેલ. તેમના ભક્તિભાવ અને ભગવદ્‌ભાવને કારણે કડીના બધા પૂજ્ય ગોસ્વામી બાલકો પૂ.પા.ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી, પૂ.પા. ગો. શ્રીરાજેશકુમારજી મહારાજશ્રી, પૂ.પા.ગો. શ્રીવિજયકુમાર મહારાજશ્રી, પૂ.પા.ગો. શ્રીવલ્લભકુમાર મહારાજશ્રી, પૂ.પા.ગો. શ્રીભાભીજી મહારાજશ્રીનાં તેઓ કૃપાપાત્ર બન્યા હતા. ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં એક વિરક્તની જેમ પ્રભુ ચિંતનમાં તેઓ સતત મગ્ન રહેતા.

તેમને મળી વાતો કરવાનો પણ એક લહાવો હતો. તેમની પાસેથી ૮૪--૨૫૨ વૈષ્ણવોની વાર્તાનું હાર્દ—રહસ્ય જાણવા મળતું. દુશ્મનનું પણ સારું પાસું જોવાની તેમની દષ્ટિ અનુકરણીય હતી. આ સૃષ્ટિ પ્રભુએ રચી છે. તેમની રચનામાં આપણાથી દોષ ના જોવાય. તેમની આવી માન્યતાને કારણે તેઓ અજાતશત્રુ બન્યા હતા. ભૂંડુ કરનાર તરફ પણ તેઓ એટલો જ પ્રેમ કરતા.

આવા દયાળુ પરદુઃખભંજન વૈષ્ણવ શ્રીગોરધનભાઈ ૬૮ વર્ષની વયે પોતાની પાછળ સુશીલ પત્ની, બે સુપુત્રો, ત્રણ પુત્રીઓ અને પૌત્ર પૌત્રીઓને મૂકી આ ભૂતલ પરનો નશ્વર દેહ છોડી ગોલોકધામ વિચર્યા.

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૭ અન્વયે "શ્રીવલ્લભ સુધા" પત્ર અંગેની માહિતી

(૧) પ્રકાશન સ્થળ :	રાજકોટ
(૨) પ્રકાશનની સામાયિકતા :	માસિક
(૩) મુદ્રકનું નામ :	રવજી પરસોતમ પટેલ
રાષ્ટ્રીયતા :	ભારતીય
સરનામુ :	'અમૃત' જલારામ—૧, માર્ગ—૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ— ૩૬૦૦૦૫
(૪) પ્રકાશકનું નામ :	ઉપર મુજબ
રાષ્ટ્રીયતા :	ઉપર મુજબ
સરનામું :	ઉપર મુજબ
(૫) સંપાદકનું નામ :	ઉપર મુજબ
રાષ્ટ્રીયતા :	ઉપર મુજબ
સરનામું :	ઉપર મુજબ
(૬) જે વ્યક્તિ આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું સરનામું	આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ જી—૨ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઈ— ૪૦૦૦૦૧

હું રવજી પરસોતમ પટેલ જાહેર કરું છું કે ઉપર પ્રમાણે માહિતી મારી વધુમાં વધુ જાણ માન્યતા મુજબ સાચી છે.

તા. ૨૦—૨—૨૦૦૦

રવજી પરસોતમ પટેલ
મુદ્રક, પ્રકાશક અને સંપાદક

[૧૯.] રાધનપુર
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ,

[૨૦.] રાજપીપળા
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ,

[૨૧.] વડોદરા
– શ્રીવામનભાઈ બી. પટેલ
વાયડા પોળ,
– શ્રીકૃષ્ણકાંતભાઈ એમ. મહેતા
C/O. ગોવર્ધનહવેલી,
૬૧, ઉર્મી સોસાયટી, પ્રોડકટીવીટી રોડ,
અલકાપુરી,

[૨૨.] વાપી
શ્રીમતિ ભામિનીબેન કિશોરભાઈ
૧૦૫, અનુકુલ ચેમ્બર્સ,
એન. એચ. નં.૮ પ્લોટ નં. ૮/૧૨,

[૨૩.] વાંકાનેર
– શ્રીસુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
– કાકુભાઈ ગોરધનદાસ દોશી
C/O. ભારતએજન્સી
પુલ દરવાજાની દુકાન,
મોટી શાકપીઠને નાકે,

[૨૪.] સુરત
શ્રી ભદ્રેશકુમાર હિંમતલાલ ઠક્કર
વાસણના વેપારી, ૫/૩૩, બી.
હરિપુરા, પીરછડી,

[૨૫.] હળવદ
શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/O. શ્રીહસમુખ મેટલ કોર્પોરેશન

રાજકોટમાં શ્રીવલ્લભસુધાનું લવાજમ નીચેના સ્થળે ભરી શકાય છે.

૧...શ્રી વલ્લભસુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા.
૨...શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રૃંગાર જ્વેલર્સ, સોની બજાર.
૩...શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રીત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ.
૪...શ્રી મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
'શારદા સદન,' ૨૫, ન્યુ જાગનાથ.
૫...શ્રી વસંતભાઈ એન. વોરા
C/O. વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર, ઢેબર રોડ.
૬...શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્વરા
'લલિતકુંજ', ૪–કૈલાસવાડી, જંકશન પ્લોટ.
૭...શ્રીમતિ હર્ષાબેન એચ. ઠક્કર
'આનંદ' રોયલ પાર્ક શેરી નં.૫, યુનિ. રોડ.
૮...શ્રી મનસુખભાઈ સખીયા
C/O. પટેલ હાર્ડવેર માર્ટ, રૈયા રોડ.
૯...શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫–ગાયત્રીનગર.
૧૦..શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી, સોની બજાર.
૧૧..શ્રી દેવજીભાઈ પડીયા
શ્રીરાજકમલ એજન્સી, પ્રહલાદ રોડ.
૧૨..શ્રી વી. જે. પીઠડીયા
'મોહક' ૭– નીલકંઠનગર.
૧૩..શ્રી વજુભાઈ પીઠડીયા
પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય,
શ્રી સાતસ્વરૂપ હવેલી,
મહાત્મા ગાંધી રોડ, દેનાબેંક પાસે.
૧૪..શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ કરશાળા
નાલંદા સોસાયટી શેરી નં.૨, કાલાવાડ રોડ,
૧૫..શ્રી ગોરધનભાઈ વાલજીભાઈ ગજેરા
'નવનીત કુંજ' ૩, વિશ્વનાથ મેઈન રોડ,
પટેલ બોર્ડીંગનો સામેનો રોડ,

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-03-2000.

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

શ્રીવલ્લભ વલ્લભ સબેં,
સહ વલ્લભ મો હોહુ ।
સહજ સદા ઢિગ રાખિ એં,
અપનો જાંની મોહુ ॥ (૨૦)

ટીકા : હે શ્રીવલ્લભ! 'શ્રી' જે શ્રીમહાલક્ષ્મી તેને વહાલા અથવા મહાલક્ષ્મી વહાલા છે જેને એવા શ્રીકૃષ્ણચંદ્ર અથવા વલ્લભ તે શ્રીવલ્લભાચાર્યજી તેમને કવિ પ્રાર્થના કરે છે– હે શ્રીવલ્લભ! તમે તમારા સર્વ વહાલા સહિત મને વહાલા થાઓ. કેમ કે તમે પુષ્ટિમાર્ગના પ્રકાશક છો તે માટે. અને જે મારગમાં શરણ આવેલા જીવના કાંઈ સાધન જોવા નહીં કેવળ કૃપા બળે ભગવદ્ લીલાની પ્રાપ્તિ કરાવે તેને પુષ્ટિ પ્રભુ કહિયેં તે તમે છો. માટે મને પણ પોતાનો જાણીને સદા પાસે સેવામાં કૃપા કરીને રાખો. (૨૦)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૪૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન. ☐☐☐☐☐☐

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મુદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝ્ડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**